પ્રકાશકની નોંધ

'કેળવણી' શીર્ષક હેઠળનો શ્રી માતૃવાણીનો આ શતાબ્દી ગ્રંથ ૧૨ ધી કલેક્ટેડ વર્ક્સ ઑફ ધી મધર, વૉલ્યુમ ૧૨નો ગુજરાતી અનુવાદ છે.

આ ગ્રંથમાં શ્રી માતાજીએ લખેલા લેખો, પત્રો, સંદેશાઓ, વાર્તાલાપો અને કેળવણી પરના એમના વિચારોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. મૂળ અંગ્રેજી ગ્રંથ ૧૨માં છેલ્લે ત્રણ નાટકો આપવામાં આવ્યાં છે તે અમે અગાઉ પ્રસિદ્ધ કરેલા શ્રી માતૃવાણી ગ્રંથ ૨ માં આપેલાં છે.

ભાગ પહેલો : લેખો

આ લેખો સૌપ્રથમ 'શારીરિક શિક્ષણ પત્રિકા' (Bulletin of Physical Education) જેને પાછળથી 'શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રીય શિક્ષણ કેન્દ્ર' (Bulletin of Sri Aurobindo International Education)ની પત્રિકા એવું નામ આપવામાં આવેલું, તેમાં ૧૯૪૯ થી ૫૫ના સમય દરમિયાન પ્રસિદ્ધ કરવામાં આવેલા હતા. શ્રી માતાજીએ મૂળ તે ફ્રેન્ચ ભાષામાં લખેલા, તેમાંના થોડાકનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો અને બીજા કેટલાકના સર્વાંશે અથવા થોડાક ભાગના અંગ્રેજીમાં અનુવાદ કર્યા હતા. આ ગ્રંથમાં શ્રી માતાજીએ અંગ્રેજીમાં કરેલાં ભાષાંતરને સ્થાન આપવામાં આવેલું છે. અન્ય વ્યક્તિઓએ કરેલાં ભાષાંતરમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે અને કેટલાકમાં તદ્દન નવેસરથી ભાષાંતર કરવામાં આવેલાં છે.

ભાગ બીજો : સંદેશાઓ, પત્રો અને વાર્તાલાપો

(૧) શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રીય શિક્ષણ કેન્દ્ર : આ વિભાગમાં મોટે ભાગે શ્રી માતાજીએ શિક્ષણ કેન્દ્રના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે કરેલો પત્રવ્યવહાર તેમ જ વાર્તાલાપો આપવામાં આવેલા છે. તેમાં કેટલીક અન્ય સંસ્થાઓ અને વ્યક્તિઓને આપવામાં આવેલા સંદેશાઓ અને પત્રોનો પણ સમાવેશ કરવામાં આવેલો છે. આમાંનાં ઘણાંખરાં વિધાનો મૂળ તો ફ્રેન્ચ ભાષામાં કરવામાં આવેલાં, તેમાંનાં કેટલાંક આશ્રમ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલાં વિવિધ પુસ્તકો અને પત્રિકાઓમાં પ્રકાશિત થઈ ગયાં છે, અને કેટલાંક અહીં જ પ્રથમ વાર પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. આ લખાણોમાં જેને તારીખ આપવામાં આવી છે તેમને સામાન્ય રીતે તેમના

સમયક્રમાનુસાર મૂકવામાં આવેલા છે જ્યારે જે લખાણોમાં તારીખ નથી તેમને તેમના યોગ્ય સ્થાને મૂકવામાં આવ્યાં છે. જે લખાણો ફક્ત એક જ વ્યક્તિને લખવામાં આવેલાં તેવી લેખમાળાઓ વચ્ચે ફક્ત ખાલી જગા રાખવામાં આવેલી છે જ્યારે જુદીજુદી વ્યક્તિઓને લખવામાં આવેલાં લખાણોને જુદાં પાડવા માટે વચમાં 'તારક' ચિહ્નો મૂકવામાં આવ્યાં છે. જ્યાં જ્યાં શ્રી માતાજીએ મૌખિક ઉત્તરો આપેલા અને સાધકોએ પોતાની સ્મૃતિમાંથી તેની નોંધ કરેલી તે બધાં લખાણો પ્રસિદ્ધ કરતી વખતે શ્રી માતાજીની મંજૂરી મેળવી લીધી હોય એવાં લખાણો અંગે યથાસ્થાને ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૨) શ્રી અરવિંદ આશ્રમ શારીરિક શિક્ષણ વિભાગ : આ વિભાગમાંના શરૂઆતના નવ નાના લેખો સૌપ્રથમ ૧૯૪૯ થી ૫૦ની વચમાં બુલેટિનમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા. આ વિભાગમાંનાં વચલા ભાગનાં લખાણોમાં શારીરિક શિક્ષણ વિભાગે તેની વાર્ષિક હરીફાઈઓ અને શારીરિક શિક્ષણનાં પ્રદર્શનો યોજેલાં તે સમયે શ્રી માતાજીએ તેમને જે સંદેશાઓ લેખિત સ્વરૂપમાં અથવા ટેઇપ પર રેકોર્ડ કરીને આપેલા તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પછીના ત્રીજા વિભાગમાં સામાન્ય સંદેશાઓ અને જુદી જુદી વ્યક્તિઓને લખવામાં આવેલા પત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે; જ્યારે છેલ્લો લેખ 'સ્ત્રીઓને તેમના શરીર વિષે' સૌપ્રથમ સપ્ટેમ્બર ૧૯૬૦મા એક છૂટક પત્રિકાના રૂપમાં પ્રસિદ્ધ થયો હતો.

(૩) નૂતન યુગનું સંમેલન (The New Age Association) : અહીં આપવામાં આવેલા લેખો સૌપ્રથમ મૂળ અંગ્રેજીમાં ઈ. ૧૯૭૭માં પ્રસિદ્ધ કરવામાં આવેલા અને તે New Age Associationની શિબિરો અને સભાઓમાં આપવામાં આવેલાં સંભાષણોનો સંગ્રહ છે. આ ત્રિમાસિક શિબિરો અને બે વાર્ષિક સભાઓ માટે ચર્ચાના વિષય તરીકે શ્રી માતાજીએ પોતે તેના વિષયો સૂચવેલા, પસંદ કરેલા, અથવા તો મંજૂર કરેલા. આમાંના ઘણાખરા વિષયો પર શ્રી માતાજીએ પોતાની જાતે અથવા તો પોતાને પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તર રૂપે નોંધ કરેલી તેનો સંગ્રહ કરવામાં આવેલો છે. આમાંનાં ત્રણ સંમેલનોને શ્રી માતાજીએ પોતાના સંદેશાઓ મોકલેલા એમાં જે છેલ્લો લેખ છે તે આ પ્રકારનાં શિબિરોમાં ભાગ લેવા પાછળ શો હેતુ હોઈ શકે તેના ઉત્તર રૂપે છે.

(૪) શ્રી માતાજીનાં શાળાઓમાંનાં કાર્યોનો અહેવાલ : આ પત્રો અને શ્રી માતાજીના મૌખિક વાર્તાલાપોની નોંધો કેળવણી કેન્દ્રના શિક્ષકોને ઉદ્દેશીને ૧૯૬૦ થી ૭૨ની વચમાંના સમય દરમિયાન આપવામાં આવેલી છે. આ સર્વનો સંગ્રહ સૌપ્રથમ મૂળ ફ્રેન્ચ ભાષામાં અને તેના અંગ્રેજી ભાષાંતર રૂપે બુલેટિનના ૧૯૭૮ના એપ્રિલ અને ઑગસ્ટના અંકોમાં સૌપ્રથમ પ્રકટ કરવામાં આવ્યા હતા.

(૫) એક સ્ત્રી મૉનિટરને આપવામાં આવેલા ઉત્તરો : આ ઉત્તરો મૂળમાં શારીરિક કેળવણી વિભાગની એક યુવાન સ્ત્રી-નેતાને ફ્રેન્ચ ભાષામાં આપવામાં આવેલા હતા, એમાંનાં સાત સૂત્રો સૌપ્રથમ બુલેટિનના નવેમ્બર ૧૯૫૯ના અંકમાં પ્રથમ પ્રસિદ્ધ કરવામાં આવેલાં. એ આખોયે પત્રવ્યવહાર ૧૯૭૫માં પ્રથમ ફ્રેન્ચમાં પ્રસિદ્ધ થયો હતો. આમાંના કેટલાક પત્રો અને પત્રશ્રેણી આ અગાઉ બુલેટિનના ૧૯૭૦ના ફેબ્રુઆરી અંકમાં પ્રસિદ્ધ થઈ ગયા છે. એ મૂળ ભાષાંતરોને આ ગ્રંથમાં સંશોધન કરીને મૂકવામાં આવેલાં છે.

(૬) એક મૉનિટરને આપવામાં આવેલા ઉત્તરો : આ વિભાગમાં શારીરિક કેળવણી વિભાગના એક યુવાન કૅપ્ટન સાથે ખાસ કરીને કેળવણીના વિષયમાં લખવામાં આવેલા પત્રોનો સમાવેશ કરવામાં આવેલો છે. એ આખોયે પત્રવ્યવહાર મૂળ ફ્રેન્ચ તેમ જ તેના અંગ્રેજી ભાષાંતર સાથે બુલેટિનના ૧૯૭૩ના એપ્રિલથી ૧૯૭૫ નવેમ્બર સુધીના સમયમાં આપવામાં આવેલો છે. એ ભાષાંતરોમાં સામાન્ય જરૂરી સુધારા કરીને અહીં તે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

(૭) વાર્તાલાપો : આ વિભાગમાં ૧૯૬૭ના બે વાર્તાલાપો અને ૧૯૭૩ના ફેબ્રુઆરી અને માર્ચના સમયના છ વાર્તાલાપો આપવામાં આવેલા છે. ૧૯૭૩ના વાર્તાલાપો જે શિક્ષણ કેન્દ્રના એક કે બે શિક્ષકો સાથે થયેલા તે શ્રી માતાજીએ કેળવણી વિષયમાં કરેલાં છેલ્લામાં છેલ્લાં વિધાનો છે. આમાંનાં કેટલાંક આ અગાઉ આશ્રમની પત્રિકાઓમાં પ્રસિદ્ધ થઈ ગયેલાં છે, અને અહીં આપવામાં આવેલો સંપૂર્ણ સંગ્રહ સૌપ્રથમ મૂળ ફ્રેન્ચ અને તેના નવેસરથી કરવામાં આવેલા અંગ્રેજી ભાષાંતર સાથે બુલેટિનના ઑગસ્ટ ૧૯૭૮ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલો છે.

ઉપરોક્ત પ્રકાશકની નોંધ અંગ્રેજી ગ્રંથના આધારે લખેલી છે.

અનુક્રમ

ભાગ ૧ : લેખો

જીવનનું શાસ્ત્ર	૨
કેળવણી	૯
શારીરિક કેળવણી	૧૩
પ્રાણની કેળવણી	૨૦
મનની કેળવણી	૨૮
અંતરાત્માની અને આધ્યાત્મિક કેળવણી	૩૬
શિક્ષણનું એક નવું કેન્દ્ર	૪૮
ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિઓ	૫૯
વિદ્યાર્થીઓને – નાના તથા મોટા	૯૧
ભાવિનું દર્શન	૯૭
રૂપાંતર	૧૦૦
મૃત્યુનો ભય અને તેના ઉપર વિજય પ્રાપ્ત કરવાનાં ચાર સાધનો	૧૦૨
પ્રશ્નોનો ઉત્તર	૧૧૧
એક સ્વપ્ન	૧૧૬
માનવજાતિને મદદ	૧૧૮
સ્ત્રીનો પ્રશ્ન	૧૨૬

ભાગ ૨ : સંદેશાઓ, પત્રો અને વાર્તાલાપો

૧. શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રીય શિક્ષણ કેન્દ્ર	૧૩૫
સંદેશાઓ	૧૩૭
લક્ષ્ય	૧૪૨
વિદ્યાર્થીઓને	૧૪૮
અભ્યાસ	૧૫૫
વાચન	૧૬૭
વર્તણૂક	૧૭૫
રજાઓ	૧૮૭
આશ્રમની બહાર અભ્યાસ	૧૮૯

શિક્ષકો ૧૯૩
શિક્ષણ ૧૯૬
શિસ્ત ૨૨૨
ગૃહકાર્ય ૨૨૭
પરીક્ષાઓ ૨૩૦
અભ્યાસક્રમ
શ્રી અરવિંદ અને માતાજીનાં પુસ્તકોનો અભ્યાસ ૨૩૪
ભાષાઓ ૨૪૮
શ્રી માતાજીના જુદી જુદી ભાષામાં હસ્તાક્ષરો ૨૫૬
કલા ૨૫૭
અન્ય વિષયો ૨૭૧
રાષ્ટ્રિય કેળવણી ૨૭૩
૨. શ્રી અરવિંદ આશ્રમ – શારીરિક શિક્ષણ વિભાગ ૨૭૭
યૌવન ૨૭૮
એકાગ્રતા અને બહુમુખતા ૨૭૯
અમારો ધ્વજ અને અમારું પૂંઠું ૨૮૨
અક્ષય શક્તિ ૨૮૩
સાચી નિર્ણયશક્તિ ૨૮૬
ઑલિમ્પિકની કડીઓ ૨૮૮
જય ચંદ્રક ૨૯૦
સ્પર્ધાઓ ૨૯૧
યુવક ક્રીડાદલની પ્રાર્થનાઓ અને ઉત્તરો ૨૯૨
સ્પર્ધાઓ પ્રસંગે સંદેશા ૨૯૫
શારીરિક કેળવણીનાં વાર્ષિક પ્રદર્શનોના પ્રસંગોના સંદેશાઓ ૩૦૦
સામાન્ય સંદેશાઓ અને પત્રો ૩૦૧
સ્ત્રીઓને – તેમના શરીર વિષે ૩૦૭
૩. નવયુગ મંડળ ૩૧૫
૪. આશ્રમમાં શ્રી માતાજીના કાર્યની ઝાંખી ૩૨૯
આશ્રમ અને શાળામાં ફ્રેન્ચ ૩૩૦
ફ્રેન્ચ વર્ગોમાં કાર્યવ્યવસ્થા ૩૩૧

ફ્રેન્ચ શીખવનાર ભારતીય શિક્ષકોને ફ્રેન્ચનું શિક્ષણ ૩૩૩
વિદ્યાર્થીઓને ફ્રેન્ચ શીખવવા વિષે ૩૩૫
પસંદ કરેલાં પુસ્તકોનું પુસ્તકાલય ૩૩૭
દસથી બાર વર્ષનાં બાળકોના વર્ગમાં શ્રી માતાજીનું કાર્ય ૩૪૦
સાતથી નવ વર્ષનાં બાળકોના વર્ગમાં શ્રી માતાજીનું કાર્ય ૩૪૨
સોળથી અઢાર વર્ષનાં બાળકોના વર્ગમાં શ્રી માતાજીનું કાર્ય ૩૫૦

૫. એ સ્ત્રી મૉનિટરને ઉત્તરો
સૂત્રો ૩૫૮
પત્રવ્યવહાર ૩૫૯

૬. એક મૉનિટરને ઉત્તરો ૩૯૭

૭. વાર્તાલાપો
૫ એપ્રિલ ૧૯૬૭ ૪૧૨
૧૧ નવેમ્બર ૧૯૬૭ ૪૧૮
૮ ફેબ્રુઆરી ૧૯૭૩ ૪૩૯
૧૪ ફેબ્રુઆરી ૧૯૭૩ ૪૪૩
૧૮ ફેબ્રુઆરી ૧૯૭૩ ૪૪૫
૨૪ ફેબ્રુઆરી ૧૯૭૩ ૪૫૦
૨૬ ફેબ્રુઆરી ૧૯૭૩ ૪૫૫
૧૪ માર્ચ ૧૯૭૩ ૪૫૬

પ્રથમ વિભાગ

લેખો

આ લેખો દ્વારા, હું યોગની પરિભાષાને સરળ શબ્દોમાં રજૂ કરવાનો પ્રયત્ન કરું છું, કારણ કે આ 'બુલેટિન' (પત્રિકાઓ) સામાન્ય જીવન ગાળતા હોવા છતાં યોગના અભ્યાસીઓ પણ હોય એવા લોકોને માટે છે – એટલે કે, જે લોકો મુખ્યતઃ કેવળ શારીરિક અને ભૌતિક જીવનમાં રસ ધરાવતા હોવા છતાં, સામાન્ય પરિસ્થિતિમાં પણ ભૌતિક જીવનમાં વધુ પૂર્ણતા પ્રાપ્ત કરવા ચાહતા હોય એવા લોકો માટે છે. એમ કરવું એ ઘણું મુશ્કેલ કાર્ય છે, છતાં એ પણ એક જાતનો યોગ જ છે. આવા લોકો પોતાને "ભૌતિકવાદી" કહેવડાવે છે અને એમની પાસે જો યોગની પરિભાષા વાપરવામાં આવે તો, એમને અકળામણ આવે કે ચીડ ચડે. એટલે આપણે તેમની સાથે એવી ભાષા વાપરવી જોઈએ કે જેથી તેમને આંચકો ન લાગે. પરન્તુ મારા જીવન દરમ્યાન, મેં એવા લોકોને પણ જોયેલા છે જેઓ પોતાને "ભૌતિકવાદી" કહેવડાવતા હોવા છતાં, એવી શિસ્તનું પાલન કરતા કે જેવી શિસ્ત કેટલાક યોગ કરતા હોવાનો દાવો કરનાર લોકોમાં પણ જોવામાં આવતી નહિ.

અમારી ઈચ્છા તો માત્ર એટલી જ છે કે, માનવજાતિએ પ્રગતિ કરવી જોઈએ; એમાં પછી કોઈ યોગીનું જીવન જીવવાનો દાવો કરે કે નહિ તેની કશી અગત્ય નથી. ફક્ત એણે પ્રગતિ માટે જરૂરી હોય તેટલો પ્રયત્ન કરવો જોઈએ.

૨૫ ડિસેમ્બર ૧૯૫૦

શ્રી માતાજી

જીવનનું શાસ્ત્ર

આત્મ-જ્ઞાન અને આત્મ-સંયમ

ધ્યેય વિનાનું જીવન હમેશાં દુઃખી જીવન જ હોય છે. તમારે સૌ કોઈને જીવનનું ધ્યેય હોવું જોઈએ. પરંતુ એ ન ભૂલશો કે તમારું જીવન જે પ્રકારનું હશે તે પ્રમાણે જ તમારા ધ્યેયનું સ્વરૂપ બંધાશે.

તમારું ધ્યેય ઉચ્ચ અને વિશાળ રાખો, ઉદાર અને આસક્તિ વિનાનું રાખો. એમ કરશો તો તમારું જીવન તમારે પોતાને માટે તેમ જ અન્ય સર્વને માટે એક કીમતી વસ્તુ બની રહેશે.

પરંતુ તમારો આદર્શ ભલે ગમે તે હો, પણ જ્યાં સુધી તમે તમારી પોતાની અંદર પૂર્ણતા પ્રાપ્ત નહિ કરી હોય ત્યાં સુધી એ આદર્શનો તમે પૂર્ણ રીતે સાક્ષાત્કાર નહિ કરી શકો.

આ પૂર્ણતા પ્રાપ્ત કરવા માટેનું પ્રથમ પગલું છે સચેતનતા. તમારે પોતાને વિષે સચેતન બનો, તમારા સ્વરૂપના જુદા જુદા ભાગો વિષે, અને તે દરેકના જુદા જુદા કાર્ય વિષે સચેતન બનો. આ જુદા જુદા ભાગોને એકબીજાથી છૂટા પાડતાં તમારે શીખવાનું છે. એ જ્ઞાન થતાં એ વાત તમે સ્પષ્ટ રીતે જાણી શકશો કે તમારી અંદર જે જે ક્રિયાઓ ચાલી રહી છે તે કયાંથી ઉત્પન્ન થાય છે, તમને જે વૃત્તિઓ, પ્રત્યાઘાતો અને પરસ્પર અથડાતા સંકલ્પો કાર્યમાં ધકેલી રહેલાં હોય છે તે સૌનું મૂળ કયાં રહેલું છે. આ એક ઘણો મહેનત માગી લે તેવો વિષય છે, અને તે માટે તમારે સાચા દિલથી અને ખંતપૂર્વક કામે લાગવાનું છે.

માણસની પ્રકૃતિમાં, ખાસ કરીને તેની મનોમય પ્રકૃતિમાં એક એવું કુદરતી વલણ છે કે તે પોતે જે કાંઈ વિચારતો હોય છે, અનુભવતો હોય છે, બોલતો અને કરતો હોય છે તેને અનુકૂળ નીવડે તેવા જ ખુલાસા તે આપતો રહે છે. આ બધી ક્રિયાઓને આપણે ખૂબ જ ધ્યાનપૂર્વક નિહાળવાની છે, તેમને આપણો જે ઉત્તમોત્તમ આદર્શ હોય તેના ન્યાયાસન પાસે જાણે કે લઈ આવવાની છે, અને એ આદર્શના આસન પરથી જે ચુકાદો આવે તે સ્વીકારવા માટે સાચા હૃદયથી તૈયારી રાખવાની છે. આ કરીશું તો જ આપણે એક સ્ખલન વિનાની વિવેકબુદ્ધિ વિકસાવી શકીશું. આપણે જો ખરેખર પ્રગતિ કરવી હશે, આપણા સ્વરૂપનું સત્ય જાણવા માટેની શક્તિ મેળવવી હશે, એટલે કે, જે એકમાત્ર વસ્તુ ખાતર આપણને ઉત્પન્ન કરવામાં આવ્યા છે, અર્થાત્ જેને આપણે આપણું આ પૃથ્વી ઉપર આવવાનું ધ્યેય કહી શકીએ તેને જાણવા માટેની શક્તિ જો આપણે મેળવવી હશે તો તે માટે આપણે એક ઘણી જ નિયમિત અને અખંડ સાધના આદરીને, જે જે વસ્તુઓ આપણા જીવનના સત્યથી ઊલટી હોય, જે જે વસ્તુઓ એ સત્યનો વિરોધ કરતી હોય તે સર્વને આપણે આપણામાંથી બહાર ફેંકી દેવાની રહે છે, યા તો તેમને નિર્મૂળ કરી લેવાની રહે છે. એમ કરતાં કરતાં આપણે આપણાં સર્વ તત્ત્વોને, આપણા સર્વ ભાગોને ધીરે ધીરે એવી રીતે તો વ્યવસ્થિત કરી શકીશું કે જેથી તે બધાં આપણા સ્વરૂપના કેન્દ્ર-રૂપ અંતરાત્માની આસપાસ એક પૂર્ણ સંવાદમય એકતામાં ગોઠવાઈ જશે. પણ આ એકીકરણની ક્રિયા લાંબો વખત લે છે, એ એકીકરણને થોડીઘણી પૂર્ણતાએ પહોંચાડતાં પણ ઘણો વખત ચાલ્યો જાય છે. એટલે આ પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે આપણે ધૈર્ય અને તિતિક્ષાથી બરાબર સજ્જ બનવાનું રહે છે, અને આપણા પ્રયત્નને સફળ બનાવવા માટે જ્યાં સુધી જીવન ટકાવી રાખવું જરૂરી રહે ત્યાં સુધી આપણા જીવનને ટકાવી રાખવાનો દૃઢ નિશ્ચય કરવાનો રહે છે.

આ વિશુદ્ધિ અને એકીકરણ માટેની સાધના આપણે હાથ ધરીએ ત્યારે સાથે સાથે આપણે આપણા બાહ્ય સ્વરૂપને, આપણાં કરણોને પણ પૂર્ણ કરવા માટે ખૂબ જ કાળજી લેવાની રહે છે. પ્રભુનું ઊર્ધ્વ સત્ય જ્યારે પોતાનો આવિર્ભાવ કરવા તૈયાર થાય ત્યારે તમારી અંદર એને એક એવું સૂક્ષ્મ અને સમૃદ્ધ અને મનોમય તંત્ર મળી રહેવું જોઈએ કે જે પેલા વ્યક્ત થવા માગતા વિચારને, તેમાંનું બળ અને સ્પષ્ટતા જાળવી રાખી શકે તેવી રીતનું એક વિચારમય રૂપ આપી શકે. વળી એ વિચાર જ્યારે પોતાને શબ્દો દ્વારા વ્યક્ત કરવા માગે ત્યારે તમારામાં વસ્તુને વ્યક્ત કરવાની એવી તો શક્તિ હોવી જોઈએ કે

જેથી એ શબ્દો પેલા વિચારને પૂરેપૂરું પ્રાકટય આપે, નહિ કે તેમને કોઈ બીજું વિકૃત રૂપ આપે. અને આ સત્યને તમે જે રૂપે આકારબદ્ધ કરતા હો તેનો રણકાર તમારાં સર્વ સંવેદનોની અંદર, તમારા સંકલ્પો અને કાર્યોની અંદર, તમારી સર્વ પ્રવૃત્તિની અંદર ગુંજી ઊઠવો જોઈએ. અને છેવટે, આ સર્વ પ્રવૃત્તિઓ પણ, એક અખંડ સાધના દ્વારા, તેમની ઉત્તમોત્તમ પૂર્ણતાએ પહોંચેલી બનવી જોઈએ.

આ બધું સિદ્ધ કરવા માટે એક ચતુર્વિધ સાધનાનો માર્ગ છે. એ સાધનાની એક સામાન્ય રૂપરેખા અત્રે આપવામાં આવે છે. એ સાધનામાં આ ચાર સ્વરૂપોને એકબીજાથી અલગ અલગ રીતે હાથ ધરવાનાં નથી. એ ચારે પ્રકારની સાધના એકીસાથે પણ થઈ શકે છે, બલ્કે એ ચારે પ્રકાર એકીસાથે ખેડવા એ જ વધુ ઇષ્ટ છે. આ ચતુર્વિધ સાધનાનો પ્રથમ આરંભ આપણે જે સાધનોથી કરવાનો છે તેને આપણે ચૈતસિક સાધનાનું નામ આપીશું. આપણી અંદર ચિદ્વ્યાપારનું જે કેન્દ્ર છે તેને આપણે 'ચિત્પુરુષ' (psychic) કહીશું. આપણા અસ્તિત્વનું ઉત્તમોત્તમ સત્ય ચિત્પુરુષની આપણી આ આંતર વેદી ઉપર મંડાયેલું છે. ચિત્પુરુષ એ સત્યને જાણી શકે છે અને તેનો આવિર્ભાવ કરી શકે છે. એટલે આપણે એ ચિત્પુરુષની આપણામાં રહેલી ઉપસ્થિતિ વિષે સચેતન બનીએ, એના આ સાંનિધ્ય ઉપર આપણે એકાગ્રતા પ્રાપ્ત કરીએ, અને તેને આપણે માટે એક જીવતી હકીકત બનાવી લઈએ અને તેની સાથે આપણી તદ્રૂપતા સાધી લઈએ એ ખૂબ જ મહત્ત્વનું છે.

આજ સુધીમાં આ ચિત્પુરુષનું જ્ઞાન મેળવવાની તથા તેની સાથે અંતે તદ્રૂપતા પ્રાપ્ત કરવાની અનેક પદ્ધતિઓ જગતમાં યોજાયેલી છે. એમાંની કેટલીક પદ્ધતિઓ ચૈતસિક પ્રકારની છે, કેટલીક ધાર્મિક રીતની છે તો કેટલીક યંત્ર જેવી સ્થૂલ પ્રકારની પણ છે. આમાંથી કઈ પદ્ધતિ કોને અનુકૂળ નીવડશે તે ખરું જોતાં તો હરેક વ્યક્તિએ પોતે જ શોધી લેવાનું છે. આપણામાં જો સાચી અને સ્થિર અભીપ્સા હશે, એક અસ્ખલિત અને સક્રિય સંકલ્પ હશે તો આપણા લક્ષ્યને પહોંચવા માટે જરૂરની સહાય કોઈ ને કોઈ રીતે અવશ્ય મળી આવશે. આ સહાય સાધકને કાં તો બાહ્ય રીતે ગ્રંથોના અધ્યયનમાંથી યા તો ગુરુના ઉપદેશમાંથી મળી આવે, યા તો આંતરિક રીતે તે તેને એકાગ્રતા કે ધ્યાન દ્વારા, યા તો તેની સમક્ષ સત્યના પ્રાકટય દ્વારા અને સત્યની અનુભૂતિ દ્વારા પણ મળી આવે. આ બાબતમાં માત્ર એક જ વાત જરૂરની છે: આ પરમ તત્ત્વને શોધવા માટેનો, તેનો સાક્ષાત્કાર કરવા માટેનો સંકલ્પ. આ શોધ અને

સાક્ષાત્કાર એ જ આપણું સૌથી પ્રથમ કાર્ય બની રહેવું જોઈએ. આપણા મનમાં એ વાત દૃઢ થવી જોઈએ કે આ સિદ્ધિ એ એક એવી તો મહામૂલા મોતી જેવી છે કે જેને ગમે તે કિંમતે પણ આપણે મેળવવી જોઈએ. એટલે તમે ગમે તે કાર્ય કરતા હો, ગમે તે પ્રવૃત્તિ કે કામધંધો કરતા હો, પણ તમારા જીવનના સત્યને શોધવા માટેનો સંકલ્પ, તે સત્ય સાથે એકરૂપ થઈ જવાનો સંકલ્પ સદાય તમારામાં જીવંત બની રહેવો જોઈએ, તમે જે કાંઈ કરતા હો, તમને જીવનમાં જે કાંઈ અનુભૂતિઓ થતી હો, તમે જે કાંઈ વિચારતા હો, તે સર્વની પાછળ એ સંકલ્પ સદાય હાજર રહેવો જોઈએ.

આ આંતર સિદ્ધિની ક્રિયાને સંપૂર્ણ કરવા માટે તમે તમારા માનસિક વિકાસ પ્રત્યે પણ પૂરતું ધ્યાન આપો એ ઇષ્ટ છે. કેમ કે તમારું મન રૂપી યંત્ર પણ જેટલું મદદ રૂપ નીવડી શકે છે તેટલું જ વિઘ્ન રૂપ પણ બની શકે છે. માણસનું મન તેની કુદરતી અવસ્થામાં એક બહુ જ મર્યાદિત વસ્તુ છે. એની દૃષ્ટિ બહુ અલ્પ છે, એની સમજશક્તિ બહુ સંકુચિત છે, એના ખ્યાલો જડ પ્રકારના છે. આવા મનને વિશાળ કરવા માટે, તેને મુલાયમ અને ઊંડું બનાવવા માટે અમુક પ્રયત્નની જરૂર રહે છે. અને તેથી આપણે હરેક વસ્તુનો બની શકે તેટલાં વધુમાં વધુ દૃષ્ટિબિંદુથી વિચાર કરતા થઈએ એ ખૂબ જ આવશ્યક છે. આ માટે એક નીચે મુજબનો પ્રયોગ અજમાવી શકાય એમાંથી મનને ખૂબ જ મુલાયમતા મળી શકે તેમ છે, અને વિચારની ઉન્નતિ સાધી શકાય તેમ છે. આ પ્રયોગમાં પ્રથમ તો એક અમુક વિષય લઈ તે અંગે એક સ્પષ્ટ રીતે વિચારેલું દૃષ્ટિબિંદુ રજૂ કરવું, તેની સામે પછી પેલાથી તદ્દન ઊલટું દૃષ્ટિબિંદુ રજૂ કરવું, પેલાના જેટલી જ સ્પષ્ટ રીતે વિચારીને. આમ કર્યા પછી ખૂબ જ કાળજીપૂર્વક વિચાર કરતાં કરતાં એ પ્રશ્નને વિશાળ ને વિશાળ રૂપ આપતા જાઓ, એ પ્રશ્નથી ઉપર ચાલ્યા જાઓ અને તેમ કરતાં તમને એક નવો સમન્વય મળી આવશે. એ સમન્વય તમને એક વધુ વિશાળ, વધુ ઉચ્ચ અને વધુ વ્યાપક વિચારની અંદર એવી રીતે તો મૂકી આપશે કે જેમાં પેલાં બંને વિરોધી દૃષ્ટિબિંદુઓ એક થઈ જશે.

આ પ્રકારનાં બીજાં મનોયત્નો પણ કરી શકાય છે. એવાં કેટલાંક મનોયત્નો માણસના ચારિત્ર્ય ઉપર પણ સારી અસર પહોંચાડે છે અને એ એનો બેવડો લાભ છે. આ રીતે તમે તમારા મનને તાલીમ આપો છો અને સાથે સાથે તમારી લાગણીઓ અને એ લાગણીઓનાં પરિણામો ઉપર તમે કાબૂ મેળવી શકો છો. દા. ત. તમારે તમારા મનને કોઈ પણ વસ્તુ યા તો વ્યકિત વિષે કશો નિર્ણય

કરવા દેવો નહિ. કેમ કે મન એ પોતે જ્ઞાનનું સાધન છે જ નહિ. તેનામાં જ્ઞાન શોધવાની શકિત છે જ નહિ. ઊલટું મને પોતે જ્ઞાન દ્વારા સંચાલિત થવાનુ રહે છે. જ્ઞાનનો પ્રદેશ તો માનવના મન કરતાં એક ઘણે ઘણે ઊંચે આવેલી ભૂમિકામાં, શુદ્ધ વિચારોના પ્રદેશથી પણ ઉપરની ભૂમિકામાં આવેલો છે. એ પ્રદેશમાંથી આવતા જ્ઞાનને મને ઝીલવાનું છે, અને તેને આવિર્ભાવ આપવાનો છે, અને તે માટે મને શાંત પડી જવાનું છે. એ જ્ઞાન તરફ ધ્યાનબદ્ધ થવાનું છે. મન પોતે રચના કરવા માટેનું, સંગઠન માટેનું, પ્રવૃત્તિ માટેનું કરણ છે. અને આ ક્રિયાઓની અંદર જ મન પોતાની સાચી ઉપયોગિતા અને સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરી શકે છે.

એક બીજો અભ્યાસ પણ ચેતનાના વિકાસ માટે બહુ મદદ રૂપ થઈ શકે તેમ છે. કોઈ પણ વસ્તુ અંગે જ્યારે મતભેદ પડે, દા. ત. અમુક નિર્ણય લેવાનો હોય, યા તો કોઈ કામ પાર પાડવાનું હોય ત્યારે આપણે તે બાબતમાં આપણા જ દૃષ્ટિબિંદુને યા તો તે અંગેના આપણા ખ્યાલને જ વળગી ન રહેવું જોઈએ. ઊલટું, આપણે સામા માણસના દૃષ્ટિબિંદુને સમજવા પ્રયત્ન કરવો જોઈએ, તેની જગાએ આપણને પોતાને મૂકી જોવા જોઈએ, અને તે અંગે ટંટોફિસાદ યા તો લડાઈ પણ કરી લેવાને બદલે કોઈક એવો ઉકેલ શોધવો જોઈએ કે જેથી બંને પક્ષને માફકસર સંતોષ થઈ શકે. અને જેનું મન શુભનિષ્ઠાવાળું છે તેને હમેશાં આવો ઉકેલ અવશ્ય જડી આવે જ છે.

હવે આપણે પ્રાણની તાલીમનો વિચાર કરીએ. આપણામાં રહેલું પ્રાણતત્ત્વ એ શીઘ્રવૃત્તિઓ અને કામનાઓનું કેન્દ્ર છે. ઉત્સાહ અને ઉગ્રતા, ક્રિયાત્મક શકિત અને તીવ્ર વિષાદ, ઉગ્ર વાસનાઓ અને બંડખોર વૃત્તિઓ એ બધું એમાં આવી રહેલું છે. એ પ્રાણતત્ત્વ હરેક ચીજને ગતિમાન કરી શકે છે. તે વસ્તુઓ રચી શકે છે, સિદ્ધ કરી શકે છે અને તે હરેક ચીજનો નાશ પણ કરી શકે છે, હરેક ચીજને બગાડી પણ શકે છે. માણસમાં રહેલા આ તત્ત્વને તાલીમ આપવી એ એક ઘણું જ અઘરામાં અઘરું કામ છે. એ એક લાંબી સાધના છે, અને ખૂબ જ ધીરજ માગી લે છે. તે માટે માણસમાં સોએ સો ટકા સત્યનિષ્ઠાની જરૂર રહે છે. આવી સત્યનિષ્ઠા નહિ હોય તો સાધક પહેલે પગથિયેથી જ પોતાની જાતને છેતરી બેસશે, અને પ્રગતિ માટેની સારીયે મહેનત નકામી નીવડશે. પણ આ પ્રાણતત્ત્વ જો સહકારમાં ઊતરે તો પછી કોઈ પણ સિદ્ધિ અશકય નહિ લાગે, કોઈ પણ રૂપાંતર અવ્યવહારુ નહિ લાગે. મુશ્કેલી એટલી જ છે કે પ્રાણ પાસેથી આવો સતત સહકાર મેળવવો એ ઘણું કઠણ છે.

પ્રાણ એ એક ઘણો અચ્છો કામદાર છે પણ મોટેં ભાગે તે પોતાના સંતેષ માટે જ મથતો હોય છે. પ્રાણના આ સંતોષને, પૂરેપૂરો યા તો થોડોઘણો પણ જો અટકાવવામાં આવ્યો, તો તે ચિડાઈ જાય છે, નાખુશ થઈ જાય છે, હડતાળ પર ઊતરી જાય છે. પરિણામે માણસને પ્રાણ તરફથી મળી આવતી શકિત લગભગ પૂરેપૂરી અટકી જાય છે, તેને અન્ય લોકો અને વસ્તુઓ વિષે અણગમો થવા લાગે છે, તેનામાં નિરુત્સાહ અને બંડખોર વૃત્તિ આવી જાય છે, કે વિષાદ અને અસંતોષ આવી જાય છે. માણસ પોતે આવી અવસ્થામાં હોય ત્યારે તેણે તદ્દન શાંત રહેવું જોઈએ અને કાંઈ પણ કાર્ય કરતાં અટકી જવું જોઈએ. કેમ કે આવી ક્ષણોમાં જ માણસો મૂર્ખાઈભરેલાં કામો કરી બેસે છે. પોતે મહિનાઓ સુધી નિયમિત પ્રયત્ન દ્વારા પ્રાપ્ત કરેલી વસ્તુને, એ દ્વારા સાધેલી સર્વ પ્રગતિને તે થોડી મિનિટોમાં જ બગાડી નાખી શકે છે, યા તો તેનો નાશ કરી લઈ શકે છે. જે લોકો પોતાના ચિત્પુરુષની સાથે સંપર્ક સાધી શકયા હોય છે, તેઓ જ પોતાની અંદર અભીપ્સાની જ્યોતને જીવતી રાખી શકે છે અને પોતે જે આદર્શ સાધવાનો છે તેની સચેતનતા ટકાવી શકે છે. એવા લોકોને માટે પ્રાણની આવી કટોકટીઓ બહુ લાંબો વખત ટકતી નથી અને એટલી બધી જોખમકારક પણ નથી બનતી. આ સચેતનતાની સહાય વડે તેઓ કોઈ તોફાને ચડેલા બાળક સાથે કામ લેતા હોય તેમ પોતાના પ્રાણની સાથે ધીરજથી અને ખંતથી કામ લે છે, તેને સત્યનું અને પ્રકાશનું દર્શન કરાવે છે, તેને ખાતરી કરી આપવા પ્રયત્ન કરે છે, અને તેની ઘડીભરને માટે ઢંકાઈ ગયેલી શુભવૃત્તિને જાગૃત કરી શકે છે. આવી રીતે ધીરજપૂર્વક કામ કરતાં કરતાં હરેક કટોકટીના પ્રસંગને એક નવી પ્રગતિના રૂપમાં, લક્ષ્યની દિશામાંના એક વધુ આગેકદમ તરીકે ફેરવી શકાય છે. આ બાબતમાં પ્રગતિનો વેગ ધીરો રહે, માણસનુ સ્ખલન વારંવાર થતું રહે, તોપણ તે જો હિંમતપૂર્વક પોતાના સંકલ્પમાં અવિચલ રહે તો એક દિવસ તેને અવશ્ય વિજય મળવાનો છે. તે જોશે કે તેનામાં જાગેલી સત્યની પ્રકાશમાન ચેતના સમક્ષ બધીયે મુશ્કેલીઓ ઓગળીને અદૃશ્ય થઈ ગઈ છે.

આપણી સાધનાનો છેલ્લો ભાગ શરીરની તાલીમનો છે. એ માટે આપણે એક સ્પષ્ટ દૃષ્ટિવાળી અને બુદ્ધિપૂર્વક યોજેલી શારીરિક કેળવણી દ્વારા શરીરને બળવાન અને મુલાયમ બનાવવાનું છે. એ રીતે તૈયાર થયેલું શરીર જે ઋત-શક્તિ આપણી દ્વારા મનનો આવિર્ભાવ સાધવા ઇચ્છી રહી છે તેને માટે આ સ્થૂલ જગતમાં એક સુયોગ્ય હથિયાર બની રહેશે.

શરીર અંગે પ્રથમ વાત તો એ છે કે તે આપણું માલિક ન બની જવું જોઈએ. તેણે આપણી આજ્ઞામાં રહેવાનું છે. અને શરીર એની કુદરતી પ્રકૃતિ મુજબ તો એક નમ્ર અને વફાદાર સેવક જેવું જ છે. દુઃખની વાત એટલી જ છે કે તેના બે માલિકો, પ્રાણ અને મન તેની સાથે જે રીતે કામ લે છે તે અંગે વિવેક કરવાની શક્તિ તેનામાં ઘણી વાર હોતી નથી. એક આંધળાની માફક તે આ માલિકોના હુકમો પોતાને ભોગે પાળ્યે જાય છે. મન પાસે તેના રૂઢ વિચારો હોય છે, તેના જડ અને સ્વચ્છંદી સિદ્ધાંતો હોય છે. પ્રાણ પાસે તેની વાસનાઓ છે, અતિરેકો અને વિલાસો છે. અને એ બધાં થોડા જ વખતમાં શરીરની કુદરતી સમતુલાને તોડી નાખે છે અને તેનામાં થાક, અશક્તિ, રોગ ઉત્પન્ન કરી દે છે. આ બેયના અત્યાચારમાંથી શરીરને મુક્ત કરવાનું છે. એ મુક્તિ માટેનો એક જ માર્ગ છે. આપણી અંદર રહેલા ચિત્પુરુષના કેન્દ્રની સાથે આપણે અખંડ અનુસંધાનમાં રહેતા થઈ જવું. શરીરની પાસે સહન કરવાની અને સાનુકૂળ થઈ જવાની એક અદ્‌ભુત શક્તિ છે. આપણે સામાન્ય રીતે ધારીએ છીએ તે કરતાં કેટલીયે વધારે વસ્તુઓ શરીર કરી શકે તેમ છે. એટલે, અત્યારે શરીરના ઉપર જે બે અજ્ઞાન અને જુલમગાર માલિકોનું રાજ્ય ચાલે છે તેને બદલે આપણી અંદરના મધ્યવર્તી સત્યનું–અંતરાત્માનું– ચિત્પુરુષનું શાસન જો તેના ઉપર સ્થાપી શકાય તો પછી શરીર એવાં એવાં કામો કરી શકશે કે જે જોઈ આપણે આશ્ચર્યચકિત થઈ જઈશું. એ પ્રકાશમય તત્ત્વના શાસન હેઠળ શરીર સ્વસ્થ અને શાંત બનશે, સશક્ત અને સમતુલ બની રહેશે, અને તેની પાસે માગવામાં આવતું કામ કરવા તે હર પળે તૈયાર રહેશે. કારણ કે હવે તેને એવું જ્ઞાન મળી ગયું હશે કે જેને લીધે તે કામની અંદર પણ આરામ મેળવી શકશે, અને પોતે જે શક્તિઓ જ્ઞાનપૂર્વક અને ફલદાયક રીતે ખરચી રહ્યું હોય છે તેને વિશ્વશક્તિઓ સાથે સંપર્ક સાધીને કેવી રીતે પુષ્ટ રાખવી તે પણ તેને આવડી ગયું હશે. આવી રીતે સુદૃઢ અને સમતુલ બનેલા જીવનની અંદર એક નવીન સંવાદિતાનો આવિર્ભાવ થશે. અને એ સંવાદિતા ઊર્ધ્વના પ્રદેશોમાં આવેલી સંવાદિતાના જ પ્રતિબિંબ જેવી હોઈ શરીરને તે એક સંપૂર્ણ પ્રમાણબદ્ધતા મેળવી આપશે, તેનામાં આકારનું એક આદર્શ સૌન્દર્ય રચી આપશે. આ સંવાદિતા ક્રમે ક્રમે વધતી જ જશે. આપણી અંદર રહેલું સત્ય એ કોઈ એક સ્થિર અને જડ વસ્તુ નથી. એ સત્ય તો જગતમાં નિત્ય વૃદ્ધિ પામતી, વધુ ને વધુ વ્યાપક અને વિશ્વરૂપ બન્યે જતી પૂર્ણતાનો જ એક અખંડ આવિર્ભાવ છે. માણસનું શરીર આવી કોઈ વધ્યે જતી સંવાદિતા-ની રીતે કામ કરતું બનશે ત્યારે તેનામાં રૂપાંતરની એક સતત ચાલુ રહેનારી

પ્રક્રિયાનો આરંભ થઈ જશે અને એવા રૂપાંતર દ્વારા, શરીરમાં એક એવી શક્તિ આવશે કે જેને લીધે તે અત્યારે તેનામાં અનિવાર્ય રીતે આવતી શિથિલતા અને છેવટે આવતા નાશની સ્થિતિમાંથી મુક્ત થઈ જશે. અને આ વસ્તુ સિદ્ધ થતાં અત્યારે જગતમાં મૃત્યુનું જે અફર જેવું શાસન છે તેને ટકી રહેવા માટે કોઈ કારણ રહેશે નહિ.

આ પૂર્ણતા પ્રાપ્ત કરવી એ આપણું લક્ષ્ય છે. એ પૂર્ણતાની કોટિએ આપણે જ્યારે પહોંચીશું ત્યારે આપણને જણાશે કે આપણે જે સત્યની ખોજ કરી રહ્યા છીએ તે સત્યનાં ચાર મુખ્ય સ્વરૂપો છે: પ્રેમ, જ્ઞાન, શક્તિ અને સૌન્દર્ય. સત્યનાં આ ચાર તત્ત્વો આપણી અંદર આપોઆપ જ પોતાનું પ્રાકટય કરશે. આપણો ચિત્પુરુષ સાચા અને વિશુદ્ધ પ્રેમનું વાહન બની રહેશે. આપણું મન એક અસંદિગ્ધ એવા પરમ જ્ઞાનનું વાહન બનશે. આપણો પ્રાણ એક અજેય બલ અને શક્તિનો આવિર્ભાવ આપશે અને શરીર એક પૂર્ણ સૌન્દર્યનું અને પૂર્ણ સંવાદિતાનું પ્રગટ રૂપ બની રહેશે.

(બુલેટિન, નવેમ્બર ૧૯૫૦)

કેળવણી

માણસની કેળવણી તેના જન્મ સમયથી જ શરૂ થવી જોઈએ અને તેના સારાયે જીવન પર્યંત તે ચાલુ રહેવી જોઈએ. વળી, આ કેળવણીમાંથી જો વધુમાં વધુ પરિણામ મેળવવું હોય તો તો તે બાળકના જન્મથી પણ પહેલાં શરૂ કરી દેવી જોઈએ. અને એ આરંભ માતાએ પોતે કરવાનો છે. માતાનું એ કાર્ય બે પ્રકારનું હશે. પ્રથમ તો તેણે પોતાનો વિકાસ થાય તે રીતની પ્રવૃત્તિ હાથ ધરવી જોઈએ અને બીજું જે બાળકને તે પોતાની અંદર સ્થૂલ રીતે તૈયાર કરી રહી છે તેના વિકાસ માટે તેણે જરૂરી વસ્તુઓ કરવી જોઈશે. એ વાતમાં તો શક નથી કે આ નવા બાળકની પ્રકૃતિનો ઘણોખરો આધાર તો તેને શરીર આપનાર માતા ઉપર જ રહેલો છે. માતા કેવી સ્થૂલ પરિસ્થિતિમાં રહે છે તે ઉપરાંત તેના અંતરમાં કઈ રીતની અભીપ્સા છે, તેનામાં કઈ રીતની સંકલ્પશક્તિ છે એ બધાને આધારે બાળકની પ્રકૃતિ બંધાય છે. માતાએ પોતે જે કેળવણી લેવાની

છે તે આ મુજબની હોવી જોઈએ. તે ધ્યાન રાખશે કે તેના વિચારો સદાયે સુંદર અને વિશુદ્ધ પ્રકારના રહેશે, તેની લાગણીઓ હમેશાં ઉમદા અને ઉત્તમ પ્રકારની હશે, તેમ જ તેની આસપાસની પરિસ્થિતિ બને તેટલી સંવાદભરેલી, કલેશરહિત અને ખૂબ જ સાદાઈથી ભરેલી હશે. આ ઉપરાંત માતાની અંદર એક રીતનો સ્પષ્ટ અને જાગૃત સંકલ્પ હોવો જોઈએ કે મારે તો મને જે ઉત્તમોત્તમ આદર્શ દેખાય છે તે મુજબ જ મારા બાળકનો ઘડવું છે. આટલું થાય તો બાળકને જગતમાં આવવા માટે તે સારામાં સારી પરિસ્થિતિ બની રહેશે, તેનાં પરિણામ પણ શકય તેટલાં સારામાં સારાં જ આવશે, અને એ રીતે કેટલીયે પારાવાર મહેનતમાંથી અને નિરર્થક ગૂંચવણોમાંથી બચી જઈ શકાશે.

મનુષ્યની પ્રવૃત્તિઓ મુખ્યત્વે પાંચ પ્રકારની રહેલી છે, અને એ હરેક પ્રવૃત્તિને અંગેની કેળવણી જ્યારે માણસને અપાશે ત્યારે તે એક સંપૂર્ણ કેળવણી બની શકશે. આ પાંચ પ્રવૃત્તિઓ તે શરીરની, પ્રાણની, મનની, ચિત્-તત્ત્વની અને આત્માની છે. કેળવણી પણ આ પાંચ પ્રકારની હોવી જોઈએ. સામાન્ય રીતે એમ બને છે કે વ્યકિત જેમ જેમ મોટી થતી જાય છે તેમ તેમ આ કેળવણીનાં સ્વરૂપો એક પછી એક વ્યકિતના જીવનમાં દાખલ થતાં જાય છે. પરંતુ એનો અર્થ એ નથી કે માણસની એક પ્રકારની કેળવણી અટકી જાય અને પછી બીજા પ્રકારની શરૂ થાય. પણ એ પાંચે પ્રકારની કેળવણી એકબીજાની પૂરક બનીને માણસનું જીવન પૂરું થાય ત્યાં સુધી ચાલુ રહેવી જોઈએ.

કેળવણીનાં આ પાંચે સ્વરૂપો અમે એક પછી એક અભ્યાસ માટે હાથ લેવા માગીએ છીએ અને તે દરેકનો એકબીજાની સાથે શો સંબંધ રહેલો છે તે પણ અવલોકવા માગીએ છીએ. પરંતુ આ વિષયની વિગતમાં ઊતરીએ તે પહેલાં માબાપોને હું એક ભલામણ કરવા ઇચ્છું છું. પોતાનાં બાળકો માટે સાચી કેળવણી કઈ હોઈ શકે એ બાબતમાં મોટા ભાગના માણસો, જુદા જુદા કારણે, ભાગ્યે જ કાંઈ વિચાર કરતા હોય છે સામાન્ય રીતે તેઓ એમ જ માની લે છે કે બાળકને અમે જગતમાં જન્મ આપ્યો, તેને ખવડાવ્યું-પિવડાવ્યું, તેનું આરોગ્ય બરાબર જળવાય તે રીતે તેની બનતી સંભાળ રાખી, અને તેની વિવિધ સ્થૂલ જરૂરિયાતો પૂરી પાડી એમાં અમારું માબાપ તરીકેનું કર્તવ્ય પૂરેપૂરું આવી ગયું. હવે બાળક મોટું થશે એટલે એને નિશાળે મૂકી આવીશું અને તેની માનસિક કેળવણીનું કામ શિક્ષકના હાથમાં સોંપી દઈશું.

પણ એવાં પણ માબાપો છે કે જેઓ પોતાનાં બાળકોને કેળવણી આપવાની જરૂર છે એમ સમજતાં હોય છે અને તે આપવાનો પ્રયત્ન પણ કરતાં હોય છે. પરંતુ એ માબાપોને એ વાતની ખબર નથી હોતી કે પોતે પોતાના બાળકને કેળવણી આપી શકે તે માટે પ્રથમ તો તેમણે પોતાની જાતને જ કેળવવાની રહે છે, પોતાને વિષે સભાન બનવાનું રહે છે, પોતાના ઉપર પ્રભુત્વ મેળવવાનું રહે છે કે જેથી પોતે બાળક આગળ એક ખરાબ દૃષ્ટાંત રૂપ ન બની રહે. જે માબાપો સાચા હૃદયથી અને ખૂબ ગંભીર રીતે પોતાનાં બાળકોને કેળવવા માગતાં હોય છે તેમની પણ આવી જ સ્થિતિ હોય છે. ખરી અસરકારક કેળવણી તો દૃષ્ટાંત મારફતે જ અપાય છે. બાળકને માત્ર સારા સારા શબ્દો કહેવા, ડાહી ડાહી શિખામણ આપવી એનો કશો જ અર્થ નથી. આપણે જે કહેતા હોઈએ તેમાં રહેલું સત્ય જો આપણા જીવંત દૃષ્ટાંત દ્વારા આપણે બતાવી નહિ શકીએ તો પછી આપણા શબ્દોની કે શિખામણની કશી અસર પડતી નથી. સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, નિખાલસતા, હિંમત, અનાસકિત, નિઃસ્વાર્થતા, ધીરજ, સહનશકિત, ખંત, શાંતિ, સ્વસ્થતા, આત્મ-સંયમ આ બધી વસ્તુઓ એવી છે કે તેમને શીખવવા માટે સુંદર શબ્દો કરતાં આપણું પોતાનું દૃષ્ટાંત જ અનેકગણું સારું કામ આપે છે. માટે હું માબાપોને કહીશ કે તમારા જીવનમાં એક ઉચ્ચ આદર્શ રાખો, અને તે આદર્શ અનુસાર જ હમેશાં તમારું વર્તન રાખો. તમે જોશો કે તમારું બાળક આ આદર્શને પોતાની અંદર થોડે થોડે ઝીલવા લાગ્યું છે, અને તેની પ્રકૃતિમાં તમે જે ગુણોનો વિકાસ ઈચ્છો છો તે ગુણો તે પોતાની મેળે આપોઆપ જ પ્રગટ કરવા લાગ્યું છે. દરેક બાળકને સ્વાભાવિક રીતે જ પોતાનાં માબાપ તરફ માન અને અહોભાવ હોય છે. અને માબાપો જો સાવ નાલાયક નથી હોતાં તો તેઓ બાળકોને હમેશાં દેવ જેવાં લાગે છે જ અને તેઓ પોતાથી બને તેટલું તેમનું જ અનુકરણ કરવાનો પ્રયત્ન કરે છે.

માબાપો, અમુક વિરલ અપવાદ સિવાય, એ વાતનો તો કદી ખ્યાલ જ નથી કરતાં કે તેમની ખામીઓ, તેમની જલદ વૃત્તિઓ, નિર્બળતાઓ, આત્મ-સંયમનો અભાવ બાળકો ઉપર કેવી તો ભયંકર છાપ પાડે છે. તમારાં બાળકો તમને માન આપે એમ તમે ઇચ્છતાં હો તો પ્રથમ તો તમે પોતે જ તમારી જાતનું માન કરતાં શીખો, અને હર પળે તમે પોતે એક માનયોગ્ય વ્યકિત બની રહો. તમે ધ્યાન રાખો કે તમારા વર્તનમાં કદી પણ તરંગીપણું ન આવે, અસંયમ ન આવે, તેમાં તુમાખી ન આવે, અધીરાઈ ન આવે, બદમિજાજ ન

આવે. તમારું બાળક તમને કોઈ પ્રશ્ન પૂછે ત્યારે તમારો જવાબ તે સમજી શકવાનું નથી એમ માનીને તમે તેને કોઈ અક્કલ વગરનો કે મૂર્ખાઈભરેલો જવાબ ન આપશો. તમે જો બરાબર પ્રયત્ન કરશો તો તમારી વસ્તુ તમે હમેશાં બાળકને સમજાવી શકશો. લોક કહેવત ભલે એમ કહે કે સત્ય કહેવામાં હમેશાં લાભ નથી, પણ હું કહું છું કે સત્ય કહેવું એમાં જ હમેશાં લાભ છે. માત્ર તમારે તેને એવી રીતે કહેવાની કળા મેળવી લેવી જોઈએ કે જેથી તમારી વસ્તુ તમને સાંભળનારના મગજ સુધી પહોંચી શકે. નાની વયમાં, બારથી ચૌદ વર્ષ સુધી બાળકનું મન સૂક્ષ્મ રીતના સિદ્ધાંતો અને વ્યાપક સ્વરૂપના વિચારોને ઝીલી શકે તેવું નથી હોતું. પરંતુ તમે સ્પષ્ટ આકારવાળાં ચિત્રો, પ્રતીકો કે દૃષ્ટાંતોનો ઉપયોગ કરીને બાળકના મગજને એવી તાલીમ આપી શકો છો કે જેથી તે એ સૂક્ષ્મ અને વ્યાપક વિષયોને સમજતું થઈ શકે. બાળકોને માટે જ નહિ, પણ ઠીક ઠીક મોટી ઉંમરના માણસોને પણ, તેમ જ કેટલાક લોકો કે જેમનું મન સદા બાળકની કક્ષાનું જ રહે છે તેવાઓને પણ એકાદ વારતા, કથા કે પ્રસંગ જો બરાબર રીતે કહેવામાં આવે તો તેથી તેમને તાત્ત્વિક રીતનાં મોટાં મોટાં વ્યાખ્યાનો કરતાં પણ વિશેષ જ્ઞાન મળી શકે છે.

એક બીજી વસ્તુ સામે પણ ચેતતા રહેવાનું છે. બાળકોને કદી ઠપકો ન આપશો. અને ઠપકો આપવો પડે તો તે કોઈ ચોક્કસ હેતુસર જ અપાય, ઠપકો આપ્યા વિના ન જ ચાલે તેમ હોય ત્યારે જ તે અપાય. વારે વારે ઠપકો મળતાં બાળક ઠપકાથી ટેવાઈ જાય છે, પછી તમે તેને ગમે તે કહો, અવાજમાં ગમે તેટલી કઠોરતા લાવો પણ તેને તેનું કશું મહત્ત્વ જ રહેતું નથી. અને ભૂલ તમે પોતે કરી હોય અને તે માટે દોષ તમે બાળકનો કાઢો એવું તો કદી પણ ન થવા દેશો. બાળકોની અવલોકનશક્તિ બહુ તીક્ષ્ણ હોય છે, તેઓ બધું સ્પષ્ટ રીતે સમજી શકે છે. તમારી નબળાઈઓ તેઓ તરત જ પકડી પાડે છે અને તદ્દન નિર્દયપણે તેની નોંધ કરે છે.

બાળક કોઈ ભૂલ કરી બેસે ત્યારે તેની કબૂલાત તે આપમેળે અને નિખાલસ ભાવે કરે એમ થવા દેજો. અને તે પોતાની ભૂલ કબૂલ કરે ત્યારે તેને પ્રેમપૂર્વક અને માયાળુપણે સમજાવજો કે તેના કાર્યમાં કયાં ભૂલ હતી અને તે તેણે ફરીથી ન થવા દેવી જોઈએ. પણ કોઈ પણ પરિસ્થિતિમાં તેને ઠપકો તો ન જ આપશો, જે ભૂલ કબૂલ કરી લેવાઈ હોય તેની તો માફી જ અપાવી જોઈએ. તમારી અને તમારા બાળક વચ્ચે ભયનું તત્ત્વ દાખલ થઈ જાય એમ તો કદી

ન થવા દેશો. બીકના પાયા પર કેળવણીનું મંડાણ કરવું એ તો મહા જોખમનો માર્ગ છે. બીકમાંથી બાળક હમેશાં અસત્યનો અને દંભનો આશ્રય લેવા લાગે છે. બાળક પ્રત્યે તમારો પ્રેમ એવો હોય કે તેમાં સ્પષ્ટ દૃષ્ટિ રહેલી હોય, તે દૃઢ હોય અને છતાં કોમળ હોય. તમારામાં આવો પ્રેમ અને પૂરતું વ્યવહારુ જ્ઞાન હશે તો તમારી અને બાળકની વચ્ચે એક વિશ્વાસની ગાંઠ બંધાશે. એવા વિશ્વાસ વિના તમે તમારા બાળકને સફળ રીતે કેળવી નહિ શકો. તમારી અને બાળકની વચ્ચે આ વિશ્વાસ હોવો અનિવાર્ય છે અને પેલી વસ્તુ કદી ભૂલશો નહિ કે તમારે સદાયે અને સતત તમારી જાતને વટાવી ઊંચે ને ઊંચે ચડવાનું છે. બાળકને આ જગતમાં જન્મ આપીને તમે તેના તરફ એક ફરજ નોતરી લીધેલી છે. એ ફરજ તમારે સાચી રીતે અદા કરવાની છે. તમારું આ કાર્ય તમારે ઉત્તમોત્તમ રીતે પાર પાડવાનું છે અને તેનો એક જ માર્ગ છે : તમે પોતે વધુ ને વધુ ઉન્નત બનો

(બુલેટિન, ફેબ્રુઆરી ૧૯૫૧)

શારીરિક કેળવણી

માનવની ચેતનાના સર્વ પ્રદેશોમાં એક શરીરનો પ્રદેશ જ એવો છે કે જેમાં પદ્ધતિ, વ્યવસ્થા, શિસ્ત અને નિયમનું શાસન સંપૂર્ણપણે ચાલી શકે છે. જડતત્ત્વમાં ગ્રાહકતા અને મુલાયમતા નથી અને એ અભાવને પૂરવા માટે તમારે ખૂબ જ ચોક્કસ અને સર્વગ્રાહી રીતે વિગતોનું બરાબર સંગઠન કરવાનું રહે છે. પરંતુ આવું સંગઠન કરતી વેળા આપણે એ ભૂલવાનું નથી કે માનવ ચેતનાના સર્વ પ્રદેશો એકબીજાને આધારે ટકેલા છે અને તેઓ એકબીજાની અંદર ઓતપ્રોત થયેલા હોય છે. અને છતાં મન યા તો પ્રાણની કોઈ પ્રેરણાને જો શરીર દ્વારા વ્યક્ત કરવી હશે તો તેને એક ચોક્કસ અને નિશ્ચિત રૂપની પદ્ધતિને માર્ગે જ વાળવી પડશે. અને તેથી શરીરની કેળવણીને સફળ બનાવવા માટે સારીયે શારીરિક કેળવણીને ખૂબ જ તનતોડ અને કડક કરવી પડશે, તેની બધી વિગતો નક્કી કરવી પડશે, તે વિષે બધો વિચાર આગળથી કરવો પડશે, અને તેને પદ્ધતિપૂર્વક હાથ ધરવી પડશે. આવી કેળવણી પછી વ્યક્તિને માટે એક કાયમની ટેવ રૂપે બની રહેશે. અને શરીર તો ટેવોનું જ બનેલું છે. પણ આ ટેવો બરાબર

કાબૂ હેઠળની, શિસ્તબદ્ધ હોવી જોઈશે, અને છતાં સાથે સાથે તે એવી મુલાયમ પણ હોવી જોઈશે કે તે દરેક સંજોગોને અનુકૂળ થઈ શકે, વ્યક્તિના વિકાસ તથા વૃદ્ધિ માટે જે જે જરૂર ઊભી થાય તેને તે બરાબર સાનુકૂળ થઈ શકે.

શરીરની સર્વ કેળવણી જન્મ સાથે જ શરૂ થવી જોઈએ અને આખાયે જીવન દરમિયાન તે ચાલુ રહેવી જોઈએ. તમે એમ નહિ કહી શકો કે અમુક સમયથી વહેલાં શારીરિક કેળવણી ન આપી શકાય, યા તો અમુક વખત પછી તેને ચાલુ નહિ રાખી શકાય.

શરીરની કેળવણીનાં ત્રણ મુખ્ય પાસાં છે : (૧) શરીરની ક્રિયાઓનો કાબૂ અને નિયમન, (૨) શરીરનાં સર્વ અંગો અને હલનચલનનો એક સંપૂર્ણ, પદ્ધતિસર અને સુમેળભર્યો વિકાસ અને (૩) શરીરમાં કોઈ ખામીઓ કે વિકૃતિઓ હોય તેનો ઇલાજ.

એમ કહી શકાય કે બાળકના જન્મ પછી પહેલા દિવસથી જ, કહો કે પહેલા કલાકથી જ તેને માટે ઉપર જણાવેલી પ્રથમ પ્રકારની કેળવણી શરૂ કરી દેવી જોઈએ. એટલે કે બાળકનો ખોરાક, ઊંઘ, દસ્ત વગેરે તરફ બરાબર ધ્યાન અપાવું જોઈએ. આ બાબતોમાં બાળકને જો જન્મ સમયથી જ સારી ટેવો પાડવામાં આવે તો પછી આખાયે જીવન દરમિયાન તે ઘણીએક મુસીબતો અને અગવડોમાંથી બચી જશે, અને જે લોકોને બાળકનાં શરૂઆતનાં વર્ષોમાં તેની સંભાળ લેવાની હોય છે તેમનું કામ પણ ઘણું હળવું બની જશે.

આપણે એ વાત તો જાણીએ છીએ જ કે આ કેળવણીને જો બુદ્ધિપૂર્વકની સમજણભરી અને અસરકારક બનાવવી હશે તો તે માટે આપણી પાસે શરીર વિષે, શરીરની રચના અને તેની ક્રિયાઓ વિષે અમુક ઓછામાં ઓછું જ્ઞાન તો હોવું જોઈશે જ. બાળક મોટું થતું જાય તેમ તેમ તેના પોતાના શરીરનાં અંગો કેવી રીતે કામ કરે છે તેનું અવલોકન કરવાની ટેવ પડવી જોઈએ. એમ કરવાથી તે ક્રિયાઓ ઉપર તેનો વધુ ને વધુ કાબૂ આવશે એટલું જ નહિ પણ તે ક્રિયાઓ કુદરતી રીતે અને સુમેળપૂર્વક થતી રહે તે બાબત તે ધ્યાન આપવા લાગશે. શરીરની વિધવિધ સ્થિતિઓ, બેસવા ઊભવાની પદ્ધતિઓ તથા વિવિધ હિલચાલો અંગે બહુ જ વહેલી ઉંમરે અને બહુ જ ઝડપથી ખોટી ટેવો પડી જાય છે અને તેનાં ભયંકર પરિણામો માણસે આખીયે જિન્દગી પર્યંત ભોગવવાનાં રહે છે. આ કેળવણીનો

પ્રશ્ન ગંભીર રીતે હાથ લઈ જે માબાપો પોતાનાં બાળકોનો વિકાસ સ્વાભાવિક રીતે બને તે માટે તેમનો શકય તેટલી બધી જ સગવડો આપવા ઇચ્છતાં હશે તેમનો માટે આ અંગેનાં જરૂરી સલાહસૂચનો સહેલાઈથી મળી શકશે. આ વિષયનો આજે વધુ ને વધુ કાળજીપૂર્વક અભ્યાસ થઈ રહ્યો છે અને એ અંગેની જરૂરી માહિતી અને દિશાદર્શન આપે તેવાં અનેક પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે અને નવાં નવાં પ્રસિદ્ધ થઈ રહ્યાં છે.

આ વિષયનો અમલ કરવાની વિગતોમાં હું ઊતરી શકું તેમ નથી. દરેક પ્રશ્ન નિરનિરાળો હોય છે અને તે માટેનો ઉકેલ પણ તે દરેક પ્રસંગને ધ્યાનમાં રાખીને વિચારવાનો હોય છે. ખોરાકનો વિષય ખૂબ વિસ્તારથી અને કાળજી-પૂર્વક ખેડાયેલો છે. કયો આહાર બાળકના વિકારામાં મદદ રૂપ થઈ શકે તે વસ્તુ સામાન્ય રીતે સર્વને જાણીતા જેવી છે અને તેનો ઉપયોગ લાભદાયક રીતે કરી શકાય છે. આ વિષયમાં એક વાત ખૂબ જ યાદ રાખવા જેવી છે. શરીરની પોતાની એક સહજવૃત્તિ છે અને તે અખંડિત હોય છે ત્યાં સુધી તેનામાં જગતનાં સર્વ શસ્ત્રો કરતાં પણ વધુ જ્ઞાન રહેતું હોય છે. આ રીતે જોતાં, તમારા બાળકનો વિકાસ સ્વાભાવિક રીતે જ થાય એમ તમે ઇચ્છતા હો તો તમારે બાળકને જે ખોરાક તરફ અણગમો હોય તે ખાવા માટે તેના ઉપર કદી બળજબરી ન કરવી જોઈએ. કારણ કે શરીરને પોતાને કઈ વસ્તુ હાનિકારક છે તે વાત તે ઘણી વાર આપોઆપ જ સહજવૃત્તિથી જાણી જતું હોય છે. બાળક જો કોઈ ખાસ રીતે ધૂની હોય તો વાત જુદી છે.

શરીર એની સ્વાભાવિક સ્થિતિમાં હોય છે ત્યારે, પોતાને માટે કઈ વસ્તુ સારી છે તેમ જ જરૂરની છે તે બહુ જ સારી રીતે જાણતું હોય છે. આ સ્વાભાવિક સ્થિતિ એટલે કે મનના ખ્યાલોની અને પ્રાણના આવેગોની દખલ-ગીરીમાંથી મુકત એવું શરીર પરંતુ શરીરની આવી સ્વાભાવિક સ્થિતિ તો ત્યારે જ જળવાઈ શકે છે કે જયારે બાળકને ઇચ્છાઓ અને જરૂરિયાતો વચ્ચેનો ભેદ બહુ કાળજીપૂર્વક શીખવવામાં આવ્યો હોય અને તેણે તે બરાબર શીખી લીધો હોય. બાળકની રુચિ આપણે એવી રીતે કેળવવી જોઈએ કે તેને સાદો અને તંદુરસ્ત ખોરાક જ ગમે, એ ખોરાક પુષ્ટિદાયક હોય અને રોચક પણ હોય અને તેમાં નકામી વસ્તુઓ ભરેલી ન હોય. બાળકના પેટમાં ભાર કરે, અને માત્ર પેટ ભરવાને ખાતર જ કામ આવતી હોય તેવી ચીજો બાળકના રોજના ખોરાકમાં ન આપવી જોઈએ. બાળક ભૂખ પ્રમાણે જ ખાય, ન ઓછું

ન વધારે, તેમ જ તે ખાઉધરું બનીને ન ખાય, ખાવાની લાલસાને ખાતર જ ન ખાય એ વાત બાળકને ખાસ શીખવવી જોઈએ. ઠેઠ બચપણથી જ આપણે એ જાણી લેવાનું છે કે આપણે ખાઈએ છીએ તે શરીરના આરોગ્ય અને શક્તિને માટે જ ખાઈએ છીએ, જીભના સ્વાદની ખાતર ખાતા નથી. પણ બાળકને જે ખોરાક આપવામાં આવે તે તેની પ્રકૃતિને અનુકૂળ હોય એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. વળી એ ખોરાક આરોગ્ય અને સ્વચ્છતાની બાબતમાં પૂરેપૂરી સાવચેતી લઈને તૈયાર થવો જોઈએ, એ ખાવામાં આનંદ આપે તેવો હોય અને છતાં ઘણો જ સાદો હોય. આ ખોરાક બાળકની વય અને તેની હમેશની પ્રવૃત્તિને ધ્યાનમાં રાખી તે મુજબ તેની પસંદગી કરવી જોઈએ, અને તેનું માપ બાંધવું જોઈએ. શરીરના સર્વ અવયવોના વિકાસ અને પ્રમાણસરની વૃદ્ધિ માટે જરૂરનાં હોય તેવાં બધાં જ રાસાયનિક અને બીજાં સક્રિય તત્ત્વો આ ખોરાકમાં આવી જવાં જોઈએ.

આમ બાળકનું આરોગ્ય બરાબર જળવાય અને તેને જરૂરની બધી શક્તિ મળતી રહે એટલા માટે જ આપણે બાળકને ખોરાક આપીશું. પણ પછી આપણે એક બાબતમાં ખૂબ જ સાવધ રહેવું પડશે, અને તે એ કે ખોરાકને આપણે સજાનું કે દબાણનું હથિયાર નહિ બનાવી શકીશું. 'જો, આજે તો તેં બહુ જ તોફાન કર્યું. જા, તને નાસ્તો નહિ આપવામાં આવે.' આ પ્રમાણે બાળકને કહેવાની ટેવ ખૂબ જ ભયંકર છે. આ રીતે તમે બાળકની નાનકડી ચેતના ઉપર એ છાપ પાડો છો કે તમે એને ખોરાક તેની ખાવાની લાલસા તૃપ્ત કરવા માટે જ મુખ્યત્વે આપો છો. એ ખોરાક તેના શરીરને સારી રીતે કામ કરતું રાખવા માટે અનિવાર્ય છે એ વાત તેના ધ્યાનમાં તમે આવવા દેતા નથી.

બાળકને આપણે એક બીજી વસ્તુ પણ ઠેઠ બચપણથી શીખવવાની છે : એ છે સ્વચ્છતા માટેની, આરોગ્યભરી ટેવો માટેની ચાનક. પરંતુ આરોગ્યના નિયમો પ્રત્યે, સ્વચ્છતા પ્રત્યે આ રસ જગાડવા જતાં બાળકમાં માંદગીનો ડર તમે દાખલ ન કરી દો તે બાબત ખૂબ જ સાવધાન રહેવાનું છે. કેળવણી માટે ભયને પ્રેરક તત્ત્વ બનાવવું એ ખરાબમાં ખરાબ વસ્તુ છે. કોઈ વસ્તુથી ડરવું તે એ વસ્તુને આપણી તરફ ખેંચવાનો સારામાં સારો માર્ગ છે. પણ એક બાજુ તમે માંદગીથી ડરો નહિ, તો બીજી બાજુ માંદગી માટે તમને ભાવ પણ ન હોવો જોઈએ. એવી એક માન્યતા પ્રચલિત છે કે તેજસ્વી બુદ્ધિના માણસોનું શરીર નબળું જ હોય છે. પણ આ એક ખોટો ભ્રમ છે, કશા પાયા

વિનાનો. એક જમાનો એવો હતો ખરો કે જ્યારે લોકોને શરીરની માંદગી તરફ એક મુગ્ધ પણ દુર્બળ રીતનું ખાસ આકર્ષણ રહેતું હતું. સારા નસીબે એ વલણ હવે ચાલ્યું ગયું છે. આજે હવે એક સુગઠિત, નક્કર, સ્નાયુબદ્ધ, બળવાન અને પૂર્ણ સપ્રમાણ શરીરની ખરી કિંમત લોકોને બરાબર સમજાવા લાગી છે. એટલે હવે આપણે બાળકને તંદુરસ્તી પ્રત્યે માન ધરાવતાં શીખવવાનું છે. તે કોઈ એવો તંદુરસ્ત માણસ જુએ કે જેનું શરીર રોગના હુમલાને ફેંકી દેવાનું જાણતું હોય તો તેના તરફ તેને અહોભાવ થવો જોઈએ. વળી અમુક અમુક વખતે બાળક માંદગીનો ઢોંગ પણ કરે છે. કોઈ અણગમતી ફરજમાંથી છટકી જવું હોય, પોતાને રસ ન પડતો હોય તેવું કામ ન કરવું હોય ત્યારે, અથવા કંઈ નહિ તો માત્ર માબાપની લાગણી ઉશ્કેરવા યા તો પોતાની કોઈ ધૂન તેમની પાસેથી મેળવવા માટે પણ બાળક માંદું હોવાનો ઢોંગ કરે છે. આ બાબતમાં તો બાળકને પહેલી તકે એ વાત બતાવી દેવી જોઈએ કે તેની આ ચાલાકી લેશ પણ કામ આવે તેમ નથી. બાળક માંદું પડશે એટલે માબાપને તેના તરફ વધુ ભાવ થશે એ વાત તેના મનમાં કદી ઊગવા ન દેવી જોઈએ. આથી ઊલટી જ વાત તેના મનમાં ઠસાવવાની છે. નિર્બળ માણસોમાં એક એવી માન્યતા હોય છે કે તેમની નિર્બળતાને લીધે લોકોને તેમના તરફ એક ખાસ ભાવ થાય છે અને એવા લોકો પછી પોતાની તરફ આસપાસના માણસોનું તેમ જ જેમની સાથે પોતે રહેતા હોય તેમનું ધ્યાન આકર્ષવા માટે પોતાની અશક્તિને, અને જરૂર પડે તો પોતાની માંદગીને પણ એક સાધન તરીકે વાપરે છે. આ દુષ્ટ વલણને તો કોઈ પણ રીતે ટેકો આપી ન શકાય. બાળકને એ વાત બરાબર શીખવી દેવી જોઈએ કે માંદા પડવું એમાં કોઈ ખાસ લાયકાત રહેલી છે યા તો કોઈ આપભોગ સમાયેલો છે એવું લેશ પણ નથી. માંદગી એ તો એક નિષ્ફળતાનું અને હલકી દશાનું જ ચિહ્ન છે.

બાળક પોતાનું આરોગ્ય જાળવી શકે તે માટે તે પોતાના અવયવોનો ઉપયોગ કરી શકે તેટલી ઉંમરનું થાય કે તરત જ તે રોજ થોડો થોડો વખત આપીને પોતાના શરીરનાં બધાં અંગોને પદ્ધતિસર અને નૈસર્ગિક રીતે ખીલવવા માંડે તો તે બહુ જ સારું થશે. આ માટે રોજ વીસથી ત્રીસ મિનિટ જેટલો વખત, અને બનતાં સુધી પથારીમાંથી ઊઠ્યા પછી તરત જ જો આવો વ્યાયામ કરવામાં આવે તો તેથી બાળકના સ્નાયુઓ બરાબર કામ કરતા થઈ જશે, અને તેમનો વિકાસ સપ્રમાણ રીતે થશે. આવી કસરત સાંધાઓ તેમ જ કરોડને અક્કડ થઈ

જતાં પણ અટકાવશે. અને આ બીમારી એવી છે કે જે ધાર્યા કરતાં પણ ઘણી વહેલી આવી જાય છે. બાળકની કેળવણીના કાર્યક્રમમાં ખેલકૂદ અને મેદાની રમતોને પણ સારું એવું સ્થાન આપવું જરૂરી છે. જગતની તમામ દવાઓ કરતાં પણ આ રમતગમતો બાળકને વધારે સારું આરોગ્ય આપશે. પૌષ્ટિક દવાઓના ઢગલે ઢગલા લેવાથી પણ અશક્તિ કે એનીમિયા (અલ્પરક્ત) જેવી બીમારીમાં જે ફાયદો થતો નથી તે માત્ર સૂર્યના તડકામાં એક કલાક હરવા-ફરવાથી થઈ શકે છે. એટલે દવા લેવાનું બિલકુલ અનિવાર્ય ન બને તે સિવાય કદી જ દવાનો આશ્રય લેવો ન જોઈએ એ મારી સલાહ છે. અને આ 'બિલકુલ અનિવાર્ય' તે બરાબર બિલકુલ અનિવાર્ય જ સમજવું જોઈએ. શારીરિક વિકાસના આ કાર્યક્રમમાં માનવ-શરીરનો ઉત્તમ વિકાસ સાધવા માટેની કેટલીક જાણીતી સર્વસામાન્ય પદ્ધતિઓ તો છે જ. પરંતુ એ પદ્ધતિઓનો પૂરેપૂરો લાભ ઉઠાવવા માટે હરેક વ્યક્તિનો પ્રશ્ન અલગ અલગ રીતે વિચારવાનો રહે છે, અને શક્ય હોય ત્યાં તે બાબતમાં કોઈ જાણકાર માણસની મદદ લેવી ઇષ્ટ છે. એમ ન બને ત્યાં આ વિષયને લગતાં પ્રસિદ્ધ થયેલાં તેમ જ થઈ રહેલાં પુસ્તકોનો આધાર તો લઈ શકાય છે જ.

બાળકની પ્રવૃત્તિ ભલે ગમે તે રીતની હોય, પણ હરેક સંજોગોમાં તેને ઊંઘ માટે પૂરતો વખત તો આપવો જ જોઈએ. આ ઊંઘનો સમય બાળકની ઉંમરના પ્રમાણમાં વત્તોઓછો હોઈ શકે છે. બાળક હજી ઘોડિયામાં હોય ત્યારે તેની ઊંઘનો વખત તે જાગે તે કરતાં વધુ હોવો જોઈએ. બાળક મોટું થતું જશે તેમ તેમ તેની ઊંઘનો સમય ઓછો થતો જશે. પણ બાળક પુખ્ત ઉંમરનું ન થાય ત્યાં સુધી તેને આઠ કલાકથી ઓછી ઊંઘ તો ન જ મળવી જોઈએ. અને તેના સૂવાની જગા પણ શાંત અને સારા હવાઉજાશવાળી હોય. વળી કોઈ ખાસ કારણ સિવાય બાળકની આગલી રાતની ઊંઘ પર સહેજ પણ કાપ ન મૂકવો જોઈએ. શરીરને સારામાં સારો આરામ તો મધ્યરાત્રિ પહેલાંના વખતમાં જ મળે છે. વળી આપણે જાગતા હોઈએ તે વખતે પણ આપણે આરામની સ્થિતિમાં રહીએ એ બહુ જ ફાયદાકારક છે. આપણા જ્ઞાનતંતુઓને સમતોલ અને સુમેળમાં રાખવા માટે આ આરામ સ્થિતિ અનિવાર્ય છે. શરીરના સ્નાયુઓ અને તંતુઓને કેવી રીતે આરામની સ્થિતિમાં મૂકવા એ પણ એક કળા છે અને બાળકોને તે છેક નાનપણથી જ શીખવી દેવા જેવી છે. પણ કેટલાંયે માબાપો એવાં હોય છે જે બાળકને આથી ઊલટું કોઈ ને કોઈ પ્રવૃત્તિમાં બળજબરીથી પરોવેલું રાખે છે. બાળક શાંતિથી બેઠું હોય છે ત્યારે આ માબાપો

એમ કલ્પી લે છે કે એ માંદું પડયું છે. એવાં માબાપો પણ હોય છે કે જે બાળકને તેના આરામ અને વિશ્રાંતિને ભોગે પણ ઘરકામમાં લગાડે છે. આ તો એક ઘણી જ ખરાબ ટેવ કહેવાય. બાળકનું શરીર તો હજી એક ઊગી રહેલો છોડ છે. તેના ઉપર તેણે પોતે ખુશીથી પસંદ ન કરી હોય એવી કોઈ પ્રવૃત્તિ લાદવી, તેનું શરીર સહન ન કરી શકે તેવી લાંબી એકધારી મહેનત તેની પાસે કરાવવી એ તેના નાજુક શરીર માટે ઘણું જ હાનિકારક છે. આપણે ત્યાં એક સામાન્ય માન્યતા એ છે કે બાળકે માબાપની સેવા કરવી જોઈએ. પણ આ બાબતમાં જે કોઈ વિચારો કે પૂર્વગ્રહો અત્યારે બંધાયેલા છે તે તમામની સામે થઈને પણ હું કહેવા માગું છું કે બાળકની પાસે સેવા કરવાની માગણી કરવી એ તદ્દન ગેરવાજબી છે. ખરું સત્ય તો આથી ઊલટું જ છે. બાળકોએ નહિ, પણ માબાપોએ બાળકોની સેવા કરવાની છે, કંઈ નહિ તો તેમની ખૂબ સંભાળ તો લેવાની છે જ. બાળક જો રાજીખુશીથી કુટુંબ માટે કંઈ કામ કરવું પસંદ કરે અને એ રમતું હોય તેવી રીતે કરે તો જ તેની પાસેથી કંઈ કામ લઈ શકાય. અને એવે વખતે પણ આપણે એ ધ્યાન રાખવાનું છે કે બાળકના આરોગ્ય માટે જેટલો વખત આરામ કરવો જરૂરી હોય તેમાં તો કશો જ ઘટાડો ન થાય.

હું ઉપર કહી ગઈ કે બાળકોને છેક નાનપણથી જ શરીરના આરોગ્ય તરફ, શરીરની શક્તિ અને સમતુલા તરફ આદર કેળવતાં આપણે શીખવવાનું છે આની સાથે સાથે જીવનમાં સૌન્દર્યનું જે પરમ મહત્ત્વ છે તે વસ્તુ પણ બાળકના મન ઉપર બરાબર ઠસાવવાની છે. નાના બાળકમાં સૌન્દર્ય પ્રત્યે પણ અભીપ્સા જાગવી જોઈએ. બીજાઓને ખુશ કરવા ખાતર નહિ તેમ જ પોતે પ્રખ્યાત થવાને ખાતર નહિ, પણ સૌન્દર્યના પ્રેમ ખાતર જ બાળકે સુંદર થવાનું છે. માણસના શારીરિક જીવન માટે જો કોઈ આદર્શ હોય તો તે સૌન્દર્યનો આદર્શ જ છે. હરેક માણસ પોતાનું શરીર કાંઈ પણ ક્રિયા કરતું હોય ત્યારે શરીરના જુદાજુદા ભાગોની વચ્ચે અને તેમની જુદી જુદી ક્રિયાઓની વચ્ચે સુમેળની સ્થાપના લાવી શકે છે. હરેક માનવ શરીર, તેને જો જીવનના આરંભથી જ એક સમજપૂર્વકની પદ્ધતિ અનુસાર શારીરિક વિકાસની તાલીમ મળી હશે તો તે પોતાની અંદર સંવાદનું તત્ત્વ સિદ્ધ કરી શકશે અને એ રીતે સૌન્દર્યની અભિવ્યક્તિ કરવા માટેની પાત્રતા તે મેળવી શકશે. આ સૌન્દર્ય તત્ત્વને જો જગતમાં એક દિવસ પ્રગટ કરવું હશે તો તે માટે કઈ આંતરિક શરતો પૂરી કરવી જરૂરની છે એ બાબત પણ આપણે જાણવાની છે.

આપણે જ્યારે એક સર્વાંગી કેળવણીનાં બીજાં સ્વરૂપોનો વિચાર હાથ લઈશું ત્યારે આ અંગે વિચાર કરીશું.

અત્યાર સુધી મેં માત્ર બાળકોને આપવાની કેળવણીનો જ વિચાર કર્યો છે. કારણ કે, બાળકને જો યોગ્ય સમયે એક સમજપૂર્વકની શારીરિક તાલીમ આપવામાં આવે તો તેથી શરીરની ઘણીખરી ખામીઓ અને વિકૃતિઓને અટકાવી શકાય છે. પરંતુ આવી કેળવણી કોઈ કારણસર માણસને નાનપણમાં અને જુવાનીમાં પણ જો ન મળી હોય તોપણ ગમે તે ઉંમરે આ કેળવણીનો આરંભ કરી શકાય છે અને તેને જીવન પર્યંત ચાલુ રાખી શકાય છે. પણ આ કેળવણી જેટલી મોડી શરૂ થશે, તેટલા પ્રમાણમાં માણસે પોતાને પડી ચૂકેલી ખરાબ ટેવોને સુધારવા માટે, શરીરમાં આવેલી અક્કડતાને મુલાયમ કરવા માટે તેમ જ બીજી વિકૃતિઓને હઠાવવા માટે વધારે તૈયારી રાખવી પડશે. આ તૈયારીનું કામ ખૂબ જ ધીરજ અને ખંત માગી લેશે; અને એવી લાંબી તૈયારીને અંતે જ શરીર અને તેની ક્રિયાઓની અંદર સંવાદ સ્થાપિત કરવાનો રચનાત્મક કાર્યક્રમ આપણે હાથ ધરી શકીશું. પરંતુ આપણે જે સૌન્દર્યનો સાક્ષાત્કાર કરવાનો છે તેનો એક જીવંત આદર્શ જો તમારા અંતરમાં તમે ધારણ કરેલો હશે તો પછી તમારું એ લક્ષ્ય તમે એક દિવસ જરૂર પામી શકશો.

(બુલેટિન, એપ્રિલ ૧૯૫૧)

પ્રાણની કેળવણી

કેળવણીના સર્વ પ્રકારોમાં પ્રાણની કેળવણી કદાચ સૌથી વધુ મહત્ત્વની કેળવણી છે અને સૌથી વધુ અનિવાર્ય છે. અને છતાં આ કેળવણી ભાગ્યે જ હાથ ધરવામાં આવે છે અને હાથ ધર્યા પછી તેને સમજપૂર્વક અને પદ્ધતિપૂર્વક ભાગ્યે જ પાર પાડવામાં આવે છે. આમ બનવાનાં ત્રણ કારણો છે : પ્રથમ તો આ કેળવણી સાથે કઈ કઈ વસ્તુઓ સંકળાયેલી છે તે બાબતમાં માનવના બુદ્ધિ પાસે કશું સ્પષ્ટ દર્શન નથી, અને બીજું આ સાહસ હાથ લેવું એ ઘણું જ કઠણ કામ છે, અને તેમાં સફળ થવા માટે આપણામાં ખૂબ જ ધીરજ, અનંત ખંત અને અદમ્ય એવા સંકલ્પબળની જરૂર રહે છે.

સાચે જ, માનવની પ્રકૃતિમાં આ પ્રાણ એક અત્યંત આપખુદ અને કસી કસીને કામ લેતું જુલમી તત્ત્વ છે. વળી એની અંદર બળ, શક્તિ, ઉત્સાહ અને અસરકારક ક્રિયાબળ રહેલાં છે અને તેને લીધે ઘણાખરા લોકો એનાથી ડરતા રહી તેને બહુ જ માનપૂર્વક જુએ છે, અને તેને પ્રસન્ન રાખવાને હમેશાં પ્રયત્ન કરે છે, પરંતુ આ માલિક એવો છે કે જેને કોઈ પણ ચીજ સંતોષ આપી શકતી નથી, અને એ માલિકની માગણીઓને કશી હદ જ નથી હોતી. આ અંગે પશ્ચિમમાં ખાસ બે વિચારો ખૂબ જ વ્યાપક બનેલા છે અને તેને લીધે તેની શિરજોરી ખૂબ જ બળવાન બનેલી છે. પશ્ચિમ આજે એક તો એમ માની રહેલું છે કે સુખ મેળવવું એ જ જીવનનું લક્ષ્ય છે, અને બીજું વ્યક્તિ એક એવી પ્રકૃતિ લઈને જન્મે છે કે જેને કદી બદલી શકાતી નથી.

આમાંનો પહેલો વિચાર જગતના એક મહા ગહન સત્યને બહુ કઢંગી અને વિકૃત રૂપે રજૂ કરે છે. આ ગહન સત્ય એ છે કે આખુંયે વિશ્વ આત્માના આનંદ ઉપર મંડાયેલું છે. એ આનંદ ન હોત જીવન અસ્તિત્વમાં જ આવ્યું ન હોત. આ આનંદ એ પ્રભુનું પોતાનું જ એક તત્ત્વ છે અને તેથી તે કોઈ પણ પ્રકારની સીમાથી બદ્ધ નથી. પણ એ આનંદને જીવનમાં ચાલતી સુખની શોધ તરીકે ગણી લેવાની ભૂલ ન થવી જોઈએ. સુખ તો ઘણે ભાગે સંજોગો ઉપર આધાર રાખતી વસ્તુ છે. માણસ જ્યારે એમ ચોક્કસપણે માનવા લાગે છે કે મને સુખી થવાનો હક છે ત્યારે તે સ્વાભાવિક રીતે જ ગમે તે ભોગે જીવનનો રસ માણવાને તૈયાર થઈ જાય છે. આ પ્રકારના વલણની અંદર પછી અજ્ઞાન અને તુમાખીથી ભરેલો એવો અહંકાર દાખલ થાય છે, અને તેમાંથી માનવના જીવનમાં હરેક પ્રકારના સંઘર્ષો અને દુઃખો, છેતરપિંડીઓ અને નિરાશાઓ ઊભાં થાય છે અને એ બધાનું પરિણામ ઘણી વાર સર્વનાશમાં આવે છે.

અત્યારે જે રીતનું જગત છે તે જોતાં પોતાનું વ્યક્તિગત સુખ ગમે તે રીતે મેળવી લેવું એ કંઈ જીવનનું લક્ષ્ય હોઈ ન શકે. એ લક્ષ્ય તો એ જ હોઈ શકે કે વ્યક્તિ ક્રમે ક્રમે આગળ વધતી પરમ સત્ય-ચેતના પ્રત્યે પહોંચે.

પ્રકૃતિના પરિવર્તનની અશક્યતા વિષેનો વિચાર ઊભો થવા પાછળ એક બીજી હકીકત રહેલી છે. માણસના ચારિત્ર્યને ઠેક મૂળમાંથી નવું સ્વરૂપ આપવા માટે તો વ્યક્તિમાંના અવચેતન તત્ત્વ ઉપર એક સંપૂર્ણ જેવો કાબૂ મેળવી લેવાનો રહે છે, તેમ જ પોતાની અંદર અચેતનતાના પ્રદેશમાંથી જે જે વસ્તુઓ ઉપર ઊઠી આવતી હોય છે તેનું ખૂબ જ કડક નિયંત્રણ કરવાનું રહે છે. આ

અવચેતના અને અચેતનતાનું તત્ત્વ, સામાન્ય માણસોમાં તો પ્રકૃતિમાં પહેલેથી પડેલાં તત્ત્વોનું જ પ્રાકટય હોય છે, અને તેણે જે પરિસ્થિતિમાં જન્મ લીધો હોય છે તેને આધારે જ તે ઘડાયેલું હોય છે. આવી પ્રકૃતિનું રૂપાંતર હાથ ધરવું એ એક મહા વિરાટ કાર્ય છે અને માણસની ચેતનામાં કોઈ લગભગ અસાધારણ જેવો વિકાસ થાય તેમ જ પ્રભુની કૃપા તેને સતત મદદ કરતી રહે તો જ એ કાર્ય સિદ્ધ બને તેમ છે. વળી એક બીજી વસ્તુ એ પણ છે કે આ કામ હાથ ધરવાનો પ્રયત્ન પણ જવલ્લે જ થયેલો છે. અનેક પ્રખ્યાત તત્ત્વદ્રષ્ટાઓએ તો એમ જ જાહેર કરી દીધું છે કે આ વસ્તુ કદી સિદ્ધ થવાની નથી, એ એક ખાલી સ્વપ્ન જ છે. અને છતાં આ વસ્તુ સિદ્ધ ન જ થઈ શકે તેમ નથી, એ પરિવર્તન પણ સિદ્ધ થયેલું છે. માણસોએ એક ચોખ્ખી સમજપૂર્વકની સાધના-પદ્ધતિ ઉપજાવી તે મારફતે એ પ્રશ્ન હાથ ધરેલો છે. અને બેશક, તેમને સતત નિષ્ફળતાઓ મળતી રહેલી છે છતાં તેથી નિરુત્સાહિત ન થતાં, એ નિષ્ફળતાઓની સામે તેવી જ દૃઢતાભરી ખંતપૂર્વક તેઓ ઝૂઝતા રહ્યા છે; અને ચારિત્ર્યનું રૂપાંતર તેમણે સિદ્ધ કરેલું છે.

પ્રાણની તાલીમનો આરંભ પોતાના અવલોકનથી શરૂ કરવાનો છે. જે ચારિત્ર્યનું આપણે રૂપાંતર કરવા માગીએ છીએ તેનું આપણે વિગતવાર અને સંપૂર્ણ અવલોકન કરવાનું રહે છે. એ રીતે જ આ તાલીમની શરૂઆત કરવાની છે. ઘણાખરાને તો આ વસ્તુ કરવી ઘણી જ કઠીન અને મૂંઝવી નાખે તેવી હોય છે. પરંતુ આપણી પ્રાચીન સાધનાઓ પાસે એક જ્ઞાન હતું. અને એ જ્ઞાનનો આધાર લઈ આપણે આ રૂપાંતર પ્રદેશની ભુલભુલામણીની શોધખોળ આદરી શકીએ છીએ. આ પ્રાચીન સાધનાઓએ બતાવ્યું છે કે હરેક માણસના ચારિત્ર્યની અંદર બે ઊલટાસૂલટી તત્ત્વો આવી રહેલાં છે, અને એક જ વસ્તુની ઊજળી અને છાયાવાળી બાજુઓની માફક તે સરખા પ્રમાણમાં જ હોય છે. હરેક સામાન્ય વ્યક્તિમાં આ વિરોધી તત્ત્વો ઠીક ઠીક પ્રમાણમાં હોય છે જ, અને અસાધારણ વ્યક્તિઓની અંદર તો તે વિરોધી તત્ત્વો વધુ ચોક્કસ રૂપે આવેલાં હોય છે. આ રીતે જે માણસમાં અસાધારણ ઉદારતાની શક્તિ હોય છે તે એકાએક પોતાની અંદર કોઈ મહા પ્રબળ લોભવૃત્તિનો ધસારો અનુભવી રહે છે. અત્યંત હિંમતવાળો માણસ જુએ છે કે પોતાની અંદર કયાંક એક કાયર છુપાઈને બેઠેલો છે. અને ભલા અને સારા માણસોને પણ દેખાયું છે કે પોતામાં પણ દુષ્ટ વૃત્તિઓ આવી રહેલી છે. જીવને જાણે કે હરેક વ્યક્તિને પોતામાં એક આદર્શ તત્ત્વને પ્રગટ કરવાની શક્તિ આપેલી દેખાય છે, અને સાથે સાથે તેથી

ઊલટાં તત્ત્વો પણ તેનામાં મૂકી આપેલાં દેખાય છે. આમ આ ઊલટાસૂલટી તત્ત્વોનું જ્ઞાન થતાં માણસે પોતે કઈ રીતનો સંગ્રામ ખેડવાનો છે, કઈ વસ્તુઓ ઉપર વિજય મેળવવાનો છે, એ વાત તેની સમક્ષ સ્પષ્ટ થઈ જાય છે. અને આ તત્ત્વોના વિજય ઉપર જ સાક્ષાત્કારનો આધાર રહે છે. આ રીતે જોતાં, સારુંયે જીવન એક કેળવણી રૂપે બની રહે છે. માનવની આ કેળવણી વધુઓછી સજ્ઞાનપણે તેમ જ સવિચાર ચાલી રહેલી હોય છે. આ કેળવણી અમુક માણસોના જીવનમાં પ્રકાશને પ્રગટ કરે તેવી રીતની ક્રિયાઓને ટેકો પૂરો પાડે છે, તો અમુકના જીવનમાં તેથી ઊલટું પરિણામ પણ આવે છે, તેમના જીવનમાં અંધકારનાં તત્ત્વોનો પ્રાદુર્ભાવ વિશેષ થાય છે. માણસની પરિસ્થિતિ અને સંયોગો જો સાનુકૂળ હોય છે તો તેમના જીવનમાં અંધકારને જીતીને પ્રકાશ વૃદ્ધિ પામતો જાય છે, અથવા તો પ્રકાશને હટાવી દઈ અંધકાર પ્રબળ બને છે. આમ માણસના જીવનની પાછળ કુદરતનો જે રીતનો તરંગ કામ કરતો હશે, તેના જીવનની ભૌતિક પરિસ્થિતિ અને તેનું પ્રાણતત્ત્વ જે રીતનો ઘાટ તેને માટે નિર્માણ કરશે તે મુજબ તેના ચારિત્ર્યનો આકાર રચાશે. આ પ્રકારના માનવજીવનમાં રહેલી આ અસહાયતા એક જ રીતે ટળી શકે તેમ છે. માનવના જીવનમાં જો કોઈ ઊર્ધ્વનું પ્રકાશમય તત્ત્વ નીચે ઊતરી આવે, તેનામાં જો કોઈ સજ્ઞાન સંકલ્પશક્તિનો પ્રવેશ થાય, અને તે વસ્તુઓ આવીને કુદરતને તેની તરંગી કાર્યપદ્ધતિને માર્ગે જતાં અટકાવી દઈ તેને સ્થાને એક તર્કબદ્ધ અને સ્પષ્ટ દર્શનવાળી સાધના જો સ્થાપી આપે તો પછી માનવનો જીવનપ્રવાહ આમ અસહાય રીતે ગમે તેમ રઝળતો નથી રહેતો. ઉપર જે સજ્ઞાન-સંકલ્પશક્તિની વાત કરી તેને જ અમે કેળવણીની બુદ્ધિમય પદ્ધતિ કહીએ છીએ.

આ સ્થિતિમાં બાળકની પ્રાણની કેળવણી વહેલામાં વહેલી શરૂ થઈ જાય એ ખૂબ જ મહત્ત્વનું છે. બાળક પોતાની ઇન્દ્રિયોનો ઉપયોગ કરી શકે તે વયનું થાય કે તરત જ તેની આ કેળવણી શરૂ કરી દેવી જોઈએ. એમ થઈ શકશે તો બાળકને પડી જતી ઘણી ખરાબ ટેવોને સમયસર અટકાવી શકાશે, અને ઘણી-એક હાનિકારક અસરોને નાબૂદ કરી શકાશે.

પ્રાણની કેળવણીનાં મુખ્ય બે પાસાં છે. એ બંનેનું લક્ષ્ય અને તેમની પ્રક્રિયા વચ્ચે આમ તો જો કે બહુ જ ફરક છે. તોપણ એ બંને પ્રકારની કેળવણી એકસરખા મહત્ત્વની છે. પ્રાણની કેળવણીનું પહેલું પાસું છે ઇન્દ્રિયોનો વિકાસ કરવો અને તેમનો પૂરો ઉપયોગ કરવો. બીજું પાસું છે વ્યક્તિએ પોતે સભાન

બનવું, પોતાના ચારિત્ર્ય ઉપર ધીરે ધીરે સંપૂર્ણ પ્રભુત્વ મેળવવું, અને છેવટે તેનું રૂપાંતર સાધવું.

ઇન્દ્રિયોની કેળવણીને પણ વળી કેટલાંક પાસાં છે. બાળક મોટું થતું જાય તેમ તેમ એ પાસાં તેની કેળવણીમાં એક પછી એક ઉમેરતા રહેવાનું છે. ખરી વાત તો એ છે કે આ કેળવણીને કદી પણ અટકી જવા દેવાની નથી. અને એમ કરતાં કરતાં ઇન્દ્રિયોની ક્રિયાઓમાં એક એવી તો ચોક્કસતા અને શક્તિ આવે છે કે જે સામાન્ય રીતના જીવનમાં ભાગ્યે જ જોવા મળતી હોય છે.

એક પ્રાચીન ગુહ્ય વિદ્યાએ તો એમ પણ કહ્યું છે કે માણસ પોતાની અંદર પાંચ નહિ પણ સાત ઇન્દ્રિયોનો વિકાસ સાધી શકે છે અને અમુક ખાસ સંયોગોમાં તે બાર ઇન્દ્રિયો પણ વિકસાવી શકે તેમ છે. અમુક જાતિઓએ, અમુક જમાનાઓમાં, આવી પૂરક ઇન્દ્રિયોની જરૂર ઊભી થતાં એ ઇન્દ્રિયોમાંની કોઈ ને કોઈ ઇન્દ્રિયનો થોડોઘણો સંપૂર્ણ વિકાસ પણ સાધ્યો હતો. આ પૂરક ઇન્દ્રિયોનો વિકાસ કરવામાં અને તેમાંથી આવતાં પરિણામમાં જેમને સાચો રસ હશે તેઓ તે માટે જો ખંતપૂર્વક સાધના આદરશે તો તેમને એ ઇન્દ્રિયો પણ જરૂર પ્રાપ્ત થઈ શકશે. આપણે આવી ઘણી અસાધારણ શક્તિઓની વાત ઘણીએક વાર સાંભળીએ છીએ. તેમાંની એક શક્તિ દા. ત., એ પ્રમાણેની છે કે જેનો વિકાસ થતાં તમે તમારી શારીરિક ચેતનાને વિશાળ કરી શકો છો, તમારી અંદરથી તેનો બહાર પ્રક્ષેપ કરી શકો છો, તેને કોઈ ચોક્કસ બિંદુ ઉપર એકાગ્ર કરી શકો છો અને દૂર રહ્યાં રહ્યાં પણ તમે તે વસ્તુને જોઈ શકો છો, સાંભળી શકો છો, તેની ગંધ અને તેનો સ્વાદ લઈ શકો છો, અને તેનો સંપૂર્ણ સ્પર્શ પણ મેળવી શકો છો.

ઇન્દ્રિયોની અને તેમની ક્રિયાઓની આ એક સર્વસામાન્ય કેળવણી થઈ. એમાં હવે વિવેકશક્તિની અને રસદૃષ્ટિની કેળવણી ઉમેરવાની રહે છે, અને તે વહેલામાં વહેલી તકે. બાળકમાં આપણે એ રીતની શક્તિ વિકસાવવાની છે કે જેથી તે હમેશાં સુંદર, સંવાદમય, સરલ, તંદુરસ્ત અને વિશુદ્ધ વસ્તુઓને જ પોતા માટે પસંદ કરે, એ પ્રકારની વસ્તુઓનો જ સ્વીકાર કરે. જેવી રીતે શરીરનું આરોગ્ય છે, તેવું જ મનનું પણ આરોગ્ય છે, શરીર અને તેના હલન-ચલનમાં જે રીતે સૌન્દર્ય અને સંવાદિતતા છે તે મુજબ આપણાં આંતર સંવેદનોમાં પણ સૌન્દર્ય અને સંવાદિતતા રહેલાં છે. એટલે બાળકમાં જેમ જેમ શક્તિ અને સમજણ આવતી જાય તેમ તેમ તેને કેળવણી મારફતે જે નવી શક્તિ

અને ચોક્કસતા મળતી રહે છે તેમાં રસવૃત્તિ અને સુરુચિનાં તત્ત્વો પણ તે ઉમેરતું જાય તે તેને શીખવવાનું છે. કુદરતની સૃષ્ટિમાં યા તો માનવની સૃષ્ટિમાં રહેલી સુંદર અને ઉદાત્ત, તંદુરસ્ત અને ઉમદા વસ્તુઓ આપણે બાળકને બતાવવી જોઈએ, અને એ સર્વનો તે રસ લે, એ સર્વ ઉપર તે પ્રેમ ધરાવે તે મુજબ તેને કેળવવું જોઈએ. આમ બાળકને આપણે એક સાચી રસાત્મકતાના સંસ્કાર આપીએ, અને બાળકમાં જન્મેલી એ રસાત્મક દૃષ્ટિ તેને હરેક પ્રકારની હલકી અસરોમાંથી બચાવી લેશે. આજે જગત જે યુદ્ધોમાંથી પસાર થયું છે તેને લીધે લોકોના જ્ઞાનતંતુઓમાં એક ભયંકર પ્રકારની તંગાશ આવી ગઈ છે. એના પરિણામ રૂપે વ્યક્તિના તેમ જ આખાયે માનવસમાજના જીવનની અંદર એક બીભત્સતાનું તત્ત્વ પ્રગટ થયેલું છે, અને તેણે વધી વધીને આખાયે જીવનનો કબજો લઈ લીધેલો દેખાય છે. અને આ વિકૃતિ ખાસ કરીને કલાના ક્ષેત્રમાં તેમ જ ઇન્દ્રિયોના જીવનમાં તો ખૂબ જ વધી પડેલી છે. આ બધું તે માનવ સંસ્કૃતિના અધઃપતનની જ એક કરુણ નિશાની છે, સમાજમાં ફેલાઈ રહેલા સડાનું ચિહ્ન છે. આ પરિસ્થિતિમાં બાળકની ઇન્દ્રિયોને જો એક વ્યવસ્થિત અને જ્ઞાનપૂર્વકની કેળવણી આપવામાં આવશે તો તેનામાં બીજા લોકોની સાથેના સંપર્કમાંથી જે કાંઈ અસંસ્કારી, પ્રાકૃત અને વિકૃત તત્ત્વો આવ્યાં હશે તે સર્વને ધીર ધીરે નાબૂદ કરી શકાશે. આ પ્રકારની રસાત્મકતાના સંસ્કારો બાળકના ચારિત્ર્ય ઉપર પણ ઘણી સારી અસર ઉપજાવશે. જેનામાં એક વાર સાચી રીતની સંસ્કારિતાનો વિકાસ થાય છે તે પછી કદી પણ સંસ્કારહીન, બીભત્સ કે અમાનુષ એવું વર્તન કરી શકતો નથી. તેનામાં જન્મેલી સંસ્કારિતા તેને એમ કરવા દેશે જ નહિ. અને માણસમાં જો આ સંસ્કારિતા સાચેસાચ આવી હશે તો તેની અંદર એક પ્રકારની ખાનદાની અને ઉદારતાનું તત્ત્વ પણ આવશે, એ તત્ત્વો તેના વર્તનની અંદર પણ આપોઆપ પ્રગટ થતાં રહેશે અને તેને અનેક હલકાં અને વિકૃત કાર્યોમાંથી બચાવી લેશે.

અહીંથી હવે સ્વાભાવિક રીતે જ આપણે પ્રાણની કેળવણીના બીજા સ્વરૂપ તરફ, માણસનું ચારિત્ર્ય અને તેનું રૂપાંતર એ વિષયને લગતી કેળવણી તરફ જઈએ છીએ.

જે જે સાધનાઓએ આજ સુધી પ્રાણનો વિષય હાથ લીધો છે, અને તેને વિશુદ્ધ કરી તેના ઉપર પ્રભુત્વ મેળવવા માટે પ્રયત્નો કરેલા છે, તે બધી સામાન્ય રીતે બળાત્કાર અને દમનને માર્ગે, તેમ જ ત્યાગ અને સંન્યાસવૃત્તિને માર્ગે કામ કરતી રહેલી છે. બેશક, પ્રાણ સાથે કામ લેવાની આ પદ્ધતિઓ

સહેલી છે અને તેનાં પરિણામ પણ ઝડપથી આવતાં હોય છે. પરંતુ જરા ઊંડા ઊતરીને જોતાં જણાશે કે એ પદ્ધતિઓ દ્વારા આવતાં પરિણામો તે પ્રાણ માટેની એક વિગતવારની અને કડક કેળવણીમાંથી આવતાં પરિણામો જેવાં સ્થાયી અને અસરકારક હોતાં નથી. વળી આ સાધના પદ્ધતિઓ, તેમના કાર્યમાં પ્રાણ પોતે સહકાર આપે, સહાય આપે, તેમ જ તે પોતે વચ્ચે પડીને સક્રિય બને એ રીતની શકયતાઓને બિલકુલ ઊભી થવા દેતી નથી. પરંતુ પ્રાણના તરફથી મળતી આ પ્રકારની મદદ એ તો બહુ જ કિંમતી વસ્તુ છે, આપણે જો વ્યકિતનો અને તેની પ્રવૃત્તિઓનો સર્વાંગપૂર્ણ વિકાસ સાધવા માગતા હોઈશું તો પ્રાણનું આ સહકાર્ય આપણને અત્યંત ઉપયોગી થઈ પડવાનું છે.

તો હવે આપણે ચારિત્ર્યનો વિકાસ અને રૂપાંતર માટેની કેળવણીનો વિચાર કરીએ. એ માટેનું અનિવાર્ય એવું પ્રસ્થાનબિંદુ છે આત્મ-ભાન. આપણી અંદર ચાલી રહેલી અનેક ક્રિયાઓ વિષે આપણે સભાન બનવું, આપણે શું શું કરીએ છીએ અને તે શા માટે કરીએ છીએ તેની નોંધ લેવી, એ છે આ કેળવણીનું પ્રથમ સોપાન. બાળકને પણ આ જ વસ્તુ શીખવવાની છે, આપણે તેને એ શીખવીશું કે તે પોતાની જાતનું અવલોકન કરે, પોતાની અંદર ઊઠતી પ્રતિક્રિયાઓ, શીઘ્રવૃત્તિઓ, તેમની પાછળ રહેલાં કારણો એ બધાની નોંધ કરે. વળી તેનામાં રહેલી ઇચ્છાઓ, તેનામાં જાગતી ઉગ્ર વાસનાઓ અને આવેશો, વસ્તુઓને મેળવવા માટેની, પચાવી પાડવા માટેની, પોતાનો અધિકાર જમાવવા માટેની સહજવૃત્તિઓ, તે બધાની પાછળ રહેલી મિથ્યાભિમાનની ભૂમિકા, અને આ બધાંના જોડિયા જેવી દુર્બળતા, નિરુત્સાહ, નિરાશા, વિષાદ આદિ વૃત્તિઓ તે સર્વનું તે એક તટસ્થ સાક્ષી રહીને બહુ સ્પષ્ટ દૃષ્ટિપૂર્વક નિરીક્ષણ કરે.

આ પ્રમાણેની અવલોકન શકિત વધવાની સાથે સાથે વ્યકિતમાં પોતે આગળ પ્રગતિ કરવા માટે, પોતાની જાતને પૂર્ણ કરવા માટે સંકલ્પ પણ જાગૃત થવાની જરૂર રહે છે. એ પ્રમાણે થાય તો જ આ ક્રિયા ઉપયોગી નીવડી શકે, નહિ તો નહિ, એ વાત તો દેખીતી જ છે. એટલે બાળકમાં આપણે આ સંકલ્પશકિત પણ મૂકી આપવાની છે. બાળક સંકલ્પ સેવવા જેટલું મોટું થાય કે તરત જ તેનામાં આ સંકલ્પ મૂકી આપવો જોઈએ, અને એવો સંકલ્પ સેવવાની શકિત બાળકમાં સામાન્ય રીતે માનવામાં આવે છે તે કરતાં ઘણી વહેલી ઉંમરે જાગૃત થઈ શકે છે.

આ સંકલ્પ એટલે કે પોતાની પ્રકૃતિને ઓળંગી જઈ તેના પર વિજય મેળવવા માટેનો દૃઢ નિશ્ચય. અને એ જગાડવા માટેની પદ્ધતિઓ પણ વ્યક્તિ પ્રમાણે જુદી જુદી હોય છે. કેટલાક માણસોને આપણે બુદ્ધિની દલીલો વડે સમજાવી શકીએ છીએ, તો કેટલાકને તેના પ્રત્યેની શુભ ભાવના અને લાગણી દ્વારા આપણે જાગૃત કરી શકીએ છીએ, તો અમુકને આપણે તેમના આત્મ-સંમાનની અને ગૌરવની ભાવના મારફતે આ સંકલ્પમાં મૂકી આપી શકીએ છીએ. પરંતુ આ સર્વ સાધનો કરતાંયે વધુ પ્રબળ સાધન તો પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. એ સાધન તો હરેકના ઉપર અસર કરે છે. લોકો સમક્ષ સાચા દિલથી અસ્ખલિતપણે જો ઉત્તમ દૃષ્ટાંત રજૂ કરવામાં આવશે તો તેની ધારી અસર અવશ્ય થશે જ.

આવો સંકલ્પ આપણામાં એક વાર બરાબર દૃઢ રીતે સ્થપાઈ જાય તે પછી તો આપણે બરાબર નિશ્ચયપૂર્વક અને ખંતપૂર્વક આગળ ને આગળ ચાલ્યે જવાનું રહે છે. આપણા એ પ્રયત્નમાં આપણને નિષ્ફળતા પણ મળવાનો સંભવ રહે છે, પરંતુ તેને આપણે કદી પણ છેવટની સ્થિતિ તરીકે સ્વીકારવાની નથી. આ અંગે તમારે એક મહત્ત્વની વસ્તુ જાણવા જેવી, અને સદા યાદ રાખવા જેવી છે. એ તમે કરી શકશો તો તમારી સાધના કદી શિથિલ નહિ પડે, તેમાં કદી પીછેહઠ નહિ આવે. એ વસ્તુ એ છે કે તમે તમારા સંકલ્પબળને પણ, શરીરના સ્નાયુઓની માફક, પદ્ધતિપૂર્વક અને ક્રમે ક્રમે આગળ વધતી કસરતો દ્વારા કેળવી શકો છો અને વિકસાવી શકો છો. તમે કોઈ નજીવી વસ્તુ કરવા માટે હાથ લીધી હોય ત્યારે પણ તમારા સંકલ્પને તમારે ભારેમાં ભારે પ્રયત્ન માટે સજ્જ રાખવો જોઈએ. કેમ કે પ્રયત્નમાંથી જ શક્તિ વધે છે; પ્રયત્ન કરતાં કરતાં જ તમારામાં ધીરે ધીરે એટલી તો શક્તિ આવે છે કે જે વડે ગમે તેવું કઠણ કામ પણ હાથ ધરી શકો છો. એટલે તમે જો કોઈ વસ્તુ કરવા માટે એક વાર નિશ્ચય કરો, તો પછી ભલે ગમે તે થાય તોપણ તે તમારે પાર પાડવી જ જોઈએ. કદાચ તમારે એ વસ્તુ કેટલીયે વાર ફરી ફરીને કરવી પડે તોપણ તમારો સંકલ્પ ચલિત ન થવો જોઈએ. આ રીતે તમે પ્રયત્ન કરશો તો તમારી સંકલ્પશક્તિ વધુ ને વધુ બળવાન બનતી જશે, અને અંતે તમારે માત્ર આટલું જ કરવાનું રહેશે: તમારું લક્ષ્ય બરાબર સમજપૂર્વક પસંદ કરી લો અને તેને સિદ્ધ કરવા માટે તમારા સંકલ્પને કામે લગાડી દો.

તો આપણે જે વિચાર્યું તેનો સાર આ છે: આપણી પ્રકૃતિનું આપણે સંપૂર્ણ જ્ઞાન મેળવી લઈએ, આપણી સર્વ ક્રિયાઓ ઉપર કાબૂ મેળવી લઈએ,

અને એ રીતે આપણી અંદરનાં જે જે તત્ત્વોનું રૂપાંતર સાધવાનું છે તે સર્વ ઉપર આપણે સંપૂર્ણ પ્રભુત્વ મેળવી લઈએ અને તેમનું રૂપાંતર સાધી લઈએ.

હવે આપણે એ વિચારવાનું છે કે આપણી પ્રકૃતિ ઉપર આ પ્રભુત્વ મેળવીને, અને તેનું રૂપાંતર સાધીને આપણે કયો આદર્શ સિદ્ધ કરવા માગીએ છીએ. એ આદર્શના ઉપર જ બધો આધાર રહેવાનો છે. તમારો આદર્શ જે કોટિનો હશે તે મુજબ જ તમારી સાધનાનું અને તેના પરિણામનું મૂલ્ય અંકાશે. આ આદર્શનો વિચાર હવે આપણે મનની કેળવણીનો વિષય હાથ લઈશું તેની અંદર કરીશું.

(બુલેટિન, ઑગસ્ટ ૧૯૫૧)

મનની કેળવણી

કેળવણીના સર્વ પ્રકારોમાં મનની કેળવણી સૌથી વધુ જાણીતી છે, અને એ જ કેળવણી સૌથી વધુ પ્રચારમાં છે. અને છતાં, અમુક વિરલ અપવાદો સિવાય, એ કેળવણીમાં પણ ખૂબ જ ઊણપો રહેલી છે. એ ઊણપો આ કેળવણીને ઘણી જ અપૂર્ણ વસ્તુ કરી મૂકે છે, અને છેવટે જતાં એ એક ઘણી જ અસંતોષકારક વસ્તુ બની રહે છે.

કેળવણી એટલે કે મનની કેળવણી એવો અર્થ જ સામાન્ય રીતે લેવામાં આવે છે. બાળકને આપણે અમુક વર્ષો સુધી અમુક પ્રકારની સખત તાલીમમાંથી પસાર કરીએ છીએ, અને એ તાલીમમાં પણ આપણે બાળકના મગજને કેળવતા નથી, પણ મોટે ભાગે તેમાં અમુક વિષયોને જ ઠાંસી ઠાંસીને ભરીએ છીએ, અને એ તાલીમને અંતે એમ માની લઈએ છીએ કે બાળકનો માનસિક વિકાસ કરવા માટે જે કાંઈ કરવા જેવું હતું તે આપણે બધું જ કરી લીધું છે. પરંતુ આ વાત સાચી નથી. એટલું જ નહિ પણ, બાળકના મગજને કશી હાનિ ન પહોંચે એવી રીતે તેને યોગ્ય પ્રમાણમાં અને વિવેકપૂર્વક આપણે તાલીમ આપીએ છીએ ત્યારે પણ એ કેળવણીમાંથી બાળકનું મન એક અચ્છું અને ઉપયોગી કરણ તરીકે

કામ કરતું થાય એવી શકિતઓનો વિકાસ બાળકમાં થતો નથી. અત્યારે અપાઈ રહેલી કેળવણી એ મોટે ભાગે તો મગજની ચપલતાને વધારવા માટેના એક વ્યાયામ તરીકેનું જ કામ કરે છે. અને આ રીતે જોતાં જગતમાં વિદ્યાની જે જે શાખા-પ્રશાખાઓ પ્રચારમાં છે તે બધી એક અમુક રીતના માનસિક વ્યાયામ જેવી જ હોય છે. અને એ દરેક વિભાગની કેળવણીમાં જે જે સાધનો વાપરવામાં આવે છે તે દરેક એક પ્રકારની ખાસ અને અલગ અલગ એવી આગવી ભાષા જ બની રહે છે.

સાચી માનસિક કેળવણી માણસને એક ઉચ્ચ જીવન માટે તૈયાર કરવા માગે છે. અને એવી કેળવણીનાં પાંચ મુખ્ય તત્ત્વો હોય છે. સામાન્ય રીતે આ પાંચ તત્ત્વો માનવના વિકાસમાં એક પછી એક વિકાસ પામે છે, પરંતુ અમુક વિરલ વ્યકિતઓમાં તે તત્ત્વો આગળ પાછળ અથવા તો એકીસાથે પણ પ્રગટ થાય છે. એ પાંચ વસ્તુઓ સંક્ષેપમાં નીચે મુજબ છે :

(૧) એકાગ્રતાની શકિતનો, ધ્યાન આપી શકવાની શકિતનો વિકાસ.

(૨) વિસ્તાર, વિશાળતા, સંકુલતા અને સમૃદ્ધતાની શકિતઓનો વિકાસ.

(૩) કોઈ એક મધ્યસ્થ વિચારની આસપાસ, યા તો કોઈ ઉચ્ચ આદર્શની આસપાસ, અથવા તો જીવનમાં માર્ગદર્શક બની શકે તેવા કોઈ પરમ પ્રકાશમય વિચારની આસપાસ પોતાના વિચારોનું સંગઠન.

(૪) વિચારો ઉપર કાબૂ, અને ન ઇચ્છવા યોગ્ય વિચારોનો ત્યાગ, અને આ શકિતને લીધે, છેવટે જતાં માણસ એવી અવસ્થા મેળવી શકે કે જેમાં તેણે પોતે જ વિચાર કરવો હોય તે જ વિચાર કરી શકે, અને જ્યારે વિચાર કરવો હોય ત્યારે જ કરી શકે.

(૫) મનની નીરવ અવસ્થા તેમ જ સંપૂર્ણ સ્વસ્થતાની પ્રાપ્તિ, અને ચેતનાના ઊર્ધ્વ પ્રદેશોમાંથી આવનારી પ્રેરણાઓને વધુમાં વધુ ઝીલતા થવાની શકિત.

આ તત્ત્વો હરેક વ્યકિતમાં કેવી રીતે વિકાસ પામી શકે તે માટેની જે જે પદ્ધતિઓ છે તે દરેકનું વિગતવાર વર્ણન તો અહીં આપી શકાય તેમ છે નહિ, તોપણ આ અંગે થોડુંક વિવરણ અત્રે આપીશું.

એ વાતનો તો સૌ કોઈ સ્વીકાર કરશે કે બાળકની માનસિક પ્રગતિને વધુમાં વધુ અટકાવનારી વસ્તુ તો તેના મનની ચંચલતા છે. બાળકનું મન

પતંગિયાની માફક કાયમ આમતેમ ઊડયા જ કરતુ હોય છે, અને મહાપ્રયત્નને અંતે જ તેને એક સ્થાનમાં સ્થિર રાખી શકાય છે. અને છતાં આ એકાગ્રતાની શક્તિ બાળકમાં ગુપ્ત રીતે રહેલી તો હોય છે જ. આપણે બાળકને કોઈ વિષયમાં રસ લેતું કરી શકીએ છીએ ત્યારે બાળક તે વિષયમાં ઠીક ઠીક એકધ્યાન થઈ શકે છે. એટલે કેળવણીકારમાં જો ખરી કુશળતા હશે તો બાળકમાં ધીરે ધીરે તે એવી શક્તિ ઉત્પન્ન કરશે કે જેને લીધે તે સતત એકાગ્રતા કરી શકશે, પોતે કોઈ કામ કરતું હશે તેમાં તે વધુમાં વધુ પૂર્ણ રીતે મગ્ન થઈ શકશે. આ એકાગ્ર ધ્યાનની શક્તિ વિકસાવવા માટે હરેક સાધન આપણે સ્વીકારી શકીએ છીએ. રમતોથી માંડીને ઇનામો સુધીનાં સાધનોમાંથી આપણે પરિસ્થિતિ તેમ જ આવશ્યકતા મુજબ હરકોઈ સાધનનો ઉપયોગ કરી શકીએ છીએ. પરંતુ આ બધામાં સૌથી અગત્યની વસ્તુ તો બાળકના ચિત્તની ક્રિયા છે. આપણે જે વિષય શીખવવા માગતા હોઈએ તે પ્રત્યે બાળકમાં રસ પ્રગટાવવો, બાળકમાં કામને માટેનો રસ જાગૃત કરવો, પ્રગતિ માટે તેનામાં સંકલ્પ ઉત્પન્ન કરવો, કેળવણી માટેનું સૌથી સમર્થ સાધન તે આ છે. બાળકને આપણે જો કોઈ સારામાં સારી, કીમતીમાં કીમતી ભેટ આપી શકતા હોઈએ તો તે એ છે કે, બાળકમાં આપણે જ્ઞાન માટેનો પ્રેમ જાગૃત કરી આપીએ. હરહમેશ, હર ઠેકાણે બાળકને આપણે જ્ઞાનને માટે આતુર બનાવી આપીએ. જીવના સર્વ બનાવો, સર્વ સંયોગો બાળકને માટે વળી વળીને વધુ ને વધુ જ્ઞાન મેળવવા માટેના પ્રસંગો બની રહે તેવું આપણે કરી આપવું જોઈએ.

બાળકને આ સ્થિતિમાં પહોંચાડવા માટે તેનામાં એકાગ્રતા અને એકધ્યાનનો વિકાસ કરવાની સાથે સાથે અવલોકનશક્તિ, સાચી સ્મરણશક્તિ અને ચોક્કસ એવી નોંધશક્તિનો વિકાસ પણ કરાવવો જરૂરી છે. અવલોકન-શક્તિનો વિકાસ કરવા માટે જુદાં જુદાં અને સહજમાં, રચાઈ જતાં મનોયત્નોનો ઉપયોગ કરી શકાય છે. તેમ જ બાળકના ચિત્તને જાગૃત કરવામાં, ચપલ અને વેગવાન કરવામાં મદદ રૂપ થાય તેવી સર્વ તકોનો લાભ લઈ શકાય છે. સ્મરણશક્તિના વિકાસ કરતાં પણ વિશેષ ભાર તો સમજશક્તિના વિકાસ ઉપર આપવાની જરૂર છે. આપણે જે વસ્તુ સમજતા હોઈએ છીએ તેનું જ આપણને બરાબર જ્ઞાન રહે છે. યાંત્રિક રીતે ગોખી કાઢેલી વસ્તુઓ ધીરે ધીરે સ્મૃતિમાંથી ઝાંખી થઈ જાય છે, અને આખરે ભુલાઈ પણ જાય છે. પણ તમે જે વસ્તુ સમજ્યા હશો તે પછી ભૂલી જવાતી નથી. વળી એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની છે. બાળક જ્યારે તમને

કંઈ પ્રશ્ન કરે કે આ વસ્તુ આમ કેમ છે, આમ શા માટે થતું હશે ત્યારે તેનો ખુલાસો તમે હમેશાં આપજો. બાળકને કદી ના ન પાડશો. તમને પોતાને જો એ વિષયનું જ્ઞાન ન હોય તો પછી બાળકને જે લોકો સમજાવી શકે તેવા હોય તેમની પાસે લઈ જજો અથવા તો એ અંગેનાં પુસ્તકો તમે બાળકને મેળવી આપજો. આ રીતે તમે ક્રમે ક્રમે બાળકમાં સાચા અભ્યાસ માટેનો રસ જાગૃત કરી શકશો, જ્ઞાન મેળવવા માટે અખંડ પરિશ્રમ કરવાની ટેવ પાડી શકશો.

આમાંથી હવે આપણે સહજ રીતે બાળકના ચિત્તવિકાસની બીજી ભૂમિકામાં પહોંચીએ છીએ. એ ભૂમિકામાં બાળકનું ચિત્ત પોતાને વિશાળ કરે છે, અધિક સમૃદ્ધ કરે છે.

બાળક મોટું થતું જાય તેમ તેમ એને એ વસ્તુ બતાવી શકશો કે જીવનમાંની હરેક ચીજ અભ્યાસ માટેનો એક રસિક વિષય બની શકે છે. બેશક, આ વસ્તુ બાળકને સમજાવવા માટે તમારે તે તેની આગળ સાચી રીતે રજૂ કરવી જોઈશે. બાળકને માટે સૌથી ઉત્તમ શાળા તો આપણું નિત્યનું, હર પળે જીવાતું જીવન જ છે. આ જીવનમાં કેટલીયે વિવિધ વસ્તુઓ પડેલી છે, કેટલીયે સંકુલ, ગૂંચવણ ભરેલી વસ્તુઓ આવેલી છે. તેમાં અનેક અણધાર્યા અનુભવો મળી આવે છે, કેટલાયે પ્રશ્નો તમારી આગળ ઉકેલની રાહ જોતા ખડા હોય છે. જીવનમાં તમને કેટલાંયે પારદર્શક અને વેધક દૃષ્ટાંતો મળી આવે છે, કેટલાંયે નજરે દેખી શકાય તેવાં પરિણામો, પરિણામ-પરંપરાઓ જોવા મળે છે. આ બધા અંગે બાળકો અનેકાનેક પ્રશ્નો પૂછતાં રહે છે. બાળકના એ પ્રશ્નોને તમે જો સ્પષ્ટ રીતે અને બુદ્ધિપૂર્વક સમજાવી શકો તો બાળકની અંદર શુદ્ધ અને તંદુરસ્ત જિજ્ઞાસા વૃત્તિ ખીલવવી એ બહુ સહેલું કાર્ય બની રહે છે. બાળકના પ્રશ્નનો તમે જો રસિક જવાબ આપશો, તો તેમાંથી બાળક બીજા ઘણા પ્રશ્નો પૂછશે. એને આ રીતે બાળકનું ચિત્ત આકર્ષિત થતાં બાળક શાળાના બાંકડા પર બેસી ભણતું હોય છે તે કરતાંયે કેટલીયે વધુ વસ્તુઓ વિનાપ્રયત્ને શીખી જાય છે. આ ઉપરાંત બાળકોને માટે તમે જો કાળજીપૂર્વક અને બુદ્ધિપૂર્વક અમુક પુસ્તકો પસંદ કરી આપશો તો તેમાંથી પણ બાળકમાં તંદુરસ્ત વાચન માટેનો એક રસ ખીલી શકશે અને બાળકને તેમાંથી જ્ઞાન અને આનંદ બંને મળી રહેશે. વળી, કોઈ પણ વસ્તુ જો બાળકની કલ્પનાને જાગૃત કરી તેને તૃપ્ત કરી શકતી હોય તો તેથી તમારે લેશ પણ ડરવાનું નથી. આ કલ્પનાશક્તિને લીધે જ બાળકનો અભ્યાસ એક જીવતી જાગતી વસ્તુ બની રહે છે અને મન આનંદનો અનુભવ કરતું કરતું આગળ વધે છે.

બાળકના મનની ચપલતા અને ગ્રહણશક્તિ વધારવા માટે આપણે તેને જુદા જુદા અને અનેક વિષયો આપીએ એટલું જ બસ નથી. એ માટે આપણે એક જ વિષયને જુદી જુદી રીતે વિચારી શકાય છે તે વાત પણ બાળકને બતાવવાની જરૂર છે. આમાંથી બાળકને એક વ્યવહારુ સમજ એ આવશે કે એક જ બૌદ્ધિક વિષયને જુદી જુદી રીતે જોઈ શકાય છે, અને જુદી જુદી રીતે તેનો વિચાર તેમ જ ઉકેલ કરી શકાય છે. આ રીતે બાળકના ચિત્તમાંથી તમામ રીતની જડતા ચાલી જશે, સાથે સાથે એનું ચિત્ત વધારે સમૃદ્ધ, વધારે ચપલ બનશે. તેમ જ એક વધારે વ્યાપક અને સંકુલ એવો સમન્વય નિપજાવવાને તે તૈયાર થઈ શકશે. આ રીતની તાલીમમાંથી બાળકને એ વાતનો ખ્યાલ પણ આવી જશે કે માનસિક જ્ઞાન એ તો એક ઘણી જ સાપેક્ષ વસ્તુ છે અને ધીરે ધીરે જ્ઞાનનું સાચું મૂળ કયાં છે તે શોધવા માટેની અભીપ્સા તેનામાં જાગૃત થશે.

બાળક જેમ જેમ વધુ અભ્યાસ કરતું જાય છે, વયમાં મોટું થતું જાય છે તેમ તેમ તેનું મન પણ પકવ થતું જાય છે, અને તેનામાં વ્યાપક વિચારોને ઝીલવાની શક્તિ પણ વધુ આવતી જાય છે. આવો વિકાસ થતાં બાળકમાં હમેશાં એક સાચા આધારભૂત જ્ઞાન માટેની ભૂખ પણ જાગે છે. તે એક સ્થિર અને સુદૃઢ જ્ઞાન મેળવવા માગે છે. આ જ્ઞાનના પાયા ઉપર બાળક એક એવી વિચારસૃષ્ટિનું સર્જન કરશે કે જેની અંદર તે પોતાના મગજમાં જે અનેક જુદા જુદા, વેરણછેરણ અને ઘણી વાર એકમેકથી ઊલટા વિચારો ભેગા થયેલા હોય છે તે બધાને તે સંગઠિત અને વ્યવસ્થિત રૂપ આપી શકશે. આપણા વિચારોની અંદર રહેલી અતંત્રતા દૂર કરવા માટે આવી કોઈ સુવ્યવસ્થિત સંગઠન ક્રિયા બહુ જ જરૂરની છે. જગતમાં જે જે વિરોધી તત્ત્વો આવેલાં છે તે સર્વને એકબીજાનાં પૂરક બનાવી શકાય છે. પરંતુ આ કરવા માટે આપણે પ્રથમ તો આ તમામ વિરોધી તત્ત્વોને સંવાદમાં મૂકી શકે તેવા એક ઉચ્ચ વિચારતત્ત્વને શોધી કાઢવાનું રહે છે. આપણે પક્ષપાતી અને સંકુચિત એકાન્તિક માનસમાંથી બચવું હશે તો હરેક પ્રશ્નને શકય તેટલાં તમામ દૃષ્ટિબિંદુથી જોવાની કળા આપણે મેળવવાની રહે છે. પરંતુ આપણા વિચારને જો સક્રિય અને સર્જનાત્મક બનાવવો હશે તો તે વિચાર હરેક પ્રસંગે તમામ દૃષ્ટિબિંદુઓ-માંથી એક નૈસર્ગિક રીતે તેમ જ તર્કબદ્ધ રીતે નીપજતા સમન્વય જેવો હોવો જોઈશે. અને તમારી સારીયે વિચારસરણીને તમે જો એક રચનાત્મક અને સક્રિય એવી શકિત રૂપ બનાવવા ઇચ્છતા હશો તો તો પછી તમારા આ માનસિક

સમન્વયના કેન્દ્રની અંદર તમે કયો વિચાર મુખ્ય રાખશો તેની પસંદગી તમારે ખૂબ જ સંભાળપૂર્વક કરવી જોઈશે. તમારા સમન્વયનું સારુંયે મૂલ્ય એ કેન્દ્રસ્થ વિચારના ઉપર જ રહેવાનું છે. એ કેન્દ્રસ્થ વિચાર જેટલો ઉચ્ચ હશે, વિશાળ હશે, તે જેટલો વિશ્વવ્યાપક હશે, સ્થલ અને કાલથી પર હશે, તેટલા પ્રમાણમાં તે અનેક પ્રકારના સંકુલ અને વિવિધ વિચારોને, ખ્યાલોને અને ભાવોને વધુ ને વધુ સંગઠિત કરી શકશે, સંવાદમાં યોજી શકશે.

વિચારોને સંગઠિત કરવાની બાબતમાં એ વાત તો સ્પષ્ટ જ છે કે એ કાર્ય એકીસાથે થઈ શકે તેવું તો નથી જ. માનવના મને જો પોતાની શક્તિ, પોતાનું યૌવન જાળવી રાખવું હશે તો, પછી તેણે પોતાના ખ્યાલોને નવા નવા પ્રગટ થતા તમામ જ્ઞાનના પ્રકાશથી અંદર ફરી ફરીને તપાસવાના રહે છે. આ મને પોતાના તંત્રને એવું તો વધુ ને વધુ વિશાળ કરતા રહેવાનું છે કે તેમાં નવા નવા ખ્યાલોનો સમાવેશ તે કરી શકે. એ માટે તેણે પોતાના વિચારોનું ફરી ફરીને વર્ગીકરણ કરવાનું, ફરી ફરીને સંગઠન કરવાનું રહે છે. એમ કરવાથી હરેક વિચારને બીજા વિચારોના સંબંધમાં તેનું પોતાનું સાચું સ્થાન મળી આવશે, અને એ સર્વ વિચારો સંવાદમય અને વ્યવસ્થિત બનીને ઊભા રહેશે.

આ બધું અમે જે કહ્યું તે માણસના ચિંતનાત્મક મનને, જ્ઞાન મેળવનારા મનને લાગુ પડે છે. પરંતુ જ્ઞાન મેળવવું એ તો મનની પ્રવૃત્તિનો માત્ર એક જ ભાગ છે. એ પ્રવૃત્તિનો એક બીજો ભાગ પણ છે, અને તે આ પ્રવૃત્તિના જેટલો જ અગત્યનો છે. એ ભાગ તે મનની રચનાત્મક શક્તિનો ભાગ છે, વસ્તુને આકાર આપનારી અને તેમાંથી કાર્યને માટે તૈયારી કરનારી શક્તિનો ભાગ છે. મનની પ્રવૃત્તિનો આ ભાગ આટલો બધો મહત્ત્વનો છે છતાં તેનો ખાસ અભ્યાસ ભાગ્યે જ થયેલો છે, તેમ જ તે માટેની કોઈ તાલીમ હજી યોજાયેલી નથી. માત્ર જે અમુક લોકોને પોતાના મનની પ્રવૃત્તિઓ ઉપર કોઈક કારણસર સખત કાબૂ મૂકવાની જરૂર જણાયેલી છે તેવા લોકો જ આ રચનાકારક શક્તિનું અવલોકન કરવાનો અને તેને શિસ્તબદ્ધ કરવાનો વિચાર કરે છે. પણ એવા લોકોને પણ, તેઓ આ કામ હાથ લેવાનો પ્રયત્ન કરે છે કે તરત જ તેમાં ઘણી ઘણી મુશ્કેલીઓ ઊભી થાય છે, અને એ મુશ્કેલીઓ જાણે કદી ઊકલશે જ નહિ એવી મહા વિષમ જણાય છે.

પરિસ્થિતિ આવી હોવા છતાં, મનની આ રચનાકારક પ્રવૃત્તિ ઉપર કાબૂ મેળવવો એ આત્મ-શિક્ષણનું એક અત્યંત મહત્ત્વનું અંગ છે. એટલું જ નહિ, આપણે એટલે સુધી કહી શકીએ કે એવા કાબૂ વિના મન ઉપર કોઈ પણ

પ્રભુત્વ મેળવવું અશકય છે. આપણે જ્યારે વિષયોનો અભ્યાસ લઈ બેસીએ છીએ ત્યારે તો આપણે સર્વ પ્રકારના વિચારોને સ્વીકારી શકીએ છીએ. અને આપણે જે સમન્વય ઉપજાવવા માગીએ છીએ તેની અંદર તો સર્વ વિચારોનો સ્વીકાર કરવો ઇષ્ટ પણ છે, કેમ કે એ સમન્વય તો આપણે હરેક રીતે વધુ ને વધુ સમૃદ્ધ અને વધુ ને વધુ સંકુલ કરવાનો છે. પરંતુ જ્યાં કાર્યનો પ્રશ્ન આવીને ઊભો રહે છે ત્યાં તો વસ્તુ તદ્દન જુદી જ બની જાય છે. આપણે જ્યારે વિચારોને કાર્યનું રૂપ આપવા નીકળીએ ત્યારે તો કયા વિચારને અમલમાં મૂકવા તે બાબતમાં આપણે ખૂબ જ સાવધાન રહેવાનું છે. આપણે જે કેન્દ્રવર્તી વિચારની આસપાસ આપણા મનમાં સમન્વય રચેલો હોય છે તે વિચારના મુખ્ય પ્રવાહની સાથે જે વિચારો મેળમાં આવી શકતા હોય તેમને જ આપણે કાર્ય રૂપે પ્રગટ થવાની રજા આપી શકીએ. એનો અર્થ એ થયો કે આપણી મનોમય ચેતનામાં જે જે વિચાર દાખલ થાય તેને આપણે પેલા મધ્યવર્તી વિચારના સિંહાસનની પાસે લઈ જઈને ખડો કરીશું. એ મહા વિચારની આસપાસ ગોઠવાયેલા બીજા વિચારોની અંદર જો તે બરાબર બેસી શકે તેમ હોય તો પછી તેને પેલા સમન્વયની અંદર સ્થાન મળી શકશે. અને એ વિચાર જો ત્યાં બેસવાને માટે સુપાત્ર ન નીવડે તો આપણે તેને આપણામાંથી તદ્દન ફેંકી દઈશું, અને આપણા કાર્ય ઉપર તેની લેશ પણ અસર થવા નહિ દઈશું. આ છે મનની વિશુદ્ધિનું કાર્ય. અને આપણે આપણાં કાર્યો ઉપર જો સંપૂર્ણ કાબૂ મેળવવો હશે તો એ વિશુદ્ધિની ક્રિયા આપણે ખૂબ જ નિયમિત રીતે કરવાની રહે છે.

આ કામ માટે જો દરરોજ થોડોક વખત અલગ કાઢી શકાય તો તો ઘણું જ સારું. એ વખતે આપણે આપણા વિચારોનું શાંતિથી અવલોકન કરીએ અને આપણા સમન્વયને બરાબર વ્યવસ્થિત કરતા રહીએ. આ પ્રકારની ટેવ એક વાર બરાબર પડી ગયા પછી તમે કોઈ કામમાં લાગેલા હશો, કોઈ પ્રવૃત્તિ કરતા હશો ત્યારે પણ તમે તમારા વિચારો ઉપર કાબૂ જાળવી શકશો, અને તમે હાથ લીધેલા કામને માટે જે કોઈ વિચાર બિનઉપયોગી જેવો હશે તેને મનમાં આગળ પડતું સ્થાન લેતાં અટકાવી શકશો. તમે જો એકાગ્રતા અને એકધ્યાનની શક્તિ બરાબર કેળવી હશે તો તો પછી તમારી સક્રિય બાહ્ય ચેતના એવી બની રહેશે કે કાર્ય માટે જે વિચારોની જરૂર હશે તે વિચારોને જ માત્ર તે પોતામાં આવવા દેશે. અને એમ થતાં તમારા વિચારો ઘણા જ વધુ સક્રિય અને અસરકારક થઈ શકશે. વળી, તમે ખૂબ તીવ્ર એકાગ્રતા કરતા હો તે વખતે તમારે જો એવી જરૂર ઊભી થાય કે તમારે હવે

બિલકુલ વિચાર જ કરવો નથી તો તેવે વખતે મનનાં આંદોલન માત્રને બંધ કરી દઈ શકાશે અને એક લગભગ સંપૂર્ણ એવી નીરવતા મેળવી શકાશે. આવી નીરવ સ્થિતિમાં તમે ધીરે ધીરે મનના ઊર્ધ્વ પ્રદેશો પ્રત્યે ખુલ્લા થઈ શકશો અને ત્યાંથી આવતી પ્રેરણાઓને કેવી રીતે ઝીલવી તે શીખી શકશો.

પરંતુ તમે મનના આ ઊર્ધ્વ પ્રદેશોની સાથે સંબંધમાં આવી શકો તે પૂર્વે પણ, તમે આ નીરવ સ્થિતિ મેળવી શકો તો તેટલા માત્રથી પણ ઘણા જ લાભ થઈ શકે તેમ છે. જેમનું મન વિકાસ પામેલું તેમ જ સક્રિય રહેનારું હોય છે તે ભાગ્યે જ કદી આરામ કરતું હોય છે. દિવસને વખતે તો તે મનની પ્રવૃત્તિ અમુક કાબૂ હેઠળ ચાલતી હોય છે, પણ રાતને વખતે, શરીર જ્યારે નિદ્રાધીન હોય છે ત્યારે, જાગૃત અવસ્થામાં મન ઉપર રહેતો કાબૂ લગભગ ચાલી જ જાય છે. અને મન અનેક ક્રિયાઓમાં, અને ઘણી વાર તો કશો જ સંબંધ વિનાની ક્રિયાઓમાં બેલગામ ઘૂમવા મંડી પડે છે. આને લીધે મનમાં ઘણી જ ખેંચ જન્મે છે, તેમાંથી થાક આવે છે, મનની શક્તિઓ ક્ષીણ થાય છે.

ખરી વાત તો એ છે કે આપણા બીજા અવયવોની પેઠે મનને પણ આરામની જરૂર રહે છે, અને આ આરામ મનને કેવી રીતે આપવો તે જ્ઞાન આપણને નહિ થાય ત્યાં સુધી મનને કદી આરામ મળી શકવાનો નથી. મનને આરામ આપવો એ એક કળા છે, અને આપણે તેને પ્રયત્નપૂર્વક મેળવવાની રહે છે. આ આરામ મેળવવાનો એક માર્ગ એ છે કે આપણે આપણા મનની પ્રવૃત્તિમાં કાંઈક ફેરફાર કરી લઈએ, એક મૂકીને બીજી પ્રવૃત્તિ ઉપાડીએ. પરંતુ મનને વધુમાં વધુ આરામ તો નીરવ સ્થિતિમાં જ મળે છે. આ શાંત નીરવતામાં જો થોડીક મિનિટો પણ રહી શકાય તો તેથી મનની શક્તિઓને એટલો બધો તો આરામ મળી રહે છે કે જે આરામ કલાકો સુધીની નિદ્રામાંથી પણ મળતો નથી.

આમ મનને ઇચ્છા મુજબ શાંત કરવું, અને ઉપરની વસ્તુઓને ઝીલતી એ નીરવ શાંતિની અંદર એકાગ્ર બની શકવું એ કળા આપણે શીખી શકીશું ત્યારે આપણે માટે એવો કોઈ પણ પ્રશ્ન, એવી કોઈ પણ માનસિક મુશ્કેલી નહિ રહેશે કે જેનું નિરાકરણ આપણને નહિ મળી આવે. માણસનું ચિત્ત જ્યારે ખૂબ જ સક્રિય બની જાય છે ત્યારે તેની ક્રિયાઓમાં અવ્યવસ્થા આવી જાય છે, તે દુર્બળ બની જાય છે એ ચિત્ત જ્યારે એક ધ્યાનમય નીરવ અવસ્થામાં સ્થિર થાય છે ત્યારે તેની સમક્ષ પ્રકાશ પોતે પ્રકટ થઈ શકે છે અને એ પ્રકાશ માણસની શક્તિઓ સમક્ષ નવી નવી ક્ષિતિજો ખોલી આપી શકે છે.

(બુલેટિન, નવેમ્બર ૧૯૫૧)

અંતરાત્માની અને આધ્યાત્મિક કેળવણી

અત્યાર સુધી આપણે જે કેળવણીનો વિચાર કર્યો તે પૃથ્વી ઉપર જન્મેલાં બાળકો માટેની કેળવણી છે, અને તે સર્વ બાળકોને આપી શકાય તેમ છે. આ કેળવણી કેવળ માનવ પ્રકારની શક્તિઓનો જ વિચાર કરે છે. પરંતુ આપણે અહીંથી જ અટકી જવાની જરૂર નથી. દરેક મનુષ્યની અંદર, તેના સામાન્ય જીવનમાં વ્યક્ત થતી ચેતના કરતાં પણ એક વિશેષ મહાન ચેતનાની શક્યતા ગુપ્ત રીતે આવી રહેલી હોય છે. એ બૃહત્ ચેતના દ્વારા માણસ એક વધુ ઉચ્ચ અને વધુ વિશાળ જીવનની અંદર ભાગ લેતો થઈ શકે છે. અને હકીકત પણ એવી છે કે, જગતની અંદર જે જે અસાધારણ વ્યક્તિઓ થયેલી છે તેમના જીવનમાં આ બૃહત્ ચેતના જ હમેશાં મુખ્ય ભાગ ભજવતી હોય છે. તેમના જીવનનું નિયંત્રણ એ ચેતના જ કરતી હોય છે, તેમ જ તેમના જીવનની જે પરિસ્થિતિ હોય છે અને એ પરિસ્થિતિ પ્રત્યે તે વ્યક્તિઓ જે પ્રત્યાઘાત આપતી હોય છે તેનું નિર્માણ પણ એ જ ચેતના કરતી રહે છે.

માનવનું મન સામાન્ય રીતે જે વસ્તુઓ જાણતું નથી હોતું તેમ જ કરી શકતું નથી હોતું તે વસ્તુઓ આ ચેતના જાણતી હોય છે અને કરી શકતી હોય છે. એ ચેતના જાણે કે એક જ્યોતિની માફક આપણા સ્વરૂપના કેન્દ્રની અંદર બેઠેલી છે અને આપણી બાહ્ય ચેતનાનાં ગાઢ આવરણ ભેદીને તે પોતાનો પ્રકાશ રેલાવતી રહે છે. કેટલાક માણસોને આ ચેતનાની હાજરીનો ઝાંખોપાંખો ખ્યાલ હોય છે પણ ખરો. ઘણાંએક બાળકો પણ આ ચેતનાના પ્રભાવ હેઠળ આવી રહેલાં હોય છે. એ બાળકો કુદરતી રીતે જે વર્તન કરતાં હોય છે તેમાં, તેમ જ તેમના શબ્દોમાં પણ એ ચેતના કેટલીક વાર બહુ સ્પષ્ટ રીતે પ્રગટ થતી દેખાય છે. દુઃખની વાત એ છે કે માબાપોને આ વસ્તુ વિષે કશું જ જ્ઞાન નથી હોતું. પોતાનાં બાળકોની અંદર શું થઈ રહેલું છે તેની તેમને કશી જ સમજ નથી હોતી, અને તેથી બાળકોના આવા વિલક્ષણ વર્તનને તેઓ આનંદપૂર્વક ઝીલી શકતાં નથી. તેઓ બાળકને જે કાંઈ કેળવણી આપે છે તેમાં તેઓ બાળકને આ અસાધારણ વસ્તુ પ્રત્યે બને તેટલું અજ્ઞાન જ બનાવી મૂકે છે. આ કેળવણી બાળકનું બધું ધ્યાન બાહ્ય વસ્તુઓ ઉપર જ એકાગ્ર કરે છે અને એ રીતે બાળકની અંદર

એક એવી તો ટેવ પાડે છે કે જેથી બાળક કેવળ એ બાહ્ય વસ્તુઓને જ અગત્યની ગણવા લાગે છે. બાહ્ય વસ્તુઓ ઉપર ધ્યાન એકાગ્ર કરવામાં આવે એમાં ખોટું તો કશું જ નથી. એ પણ એક ઘણી ઉપયોગી વસ્તુ છે. પરંતુ તે કાર્ય પણ સાચી રીતે કરવાનું રહે છે.

આપણે ઉપર શરીર, પ્રાણ અને મનની જે ત્રિવિધ કેળવણીનો વિચાર કરી ગયા એને વિષે એમ કહી શકાય કે એ કેળવણી બાળકના વ્યકિતત્વનું નિર્માણ કરવા માટેની એક સામગ્રી પૂરી પાડે છે, વ્યકિતને તે તેના અવચેતન તત્ત્વના કશા ઘાટઘૂટ વિનાની અવસ્થામાંથી ઊંચે ઉઠાવે છે અને તેને એક સુરેખ આકારવાળો આત્મ-જ્ઞાનયુકત માનવ બનાવી આપે છે. અંતરાત્માની કેળવણીમાં હવે આપણી સમક્ષ એક નવો વિષય આવીને ઊભો રહે છે. જીવનનું સાચું લક્ષ્ય શું હોઈ શકે, પૃથ્વી ઉપર આપણી હસ્તી થયેલી છે તેનું પ્રયોજન શું હશે, આ જીવનમાં આગળ જતાં જતાં આપણને કઈ વસ્તુ જડી આવશે, એ તત્ત્વ જડવાને અંતે તેનાં શાં શાં પરિણામ આવશે, અને તેને અંતે વ્યકિત છેવટે પોતાના શાશ્વત તત્ત્વને પોતાનું કેવું તો સમર્પણ કરશે આવા આવા પ્રશ્નો હવે આપણા વિચારનો અને સંશોધનનો વિષય બની રહે છે. જીવનના આ શાશ્વત તત્ત્વની સાધના સાથે સામાન્ય રીતે એક ગુહ્ય રહસ્યનો ભાવ, ધાર્મિકતાનો ભાવ જોડાયેલો રહેલો છે. પરંતુ આ તત્ત્વનું સંશોધન આ રીતે જ થવું જોઈએ એવું કાંઈ નથી. પરમાત્મા વિષેની જે ગૂઢ રહસ્યમય ભાવના છે તેને સ્થાને આપણે સત્ય વિષેની એક વધુ દાર્શનિક પ્રકારની તત્ત્વ પ્રધાન વિચારણાનો આશ્રય લઈ શકીએ છીએ અને એમ કરીશું તોપણ આપણને એ રીતે જે તત્ત્વ પ્રાપ્ત થશે તે તેના અસલ રૂપે તો તેનું તે જ હશે. આ પદ્ધતિમાં વિશેષ લાભ એ રહેલો છે કે ગમે તેવો કટ્ટર વાસ્તવવાદી પણ આ પદ્ધતિને અજમાવી શકે છે. આપણે જ્યારે આંતર જીવનની રચના કરવાનું કાર્ય હાથ લઈએ છીએ ત્યારે તેમાં માનસિક ખ્યાલોનું તેમ જ વિચારોનું મહત્ત્વ બહુ ગૌણ બની જાય છે. આ આંતર જીવનમાં જે ખરી મહત્ત્વની વસ્તુ છે તે તો અનુભૂતિ છે, આપણે એ આંતર તત્ત્વની અનુભૂતિમાં પહોંચવાનું છે, એની અનુભૂતિને જીવનમાં સક્રિય કરવાની છે. આ અનુભૂતિ આપણને પ્રાપ્ત થાય તે સમયે, યા તો તે પૂર્વે કે તે પછી આપણે ભલે ગમે તે તત્ત્વસિદ્ધાંત કે વાદનો આશ્રય લઈએ, પરંતુ આ અનુભૂતિમાં આ બધા વાદથી તદ્દન સ્વતંત્ર એવી એક તેની આગવી વાસ્તવિકતા, એક આગવી શકિત રહેલી છે. આનું કારણ એ છે કે આ રીતના બધા સિદ્ધાંતો અને વાદો એ તો એક પ્રકારના માત્ર ખુલાસા જ છે, અને આપણે કંઈક જાણીએ છીએ એ રીતનો એક વત્તો ઓછો ભ્રમ આપણી અંદર ઊભો કરવા માટે જ આપણે તેનો આશ્રય લઈએ છીએ. માણસ પોતે જે કોઈ આદર્શની યા તો પરમ તત્ત્વની શોધ માટે

નીકળે છે તેને તે જુદાં જુદાં નામોના અંચળા ઓઢાડે છે. તે જે પરિસ્થિતિમાં જન્મેલો હોય છે, તેને જે રીતની કેળવણી મળેલી હોય છે તે અનુસાર તે આ બધાં નામો પાડે છે. પરંતુ આ બધાં ભિન્ન ભિન્ન નામોનો આશ્રય લેવા છતાં માણસને જે અનુભૂતિ થાય છે, તે જો સાચા પ્રકારની હોય છે તો સર્વત્ર તે તત્ત્વ રૂપે તો એકસરખી જ હોય છે. એ અનુભૂતિને પછી જે શબ્દો દ્વારા કે વાણી દ્વારા રજૂ કરવામાં આવે છે તેમાં જ માત્ર ભેદ બની આવે છે. વાણીના અને શબ્દોના આ ભેદો વ્યકિતને જે રીતની કેળવણી મળી હોય છે, તેમ જ તેની જે માન્યતાઓ બંધાયેલી હોય છે તે અનુસાર સરજાય છે. આ આંતર અનુભૂતિને જે શબ્દદેહ આપવામાં આવે છે તે તો મૂળ તત્ત્વની કંઈક નજીક જતો તે વિષેનો કાંઈક ઈશારો જ હોય છે. એમાં આપણે માત્ર એટલી જ અપેક્ષા રાખવાની રહે છે કે અનુભૂતિ પોતે જેમ જેમ વધુ ચોક્કસ રૂપ લેતી જાય, તે જેમ જેમ વધુ સમન્વય રૂપ બનતી જાય તેમ તેમ તેનો આ વાગ્દેહ પણ તેની સાથે સાથે પ્રગતિ કરતો રહે અને વિશેષ સમૃદ્ધ થતો રહે. આમ છતાં, આપણે જ્યારે આ અંતરાત્માની કેળવણીની એક સામાન્ય રૂપરેખા આપવા નીકળ્યાં છીએ તો પછી આ અંતરાત્મા તે શું છે તે વિષે આપણે, ભલે એક સાપેક્ષ રીતનો પણ કંઈક ખ્યાલ તો મેળવવાનો રહે છે જ. તો અંતરાત્માને વિષે આપણે કંઈક આ પ્રમાણે કહી શકીએ. આ વિશ્વમાં વ્યકિતનું જે સર્જન થયેલું છે તે વિશ્વના આદિ મૂળમાં રહેલા એક પરમ તત્ત્વનો જ આવિર્ભાવ છે. આ અખિલ વિશ્વના આવિર્ભાવના મૂળમાં રહેલા તે પરમ તત્ત્વમાં અનેક પ્રકારની શકયતાઓ ગૂઢ રૂપે રહેલી હતી. એ શકયતાઓમાંની એક શકયતા કાલ અને સ્થલની અંદર પ્રક્ષેપ પામી, તેણે પછી એક અદ્વૈત રૂપ વિશ્વ-ચેતનાનું રૂપ લીધું, અને તે વિશ્વ-ચેતના મારફતે તે આદિ તત્ત્વ વ્યકિત રૂપે પ્રગટ થયું, તે એક વ્યકિતના સત્ય રૂપે, વ્યકિતના ધર્મ રૂપે મૂર્ત થયું, અને એવા વ્યકિત રૂપમાંથી આગળ વૃદ્ધિ પામતાં પામતાં ક્રમે ક્રમે તેણે વ્યકિતના આત્મા તરીકેનું યા તો ચૈત્ય પુરુષનું – અંતરાત્માનું રૂપ ધારણ કર્યું.

બેશક, અહીં આજે નાનકડું વર્ણન હું આપું છું તેમાં વસ્તુસ્થિતિનું સંપૂર્ણ નિરૂપણ આવી જાય છે, આ બાબતમાં હવે કાંઈ કહેવાનું રહેતું નથી એમ તો નથી જ આ માત્ર એક વ્યવહારુ ઉપયોગ માટેની સાર રૂપ સમજૂતી છે, આપણે જે વિષય હાથ લીધો છે તેને વિચારણામાં આપણને આધાર મળી રહે તેટલા પૂરતી જ વસ્તુ અહીં કહી છે.

માણસને તેના જીવનમાં પોતાની અંદર આવી રહેલા ગૂઢ સત્યનો સંગમ અંતરાત્મા કરાવી આપે છે. ઘણાખરા માણસોની બાબતમાં આ અંતરાત્મા કહો કે

પડદા પાછળ રહીને, તેમનાથી અજાણ્યો અને અણપ્રીછ્યો રહીને જ કામ કરે છે. પરંતુ કેટલાકની બાબતમાં એની હાજરી દેખી શકાય તેવી હોય છે, તેનું કાર્ય સમજી શકાય તેવું હોય છે. વળી આવા માણસોમાં પણ અમુક માણસો પાછા એવા હોય છે જેમનામાં તો એ અંતરાત્મા બહુ જ સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવો હોય છે, તેમ જ તેનું કાર્ય પૂરેપૂરું અસરકારક હોય છે. આવા પુરુષો પોતાના જીવનમાં એક દૃઢ વિશ્વાસપૂર્વક આગળ વધ્યે જાય છે. પોતાનું ભાવિ તેઓ પોતે જ ઘડી શકે છે, પોતે જ પોતાના ભાગ્યવિધાતા બની શકે છે. અંતરાત્મામાંથી પ્રાપ્ત થતું આ પ્રભુત્વ આપણે મેળવી શકીએ, તેની હાજરી વિષે આપણે જાગૃત થઈ શકીએ એટલા માટે જ આ અંતરાત્માની કેળવણીની આવશ્યકતા રહે છે.

આ કેળવણી માટે એક વસ્તુ ખાસ અગત્યની છે. એ છે વ્યક્તિનો પોતાનો અંગત સંકલ્પ. અત્યાર સુધી એમ બનતું આવેલું છે કે કેળવણીના એક વિષય તરીકે અંતરાત્માનો સ્વીકાર કદી થયેલો નથી. અંતરાત્માને પ્રાપ્ત કરવો, તેની સાથે તાદાત્મ્ય સિદ્ધ કરવું, એ વિષય કેળવણીની અંદર હજી સુધી આવેલો નથી. હા, આ વિષય પરત્વે કેટલાક ખાસ ગ્રંથોમાં ઉપયોગી તેમ જ વ્યવહારુ સૂચનાઓ મળી આવે છે ખરી. વળી કેટલાક નસીબદાર માણસોને એવી સમર્થ વ્યક્તિઓનો ભેટો પણ થઈ જાય છે કે જેઓ તેમને આ વિષયમાં માર્ગ બતાવી શકે છે અને એ માર્ગે આગળ ધપવામાં જોઈતી સહાય પણ આપી શકે છે. આમ હોવા છતાં મોટા ભાગે સ્થિતિ એવી છે કે આ દિશામાં વ્યક્તિએ પોતાની જાતે જ આરંભ કરવાનો રહે છે. આ તત્ત્વની પ્રાપ્તિનું કામ એ વ્યક્તિનું પોતાનું જ કામ રહે છે. આ ધ્યેયને સિદ્ધ કરવા માટે વ્યક્તિએ પોતે એક મહાન નિશ્ચય કરવાનો રહે છે, એક પ્રબળ સંકલ્પશક્તિ કેળવવાની રહે છે, અને એક અખૂટ ખંતથી તેમાં મચ્યા રહેવાનું રહે છે. આમ, આપણે કહી શકીએ કે આ વિષયમાં દરેક વ્યક્તિએ પોતાની આગવી મુશ્કેલીઓમાંથી પોતાનો આગવો માર્ગ રચી લેવાનો રહે છે. આ ધ્યેય શું છે એ વાત તો થોડીઘણી સર્વને સુવિદિત છે. આ ધ્યેય સિદ્ધ કરનાર પુરુષોમાંથી ઘણા-ખરાઓએ એ વસ્તુને ઘણુંખરું સ્પષ્ટ રીતે કહી બતાવી પણ છે પરંતુ આ ધ્યેયને સિદ્ધ કરવાનો પરમ આનંદ તો એમાં છે કે એ સાધના વ્યક્તિ પોતે જ શરૂ કરે, એ સાધના આપોઆપ જ શરૂ થાય, અને તે સાચા દિલથી શરૂ થાય. અને આ વસ્તુ એવી છે કે જેને કોઈ પણ રીતના સામાન્ય માનસિક નિયમોની અંદર બાંધી શકાય નહિ. અને તેથી આ બાબતમાં એવું બને છે કે જે કોઈને આ સાહસ ખેડવાનું મન થાય છે તે સામાન્ય રીતે પ્રથમ તો એવા કોઈ પુરુષને ખોજી લે છે કે જેણે આ સાહસ સફળ રીતે સિદ્ધ કર્યું હોય, અને

જે તેને સહાય આપી શકે તેમ હોય તથા માર્ગ બતાવી શકે તેમ હોય. આમ છતાં આ વિષયમાં કેટલાક એકલપંથી, એકલરામ પ્રવાસીઓ પણ હોવાના અને તેવાઓને માટે ઉપયોગી નીવડે તેવાં થોડાંક સર્વસામાન્ય સૂચનો અહીં આપીશું.

આ વિષયમાં પ્રથમ તો તમારે તમારી પોતાની અંદર એક એવું તત્ત્વ શોધવાનું છે જે તમારા શરીરથી, તમારા જીવનની પરિસ્થિતિમાંથી તદ્દન સ્વતંત્ર જ છે. એ તત્ત્વ, તમારા મનને જે ઘાટ મળેલો છે તેમાંથી કાંઈ જન્મતું નથી. તમે જે ભાષા બોલો છો, તમારી આસપાસના વાતાવરણમાં જે રૂઢિઓ અને રિવાજો હોય છે, તમે જે દેશમાં જન્મ્યા હો છો, તમે જે યુગમાં આવેલા હો છો તે બધાથી તે એક નિરાળું સ્વતંત્ર તત્ત્વ છે. એ તત્ત્વ કંઈ આ બધામાંથી જન્મતું નથી. તમારી અંદર, તમારા સ્વરૂપની અંદર ઊંડે ઊંડે એક એવું તત્ત્વ આવેલું છે કે જે વિશ્વ-રૂપતાથી ભરેલું હોય છે, જેના વિસ્તારને કશી મર્યાદા હોતી નથી. અને જેનું સાતત્ય અખંડ અને નિરવધિ રીતે ચાલ્યા કરતું હોય છે. એ તત્ત્વને તમારે શોધી લેવાનું રહે છે. આ તત્ત્વ પ્રાપ્ત કર્યા પછી તમે હવે તમારી જાતને તમારા કેન્દ્રમાંથી બહાર ફેલાવવાનું કાર્ય શરૂ કરો, તમારી જાતનો તમે વિસ્તાર કરતા થાઓ, તેને વિશાળ કરતા થાઓ. એમ કરતાં તમે હરેક વસ્તુની અંદર, સર્વ પ્રાણીઓની અંદર નિવાસ કરવા લાગશો, વ્યકિતઓને એકબીજાથી છૂટા પાડી રહેલી દીવાલો હવે તૂટવા લાગશે. તમે અન્ય લોકોના ચિત્તમાં પ્રવેશી તેમના ચિત્તની અંદર વિચાર કરવા લાગશો, તેમનાં સંવેદનોના પ્રકારોમાં ધબકવા લાગશો, તેમની લાગણીઓને તમે અનુભવવા લાગશો, તમે સર્વના જીવનમાં જીવતા થઈ જશો. અત્યાર સુધી જે કોઈ વસ્તુ નિષ્ક્રિય દેખાતી હતી તે હવે એકાએક જીવનથી સભર બની જાય છે, પથ્થરોમાં પ્રાણ પ્રગટવા લાગે છે, વનસ્પતિ હવે સંવેદન ઝીલતી બને છે, તેનામાં સંકલ્પ જાગે છે, તે વ્યથા અને હર્ષ અનુભવવા લાગે છે. પ્રાણીઓ હવે બોલવા લાગે છે. એમની વાણી એ ઘણું ખરું મૌનની વાચા હોય છે તોપણ તે સ્પષ્ટ હોય છે, પોતાને કહેવાનું કહી શકતી હોય છે. હવે હરેક વસ્તુ સ્થલ અને કાલથી મુકત અને પર એવી એક અદ્‌ભુત ચેતનાથી ધબકવા લાગે છે. અંતરાત્માના સાક્ષાત્કારની આ તો માત્ર એક જ બાજુ છે. એ સાક્ષાત્કારનાં આ સિવાય પણ બીજાં ઘણાં સ્વરૂપો છે. આ બધા સાક્ષાત્કારો તમને તમારા અહંકારના વાડામાંથી ખેંચીને બહાર લઈ જશે, તમારા બાહ્ય વ્યકિતત્વની દીવાલોમાંથી તમને બહાર લઈ જશે. તમારા આઘાત પ્રત્યાઘાતોમાં રહેલી નિર્બળતાને, તમારા સંકલ્પમાં રહેલી અશકિતને તે નિવારી આપશે.

પરંતુ હું જણાવી ગઈ છું કે આ સાક્ષાત્કારમાં પહોંચવાનો માર્ગ લાંબો છે, વિકટ છે. એ માર્ગ ઉપર અનેક ફંદાઓ, અનેક પ્રશ્નો પડેલા છે. એ બધાને પહોંચી વળવા માટે તમારે હરેક કસોટી અને પરીક્ષામાં ટકી શકે તેવા નિશ્ચય-બળની જરૂર રહેશે. કોઈ અજાણ્યા મુલકની શોધ માટે કોઈ સાહસિક પ્રવાસી ગાઢ જંગલોને વીંધતો વીંધતો પ્રવાસ ખેડે, કોઈ મહાન પ્રદેશની શોધ આરંભે તેના જેવું આ છે. અંતરાત્માને પ્રાપ્ત કરવો એ પણ એક આવી જ મહાન શોધ આદરવા જેવું છે. નવા ખંડોની શોધખોળ માટે જે ધીરજ અને સહનશક્તિની જરૂર પડે છે તેવી જ ધીરજ અને સહનશક્તિ અહીં પણ જરૂરનાં છે. આ શોધ આદરવાનો જેમણે નિશ્ચય કર્યો હશે તેવા પ્રવાસીઓ માટે સલાહના શબ્દો ઉપયોગી નીવડશે. આ રહ્યા એ થોડાક શબ્દો.

તમારે પ્રથમ તો એ યાદ રાખવાનું છે કે આધ્યાત્મિક વસ્તુઓનો નિર્ણય તમે મન દ્વારા કદી પણ કરી શકવાના નથી. એ એક અશક્ય વસ્તુ છે, અને આ મુદ્દો તમારે કદી પણ ભૂલવાનો નથી. જેમણે જેમણે યોગ વિષે કંઈ લખ્યું છે તે સૌએ આ વસ્તુ કહેલી છે. પરંતુ આનો અમલ બહુ થોડાકે જ કર્યો છે. તેમ છતાં, તમારે આ માર્ગમાં આગળ વધવું હશે તો તમે કોઈ પણ પ્રકારનો માનસિક નિર્ણય ન લો, માનસિક અભિપ્રાય ન બાંધો, અને મનોમય રીતનો પ્રત્યાઘાત ન સેવો એ અત્યંત આવશ્યક છે.

તમારા અંગત આરામ માટેની, અંગત ઇચ્છાની તૃપ્તિની, આનંદવિનોદની કે સુખોપભોગની હરેક રીતની ઝંખના તજી દો. તમારી ઝંખના માત્ર એક જ હોવી જોઈએ : પ્રગતિ. એ ઝંખનાનો અગ્નિ તમારા અણુએ અણુમાં સળગી ઊઠવો જોઈએ. તમને જે કાંઈ વસ્તુ મળી આવે તેને તમારી પ્રગતિમાં એક મદદ તરીકે ગણી લો અને તમારે કરવાની પ્રગતિ એકદમ કરી લો.

તમે જે કાંઈ કરતા હો તે બધામાં આનંદ લેવાનો પ્રયત્ન કરો. પરંતુ કોઈ પણ ચીજ આનંદને ખાતર ન કરશો. કદી પણ ઉશ્કેરાઈ ન જશો, ગભરાઈ ન જશો, મૂંઝાઈ ન જશો. હરકોઈ પરિસ્થિતિમાં, તમામ પરિસ્થિતિમાં સંપૂર્ણ શાંત રહો. અને છતાં હમેશાં જાગૃત રહી એ વસ્તુ જાણી લેજો કે તમારે હજી કેટલી પ્રગતિ કરવાની છે અને એ પ્રગતિ કરી લેવામાં લેશ પણ વખત ગુમાવશો નહિ.

બાહ્ય બનાવોને તે દેખાય છે તે રીતના કદી સમજશો નહિ. એ બનાવો તો કોઈ એક બીજી વસ્તુને જ પ્રગટ કરવા માટેના એક કઢંગા પ્રયત્ન જેવા હમેશાં હોય છે. એનું પાછળનું સત્ય કાંઈ જુદું જ હોય છે અને તમારી ઉપરછલ્લી સમજશક્તિની પકડમાં ભાગ્યે જ આવે છે.

કોઈના પણ વર્તન વિષે કદી પણ ફરિયાદ ન કરશો. એ માણસની પ્રકૃતિ જે કારણે આ પ્રમાણે વર્તન કરતી હોય છે તે વસ્તુને બદલી શકવાની તમારામાં શક્તિ હોય તો જ ફરિયાદ કરવી. અને જો તમારામાં એવી શક્તિ હોય તો તો પછી એ ફરિયાદ કરવાને બદલે એ માણસને જ બદલી નાખો.

તમે ગમે તે કામ કરો, પરંતુ તમારી સમક્ષ તમે જે લક્ષ્ય રાખેલું છે તે કદી ન ભૂલશો. તમે આ જે મહાન શોધ હાથ ધરી છે તેની સાધનાની અંદર કોઈ પણ વસ્તુ મોટી નથી કે નાની નથી. એમાં હરેક વસ્તુ એકસરખા મહત્ત્વની છે. અને તમારી સાધનાની વિજય તરફની ગતિને તે વધારી શકે છે, યા તો ઘટાડી શકે છે. આ રીતે જોતાં તમે જ્યારે જમવા બેસો ત્યારે શરૂઆતમાં થોડીક ક્ષણો ધ્યાનમાં એકાગ્ર થજો અને એ રીતની અભીપ્સા કરજો કે તમે જે ખોરાક લેવાના છો તેમાંથી તમારા શરીરને માટે જરૂરી એવી બધી સામગ્રી મળી રહે. એ ખોરાક તમારા મહાન ધ્યેયની સાધના માટે શરીરને એક નક્કર આધાર રૂપ બનાવી આપે અને એ સાધનામાં સતત ટકી રહેવાની તેમ જ અખંડ ખંતની શક્તિ તમને આપે.

તમે રાત્રે સૂવા જાઓ તે પહેલાં પણ થોડીક ક્ષણો તમે ધ્યાનમાં એકાગ્ર થજો અને એ રીતની અભીપ્સા કરજો કે તમારી નિદ્રા તમારા થાકેલા જ્ઞાનતંતુઓને પાછા તાજા કરી આપે, તમારા મગજને શાંતિ અને સ્વસ્થતા આપે, અને જાગૃત થયા પછી તમે પાછા નવી શક્તિથી સજ્જ બનીને તમારા મહાન ધ્યેય પ્રત્યેની તમારી યાત્રા ફરી પાછી શરૂ કરી શકો.

તમે કાંઈ પણ કર્મ કરો તે પહેલાં એકાગ્ર બનીને એ સંકલ્પ કરશો કે તમારું એ કર્મ તમારા મહાન ધ્યેય પ્રત્યેની તમારી કૂચની અંદર તમને મદદ રૂપ થઈ પડે, અથવા તો એ આ કૂચમાં વિઘ્ન રૂપે તો ન જ થાય.

તમે કાંઈ પણ બોલો, તમારા મોંમાંથી શબ્દો બહાર આવે તે પહેલાં ઘડીભર એકાગ્ર થઈને તમે જે કાંઈ બોલવાના હો તે શબ્દોની જરા તપાસ કરી લેશો, અને તમારા મહાન ધ્યેયના માર્ગે પ્રગતિ કરવા માટે અત્યંત જરૂરના હોય, અને બીજી કોઈ પણ રીતે તમારી પ્રગતિને હાનિકારક ન હોય એટલા શબ્દો જ તમે બહાર આવવા દેશો.

ટૂંકમાં, તમારા જીવનનો હેતુ, તમારા જીવનનું લક્ષ્ય તમે કદી પણ વીસરશો નહિ. આ મહાન તત્ત્વની પ્રાપ્તિ માટેનો મહા સંકલ્પ, પ્રકાશના કોઈ મહા પક્ષી જેવો, તમારા ઉપર હમેશ ઘૂમતો રહેવો જોઈએ. તમે જે કાંઈ કરતા

હો, તમે જે કોઈ અવસ્થામાં હો, તમારી સર્વ ક્રિયાઓ ઉપર એ ધ્યેય રૂપી મહા ગરુડ પોતાનો પડછાયો પાથરતો સદાયે ચક્કર લગાવતો રહેવો જોઈએ.

આમ તમારી સાધનામાં તમે અખંડ ખંતથી મચેલા રહેશો ત્યારે એક દિવસ તમારી અંદરનું દ્વાર એકાએક જ ખૂલી જશે અને તમે એક ઝળહળતા પ્રકાશમાં પહોંચી જશો. એ પ્રકાશમાં તમને અમૃતત્વની એક પાકી ખાતરીભરી અનુભૂતિ થશે. તમને એક એવી સઘન અનુભૂતિ મળશે કે તમે જગતમાં હમેશાં રહેલા છો અને હમેશાં રહેવાના છો. તમે જોશો કે જે નાશ પામે છે તે તો માત્ર બાહ્ય રૂપો જ હોય છે. તમારા સાચા વાસ્તવિક સ્વરૂપની સાથે સરખાવતાં આ રૂપો એ તો માત્ર વસ્ત્રો જેવાં હોય છે, એ જ્યારે ઘસાઈ જાય છે ત્યારે એમને ફેંકી દેવાનાં જ હોય છે. આવી અનુભૂતિ થયા પછી તમે બંધન માત્રમાંથી મુક્ત બનીને ટટાર ઊભા રહેશો. અને હવે તમારી પ્રકૃતિએ તમારા ઉપર લાદેલી તેમ જ તમે વેઠેલી અને સહન કરેલી પરિસ્થિતિઓના બોજ હેઠળ કષ્ટપૂર્વક આગળ વધવાને બદલે, એ પરિસ્થિતિઓ હેઠળ કચડાઈ જવાની તમારી ઇચ્છા નહિ હોય તો, તમે તમારા ભાવિ વિષે સભાન બનીને, તમારા જીવનના સ્વામી બનીને સીધા અને દૃઢ પગલે આગળ વધી શકશો

અને છતાં સ્થૂલની આ સર્વ ગુલામીમાંથી, હરેક પ્રકારની અંગત આસક્તિમાંથી તમને આ જે મુક્તિ મળે છે એમાં જ કાંઈ તમારી છેવટની સિદ્ધિ આવી જતી નથી. તમે પરમ સત્યના શિખરે પહોંચો તે પૂર્વે તમારે હજી બીજાં પણ પગથિયાં સર કરવાનાં છે. અને એ પગથિયાં પછી પણ બીજાં આગળનાં પગથિયાં હોઈ શકે છે, અને હોવાં પણ જોઈએ. એ પગથિયાં ભાવિનાં દ્વાર ખોલી આપશે. આ આગળનાં પગથિયાંની ચર્ચા હું જેને આધ્યાત્મિક કેળવણી કહું છું તેમાં હવે આવશે

પરંતુ આ નવા પ્રદેશમાં આપણે પ્રવેશ કરીએ અને આ પ્રશ્નનો વિચાર વિગતપૂર્વક હાથ લઈએ તે પહેલાં એક ખુલાસો કરી લેવો જરૂરી છે. આપણે અત્યાર સુધી આ જે અંતરાત્માની કેળવણીનો વિચાર કર્યો અને હવે જે આધ્યાત્મિક કેળવણીના વિચાર કરીશું તે બે વચ્ચે ભેદ શા માટે કરવામાં આવે છે? સામાન્ય રીતે તો આ બેય વસ્તુઓને 'યોગ'ના એક સામાન્ય નામ હેઠળ જ ભેગી કરી દેવામાં આવે છે. પરંતુ આ બેના લક્ષ્યની વચ્ચે ઘણો ફેર રહેલો છે. અંતરાત્માની કેળવણી એ પૃથ્વી ઉપર જ એક અતિ ઉચ્ચ સાક્ષાત્કારને સિદ્ધ કરવા માગે છે, તો આધ્યાત્મિક કેળવણી પૃથ્વી ઉપરના સર્વ આવિર્ભાવમાંથી,

કહો કે, સારાયે વિશ્વમાંથી છૂટીને દૂર દૂર ચાલી જવા માગે છે. એને તો આ વ્યક્ત જગતમાંથી છૂટી પાછા અવ્યક્ત તત્ત્વમાં પહોંચવું હોય છે. આ રીતે આપણે કહી શકીએ કે અંતરાત્માનું જીવન એ અમૃતત્વનું જીવન છે, અનંત એવા કાલ અને અવકાશની અંદર, તે સદાયે પરિવર્તન પામતું પામતું આગળ વધે છે, અને રૂપોની આ સૃષ્ટિની અંદર પોતાનું એક અખંડ સાતત્ય ટકાવી રાખે છે. આથી ઊલટું, આધ્યાત્મિક જીવન કાલ અને સ્થલથી પર ચાલી જવા માગે છે, પોતાની જાતને તે સારીયે સૃષ્ટિમાંથી બહાર ખેંચી લઈ તે અનંત અને શાશ્વત એવા તત્ત્વમાં પોતાને સ્થિત કરી લે છે. તમારા અંતરાત્માનો પૂર્ણ સાક્ષાત્કાર કરવા માટે, અંતરાત્માના જીવનમાં પહોંચવા માટે તમારે તમારી અંદરના સર્વ સ્વાર્થ-ભાવનો નાશ કરી નાખવાનો રહે છે, જ્યારે આધ્યાત્મિક જીવનમાં પહોંચવા માટે સ્વથી કેવળ પર થઈ જવાનું રહે છે.

આધ્યાત્મિક કેળવણીમાં પણ એવું બને છે કે, તમે જે પરિસ્થિતિમાં મોટા થયા હશો, તમે જે માર્ગનો આશ્રય લીધો હશે, તેમ જ તમારા સ્વભાવને જે વસ્તુઓ અનુકૂળ હશે તે મુજબ તમે તમારા લક્ષ્યને, તમારા મન દ્વારા તેને સમજવા માટે, જુદાં જુદાં નામો આપશો. તમારામાં જો ધાર્મિક રીતનું વલણ હશે તો આ લક્ષ્યને તમે પ્રભુના નામે ઓળખાવશો. તમારી આધ્યાત્મિક સાધના જગતના પ્રત્યેક રૂપમાં વસતા અંતર્યામી પરમાત્માના સાક્ષાત્કાર તરફ નહિ વળશે, પણ તમે સર્વ રૂપોથી પર આવેલા વિશ્વાતીત પરમાત્મા સાથે તાદાત્મ્ય મેળવવા પ્રયત્ન કરશો. કોઈ બીજા લોકો આ લક્ષ્યને કેવળ બ્રહ્મ, પરમ આદ્ય તત્ત્વ એવું નામ આપશે, તો બીજા કોઈ વળી તેને નિર્વાણ કહીને ઊભા રહેશે. આ જગતને મિથ્યા આભાસ તરીકે વર્ણવતા વેદાંતીઓ આ તત્ત્વને જ જગતનું એકમાત્ર સત્ય ગણશે. આખું વિશ્વ કેવળ અસત્ય છે એમ માનનારા લોકો એને જ એકમાત્ર લક્ષ્ય તરીકે વર્ણવશે. આ દરેક વ્યાખ્યામાં સત્યનો કંઈ ને કંઈ અંશ તો રહેલો છે જ, પરંતુ એ બધી વ્યાખ્યાઓ અધૂરી છે, સત્યનું તેમાં માત્ર એક જ પાસું આવે છે. આ વિષયમાં પણ માનવમને રચેલી વિચારશ્રેણીને કાંઈ બહુ મહત્ત્વ રહેતું નથી. એ મૂળ તત્ત્વમાં પહોંચવાનાં આ વચલાં પગથિયાં એક વાર વટાવી ગયા પછી સૌને હમેશાં એક જ પ્રકારની અનુભૂતિ થવાની.

આમ આ લક્ષ્યને તમે ભલે ગમે તે રીતનું નામ આપો, પરંતુ હરેક સાધકે આ વિષયની સાધનાનો આરંભ આત્મસમર્પણથી કરવાનો રહે છે. તમારા લક્ષ્યે પહોંચવા માટેનું પ્રસ્થાન-બિંદુ તે આ જ છે, તેમ જ તમારું લક્ષ્ય સાધવા માટેની સૌથી વધુ અસરકારક અને ઝડપી પદ્ધતિ પણ આ જ છે — આત્મસમર્પણ. વળી

એ પણ એક હકીકત છે કે તમારી કલ્પનાએ પોતાનું જે ઉચ્ચમાં ઉચ્ચ ધ્યેય નક્કી કર્યું હોય — કેટલાકની બાબતમાં આ ધ્યેય પ્રભુ વિષેના એક વિચારનું રૂપ લે છે તો કેટલાકને માટે તે પૂર્ણતાની એક કલ્પના બની રહે છે — તેને તમે તમારું પૂર્ણ આત્મ-સમર્પણ કરો તેમાં રહેલા આનંદ જેવો પૂર્ણ આનંદ પણ જગતમાં બીજો કોઈ નથી. આ સમર્પણ જો એક અખંડ ઉત્સાહપૂર્વક અને સતત રીતે ચાલુ રહેશે તો પછી એક ક્ષણ એવી આવશે કે જ્યારે તમે, તમે પોતે બાંધેલા આ વિચારથી ઉપર ચાલ્યા જઈને એક તાત્ત્વિક અનુભૂતિમાં પહોંચશો. એ અનુભૂતિ જો કે શબ્દોથી તો વર્ણવી શકાય તેવી નથી, તોપણ તેનાથી સાધકો ઉપર જે અસર પડે છે તે હમેશાં લગભગ એકસરખી જ હોય છે. તમારું સમર્પણ જેમ જેમ વધુ સંપૂર્ણ, વધુ સમગ્ર થતું જશે, તેમ તેમ તમારા સમર્પણના આ પરમ આરાધ્ય તત્ત્વ સાથે એકરૂપ થવા માટે, તેમાં સંપૂર્ણપણે ઓગળી જવા માટે તમારામાં અભીપ્સા જાગવા લાગશે. એ અભીપ્સા ધીરે ધીરે હરેક પ્રકારના ભેદોને, હરેક પ્રકારનાં વિઘ્નોને જીતી લેશે. અને એ અભીપ્સામાં જો વળી એક આપો-આપ જન્મતો તીવ્ર પ્રેમભાવ ઉમેરાયો હશે તો તો પછી તમારી સાધના સંપૂર્ણ રીતે અવશ્ય સફળ થશે. એની વિજયકૂચને કોઈ પણ રોકી શકશે નહિ.

આ રીતની આધ્યાત્મિક પ્રકારની એકરૂપતા અને અંતરાત્મા સાથેની એકરૂપતા એ બે વચ્ચે એક ખૂબ જ પાયાનો તફાવત રહેલો છે. અંતરાત્મા સાથેનું તાદાત્મ્ય તમે વધુ ને વધુ સ્થાયી પ્રકારનું બનાવી શકો છો, અને અમુક વ્યક્તિઓની બાબતમાં તો એ તાદાત્મ્ય સંપૂર્ણ રીતે કાયમનું થઈ રહે છે. આ તાદાત્મ્યનો સાક્ષાત્કાર કરનાર વ્યક્તિ પછી ગમે તે બાહ્ય પ્રવૃત્તિઓમાં રોકાયેલી રહે તોપણ એ તાદાત્મ્ય તેની પાસેથી કદી ચાલ્યું જતું નથી. અર્થાત્, આ તાદાત્મ્ય માણસને માત્ર ધ્યાનમાં કે એકાગ્રતાની અવસ્થામાં પ્રાપ્ત થાય છે એટલું જ નહિ પણ એની અસર જીવનની અંદર હરેક ક્ષણે, જાગૃત તેમ જ નિદ્રાવસ્થામાં પણ અનુભવી શકાય છે.

આધ્યાત્મિક પ્રકારની એકરૂપતામાં આથી ઊલટું બને છે. તમે સર્વ પ્રકારના રૂપમાંથી મુક્ત થઈ જાઓ છો, અને રૂપથી પર રહેલા તત્ત્વ સાથે એકરૂપ થઈ જાઓ એ સ્થિતિ તેના પૂર્ણ સ્વરૂપે લાંબો વખત ટકી શકતી નથી. કારણ કે રૂપથી પર એવા તત્ત્વ સાથે એકરૂપતા સધાતાં સ્થૂલ રૂપ આપોઆપ જ વિસર્જન પામી જાય છે. કેટલીક સાધનાઓમાં એવી માન્યતા છે કે આ રીતનું પૂર્ણ તાદાત્મ્ય થઈ ગયા પછી વીસ દિવસની અંદર જ માણસનો દેહ પડી જાય છે. પરંતુ આમ થવું જ જોઈએ એમ નથી. આ રીતના તાદાત્મ્યનો અનુભવ માનો

કે થોડો વખત જ રહેતો હોય તોપણ તેને લીધે ચેતનાની અંદર એવાં તો પરિણામો આવે છે જે કદી લુપ્ત થતાં નથી તેમ જ વ્યક્તિના સ્વરૂપની આંતર તેમ જ બાહ્ય પ્રકારની સર્વ ભૂમિકાઓ ઉપર તેની અસર થાય છે. વળી, આવી રીતનું તાદાત્મ્ય એક વાર થઈ આવ્યા પછી, એ અનુભવ તમે જ્યારે ઇચ્છો ત્યારે પાછો ફરીથી મેળવી પણ શકો છો. એ માટે માત્ર તમારી પાસે એવું જ્ઞાન હોવું જોઈએ કે જે વડે તમે તમારી જાતને બરાબર એ જ અવસ્થામાં પાછી મૂકી શકો.

જગતમાં એવા માણસો છે કે જેમને આ જગત પ્રત્યે કશું જ આકર્ષણ રહેલું નથી હોતું, એમાંથી તેઓ ચાલ્યા જવા માગતા હોય છે. એવા લોકોને માટે આ રીતે અરૂપ તત્ત્વની અંદર પોતાનો લય કરી દેવો એ જ ઉત્તમોત્તમ પ્રકારની મુક્તિ બની રહે છે. આવી વ્યક્તિઓને જગતના વર્તમાન સ્વરૂપથી સંતોષ ન થતો હોય તો તેમાં કશું આશ્ચર્ય નથી. પરંતુ જગતમાં બીજા પણ એવા માણસો છે જેમને આ પ્રકારની મુક્તિથી પણ સંતોષ થતો નથી. તેઓ જુએ છે કે વ્યક્તિ પોતે મુક્ત થઈ જાય છે છતાં આ જગત તો જેવું ને તેવું જ રહે છે. જે પરિસ્થિતિના બોજ હેઠળ લોકો રિબાઈ રહેલા છે તેના ઉપર આ લોકોની મુક્તિને લીધે કશી જ અસર નથી પડતી. અને એ જોઈને તેઓ કહે છે કે આ મુક્તિનો જે આનંદ અમારે એકલાએ જ માણવાનો રહે છે તે આનંદ અમારે ખપતો નથી. આ જગતની બહારથી દેખાતી અંધાધૂંધી તેમ જ સર્વવ્યાપી વેદનાની પાછળ અનેક ભવ્ય તત્ત્વો છુપાઈને રહેલાં છે. અને એ મહા તત્ત્વોને ધારણ કરી શકે તેવું એક નવું જગત બને તેનાં સ્વપ્ન તેઓ સેવતા હોય છે. તેમની ભાવના હોય છે કે તેમને પોતાની આંતર અનુભૂતિઓમાં જે અદ્‌ભુત વસ્તુઓ લાધેલી છે તેનો લાભ બીજાઓને પણ મળે. આવા પુરુષો પોતાની સાધનાના અંતિમ શિખરે જ્યારે પહોંચ્યા હોય છે, ત્યારે પોતાની આ ભાવનાને, પોતાના આ સ્વપ્નને સિદ્ધ કરવાનાં સાધનો પણ તેમના હાથમાં મળી આવેલાં હોય છે.

રૂપોની સૃષ્ટિને પેલે પાર એક નવી શક્તિ આવી રહેલી છે, પૃથ્વી ઉપર હજી નહિ પ્રગટેલી એક ચેતનાની શક્તિ આવેલી છે. એ શક્તિને આપણે આમંત્રી શકીએ છીએ. એ શક્તિ અહીં પ્રગટ થઈને જગતના પ્રવાહને બદલી નાખી શકશે અને એક નવા જગતને અહીં જન્મ આપી શકશે. જગતમાં રહેલી વેદના, અજ્ઞાન અને મૃત્યુના પ્રશ્નનું સાચું નિરાકરણ એ નથી કે વ્યક્તિ પોતાનો આત્મ-વિલોપ સાધીને આ પૃથ્વીની વેદનામાંથી નાસી છૂટે અને અવ્યક્તની અંદર

ભળી જાય. અથવા તો આખીયે સૃષ્ટિ પોતાની વેદનામાંથી છૂટવા માટે પોતાના સર્જનહારમાં સદાને માટે આખી ને આખી લય પામી જાય એ પણ આ પ્રશ્નનું ખરું નિરાકરણ નથી. આવી રીતનો લય એ એક શંકાસ્પદ નિરાકરણ છે. આ તો જગતનો રોગ મટાડવાને માટે જગતને પોતાને જ મારી નાખવા જેવું થાય છે. જગતના પ્રશ્નનું સાચું નિરાકરણ છે રૂપાંતર, જગતમાંના જડતત્ત્વની એક સંપૂર્ણ કાયાપલટ. પ્રકૃતિ પોતાની પૂર્ણતા પ્રત્યે આદરેલી ગતિમાં એક ઊંચી ને ઊંચી દિશામાં આરોહણ કરી રહેલી છે. એ આરોહણને જ આપણે હજી આગળ ને આગળ વધારતા જવાનું છે, પૃથ્વી ઉપર એક નવી માનવજાતિનું સર્જન કરવાનું છે. અને એ રીતે આ જગતનું રૂપાંતર, જડતત્ત્વની સંપૂર્ણ કાયાપલટ સાધી શકાશે. અત્યારના માનવ અને પશુની વચ્ચે વિકાસનો જે ફેર રહેલો છે તેવો જ ફેર આ ભાવિની નવી માનવજાતિ અને અત્યારના માનવની વચ્ચે હશે. એ નવી માનવજાતિ પૃથ્વી ઉપર એક નવી શક્તિને, એક નવી ચેતનાને, નવા બલને આવિર્ભાવ આપશે. આ ઘટના બનશે ત્યારે જગતમાં એક નવી કેળવણીનો આરંભ થશે. એ કેળવણીને આપણે અતિમનસની કેળવણી કહી શકીશું. એ કેળવણીમાં એક સર્વશક્તિમાન ક્રિયાશક્તિ હશે, અને એ શક્તિ દ્વારા તે વ્યક્તિઓની ચેતના ઉપર કામ કરશે, એટલું જ નહિ, પણ વ્યક્તિઓ જે તત્ત્વની બનેલી છે તે તત્ત્વ ઉપર પણ તે કામ કરશે, માણસો જે પરિસ્થિતિની અંદર જીવી રહેલા છે તે પરિસ્થિતિ ઉપર પણ તે પોતાનું કાર્ય કરશે.

આપણે અત્યાર સુધી જે કેળવણીનો વિચાર કરી ગયા તેની ગતિ નીચેથી ઉપરની દિશા પ્રત્યે થાય છે. આપણા સ્વરૂપના જુદા જુદા ભાગો એક ઊર્ધ્વ આરોહણ સાધે છે. અતિમાનસ કેળવણી આથી ઊલટી રીતે કામ કરશે. તેની ગતિ ઉપરથી નીચે તરફ રહેશે. વ્યક્તિમાં રહેલાં જુદાં જુદાં સ્વરૂપો ઉપર તે પોતાનો પ્રભાવ એક પછી એક વિસ્તારતી જશે અને એમ કરતાં કરતાં તે વ્યક્તિની અંદરનું છેવટનું તત્ત્વ, સ્થૂલ શરીર ત્યાં સુધી પોતાનો પ્રભાવ સ્થાપિત કરશે. વ્યક્તિનું આ છેવટનું રૂપાંતર તો તેની અંદરનાં તત્ત્વો સારું એવું રૂપાંતર પામશે ત્યાર પછી જ આપણને દેખી શકાય તેવી રીતે સિદ્ધ થશે એટલે અતિમનસ તત્ત્વની હાજરી અહીં આપણી વચ્ચે છે કે નહિ તેનો નિર્ણય સ્થૂલ દેખાવોને આધારે કરવા બેસવું એમાં ભૂલ થશે. સ્થૂલ શરીરનું રૂપાંતર તો સૌથી છેલ્લે થશે. શારીરિક જીવનની અંદર અતિમાનસ શક્તિનું કોઈ કાર્ય પ્રગટ રીતે જોઈ શકાય તે પૂર્વે વ્યક્તિની અંદર તે કેટલાયે વખતથી કાર્ય કરતી રહેલી હોય છે.

અર્થાત્, અતિમાનસની કેળવણી માનવ પ્રકૃતિનો ક્રમે ક્રમે વિકાસ સાધી આપશે, તેની ગૂઢ શક્તિઓને તે વધુ ને વધુ વૃદ્ધિ મેળવી આપશે. એટલું જ નહિ પણ, તે પ્રકૃતિને પોતાને જ એક નવા રૂપે બદલી આપશે. વ્યક્તિના સારાયે સ્વરૂપનું તે રૂપાંતર કરી આપશે, પૃથ્વી ઉપરની જીવયોનિને તે માનવક રતાંયે ઉપરની અને આગળની, અતિમાનવની દિશામાં એક નવું આરોહણ સધાવી અપાશે અને એમ કરતાં કરતાં છેવટે પૃથ્વી ઉપર તે માનવની દિવ્ય જાતિનો આવિર્ભાવ કરશે.

(બુલેટિન, ફેબ્રુઆરી ૧૯૫૨)

શિક્ષણનું એક નવું કેન્દ્ર

(૧)

પૃથ્વી ઉપર માણસોને પોતાના જીવન માટે જે પરિસ્થિતિ મળે છે તે તેમની ચેતનાની અવસ્થાના પરિણામે સર્જાયેલી હોય છે. આ ચેતનામાં ફેરફાર કર્યા વિના માત્ર પરિસ્થિતિમાં ફેરફાર કરવાનો પ્રયત્ન કરવો એ એક વ્યર્થ સ્વપ્ન છે. માનવ જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં, આર્થિક, રાજકીય, સામાજિક વિષયોમાં, નાણાં, કેળવણી, આરોગ્ય આદિ બાબતોમાં ચાલુ હાલતને સુધારવા માટે શું થઈ શકે તેમ છે, યા તો શું થવું જોઈએ એ પરત્વે જે જે પુરુષોએ કાંઈક વિચારેલું છે તે બધી વ્યક્તિઓએ પોતાની ચેતનાને કોઈ વધુ ઓછી અસાધારણ કક્ષાએ પહોંચાડેલી હોય છે, અને પોતે ચેતનાના ઊર્ધ્વ પ્રદેશો સાથે સંપર્કમાં આવેલા હોય છે. પરંતુ એ લોકોના વિચારો અકંદરે તાત્ત્વિક રીતના જ રહેલા હોય છે, અને તે વિચારોના વ્યવહારમાં ઉતારવાના જો કદી પ્રયત્નો થયેલા હોય છે તો તે વહેલા મોડા બહુ દયાજનક રીતે નિષ્ફળ જ નીવડેલા હોય છે. કારણ, જ્યાં લગી માનવ ચેતના પોતે બદલાઈ નથી ત્યાં સુધી કોઈ પણ માનવ સંસ્થા સંપૂર્ણપણે બદલી શકાવાની નથી. નવી માનવજાતિના આગમનનો ઉદ્‌ઘોષ કરનાર કેટલાયે પયગંબરો જગતની અંદર આવી ગયા છે. કેટલાયે ધર્મો આધ્યાત્મિક રીતના યા તો સામાજિક રીતના જગતમાં ઊભા થયા છે, અને તેમના આરંભ સામે ઘણી ઘણી આશાઓ પણ ઊભી થયેલી છે. પરંતુ માનવજાતિ હજી કોઈ સાંગોપાંગ રીતે બદલાયેલી ન હોવાને લીધે, ખુદ માનવ પ્રકૃતિમાંથી

જ પ્રગટતી પુરાણી ભૂલો પાછી ક્રમેક્રમે દેખા દેતી રહેલી છે, અને થોડા વખત પછી જણાયું છે કે માનવજાતિએ આટલા બધા ઉત્સાહ અને આશાપૂર્વક જ્યાંથી શરૂઆત કરી હતી ત્યાં ને ત્યાં જ તે ઊભી રહેલી છે.

માનવ પરિસ્થિતિને સુધારવા માટેના આ પ્રયત્નોમાં હમેશાં બે પ્રકારનાં વલણો રહેલાં છે. એ વલણો આમ દેખીતી રીતે તો પરસ્પર વિરોધી વલણો લાગે છે, પણ વસ્તુતઃ તો એ બે વલણોએ એકબીજાનાં પૂરક તત્ત્વ બની રહેવાનું છે અને બંનએ ભેગાં મળીને પ્રગતિ સિદ્ધ કરવાની છે. આમાંનું એક વલણ તે સામુદાયિક દિશા તરફનું છે. આખી યે માનવજાતિનું સામૂહિક રીતે પુનઃસંગઠન કરવું, અને એમ કરતાં કરતાં માનવજાતિને સફળ રીતે એક એકતામાં પહોંચાડવી એ રીતે આ પ્રવૃત્તિનો હેતુ રહ્યો છે. આથી ઊલટું એક બીજું વલણ એમ કહે છે કે જગતમાં સારી યે પ્રગતિ પ્રથમ વ્યક્તિ દ્વારા સધાય છે, અને તેથી તે એવો આગ્રહ રાખે છે કે વ્યક્તિને એવી પરિસ્થિતિ મેળવી આપવી જોઈએ કે જેમાં તે સંપૂર્ણ મુક્તપણે પ્રગતિ કરી શકે. આ બંને વલણો સાચાં છે અને જરૂરનાં છે, અને આ બંને દિશામાં આપણે આપણા પ્રયત્નો વાળવાના છે. સામુદાયિક પ્રગતિ અને વ્યક્તિગત પ્રગતિ એ બંને પરસ્પરાવલંબી વસ્તુઓ છે. વ્યક્તિ પોતે એક આગે કદમ ભરી શકે તે પૂર્વે એ જરૂરી છે કે સામુદાયિક જીવનની અંદર જ તેના પુરોગામી તત્ત્વ જેવી કોઈ પ્રગતિ થઈ આવવી જોઈએ. એટલે આપણે કોઈ એવો માર્ગ શોધી કાઢવાનો રહે છે કે જેથી આ બંને પ્રકારની, દ્વિવિધ પ્રગતિ એકબીજાની સાથે સાથે થઈ શકે.

માનવજાતિના આ વધતી જતી આવશ્યકતાના જવાબ રૂપે શ્રી અરવિંદે પોતાની આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીની યોજના વિચારી હતી. એમની એ કલ્પના હતી કે આવી યુનિવર્સિટી દ્વારા માનવજાતિની અંદર એક ઉત્તમ માનવવર્ગ ઊભો થશે. એ માર્ગ માનવજાતિના ક્રમશઃ એકીકરણ માટે કાર્ય કરી શકશે અને સાથે સાથે, પૃથ્વીનું રૂપાંતર કરવા માટે નીચે આવી રહેલી એક નવી શક્તિને પોતામાં ધારણ કરવા માટે પણ તે તૈયાર બનશે. આ યુનિવર્સિટીનું સંયોજન કયા પાયા ઉપર થશે, તેના અભ્યાસક્રમો કેવી રીતે રચાશે તે અંગે માર્ગદર્શન રૂપે થોડા મુખ્ય વિચારો અમો અહીં રજૂ કરીએ છીએ. એ વિચારોમાંથી ઘણાખરા તો શ્રી અરવિંદનાં વિવિધ લખાણોમાં તેમ જ આ પત્રિકામાં આવેલા કેળવણી વિષેના લેખોમાં આ પૂર્વે વિચારાઈ ગયેલા છે.

આ વિચારોમાં સૌથી મહત્ત્વનો વિચાર આ પ્રમાણે છે. માનવજાતિની એકતા તે માનવજાતિને કોઈ એક જ રૂપની કરી દેવાથી નહિ આવી શકે,

અથવા તો માનવજાતિ ઉપર એ એકતાને ઉપરથી લાદીને તેમ જ માનવજાતિને તેને આધીન બનાવીને પણ તે નિપજાવી નહિ શકાશે. આ એકતાનું નિર્માણ કરવાને જગતના સર્વ દેશોનું એક સમન્વયાત્મક સંગઠન ઊભું કરવું જોઈશે. એ સમન્વિત સંગઠનની અંદર હરેક રાષ્ટ્ર પોતાની પ્રતિભા અનુસાર, તેમ જ રાષ્ટ્ર સમસ્તમાં તેણે પોતે જે ભાગ ભજવવાનો હશે તે અનુસાર પોતાનું સ્થાન લેશે. જગતનાં રાષ્ટ્રોનું આવી રીતનું એક સંગઠન કરીને જ જગતમાં એક વ્યાપક અને વૃદ્ધિમાન એકતાનું નિર્માણ થઈ શકશે. અને આવી રીતે નિપજાવેલી એકતા જ કંઈ ટકી શકવાનો સંભવ રહે છે. વળી આ રાષ્ટ્રસમન્વયને જો એક જીવંત વસ્તુ બનાવવી હશે તો પછી જગતનાં સર્વ રાષ્ટ્રોને એક ઉચ્ચમાં ઉચ્ચ અને વિશાળમાં વિશાળ એવા એક કેન્દ્રસ્થ વિચારની આસપાસ એકત્ર કરવાં જોઈશે. એ કેન્દ્રસ્થ વિચારમાં માનવજાતિનાં સર્વ વલણોને, એકબીજાથી તદ્દન ઊલટાં વલણોને પણ, પોતપોતાનું સ્થાન મળી રહેશે. આ કેન્દ્રસ્થ વિચાર આ રીતનો હશે : માનવજાતિને એક એવી રીતના જીવનમાં મૂકી આપવામાં આવે કે જેમાં રહી તે જગતમાં આવનારી એક નવી શક્તિના આવિર્ભાવને માટે તૈયાર બનવા લાગે. આ નવી શક્તિ જગતમાં આવવાની છે અને આવતી કાલની માનવજાતિનું સર્જન કરી આપવાની છે.

જગતના આ નૂતન સર્જન માટે માનવમાંથી સ્પર્ધા માત્ર ચાલી જવી જોઈશે. પોતે આગળનું સ્થાન લેવું, બીજા ઉપર પોતાની સત્તા જમાવવી આ વૃત્તિ પણ માનવમાંથી નિર્મૂળ થઈ જવી જોઈશે. અને આ વૃત્તિઓને બદલે માનવજાતિનું એક સંવાદભરેલું સંગઠન ઊભું થાય, માનવની અંદર એક સ્પષ્ટ દૃષ્ટિપૂર્વકનો અને અસરકારક એવો સહકાર ઊભો થાય, તે માટેનો સંકલ્પ એકેએક માનવમાં જાગૃત થવો જોઈએ. આ વસ્તુને શક્ય કરવા માટે બાળકોને છેક નાની વયથી જ આ વિચારથી પરિચિત કરવાં જોઈએ, એટલું જ નહિ પણ તે વિચારને જીવનમાં મૂર્ત કરવાના પ્રયત્નોમાં પણ તેમને શામિલ કરવાં જોઈએ.

આ મહા વિચારોને આકાર આપવા માટે આ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી કેન્દ્ર ઊભું થઈ રહ્યું છે. આ સંસ્થાની આંતરરાષ્ટ્રીયતા શામાં હશે ? બેશક, અહીં સર્વ દેશોના વિદ્યાર્થીઓ આવશે, એ વિદ્યાર્થીઓને તેમની માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવશે. પરંતુ એટલા કારણે આ યુનિવર્સિટી આંતરરાષ્ટ્રીય નહિ બની શકે. આ સંસ્થાની આંતરરાષ્ટ્રીયતા તો એમાંથી આવશે કે પૃથ્વી ઉપરના જુદા જુદા પ્રદેશોની સંસ્કૃતિઓ અહીં

ભેગી થશે. એ સંસ્કૃતિઓનાં બૌદ્ધિક તત્ત્વો, વિચારો, સિદ્ધાંતો, ભાષાઓ અહીં સૌને સુલભ થશે, એટલું જ નહિ, પરંતુ એ સર્વનો જીવનવ્યવહાર – તેમના રીતરિવાજો, ટેવો, તે સર્વની કળાઓ ચિત્ર, શિલ્પ, સંગીત, સ્થાપત્ય, સુશોભન — અહીં રજૂ થશે, તેમ જ એ સંસ્કૃતિનું બાહ્ય જીવન — તેનું પ્રાકૃતિક સૌન્દર્ય, તેનો પોશાક, રમતગમતો, ઉદ્યોગો, ખોરાક એ બધું પણ અહીં સુલભ બનશે. કહો કે અહીં એક પ્રકારનું વિશ્વ-પ્રદર્શન ઊભું થશે, અને તેમાં જગતનાં સર્વ રાષ્ટ્રોને એક જીવંત અને મૂર્ત રીતે રજૂ કરવામાં આવશે. આમાં આદર્શ તો એવો છે કે જે જે દેશની સંસ્કૃતિએ એક નિશ્ચિત પ્રકારનું રૂપ લીધેલું હશે તેને પોતપોતાનો એક શિબિર આપવામાં આવશે. એ શિબિર એવી રીતે રચવામાં આવશે કે તેમાં એ દેશનો સર્વ જીવનવ્યવહાર ઉત્તમમાં ઉત્તમ રીતે રજૂ થયેલો હશે. એ દેશની સૌથી વિશેષ પ્રતિનિધિ રૂપ જે જે પેદાશો હશે, કુદરતી તેમ જ માણસે બનાવેલી, તે તેમાં મૂકવામાં આવશે. વળી એ દેશની બૌદ્ધિક તેમ જ કલાપ્રતિભાનાં, તથા તેની આધ્યાત્મિકતાનાં જે જે ઉત્તમ સર્જનો હશે તે પણ તેમાં રજૂ થશે. આવી રીતના સાંસ્કૃતિક સમન્વયની અંદર પ્રત્યેક રાષ્ટ્રને એક મૂર્ત અને વ્યવહારુ રીતનો રસ માલૂમ પડશે અને પોતાને મળેલા શિબિરનો હવાલો સંભાળી લઈને એ કાર્યમાં તે પોતાનો સહકાર આપશે. આ શિબિરની સાથે જરૂર પ્રમાણે નાનું કે મોટું એવું એક નિવાસગૃહ પણ બનાવવામાં આવશે, અને તેની અંદર એક જ રાષ્ટ્રના વિદ્યાર્થીઓને રહેવાની સવડ મળશે. એ રીતે આ વિદ્યાર્થીઓ પોતાની માતૃભૂમિની મૂળ સંસ્કૃતિનો આનંદ માણશે અને સાથે સાથે કેન્દ્રની અંદર તેમને એવી કેળવણી મળશે કે જે દ્વારા તેઓ પૃથ્વી ઉપરની અન્ય સંસ્કૃતિઓના પરિચયમાં પણ આવી શકશે. આ પ્રમાણે આ આંતરરાષ્ટ્રીય કેળવણી તે માત્ર સૈદ્ધાંતિક રીતની નહિ રહે, શાળાના ઓરડામાંની જ નહિ રહે, પરંતુ જીવનની સર્વ વિગતોમાં તે એક વ્યવહારુ રૂપની કેળવણી બનશે.

આ રીતે આ સંસ્થાનો એક વ્યાપક વિચાર અહીં આપવામાં આવે છે. આ વિચાર હવે વ્યવહારમાં કેવું વિગતવાર સ્વરૂપ લે છે તેની માહિતી જેમ જેમ એ સંસ્થા આકાર લેતી જશે તેમ તેમ ક્રમે ક્રમે આ પત્રિકામાં આપવામાં આવશે.

ત્યારે, આ યુનિવર્સિટીનું પ્રથમ લક્ષ્ય આ પ્રમાણેનું હશે. આ યુનિવર્સિટી વ્યક્તિઓને પોતપોતાના રાષ્ટ્રની મૂળ પ્રતિભા વિષે સજ્ઞાન કરશે, અને સાથે સાથે બીજાં રાષ્ટ્રોની જીવનપદ્ધતિના પરિચયમાં પણ તેમને મૂકી આપશે,

અને એ રીતે વ્યક્તિઓ પૃથ્વી ઉપરના સર્વ દેશોના સાચા આત્માને જાણી શકશે અને તેમના પ્રત્યે સમાન રીતે માનભાવ કેળવી શકશે. જે કોઈ વિશ્વ-સંસ્થા સાચી રીતે વિશ્વ-સંસ્થા બનવા માગતી હોય, અને પોતે જગતમાં ટકી રહેવા માગતી હોય, તેણે પોતાનું મંડાણ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે અને વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના પરસ્પર માનભાવ અને અન્યોન્યની સમજણ ઉપર જ કરવું જોઈશે. માનવજાતિ આમ જ્યારે એક સામુદાયિક તંત્રમાં અને સંગઠનમાં ભેગી થશે, પરસ્પરની શુભેચ્છા ઉપર રચાયેલા સહકારની અંદર જોડાશે ત્યારે જ, તે તેની અત્યારની દુઃખદ અંધાધૂંધીની દુર્દશામાંથી બહાર નીકળી શકશે. યુનિવર્સિટી કેન્દ્રની અંદર માનવ જીવનના સર્વ પ્રશ્નોનો અભ્યાસ આ રીતની દૃષ્ટિથી અને આ રીતની ભાવનાથી કરવામાં આવશે, અને શ્રી અરવિંદે પોતાનાં લખણોમાં જે અતિમાનસ જ્ઞાનનો પ્રકાશ આપેલો છે તે મુજબ આ પ્રશ્નોનું નિરાકરણ આપવામાં આવશે.

(બુલેટિન, એપ્રિલ ૧૯૫૨)

(૨)

શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીમાં જે કેળવણી અપાશે તેની પાછળ કયા સિદ્ધાંતો હશે તેની ચર્ચા કરતાં અમે કહી ગયા કે જગતના આ રાષ્ટ્ર-સમુદાયમાં દરેક રાષ્ટ્ર તેનું પોતાનું આગવું સ્થાન લેશે, તેનો પોતાનો વિશિષ્ટ ભાગ ભજવશે.

પરંતુ આનો અર્થ એમ નથી કરવાનો કે દરેક રાષ્ટ્ર પોતાનું સ્થાન પોતાને મનફાવતી રીતે, પોતાની મહત્ત્વાકાંક્ષા મુજબ, પોતાની લોભવૃત્તિ મુજબ પોતે જ નક્કી કરશે. જગતમાં કોઈ પણ દેશને માટે શું કાર્ય નિર્માયેલું છે તેનો નિર્ણય મનોમય રીતે નહિ થઈ શકે, બાહ્ય ચેતનામાં રહેલા, અહંકાર અને અજ્ઞાનની આસપાસ ઊભા થયેલા રાગદ્વેષના આધારે નહિ થઈ શકે. એમ થાય તો તો પછી દેશો વચ્ચેના સંઘર્ષનું માત્ર ક્ષેત્ર બદલાય, પણ એ સંઘર્ષ તો ચાલુ જ રહે અને કદાચ વધુ તીવ્ર રૂપ પણ લે.

વ્યક્તિને જેવી રીતે અંતરાત્મા હોય છે તેવી રીતે પ્રત્યેક રાષ્ટ્રને પણ તેનો અંતરાત્મા હોય છે. આ અંતરાત્મા એ જ વ્યક્તિનું સાચું સ્વરૂપ હોય.

છે અને તેના ભાગ્યને તે જ વત્તીઓછી પ્રગટ રીતે દોરતો હોય છે. તેવું જ રાષ્ટ્રની બાબતમાં પણ બને છે. રાષ્ટ્રનું સાચું સ્વરૂપ પણ તેનો જે અંતરાત્મા છે તેમાં જ રહેલું છે. એ અંતરાત્મા રાષ્ટ્રના ભાવિને પરદા પાછળ રહ્યાં રહ્યાં ઘડે છે. એ અંતરાત્મા જ રાષ્ટ્રનો પ્રાણ હોય છે. રાષ્ટ્રની પ્રતિભા, પ્રજાનો જોસ્સો, રાષ્ટ્રની અભીપ્સાઓનું કેન્દ્ર, દેશના જીવનમાં રહેલા સુંદર, ઉદાર, ઉદાત્ત, મહાન તત્ત્વોનું મૂળ આ અંતરાત્મા હોય છે. જે સાચા દેશભક્તો હોય છે તેઓ આ અંતરાત્માની હાજરીને બરાબર અનુભવી શકે છે, એ તેમને માટે એક જીવતી સ્પર્શક્ષમ વાસ્તવિકતા હોય છે. હિંદમાં આ અંતરાત્માને લગભગ એક દેવતાનું રૂપ આપવામાં આવેલું છે. એ દેશને સાચા હૃદયથી ચાહનાર લોકો એને 'ભારત માતા'ના નામથી સંબોધે છે, અને એ દેવી સમક્ષ તેઓ પોતાના દેશના કલ્યાણ માટે હમેશાં પ્રાર્થના કરે છે. જગતમાં આ દેશ માટે જે કાર્ય નિર્માયેલું છે, આ દેશનો જે સાચો આદર્શ છે તે આ દેવી રૂપે મૂર્ત થયેલાં છે, આ દેવી એ આદર્શ તથા કાર્યની પ્રતીક છે.

હિંદના વિચારશીલ અને આધ્યાત્મિક પુરુષો તો એમ પણ ગણે છે કે ભારત માતા તે વિશ્વરૂપ મા ભગવતીનું જ એક સ્વરૂપ છે. શ્રી અરવિંદે રચેલા નીચેના 'દુર્ગા સ્તોત્ર'માં ભારતમાતાનું આ પ્રમાણેનું સ્વરૂપ જોવા મળે છે:

હે મા દુર્ગે! સિંહવાહિની! સર્વ શક્તિદાયિની! હે મા શિવપ્રિયે! તારા શક્તિના અંશમાંથી જન્મેલા અમે ભારતદેશના યુવકો તારા મંદિરે આવી પ્રાર્થના કરીએ છીએ; સાંભળ, મા! ભારતદેશમાં આવિર્ભાવ પામ, પ્રગટ થા.

હે મા દુર્ગે! જુગે જુગે માનવના દેહમાં અવતરી, જન્મે જન્મે તારું જ કાર્ય કરી તારા આનંદધામે અમે પાછા ફરીએ છીએ. આ વેળા પણ જન્મ લઈ અમે તારું જ કાર્ય કરવાનું વ્રત લીધું છે. સાંભળ, મા! ભારતદેશમાં આવિર્ભાવ પામ, સહાય થા.

હે મા દુર્ગે! સિંહવાહિની! ત્રિશૂલધારિણી! કવચધારિણી સુંદરદેહા! હે મા! જયદાયિની! ભારત તારી પ્રતીક્ષા કરી રહ્યું છે, તારી એ મંગલમયી મૂર્તિ જોવાને ઉત્સુક છે. સાંભળ, મા! ભારતદેશમાં આવિર્ભાવ પામ, પ્રગટ થા.

હે મા દુર્ગે! બલદાયિની! પ્રેમદાયિની! જ્ઞાનદાયિની! શક્તિસ્વરૂપિણી ભીમે! સૌમ્યરૌદ્રરૂપિણી! જીવનસંગ્રામમાં, ભારતસંગ્રામમાં અમે તારા પ્રેરેલા યોદ્ધા છીએ. આપ, હે મા, અમારા પ્રાણમાં અને મનમાં અસુરની શક્તિ, અસુરનો ઉદ્યમ; આપ, હે મા, હૃદય અને બુદ્ધિમાં દેવોનું ચારિત્ર, દેવોનું જ્ઞાન!

હે મા દુર્ગે ! જગતમાં શ્રેષ્ઠ ભારતજાતિ ઘન અંધકારમાં ઢળેલી હતી. તું મા ! ગગનપ્રાંતે ધીરે ધીરે ઉદય પામી રહી છે; તારા સ્વર્ગીય દેહની તિમિરવિનાશક આભાએ ઉષા પ્રગટી છે. તારી જ્યોતિનો વિસ્તાર કર, હે મા ! અંધકારનો વિનાશ કર.

હે મા ! દુર્ગે ! શ્યામલા ! સર્વસૌન્દર્યઅલંકૃતા ! જ્ઞાન, પ્રેમ અને શક્તિનો આધાર ભારતભૂમિ તારી વિભૂતિ છે; આજ સુધી એણે પોતાની શક્તિને અંતરમાં સંકેલી લઈને આત્મગોપન કર્યું હતું. હવે એ યુગ આવ્યો છે, એ દિન આવ્યો છે, ભાવિનો ભાર પોતાને સ્કંધે લઈ ભારતજનની ઊઠી છે. આવ, મા ! પ્રગટ થા.

હે મા દુર્ગે ! તારાં સંતાન અમે તારા પ્રસાદથી, તારા પ્રભાવથી મહાન કાર્યો માટે, મહાન ભાવો માટે યોગ્ય થઈએ. વિનાશ કર ક્ષુદ્રતાનો, વિનાશ કર સ્વાર્થનો, વિનાશ કર ભયનો.

હે મા દુર્ગે ! કાલીરૂપિણી ! નરમુંડમાલાધારિણી દિગંબરી ! ખડ્ગધારિણી દેવી અસુરવિનાશિની ! ક્રૂર નિનાદ કરી અંતઃસ્થ રિપુઓનો વિનાશ કર, જેથી એક પણ રિપુ જીવતો રહેવા ન પામે, અને અમે વિમળ અને નિર્મળ થઈએ. આ જ પ્રાર્થના છે; હે મા ! પ્રગટ થા.

હે મા દુર્ગે ! સ્વાર્થ, ભય અને બીજી ક્ષુદ્ર વૃત્તિઓને લીધે ભારત ગરી રહ્યું છે. અમને મહાન બનાવ, અમને મહત્પ્રયાસી બનાવ ઉદારચેતા બનાવ, સત્યસંકલ્પ બનાવ, કે જેથી કરીને અમે ક્ષુદ્ર આકાંક્ષાવાળા, નિશ્ચેષ્ટ, આળસુ અને ભયભીત ન બનીએ.

હે મા દુર્ગે ! યોગશક્તિનો વિસ્તાર કર. અમે આર્યસંતાન તને પ્રિય છીએ. લુપ્ત થયેલી વિદ્યા, ચારિત્ર, મેધાશક્તિ, ભક્તિશ્રદ્ધા, તપસ્યા, બ્રહ્મચર્ય અને સત્યજ્ઞાનનો અમારામાં વિકાસ કરી જગતમાં તેનો વિસ્તાર કર. માનવને સહાય કરવા માટે, હે દુર્ગતિનાશિની જગદંબા ! તું પ્રગટ થા.

હે મા દુર્ગે ! અંતઃસ્થ શત્રુઓનો સંહાર કરી બહારની બાધાઓને અને વિઘ્નોને નિર્મૂળ કર. બળશાળી, પરાક્રમી અને ઉન્નતચિત્ત પ્રજા ભારતનાં પવિત્ર અરણ્યોમાં, ફળદ્રુપ ક્ષેત્રોમાં, ગગનસહચર પર્વતોનાં તલોમાં, પુણ્યસલિલ સરિતાઓને તીરે, એકતામાં, પ્રેમમાં, સત્યમાં, શક્તિમાં, શિલ્પમાં, સાહિત્યમાં, પરાક્રમમાં અને જ્ઞાનમાં સર્વશ્રેષ્ઠ બની નિવાસ કરો ! માનાં ચરણમાં આ જ પ્રાર્થના છે, મા ! પ્રગટ થા.

હે મા દુર્ગે ! અમારા દેહમાં તું યોગબળથી પ્રવેશ કર. અમે તારું યંત્ર બનીશું, તારી અશુભ-સંહારક તલવાર બનીશું, તારો અજ્ઞાન-વિનાશક પ્રદીપ થઈશું. ભારતના યુવકગણની આ અભિલાષા પૂર્ણ કર. યંત્રી બનીને યંત્ર ચલાવ, અશુભહંત્રી બનીને તલવાર ઘુમાવ, જ્ઞાન-દીપ્તિપ્રકાશિની બનીને દીપક ધર, મા ! પ્રગટ થા.

હે મા દુર્ગે ! તને પામ્યા પછી ફરી અમે તારું વિસર્જન કરવાના નથી. શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમને દોરે તને બાંધી રાખીશું. આવ, હે મા ! અમારાં મન, પ્રાણ અને શરીરમાં પ્રગટ થા.

હે વીરમાર્ગપ્રદર્શિની ! આવ, હવે અમે તારું વિસર્જન કરવાના નથી. અમારું અખિલ જીવન અખંડ દુર્ગાપૂજારૂપ બનો ! અમારાં સર્વ કાર્યો અસ્ખલિત, પ્રેમમય, શક્તિમય માતૃસેવાના વ્રતરૂપ બનો. આ જ છે પ્રાર્થના, હે મા ! ભારતદેશમાં આવિર્ભાવ પામ, પ્રગટ થા. *

આપણે ઇચ્છીએ કે જગતના બીજા દેશોમાં પણ પોતાના રાષ્ટ્રના આત્મા પ્રત્યે આ જ પ્રમાણેની પૂજ્ય બુદ્ધિ પ્રગટે, એ દેશોના જે ઉત્તમોત્તમ આદર્શો હોય તેને આવિર્ભાવ આપવા માટેનાં યોગ્ય કરણો બનવાને આવી જ અભીપ્સા જાગે, પ્રગતિ અને પૂર્ણતા માટે આવો જ ઉત્સાહ જન્મે. એમ થતાં દરેક પ્રજા પોતાના રાષ્ટ્ર-આત્મા સાથે એકરૂપતા મેળવશે, પોતાની સાચી પ્રકૃતિને તથા પોતાના સાચા કાર્યને સમજશે. અને એ રીતે, માનવના ઇતિહાસમાં ભલે ગમે તેવા અકસ્માતો થતા રહે છતાં હરેક માનવ એક પ્રાણવાન અને અમૃતત્વને ધારણ કરનાર વ્યક્તિ બની રહેશે.

(બુલેટિન, ઑગસ્ટ ૧૯૫૨)

---

* શ્રી અરવિંદ કૃત મૂળ બંગાળી સ્તોત્રનો શ્રી પૂજાલાલે કરેલો ગુજરાતી અનુવાદ.

(૩)

નવા આવનારાઓને સલાહ

આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી કેન્દ્ર ધીરે ધીરે રચાઈ રહ્યું છે. એને માટે બંધાનારાં નવાં મકાનો જ્યારે તૈયાર થશે ત્યારે તેમાં આ કેન્દ્ર શરૂ કરવામાં આવશે. એ મકાનો માટેના પ્લાન તૈયાર થઈ ગયા છે. એ મકાનો તૈયાર થાય ત્યાં સુધી હમણાં તો અમુક વિભાગો, જેવા કે પુસ્તકાલય, વાચનાલય તેમ જ થોડાએક વર્ગો જૂનાં મકાનોમાં જ શરૂ કરાયા છે. આ જૂનાં મકાનોને પાડી નાખીને તેને સ્થાને નવાં મકાનો બંધાશે. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ હવે આવવા લાગ્યા છે. કેટલાક પરદેશથી પણ આવ્યા છે. એમને માટે અહીંનાં હવાપાણી તથા આ દેશના રીતરિવાજો તદ્દન નવી વસ્તુઓ છે. આ આગન્તુકો આશ્રમમાં પહેલી વાર આવતા હોય છે અને આશ્રમનું જીવન તથા તેની રીતરસમો વિષે તેમને કશી ખબર હોતી નથી. કેટલાક અહીં સેવા કરવાની યા તો જ્ઞાન મેળવવાની માનસિક અભીપ્સા લઈને આવ્યા હોય છે તો કેટલાક યોગ કરવાની, પ્રભુ મેળવવાની, પ્રભુ સાથે મિલન સાધવાની આશાપૂર્વક આવેલા હોય છે. કેટલાક વળી એવા પણ હોય છે કે જેમને પૃથ્વી ઉપર પ્રભુના કાર્ય માટે પોતાનું પૂર્ણ સમર્પણ કરવાની ઇચ્છા હોય છે. આ બધા પોતાના અંતરાત્માની પ્રેરણાથી દોરાઈને આવતા હોય છે. એ અંતરાત્મા તેમને આત્મ-સાક્ષાત્કાર પ્રત્યે લઈ જવા માગતો હોય છે, તેમનામાં એ અગ્રભાગે આવીને બેઠેલો હોય છે, તેમની ચેતના ઉપર એનું શાસન હોય છે. બીજાં માણસો તથા વસ્તુઓ સાથેનો તેમનો સંપર્ક અંતરાત્મામાંથી રચાતો હોય છે. આવા આગન્તુકોને અહીં દરેક વસ્તુ સરસ અને સુંદર લાગે છે. તેમની તબિયત સારી થવા લાગે છે, તેમની ચેતના વધારે સ્પષ્ટ થવા લાગે છે, તેમને એક પ્રકારની શાંતિ, સુખ અને સલામતીનો અનુભવ થાય છે. તેમને લાગે છે કે પોતાની ચેતનાની મોટામાં મોટી શકયતાઓ તેમણે હવે સિદ્ધ કરી છે. અંતરાત્માના સ્પર્શમાંથી મળતી આ શાંતિ, સભરતા અને આનંદ તેમને હવે સ્વાભાવિક રીતે જ હરેક સ્થળે, હરેક વસ્તુમાં, હરેક વ્યકિતમાં દેખાવા લાગે છે. અને આને લીધે, અહીં વ્યાપ્ત રહેલી તથા હરેક વસ્તુનો વિકાસ રચી રહેલી સત્ય ચેતના પ્રત્યે તેઓ ખુલ્લા બને છે. આ

ખુલ્લાપણું ટકી રહે છે ત્યાં સુધી તેમનામાં શાંતિ, સભરતા અને આનંદ બરાબર ભરેલાં રહે છે, અને તેમાંથી તરત નીપજતાં પરિણામો પણ ચાલુ રહે છે. તેમની પ્રગતિ થતી રહે છે, તેમના શરીરની તંદુરસ્તી અને સ્વસ્થતા બરાબર રહે છે. તેમના પ્રાણમાં શાંતિ અને શુભેચ્છા આવે છે, તેમના મનમાં સ્પષ્ટ સમજશકિત અને વિશાળતા આવે છે, અને તેમની આખી યે ચેતનામાં એક સુરક્ષિતતા અને તૃપ્તિનો ભાવ પ્રગટે છે. પરંતુ મનુષ્યને માટે પોતાના અંતરાત્મા સાથેનો સંપર્ક અખંડ ટકાવી રાખવો એ એક વિકટ કામ છે. થોડા સમય બાદ નવી આવનાર વ્યકિત જ્યારે અહીં ઠરીને સ્થિર થાય છે, નવા અનુભવની તાજગી ઝાંખી બનવા લાગે છે ત્યારે તેનામાંનો જૂનો માણસ પાછો સપાટી ઉપર આવવા લાગે છે. અહીં આવી રહેલી વ્યકિતના જૂના વ્યકિતત્વની બધી ટેવો, પસંદગીઓ, નાનાં નાનાં ગાંડપણ, ખામીઓ, ગેરસમજૂતીઓ એ બધું પાછું તેની ચેતનામાં ઉપર તરી આવે છે. એનામાં સ્થપાયેલી શાંતિને સ્થાને હવે બેચેની આવીને બેસે છે, એનો આનંદ અદશ્ય થઈ જાય છે, એની સમજશકિત ધૂંધળી થઈ જાય છે. આ જગા પણ બીજી જગાઓ જેવી જ છે એ લાગણી તેનામાં પાછી ધીરે ધીરે દાખલ થવા લાગે છે, કારણ કે તે હવે બીજે સ્થળે હતો તેવો જ પાછો બની ગયેલો હોય છે, તેના પોતાનામાં કેટલું કામ થયેલું છે તેના ઉપર નજર ન રાખતાં તે હવે જે કામ થવાનું બાકી રહેલું છે તેના તરફ જ પોતાની દષ્ટિ વધુ ને વધુ, કહો કે સર્વાંશે માંડી રાખે છે. આ નવો સાધક હવે ઉદાસ બની જાય છે, અસંતુષ્ટ થઈ જાય છે, પોતાનો વાંક કાઢવાને બદલે તે બીજાઓનો, બીજી વસ્તુઓનો વાંક કાઢવા લાગે છે. અહીં તો પૂરતી સગવડો નથી, અહીંનાં હવાપાણી અસહ્ય છે, ખોરાક સારો નથી, અપચો કરે તેવો છે એવી એવી ફરિયાદો તે કરવા લાગે છે. ઊલટું, આ ફરિયાદો કરવામાં તો તે શ્રી અરવિંદનો આધાર લઈ આવે છે. શ્રી અરવિંદે શું એમ નથી કહેલું કે શરીર એ તો યોગ માટેનો એક અનિવાર્ય એવો આધાર છે, એના તરફ બેદરકારી ન રાખતાં ઊલટું તેની ખૂબ જ સંભાળ લેવી જોઈએ. અને એમ કહીને સાધકની શારીરિક ચેતના કેવળ શરીરની બાબતોમાં જ તલ્લીન બની જાય છે, અને શરીરને સંતુષ્ટ કરવાના પ્રયત્ન કરે છે. અને આ કાર્ય તો લગભગ અશકય જેવું જ છે. કારણ કે, કદાચ અમુક અપવાદો સિવાય, મોટા ભાગનાં માણસોની બાબતમાં તો એવું જ બને છે કે શરીરને તમે જેટલું વધુ આપો છો તેથી વધુ તે માગ્યા જ કરે છે. વળી, માણસની શારીરિક ચેતના સામાન્ય રીતે અંધ અને અજ્ઞાન જ હોય

છે, તેનામાં અનેક ખોટા ખ્યાલો ભરેલા હોય છે, પહેલેથી બાંધેલા વિચારોથી, પૂર્વગ્રહોથી, પસંદગીઓ અને નાપસંદગીઓથી તે ભરેલી હોય છે. એ શરીર-ચેતના પોતે એકલી શરીર ઉપર અસરકારક રીતે કામ કરી શકતી નથી. સાચી વસ્તુ સાચી રીતે કેમ કરવી એ માટેનું જરૂરી જ્ઞાન તથા સ્પષ્ટ દૃષ્ટિ તો માત્ર અંતરાત્માની ચેતનામાં જ રહેલાં હોય છે.

તો હવે આવી સ્થિતિનો શો ઇલાજ હોઈ શકે? આપણે હવે એક દુષ્ટ ચક્રમાં ફરવા માંડીએ છીએ. આ આખી આપત્તિ ઊભી થવાનું કારણ એ છે કે આપણે અંતરાત્માથી છૂટા પડી ગયા છીએ અને આ પ્રશ્નોનું નિરાકરણ માત્ર અંતરાત્મા જ શોધી શકે તેમ છે. એટલે આમાં માત્ર એક જ ઇલાજ રહે છે : સાવધ રહો, અંતરાત્માને બરાબર વળગી રહો, તેને પૃષ્ઠભાગમાં પાછો ચાલ્યો જવા ના દેશો, તમારી ચેતનામાંની કોઈ પણ વસ્તુને તેની અને તમારી વચ્ચે સરી આવવા ના દેશો, અંતરાત્મા સિવાયનાં બીજાં સૂચનો પ્રત્યે તમારા કાન બંધ કરી દો અને કેવળ અંતરાત્મામાં જ તમારો વિશ્વાસ સ્થાપો.

સામાન્ય રીતે, માણસ જ્યારે અંતરાત્મા વિષે સભાન થાય છે ત્યારે તે પ્રાણનાં અને શરીરનાં આકર્ષણો તથા પ્રવૃત્તિઓમાંથી મુકત થવા તરફ વળવા લાગે છે. માણસને જગતમાંથી હઠી જવાનું મન થાય છે, અને ભગવાનના ધ્યાનમાંથી મળતા આનંદમાં, પ્રભુ સાથેના સતત સંપર્કમાંથી મળતી શાંતિમાં મગ્ન રહેવા માણસ ઝંખે છે. પરંતુ શ્રી અરવિંદના પૂર્ણયોગના સાધકો આવું વલણ ધરાવતા નથી. એમને જ્યારે અંતરાત્માનો સાક્ષાત્કાર થાય છે, તેની સાથે તેઓ એકતા પ્રાપ્ત કરે છે ત્યારે આ સાધકો અંતરાત્માને કહે છે કે તારી દૃષ્ટિ હવે તું અમારા શારીરિક સ્વરૂપ તરફ વાળ, પ્રભુ સાથેના નૈસર્ગિક સંપર્કમાંથી જન્મતી તારી અંતરાત્મિક ચૈત્ય ચેતના વડે એ શરીર-સ્વરૂપ ઉપર કામ કર, અને શરીરનું એવું તો રૂપાંતર કરી આપ કે પછી એ શરીર દિવ્ય ચેતના તથા તેના સંવાદને ઝીલવાને માટે તથા તેના આવિર્ભાવને માટે સમર્થ થાય.

આપણી અહીંની સાધનાનું લક્ષ્ય આ પ્રમાણેનું છે. આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી કેન્દ્રમાં વિવિધ વિષયોનો જે અભ્યાસ થશે તેનું છેવટનું પરિણામ પણ આ પ્રમાણેનું રહેશે.

એટલે આ યુનિવર્સિટીમાં જોડાવા આવનાર સૌ કોઈને હું ફરીથી આ વાત કહીશ : આપણો કાર્યક્રમ કદી ભૂલશો નહિ, જે ગહન પ્રયોજન લઈને

તમે અહીં આવ્યા છો તે કદી ભૂલશો નહિ. અને છતાં, તમારા સર્વ પ્રયત્ન છતાં પણ જો ક્ષિતિજ ઉપર અંધકાર છવાવા લાગે, તમારી આશા અને આનંદ ચાલ્યાં જાય, તમારો ઉત્સાહ મંદ થઈ જાય તો આટલું યાદ રાખજો કે એ વસ્તુ તમે અંતરાત્મામાંથી હઠી ગયા છો તથા અંતરાત્માના આદર્શ સાથેનો તમારો સંપર્ક છૂટી ગયો છે તેની નિશાની છે. અને આ તમને યાદ રહેશે તો પછી તમે બીજાઓ ઉપર તથા તમારી આસપાસની વસ્તુઓ ઉપર દોષ ઢોળવાની જે ભૂલ કરો છો, તથા એ રીતે કશા યે કારણ વિના તમારાં દુઃખ અને મુશ્કેલીઓમાં વધારો કરો છો તેમાંથી તમે બચી જશો.

(બુલેટિન, નવેમ્બર ૧૯૫૨)

ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિઓ

(૧)

અતિમનસના સાક્ષાત્કાર પ્રત્યે લઈ જાય એવી કેળવણીનું અનુશીલન કરવા માટે એક ચતુર્વિધ તપસ જરૂરનું છે તેમ જ અક ચતુર્વિધ મુક્તિ પણ મેળવવાની છે.

તપસને સામાન્ય રીતે દમન સાથે ભેળસેળ કરી દેવામાં આવે છે. જ્યારે તપસની વાત આવે છે ત્યારે આપણને કોઈ ત્યાગીની સાધનાનો ખ્યાલ આવે છે. આ ત્યાગી લોકો શરીરના જીવનને, પ્રાણ તથા મનના જીવનને આધ્યાત્મિક સ્વરૂપ આપવાના મહા કઠિન કાર્યથી દૂર રહેવા માગતા હોય છે અને તેથી તે એમ જાહેર કરી દે છે કે આ વસ્તુઓ — શરીર, પ્રાણ, મન રૂપાંતર પામી શકે તેમ નથી. ત્યાગી આ બધાંને હરેક રીતના આધ્યાત્મિક વિકાસમાં એક અર્થહીન બોજા રૂપ, બંધન અને જંજીર રૂપ સમજી તેમને નિષ્ઠુર રીતે બાજુએ હડસેલી દે છે અથવા કંઈ નહિ તો, આ શરીર, પ્રાણ તથા મનના જીવનને તે એક ન સુધરે તેવી ચીજ તો ગણે જ છે. તે એમ સમજે છે કે આ બધાં એક બોજો છે અને કુદરત યા તો પ્રભુની કૃપા મૃત્યુ દ્વારા તમને તેમાંથી મુક્ત ન કરે ત્યાં સુધી તે બોજાને તમારે બને તેટલા આનંદથી વહેવાનો છે. આ ત્યાગી માનસ વધુમાં વધુ માત્ર એટલું જ સ્વીકારે છે કે પૃથ્વી ઉપરનું આપણને મળેલું આ જીવન એ પ્રગતિ કરવા માટેનું માત્ર એક ક્ષેત્ર જ છે, અને માણસે તેમાંથી

બને તેટલો વધુમાં વધુ લાભ મેળવી લેવાનો પ્રયત્ન કરવાનો છે. માણસે આ પૃથ્વી ઉપર બને તેટલી ઝડપે એટલી પૂર્ણતા મેળવી લેવી જોઈએ કે જેમાં પછી આ જીવનની કોઈ જરૂર રહે જ નહિ, અને એ રીતે આ કસોટીમાંથી પૂરેપૂરા છૂટી જવાય. આ છે ત્યાગપ્રધાન માનસનું દૃષ્ટિબિંદુ.

પરંતુ આપણે માટે આ પ્રશ્ન જુદું જ રૂપ ધારણ કરે છે. પૃથ્વી ઉપરનું જીવન આપણે માટે માત્ર એક સાધન રૂપ જ નથી, કોઈ અન્ય સૃષ્ટિમાં પહોંચવા માટે માત્ર એક રસ્તો જ નથી. એ જીવનનું રૂપાંતર સાધી લઈને આપણે એ જીવનને જ આપણું લક્ષ્ય બનાવવાનું રહે છે, એક સાક્ષાત્કાર રૂપ બનાવવાનું રહે છે. આપણે જ્યારે તપસની વાત કરીએ છીએ ત્યારે તેની પાછળ શરીર પ્રત્યે તિરસ્કારનો ભાવ નથી હોતો, તેમાંથી આપણે છૂટા થઈ જવા નથી માગતા. આપણા ધ્યેયને સાધવા માટે આપણને આત્મ-સંયમની તથા આત્મ-પ્રભુત્વની જરૂર રહે છે અને તેટલા માટે જ આપણે તપસની માંગણી કરીએ છીએ. કારણ કે, જગતમાં એક બીજું પણ એવું તપસ છે કે જે ત્યાગીઓનાં તમામ તપસો કરતાં પણ એક ઘણું વિશેષ મહાન, વિશેષ સંપૂર્ણ અને કઠિન તપસ છે. આપણા પૂર્ણ રૂપાંતર માટે આ એક ઘણું આવશ્યક તપસ છે. એ ચતુર્વિધ તપસ વ્યક્તિને અતિમનસ સત્યના આવિર્ભાવ માટે તૈયાર કરે છે. આ રીતે જોતાં, દા. ત. આપણે કહી શકીએ કે શરીરની પૂર્ણતા માટે શારીરિક તપસની જરૂર પડે છે તેના જેવાં કઠણ તપ બીજાં ભાગ્યે જ હશે. પરંતુ આ વિષયનો વિચાર આપણે આગળ ઉપર કરીશું.

તપસના આ ચાર પ્રકારોનું વર્ણન શરૂ કરતાં પહેલાં હું એક મુદ્દા વિષે સ્પષ્ટતા કરવી અગત્યનું ગણું છું. એ છે કેટલીક ત્યાગપ્રધાન સાધનાઓ વિષેની આપણી સમજણ. મોટા ભાગના લોકોના મનમાં આ બાબતો અંગે ઘણી જ ગેરસમજણ તથા ગોટાળો પ્રવર્તતાં જોવામાં આવે છે, અને આ વસ્તુઓ તે આધ્યાત્મિક સાધના છે એમ ઘણા માની લે છે. આ ત્યાગપ્રધાન સાધનાઓમાં શરીર ઉપર બહુ જ દમન કરવામાં આવે છે, અને એ રીતે આત્માને શરીરમાંથી છૂટો કરી શકાય છે એમ કહેવામાં આવે છે. ખરું જોતાં તો આવી સાધના એ આધ્યાત્મિક સાધનાને અપાયેલું એક સ્થૂલ વિકૃત રૂપ છે. આ એક પ્રકારની દુઃખ માણવાની વિકૃત ભૂખ છે અને તેનાથી પ્રેરાઈને વૈરાગી માણસ આવું આત્મ-દમન કરવા લાગે છે. બાવાઓને આપણે ખીલાની પથારી ઉપર સૂતેલા જોઈએ છીએ, ખ્રિસ્તી સાધુઓ પોતાને મારવા માટે એક ચાબુક રાખે છે, પહેરવાને ગુણિયા કાપડ રાખે છે. આ વસ્તુઓની પાછળ એક પ્રકારનો ક્રૂરતાનો રસ જ હોય છે. જો કે

આ રસ આમ તો ગુપ્ત રીતનો જ હોય છે, એની કબૂલાત કોઈ કરતું નથી, તેમ જ તે કરાવી શકાય તેમ પણ નથી. ઉગ્ર સંવેદનો અનુભવવા માટેની આ એક રોગિષ્ઠ ઝંખના છે. માણસની અવચેતનાની એક ભૂખ છે. આ વસ્તુઓ ખરું જોતાં આધ્યાત્મિક જીવનથી બહુ જ વેગળી છે. એ સાવ હલકી, ઘૃણાસ્પદ, અંધકારમય અને રોગિષ્ઠ છે. આધ્યાત્મિક જીવન તો, આથી ઊલટું, પ્રકાશ અને સમતુલાથી ભરેલી વસ્તુ છે, સૌન્દર્ય અને આનંદથી સભર હોય છે. મનમાં અને પ્રાણમાં રહેલી, શરીર ઉપર લદાતી એક પ્રકારની ક્રૂરતાએ શરીરદમનની આ પદ્ધતિઓ શોધી કાઢેલી છે તેમ જ તેનાં ગુણગાન કરેલાં છે. પરંતુ આ ક્રૂરતા તમે તમારા પોતાના શરીર ઉપર આચરતા હો તોપણ છેવટે તો એ ક્રૂરતા જ રહે છે. અને તમામ ક્રૂરતા એક મહા અચેતનતાનું જ લક્ષણ છે. આવી અચેતન પ્રકૃતિવાળા માણસોને પ્રખર ઉગ્ર સંવેદનોની જરૂર હોય છે. એવાં ઉગ્ર સંવેદનો વિના પોતાને કોઈ અનુભવ થાય છે તેમ તે સમજી શકતા નથી. અને ક્રૂરતા એ એક પ્રકારનો પીડારસ હોઈ તે આવાં ઘણાં ઉગ્ર સંવેદનો અનુભવાવી શકે છે. આવી સાધનાઓ સંવેદન માત્રનો નાશ કરવા માગતી હોય છે. તે એમ માનતી હોય છે કે આ રીતે સંવેદનનો નાશ થઈ ગયા પછી શરીર આપણને આત્માની દિશામાં ઝડપથી જવાના માર્ગમાં વિઘ્ન રૂપ નહિ બને, પરંતુ આવી પદ્ધતિ સફળ થઈ શકે કે કેમ એ શંકાસ્પદ વસ્તુ જ છે. બાકી એ વાત તો જાણીતી છે કે તમારે જો જલદી પ્રગતિ કરવી હોય તો પછી મુશ્કેલીઓથી કદી પણ ડરવું ન જોઈએ, ઊલટું જ્યારે જ્યારે પ્રસંગ મળે ત્યારે કઠણ કામ કરવા માટે તમારે આસ તૈયાર રહેવું જોઈએ. અને એમ કરશો તો તેથી તમારી સંકલ્પશક્તિમાં વૃદ્ધિ થશે; તમારા જ્ઞાનતંતુઓ બળવાન બનશે. એમાં તો શક છે જ નહિ કે ત્યાગના અતિરેકોનો આશ્રય લઈ ભોગવિલાસના અતિરેકોની સામે લડવું, એ અતિરેકોમાંથી જન્મતા તપસની સામે લડવું અને એ રીતે આ ભોગવૃત્તિઓને નિર્મૂળ કરી નાખવી એ તો પ્રમાણમાં ઘણી સહેલી વસ્તુ છે. એના કરતાં એક મિતાચારવાળું, સમતોલ, સમતા અને સ્વસ્થતાવાળું જીવન ગાળવું એ ઘણું જ કઠણ કામ છે. પોતાના શરીર પર અત્યાચાર કરવો અને તેને શૂન્ય જેવું કરી મૂકવું તેના કરતાં એક સ્વસ્થ અને સરળ રીતે શરીરનો સંવાદમય અને પ્રગતિમય એવો વિકાસ રચવો એ કામ ઘણું જ કઠણ છે. પોતાનામાં ઘણી ત્યાગશક્તિ છે એવું બતાવી આપવા માટે બિચારા શરીરને તેને માટે અનિવાર્ય એવા પોષણથી તથા સ્વચ્છ ટેવોથી વંચિત રાખવું એ વસ્તુ પ્રમાણમાં ઘણી સહેલી છે, અને કોઈ પણ ઇચ્છા સેવ્યા વિના એક શાંત

સંયમિત જીવન ગાળવું એ આના કરતાં ઘણું વિકટ કામ છે. વળી શરીર માંદું પડે ત્યારે રોગ તરફ ઉપેક્ષા કરવી, તેની પરવા ન કરવી, અને રોગને તેનું વિનાશક કામ કરવા દેવું એ સહેલું છે, પરંતુ એમ ન કરતાં આંતર તેમ જ બાહ્ય એવી ઉભયવિધ સંવાદિતતા દ્વારા, વિશુદ્ધિ અને સમતુલા દ્વારા રોગને દૂર જ રાખવો, રોગ થાય તો તેમાંથી બહાર નીકળી જવું, તેને જીતી લેવો એ મહા વિકટ કામ છે; અને આ બધા કરતાં પણ ચેતનાને હમેશાં તેની શક્તિ ટોચ પર ટકાવી રાખવી અને શરીરને નીચલી વૃત્તિઓના પ્રભાવ હેઠળ કદી પણ કામ કરતું ન થવા દેવું એ તો અતિશય વિષમ કામ છે.

આ દૃષ્ટિ ધ્યાનમાં રાખીને આપણે હવે ચાર તપસનું અનુશીલન કરીશું, અને એ અનુશીલનમાંથી આપણને ચાર પ્રકારની મુક્તિ મળશે. આ અનુશીલન એક ચાર પ્રકારની સાધના યા તપસ્યાનું રૂપ લેશે, જેની વ્યાખ્યા નીચે મુજબ આપી શકાય :

(૧) પ્રેમની તપસ્યા
(૨) જ્ઞાનની તપસ્યા
(૩) શક્તિની તપસ્યા
(૪) સૌંદર્યની તપસ્યા

આમાં મૂકેલો ક્રમ તે ઉપરથી નીચેની દિશામાં જતો ક્રમ છે પરંતુ અહીં બતાવેલાં આ પગથિયાંનો અર્થ એમ નથી કરવાનો કે આ તપસ્યાઓ એકબીજા કરતાં ઊંચી વા નીચી છે, સરળ વા કઠણ છે. અથવા તો આ સૂચવેલા ક્રમ મુજબ જ એમનો અમલ કરવાનો છે. આ તપસ્યાઓનો ક્રમ, તેમનું મહત્ત્વ તેમ જ વિકટતા પ્રત્યેક વ્યક્તિ મુજબ જુદાં જુદાં હોઈ શકે છે. એ અંગે કોઈ છેવટનો નિયમ બનાવી શકાય તેમ નથી. દરેક વ્યક્તિએ પોતાની શક્તિ તેમ જ અંગત જરૂરિયાત મુજબ પોતાની તપસ્યાની પદ્ધતિ ઉપજાવી લઈ તેનો અમલ કરવાનો રહે છે.

અહીં તો અમે માત્ર આ બધાનો એક સર્વસામાન્ય એવો વિચાર કરીશું અને બને તેટલી સંપૂર્ણ એવી એક આદર્શ પદ્ધતિનું અત્રે નિરૂપણ કરીશું. આ સામાન્ય નિરૂપણને આધારે દરેક વ્યક્તિએ પોતે પોતાનાથી થાય તેટલી ઉત્તમ રીતે, અને શકય તેટલા વધુ પ્રમાણમાં આનો અમલ કરવાનો છે. સૌન્દર્યની સાધના વા તપસ્યા આપણને શરીરના તપના માર્ગે કર્મમાંની મુક્તિ પ્રત્યે લઈ જશે. એક સુંદર આકારવાળું, સંવાદમય અંગવિન્યાસવાળું, સૂક્ષ્મ ચપળ ગતિવાળું, બળવાન, પ્રવૃત્તિવાળું, તથા આરોગ્ય તેમ જ અવયવોની ક્રિયાઓમાં

રોગ વગેરે સામે વિરોધ કરવાની શક્તિવાળું એવું એક શરીર તૈયાર કરવું એ આ તપસ્યાનો પાયાનો કાર્યક્રમ રહેશે.

આ પરિણામો મેળવવા માટે આપણે સામાન્ય રીતે શરીરને અમુક ઇષ્ટ પ્રકારની ટેવો પાડીએ અને આપણા સ્થૂલ જીવનને વ્યવસ્થિત કરવામાં તે ટેવોની મદદ લઈએ તો ઘણું જ સારું થશે. કારણ, શરીરને આપણે જો કોઈ નિયમિત વ્યવહારના ચોકઠામાં મૂકી આપીએ છીએ તો તે પોતાનું કામ વધારે સરળતાથી કરે છે. પણ આપણે એ પણ ધ્યાન રાખવાનું કે આપણી ટેવો ભલે ગમે તેટલી સારી હોય તોપણ આપણે પાછા તેમના ગુલામ ન થઈ જઈએ. શરીરને આપણે વધુમાં વધુ ચપળ રાખવાનું છે, આપણે જ્યારે પણ જરૂર પડે ત્યારે આપણી ટેવો બદલી શકીએ તેમ હોવું જોઈએ.

શરીરના સ્નાયુઓને આપણે મજબૂત અને સ્થિતિસ્થાપક બનાવીએ, અને એ સ્નાયુઓમાં એવા તો પોલાદી જ્ઞાનતંતુઓ આપણે બાંધી લઈએ કે કોઈ અનિવાર્ય પરિસ્થિતિમાં ગમે તેટલો શ્રમ કરવાની શક્તિ આપણામાં આવી જાય. પરંતુ સાથે સાથે આપણે એ પણ ધ્યાનમાં રાખીએ કે શરીર પાસેથી જરૂર હોય તેથી લેશ માત્ર પણ વધુ શ્રમ ન લઈએ, શરીરની વૃદ્ધિ તથા વિકાસ માટે જેટલી શક્તિ ખરચવાની જરૂર હોય તેટલી જ શક્તિ શરીર પાસે ખરચાવીએ. જે કોઈ વસ્તુઓ શરીરને થકવી નાખે તેવી હોય, અને આગળ જતાં જેમાંથી શરીરનાં તત્ત્વોનો હ્રાસ તેમ જ ક્ષય થાય તેમ હોય તે તમામ સામે આપણે ખૂબ જ કડક ચોકીપહેરો રાખવો જોઈએ.

આપણે એક એવું શરીર રચવા માગીએ છીએ કે જે ઊર્ધ્વ ચેતના માટેનું એક બરાબર કરણ બની રહે. આવા શરીરની રચના કરવા માટે યોજાતી શારીરિક કેળવણી આપણી પાસે ઘણી કઠોર ટેવો માગી લે છે. શરીરનો આવો વિકાસ સાધવા માટે આપણી ઊંઘ, આહાર, શારીરિક વ્યાયામ તેમ જ સર્વ પ્રવૃત્તિઓમાં એક ઘણી મોટી નિયમિતતા આપણે સાધવાની છે. આપણે બહુ જ ઝીણવટપૂર્વક આપણા શરીરની જરૂરિયાતોનો અભ્યાસ કરીએ. વ્યક્તિએ વ્યક્તિએ આ જરૂરિયાતો જુદી જુદી હોય છે. અને એ જરૂરિયાતો મુજબ આપણા શરીરવિકાસ માટેનો એક સામાન્ય કાર્યક્રમ નક્કી કરીએ. આ કાર્યક્રમ એક વાર નક્કી થઈ જાય પછી તેને ખૂબ જ કડકપણે આપણે વળગી રહેવું જોઈએ, એનો ભંગ કરે તેવી કોઈ પણ ધૂન કે શિથિલતા આપણામાં આવવા ન દેવાં જોઈએ. 'આ એક વાર' કહી આપણે નિયમોનો જે અપવાદ રૂપે ભંગ થવા દઈએ છીએ તેવું લેશ પણ ન થવા દેવું જોઈએ.

આવા અપવાદ રૂપી નિયમભંગો પછી 'માત્ર એક વાર'થી અટકી જતા નથી. એ ભંગ વારંવાર થતા જ રહે છે. આ લાલચને તમે 'માત્ર એક વાર' નમતું આપો તેટલા માત્રથી પણ તમે તમારા સંકલ્પમાં રહેલી વિરોધની શક્તિને ઘટાડી નાખો છો. અને ભવિષ્યના અનેક પરાજયો માટેનાં બારણાં ખોલી નાખો છો. નિર્બળતા માત્ર સામે તમારે દાંત ભીંસીને આગળા વાસી દેવા જોઈએ. તમારા છાનાછપના રાત્રીવિહારો તમારે બિલકુલ અટકાવી દેવા જોઈએ. તમે જાણો છો કે એ તમારાં આનંદપર્યટનોને અંતે તમે કેવા તો ખલાસ થઈને પાછા ફરો છો. તમારા જઠરની કુદરતી ક્રિયાઓને ખલેલ પહોંચાડે એવી મિજબાનીઓ, જાફતો, ઠાંસીઠાંસીને ખાવું, આમાંનું તમારે કશું ન થવા દેવું જોઈએ. આમ તમારા આનંદ-વિનોદો કે બીજી પ્રવૃત્તિઓ કે જેમાંથી તમારી શક્તિનો માત્ર બગાડ જ થતો હોય અને જેને અંતે તમે તમારી નિત્ય સાધના માટે અત્યંત ઉદાસ કે અશક્ત બની જતા હો તે સર્વ તમારે સર્વથા વર્જ્ય ગણવાં જોઈએ. તમારા શરીરને શક્ય હોય તેટલું સંપૂર્ણ કરવાનું લક્ષ્ય રાખો અને તમારું સારુંયે ધ્યાન શરીર ઉપર એકાગ્ર કરી દો. આ માટે તમારે એક સમજદાર અને સુનિયંત્રિત પ્રકારનું જીવન ગાળવાની તપસ્યા આદરવાની રહે છે. તમારા આ આદર્શને પહોંચવા માટે તમારે હરેક પ્રકારના અતિરેકો, નાના મોટા તમામ દુર્ગુણો વર્જ્ય કરવા પડશે તંબાકુ, મદિરા વગેરે જેવાં ધીમાં વિષનું સેવન તમારે બંધ કરવું જોઈશે. આ વસ્તુઓનું સેવન કરતાં કરતાં માણસોને માટે તે જીવનની અનિવાર્ય જરૂર બની જાય છે, અને એ વસ્તુઓ પછી તેનું સેવન કરનારની સંકલ્પશક્તિનો તથા સ્મરણશક્તિનો ધીરે ધીરે નાશ કરી નાખે છે. આ ઉપરાંત શરીર અંગે એક બીજી વસ્તુ એવી છે કે જે ભૂલ તો બધાં જ માણસો, મોટામાં મોટા બુદ્ધિશાળી માણસો પણ વિના અપવાદે કરે છે. એ છે ખોરાક પ્રત્યેનું આપણું દૃષ્ટિબિંદુ. કઈ વાનગીઓ ખાવી, તેને કેવી રીતે તૈયાર કરવી, કેવી રીતે ખાવી આ બાબતોમાં સૌ કોઈ પારાવાર રસ લે છે. આ રસને સ્થાને આપણે ખોરાક પ્રત્યે એક શાસ્ત્રીય દૃષ્ટિબિંદુ સ્થાપિત કરવાની જરૂર છે શરીરને કઈ કઈ વસ્તુઓ જરૂરની છે તેનું આપણે એક લગભગ રાસાયણિક કોટિનું જ્ઞાન મેળવી લેવું જોઈએ અને એ જરૂરી વસ્તુઓને પૂરી પાડવા માટે તદ્દન શાસ્ત્રીય પદ્ધતિનો આહાર લેવો જોઈએ. આ છે ખોરાકની મહા તપસ્યા. એ તપસ્યામાં આપણે એક બીજી તપસ્યા ઉમેરવાની રહે છે. એ છે નિદ્રાની તપસ્યા. આ તપસ્યા એટલે કે નિદ્રા લેવી બંધ કરી દેવી એમ નહિ પણ કેવી રીતે નિદ્રા લેવી એ જાણી લેવાનું છે. સામાન્ય રીતે બને છે તેમ નિદ્રા એ અચેતનતાની

અંદર ભૂસકા રૂપ ન બની જવી જોઈએ. આવી નિદ્રા શરીરને તાજગી આપવાને બદલે ઊલટું ભારેખમ કરી મૂકે છે. તમે માફકસરનો મિતાહાર રાખો તથા હરેક પ્રકારની અતિશયતાનો ત્યાગ કરો. આ બે વસ્તુઓ પણ તમે જો કરી શકશો તો એટલા માત્રથી પણ તમારે ઊંઘમાં જે અનેક કલાકો ગાળવા પડે છે તેમાંથી તમે બચી જશો. પણ નિદ્રાની બાબતમાં તમે કેટલો વખત ઊંઘો છો તેના કરતાં કેવા પ્રકારની ઊંઘ લો છો એ વસ્તુ વિશેષ મહત્ત્વની છે. ઊંઘમાંથી તમારે ખરેખરો અસરકારક આરામ તેમ જ વિશ્રાંતિ મેળવવાં હોય તો સૂતા પહેલાં કાંઈક લેવાનું રાખશો. દૂધ, સૂપ કે ફળના રસ જેવું કંઈક લેશો તો તે બહુ લાભદાયક રહેશે. હળવો ખોરાક તમને બહુ શાંત નિદ્રા આપે છે. એટલે કોઈ પણ સંયોગોમાં વધારે પડતો તો ન જ લેવો. વધુ પડતો ખોરાક તમારી ઊંઘમાં ખલેલ પહોંચાડે છે, તમારી ઊંઘને તામસિક, ભારે, મંદ બનાવી દે છે, એમાંથી તમારા પર ઓથાર ચડી આવે છે. નિદ્રાની બાબતમાં સૌથી વિશેષ મહત્ત્વની બાબત તો તમારા મનની અવસ્થા છે. સૂવા જતાં પહેલાં તમારું મન જો ચોખ્ખું હશે, તમારી લાગણીઓ શાંત હશે, ઇચ્છાઓના ઊભરા તથા તેને લગતી બીજી નાની મોટી અસ્વસ્થતાઓ શાંત થઈ ગયેલી હશે તો તેથી તમારી નિદ્રાનો ઘણો લાભ થશે. એટલે તમારે સૂવાનો વખત થયો હોય તે પહેલાં તમે જો ખૂબ વાતો કરી હોય, ગરમાગરમ ચર્ચાઓ થઈ હોય કે કોઈ બહુ રસિક અને ઉત્તેજક પુસ્તક વાંચ્યું હોય તો સૂતા પહેલાં થોડોક આરામ કરી લેવો ઠીક રહેશે. એવા આરામથી તમારા મનની ક્રિયાઓ શાંત પડશે, અને એકલું શરીર ઊંઘતું રહે અને મગજની ક્રિયાઓ અસ્તવ્યસ્ત રીતે ચાલ્યા કરે તેના જેવી સ્થિતિ નહિ થાય. તમને ધ્યાનનો અભ્યાસ હોય તો સૂવા પહેલાં કોઈ મહાન વિશાળ ચેતના પ્રત્યેની અભીપ્સામાં સ્થિર બની કોઈ ઉચ્ચ અને આરામ આપે તેવા વિચારમાં થોડીક મિનિટો એકાગ્ર બની રહો એ પણ ઠીક રહેશે. તમારી નિદ્રાને તેથી ઘણો લાભ થશે અને ઊંઘ દરમિયાન અચેતનતામાં સરી જવાના જોખમમાંથી તમે ઘણે ભાગે બચી જ જશો.

આમ તમારું રાત્રિનું તપ પૂરું કરો, સ્વસ્થ અને શાંતિમય નિદ્રા લઈને શરીરને તમે સંપૂર્ણ આરામ આપી લો તે પછી તમારું દિવસનું તપ શરૂ થશે. આ દિવસની સાધનાને તમારે બહુ વિચારપૂર્વક યોજવાની રહેશે. તમારી દિવસની પ્રવૃત્તિઓને બે ભાગમાં વહેંચી નાખો : એક તો તમારા શરીરનાં

વિકાસ માટે જરૂરની એવી પ્રવૃત્તિ, અને બીજી તમારા નિત્યના વ્યવસાય અંગેની પ્રવૃત્તિ. આ બંને વસ્તુઓ, કસરત તથા કામ શરીરની તપસ્યાનું અંગ બની શકે છે અને બનવી જોઈએ. તમારી કસરતો ક્રમે ક્રમે આગળ વધતી જાય એ રીતે બહુ સમજપૂર્વક ગોઠવાવી જોઈએ. દરેક જણે પોતાના શરીરને સૌથી વધુ અનુકૂળ હોય તે કસરતો જ પસંદ કરવી જોઈએ. બની શકે તો આ કાર્ય તમારે એવા કોઈ જાણકારની દોરવણી હેઠળ કરવું જોઈએ કે જે કસરતોને એવી રીતે સંયોજીને ક્રમ વાર ગોઠવી આપે કે જેથી તેનો વધુમાં વધુ ફાયદો તમને મળે, કસરતોની પસંદગી તથા તેનો અમલ એ બાબતમાં લેશ પણ તરંગીપણું ચાલવા ન દેવું જોઈએ. અમુક કસરત સહેલી છે કે મજેદાર છે એટલા માટે જ તમે ગમે તે વખતે ગમે તે કસરત નહિ કરી શકો. તમારા શિક્ષકને જરૂર જણાય ત્યારે જ તમારા કસરતના કાર્યક્રમમાં ફેરફાર થઈ શકે, શરીરને સંપૂર્ણ કરવું, વધારે સારું કરવું એ દૃષ્ટિએ જોતાં હરેક વ્યક્તિનું શરીર એક સ્વતંત્ર કોયડા જેવું છે. અને એ કોયડાનો ઉકેલ બહુ ધીરજથી, ખંત અને નિયમિતતાથી લાવવાનો છે. લોકો ભલે માનતા હોય કે કસરતબાજના જીવનમાં તો મોજમજા જ કરવાની હોય છે, પણ એ વાત સાચી નથી. ખરું જોતાં તો કસરતબાજે પોતાનું ઈષ્ટ પરિણામ સાધવા માટે એક ઘણું જ કઠોર જીવન ગાળવું પડે છે. એણે ખૂબ જ નિયમપૂર્વક તાલીમ લેવાની રહે છે, ઘણી જ કડક ટેવો પાડવાની રહે છે. એના જીવનમાં નકામા અને નુકસાનકારક તરંગોને સ્થાન હોઈ શકતું નથી.

પોતાના નિત્ય વ્યવસાય પ્રત્યે પણ માણસે તપસ્યા કરવાની રહે છે. આ તપસ્યા એટલે પ્રથમ તો તમારે કોઈ પણ કામ પ્રત્યે વિશેષ પસંદગી ન રાખવી જોઈએ, તમે જે કાંઈ કરતા હો તે રસપૂર્વક કરવું જોઈએ, જે વ્યક્તિ પોતાની જાતને સંપૂર્ણ કરવા નીકળે છે તેને માટે પછી જગતમાં કોઈ પણ કામ નાનું કે મોટું નથી રહેતું. કોઈ એક કામ વધુ મહત્ત્વનું અને બીજું ઓછાં મહત્ત્વનાં એમ નથી રહેતું. જેને પ્રગતિ કરવી છે, આત્મ-પ્રભુત્વ મેળવવું છે તેને માટે બધાં જ કામ એકસરખાં લાભદાયક હોય છે. તમને રસ હોય તેવાં કામ તમે વધારે સારી રીતે કરી શકો છો એમ જે કહેવાય છે તેમાં સત્યનો અંશ તો છે. પરંતુ એથીયે મોટું સત્ય તો એ છે કે તમે જે કાંઈ કરતા હો, એક તદ્દન ક્ષુદ્ર લાગે તેવું કામ કરતા હો તેમાં પણ તમને રસ મળી શકે છે. આ સિદ્ધિની ચાવી તમારામાં પૂર્ણતા માટેની જે ધગશ હોય છે તેમાં રહેલી છે. એટલે તમારે ભાગે જે કોઈ પ્રવૃત્તિ, જે કોઈ કામ આવી પડે તે તમે તમારે પ્રગતિ કરવી છે એવા સંકલ્પપૂર્વક કરતા રહો. તમે જે કામ કરો તે તમારાથી

બને તેટલી સારી રીતે કરો એ તો ખરું જ, પણ એથીયે વિશેષ તો એ છે કે તમારા દરેક કાર્ય પાછળ એક એવી અખંડ ઝંખના રહેવી જોઈએ કે મારે પૂર્ણ બનવું છે અને તે માટેની પરમ આતુરતાપૂર્વક તમારે કામને વધુ ને વધુ ઉત્તમ રીતે કરતા રહેવું જોઈએ. આ રીતે કરતાં, છેક સ્થૂલ મહેનતના કામથી માંડી અત્યંત કલાત્મક કે બૌદ્ધિક કામો સુધીનાં તમામ કામો, કાંઈક પણ અપવાદ સિવાય તમારે માટે રસપ્રદ બની રહેશે. આપણી સમક્ષ પ્રગતિ માટે એક અસીમ અનંત અવકાશ પડેલો છે અને નાનામાં નાની વસ્તુ પણ આપણે પરમ ગંભીરતાથી કરી શકીએ છીએ.

આમાંથી હવે સ્વાભાવિક રીતે જ આપણે કર્મમાંની મુક્તિમાં આવી પહોંચીએ છીએ. આ કર્મમાંની મુક્તિ એટલે હરેક રીતની સામાજિક રૂઢ પ્રણાલીમાંથી મુક્તિ, હરેક રીતના નૈતિક પૂર્વગ્રહોમાંથી મુક્તિ. બેશક, આનો અર્થ કેવળ સ્વચ્છંદી કે પછી કશાય નિયમના બંધન વિનાનું જીવન એવો તો નથી જ થતો. હવે તો તમે, આથી ઊલટું, એક એવા નિયમનો અંગીકાર કરો છો કે જે તમામ સામાજિક નિયમો કરતાં પણ ઘણો વધુ કડક નિયમ છે. આ નિયમ તો કોઈ પણ રીતના મિથ્યાચાર કે દંભને લેશ પણ બરદાસ્ત નથી કરતો. એ મહા નિયમ તો તમારી પાસેથી એક પૂરેપૂરી સત્યનિષ્ઠા માગી લે છે. શરીરની સમતુલા, શક્તિ અને સૌન્દર્યનો વિકાસ થાય એ રીતે જ આપણી તમામ શારીરિક પ્રવૃત્તિઓ યોજાવી જોઈએ. અને આ ધ્યેયને જો સિદ્ધ કરવું હશે તો પછી તમે કોઈ પણ રીતના ઇન્દ્રિય સુખની આરાધના નહિ કરી શકશો. તમારે ઇન્દ્રિયોના તમામ આનંદો વર્જ્ય કરવા પડશે. આ ત્યાગમાં જાતીય આનંદનો પણ ત્યાગ આવી જાય છે. કારણ, જાતીય સંભોગની હરેક ક્રિયા તમને મૃત્યુના મુખમાં જ લઈ જાય છે. એટલા માટે જ હરેક યુગમાં, હરેક ધર્મસાધનામાં અમૃતત્વના ઉપાસકોને માટે જાતીય સંભોગનો નિષેધ કરવામાં આવેલો છે. એનું કારણ એ છે કે આ ક્રિયાને અંતે વ્યક્તિ ઉપર હમેશાં અચેતનનો એક વધુ ઓછો લાંબો ગાળો ચડી આવે જ છે. એ અચેતનતાની પળોમાં માણસની ચેતના હરેક પ્રકારની અસરો પ્રત્યે ખૂલી જાય છે, અને એક નીચલી અવસ્થામાં સરી પડે છે, એટલે જે લોકો ખરેખર જ પોતાને અતિમનસના જીવન માટે તૈયાર કરવા માગતા હોય તેમણે આનંદ, આરામ કે વિશ્રાંતિના બહાના હેઠળ પોતાની ચેતનાને શક્તિના આ દુર્વ્યયમાં તથા અચેતનતાની ખાડમાં કદી પણ સરી પડવા ન દેવી જોઈએ. તમારે વિશ્રામ મેળવવો હોય તો તે અંધકાર કે દુર્બળતામાં સરી પડીને નહિ પણ શક્તિ અને પ્રકાશમાં પહોંચીને મેળવવો જોઈએ. જીવનમાં પ્રગતિ ઇચ્છનારાઓ માટેનો

એકમાત્ર નિયમ તે આત્મ-સંયમ જ છે. પરંતુ પોતાને જેઓ અતિમાનસના આવિર્ભાવ માટે તૈયાર કરવા માગે છે તેમણે તો આત્મસંયમથી પણ આગળ જવાનું છે. આત્મસંયમને સ્થાને તેમણે તો ઇંન્દ્રિયોપભોગનો સંપૂર્ણ ત્યાગ સ્વીકારવાનો છે. પૂર્ણયોગનો સાધક આ ત્યાગ ઇન્દ્રિયો પર બળાત્કાર કરીને યા તો તેમનું દમન કરીને નહિ સાધે. એ માટે તે એક આંતર પરિવર્તનનો કીમિયો અજમાવશે. એ રીતે કામ કરતાં જે શક્તિઓ સામાન્ય રીતે પ્રજનનની ક્રિયામાં વપરાઈ જાય છે તે બધી પ્રગતિ તથા પૂર્ણ રૂપાંતર માટેની શક્તિઓ રૂપે પલટો પામે છે. એ વાત કહેવાની તો ભાગ્યે જ જરૂર હોય કે સાચી રીતે લાભકારક અને સંપૂર્ણ એવું પરિણામ સાધવું હોય તો માત્ર સ્થૂલ શરીરના રાંકલ્પમાંથી જ નહિ પરંતુ પ્રાણ અને મનની ચેતનામાંથી પણ જાતીય ભોગની તમામ વૃત્તિ તથા ઇચ્છા સર્વથા નિર્મૂળ કરવાની રહે છે. જે કોઈ રૂપાંતર મૂલગામી તથા સ્થાયી સ્વરૂપનું હોય છે તે અંદરથી બહારની દિશામાં આવે છે, બહારનું રૂપાંતર તે આંતર રૂપાંતરનું જ એક સ્વાભાવિક અને અનિવાર્ય પરિણામ હોય છે.

આમ હવે તમારી પાસે એક ચોક્કસ પસંદગીનો પ્રશ્ન આવીને ઊભો રહે છે. કુદરત અત્યારે છે તેવી માનવજાતિને ટકાવી રાખવા માટે વ્યક્તિ પાસે માગણી કરતી રહે છે અને એ માગણીને વશ થઈ કુદરતના લક્ષ્યને સાધવા માટે માણસ તેના હાથમાં પોતાનું શરીર સોંપી દે છે. તમે હવે પોતાને આ રીતે કુદરતના હાથમાં મૂકી દેશો કે પછી એક નવી જાતિના સર્જન માટેનું એક નવું પગલું બની રહેવા માટે તમારું આ જે શરીર છે તેને જ તૈયાર કરશો? એટલું તો તમે અવશ્ય યાદ રાખી શકશો કે આ બે વસ્તુઓ કદી સાથે ચાલી શકવાની નથી. હરેક પળે તમારે એ નક્કી કરવાનું રહે છે કે તમે ગઈ કાલની માનવતામાં પુરાઈ રહેવા માગો છો કે પછી આવતી કાલની પરમ માનવતામાં પહોંચવા માગો છો.

તમારે જો ભાવિમાં આવી રહેલા જીવન માટે તૈયાર થવું હશે, તથા એ જીવનના એક સક્રિય અને સુયોગ્ય અંગ રૂપ બની રહેવું હશે તો તમારું જીવન અત્યારે તેનો જે ઘાટ છે તે મુજબનું જ બની રહે એવા જીવનમાં તમને સફળતા મળે એ ભાવના તમારે પડતી મૂકવી પડશે.

તમારે પૂર્ણ સૌન્દર્યમય અને સંવાદિતમય જીવનનો આનંદ માણવો હશે તો પછી ઇન્દ્રિયસુખોનો ત્યાગ કરવો જ પડશે.

આમાંથી હવે આપણે સહજ રીતે પ્રાણની તપસ્યામાં આવી પહોંચીએ છીએ. પ્રાણની તપસ્યા એટલે સંવેદનોનું તપસ, શક્તિની તપસ્યા. પ્રાણ સાચે જ શક્તિનું સ્થાન છે. તમને સાક્ષાત્કાર કરાવી આપે તેવા ઉત્સાહો તેમાં છે. મનમાં રહેતો વિચાર પ્રાણમાં આવીને સંકલ્પનું રૂપ લે છે અને કર્મ માટેની એક સક્રિય શક્તિ બને છે. પ્રાણ એ ઇચ્છાઓ તથા આવેશોનું પણ સ્થાન છે એ વાત પણ સાચી છે. પ્રાણમાં ઉગ્ર વૃત્તિઓ તથા એવા જ ઉગ્ર પ્રત્યાઘાતો, બંડ અને વિષાદ પણ આવી રહેલાં છે. આવા પ્રાણનો કોયડો ઉકેલવા માટેની સામાન્ય રીત એ ગણાય છે કે પ્રાણને ગૂંગળાવી નાખવો, સંવેદનોથી તેને વંચિત રાખીને ભૂખે મારી નાખવો. હા, એ વાત ખરી છે કે પ્રાણનો મુખ્ય ખોરાક સંવેદનો જ છે. એને સંવેદનો ન મળે તો તે ઊંધી જાય છે, શિથિલ અને જડ થઈ જાય છે અને આખરે સાવ ખાલી થઈ જાય છે.

પ્રાણના નિર્વાહ માટેની સામગ્રી ખરું જોતાં તો ત્રણ દિશામાંથી આવી મળતી હોય છે. આમાંની સૌથી પહેલી દિશા તે નીચેની બાજુની દિશા છે. એ દિશામાંથી પ્રાણને ઇન્દ્રિયોનાં સંવેદનો મારફતે સ્થૂલ શક્તિઓની સામગ્રી બહુ જ સરળ રીતે મળતી રહે છે.

પ્રાણને માટે સામગ્રીનું બીજું દ્વાર તેની પોતાની જ સમાન ભૂમિકા ઉપર રહેલું છે. પ્રાણ જો પૂરતા પ્રમાણમાં વિશાળ અને ગ્રહણશીલ હોય છે, તથા વિશ્વરૂપ પ્રાણશક્તિઓ સાથે તે જો સંપર્કમાં હોય છે તો તેમાંથી પણ તેને પોતાના નિર્વાહની સામગ્રી આવી મળે છે.

પ્રાણને મળતી સામગ્રીનું ત્રીજું મૂળ ઉપરની દિશામાં રહેલું છે. પ્રાણમાં જ્યારે પ્રગતિ માટેની કોઈ મહાન અભીપ્સા જાગે છે ત્યારે જ આ દિશા તરફ તે સામાન્ય રીતે ખુલ્લો બને છે. એ ઊર્ધ્વ ભૂમિકામાં રહેલાં આધ્યાત્મિક બળોને તથા પ્રેરણાઓને તે પોતામાં પ્રવેશવા દે છે અને તેમને પોતામાં પચાવીને તે પોતાની પુષ્ટિ મેળવે છે.

આ ત્રણ ઉપરાંત એક ચોથા મૂળમાંથી પણ માણસો પ્રાણની સામગ્રી મેળવવાને લગભગ હમેશાં પ્રયત્ન કરતા રહે છે. પણ સાથે સાથે એ હકીકત પણ નોંધવાની છે કે માણસોને જીવનમાં મળતી ઘણીખરી યાતનાઓ તેમ જ કમનસીબીઓ પણ આ જ મૂળમાંથી મળી આવતી હોય છે. આ વસ્તુ તે બીજાં માણસો સાથેનો પ્રાણશક્તિઓનો વિનિમય છે. આ વિનિમય મોટે ભાગે બન્નેના

જોડામાં મળીને માણસો કરે છે. લોકો ભૂલથી એમ માની લે છે કે આ તો પ્રેમ છે, પણ વસ્તુતઃ તેમાં પ્રેમ જેવું કાંઈ જ હોતું નથી. તે માત્ર પરસ્પરના વિનિમયમાં રાચતાં બે બળો વચ્ચેનું આકર્ષણ જ હોય છે.

આ સ્થિતિમાં હવે આપણે જો પ્રાણને ભૂખે મારવો ન હોય તો પછી તેને મળતાં સંવેદનો આપણે પાછાં ઠેલી દેવાનાં નથી, ઘટાડી નાખવાનાં નથી, બુઠ્ઠાં કરી નાખવાનાં નથી તેમ જ તેમનાથી ભાગી જવાનું પણ નથી. પ્રાણની તપસ્યાનો માર્ગ આ નથી. એ તપસ્યા સંવેદનોનો વિવેક અને જ્ઞાનપૂર્વક ઉપયોગ કરવામાં રહેલી છે. સંવેદનો, જ્ઞાન તથા કેળવણી મેળવવા માટેનું એક અત્યંત ઉત્તમ હથિયાર છે. અને એટલે સંવેદનો પાસેથી આ રીતનું કામ લેવું હોય તો તેમનો ઉપયોગ આપણા અહંકારના કોઈ હેતુને સાધવા માટે ન થવા દેવો જોઈએ, ઈન્દ્રિય-સુખ તથા આત્મતૃપ્તિ મેળવવા માટેની આપણી અંધ અને અજ્ઞાન ભરેલી પ્રવૃત્તિમાં તેમને આનંદના સાધન તરીકે ન વાપરવાં જોઈએ.

આપણી ઈન્દ્રિયો પોતે હરેક વસ્તુને લેશ પણ ઘૃણા કે અપ્રસન્નતા વિના ભેટી શકે તેવું સામર્થ્ય તેમનામાં આવી જવું જોઈએ. પરંતુ આ સાથે ઈન્દ્રિયોમાં એક વિવેકશક્તિ પણ આવવી જોઈએ તથા ખીલવી જોઈએ. એ શક્તિ વડે ઇન્દ્રિયો પ્રાણનાં વિવિધ આંદોલનોનું સ્વરૂપ, મૂળ તથા પરિણામ સમજી શકે તેવી થવી જોઈએ. તેમ જ એ આંદોલનો આપણા શરીર તથા પ્રાણની સ્વસ્થતા તથા પ્રગતિને માટે મદદ રૂપ થઈ શકે તેવાં છે કે નહિ તે જ્ઞાન પણ ઈન્દ્રિયોને આમાંથી થવું જોઈએ. આ ઉપરાંત, સ્થૂલ જગતોને તથા પ્રાણમય જગતોને તેમનાં તમામ સંકુલ સ્વરૂપોમાં સમજવા તથા અભ્યાસ કરવા માટેનાં સાધન તરીકે પણ ઈન્દ્રિયોનો ઉપયોગ થવો જોઈએ. આ બધું થશે ત્યારે ઈન્દ્રિયોને રૂપાંતર માટેના માનવજાતિના મહા પ્રયત્નમાં પોતાનું સાચું સ્થાન મળી રહેશે

આપણે પ્રાણને દુર્બળ કરી નાખીશું તો તેથી આપણી સાચી પ્રગતિ સાધવામાં આપણને કશી જ મદદ નહિ મળે. પ્રાણને પ્રકાશિત કરીને બળવાન તથા વિશુદ્ધ કરીને જ આપણે સાચી પ્રગતિ સાધી શકીશું. શરીરને ખોરાક ન આપવાથી જેમ નુકસાન થાય છે તે જ રીતે પ્રાણને સંવેદનોથી વંચિત રાખવાથી પણ નુકસાન થાય છે. પરંતુ આ સંવેદનોની પસંદગી પણ આપણે શરીરના ખોરાકની પસંદગી જે રીતે ડહાપણ વાપરીને તથા અમુક દૃષ્ટિપૂર્વક કરીએ છીએ તેવી જ રીતે કરવાની રહે છે પ્રાણ એક મહાન ક્રિયાશક્તિ ધરાવતું કરણ છે. આપણા સ્વરૂપના અન્ય સર્વ અંશોની પ્રગતિ માટે એ કરણ એક અત્યંત અનિવાર્ય

એવી વસ્તુ છે. એટલે, શરીરના ખોરાકની પસંદગી પાછળ શરીરની ક્રિયાઓ બરાબર થતી રહે તથા શરીરની વૃદ્ધિ થાય એવી દૃષ્ટિ આપણે રાખીએ છીએ તે જ રીતે આ પ્રાણ રૂપી કરણની વૃદ્ધિ તથા સંપૂર્ણતાને દૃષ્ટિમાં રાખીને જ પ્રાણ માટેનાં સંવેદનોની આપણે પસંદગી કરવાની રહે છે.

પ્રાણને આપણે કેળવવાનો છે, તેને વધુ સંસ્કારી, વધુ સંવેદનશીલ, વધુ સૂક્ષ્મ બનાવવાનો છે, તથા આપણે કહીશું કે તેને વધુ શાનદાર પણ, એ શબ્દના ઉત્તમ અર્થમાં, બનાવવાનો છે. તેને આ રીતે સંસ્કારીને જ આપણે તેમાં રહેલી ઉગ્રતાઓ તથા પાશવતાઓને જીતી શકીશું. કારણ કે પ્રાણમાં રહેલાં અજ્ઞાન અને અસંસ્કારિતાને લીધે જ, તેનામાં રસવૃત્તિના રહેલા અભાવમાંથી જ સામાન્ય રીતે આ ઉગ્રતાઓ અને પાશવતાઓ જન્મતી હોય છે.

ખરું જોતાં તો, પ્રાણ કેળવાયેલો નથી હોતો ત્યારે તે જેમ કુદરતી રીતે જ અસંસ્કારી, અહંપ્રધાન અને વિકૃત હોય છે તેવી જ રીતે તે જ્યારે કેળવાય છે, પ્રકાશ પામે છે, ત્યારે તે એટલો જ ઉમદા, વીર અને નિઃસ્વાર્થી બની શકે છે. માનવમાત્રમાં સુખ માટેની એક ઝંખના વસેલી છે. એ ઝંખનાને જો અતિમનસની પરમ સમૃદ્ધિ માટેની અભીપ્સામાં પલટી લેવાનું જ્ઞાન દરેક માણસને થઈ જાય તો તેટલું પણ બસ થયું ગણાય. અને આ માટે, પ્રાણની કેળવણીને જો ખંતપૂર્વક અને સાચા દિલથી ખૂબ ખૂબ આગળ વધારવામાં આવે તો પછી માનવના જીવનમાં એક એવી ક્ષણ જરૂર આવે છે કે જ્યારે પ્રાણને પૂરી ખાતરી થઈ જાય છે કે અરે, મારી સમક્ષ તો એક ઘણું મહાન, ઘણું સુંદર ધ્યેય આવી રહેલું છે. અને એ પ્રગતિ થઈ ગયા પછી પ્રાણ પરમાત્માના દિવ્ય આનંદને પ્રાપ્ત કરવા માટે સજ્જ બને છે અને ઇન્દ્રિયોની ક્ષુદ્ર અને ભ્રામક તૃપ્તિઓને સર્વથા પડતી મૂકી દે છે.

(બુલેટિન, ફેબ્રુઆરી ૧૯૫૩)

(૨)

આપણે મનની તપસ્યાનો વિચાર કરીએ છીએ ત્યારે પ્રથમ તો આપણને એ જ ખ્યાલ આવે છે કે આમાં આપણે લાંબાં લાંબાં ધ્યાન કરવાનાં આવશે, એમાંથી આપણા ચિત્ત ઉપર આપણે કાબૂ મેળવી શકીશું, અને છેવટે એની પરમ સિદ્ધિ તરીકે આપણને આંતર નીરવતાની પ્રાપ્તિ થશે. યોગસાધનાની આ બાજુ આપણને ઘણી પરિચિત છે અને તેથી તેના ઉપર વિસ્તૃત વિવેચન કરવાની જરૂર નથી. પરંતુ આ સાધનાની એક બીજી બાજુ પણ છે જેના પ્રત્યે લોકોનું ધ્યાન સામાન્ય રીતે બહુ ઓછું ગયેલું છે. એ છે વાણીનો સંયમ : આપણા વિચારકો, અમુક જૂજ અપવાદ સિવાય, વાણીના સ્વચ્છંદ ઉપયોગની સામે કેવળ મૌનની જ હિમાયત કરે છે. પરંતુ વાણીનો એકદમ લય કરી નાખવો તેના કરતાં વાણી ઉપર કાબૂ મેળવવો એમાં એક વધુ મહાન તપસ્યા રહેલી છે અને એ તપસ્યા વધુ લાભદાયક પણ છે.

પૃથ્વી ઉપર અર્થવાળા અવાજનો ઉપયોગ કરી શકે તેવું પહેલું પ્રાણી તે માણસ છે. મનુષ્ય પોતાની આ શક્તિ વિષે મગરૂરી ધરાવે છે અને એ શક્તિનો કશી મર્યાદા કે વિવેક વિના મનફાવતો ઉપયોગ કર્યે જાય છે. માણસની આ વાણીના ઘોંઘાટથી જગતના કાન ખરેખર બહેરા થઈ રહ્યા છે, અને કેટલીક વાર તો આપણને લગભગ એમ જ લાગે છે કે વનસ્પતિની દુનિયામાં જે એક સંવાદ પૂર્ણ મૌન વસેલું છે તે માણસની દુનિયામાંથી તો ખરેખર ચાલ્યું જ ગયેલું છે.

એ પણ એક જાણીતી બીના છે કે માણસમાં મનની શક્તિ જેમ ઓછી હોય છે તેમ તેને વધારે બોલવાની જરૂર પડે છે. દાખલા તરીકે આપણે એવા કેટલાક જંગલી તથા કેળવણી વિનાના લોકો જોઈએ છીએ કે જેઓ પોતે મોંએથી બોલે નહિ ત્યાં લગી વિચાર કરી શકતા નથી. તમે જોશો કે એવા લોકો થોડાઘણા નીચા અવાજે કંઈક ગણગણ્યા કરતા હોય છે. પોતાની વિચાર-માળાને આગળ લંબાવવા માટે એમની પાસે આ જ રીત હોય છે. એ લોકો બોલે નહિ ત્યાં સુધી તેમનો વિચાર આકાર લઈ શકતો નથી.

વળી એવા પણ ઘણા લોકો હોય છે કે જેઓને પોતે શું કહેવા માગે છે તે વસ્તુ પોતે બોલવા માંડે છે ત્યારે જ સમજાવા લાગે છે. ભણેલા લોકોમાં

પણ જે લોકો નબળી મનઃશક્તિવાળા હોય છે તેમની પણ આ પ્રમાણે જ સ્થિતિ હોય છે. એવા લોકોની વાતચીત ખૂબ જ લાંબી અને કંટાળાજનક બની જાય છે. એ લોકો બોલવા લાગે છે ત્યારે તેમના વિચારો વધારે સ્પષ્ટ થતા જાય છે, ચોક્કસ થતા જાય છે. અને એ કારણે પોતાના કથનને વધુ ને વધુ ચોક્કસ રીતે કહેવા માટે તેઓ એકની એક વાત ફરી ફરીને કહેતા રહે છે. કેટલાક લોકો એવા પણ હોય છે કે જેમને પોતાને કહેવાની વસ્તુ વિષે આગળથી તૈયારી કરવી પડે છે. એમને તમે એકદમ બોલવાનું કહેશો તો તેમની જીભ અચકાવા લાગશે. પોતાના કથનને બરાબર કડીબંધ રીતે ચોક્કસ શબ્દોમાં ગોઠવવા માટેનો સમય તેમને મળેલો નથી હોતો એટલે આમ બનતું હોય છે.

બોલનારાઓના વર્ગમાં છેલ્લો વર્ગ જન્મજાત વક્તાઓનો આવે છે. વક્તૃત્વની કળા તેમને વરેલી હોય છે. પોતાના કથનને રજૂ કરવા માટે જોઈતા શબ્દો તેમને આપોઆપ મળી આવે છે. અને પોતાના વક્તવ્યને તેઓ સરસ રીતે કહી પણ આપે છે.

પરંતુ મનની તપસ્યાની દૃષ્ટિથી જોતાં આ બંધી વસ્તુઓ વાતોડિયાપણાની કક્ષામાં જ આવી જાય છે. કારણ બોલવાની અનિવાર્ય જરૂર વિના એક પણ શબ્દ બોલવો તેને હું વાતોડિયાપણું જ ગણું છું. હા, તમે પૂછી શકો છો કે બોલવા માટે આવી અનિવાર્ય જરૂર કયારે સમજવી, અને એ વસ્તુ સમજવા માટે આપણે બોલાતી વાણીની સર્વ કક્ષાઓનું એક સામાન્ય વર્ગીકરણ કરીને વિચાર કરીશું.

બોલાતા શબ્દોમાં પહેલો વર્ગ છે સ્થૂલ ભૂમિકા ઉપરના બાહ્ય વ્યવહારને ખાતર વપરાતા શબ્દોનો, આવા શબ્દોની સંખ્યા સૌથી મોટી છે અને સામાન્ય જીવનમાં ઘણે ભાગે તે શબ્દો જ સૌથી વધુ ઉપયોગના હોય છે.

આપણા રોજિંદા વ્યવહારમાં શબ્દોનો આ અખંડ ગણગણાટ આપણને અનિવાર્ય જેવો જ લાગે છે. પરંતુ તમે આ ઘોંઘાટને ઓછામાં ઓછો કરી નાખવા પ્રયત્ન કરશો તો તમને જણાવા લાગશે કે ઘણીએક વસ્તુઓ તમે જો બોલ્યા વિના મૂંગા મૂંગા કરશો તો તે વધારે સારી રીતે અને વધારે ઝડપથી થઈ શકે છે. એવી શાંત ક્રિયા તમારી આંતર શાંતિને તથા એકાગ્રતાને ટકાવી રાખવામાં પણ મદદગાર બને છે.

તમારે જો એકલા રહેવાનું ન હોય અને બીજાઓની સાથે રહેવું પડતું હોય તો પછી તમે એવી ટેવ પાડો કે જેથી તમારે બોલી બોલીને તમારી જાતને

સતત બહિર્મુખ ન બનાવવી પડે. અને તમે જોશો કે તમારી અને બીજાઓની વચ્ચે ધીરે ધીરે એક આંતરિક સમજૂતી સ્થપાતી જાય છે. તે પછી તમે તમારી વાત ઓછામાં ઓછા શબ્દો દ્વારા અથવા બિલકુલ શબ્દ વિના પણ બીજાને પહોંચાડી શકશો. આ બહારની નીરવતા તમારી આંતરિક શાંતિને માટે પણ બહુ અનુકૂળ હોય છે અને તમારામાં જો શુભેચ્છા અને અખંડ અભીપ્સા હશે તો તમે એવું વાતાવરણ સર્જી શકશો કે જે પ્રગતિને માટે બહુ જ પોષક નીવડશે.

બીજા માણસોની સાથેના જીવનવ્યવહારમાં આપણે આપણી આજીવિકા અને બીજી સ્થૂલ પ્રવૃત્તિઓને અંગે જે શબ્દો વાપરીએ છીએ તે ઉપરાંત સંવેદનો, લાગણીઓ અને ઊર્મિઓને વ્યકત કરતા શબ્દો પણ આપણે વાપરતા હોઈએ છીએ. અને આ બાબતમાં, આપણને બાહ્ય મૌન જાળવવાની જો ટેવ પડેલી હોય તો તે બહુ જ કિંમતી મદદ રૂપ થઈ પડે છે. તમારા ઉપર જ્યારે કોઈ સંવેદન કે લાગણીનું મોજું ધસી આવે ત્યારે આ મૌનની ટેવને લીધે તમને વિચાર કરવા માટે જરૂરી વખત મળી જાય છે અને જરૂર પડે તો, તમારી લાગણીઓ અને સંવેદનોને તમે શબ્દોમાં બહાર કાઢી નાખો તે પહેલાં જ તમે અટકી જાઓ છો અને સાચે જ, આ રીતે કેટલા બધા ઝગડા ટાળી શકાય તેમ છે ! આપણા ઉપર કેટલીયે માનસિક આફતો ઘણી વાર માત્ર વાણીના અસંયમને કારણે જ તૂટી પડતી હોય છે. આ મૌનની ટેવ દ્વારા તમે આવી કેટલીયે મુસીબતોમાંથી બચી જશો.

તમે આટલો બધો સંયમ ન પાળી શકો તોપણ તમે જે કંઈ બોલતા હો તેના ઉપર તમારો કાબૂ તો હમેશાં રહેવો જ જોઈએ. ઝનૂન, ગુસ્સો કે મિજાજના આવેશમાં આવી જઈ તમારી જીભ ગમે તે બોલવા લાગે તેમ કદી ન થવા દેવું જોઈએ આવી જીભને લીધે ઝગડા ઊભા થાય છે જ. પરંતુ આ ઉપરાંત પણ બીજું એક પરિણામ આવે છે. તમારી જીભના આવા બેકાબૂ ઉપયોગને લીધે વાતાવરણમાં એક જાતનાં અનિષ્ટ આંદોલનો ઉત્પન્ન થાય છે. અવાજનાં આ આંદોલનો એક અત્યંત ચેપી વસ્તુ હોય છે. એ આંદોલનોને પ્રગટ થવા દેવાની તક આપીને તમે તેને તમારી અંદર તેમ જ બીજાઓની અંદર પણ એક કાયમની વસ્તુ બનાવી દો છો.

આપણે બીજાઓ વિષે જે કાંઈ બોલીએ છીએ તેને પણ એક પ્રકારનું વાતોડિયાપણું જ ગણવું જોઈએ, અને આ રીતની વાતચીત એ તો એક અત્યંત ખરાબ વસ્તુ છે.

તમારે અમુક માણસો માટે વાલી તરીકે, શિક્ષક તરીકે કે પછી ખાતાના ઉપરી તરીકે જવાબદારી હોય તો જ તેના વ્યવહાર માટે તમારે કાંઈ વિચારવાનું

રહે છે. જે માણસોની સાથે તમારે આવો કાંઈ સંબંધ ન હોય તેઓ પછી શું કરે છે કે શું નથી કરતા તે વિષે તમારે કશી જ લેવાદેવા રહેતી નથી. બીજા માણસો વિષે તમારે કશી પણ વાત ન કરવી જોઈએ, તેમને વિષે યા તો તેમના વ્યવહાર વિષે તમારે કશો અભિપ્રાય ન આપવો જોઈએ, અથવા તો બીજા લોકો એમને માટે શું ધારે છે કે શું બોલે છે તે વાત પણ તમારે બીજા કોઈને પાછી ફરી ફરીને કહી સંભળાવવી ન જોઈએ.

હા, તમે કોઈ અમુક ખાતામાં કે વેપાર રોજગારમાં કે કોઈ સહકારી કામોમાં કામ કરતા હોય ત્યારે ત્યાંના કામકાજ અંગે રિપોર્ટ કરવાની ફરજ તમારા ઉપર આવી શકે છે. એવું હોય ત્યારે તમારો અહેવાલ તે તે કામ પૂરતો જ મર્યાદિત રહેવો જોઈએ, તેમાં કોઈ પણ અંગત વસ્તુ તમારે આવવા દેવી ન જોઈએ. તમારું નિવેદન માત્ર વિષય પૂરતું જ રહે. તેમાં તમારો કોઈ પણ અંગત રીતનો પ્રત્યાઘાત, તમારી પસંદગી, સહાનુભૂતિ કે વિરોધની લાગણી આવવાં ન જોઈએ. અને ખાસ કરીને, તમને મળેલા કામની અંદર તમારા ક્ષુદ્ર અંગત રાગદ્વેષને તો કદી દાખલ ન થવા દેશો.

આમ હરેક સંજોગોમાં તેમ જ સર્વસામાન્ય રીતે પણ, બીજાઓ વિષે તમે જેટલું ઓછું બોલશો – પછી ભલે તે તેમની પ્રશંસા રૂપે પણ હોય — તેટલું વધુ ઠીક રહેશે. આપણી પોતાની અંદર શું ચાલી રહ્યું હોય છે તે જાણવું એ પણ કેટલી બધી અઘરી વસ્તુ છે? ત્યાં પછી બીજાઓની અંદર શું ચાલી રહ્યું છે તે વસ્તુ તો ખાતરીપૂર્વક જાણી શકાય જ કેવી રીતે? એટલે, કોઈ પણ વ્યક્તિ અંગે જાણે કે તમે છેવટનો ચુકાદો આપી દેતા હોય તેવી રીતે કદી ન બોલો. તમારા એવા ચુકાદામાં જો કાંઈ દ્વેષનું તત્ત્વ નહિ હોય તો પછી એમાં ભારોભાર મૂર્ખતા જ હશે

વિચારને જ્યારે વાણી દ્વારા પ્રગટ કરવામાં આવે છે ત્યારે એ અવાજનાં આંદોલનોમાં પણ એ શક્તિ હોય છે. એ શક્તિ તમારા વિચારને સાવ સ્થૂલમાં સ્થૂલ પદાર્થ સાથે જોડી દે છે. અને એ રીતે એ વિચારને તે એક મૂર્ત અને અસરકારક વસ્તુ બનાવી આપે છે. આ કારણે જ તમારે કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ વિષે કિંચિત્ પણ ખરાબ ન બોલવું જોઈએ. તમારી વાણી દ્વારા એવી એક પણ વસ્તુ ન બોલાવી જોઈએ કે જે જગતમાં દિવ્યતાના સાક્ષાત્કારની દિશામાં જે પ્રગતિ થઈ રહેલી છે તેની લેશ પણ વિરુદ્ધમાં જતી હોય. આ એક અફર એવો સર્વસામાન્ય નિયમ છે. પરંતુ એને એક અપવાદ છે.

જે વસ્તુઓ કે કાર્યોને તમે ટીકાપાત્ર ગણતા હો તેને વિખેરી નાખવા માટે યા તો નવું રૂપ આપવા માટે તમારામાં સક્રિય સંકલ્પ હોય, તે માટેની તમારામાં એક સજ્ઞાન શક્તિ હોય તો તમે ટીકા કરી શકો છો. ખરી રીતે તો આ સજ્ઞાન શક્તિમાં અને સક્રિય સંકલ્પમાં એક એવું બળ આવી શકે છે કે જે વડે તમે ઠેઠ જડતત્ત્વમાં પણ એક એવી શક્તિ પૂરી શકો છો કે જેને લીધે તે ખરાબ આંદોલનો સામે પ્રત્યાઘાત આપી શકશે, તેનો ઇન્કાર કરી શકશે, અને છેવટે જતાં એ આંદોલનોને એવાં તો ઠીક કરી આપશે કે તે સ્થૂલ ભૂમિકા ઉપર પ્રગટ થતાં જ અટકી જશે.

પરંતુ આ એક જોખમ તથા સાહસનું કામ છે. જે વ્યક્તિએ જ્ઞાનની ભૂમિકા સિદ્ધ કરેલી હશે તથા જેની માનસિક શક્તિઓમાં આત્માનો પ્રકાશ તથા સત્યની શક્તિ આવી રહેલાં હશે તેવી વ્યક્તિ જ આ કાર્ય વિનાજોખમે સફળ રીતે કરી શકશે. આવી વ્યક્તિ, કર્મનો આ દિવ્ય કર્તા, સર્વ પ્રકારના રાગદ્વેષ તથા આસક્તિથી મુક્ત હોય છે. પોતાની અંદરથી તેણે અહંકારની મર્યાદાઓ તોડી નાખેલી હોય છે. પૃથ્વી ઉપર અતિમનસના કાર્ય માટે તેણે પોતાની જાતને એક પૂરેપૂરું વિશુદ્ધ અને કશા અંગત વ્યક્તિત્વ વિનાનું શુદ્ધ કરણ બનાવી લીધેલી હોય છે.

અત્યાર સુધીમાં આપણે વ્યવહારમાં બોલાતા શબ્દોનો વિચાર કર્યો, હવે આપણે એક બીજા પ્રકારના શબ્દોનો વિચાર કરીશું. એ શબ્દો તે વિચારો, અભિપ્રાયો, ચિંતન તથા અભ્યાસનાં પરિણામોને વ્યકત કરવા માટે વપરાતા શબ્દો છે. અહીં આપણે હવે બુદ્ધિના પ્રદેશમાં આવીએ છીએ. આપણને કદાચ એમ લાગશે કે આ વિષયમાં તો લોકો વધારે સમજદાર હશે, સમતોલપણે કામ કરતા હશે, અને તેથી આ ક્ષેત્રમાં અતિશય કડક તપસ્યાની જરૂર નહિ રહેતી હોય. પરંતુ અહીં પણ પરિસ્થિતિ બહુ સારી નથી. આ જ્ઞાનની અને વિચારોની ભૂમિમાં પણ માણસો પોતાની પ્રતીતિઓને ઝનૂનપૂર્વક ઉચ્ચારતા ફરે છે, અહીં પણ સાંપ્રદાયિક અસહિષ્ણુતા છે, રાગદ્વેષના આવેશો છે. એટલે આ ક્ષેત્રમાં પણ આપણે એટલી જ કડક રીતે મનની તપસ્યા આચરવાની રહે છે. આપણે જેમાંથી ઘણી વાર ગરમાગરમ વાદાવાદી ઊભી થઈ જાય છે તેવા વિચારોનો તમામ વિનિમય બહુ જ કાળજીપૂર્વક બંધ કરી દેવો જોઈએ. એવી વાદાવાદી લગભગ શૂન્યમાં જ પરિણમતી હોય છે. વળી બીજા લોકોની માન્યતાઓનો વિરોધ કરવાનું પણ બંધ કરી દેવું જોઈએ. એવા વિરોધનું પરિણામ ગરમા-

ગરમ ચર્ચાઓ અને ઝગડામાં પણ આવતું હોય છે. આ બધું મનની સંકુચિતતામાં આવે છે. મનના પ્રદેશમાં તમે ઠીક ઠીક ઊંચે પહોંચી જાઓ છો ત્યારે આ વસ્તુઓને તમે સહેલાઈથી મટાડી શકો છો.

આપણે જે કાંઈ વિચારો બાંધીએ છીએ તે તો એક અનિર્વાચ્ય એવી શબ્દાતીત વસ્તુને વાણીમાં વ્યક્ત કરવાની અનેક રીતોમાંની એક રીત છે. આ જ્ઞાન જ્યારે આપણને થઈ જાય છે ત્યારે પછી કોઈ પણ રીતની સાંપ્રદાયિક મનોવૃત્તિમાં રહેવું ખરેખર અશક્ય જ બની જાય છે. દરેક વિચારની અંદર સત્યનો કંઈક અંશ યા સત્યનું કાંઈક પાસું તો રહેલું હોય છે જ. પરંતુ એવો કોઈ પણ વિચાર જગતમાં નથી કે જે સંપૂર્ણ રીતે સત્ય હોય.

વસ્તુઓની આ સાપેક્ષતાનું ભાન જો આપણને રહે તો તેને લીધે આપણી સ્વસ્થતા ટકાવી રાખવામાં, વાતચીતમાં એક શાંત સમતોલપણું જાળવવામાં આપણને બહુ જ સમર્થ મદદ મળી રહે છે. આ વિષયનું કાંઈક જ્ઞાન ધરાવનાર એક વૃદ્ધ ગુહ્યવિદને કહેતાં મેં સાંભળેલા કે, 'જગતમાં મૂળે ખરાબ હોય તેવી વસ્તુ કોઈ છે જ નહિ. તકલીફ માત્ર એટલી જ છે કે વસ્તુઓ તેમના સાચા સ્થાને નથી. દરેક ચીજને તેના યોગ્ય સ્થાને મૂકી આપો અને જગત સંવાદથી ભરેલું બની જશે.'

પરંતુ કાર્યની દૃષ્ટિથી જોતાં, દરેક વિચારમાં વ્યવહારમાં સિદ્ધ થવા માટે જેટલી શક્તિ હોય છે તે મુજબ તે વિચારનું મૂલ્ય રહે છે. હા, એ સાચું છે કે વિચારમાં રહેતી આ શક્તિ જુદી જુદી વ્યક્તિઓમાં જુદી જુદી રીતે કામ કરે છે. અમુક વિચાર એક માણસ ઉપર ખૂબ જ પ્રબળ અસર નિપજાવે છે તો બીજા માણસ ઉપર તેની કશી પણ અસર નથી હોતી. પણ આ શક્તિ પોતે પણ એક ચેપી વસ્તુ છે. અમુક વિચારો આખા જગતને બદલી શકે તેવી શક્તિ ધરાવતા હોય છે. અને આવા વિચારોને જ આપણે વ્યક્ત કરવા જોઈએ. આત્માના વ્યોમમાં આવા વિચારો માર્ગદર્શક તારકો જેવા હોય છે. પૃથ્વીને તેના પરમ સાક્ષાત્કાર પ્રત્યે એવા વિચારો જ લઈ જાય છે.

શબ્દોનો હવે છેવટનો વર્ગ તે શિક્ષણ આપવાના હેતુથી બોલાતા શબ્દોનો વર્ગ છે. આ પ્રકારના શબ્દવર્ગ ઠેઠ બાળશાળાઓથી માંડી તે વિદ્યાપીઠોના અભ્યાસક્રમ સુધી ફેલાયેલો છે. એ વર્ગમાં રસ યા તો જ્ઞાન આપવા માટે લખાયેલાં સર્વ પ્રકારનાં કળા અને સાહિત્યનાં સર્જનોનો સમાવેશ પણ થઈ જાય છે. આ

પ્રદેશમાં, પ્રત્યેક પુસ્તક પોતે કેટલું મૂલ્ય ધરાવતું હોય છે તેના ઉપર બધો આધાર રહે છે. આ વિષય ઘણો વિશાળ હોઈ તેની સંપૂર્ણ ચર્ચા અત્રે શકય નથી. પરંતુ આ બાબતમાં એ વાત સાચી છે કે હમણાં હમણાં કેળવણી માટેની કાળજી બહુ જ વ્યાપક બની રહેલી છે તથા શિક્ષણમાં વિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી શોધોનો ઉપયોગ કરવા માટે તથા તેમને કેવળણીની સેવામાં રજૂ કરવા માટે પ્રશંસનીય પ્રયત્નો ચાલી રહેલા છે. પરંતુ આ બાબતમાં પણ સત્યના અભીપ્સુ માટે એક તપસ્યાની જરૂર ઊભી રહે છે જ.

એક વસ્તુ સામાન્ય રીતે બધાએ સ્વીકારી લીધેલી છે કે બાળકને તથા મોટાંઓને પણ અભ્યાસમાં લાગતા થાકને હળવો કરવા માટે, તથા આરામ આપવા માટે કેળવણીની પ્રક્રિયામાં એક હળવું, આનંદોત્પાદક અને છીછરા પ્રકારનું સાહિત્ય પણ દાખલ કરી શકાય. અમુક દૃષ્ટિથી જોતાં આ સાચું છે. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે આ આરામ આપવાને બહાને શિક્ષણમાં એવી કેટલીયે વસ્તુઓ ઢગલેબંધ દાખલ થઈ ગયેલી છે કે જે કેવળ માનવ સ્વભાવની અસંસ્કારી, કુરૂપ તથા હલકી બાજુને જ રજૂ કરતી હોય છે. આ આરામ અને વિનોદના બહાના હેઠળ માણસમાં રહેલી અત્યંત અધમ વૃત્તિઓ, અને હલકામાં હલકા રસો પ્રગટ થઈ રહેલા છે અને એ બધાં પોતાને એક અનિવાર્ય આવશ્યકતા તરીકે ખપાવીને પોતાનું સ્થાન કાયમ કરી રહેલાં છે. પરંતુ આ વસ્તુ લેશ પણ સાચી નથી. આપણે સ્વચ્છંદમાં સર્યા વિના પણ વિશ્રાંતિ મેળવી શકીએ છીએ, આપણે બીભત્સત થયા વિના પણ આરામ મેળવી શકીએ, આપણી પ્રકૃતિમાંનાં ગ્રામ્ય તત્ત્વોને ઉપર આવવા દીધા વિના પણ આપણે આસાએશ અનુભવી શકીએ છીએ. અને જ્યારે તપસ્યાની દૃષ્ટિથી આ જરૂરિયાતોને તપાસીએ છીએ ત્યારે તો એમનું આખું સ્વરૂપ બદલાઈ જાય છે. ત્યાં વિશ્રાંતિ એ એક આંતર મૌનનું રૂપ ધારણ કરે છે, આરામ તે ચિંતન રૂપે બને છે. અને આસાએશ તે આનંદ રૂપે બની રહે છે.

આપણે બધા સામાન્ય રીતે એ વાત સ્વીકારી લઈએ છીએ કે માણસને જીવનમાં આનંદવિનોદ મળવો જોઈએ, જીવનની જહેમતમાંથી આસાએશ મળવી જોઈએ. પરંતુ એ વસ્તુ સાચી રીતે તો આપણા જીવનનાં ધ્યેયને એક થોડા વધુ લાંબા કાળ માટે પૂરેપૂરી ભુલાવી દેનારી જ નીવડે છે, આપણને જે માટે જીવન મળેલું છે તે મૂળ ધ્યેયને જ તે વિસરાવી દે છે. આ આરામ કે આનંદ-વિનોદને આપણે એક કુદરતી અને અનિવાર્ય વસ્તુ તરીકે જરા પણ ગણવી ન જોઈએ. આ વસ્તુ તો માનવના જીવનની એક નબળાઈ છે. માણસની અભીપ્સામાંથી જ્યારે તીવ્રતા ઓસરતી જાય છે, તેની સંકલ્પશક્તિ

અસ્થિર બની જાય છે, તેનામાં જ્યારે અજ્ઞાન, અચેતનતા અને શિથિલતાનાં તત્ત્વો જોર કરે છે ત્યારે માણસ આ નબળાઈને વશ થઈ જાય છે. આ બધી વસ્તુઓને સાચી ઠેરવવાનો પ્રયત્ન તમે મૂકી દેજો અને તમને થોડી વારમાં જ જણાઈ આવશે કે એ ચીજો જીવનમાં જરા પણ જરૂરની નથી, અને એક સમય એવો પણ આવશે કે જ્યારે તમને એ સર્વ પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થશે અને તમે તેને તમારા જીવનમાં લેશ પણ સ્થાન નહિ આપશો. અને આમ થશે ત્યારે, માણસને હાથે થયેલાં સર્જનોમાંથી મોટા ભાગનાં સર્જનો, જે દેખીતી રીતે આનંદ આપવા માટે લખાયાં છે પણ ખરું જોતાં જે માણસને અધોગતિમાં લઈ જનાર જ હોય છે તેમને કોઈ પણ રીતનું પ્રોત્સાહન કે ટેકો નહિ મળે.

પરંતુ આમાંથી આપણે એમ પણ ન માનવું જોઈએ કે આપણી વાતચીતનો વિષય જે રીતનો હશે તે રીતે આપણા બોલેલા શબ્દનું મૂલ્ય ગણાશે, તમે બીજા કોઈ વિષયની માફક આધ્યાત્મિક વિષયો ઉપર પણ ગમે તેટલી વાતો કરી શકો છો. પણ આ રીતનું વાતોડિયાપણું પણ એક અત્યંત જોખમકારક વસ્તુ થઈ શકે છે. દા. ત. નવોસવો સાધક પોતે જે કાંઈ શીખ્યો હોય છે તે બીજાઓને કહેવા માટે હમેશાં આતુર રહે છે. પણ સાધનામાં તે આગળ વધતો જાય છે તેમ તેમ વધુ ને વધુ સમજવા લાગે છે કે પોતે કંઈ બહુ ઝાઝું જ્ઞાન મેળવ્યું નથી તથા બીજાઓને જ્ઞાન આપવાનો પ્રયત્ન કરવા પહેલાં તેણે પોતાના જ્ઞાનમાં શું મૂલ્ય રહેલું છે તેની ખાતરી કરી લેવાની રહે છે. એમ કરતાં કરતાં છેવટે તેનામાં શાણપણ આવે છે. તેને સમજાય છે કે કંઈક ઉપયોગી નીવડે તેવી વાતચીત થોડી એક મિનિટો સુધી પણ કરવી હોય તો તે માટે કેટલાયે કલાકો સુધી મૂંગી એકાગ્ર અવસ્થામાં રહેવું પડે છે. અને આંતરિક જીવનમાં તેમ જ આધ્યાત્મિક સાધનામાં તો વાણીના ઉપયોગ ઉપર આથી પણ વિશેષ સખત નિયમન રાખવાનું રહે છે. એમાં તો બોલવાનું અનિવાર્ય ન બને ત્યાં સુધી એક પણ શબ્દ બોલાવો ન જોઈએ.

તમારે તમારી આધ્યાત્મિક અનુભૂતિઓ વિષે કદી પણ વાત ન કરવી જોઈએ એ તો એક જાણીતી હકીકત જ છે. તમારી અનુભૂતિઓમાંથી તમારામાં એક શક્તિ સંચય થાય છે અને એ શક્તિ તમારી પ્રગતિને વેગ આપવા માટે તમને મળે છે. એ શક્તિને એક જ મિનિટમાં તમારે તમારામાંથી ચાલી જતી જોવી ન હોય તો તમે આ અનુભૂતિની વાત કોઈને કદી ન કરશો. આ નિયમમાં માત્ર પોતાના ગુરુ પરત્વે અપવાદ થઈ શકે. તમને થયેલી અનુભૂતિ એ શું છે યા તો તેનો અર્થ શો છે એ અંગે તમારે ગુરુ પાસેથી કંઈ ખુલાસો મેળવવો હોય કે કાંઈ સૂચના જોઈતી હોય તો તમે ગુરુને એ વાત કહી શકો

છો. આવી વસ્તુઓ તમે ફકત ગુરુ પાસે જ કશા જોખમ વિના કહી શકો છો. ગુરુને આ વિષયનું જ્ઞાન હોય છે, અને તે દ્વારા તે તમારી અનુભૂતિમાં આવેલી વસ્તુઓને તમારે માટે નવા આરોહણ માટેનાં પગથિયાં બનાવી આપે છે. આવી શકિત માત્ર ગુરુમાં જ હોય છે.

વળી, ગુરુને પોતાને પણ જે અનુભૂતિઓ અંગત પ્રકારની થતી હોય તે પરત્વે પણ આ જ મૌનનો નિયમ લાગુ પડે છે. પ્રકૃતિની અંદર હરેક વસ્તુ ગતિ કરી રહેલી છે અને જે વસ્તુ આગળની દિશામાં ગતિ નથી કરતી તેની ગતિ પછી ઊલટી દિશામાં પીછેહઠ રૂપે જ બને છે. ગુરુએ પણ શિષ્યની માફક, પ્રગતિ કરવાની જ રહે છે, ભલે પછી એ પ્રગતિ શિષ્યની ભૂમિકા કરતાં જુદી ભૂમિકા ઉપરની હોય. અને એટલે ગુરુને માટે પણ પોતાની અનુભૂતિઓની વાત કરવી લાભદાયક નીવડતી નથી. એ અનુભૂતિને શબ્દોમાં મૂકવા જતાં, તેની પાછળ રહેલી જીવંત શકિત ઘણે અંશે લુપ્ત થઈ જાય છે. પરંતુ ગુરુ પોતાની અનુભૂતિઓ વિષે જો શિષ્યોને સમજૂતી આપે તો તેથી તે શિષ્યોની સમજશકિતને ખૂબ જ વધારી શકે છે અને તેમાંથી શિષ્યોની પ્રગતિ પણ ખૂબ થાય છે. ગુરુ પાસે આમ બે વિકલ્પો રહે છે : પોતાની પ્રગતિ અને શિષ્યની પ્રગતિ. આ બેમાંથી કઈ વસ્તુનો પોતે કેટલો ભોગ આપી શકે છે તો આપવો જોઈએ એ વાત ગુરુએ પોતાના જ્ઞાન દ્વારા નક્કી કરવાની રહે છે. આમાં એ વાત તો ભાગ્યે જ કહેવાની હોય કે ગુરુ પોતાની અનુભૂતિઓનું વર્ણન આપે તેમાં આત્મશ્લાઘા કે મિથ્યાભિમાનનું તત્ત્વ તો કદી આવવું જ ન જોઈએ. એવું તત્ત્વ ગુરુને ગુરુ નહિ રહેવા દે, ગુરુ ગુરુ મટીને એક દંભી બની જશે.

અને શિષ્યોને હું આ કહીશ : 'હરેક સંજોગોમાં તમારા ગુરુને વફાદાર રહેજો, એ ગુરુ પછી ભલે ગમે તેવા હો. એ ગુરુ તમારામાં જેટલે સુધી જવાની શકિત હશે ત્યાં સુધી તમને લઈ જશે. અને તમારે સદ્‌ભાગ્યે જો તમને પ્રભુ પોતે જ ગુરુ તરીકે મળ્યા હશે તો તો પછી તમારા સાક્ષાત્કારને કશી સીમા જ નહિ રહેશે.'

પણ પરમાત્માને પોતાને પણ, તે પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે ત્યારે પ્રગતિનો આ જ નિયમ લાગુ પડે છે. પોતાના આવિર્ભાવના સાધન રૂપે પરમાત્માએ જે શરીર રૂપી વસ્ત્ર ધારણ કરેલું હોય છે તે પણ એક સતત પ્રગતિમાન અવસ્થામાં રહેવું જોઈએ. વળી આ અવતાર જે નિયમને અનુસરીને પોતાના વ્યકિતત્વનો આવિર્ભાવ કરતા હોય છે તે નિયમ પણ એક રીતે પૃથ્વીની પ્રગતિના સર્વસામાન્ય નિયમની સાથે જ સંકળાયેલો હોય છે. આ રીતે જોતાં,

પૃથ્વી ઉપર દેહમાં આવીને રહેલા પરમાત્મા પણ, જ્યાં સુધી માણસો પૂર્ણતાને સમજવા માટે તથા સ્વીકારવા માટે તૈયાર ન હોય ત્યાં સુધી સંપૂર્ણ બની શકતા નથી. હા, એક દિવસ એવો અવશ્ય આવશે કે જ્યારે માનવો, અત્યારે પોતાનાં કામ પ્રભુ પ્રત્યેની ફરજના ભાનમાંથી પ્રેરાઈને કરે છે તેને બદલે, પોતાનાં સર્વ કામ પ્રભુ પ્રત્યેના પ્રેમમાંથી જ કરવા લાગશે. અથવા વધારે ચોક્કસ રીતે કહીએ તો માનવની પ્રગતિ તેના અહંકાર તરફથી તથા વિરોધને દબાવી દઈને નહિ, પરંતુ માનવના સારાયે સ્વરૂપની પ્રભુ પ્રત્યેની પૂર્ણ નિષ્ઠામાંથી જન્મતા આનંદને માર્ગે થતી રહેશે. અહંકારના વિરોધને દબાવતા રહીને આગળ વધવું એ વસ્તુ ખૂબ જ પ્રયત્ન માગી લે છે અને કદી કદી એમાં ભારે યાતના પણ વેઠવી પડે છે.

આ વિષયનો ઉપસંહાર કરતાં છેવટે હું તમને આ કહીશ : તમારી વાણી દ્વારા તમારે જો માત્ર સત્યને જ વ્યક્ત કરવું હોય અને તમારી વાણીમાં મંત્રનું બળ મેળવવું હોય તો તમે શું કહેવાના છો તે વિષે આગળથી વિચાર કરવા ના લાગશો, તમારે કહેવામાં કઈ વસ્તુ સારી નીવડશે, કઈ વસ્તુ ખરાબ નીવડશે તેનો આગળથી નિર્ણય ન કરી લેશો, તમે કહેશો તેની શી અસર થશે તેની પહેલેથી ગણતરી ન કરશો. તમારા મનને બિલકુલ શાંત કરી દો, તમે એક સાચા વલણમાં સ્થિર થઈ જાઓ, એટલે કે સર્વ જ્ઞાન રૂપ, સર્વ વિદ્યા રૂપ, સર્વ ચૈતન્ય રૂપ મહા તત્ત્વ પ્રત્યે તમે એક અસ્ખલિત અભીપ્સામાં સુસ્થિર બની રહો. અને પછી, તમારી અભીપ્સા જો સાચી હશે, એ અભીપ્સા તે તમારે સફળ રીતે, સારી રીતે કામ કરવું છે એ રીતની મહત્ત્વાકાંક્ષાને છુપાવા માટેનું માત્ર એક ઢાંકણ જ નહિ હોય, એ અભીપ્સા જો શુદ્ધ હશે, આપોઆપ આવેલી અને સાદ્યંત સમગ્ર હશે તો પછી તમારે બોલ્યે જવાનું રહેશે. જે શબ્દ બોલાવાની જરૂર હશે તે તમારા મુખથી બોલાવા લાગશે, નહિ ઓછા—નહિ વધુ, અને એ શબ્દોમાં સર્જનનું બળ હશે.

(બુલેટિન, એપ્રિલ ૧૯૫૩)

(૩)

સર્વ તપસ્યાઓમાં સૌથી વિશેષ કઠિન તપસ્યા તે લાગણી અને ઊર્મિની તપસ્યા છે, પ્રેમની તપસ્યા છે.

ખરેખર, માણસને જીવનમાં અન્ય ક્ષેત્રો કરતાં કદાચ લાગણીઓના વિષયમાં જ એવો વિશેષ અનુભવ થાય છે કે પોતે જાણે કે કોઈ એક અનિવાર્ય અપરિહાર્ય એવા તત્ત્વની સામે આવીને ઊભો છે. માણસમાં જ્યારે લાગણી, ઊર્મિ, પ્રેમ જાગૃત થાય છે ત્યારે તેને લાગે છે કે પોતે વિધિની કોઈ પ્રચંડ ચૂડમાં પકડાયો છે અને એમાંથી પોતાને માટે કોઈ છૂટકબારી નથી. પ્રેમ વિષે (અથવા કંઈ નહિ તો માણસો જેને 'પ્રેમ' નામથી ઓળખે છે તે વસ્તુ વિષે તો) ખાસ એમ જ માનવામાં આવે છે કે એના જેવી સમર્થ શક્તિ જગતમાં બીજી છે જ નહિ. એના હાથમાં સપડાયા પછી તમારે માટે કોઈ બીજો રસ્તો રહેતો જ નથી. એ મહાતરંગી મન્મથ પોતાને ફાવે તેમ તમારા ઉપર પ્રહાર કરતો રહે છે, અને તમારી ઇચ્છા હોય કે ન હોય પણ તે તમારી પાસે પોતાનું ધાર્યું કરાવે છે. સાચે જ, જગતમાં પ્રેમના નામે માનવે ભયંકરમાં ભયંકર અત્યાચારો કરેલા છે, ભારેમાં ભારે મૂર્ખતાઓ આચરેલી છે.

અને છતાં માણસે પાછું આ પ્રેમની શક્તિને કાબૂમાં રાખવા માટે, તે શક્તિને હળવી અને વિનમ્ર બનાવવાની આશાપૂર્વક અનેક નૈતિક તેમ જ સામાજિક નિયમો પણ બનાવેલા છે. પરંતુ આ બાબતમાં બનતું તો એમ જ આવેલું છે કે એ નિયમોનું જેટલું પાલન થાય છે તેના કરતાં તેમનો ભંગ જ વિશેષ થતો રહેલો છે. આ બધા નિયમો પ્રેમની નિર્બંધ ગતિ ઉપર જે અંકુશ મૂકવા જાય છે તેને લીધે તો ઊલટી પ્રેમની અંદર રહેલી સ્ફોટક શક્તિ વધતી જ જતી લાગે છે. અને તે વધે જ એ સ્વાભાવિક છે, કેમ કે પ્રેમની વૃત્તિને તમે નિયમો દ્વારા કદી કાબૂમાં લઈ શકવાના નથી. પ્રેમની આ અદમ્ય વૃત્તિઓને કાબૂમાં લેવાનું કાર્ય તો આ પ્રેમ કરતાં પણ એક વધુ મહાન, વધુ ઉચ્ચ અને વધુ સત્યમય પ્રેમની શક્તિ દ્વારા જ સિદ્ધ થઈ શકે. પ્રેમના ઉપર પ્રેમનું જ શાસન ચાલી શકે છે, અને તે શાસન આ પ્રેમને વધુ જ્ઞાનમય, વધુ વિશાળ કરીને, તેનું રૂપાંતર કરીને જ સ્થાપી શકાય છે. કોઈ પણ વસ્તુ ઉપર કાબૂ મેળવવો અટલે કે તેને દબાવી યા તો નિર્મૂળ કરી નાખવી

એમ નથી, પરંતુ કોઈ એક પરમ રસાયન દ્વારા તમારે તેનું એક નવું જ સ્વરૂપ બનાવવાનું રહે છે. અને બીજી કોઈ વસ્તુ કરતાં પ્રેમની બાબતમાં તો આ હકીકત વધારે લાગુ પડે છે. કેમ કે, જગતમાં કાર્ય કરતી સર્વ શક્તિઓમાં પ્રેમની શક્તિ જ સૌથી વિશેષ સમર્થ, સૌથી વિશેષ અવિરોધ્ય શક્તિ છે. જગતમાં જો પ્રેમ ન હોત તો એ પાછું અચેતનતાના અંધારમાં જ ગરક થઈ ગયું હોત.

બેશક, આ વિશ્વનું સર્જન કરનારી શક્તિ તો ચેતના છે, પરંતુ એ વિશ્વનું ઉદ્ધારક તત્ત્વ તે પ્રેમ છે. આ પ્રેમ એટલે શું, તેનું લક્ષ્ય એટલે શું, તેની ગતિરીતિ કેવી હોય એની ઝાંખી તો આ પ્રેમતત્ત્વનો સજ્ઞાનપણે અનુભવ કરવાથી જ થઈ શકે. આ તત્ત્વનું શબ્દોમાં વર્ણન આપવા બેસવું એ તો શબ્દાતીત વસ્તુને મનનાં વસ્ત્રો પહેરાવવા જેવું થાય. જગતના તત્ત્વજ્ઞાનીઓએ, મર્મજ્ઞાનીઓ અને ગુહ્યવિદોએ આ વર્ણન આપવાને પ્રયત્નો કરેલા છે, પણ એ પ્રવૃત્તિ બહુ સફળ નીવડેલી નથી, અને આ બધાઓ જેમાં નિષ્ફળ નીવડયા છે ત્યાં હું સફળ થઈ શકીશ એવું માનવાની ધૃષ્ટતા હું નહિ કરું. હું માત્ર આ જ્ઞાનીઓ અને પંડિતોએ જે વસ્તુને બહુ સૂક્ષ્મ અને સંકુલ રીતે વર્ણવી છે તેને બને તેટલા સાદા શબ્દોમાં કહેવા માગું છું, આ પ્રેમની એક જીવંત અનુભૂતિ પ્રત્યે લઈ જવા માટે હું આ લખું છું, અને સાવ નાના બાળકને પણ હું આ અનુભૂતિમાં લઈ જવા ઇચ્છું છું.

પ્રેમ એના મૂળ સ્વરૂપે એક તાદાત્મ્યનો આનંદ છે. એ પ્રેમની પરમ અભિવ્યક્તિ મિલનના મહા આનંદ રૂપે થાય છે. આ મિલન અને તાદાત્મ્યની બે અવસ્થાઓની વચ્ચે વિશ્વમાં થતા પ્રેમના સર્વ પ્રકારના આવિર્ભાવો આવી રહેલા છે.

પોતાના વિશ્વરૂપ આવિર્ભાવના આરંભમાં પ્રેમ તેના મૂળ વિશુદ્ધ સ્વરૂપે બે પ્રકારની ગતિઓનો બનેલો હોય છે. આ બે એકબીજાની પૂરક એવી ગતિઓ પ્રેમની પ્રેરણાના સામસામેના છેડાઓથી શરૂ થઈને એકબીજા સાથેના સંપૂર્ણ મિલન તરફ જવા લાગે છે. આ પ્રેમની પ્રેરણા તેના એક છેડા ઉપર પૂર્ણ આત્મસમર્પણની એક ક્ષુધાનું રૂપ લે છે. વ્યક્તિની ચેતના તેના આદિ મૂળ તત્ત્વમાંથી જ્યારે છૂટી પડી ગઈ, અને અચેતન રૂપની બની ગઈ ત્યારે વ્યક્તિની ચેતનામાં એક મોટી ખાઈ રચાઈ ગઈ. આ ખાઈના ઉપર પુલ બાંધવાનું કાર્ય કેવળ પ્રેમ જ કરી શકે તેમ છે.

જગતનું સર્જન થતાં પરમાત્માએ પોતાના અંશોને પોતામાંથી અવકાશમાં વહેતા મૂકેલા. એ બધા અંશોને સર્જાયેલા જગતનો વિનાશ થવા દીધા સિવાય પાછા તેના મૂળ સ્થાનમાં લઈ આવવાના હતા. આ કાર્ય કરી શકે તેવી પરમ શક્તિ માત્ર પ્રેમમાં જ હતી, અને તેથી જગતમાં પ્રેમે પોતાનો આવિર્ભાવ કર્યો.

વિશ્વના અંધકાર અને અચેતનતા ઉપર આ પ્રેમ ધૂમી રહેલો છે, અગાધ રાત્રિના હૃદયમાં એણે પોતાની જાતને આણુ આણુ કરીને વિખેરી નાખેલી છે. અને તે વખતથી પછી જગતમાં જાગૃતિ આવેલ છે. ઊર્ધ્વ આરોહણ શરૂ થયેલું છે, જડતત્ત્વ ધીરે ધીરે બંધાવા લાગ્યું છે અને તેની અનંતવિધ પ્રગતિનાં મંડાણ થયાં છે. જુઓને, આ સ્થૂલ તેમ જ પ્રાણમય પ્રકૃતિના સર્વ આવેગોની પાછળ આ પ્રેમનું તત્ત્વ જ, એક સ્ખલનશીલ તેમ જ અજ્ઞાનમય સ્વરૂપે રહીને, શું હરેક ક્રિયાને તથા હરેક સમૂહરચનાને વેગ આપી રહેલું નથી? વનસ્પતિ જગતમાં તો આ વસ્તુએ તદ્દન દેખી શકાય તેવું રૂપ લીધેલું છે. છોડવામાં અને વૃક્ષમાં આ પ્રેમતત્ત્વે વધુ પ્રકાશ, વધુ હવા અને વધુ સ્થળ મેળવીને વિકાસ પામવાની એક આવશ્યકતાનું રૂપ લીધું છે, પુષ્પમાં તે એ પ્રેમપૂર્વક પ્રફુલ્લન પામીને સૌન્દર્ય અને સુગન્ધના એક ઉપહાર રૂપે બની રહેલો છે. પશુઓમાં પણ તે તેમની ક્ષુધા અને તરસની પાછળ રહેલો છે. અન્ય વસ્તુઓને આત્મસાત્ કરવી, પોતાનો વિસ્તાર કરવો, વંશવૃદ્ધિ કરવી એ રીતની પશુઓમાં રહેલી જરૂરિયાતની પાછળ, અર્થાત્, તેમની હરેક પ્રકારની સચેતન યા અચેતન ઇચ્છાની પાછળ એ જ પ્રેમતત્ત્વ રહેલું છે એમ નથી લાગતું? એથી ઉપરની કક્ષાઓનાં પ્રાણીમાં જોઈશું તો ત્યાં માદા પોતાનું બલિદાન દઈને પોતાના સંતાનને જે ભક્તિભાવથી ઉછેરે છે તેની પાછળ પણ આ જ તત્ત્વ રહેલું છે. અને આમાંથી હવે માનવની દુનિયામાં આવતાં પ્રેમનો વિશેષ સ્પષ્ટ પ્રાદુર્ભાવ જોવા મળે છે. માનવમાં મનની સ્થાપના થયેલી હોવાને લીધે તેનામાં આ પ્રેમતત્ત્વનો સુયોગ તેનું ઉચ્ચમાં ઉચ્ચ રૂપ ધારણ કરે છે, કેમ કે અહીં માનવમાં તે હવે એક સભાન રીતની તથા જ્ઞાનપૂર્વકની ક્રિયા બની રહે છે. ખરી વસ્તુ તો એ છે કે પૃથ્વીનો વિકાસ અમુક જરૂરી કક્ષાએ પહોંચ્યા પછી પ્રકૃતિએ તરત જ પ્રેમના આ મહા સમર્થ તત્ત્વને વંશવર્ધનની ક્રિયા સાથે જોડી આપ્યું છે, તેની સાથે મિશ્રિત કરી આપ્યું છે અને એ રીતે પોતાની સર્જક પ્રવૃત્તિની સેવામાં તેને જોડી દીધું છે. પ્રેમ અને વંશવૃદ્ધિ, એ બે વસ્તુઓ જગતમાં એટલી બધી તો ગાઢ અને નિકટની બની ગયેલી છે કે એ બેને છૂટાં પાડી શકે તેમ જ તેમનો અલગ અનુભવ કરી શકે એવી પ્રકાશમય

ચેતના હજી બહુ વિરલ માણસોમાં જ આવેલી છે. અને આમ આ પ્રેમતત્ત્વ જગતમાં દરેક પ્રકારની અધોગતિ ભોગવી રહેલું છે, નીચે સરતાં તે ઠેઠ પશુ કોટિ બની ગયેલું છે.

અને પ્રેમતત્ત્વનું આ અધઃપતન થયું તે જ ક્ષણે પ્રકૃતિએ પાછો પોતાના આદિમ અદ્વૈતની જગતમાં ફરીથી સ્થાપના કરવા માટેનો સંકલ્પ આદરેલો છે. આ વસ્તુ પ્રકૃતિનાં કાર્યોમાંથી આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ. કુદરત માનવ-જાતિમાં જીવનની અનેક અવસ્થાઓનું અને કક્ષાઓનું સર્જન કરતી કરતી વધુ ને વધુ સંકુચતાવાળાં, તેમ જ વધુ ને વધુ સંખ્યામાં જૂથો રચવા લાગે છે. પ્રથમ તો તે આ પ્રેમની શક્તિને પ્રયોજીને બે માનવોને ભેગાં કરે છે. એમાંથી માનવ-યુગલ રચાય છે, કુટુંબના ઉદ્ભવનો પાયો નંખાય છે. આ રીતે કુદરત વ્યક્તિના અહંકારને એક જોડિયા અહંકાર રૂપે પલટીને વ્યક્તિગત અહંકારની સાંકડી સીમાઓને ભેદી આપે છે. એમાં પછી બાળકનું આગમન થતાં એક વધુ સંકુલ પ્રકારનો એકમ, કુટુંબની રચના ઊભી થાય છે. વખત જતાં આ કુટુંબો વચ્ચે વિવિધ પ્રકારના સંબંધો રચાતા ગયા, વ્યક્તિઓ વચ્ચે વિનિમય થવા લાગ્યો, લોહીનાં મિશ્રણ બનવા લાગ્યાં અને તેમાંથી વધુ વિશાળ જૂથ રચાવા લાગ્યાં. કુટુંબમાંથી ટોળીઓ રચાઈ, જાતિઓ બની, જ્ઞાતિઓ અને વર્ગો ઊભા થયા અને આખરે તેમાંથી રાષ્ટ્ર સરજાયું. આ બધા સમૂહોના સર્જનનું કાર્ય જગતના જુદા જુદા ભાગોમાં એકીસાથે ચાલી રહેલું હતું. એ સમૂહોમાંથી આજે જગતની વિવિધ જાતિઓ રચાઈ છે. આ જાતિઓને પણ કુદરત ક્રમે ક્રમે એક કરી લેશે. કેમ કે, કુદરત તો આખીયે માનવ-જાતિની એકતા નિપજાવવા માટે પ્રયત્ન કરી રહેલી છે અને તે માટે તે ઠેઠ સ્થૂલ ભૂમિકા ઉપર એક સાચો પાયો બાંધી રહેલી છે.

માનવજાતિના મોટા ભાગને તો આ બધું જીવનમાં એક અકસ્માતની લીલા જેવું લાગે છે. પરંતુ તેઓ એ વસ્તુ જોઈ શકતા નથી કે આ બધાની પાછળ એક વિશ્વયોજના કામ કરી રહેલી છે. જગતમાં જેમ જેમ પરિસ્થિતિ સરજાતી જાય છે તેમ તેમ લોકો પોતાની પ્રકૃતિ પ્રમાણે તેનો વત્તીઓછી સરળ-તાથી સ્વીકાર કરતા રહે છે. જગતમાં કેટલાક માણસો આ વિકસતી જતી પરિસ્થિતિથી પૂર્ણ સંતુષ્ટ રહેનાર હોય છે, તો કેટલાક અસંતુષ્ટ પણ રહે છે.

આ સંતુષ્ટ રહેનાર માણસોમાં અમુક વર્ગ એવો હોય છે કે જેને પ્રકૃતિની ગતિ સાથે હમેશાં મેળ જ રહેતો હોય છે. આ છે જગતના આશાવાદી લોકો એમને જગતનાં અનિષ્ટ કે ઉદ્વેગકારક તત્ત્વો સામે ફરિયાદ નથી હોતી તેઓ

કહે છે કે જગતમાં રાત્રિ ભલે રહી, એને લીધે દિવસના પ્રકાશનું મૂલ્ય વધુ સમજાય છે, જગતમાં પડછાયા છે એને લીધે જ રંગોની ચમક વધુ ખીલે છે, જગતમાં દુઃખ છે તેથી જ આનંદની તીવ્રતા વધારે અનુભવી શકાય છે. દર્દને લીધે જ સુખની મોહકતા વધુ સમજાય છે, રોગને લીધે જ આરોગ્યની મહત્તા પૂરી સમજાય છે. કેટલાકને તો મેં એમ પણ કહેતા સાંભળ્યા છે કે તેમને શત્રુઓ છે માટે આનંદ થાય છે. કેમ કે, શત્રુઓને લીધે મિત્રોનું મૂલ્ય બરાબર સમજાય છે. આવા લોકોને માટે જાતીય આનંદ એ જીવનનો એક અતિ મધુર રસ બની રહે છે, ઉત્તમ ભોજન એ તો જીવનની એક અનેરી લહાણ અને તેથી અનિવાર્ય આવશ્યકતા બની રહે છે. અને માણસે જન્મ લીધો છે પછી તેનું મૃત્યુ થાય એ તો એમને કુદરતનો સ્વાભાવિક ક્રમ જ લાગે છે એટલું જ નહિ, મૃત્યુને તેઓ વધાવી પણ લે છે. કેમ કે, આ મૃત્યુ તો એક મોટો મુક્તિદાતા છે. જીવનની યાત્રા જો વધુ પડતી લંબાઈ જાય તો તે કંટાળાજનક પણ બની જાય છે. અને મૃત્યુ આવીને એનો વેળાસર અંત લાવી આપે એથી વધારે આનંદજનક ઘટના કઈ કહેવાય!

અર્થાત, આ માનવીને માટે જીવન છે તેવું જ બરાબર છે. જીવન પાછળ કોઈ કારણ હોઈ શકે કે નહિ, તેનો કોઈ હેતુ હોઈ શકે કે નહિ, તે જાણવાની તેમને લેશ પણ ઉત્કંઠા નથી હોતી. બીજાઓનાં દુઃખોથી તેમને લેશ પણ વ્યથા થતી નથી, જીવનમાં પ્રગતિ કરવાની તેમને કશીયે જરૂર જણાતી નથી.

આવા માણસોનું પરિવર્તન કરવા તમારે કદી પ્રયત્ન ન કરવો. એમ કરવા જશો તો તમે ભારે ભૂલ કરી બેસશો. આવા લોકો જો કદીક અકસ્માત તમારી વાત સાંભળશે તો તેઓ એક નવી સમતુલામાં પહોંચ્યા પહેલાં જ પોતાની ચાલુ સમતુલાને ખોઈ બેસશે. આ માણસો આંતરિક જીવન માટે હજી તૈયાર નથી હોતા, પણ તેમના ઉપર કુદરતની રહેમ હોય છે. કુદરત સાથે તેઓ ખૂબ જ ગાઢ મેળમાં હોય છે અને તેમની આ સિદ્ધિને તમારે નિરર્થક રીતે હચમચાવવી ન જોઈએ.

એક બીજા પ્રકારના લોકો પણ સંતુષ્ટ જીવન ગાળતા હોય છે, પરંતુ તેમનો સંતોષ જરા ઓછી માત્રામાં, તેમ જ ઓછો ચિરંજીવી હોય છે. આ લોકોનું સંતોષનું મૂળ પ્રેમના જાદુમાં રહેલું છે. માણસ જ્યારે પોતાના અહંકારના કેદખાનાની સાંકડી દીવાલોને ભેદીને બહાર નીકળે છે, પોતાના સમર્પણ દ્વારા તે જ્યારે એક મુક્ત હવામાં ઊંચે ચડવા લાગે છે ત્યારે, એ સમર્પણ ભલે પછી બીજી વ્યક્તિ માટે હોય, કુટુંબ ખાતર હોય, દેશને ખાતર કે પોતાના ધર્મને ખાતર હોય, પણ એ દ્વારા તે એક આત્મવિસ્મરણ અનુભવવા લાગે છે અને

એવા આત્મ-વિસ્તરણમાં તેને પ્રેમના અદ્‌ભુત આનંદની એક પૂર્વઝાંખી થાય છે. આવા આનંદાનુભવથી તેને એમ લાગે છે કે તેને પ્રભુનો સંપર્ક પ્રાપ્ત થયો છે પરંતુ આ સંપર્ક મોટે ભાગે ક્ષણિક પ્રકારનો જ છે, કારણ કે, આ દિવ્ય પ્રેમ માનવની અંદર ઊતરે છે ત્યારે તરત જ તે માનવના અહંકારની નિમ્ન કોટિની ક્રિયાઓ સાથે ભેળસેળ થઈ જાય છે. એ અહંકાર આ પ્રેમને મલિન કરી મૂકે છે, એ પ્રેમની વિશુદ્ધિમાં રહેલી તમામ શકિતને હરી લે છે. પરંતુ ધારો કે આ પ્રેમ તેના વિશુદ્ધ સ્વરૂપે માનવમાં ટકી શકે તેમ હોય તોપણ તેટલા માત્રથી દિવ્ય ચેતના સાથેનો સંપર્ક હમેશાં ટકી રહી શકતો નથી. કારણ પ્રેમ એ તો પ્રભુનાં અનેક સ્વરૂપોમાંનું માત્ર એક સ્વરૂપ છે. અને પ્રભુનાં બીજાં સ્વરૂપોની પૃથ્વી ઉપર વિકૃતિઓ થયેલી છે તેવી જ વિકૃતિઓ પ્રેમની પણ થયેલી છે.

આમ છતાં કુદરતના ચાલુ રાહને અનુસરતા સામાન્ય માનવને માટે આ બધા અનુભવો ખરેખર સારા અને હિતકારક છે. પરંતુ કુદરત ભાવિની એકતાની દિશામાં બહુ અસ્થિર વેગે ગતિ કરતી રહે છે. અને જગતમાં જે લોકો આ એકતા તરફની ગતિને વેગવાન થયેલી જોવા માગતા હોય છે તેમને આ અનુભવો પૂરતો સંતોષ આપી શકતા નથી. એ લોકોનું અંતઃકરણ કુદરતના આ ચાલુ રાહથી કોઈ જુદો માર્ગ લેવાને, એક વધારે સીધો અને વધારે ઝડપી, કોઈ અસાધારણ માર્ગ લેવાને ઝંખતું હોય છે એવો કોઈ માર્ગ લઈ તેઓ માનવની સામાન્ય પ્રકૃતિમાંથી, અને એ પ્રકૃતિની અંતહીન યાત્રામાંથી મુકત થઈ જવાની ભાવના સેવતા હોય છે. એ અસાધારણ માર્ગ તેમને એક એવી આધ્યાત્મિક પ્રગતિમાં મૂકી આપે છે કે જે દ્વારા તેઓ વધુમાં વધુ ઝડપે નવી માનવજાતિનું જગતમાં સર્જન કરી શકશે અને એ માનવજાતિ પૃથ્વી ઉપર અતિમનસના સત્યને આવિર્ભાવ આપશે. આવા અસામાન્ય આત્માઓએ માનવ માનવની વચ્ચે જોવામાં આવે છે તેવા હરેક પ્રકારના પ્રેમને વિસર્જી દેવાનો રહે છે, કારણ, આ પ્રેમ ભલે ગમે તેટલો સુંદર અને વિશુદ્ધ હોય તોપણ તે માનવ આત્માના પ્રભુ સાથેના સંબંધમાં એક વિચ્છેદ ઊભો કરે છે, પ્રભુ સાથેના સીધા સંબંધને તે કાપી નાખે છે.

તમને પ્રભુના પ્રેમનો અનુભવ થશે તો તરત જ જણાઈ આવશે કે તે સિવાયના બીજા સર્વ પ્રેમમાં કેવું તો અજ્ઞાન રહેલું હોય છે. તમે જોશો કે આ બીજા પ્રેમમાં લઘુતા, અહંકાર અને અંધકારનું કેવું તો મિશ્રણ હોય છે. એ પ્રેમ એક સોદા જેવો હોય છે, એમાં પોતાની જાતને વધુ ઉત્તમ તરીકે ઠસાવવા માટેની, પોતાનો અધિકાર જમાવવા માટેની સતત ખેંચતાણ રહ્યા કરે છે. તમે

જોશો કે સારામાં સારા માણસોના પ્રેમમાં પણ ગેરસમજૂતીઓ અને આળાઈ રહેલી હોય છે, તકરારો અને શંકાઓ ભરેલી હોય છે.

વળી એ પણ બહુ જાણીતી હકીકત છે કે તમે જેને ચાહતા હો·છો તેના જેવા જ તમે બની રહો છો. એટલે તમારે જો પ્રભુના જેવા બનવું હશે તો તો પછી કેવળ પ્રભુ ઉપર જ તમારે પ્રેમ કરવાનો રહે છે. જે લોકોને પ્રભુ સાથેના પ્રેમાનુભવનો પરમ આનંદ અનુભવવા મળેલો હોય છે તેઓ જ માત્ર જાણી શકે છે કે પ્રેમની સરખામણીમાં બીજા બધા પ્રેમ કેવા તો શુષ્ક હોય છે, કેવા તો નિસ્તેજ અને દુર્બળ હોય છે. આવો પરમ આનંદમય પ્રભુપ્રેમ પ્રાપ્ત કરવા માટે તમારે કઠણમાં કઠણ સાધના કરવી પડે તોપણ તમે જોશો કે એ સાધના જો તમને પ્રભુપ્રેમમાં લઈ જશે તો તે જરાકે કઠણ નહિ લાગે, લાંબી કે કઠોર નહિ લાગે. એ પ્રેમાનુભવ એક એવી તો અનન્ય વસ્તુ છે કે જેને તમે ભાગ્યે જ શબ્દ દ્વારા વર્ણવી શકો.

પ્રભુ-પ્રેમની આ અદ્‌ભુત અવસ્થાને આપણે પૃથ્વી ઉપર સિદ્ધ કરવા માગીએ છીએ, આ મહા પ્રેમ જ જગતની કાયાપલટ કરી આપશે અને પ્રભુના દિવ્ય સાંનિધ્યને જગત પોતામાં ધારણ કરી શકે તેવી પાત્રતા તેમાં સરજી આપશે. જગત પ્રભુ માટે આવું એક સુપાત્ર નિવાસસ્થાન બનશે ત્યારે પ્રેમ તેના શુદ્ધ અને સત્ય સ્વરૂપે પૃથ્વી ઉપર એક શરીરની અંદર સાકાર બનશે. એ શરીર એવું હશે કે જે આ પ્રેમના ઉપર એક ઢાંકણ કે બુરખા તરીકેનું કામ નહિ કરતું હોય. પરમાત્માએ પોતાના પરમ પ્રેમ દ્વારા માનવની સાધનાને વિશેષ સરળ કરવાનો અનેક વાર પ્રયત્ન કરેલો છે, એ પ્રેમ દ્વારા માનવ અને પોતાની વચ્ચેના સંબંધને એક વધુ ગાઢ નિકટતામાં મૂકી આપવાનો, એ નિકટતાને વધુ સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવી કરવાનો પ્રયત્ન કરેલો છે. અને આ માટે તેમણે માનવના જેવા જ દેખાવવાળું સ્થૂલ શરીર ધારણ કરેલું છે. પરંતુ જડ તત્ત્વના સ્થૂલ આકારમાં નિબદ્ધ થવાને પરિણામે હમેશાં એમ જ બનતું આવેલું છે કે પ્રભુ પોતાના મૂળ સ્વરૂપને તેના વિશુદ્ધ રૂપે કદી રજૂ કરી શકેલા નથી. આવા દેહમાં એ મૂળ સ્વરૂપ એક વિકૃત રૂપે જ વ્યક્ત થઈ શકેલું છે. માણસો જ્યારે પોતાની ચેતનામાં તેમ જ શરીરમાં કોઈ એક અનિવાર્ય એવી પ્રગતિ સિદ્ધ કરશે ત્યારે જ પ્રભુ પોતાના સ્વરૂપને તેના પૂર વૈભવમાં આવિર્ભાવ આપી શકશે. માનવમાં એક એવું તો હલકટ અભિમાન છે, એક એવી તો મૂર્ખ દાંભિકતા છે કે પ્રભુનો પરમ દિવ્ય પ્રેમ જ્યારે માનવના આકારમાં પ્રગટ થાય છે ત્યારે તેને તે એક દુર્બળતાની, પરાધીનતાની અને અપૂર્ણતાની નિશાની ગણી લે છે.

અને છતાં માણસ એ વાત કયારથીયે જાણે છે કે આ જગતની પીડાનો અંત લાવી શકે તેવી વસ્તુ તો એક પ્રેમ જ છે. બેશક, આ જ્ઞાન શરૂ શરૂમાં માણસને બહુ સ્પષ્ટ નથી હોતું પણ માણસ જેમ જેમ પૂર્ણતા પ્રત્યે આગળ વધતો જાય છે તેમ તેમ આ વસ્તુ તેને વધુ ને વધુ સ્પષ્ટ થતી જાય છે. માણસ જાણે છે કે પ્રેમના મૂળ તત્ત્વમાં રહેલો વાચાતીત આનંદ જ વિશ્વમાંથી વિરહની સળગતી વ્યથાને સદંતર દૂર કરી શકશે. આ જગત શા માટે અસ્તિત્વમાં આવ્યું, એની અંતિમ સાર્થકતા શામાં છે એનો જવાબ માણસને પ્રભુ સાથેના પરમ મિલનના આનંદમાં જ માત્ર મળી શકશે.

એટલે આપણે ભલે ગમે તેટલો પુરુષાર્થ ખેડવો પડે, ગમે તેટલી કઠોર તપસ્યા કરવી પડે પણ તે દ્વારા જો આપણા શરીર-તત્ત્વને આપણે પ્રકાશમય કરી શકીશું, તેને વિશુદ્ધ, સંપૂર્ણ અને એક એવા નવા જ સ્વરૂપવાળું બનાવી શકીશું તો એ સારોયે પુરુષાર્થ અને તપાસ્યા પૂરેપૂરાં સાર્થક ગણાશે. આપણું શરીર - તત્ત્વ આવી નવીન અવસ્થા પ્રાપ્ત કરશે તે પછી પરમાત્મા તેની અંદર આવીને બાહ્ય આકાર ધારણ કરશે, અને ત્યારે એ આકાર પરમાત્માને ઢાંકી રાખનાર એક આચ્છાદન રૂપ નહિ રહેશે. એવા શરીર દ્વારા પેલું અદ્‌ભુત પ્રેમતત્ત્વ જીવનને એક મધુર આનંદના સ્વર્ગ રૂપે પલટી નાખવાની શક્તિ ધરાવનાર એ દિવ્ય પ્રેમ પોતાની જાતને સંપૂર્ણ મુક્ત ભાવે વ્યક્ત કરી શકશે.

તમે કહેશો કે આ તો અંતિમ લક્ષ્યની વાત થઈ, આ તો સાધનાની છેવટની સિદ્ધિ છે, અંતિમ વિજય છે. પણ એ સિદ્ધિ સુધી પહોંચવા માટે અમારે શું કરવાનું રહે છે ? એ વિજય મેળવવાને અમારે કેવો માર્ગ લેવો જોઈએ, એની સાધનાનાં પહેલાં પગથિયાં કયાં છે ?

આના જવાબમાં આપણે પહેલી વસ્તુ તો એ સ્મરણમાં રાખીએ કે આપણે આપણા પ્રેમની સારીયે ગતિને એકમાત્ર પ્રભુ સાથેના અંગત સંબંધની દિશામાં જ વાળવાનો નિશ્ચય કરેલો છે. એટલે અન્ય માણસો સાથેના આપણા સંબંધમાં આપણે એક ખરેખર સાચી, નિરહંકારી, અવિકારી અને સ્થિર પ્રકારની શુભેચ્છા અને માયાળુતા ધારણ કરીશું. માનવો પ્રત્યેના આ ભાવના બદલામાં આપણે કોઈ પ્રત્યુત્તરની, કૃતજ્ઞતાની કે તેના સ્વીકાર સરખાની પણ આશા રાખીશું નહિ. તમારી સાથે અન્ય લોકો ભલે ગમે તેવું વર્તન રાખે પણ તમે તમારામાં તિરસ્કારની એક નાનકડી લહેર પણ ઊભી ન થવા દેશો. તમે તો કેવળ પરમાત્મા પ્રત્યેના અમિશ્ર આનંદમાં જ સ્થિર રહેજો. જગતના

માણસો તમને સમજતા ન હોય, તમારા તરફ શુભેચ્છા ન રાખતા હોય તેવે પ્રસંગે તમારું રક્ષણ કેવી રીતે કરવું, તમારો બચાવ કેવી રીતે કરવો એનો નિર્ણય તમે માત્ર પ્રભુના હાથમાં જ સોંપી દેજો.

જીવનમાં તમારે જે કાંઈ આનંદ જોઈએ, સુખ જોઈએ એ તમારે કેવળ પ્રભુ પાસેથી જ મેળવવાનાં છે. તમારે કાંઈ સહાય જોઈએ, કોઈ આધાર જોઈએ ત્યારે તે માટે કેવળ પ્રભુની ઉપર જ નજર માંડજો અને તે તમને ત્યાંથી જ મળી રહેશે. તમારાં તમામ દુઃખોમાં પ્રભુ તમને દિલાસો દેશે, તમારી સાધનામાં તમને તે માર્ગ બતાવશે, તમારી યાત્રામાં તમે ગબડી પડશો તો તમને તે ઉપાડી લેશે, તમે જો કદી મૂર્છિત થઈ જશો, થાકી જશો, તો પોતાના સશકત પ્રેમ-બાહુમાં એ તમને ઉપાડી લેશે અને પોતાની મધુરતાના આશ્વાસનથી તમને વીંટાળી લેશે.

અહીં કદાચ નાનકડી ગેરસમજ ઊભી થાય તેમ છે તો તેનો પણ જરા ખુલાસો કરી લઈશ. પ્રભુ વિષે બોલતી વેળાએ હું નરજાતિનો શબ્દ વાપરું છું તે તો મારે જે ભાષા વાપરવી પડે છે તેની મર્યાદાને કારણે બને છે. પરંતુ જે તત્ત્વને હું પ્રેમ તરીકે વર્ણવું છું તે ખરું જોતાં તો નર કે નારીના તમામ ભેદોથી પર છે. એ તત્ત્વ જ્યારે માનવનું શરીર ધારણ કરે છે ત્યારે તે પોતાના કાર્યની આવશ્યકતા મુજબ નર કે નારીનો દેહ લે છે.

તો ટૂંકમાં, લાગણીની તપસ્યા એટલે લાગણીમાંથી જન્મતી હરેક આસક્તિનો ત્યાગ. એ લાગણી ભલે ગમે તે પ્રકારની હો, એ કોઈ વ્યક્તિ માટેની હો, દેશ માટેની કે બીજી કોઈ વસ્તુ પ્રત્યેની હો, એ સર્વનો ત્યાગ કરીને તમારે પરમાત્માના દિવ્ય સત્ય પ્રત્યેની આસક્તિમાં જ તમારી જાતને પૂર્ણ ભાવે એકાગ્ર કરી દેવી જોઈએ. આ એકાગ્રતાને પરિણામે તમને પરમાત્મા સાથે એક પૂર્ણ તાદાત્મ્ય પ્રાપ્ત થશે અને તમે પૃથ્વી ઉપર અતિમનસના સાક્ષાત્કાર માટેનું કરણ બની શકશો.

આવી સાધનામાંથી સ્વાભાવિક રીતે જ આપણને ચાર મુક્તિઓ મળશે. એ મુક્તિઓ આપણને થયેલા સાક્ષાત્કારનાં મૂર્ત સ્વરૂપો જેવી હશે. આપણને લાગણીઓની મુક્તિ પ્રાપ્ત થશે ત્યારે તેની સાથે સાથે જ, અતિમનસ એકતાનો પૂર્ણ સાક્ષાત્કાર થતાં તેના પરિણામ રૂપે આપણને દુઃખ માત્રમાંથી પણ મુક્તિ મળશે. મનની મુક્તિ એટલે કે અજ્ઞાનમાંથી મળેલી મુક્તિ. આપણામાં

પ્રકાશનું મન કિંવા જ્ઞાનમય ચેતના સ્થાપિત કરી આપશે, અને એ ચેતના શબ્દના સર્જક સ્વરૂપે વ્યકત થશે.

પ્રાણની મુક્તિ એટલે કે કામનામાંથી મળેલી મુક્તિ, વ્યકિતના સંકલ્પમાં એક નવી શકિત લાવી આપે છે કે જે દ્વારા તમને પરમાત્માના દિવ્ય સંકલ્પ સાથે સંપૂર્ણ રીતે અને અજ્ઞાન રીતે તાદાત્મ્ય પામવાની શકિત મળી આવે છે, અને તેમાંથી તમને શાંતિ અને સ્વસ્થતા, તેમ જ તેના પરિણામ રૂપે મળી આવતી શકિત પણ મળી આવે છે.

અને છેવટે, આ બધી સિદ્ધિઓના શિખર જેવી શરીરની મુક્તિ આવે છે. આ મુક્તિ એટલે કે સ્થૂલ જગતના કાર્યકારણના નિયમમાંથી મુક્તિ. હવે તમને તમારી જાત ઉપર સંપૂર્ણ કાબૂ પ્રાપ્ત થઈ જાય છે. હવે તમે તમારી પાસે અવચેતના તથા અર્ધચેતનામાંથી આવતાં પ્રેરણો દ્વારા કામ કરાવતી, તેમ જ સામાન્ય જીવનની ઘરડમાં તમને પૂરી રાખતી પ્રકૃતિના નિયમોના દાસ નથી રહેતા. આ રીતની મુક્તિ પ્રાપ્ત થતાં તમારે જે માર્ગ લેવો હશે તેનો નિર્ણય તમે પૂરા જ્ઞાનપૂર્વક કરી શકશો, તમારે સિદ્ધ કરવાની વસ્તુની તમે પસંદગી કરી શકશો, હરેક પ્રકારની અંધ નિયતિમાંથી તમે તમારી જાતને મુકત કરી લઈ શકશો અને તમારા જીવનમાં એક ઉત્તમોત્તમ જ્ઞાનને, ઉત્તમોત્તમ સંકલ્પને, અતિમનસ ચેતનાને કાર્ય કરવા દઈ શકશો. એ સિવાયની બીજી કોઈ પણ વસ્તુને તમે તમારા જીવનમાર્ગમાં ફરકવા દેશો નહિ.

(બુલેટિન, ઑગસ્ટ ૧૯૫૩)

વિદ્યાર્થીઓને – નાના તથા મોટા

પૃથ્વીના ઇતિહાસમાં કેટલીક સંક્રાંતિની પળો આવે છે, અને એવી વેળાએ જગતમાં હજારો વર્ષો સુધી ટકી રહેનારી વસ્તુઓએ આવિર્ભાવ માટે આવી રહેલી નવી વસ્તુઓને સ્થાન કરી આપવાનું હોય છે. આવા સમયે જગતની ચેતના એક ખાસ પ્રકારની એકાગ્રતામાં પહોંચે છે, અથવા કહો કે, જગતની સર્વ પ્રવૃત્તિઓમાં એક પ્રકારની તીવ્રતા આવે છે. આ એકાગ્રતા કે તીવ્રતા જે પ્રકારની પ્રગતિ કરવાની હોય છે, જે પ્રકારનું રૂપાંતર સાધવાનું

હોય છે તે પ્રમાણે બદલાતી રહે છે. આપણે અત્યારે જગતના ઈતિહાસની આવી એક મહા સંક્રાન્તિની ક્ષણમાં ઊભા છીએ. કુદરતે પૃથ્વી ઉપર જે રીતે એક મનોમય પ્રાણીનું – મનુષ્યનું સર્જન કરેલું છે, તે જ રીતે આ મનોમય ચેતનાની અંદર એક અતિમનસ ચેતનાનું અને વ્યક્તિત્વનું સર્જન કરવા માટે હમણાં એક અત્યંત એકાગ્ર પ્રવૃત્તિ ચાલી રહેલી છે.

જગતના જીવનની આ મહા ક્ષણના મહત્ત્વની જાણ વિશ્વમાંનાં કેટલાંક સત્ત્વોને, જેમને કહો કે દેવોના ગુપ્ત રહસ્યમાં પ્રવેશ મળેલો છે તેમને કરવામાં આવી છે. અને એ સત્ત્વોએ આ નવસર્જનમાં પોતાને માટે શકય હોય તેવો ભાગ ભજવવાને પૃથ્વી ઉપર જન્મ લીધેલો છે. પૃથ્વીના ઉપર એક મહા વિરાટ તેજોમય ચેતના ચક્કર લગાવી રહેલી છે, અને પૃથ્વીના વાતાવરણમાં એક ધૂમરી ઊભી કરી રહી છે. પૃથ્વી ઉપર જે જે લોકો ખૂલેલી ચેતનાવાળા છે તેઓ આ ધૂમરીમાંથી એક મોજું પોતાનામાં ઝીલે છે, આ પ્રકાશમાંથી એક કિરણ તેમનામાં અવતરે છે અને એ બધી વ્યકિતઓ પોતપોતાની શકિત અનુસાર એ તત્ત્વને આકાર આપવા પ્રયત્ન કરી રહી છે.

આપણને અહીં, વિશ્વમાં વિસ્તરી રહેલા આ પ્રકાશના ઠેઠ કેન્દ્રમાં, વિશ્વમાં રૂપાંતરનું વિધાન કરી રહેલી મહા શકિતના છેક મૂળમાં આવીને રહેવાનો મહા અનન્ય લાભ મળેલો છે.

શ્રી અરવિંદે એક માનવ શરીરની અંદર આ અતિમાનસ ચેતનાને અવતારી હતી. અને એ લક્ષ્યમાં પહોંચવા માટે કયો માર્ગ લેવાવો જોઈએ તથા કેવી રીતે એ માર્ગનું અનુસરણ કરવું જોઈએ એ વસ્તુ આપણને બતાવી આપી છે, એટલું જ નહિ, તેમણે પોતાના અંગત સાક્ષાત્કાર દ્વારા એ સિદ્ધિનું દૃષ્ટાંત પણ આપણી સમક્ષ રજૂ કર્યું છે. અર્થાત્ તેમણે આપણને એ વસ્તુ સાબિત કરી આપી છે કે આ લક્ષ્ય સિદ્ધ થઈ શકે તેવું છે અને તેને સિદ્ધ કરવા માટેનો સમય હમણાં જ આવી લાગેલો છે.

બીજા લોકોએ આજ સુધીમાં જે કાંઈ કર્યું છે તેની તે વસ્તુ આપણે ફરીથી કરવા માગતા નથી. આપણે તો એક નવી ચેતના અને એક નવા જીવનને આવિર્ભાવ આપવા માટે આપણી જાતને તૈયાર કરવાને અહીં એકત્ર થયા છીએ. અને એટલા માટે, હું તમને વિદ્યાર્થીઓને – એટલે કે જે કોઈ વ્યકિત જ્ઞાન મેળવવા માગે છે તે સર્વને કહી રહી છું કે તમે સૌ વધુ ને વધુ જ્ઞાન મેળવો, વધુ ને વધુ સારી રીતે જ્ઞાન મેળવો. અને એ રીતે તમે આ નૂતન શકિત પ્રત્યે તમારી જાતને

ખુલ્લી કરતા થઈ શકશો, અને એ શક્તિ છેક સ્થૂલ ભૂમિકા ઉપર પોતાને પ્રકટ કરી શકે તેવી શક્યતા ઊભી કરી શકશો. આપણો કાર્યક્રમ તે આ છે એ વાત તમે હમેશાં સ્મરણમાં રાખજો. તમે અહીં આવ્યા છો તે પાછળનું સાચું કારણ પણ એ જ છે કે આપણે અહીં જગત પાછળ રહેલી પરમાત્માની ઈચ્છાને વ્યક્ત કરી શકીએ તેવા આપણાથી શક્ય તેટલા એક સંપૂર્ણ કરણ રૂપ બનવાનું છે. આપણું લક્ષ્ય તે આ છે તે વાત તમે હમેશાં યાદ રાખજો. અને આ કરણને જો સંપૂર્ણ બનાવવું હોય તો તમારે તેને તૈયાર કરવાનું રહે છે, કેળવવાનું રહે છે, તાલીમ આપવાની રહે છે. એને તમે એક પડતર જમીનની માફક ખેડ્યા વિનાનું પડી રહેવા નહિ દઈ શકો, કે આકાર વિનાના પથ્થરની માફક અણઘડ રહેવા દઈ શકશો નહિ. હીરાનું સંપૂર્ણ સૌન્દર્ય તો તમે જ્યારે તેના કળાત્મક રીતે પાસા પાડો છો ત્યારે જ ખીલી ઊઠે છે. તમારે માટે પણ એમ જ છે. તમારા શરીરને – બાહ્ય સ્વરૂપને તમારે અતિમાનસ ચેતનાને આવિર્ભાવ આપવા માટેનું એક સંપૂર્ણ કરણ બનાવવું હશે તો તેને પણ તમારે તૈયાર કરવાનું રહે છે, તેને એક ઘાટ આપવાનો રહે છે, સંસ્કારવાનું રહે છે, તેમાં ખૂટતી વસ્તુઓને ઉમેરવાની રહે છે, અને તેમાં જે વસ્તુઓ આવી રહેલી હોય તેને સંપૂર્ણ કરવાની રહે છે. અને આ કાર્ય માટે જ, મારાં બાળકો, તમે સૌ વર્ગમાં આવો છો. તમે ભલે નાનાં હો કે મોટાં, પણ ગમે તે ઉંમરે પણ આપણે ભણી તો શકીએ જ છીએ. અને એટલે વિદ્યાભ્યાસ માટે વર્ગમાં જવું તમારે જરૂરનું જ છે.

પણ કેટલીક વાર એવું બને છે કે તમારા મનને ઠીક નથી હોતું અને ત્યારે તમને વર્ગમાં રસ નથી પડતો. તમે કહો છો, 'ઓ, આ વિષયમાં તો મને બહુ જ કંટાળો આવે છે!' હા, એવું બની શકે કે તમારા શિક્ષકને તમને આનંદ કરાવતાં નહિ આવડતું હોય. શિક્ષક તરીકે એ બહુ સારા હશે, પરંતુ એ તમને બહુ આનંદ નહિ આપી શકતા હોય. બીજાને આનંદ કરાવવો એ કંઈ બહુ સહેલી વાત નથી. કોઈ કોઈ વાર એવા દિવસો પણ આવે છે કે જ્યારે, બીજાને આનંદવિનોદ કરાવવાની ઇચ્છા આપણને થતી પણ નથી. વળી કોઈ વાર એવા પણ દિવસો આવે છે કે જ્યારે એકલા તમને જ નહિ, શિક્ષકને પણ, નિશાળ મૂકીને બીજે કયાંક ચાલ્યા જવાનું મન થતું હોય છે. પરંતુ તમારું મન આમ નારાજ હોય છતાં તમે તમારા વર્ગમાં જાઓ છો. કારણ કે વર્ગમાં જવું એ તમારું કર્તવ્ય છે. તમારા કર્તવ્યનો ખ્યાલ ભૂલીને તમે જો તમારા મનની ધૂન પ્રમાણે જ કામ કરતા રહેશો તો તમે તમારી જાત ઉપર કદી કાબૂ નહિ મેળવી શકો, તમારી ધૂનો તમારા ઉપર કાબૂ મેળવી લેશે. એટલે તમે વર્ગમાં તો જરૂર

જજો, પરંતુ જતાં જતાં મનમાં એમ વિચાર ન કરતા કે, 'અરે, વર્ગમાં મને બહુ જ કંટાળો આવશે, જરા યે રસ નહિ પડે.' આ રીતે વિચારવાને બદલે તમારે આમ કહેવું જોઈએ કે, જીવનમાં એવી એક પણ ક્ષણ નથી, એવી એક પણ પરિસ્થિતિ નથી કે જેમાં આપણને પ્રગતિ કરવાની તક ન મળી શકે. તો પછી હું આજે વર્ગમાં કઈ પ્રગતિ કરીશ? હું જે વર્ગમાં જાઉં છું ત્યાં જે વિષય ચાલવાનો છે તેમાં મને રસ નથી પડતો. પણ મને આ રસ શા માટે નહિ પડતો હોય? કદાચ મારામાં કાંઈક ઊણપ હશે, કદાચ મારા મગજના કોઈ એક ખૂણામાંના કોશોમાં કંઈક ખામી હશે, અને એટલે જ મને વર્ગના વિષયમાં રસ નહિ પડતો હોય. પણ જો એમ હોય તો તો હું પ્રયત્ન કરીશ, બરાબર ધ્યાન દઈને સાંભળીશ, મારા મનને એકાગ્ર કરીશ. અને ખાસ કરીને આ ઉપરછલ્લી છીછરી મનોદશાને તો હું જરૂર હાંકી કાઢીશ કેમ કે મને કોઈ વસ્તુ સમજાતી નથી ત્યારે જે કંટાળો આવે છે તેનું ખરું કારણ જ આ છે. હું પોતે વિષયને સમજવા માટે કશો જ પ્રયત્ન કરતો નથી, પ્રગતિ કરવા માટે મારામાં કોઈ સંકલ્પ પ્રગટતો નથી અને તેને લીધે જ મને કંટાળો આવે છે.' દરેક માણસને જ્યારે પોતાની પ્રગતિ થતી દેખાતી નથી ત્યારે અવશ્ય કંટાળો આવે છે, ભલે પછી તે જુવાન હોય કે વૃદ્ધ. કારણ કે આપણું પૃથ્વી ઉપર આવવું તે પ્રગતિ કરવાને માટે જ છે. જીવન જો પ્રગતિ કરતું ન હોત તો તો તે કેટલું બધું કંટાળાજનક બની રહેત! હા, જીવન એ એક એકધારી વસ્તુ છે, ઘણી વાર એમાં કશો જ આનંદ નથી હોતો. અને એમાં સુંદરતા તો નથી જ હોતી. પરંતુ આવા જીવનને આપણે જો પ્રગતિ માટેના એક ક્ષેત્ર તરીકે સ્વીકારી લઈએ તો તો પછી બધું જ બદલાઈ જાય છે, દરેક વસ્તુ રસપ્રદ બનવા લાગે છે, અને કંટાળાને માટે કોઈ જ સ્થાન રહેતું નથી. એટલે હવે ફરી વાર જ્યારે તમને વર્ગમાં શિક્ષક કંટાળો આપતા લાગે ત્યારે કંઈ પણ કામ કર્યા વિના વખત બગાડવાને બદલે શિક્ષક શા માટે રસ નથી આપી શકતા તે સમજવાને પ્રયત્ન કરજો. અને તમારામાં જો અવલોકનની શક્તિ હશે અને તમે જો સમજવાનો પ્રયત્ન કરશો તો તમે થોડા જ વખતમાં જોઈ શકશો કે જાણે એક ચમત્કાર બની ગયો છે અને તમને હવે કોઈ વસ્તુ કંટાળાજનક દેખાતી નથી.

આ ઇલાજ લગભગ દરેક પ્રસંગે કામ આવે તેવો છે. કેટલીક વાર અમુક પ્રકારના સંજોગોમાં તમને દરેક વસ્તુ નીરસ, કંટાળાજનક, અર્થહીન લાગે છે; પણ આનો અર્થ એ છે કે તમે પોતે પણ તમારા સંયોગોના જેટલા જ કંટાળાજનક બની ગયેલા છો, અને વળી એમાંથી એક બીજી વસ્તુ પણ બરાબર

સ્પષ્ટ થઈ જાય છે કે તમે કોઈ પ્રગતિકારક સ્થિતિમાં નથી, તમારા ઉપર કંટાળાનું, નીરસતાનું એક મોજું ફરી વળેલું છે, અને આવી વસ્તુ તો જીવનનો આખો પાયો જ નાબૂદ કરી નાખે તેવી હોય છે. આવે વખતે તમે એક પ્રયત્ન કરીને તમારી જાતને પ્રશ્ન કરી શકો છો કે, 'મને આ જે નીરસતા દેખાય છે તે એ જ બતાવી આપે છે કે મારે હજી જીવનમાં કંઈક શીખવાનું બાકી છે, મારી પોતાની અંદર મારે એક પ્રગતિ કરવાની છે, મારામાંની કોઈ જડતાને જીતવાની છે, કોઈક નબળાઈને વશ કરવાની છે.' નીરસતા એ ચેતનાની એક સપાટ નિષ્પ્રાણ અવસ્થા છે. અને એનો ઇલાજ તમારી અંદરથી મેળવવા પ્રયત્ન કરશો તો એ નીરસતા તરત જ ચાલી જતી તમને દેખાશે. ઘણાખરા માણસો, પોતાને કંટાળો આવે છે ત્યારે પોતાની ચેતનામાં એક પગથિયું ઊંચું ચડવાનો પ્રયત્ન કરવાને બદલે એક કદમ નીચે ઊતરી આવે છે. એટલું જ નહિ, પોતે જ્યાં હોય છે ત્યાંથી પણ તેઓ વધુ નીચે સરકી પડે છે અને સાવ અક્કલ વગરનાં કામો કરવા લાગે છે. પોતાને આનંદ મળશે એવી આશાએ તેઓ જંગલી માણસના જેવી વસ્તુઓ કરવા લાગે છે, અને આ રીતે માણસો દારૂ પીવા માંડે છે, પોતાની તબિયત બગાડે છે, પોતાનું મગજ ગુમ કરી દે છે. આ લોકો આમ નીચે સરી પડવાને બદલે જો પોતાની ચેતનાને ઊંચે લઈ જઈ શકયા હોત તો એ પ્રસંગનો લાભ લઈને તેઓ જરૂરી પ્રગતિ સાધી શકયા હોત.

જીવનના તમામ સંજોગો પરત્વે આ વસ્તુ લાગુ પડે છે. જીવનમાં તમને કોઈ સખત ફટકો પડે, લોકો જેને ઘોર આપત્તિ ગણે છે તેવો કોઈ બનાવ તમારા જીવનમાં બની આવે તેવે વખતે પણ તમે આ દૃષ્ટિથી કામ કરી શકો છો. આવા પ્રસંગે લોકો સૌથી પ્રથમ તો એ આપત્તિને ભૂલી જવાનો પ્રયત્ન કરે છે, જાણે કે પોતાને એ બધું ભૂલી જતાં બહુ વાર લાગવાની હોય! અને આ ભૂલવા માટે લોકો ભાતભાતની વસ્તુઓ કરે છે. આવા આઘાતની વ્યથામાંથી રાહત મેળવવા માટે તેઓ કોઈ બીજી વસ્તુમાં મન પરોવવા પ્રયત્ન કરે છે, અને મનને કોઈ બીજી વસ્તુમાં પરોવવી એટલે કે અર્થહીન વસ્તુઓ કરવી. એવી પ્રવૃત્તિઓ કરતાં માણસ પોતાની ચેતનામાં નીચે સરકી પડે છે, પોતાની ચેતનાને ઊંચે લેવાને બદલે નીચે ધસડી જાય છે. એટલે તમારા જીવનમાં જો કોઈ આવી અત્યંત દર્દમય વસ્તુ બની આવે તો તેવે વખતે તમારી જાતને લાગણી શૂન્ય બનાવી દેવાનો પ્રયત્ન ન કરશો, તેને ભૂલી જવાનો, અચેતનામાં ઊતરી જવાનો પ્રયત્ન ન કરશો. એમ ન કરતાં તમે તમારી ચેતનામાં આગળ વધો, તમારા દર્દના ઠેઠ ભીતરમાં પહોંચી જાઓ, અને ત્યાં તમને એ દર્દની પાછળ જે એક પ્રકાશ, એક

સત્ય, શક્તિ અને આનંદ છુપાઇ રહેલાં હોય છે તે મળી આવશે. પરંતુ આ વસ્તુ કરવાને માટે તમારે મહા મક્કમ રહેવું પડશે, નીચે સરકી પડવાને ઘસીને ના પાડવી પડશે.

આવી રીતે તમારા જીવનના સર્વ બનાવો, પછી તે નાના હો કે મોટા, પ્રગતિ માટેની એક તક બની શકે છે. જીવનની નાની નાની ક્ષુદ્ર બાબતો પણ, તમને જો તેનો લાભ લેતાં આવડે તો, તમને નવાં નવાં સત્યોનું પ્રાકટય કરી આપી શકે છે. તમારે જ્યારે કોઈ એવું કામ કરવાનું હોય કે જેમાં તમારું બધું ધ્યાન વાપરવાની જરૂર ન હોય ત્યારે એવે પ્રસંગે તમે તમારી અવલોકન શક્તિને ખીલવવાનો પ્રયત્ન કરજો. અને તમે જોશો કે એમાંથી તમને બહુ જ રસિક રસિક વસ્તુઓ મળી આવશે. આ કેવી રીતે બને છે તે બતાવવા હું તમને બે પ્રસંગો કહીશ. આ પ્રસંગો પ્રસંગ તરીકે તો સાવ નજીવા જ છે, અને છતાં એ પોતાની પાછળ એક ઘણી ઊંડી અને કાયમની છાપ મૂકી જાય તેવા છે.

પહેલો પ્રસંગ તે પૅરિસમાં બનેલી એક ઘટનાનો છે. એ વિશાળ નગરના એક માર્ગ ઉપર થઈને તમે જઈ રહ્યા છો. બધે જ ઘોંઘાટ ઘોંઘાટ છે, એક દેખીતી રીતની અંધાધૂંધી છે, ગભરાવી મૂકે તેવી ધાંધલ છે. એકાએક તમારી આગળ તમને એક સ્ત્રી ચાલી જતી દેખાય છે. બીજી અનેક સ્ત્રીઓના જેવી એ પણ એક સ્ત્રી છે. તેના પોશાકમાં કશું ધ્યાન ખેંચે તેવું તત્ત્વ નથી. પરંતુ તેની ગતિ, ચાલવાની રીત અદ્ભુત છે. એની ચાલમાં તરલતા છે, લયબદ્ધતા છે, છટા છે, સંવાદિતતા છે. તમારું ધ્યાન એકદમ તેના ઉપર ઠરી જાય છે અને તમે પ્રસન્ન થઈ તેને જોઈ રહો છો. અને પછી આવી સુંદર રીતે ગતિ કરતું એ શરીર પ્રાચીન ગ્રીસની સારી યે જાહોજલાલીને તમારી સ્મૃતિમાં ખડી કરી આપે છે, એ દેશની સંસ્કૃતિએ સારા યે જગતને સૌન્દર્યના જે અપૂર્વ પાઠ આપેલા છે તે તમને યાદ આવે છે અને તમારા જીવનમાં તમે એક અવિસ્મરણીય પલનો અનુભવ કરી રહો છો. અને આ બધું તે ફક્ત એક સરસ રીતે ચાલી જાણતી સ્ત્રીને કારણે બનેલું હોય છે.

બીજો પ્રસંગ તે જગતના એક બીજા છેડે, જાપાનમાં બનેલી ઘટનાનો છે. આ અતિશય સુંદર દેશમાં તમે હજી હમણાં જ આવ્યા છો. તમારે અહીં ઠીક ઠીક વખત રહેવું છે અને તમને તરત જ એ ખ્યાલ આવે છે કે આ દેશની ભાષાનું તમને થોડુંએક જ્ઞાન પણ નહિ હોય તો અહીં રહેવું મુશ્કેલ બની જશે. એટલે તમે જાપાની ભાષા શીખવી શરૂ કરો છો. એ ભાષા સાથે

પરિચિત થઈ શકાય એટલા માટે તમે લોકોને બોલતા સાંભળવાની એકેએક તકનો લાભ લઈ લો છો. એક વખતે તમે ટ્રામમાં જઈ રહેલા છો; અને તમારે પડખે તમે એક ચાર પાંચ વર્ષનું બાળક તેની મા સાથે બેઠેલું જુઓ છો. બાળક એક સ્પષ્ટ નિર્મળ ભાષામાં બોલવા લાગે છે, અને એ સાંભળતાં સાંભળતાં તમને એ લાક્ષણિક અનુભવ થાય છે કે જે વસ્તુને શીખવા માટે તમારે આટલી બધી મહેનત કરવી પડે છે તે આ બાળક તો આપોઆપ જ શીખી ગયેલું છે અને જાપાની ભાષાના વિષયમાં તો, તમારા કરતાં એ આટલું બધું નાનું છે છતાં તે તમારો શિક્ષક થઈ શકે તેમ છે.

આ રીતે જોતાં આખું યે જીવન એક અદ્‌ભુત આશ્ચર્યોથી ભરેલી વસ્તુ બના રહે છે અને દરેક પગલે તમને તે કાંઈ ને કાંઈ પદાર્થપાઠ આપતું રહે છે. અને આ દૃષ્ટિબિંદુથી જોતાં જીવન તમને ખરેખર એક જીવવા જેવી વસ્તુ લાગશે.

(બુલેટિન, નવેમ્બર ૧૯૫૩)

ભાવિનું દર્શન

ભાવિનું દર્શન ! આ વસ્તુ પ્રાપ્ત કરવા માટે કેટકેટલા લોકો પ્રયત્ન કરી ચૂકયા છે, કેટકેટલાં દર્શનો ઊભાં થયાં છે, ભવિષ્યદર્શનની કેટલી કેટલી વિદ્યાઓ ઊભી થઈ છે, વિકસી છે અને વહેમ અને ઊંટ વૈદકના નામે ઓળખાઈને પડી પણ ભાંગી છે ! ભવિષ્ય શા માટે આમ હમેશાં અદૃષ્ટ જ રહેલું હશે ? એ વસ્તુ તો સિદ્ધ થઈ ચૂકી છે કે વિશ્વમાં એકેએક વસ્તુ પૂર્વથી જ અનિવાર્ય રીતે નિર્ણીત થઈ ચૂકેલી છે. તો પછી આ નિર્માણનું સંપૂર્ણ ખાતરીપૂર્વકનું જ્ઞાન મેળવવામાં આપણને કેમ સફળતા નથી મળતી ?

આ પ્રશ્નનો ઉકેલ પણ યોગમાંથી આપણને મળે છે. યોગની સાધના દ્વારા આપણે અગાઉથી ભાવિ જોઈ શકીએ છીએ, એટલું જ નહિ, તેમાં ફેરફાર પણ કરી શકીએ છીએ, કહો કે તેને લગભગ આખું ને આખું પલટી પણ શકીએ છીએ. યોગ પ્રથમ તો આપણને એ શીખવે છે કે આપણે કોઈ એક જ સ્વરૂપવાળી,

ઈષ્ટ હશે તે જ તમને આવી મળશે. પરંતુ આ પણ એક એવો તો ઉચ્ચ આદર્શ છે કે જ્યાં પહોંચવું સાવ સહેલું નથી હોતું. પરંતુ આ આદર્શ સ્થિતિ સિદ્ધ ન થઈ હોય ત્યારે પણ વ્યક્તિ પોતાના જીવનમાં કોઈ ભય યા તો કટોકટીનો પ્રસંગ ઊભો થાય ત્યારે પોતાના ઉચ્ચોચ્ચ ભાવિનું ઉદ્‌બોધન કરી શકે છે, તે ભાવિ તરફ પોતાની અભીપ્સા વાળીને, પ્રભુની દિવ્ય સંકલ્પશક્તિને પ્રાર્થના કરી શકે છે અને તેના હાથમાં શ્રદ્ધાપૂર્વક પોતાનાનું સમર્પણ કરી શકે છે. માણસ જો આટલું કરી શકે તો તેનો પુકાર જેટલો વધુ સાચો હશે તેટલા પ્રમાણમાં આ ઉચ્ચતર ભાવિ તેના સામાન્ય ભાવિની અંદર સાનુકૂળ રીતે પ્રવેશ કરે છે, અને તેના અંગત જીવન સાથે સંબંધ ધરાવતી ઘટનાઓને પણ બદલી આપે છે. આ પ્રકારના બનાવો જ બાહ્ય ચેતનાને ચમત્કાર રૂપ લાગે છે. જગતમાં પ્રભુના દિવ્ય અનુપ્રવેશ જેવા લાગે છે.

(બુલેટિન, ફેબ્રુઆરી ૧૯૫૦)

રૂપાંતર

આપણે એક સર્વાંગ સંપૂર્ણ રૂપાંતર માગીએ છીએ, શરીરનું અને તેની સર્વે ક્રિયાઓનું રૂપાંતર. પરંતુ બીજું કાંઈ પણ આપણે હાથ ધરી શકીએ તે પહેલાં આપણે એક પ્રથમનું પગલું લેવું અનિવાર્ય છે; અને એ છે ચેતનાનું રૂપાંતર. એ વસ્તુ સિદ્ધ કરવા માટે શરૂઆતનું બિન્દુ, એમ કરવા માટેની અભીપ્સા અને એ રૂપાંતર સિદ્ધ કરવા માટેનો સંકલ્પ છે; એના સિવાય કાંઈ થઈ શકે તેમ નથી. પરંતુ આ અભીપ્સામાં એક આંતરિક ખુલ્લાપણું ઉમેરવામાં આવે તો આપણે એક જ કૂદકે આ રૂપાંતરિત ચેતનામાં પ્રવેશ કરીને સ્થાયી થઈ શકીએ છીએ. ચેતનાનું આ રૂપાંતર અચાનક બની આવે છે, એટલે કે; જ્યારે એ બની આવે છે ત્યારે એકદમ અચાનક બની આવે છે, જો કે એની પાછળની તૈયારી ધીમેધીમે અને લાંબો સમય કરવામાં આવી હશે. હું આમાં કેવળ માનસિક દૃષ્ટિબિંદુના પરિવર્તનની વાત કરતી નથી, પણ ચેતનાના પોતાના જ રૂપાંતરની વાત કરું છું. એ એક સંપૂર્ણ અને નિતાંત પરિવર્તન હોય છે, પાયાની દૃષ્ટિમાં જ એક ક્રાંતિકારી પલટો; એ જાણે કોઈ બોલને ઊલટાવીને

ફેરવી નાખ્યો હોય તેના જેવું હોય છે. એ પરિવર્તન પામેલી ચેતનામાં દરેક વસ્તુ કેવળ નવા જેવી અને જુદી લાગતી નથી, પણ સામાન્ય ચેતનાને તે વસ્તુઓ જેવી જણાય છે તેથી લગભગ ઊલટા પ્રકારની જ જણાય છે. સામાન્ય ચેતનામાં તમે ધીરે ધીરે આગળ વધો છો, એક પછી એક પ્રયોગ કરતા જાઓ છો, અને અજ્ઞાનમાંથી કોઈ દૂર દૂરના અને કદાચ શંકાસ્પદ જ્ઞાનમાં પહોંચો છો. રૂપાંતર પામેલી ચેતનામાં, તમે જ્ઞાનની શરૂઆત કરો છો, અને જ્ઞાનથી જ્ઞાન પ્રત્યે ગમન કરો છો. આમ છતાં એ કેવળ શરૂઆત માત્ર હોય છે; બાહ્ય ચેતનાને માટે, બાહ્ય અને સક્રિય સ્વરૂપની જુદી જુદી ભૂમિકાઓ અને ભાગોનું રૂપાંતર કેવળ ધીમેધીમે, અને આંતરિક રૂપાંતરના પરિણામરૂપે ક્રમશઃ થાય છે.

આ રીતનું ચેતનાનું અંશતઃ રૂપાંતર જ તમને એક વખતે ઇચ્છવા યોગ્ય લાગતી વસ્તુઓઆંથી રસ ગુમાવી દેવા માટે જવાબદાર હોય છે; એમાં કેવળ ચેતનાનું પરિવર્તન થયેલું હોય છે, એ વસ્તુ આપણે જેને રૂપાંતર કહીએ છીએ તે હોતી નથી, કારણ કે રૂપાંતર એ એક પાયાની અને નિર્ભેળ વસ્તુ હોય છે : એ કેવળ ફેરફાર નથી હોતો, પરંતુ એમાં તો ચેતનાનું ઊલટાઈ જવાનું કાર્ય છે, જાણે કે, આખું યે સ્વરૂપ ચક્કર ખાઈને ઊલટાઈ જાય છે અને પોતે તદ્દન જુદી રીતનું દૃષ્ટિબિંદુ અપનાવે છે. ઊલટાઈ ગયેલી ચેતનામાં, વ્યક્તિનું સ્વરૂપ જીવન અને વસ્તુઓની ઉપર ઊભું રહે છે અને ત્યાંથી તેમની સાથે કામ પાડે છે; એ કેન્દ્રમાં હોય છે અને ત્યાંથી એ તેની ક્રિયાઓને બહારની બાજુએ દોરે છે. પરંતુ સામાન્ય ચેતનામાં, વ્યક્તિનું સ્વરૂપ, બહાર અને નીચે ઊભું રહે છે; એ બહારથી કેન્દ્રમાં પહોંચવાને પ્રયત્ન કરે છે; નીચે, પોતાના અજ્ઞાન અને અંધાપાના વજન હેઠળ કચડાઈ ગયેલ હોઈ એ તેમની ઉપર ઊઠવા માટે બેફામપણે ખેંચતાણ કરે છે. સામાન્ય ચેતના, વસ્તુઓ ખરેખર કેવી છે તે જાણતી નથી હોતી, તે કેવળ દેખાવને પિછાને છે. પરંતુ સાચી ચેતના તો કેન્દ્રમાં, સત્યના હાર્દમાં, સર્વે ગતિઓની સીધી દૃષ્ટિમાં હોય છે. એ સાચી ચેતના, ભીતરમાં અને ઉપર રહેલી હોઈ, વસ્તુઓનાં કારણો અને અસરો અને શક્તિઓને અને તેમના ઉદ્‌ગમ સ્થાનને જાણતી હોય છે.

મારે ફરી કહેવું જોઈએ કે આ ઊલટાઈ જવાની ક્રિયા અચાનક બની આવે છે. તમારી ભીતરમાં કોઈક વસ્તુ એકદમ અચાનક ખૂલી જાય છે અને તમને, તમે કોઈ નવા જગતમાં આવ્યા હોવાનું ભાન થાય છે. શરૂઆતથી જ, આ પરિવર્તન છેવટનું અને નિશ્ચિત સ્વરૂપનું ન પણ હોય. કાયમને માટે સ્થિર થવાને માટે અને તમારી સામાન્ય પ્રકૃતિરૂપ થઈ રહેવા માટે એને સમય જોઈએ છે. પરંતુ

એક વાર પરિવર્તન થઈ જાય, પછી એ તમારામાં રહે છે, સિદ્ધાંતની દૃષ્ટિએ, કાયમને માટે; અને તે પછી જે કરવાની જરૂર રહે છે તે એને ધીરે ધીરે કાર્યરત કરવાની અને સઘન અને વિગતપૂર્ણ રૂપ આપવાની.

રૂપાંતર પામેલી ચેતનાનો પ્રથમ આવિર્ભાવ હમેશાં અચાનક થઈ આવેલો લાગે છે. તમે ધીરે ધીરે એક વસ્તુમાંથી બીજામાં પરિવર્તન પામી રહ્યા છો તે તમને જણાતું નથી, પણ બને છે એવું કે તમે અચાનક જ નવી ચેતનામાં જાગ્રત થાઓ છો કે જન્મ પામો છો. મનના કોઈ પ્રયત્ન વડે એમ થઈ શકે તેમ નથી; કારણ કે એ શું છે તે તમે મન વડે કલ્પી શકતા નથી અને મન જે કોઈ વર્ણન આપે તે પૂરતું હોઈ શકતું નથી

સંપૂર્ણ રૂપાંતરની શરૂઆતનું બિંદુ આ રીતનું હોય છે.

(બુલેટિન, ઑગસ્ટ ૧૯૫૦)

મૃત્યુનો ભય અને તેના ઉપર વિજય પ્રાપ્ત કરવાનાં ચાર સાધનો

સામાન્ય રીતે કહીએ તો માણસની પ્રગતિને રોકનારું સૌથી મોટું વિઘ્ન કોઈ હોય તો તે કદાચ ભય છે. આ ભય ઘણી વિવિધ રીતનો, અસંખ્ય પ્રકારનો હોય છે. એમાં વળી આંતર વિરોધી તત્ત્વો પણ હોય છે, એ ભયની પાછળ કોઈ તર્કદૃષ્ટિ નથી હોતી, કોઈ કારણો નથી હોતાં. ઘણી વાર તો તેની પાછળ કોઈ જ બુદ્ધિગમ્ય વસ્તુ હોતી નથી. આ બધા ભયોમાં સૌથી વધુ સૂક્ષ્મ રીતનો અને માણસને સૌથી વધુ વળગી રહેનારો ભય તે મૃત્યનો ભય છે. આ ભયનાં મૂળ અવચેતનામાં ઊંડે ઊંડે પડેલાં હોય છે અને તે સ્થળેથી તેને નિર્મૂળ કરવો એ એક મહા અઘરી વસ્તુ છે. આપણે એ પણ જોઈ શકીએ છીએ કે એ ભય પરસ્પરમાં ભળી જતાં ઘણાંએક તત્ત્વોનો બનેલો છે. માણસમાં હમેશાં એક સંરક્ષણ વૃત્તિ કામ કરે છે, ચેતનાનું સાતત્ય જાળવી રાખવાને માટે આત્મ-રક્ષણ કરવાની માણસને હમેશાં ઇન્તેજારી રહે છે. એ ઇન્તેજારી તેને હરેક અજાણી વસ્તુ તરફથી પાછો ધકેલી મૂકે છે. કોઈ અણધારી અને ગણતરી બહારની વસ્તુ આવી પડતાં માણસ બેચેની અનુભવવા

લાગે છે. અને કદાચ આ બધાની પાછળ, માણસના છેક શરીરના કોષોનાં ઊંડાણમાં એ સહજવૃત્તિ પણ છુપાઈ રહેલી હોય છે કે મૃત્યુ એ કોઈ અપરિહાર્ય વસ્તુ નથી, જો અમુક શરતો પૂરી કરી શકાય તો મૃત્યને જીતી પણ શકાય છે. આ બધાં તત્ત્વો પરસ્પર ભળી જઈને આપણામાં ભયનું સર્જન કરે છે. જો કે, ખરી વાત તો એ છે કે આ બધી વસ્તુઓ ઉપર વિજય મેળવવામાં ભય પોતે જ એક મોટું વિઘ્ન બની રહે છે. કેમ કે આપણે માત્ર તે જ વસ્તુને જીતી શકીએ કે જેનો આપણને ભય ન લાગતો હોય. અને એ રીતે જોતાં જે માણસને મૃત્યનો ભય લાગતો હોય છે તેના ઉપર મૃત્યુએ કયારનો યે વિજય મેળવી લીધો હોય છે.

તો આ ભયમાંથી કેવી રીતે મુકત થઈ શકાય? એ મુકિત મેળવવા માટે આપણે કેટલીક પદ્ધતિઓ અખત્યાર કરી શકીએ છીએ. પરંતુ આ વિષયના વિચારમાં ઊતરીએ તે પહેલાં આ મહા પુરુષાર્થમાં આપણને મદદ રૂપ થઈ પડે તેવા કેટલાક મૂળભૂત વિચારો આપણી નજર સમક્ષ આપણે રાખીશું. આપણે સૌથી પ્રથમ તો એ જાણવું જોઈએ કે જીવન એ એક અખંડ પદાર્થ છે, અમર વસ્તુ છે. આ એક અત્યંત મહત્ત્વનું જ્ઞાન છે. જે નાશ પામે છે તે તો રૂપો છે. આ અખંડ એકરૂપ જીવનતત્ત્વે જગતમાં અનંત રૂપો ધારણ કરેલાં છે અને એ રૂપોમાં ક્ષણિકતા અને ભંગુરતા રહેલી છે. આપણા મનમાં આ જ્ઞાન આપણે બરાબર સુદૃઢ રીતે હમેશને માટે સ્થાપિત કરી લેવું જોઈએ અને આપણી ચેતનાને આ સર્વ રૂપોથી સ્વતંત્ર રહેનાર છતાં એ રૂપો દ્વારા પોતાનો આવિર્ભાવ કરતા પેલા શાશ્વત જીવન સાથે અપણાથી બને તેટલી એકરૂપ કરી લેવી જોઈએ. આપણામાં આ જ્ઞાન સ્થિર થઈ જતાં આપણને એક અત્યંત આવશ્યક એવી માનસિક ભૂમિકા પ્રાપ્ત થાય છે, અને એ ભૂમિકા ઉપરથી આપણે આ પ્રશ્નનો સામનો કરવાનો છે, કેમ કે એ પ્રશ્નનું અસ્તિત્વ પણ એ મનોમય ભૂમિકામાં જ છે. આપણી આંતર ચેતના ભય માત્રથી પર થઈ જવાય એટલો પ્રકાશ પામી ગઈ હોય તો પણ આ ભય આપણા શરીરના કોષોની અંદર જઈને પણ સંતાઈ રહેતો હોય છે. ત્યાં, શરીરના કોષોમાં તે એક અસ્પષ્ટ રૂપે પડી રહે છે, આપણી બુદ્ધિની નજર ચુકાવીને તે આપોઆપ જ પોતાની ક્રિયા કરતો રહે છે. એની ક્રિયાઓ ઘણી વાર તો લગભગ અચેતન રીતની જ હોય છે. આ અંધારાં ઊંડાણોમાંથી આપણે આ ભયને શોધી કાઢી તેને પકડમાં લેવાનો છે. અને તેના ઉપર ચૈતન્યનો તથા અટલ શ્રદ્ધાનો પ્રકાશ નાખવાનો છે.

આ રીતે ત્યારે જીવન પોતે તો કદી મૃત્યુ પામતું નથી, માત્ર તેનાં બાહ્ય રૂપોનું જ વિસર્જન થાય છે. આપણી સ્થૂલ ચેતના આ રૂપોના વિસર્જન થી ડરે છે. પણ આપણે એ વાત ધ્યાનમાં રાખી શકીએ કે આ બાહ્ય રૂપ એ તો એક સતત બદલાતી વસ્તુ છે. તેમ જ એના આ સતત પરિવર્તનની ક્રિયાને તમે હમેશાં પ્રગતિની દિશામાં જ ગતિ કરતી કરી શકો તો તે ગતિને પણ કોઈ અટકાવી શકે તેમ નથી. મૃત્યુની ઘટનાને તમારે અનિવાર્ય તરીકે મટાડવી હોય તો તે માટેનું એકમાત્ર સાધન તે આ જ છે : શરીરની પરિવર્તનની ક્રિયાને તમે પ્રગતિશીલ રૂપની બનાવો. પરંતુ આવું પરિવર્તન સિદ્ધ કરવું એ એક અતિ કઠણ કાર્ય છે. એને માટે જે શરતો પૂરી થવી જોઈએ તે અલ્પ માણસો જ કરી શકે તેમ છે. આમ મૃત્યુના ભયને જીતવાની પદ્ધતિ પ્રત્યેક પરિસ્થિતિમાં, તેમ જ હરેક માણસની ચેતનાની અવસ્થા મુજબ જુદી જુદી રીતની રહેશે. આ બધી પદ્ધતિઓને ચાર મુખ્ય વિભાગમાં વહેંચી શકાય તેમ છે, વળી એ દરેક વિભાગમાં પણ પાછી બીજી ઘણી વિવિધ પદ્ધતિઓનો સમાવેશ થાય છે. જો કે ખરું જોતાં તો આ માટે દરેક માણસે પોતે જ પોતાની આગવી પદ્ધતિ ઉપજાવવાની રહે છે.

આ પદ્ધતિઓમાંથી પ્રથમ પદ્ધતિ આપણે બુદ્ધિ દ્વારા પ્રયોજી શકીએ છીએ. આપણી બુદ્ધિને તે સ્વીકાર્ય બને તેવી હોય છે. તમે કહી શકો છો કે અત્યારે જગત જે રીતનું છે તે જોતાં મૃત્યુ એ એક અનિવાર્ય જેવી ઘટના છે. જે શરીર જન્મ પામેલું છે તે કોઈ ને કોઈ દિવસ મૃત્યુ પામવાનું જ છે અને લગભગ દરેક માણસનું મૃત્યુ જે વખતે થવાનું હોય છે તે જ વખતે આવીને ઊભું રહેવાનું છે. તેના આગમનને તમે એક ક્ષણ વહેલું કરી શકવાના નથી, તેમ જ એક ક્ષણ પાછું પણ ઠેલી શકવાના નથી. કોઈને જલદી જલદી મરી જવું હોય છે તોપણ તેણે મૃત્યુ માટે કેટલો યે વખત રાહ જોવી પડે છે અને કોઈને મરવું નથી હોતું, મરણનો પુષ્કળ ડર લાગતો હોય છે તોપણ, તે માણસ મૃત્યુથી બચવા માટે ગમે તેટલી સાવચેતીઓ રાખે છે છતાં મૃત્યુનો પંજો તેના ઉપર એકાએક અણધાર્યો આવીને પડે જ છે. આમ હરેક માણસના મૃત્યુની ઘડી જાણે કે અફર રીતે લખાઈ ચૂકેલી દેખાય છે. આમાં માત્ર જેમની પાસે સામાન્ય માણસના કરતાં કાંઈ વિશેષ અસાધારણ શક્તિઓ હોય છે તેવા વિરલ મનુષ્યો જ અપવાદ રૂપે હોઈ શકે છે. આ સ્થિતિમાં બુદ્ધિ આપણને એ વાત શીખવે છે કે જે વસ્તુને આપણે ખાળી શકતા નથી તેનાથી ભીરુ એનો કશો જ અર્થ નથી. માણસ પાસે તો માત્ર એક જ રસ્તો છે, અને તે એ કે મૃત્યુ થવાનું જ છે એ વિચારનો સ્વીકાર

કરી લેવો અને ભવિષ્યમાં શું થવાનું છે તેની ચિંતા કર્યા વિના પોતે જે કાંઈ ઉત્તમ કાર્ય કરી શકે તે રોજ બ રોજ, ક્ષણે ક્ષણે શાંતિથી કર્યે જવું. જે બુદ્ધિ-પ્રધાન માણસો બુદ્ધિના નિયમો પ્રમાણે વર્તન કરવાને ટેવાયેલા હોય છે તેમને માટે આ પદ્ધતિ બહુ જ અસરકારક નીવડે તેવી છે. પરંતુ જે લોકો લાગણી-પ્રધાન છે, લાગણીઓમાં અને લાગણીઓના કાબૂ હેઠળ જ જીવતા હોય છે તેમને માટે આ પદ્ધતિ એટલી બધી અસરકારક નીવડશે નહિ. આવા લોકોએ પછી બીજી પદ્ધતિનો આશ્રય લેવો જોઈએ. આ બીજી પદ્ધતિ તે આંતર નિરીક્ષણની પદ્ધતિ છે. આપણી સર્વ લાગણીઓથી ઉપર, આપણા સ્વરૂપનાં નીરવ અને શાંત ઊંડાણોમાં એક પ્રકાશ અખંડ પ્રકાશમાન બેઠેલો છે. એ છે અંતરાત્માની ચેતનાનો – ચૈત્ય ચેતનાનો પ્રકાશ. આ પ્રકાશની શોધમાં નીકળો, એના ઉપર એકાગ્રતા સાધો. તમારી અંદર એ બેઠેલો છે, તમે બરાબર ખંતીલા સંકલ્પથી મંડ્યા રહેશો તો અવશ્ય એ તમને મળી આવશે. એ પ્રકાશમાં દાખલ થતાં વેંત જ તમારામાં અમૃતત્વનું ભાન જાગૃત થશે. તમને લાગશે કે તમે હમેશાં જીવતા રહેલા છો અને સદા યે જીવંત રહેવાના છો. આ જ્ઞાન થતાં તમે હવે તમારા શરીરથી સંપૂર્ણ સ્વતંત્ર બની રહો છો. તમારું સચેતન જીવન હવે તમારા શરીર ઉપર આધાર નથી રાખતું. તમે જુઓ છો કે તમે તો અનેક શરીરો મારફતે તમારો આવિર્ભાવ કરતા રહેલા છો અને તમારું આ શરીર તે એ અનેક નાશવંત શરીરમાંનું એક છે. મૃત્યુ એ હવે કોઈ શૂન્યમાં લય નથી, એ તો માત્ર એક અવસ્થાન્તર છે. આ જ્ઞાન થતાં વેંત જ ભય અદૃશ્ય થઈ જાય છે અને તમે મુક્ત મનુષ્ય બનીને, એ મુક્તિનો સ્વસ્થ વિશ્વાસ ધારણ કરીને જીવનમાં આગેકૂચ કરવા લાગો છો.

ત્રીજી પદ્ધતિ તે શ્રદ્ધાનો માર્ગ છે. જે લોકોને પ્રભુમાં શ્રદ્ધા હોય છે, પોતાના ઇષ્ટ દેવને ચરણે જેમણે પોતાનું સમસ્ત જીવન અર્પણ કરી દીધું હોય છે તેવા લોકો આ પદ્ધતિનો આશ્રય લઈ શકે છે. આવા ભક્તો તે પૂરેપૂરા પ્રભુના જ બની ગયેલા હોય છે. તેમના જીવનમાં બનતી સર્વ ઘટનાઓ તે પ્રભુના દિવ્ય સંકલ્પનો જ આવિર્ભાવ હોય છે. એ ઘટનાઓને તેઓ એક શાંતિમય સમર્પણપૂર્વક સ્વીકારી લે છે, એટલું જ નહિ પણ તે બદલ તેઓ એક કૃતજ્ઞ ભાવ પણ અનુભવે છે. કેમ કે એ લોકોને તો એ શ્રદ્ધા બેસી ચૂકી હોય છે કે પોતાના જીવનમાં જે જે કાંઈ બને છે તે તેમના ભલાને ખાતર જ બનતું હોય છે. આવા મનુષ્યોને પોતાના પ્રભુમાં, એ પ્રભુ સાથેના અંગત સંબંધમાં એક ગૂઢ વિશ્વાસ હોય છે. એમણે પોતાની સંકલ્પશક્તિને સંપૂર્ણ-પણે પ્રભુની સંકલ્પશક્તિના હાથમાં સોંપી દીધેલી હોય છે અને પોતાને જીવન

રૂપી કે મૃત્યુ રૂપી ભલે ગમે તેટલા અકસ્માતો પ્રાપ્ત થતા રહે તોપણ તેઓને પ્રભુના અવિકારી પ્રેમનો તથા સતત રક્ષણનો અનુભવ થતો રહે છે. તેમને એ એક અખંડ અનુભૂતિ રહેતી હોય છે કે પોતે પોતાના પ્રિયતમનાં ચરણોમાં પૂર્ણ સમર્પણપૂર્વક વસી રહેલા છે, એ પ્રિયતમના બાહુમાં લપાઈ રહેલા છે અને ત્યાં તેઓ સંપૂર્ણ રીતે સુરક્ષિત છે. તેમની ચેતનામાં હવે ભયને, ચિંતાને કે દુઃખને લેશ પણ સ્થાન હોતું નથી. તેમનામાંથી એ બધી વસ્તુઓ ચાલી ગયેલી હોય છે અને એક સ્વસ્થ અને પ્રસન્ન આનંદમયતા તેમનામાં આવેલી હોય છે.

પરંતુ આવા પરમ ભકત બનવાનું સદ્‌ભાગ્ય હરેક માણસનું નથી હોતું.

અને હવે આપણે છેલ્લી પદ્ધતિ જોઈએ. એ છે સંગ્રામની પદ્ધતિ, અને જે જન્મથી જ યોદ્ધા હોય તેવાને માટે જ તે કામની છે. આવા મનુષ્યો જીવનને છે તેવું ને તેવું સ્વીકારી શકતા નથી. પોતે અમૃતત્વને મેળવવાને જન્મેલા છે, એક પૂર્ણ અમૃતત્વને અને તે આ પૃથ્વી ઉપર, આ વાત તેમની નસોમાં ધબકી રહેલી હોય છે. એમનામાં એક પ્રકારનું એવું સહજ જ્ઞાન હોય છે કે મૃત્યુ એ તો આપણને પડેલી એક ખોટી ટેવ છે અને તેને જીતવાનો નિશ્ચય કરીને તેઓ જન્મેલા લાગે છે. પરંતુ આ વિજય મેળવવો એ એક મહા વિષમ કાર્ય છે. એ માટે એક ઘણા ઉગ્ર અને સૂક્ષ્મ પ્રકારના શત્રુઓની સેના સામે મરણતોલ જંગ ખેલવાનો રહે છે. અને આ જંગ તે સતત, કહો કે હરપળે ખેલવાનો રહે છે. જેનામાં કોઈ મહાન અદમ્ય આત્મા આવેલો હોય તેવા માણસે જ આ જંગ માટેનું બીડું ઝડપવું જોઈએ. આ યુદ્ધ અનેક મોરચાઓ ઉપર તેમ જ જુદી જુદી ભૂમિકાઓ ઉપર ખેલાતું હોય છે, અને એ ભૂમિકાઓ એકબીજામાં ભળી જતી હોય છે, તેમ જ એકબીજાની પૂરક પણ હોય છે.

આ પદ્ધતિમાં આપણે જે પ્રથમ લડાઈ ખેલવાની આવે છે તે પોતે જ એક મહા ભીષણ લડાઈ છે. એ લડાઈ આપણા મને જગતમાં પડેલા એક પ્રચંડ સૂચન સામે ખેડવાની છે. એ સૂચન આખા યે માનવસમુદાયમાં વ્યાપી રહેલું છે, એ સૂચન મહા પ્રચંડ છે, મહાકાય છે, દુર્ધર્ષ છે, માણસને ગૂંગળાવી નાખે તેવું, વિવશ કરી નાખે તેવું છે. માનવજાતિના હજારો વર્ષોના અનુભવમાંથી તેનો જન્મ થયેલો છે. કુદરતના એક એવા નિયમને આધારે તે સરજાયું છે કે જે નિયમમાં હજી સુધી કોઈ અપવાદ બનતો દેખાયો નથી. એ સૂચન પોતાની વાત આ રીતે ભારપૂર્વક રજૂ કરે છે : જુઓ ભાઈ, આ વાત તો હમેશાં બનતી જ આવેલી છે. એમાં કાંઈ મીનમેખ થઈ શકે તેમ જ નથી. મૃત્યુ તો એક અનિવાર્ય ઘટના છે, અને એની

અનિવાર્યતાને તમે મટાડી શકો એવી આશા રાખવી એ તો ગાંડપણ છે. આ રીતનો સૂર આખું યે જગત એક મતે કાઢી રહેલું છે. આજ સુધીના આપણા કોઈ મહાનમાં મહાન વિદ્વાને પણ આની સામે વિરોધનો સૂર ઉચ્ચાર્યો નથી કે ભાવિ માટે કોઈ આશા ઉદ્‌ગારી નથી. જગતના ધર્મોમાંથી તો ઘણાખરાએ મૃત્યુની હકીકતના આધાર ઉપર જ પોતાની બધી શક્તિ વિકસાવેલી છે. ધર્મો તો એમ જ કહેતા રહેલા છે કે માણસને પ્રભુએ મર્ત્ય બનાવેલો છે, અને એટલે માણસ મૃત્યુ પામે એ પ્રભુની જ ઇચ્છા છે. ઘણા ધર્મો તો મૃત્યુને મુક્તિના અને મોક્ષના દ્વારા તરીકે પણ વર્ણવે છે, અને કોઈ વાર તો મૃત્યુ ઇનામ રૂપે પણ મળે છે એમ સમજાવે છે. એમનો આદેશ તો આ રીતે આવે છે કે, હે માનવ, પરમાત્માની ઇચ્છાને તું મસ્તક નમાવીને સ્વીકારી લે. લેશ પણ વિરોધ કર્યા વિના મૃત્યુના વિચારને અંગીકાર કરી લે. અને તને શાંતિ અને સુખ મળશે. પરંતુ આ બધાં સૂચનોની સામે લડી લઈને આપણા મને પોતાને થયેલી અમૃતત્વની પ્રતીતિમાં અવિચલ રહેવાનું છે અને એક મહા અણનમ સંકલ્પશક્તિ ટકાવી રાખવાની છે. જે મનુષ્ય મૃત્યુને જીતવાનો નિશ્ચય કરે છે તેના ઉપર આવાં સૂચનોની કશી અસર થતી નથી, પોતાને મળેલા ગંભીર આંતર દર્શનમાંથી તેનામાં જે અવિચલ શ્રદ્ધા બંધાઈ હોય છે તે શ્રદ્ધાને આવાં સૂચનો કશી આંચ લગાડી શકતાં નથી.

બીજી લડાઈ તે લાગણીઓના મોરચા પર લડવાની લડાઈ છે. જીવનમાં આપણે જે જે વસ્તુઓ સર્જેલી છે, જે જે વસ્તુને આપણે ચાહેલી છે તે સર્વ પ્રત્યેની આપણી સારી યે આસક્તિ સામે આ લડાઈ છે. જીવનમાં મહા મહેનતે, અથવા કદીક તો કોઈ પ્રચંડ પુરુષાર્થને પરિણામે તમે તમારું ઘર સજ્યું હોય છે, તમારી કારકિર્દી બાંધી હોય છે, સમાજમાં, સાહિત્યમાં, કળામાં, વિજ્ઞાનમાં કે રાજકારણમાં તમે ઘણું ઘણું કાર્ય કર્યું હોય છે. તમારી આસપાસ તમે સગાંસ્નેહીઓનું, મિત્રોનું, સાથીદારોનું, એક આખું મંડળ ભેગું કર્યું હોય છે, અને તેના કેન્દ્ર રૂપે તમે વિરાજતા હો છો. તમારા જીવનનો તમે વિચાર કરો છો ત્યારે તમને જણાય છે કે તમારા ચિત્તતંત્રમાં જેટલા તમે પોતે રમતા હો છો તેટલાં જ આ બધાં પણ રમતાં હોય છે. એ બધાંને જો તમારી પાસેથી હઠાવી લેવામાં આવે તો તમે જોશો કે તમે જાણે સાવ શૂન્ય બની ગયા છો, જાણે કે તમારા પોતાના સ્વરૂપનો જ એક અત્યંત અગત્યનો અંશ અદૃશ્ય બની ગયો છે.

તમારે આ બધી વસ્તુઓ તજી દેવી જોઈએ એવો તો કોઈ પ્રશ્ન નથી. કારણ કે એ બધામાંથી તો, અથવા કાંઈ નહિ તો એમાંની મોટા ભાગમાંની

વસ્તુઓમાંથી તો તમારા જીવનની ભૂમિકા બંધાયેલી છે. આ બધું તો તમારા જીવનના એક લક્ષ્ય તરીકે, ધ્યેય તરીકે રહેલું છે. આમાં જે તજવાનું છે તે તો આ વસ્તુઓ પ્રત્યેની આસક્તિ છે. એ આસક્તિ ચાલી જતાં તમે જોશો કે તમારામાં એ વસ્તુઓ વિના પણ જીવન ગાળવાની શક્તિ ઉદય પામે છે, અથવા તો આ બધાં જો તમને મૂકીને ચાલ્યાં જાય તો તમે બધા સંયોગો હેઠળ પણ તમારા માટે એક નવું જીવન ફરીથી ઊભું કરી શકો છો, અને જીવનનું આવું નવવિધાન તમે હરહમેશ કરતા રહી શકશો. આ છે અમૃતત્વની પ્રાપ્તિનું પરિણામ. આ એક એવી અવસ્થા હોય છે કે જેમાં તમે હરકોઈ વસ્તુ ખૂબ જ કાળજીપૂર્વક, ધ્યાનપૂર્વક પ્રયોજિત કરી શકો છો, અમલમાં લાવી શકો છો અને છતાં તે વસ્તુ અંગેની કામના અને આસક્તિમાંથી તમે મુક્ત રહી શકો છો અને આ વસ્તુ જ ખાસ મહત્ત્વની છે. તમારે જો મૃત્યુમાંથી મુક્ત રહેવું હોય તો પછી કોઈ પણ નાશવંત વસ્તુની અંદર તમે તમારી જાતને બંધાઈ જવા ન જ દઈ શકો.

લાગણીઓ પછી આવે છે સંવેદનોનો પ્રશ્ન. આ મોરચા પરનો જંગ તો ખરેખર ભયંકર છે. તમારી સામેના શત્રુઓ પણ અહીં મહા બળવાન છે. તમારી નાનામાં નાની નબળાઈઓ આ શત્રુની જાણમાં હોય છે અને તમારો જે કોઈ ભાગ ખુલ્લો અરક્ષિત પડેલો હોય છે ત્યાં ત્યાં તેઓ પ્રહાર કરતા જ રહે છે. આ મોરચા ઉપર તમે કોઈ વિજય મેળવો તોપણ તે ક્ષણિક પ્રકારનો જ વિજય નીવડે છે. અહીં તમારે એકની એક લડાઈ અનેક વાર, અનંત કાળ સુધી લડવાની રહે છે. તમે જે શત્રુને જિતી લીધેલો ગણતા હો છો તે જ શત્રુ ફરી ફરીને પાછો ઊભો થાય છે અને તમારા પર હુમલા કરતો રહે છે. તમે જોશો કે આ પૃથ્વી ઉપર બની રહેલા બનાવો, જીવનમાં તમને થતા રોજે રોજના અનુભવો એ બધું તમારાથી હમેશ વિરોધમાં જ જતું રહે છે ત્યારે તમારા ઉપર અતિશય ગ્લાનિ ચડી આવે છે, તમારો ઉત્સાહ ઓસરી જાય છે, જગત તમને સતત જાકારો આપતું રહે છે, તમને નિરાશા અને પરાજય મળતાં રહે છે. આ બધામાંથી પસાર થવા માટે તમારી પાસે એક પ્રચંડ ચારિત્ર્યબળ હોવું જોઈશે, તમારામાં એક અણથક સહનશક્તિ, અપાર તિતિક્ષા હોવી જોઈશે.

અને આપણે હવે આ સંગ્રામના સૌથી ભીષણ મોરચો પર આવીએ છીએ એ છે જડતત્ત્વ સાથેની લડાઈ. આ લડાઈ આપણા શરીરની અંદર જ ખેલાઈ રહેલી છે. એ જંગ લેશ પણ વિરામ વિના, સુલેહના નામ પણ વિના ભયંકર રીતે ખેલાઈ રહેલો છે. માણસનો જન્મ થવાની સાથે જ એ લડાઈ શરૂ થઈ જાય છે, અને એ લડાઈના બે પક્ષોમાંથી કોઈ એકનો – રૂપાંતર વિધાયક શક્તિ

અને વિસર્જનકારક શક્તિ એ બેમાંથી કોઈ એકનો – પરાજય થાય ત્યારે જ તેનો અંત આવી શકે છે. હું કહી ગઈ કે આ લડાઈ જન્મની સાથે જ શરૂ થઈ જાય છે, કારણ કે હકીકત એ છે કે આ સર્જક અને વિસર્જક શક્તિઓ તમે જગતમાં પ્રવેશ કરો છો તે જ ક્ષણેથી તમારામાં લડવા લાગી જાય છે. હા, આ સંગ્રામ સભાન અને સજ્ઞાન રીતે તો બહુ મોડેથી ખેલાવા લાગે છે. માણસના શરીરમાં જે જે કાંઈ અસ્વસ્થતા, બીમારી, વિકૃતિઓ, અકસ્માતો આવે છે તે બધું ખરું જોતાં આ વિસર્જક શક્તિની ક્રિયાનું જ પરિણામ હોય છે. અને એથી ઊલટું, આપણા શરીરમાં ચાલી રહેલી વૃદ્ધિની ક્રિયા, શરીરનો સુમેળભર્યો વિકાસ, વિરોધી શક્તિઓનો સામનો, રોગનું નિવારણ, બગડેલી શારીરિક ક્રિયાઓ પાછી નૈસર્ગિક અવસ્થામાં આવી જવી, અને આમ પ્રગતિની દિશામાં લઈ જતા હરેક પ્રકારના સુધારા એ બધું પેલી રૂપાંતર વિધાયક શક્તિની ક્રિયાનું જ પરિણામ છે. આગળ જતાં, તમારા જીવનમાં જ્યારે ચેતનાનો વિકાસ થાય છે ત્યારે આ લડાઈ વધારે સભાન રીતનું સ્વરૂપ લે છે. આ બે વિરોધી શક્તિઓ વચ્ચે જીવસટોસટની હરીફાઈ શરૂ થઈ જાય છે. આ બેમાં કઈ શક્તિ, રૂપાંતરક શક્તિ કે મૃત્યુની શક્તિ શરતને છેડે પહેલી પહોંચી જાય છે અને પોતાનું ધ્યેય સર કરી લે છે તેની તીવ્ર સ્પર્ધા જામે છે. અને આ એક અખંડ જહેમતનું કામ બની રહે છે. તમારે પુનર્જીવનની શક્તિને નીચે લઈ આવવા માટે, એ શક્તિને તમારા શરીરના કોષોમાં ધારણ કરવાની શક્તિમાં વૃદ્ધિ કરવા માટે એક સતત એકાગ્રતા સાધવાની રહે છે. વિનાશ અને વિસર્જનનાં બળોની મહા વિનાશક ક્રિયાની સામે તમારે કદમે કદમે, એક એક બિંદુ પર લડાઈ આપવાની રહે છે. વળી, આ ઊર્ધ્વની ગતિ માટે તૈયાર હોય તેવી સર્વ વસ્તુઓને તમારે આ વિનાશક શક્તિની પકડમાંથી મુક્ત કરી લેવાની રહે છે. એ બધાની અંદર તમારે પ્રકાશ મૂકવાનો રહે છે, તેમને વિશુદ્ધ અને સુદૃઢ કરવાની રહે છે. આમ આ એક અંધારામાં ખેલાઈ રહેલો મહા જિદ્દી સંગ્રામ છે. ઘણી વાર તો એનું કોઈ જ પરિણામ દેખીતી રીતે નજરમાં આવતું નથી. તમને થોડોઘણો વિજય મળ્યો હોય તોપણ તેનું કોઈ બાહ્ય ચિહ્ન જોવામાં આવતું નથી, વિજય થવાનો જ છે એવી કશી ખાતરી વરતાતી નથી. કેમ કે આ આખી યે વસ્તુ તમારે ફરી ફરીને કર્યે જવાની રહે છે. તમે એક સ્થળે એક કદમ આગળ વધો છો તો બીજે સ્થળે તમારે માટે કોઈ પીછેહઠ ઊભેલી જ હોય છે. આજનું કરેલું કામ આવતી કાલે હતું ન હતું થઈ જાય છે. અર્થાત્, આપણને આખરી વિજય મળી ચૂકયો છે, પાકો અને હમેશને માટે.

એમ તો જ્યારે આખો યે સંગ્રામ પૂરેપૂરો જિતાઈ જાય ત્યારે જ કહી શકાય તેમ છે. અને આ બધું થતાં સમય લાગે છે, ઘણો સમય લાગે છે. વરસ પર વરસ, એક પછી એક, અવિરામ, વહ્યાં જ જાય છે અને સાથે સાથે વિરોધી શક્તિઓનું બળ પણ વધ્યે જાય છે

આ આખી યે લડાઈ દરમિયાન ચેતના, ખાઈમાં ઊભેલા પહેરેગીરની માફક ખડે પગે ઊભી રહે છે. તમારે મોરચા પર ગમે તે ભોગે અચલ અને અડગ ટકી રહેવાનું છે. એક પણ રૂંવું ફરકવા દીધા વિના, નિર્ભયપણે, ક્ષણ પણ અસાવધ થયા વિના તમારે ઝૂઝચે જવાનું છે. તમારા ધ્યેયમાંથી તમારી શ્રદ્ધા લેશ પણ ચલિત થવા દેવાની નથી. ઊર્ધ્વમાંથી આવી તમને પ્રેરતી અને ટકાવતી સહાયમાં અવિચલ વિશ્વાસ રાખવાનો છે. લડાઈમાં જે વધુમાં વધુ સમય ટક્કર ઝીલી શકે છે તેને જ વિજય વરે છે.

મૃત્યુના ભયને જીતવાનો આ ઉપરાંત એક બીજો માર્ગ પણ છે. પરંતુ એ માર્ગ બહુ ઓછા માણસોને સુલભ હોઈ અહીં તેનો ઉલ્લેખ માત્ર એક માહિતી રૂપે કરી લઈએ છીએ. એમાં તમે જીવનમાં હો તે દરમિયાન જ સભાન રીતે અને સજ્ઞાન રીતે મૃત્યુના પ્રદેશમાં દાખલ થાઓ છો અને ત્યાં જઈ આવીને પાછા સ્થૂલ શરીરમાં પાછા ફરો છો, એ શરીરમાં આવી જાઓ છો અને પૂરી સમજપૂર્વક સ્થૂલ જીવનમાં ગતિ કરવા લાગો છો. પરંતુ આ કાર્ય આદરવા માટે તો માણસે દીક્ષા મેળવવાની રહે છે.

(બુલેટિન, ફેબ્રુઆરી ૧૯૫૪)

પ્રશ્નોનો ઉત્તર

(મૃત્યુના ભયને જીતવાનાં સાધનોના લેખમાં આવેલા
છેલ્લા ફકરામાંથી જન્મેલા પ્રશ્નોનો ઉત્તર)

આ બધા પ્રશ્નોને એક જ પ્રશ્નમાં સમાવી શકાય છે : નિર્ભય બનીને તમે મૃત્યુનો સામનો કરી શકો એવી શક્તિ આપનારું આ જ્ઞાન કિંવા સાધના તે શું છે ?

આ જ્ઞાનની પદ્ધતિ વિષે અત્યાર સુધી કશું કહેવામાં આવ્યું નથી. એ પદ્ધતિ જ્ઞાનની જ નહિ પણ કાર્યસિદ્ધિ માટેની પણ એક પદ્ધતિ છે. એને માટે કાંઈ પણ ન કહેવાનું કારણ એ છે કે આ વિદ્યાનો અભ્યાસ તથા તેનો પ્રયોગ હરેક માણસના હાથમાં સોંપી શકાય તેમ નથી. આપણે ગુહ્ય વસ્તુઓ વિષે વાતો કરીએ એનો કાંઈ અર્થ નથી. આ વસ્તુઓ તો અનુભવ માટેની છે. અને એ અનુભવ મેળવવા માટે તમારામાં ખાસ શક્તિઓની જરૂર રહે છે, તમારો માનસિક વિકાસ પણ અમુક કક્ષા સુધીનો હોવો જોઈએ. પણ એ શક્તિઓ અને એવો વિકાસ બહુ અલ્પ લોકોમાં હોય છે. બીજું વળી એ પણ છે કે આ એક વૈજ્ઞાનિક ઢબનું જ્ઞાન છે એ વાત આજના જગતમાં ભાગ્યે જ કોઈ સ્વીકારે છે. પરંતુ આ જ્ઞાન ખરેખર એક વૈજ્ઞાનિક પ્રકારનું જ જ્ઞાન છે. કોઈ પણ વિદ્યાએ વિજ્ઞાન થવા માટે જે જે શરતો પૂરી પાડવાની જરૂર હોય છે તે બધી જ શરતો આ વિદ્યા પૂરી પાડે છે. આ જ્ઞાન અમુક ચોક્કસ સિદ્ધાંતોની આસપાસ રચવામાં આવેલું છે. અમુક ચોક્કસ પ્રક્રિયાઓ પ્રમાણે એ કામ કરે છે, અને તમે જો અમુક પરિસ્થિતિ બરાબર ચોક્કસ રીતે ઊભી કરી શકો તો તેનાં અમુક પરિણામો પણ હમેશાં અચૂક આવતાં રહે છે. વળી એ જ્ઞાન ક્રમે ક્રમે વિકાસ પણ પામતું રહે છે. આજના કોઈ પણ સ્વીકારાયેલા વિજ્ઞાનની માફક એનો પણ તમે એકાગ્ર રીતે અભ્યાસ કરી શકો છો, તેને પદ્ધતિસર તથા બુદ્ધિપુરઃસર વિકસાવી શકો છો. પરંતુ આ વિદ્યાની ખાસ વિશેષતા એ છે કે એના અભ્યાસ માટે તમારે આ નર્યા સ્થૂલ જગતની વાસ્તવિકતાઓ કરતાં એક જુદા જ પ્રકારની વાસ્તવિકતાઓમાં જઈને કામ કરવાનું રહે છે.

એ વિદ્યાને ભણવા માટે તમારી પાસે ખાસ ઇન્દ્રિયો હોવી જરૂરની છે, કેમ કે આ વિદ્યા સામાન્ય ઇન્દ્રિયોના પ્રદેશથી એક ઉપરના પ્રદેશમાં કામ કરે છે. આ ખાસ ઇન્દ્રિયો માણસમાં રહેલી તો છે જ, પણ તે ગુપ્ત રીતે. આપણા સ્થૂલ શરીરની માફક આપણને બીજાં વધુ સૂક્ષ્મ શરીરો પણ છે. એ શરીરોને પોતાની ઇન્દ્રિયો પણ છે, પણ એ ઇન્દ્રિયો ઘણી વધુ સૂક્ષ્મ છે, વધુ ચોક્કસ છે, તેમ જ આ સ્થૂલ ઇન્દ્રિયો કરતાં તેમનું સામર્થ્ય પણ અનેકગણું છે. આપણી કેળવણી આ બાબતમાં કાંઈ જ જાણતી નથી હોતી એટલે આપણામાં આ ઇન્દ્રિયોનો કોઈ વિકાસ ન થયો હોય તો તે સ્વાભાવિક જ છે. અને એટલે આ ઇન્દ્રિયોના પ્રદેશો આપણી ચેતનાથી બહાર જ રહી ગયેલા છે. આમ છતાં તમે જોશો કે બાળકો આ પ્રદેશમાં આપોઆપ પહોંચી શકે છે અને ત્યાં કેટલો ય વખત રહે છે. બાળકોને કેટલી યે સૂક્ષ્મ વસ્તુઓ દેખાતી હોય છે અને આપણી આ સ્થૂલ વસ્તુઓ જેવી જ તેમને માટે તે તદ્દન સાચી હોય છે. બાળકો એ વિષે વાતો પણ કરતાં હોય છે, પણ એ સાંભળી આપણે તેમને ઘણું ખરું તો જૂઠાં અને અક્કલ વગરનાં જ ગણી કાઢીએ છીએ. એ કોઈ એવી વસ્તુની વાત કરતાં હોય છે કે જે આપણને દેખાતી નથી પણ તેમને માટે તો તે આ બીજી વસ્તુઓના જેટલી જ સાચી, સ્પર્શક્ષમ અને વાસ્તવિક હોય છે. તમે જોશો કે બાળકોને સ્વપ્ન આવતાં હોય છે, ઊંઘમાં કે પછી જાગતાં જાગતાં પણ, તે ઘણી વાર બહુ જ તાદૃશ હોય છે, અને બાળકના જીવનમાં એ સ્વપ્ન બહુ જ મહત્ત્વનો ભાગ ભજવતાં રહે છે. બાળકની આ શક્તિ તેનામાં મનનો વિકાસ બહુ વધી પડયા પછી ઝાંખી થઈ જાય છે અને ઘણે ભાગે તે પછી જતી જ રહે છે, પણ કેટલાક માણસોને આવી આંતરિક ઇન્દ્રિયો જન્મની સાથે જ મળેલી હોય છે, અને એમના જીવનમાં એ ટકી રહી શકે છે તેમ જ વિકાસ પણ પામી શકે છે. આવા લોકોને ભાગ્યશાળી જ ગણવા જોઈએ. આવા માણસોને જો કોઈ એવી વ્યક્તિનો વેળાસર ભેટો થઈ જાય કે જેને આ વિષયની જાણ હોય તેમ જ એ સૂક્ષ્મ ઇન્દ્રિયોને કેળવવામાં તે પદ્ધતિસર મદદ કરી શકે તેમ હોય તો પછી એવા માણસો ગુહ્ય જગતોનું સંશોધન તેમ જ શોધખોળ કરવાના કાર્યમાં બહુ રસિક કરણ તરીકેનો ભાગ ભજવી શકે છે.

આ વિદ્યાનો એક પરંપરા ઘણા જ પ્રાચીન સમયથી ચાલતી આવેલી છે, અને એ વિદ્યાનું રક્ષણ કરનારી છૂટીછવાઈ વ્યક્તિઓ અથવા તો નાનાં નાનાં જૂથો પૃથ્વી ઉપર બધા જ યુગોમાં હસ્તી ધરવતાં રહેલાં છે. આ પરંપરામાંનું

સત્ય આ લોકોને પણ પોતાની અનુભૂતિઓ દ્વારા પુષ્ટ બનતું જણાયેલું છે, અને તેઓ પોતે તેનો પ્રયોગ પણ કરતા રહેલા છે. આવા લોકો જગતમાં ખાસ શક્તિવાળા આત્માઓની તપાસમાં રહેતા અને એવા આત્મા મળી આવતાં તેમને જરૂરી તાલીમ પણ આપતા. આવાં જૂથો સામાન્ય રીતે તો ગૂઢ યા તો ગુપ્ત રીતે જ પોતાનું કામ કરતાં. સામાન્ય માણસોને આ જાતની શક્તિઓ તથા પ્રવૃત્તિઓની સમજણ ભાગ્યે જ પડતી હોય છે, એવી વસ્તુઓ તેમને ડર પેદા કરે છે અને પરિણામે તે વસ્તુઓનું અસ્તિત્વ તેઓ ભાગ્યે જ સહન કરી શકે છે. પરંતુ માનવજાતિના ઈતિહાસનાં અમુક મહાન યુગોમાં આ ગુહ્ય વિદ્યાની દીક્ષા આપનારી સંસ્થાઓ જાહેર રીતે હસ્તી ધરાવતી હતી અને સ્વીકાર પણ પામેલી હતી. પ્રાચીન ઈજિપ્તમાં, કૅલ્ડિયા અને હિંદમાં, તેમ જ થોડેક અંશે ગ્રીસ અને રોમમાં પણ, આ વિદ્યાની ખૂબ જ કદર તથા સન્માન થતું હતું. મધ્ય યુગના યુરોપમાં પણ આ ગુહ્ય વિદ્યાનું શિક્ષણ આપતી સંસ્થાઓ હતી. પણ એમને પોતાનું અસ્તિત્વ બહુ સાવધાનીથી ગુપ્ત રાખવું પડતું હતું. એ વખતનો રાજ્યાશ્રિત ક્રિશ્ચન ધર્મ એમનો પીછો પકડતો, તેમના પર ત્રાસ ગુજારતો. એ વખતે જો અમુક જણ, સ્ત્રી કે પુરુષ આવી વિદ્યાનો પ્રયોગ કરે છે એવી અકસ્માત ખબર પડી જતી તો તે વ્યક્તિને પકડીને, મેલી વિદ્યાની ગુનેગાર ઠરાવી તેને ચિતા પર ચડાવી જીવતી બાળી દેવામાં આવતી. આજે હવે આ વિદ્યા, લગભગ નષ્ટપ્રાય થઈ ગઈ છે. બહુ જ થોડા પાસે એ ટકી રહી હશે. તોપણ એક લાભ એ થયો છે કે એ વિદ્યાના જવા સાથે એની સામેની અસહિષ્ણુતા પણ ચાલી ગઈ છે. હા, આજના ઘણાખરા કેળવાયેલા લોકોને આવી કોઈ વિદ્યા જ નથી, યા તો એ એક ખાલી કલ્પના છે કે પછી પ્રપંચ પણ છે એવી એવી વાતો કરવાનું ગમે છે ખરું. પણ એનું કારણ તો એ છે કે આમ કહીને લોકો પોતાનું અજ્ઞાન જ પોતાની આગળથી સંતાડવા માગતા હોય છે. એ લોકોને જો એમ સ્વીકારવું પડે કે અમારા કાબૂમાં ન આવે તેવી શક્તિઓ પણ જગતમાં છે તો એ વાત તેમને બેચેન કરી દે તેવી હોય છે અને એ લોકોને આવી બેચેની ખપતી નથી હોતી, પણ કેટલાક લોકો આ વિદ્યાનો ઈન્કાર નથી કરતા હોતા તો તેમને આ વસ્તુઓ ખાસ ગમતી પણ નથી હોતી, કેમ કે આવી ચીજો તેમને કોઈ ને કોઈ પ્રકારે મૂંઝવતી રહે છે, પજવતી રહે છે. પણ આ લોકો એટલું તો કબૂલ કરે જ છે કે આમાં કોઈ ગુનો નથી. આજે હવે ગુહ્ય વિદ્યાનો પ્રયોગ કરનારને કોઈ જેલમાં પૂરતું નથી કે જીવતાં બાળી દેતું નથી. તો હવે વળી એક બીજી વાત

બનવા લાગી છે. આ વિદ્યાને ગુપ્ત રાખવાની હવે જરૂર ન રહેતાં એને જાણવાનો દાવો કરનાર લોકો વધી પડ્યા છે! જો કે એના સાચા જાણકારો તો જૂજ જ છે. વળી સમાજમાં કેટલાક અવિચારી અને મહત્ત્વાકાંક્ષી લોકો પણ છે અને તેઓ, આ ગુહ્ય વિદ્યા ઉપર પહેલાં રહસ્યમયતાનો જે પરદો ઢળેલો રહેતો તે ગુપ્તતાના વાતાવરણનો લાભ લઈને એ વિદ્યાના નામે લોકોને આંજવાનું તથા છેતરવાનું કામ કરતા રહે છે. પણ એ લોકોનો આ વિદ્યાના જ્ઞાનનો દાવો પોકળ જ હોય છે. એવા લોકોના ઉપરથી આ વિદ્યા વિષે આપણે કોઈ નિર્ણય ન બાંધવો જોઈએ. માણસ જાતની બધી જ પ્રવૃત્તિઓમાં આવા લેભાગુ અને ઢોંગી લોકો હોય છે જ. એવા ખોટી બડાઈ મારનાર લોકોના પ્રપંચને લીધે એક સાચા વિજ્ઞાન ઉપર ખોટું દોષારોપણ થવા પામવું ન જોઈએ.

આટલા જ કારણસર, અમુક મહાન યુગમાં જ્યારે આ વિદ્યા ખૂબ ખીલેલી હતી તથા તેનો અભ્યાસ કરાવવા માટે જાણીતી સંસ્થાઓ પણ હતી ત્યારે આ વિદ્યા ભણવા માગનારની પાસે લાંબા સમય સુધી, કેટલીક વાર તો વરસો સુધી એક ઘણી જ કડક સાધના કરાવવામાં આવતી હતી. એ સાધના બે પ્રકારની રહેતી, આત્મ-વિકાસની તથા આત્મ-સ્વામિત્વની. એ સાધના પૂરી થયા બાદ જ વિદ્યાર્થીને એ વિદ્યામાં પ્રવેશ મળતો. આ સાધનામાં બે વસ્તુઓ ખાસ નક્કી કરવામાં આવતી. એક તો વિદ્યા ભણનારમાં કેટલી સત્યનિષ્ઠા છે, કેટલી નિઃસ્વાર્થવૃત્તિ છે, તેના હેતુની કેટલી શુદ્ધતા છે, તેનામાં પોતાની જાતને ભૂલી જવાની, પોતાનું વિસર્જન કરવાની કેટલી શક્તિ છે, બલિદાન અને પરમાર્થની કેટલી ભાવના છે એ બાબતની શકય તેટલી ચોકસાઈ મેળવવામાં આવતી અને એ રીતે તેની અભીપ્સામાં રહેલી ઉચ્ચતા તથા ઉમદાપણાની એક પરીક્ષા થઈ જતી. આ ઉપરાંત બીજું એ જોવામાં આવતું કે આ વિષયનો અભ્યાસ કરવા માગનારમાં તે માટેની જરૂરી શક્તિઓ છે કે નહિ, એ વિદ્યાનો પ્રયોગ તે કોઈ પણ જોખમ વિના કરી શકશે કે નહિ. આ તપાસવા માટે તેને અનેક કસોટીઓમાંથી પસાર કરવામાં આવતો. એ અંગે ખાસ તો તેણે પોતાની વાસનાઓ તથા ઇચ્છાઓ ઉપર કેટલો કાબૂ મેળવેલો છે, તેનામાં કેટલી અચલ સ્વસ્થતા સ્થપાયેલી છે, અને સૌથી વિશેષ તો તેનામાં કેટલી સંપૂર્ણ નિર્ભયતા આવી ગયેલી છે એ બાબતોની કસોટી કરવામાં આવતી. આ વિદ્યા તો એક મોટા સાહસ જેવી છે, એનાં જોખમોમાંથી તમારે નિર્વિઘ્નપણે, સલામત રહી આગળ વધવું હોય તો તમારામાંથી ભય માત્ર નિર્મૂળ થઈ જવો જોઈએ.

એક રીતે જોતાં આ વિદ્યા એક પ્રકારનું રસાયનશાસ્ત્ર—કેમિસ્ટ્રી જ છે. આ એક શક્તિઓની લીલાની કેમિસ્ટ્રી છે, સૃષ્ટિઓ બાંધવી, આંતરિક દિગ્માનો-

(dimensions) માં વ્યક્તિમય રૂપો બાંધવાં એ એમાં આવે છે. અને જડતત્ત્વની કેમિસ્ટ્રીમાં અમુક પદાર્થો સાથે કામ લેવામાં જોખમ હોય છે તેવું જ આ સૂક્ષ્મ જગતોમાં પણ હોય છે. અહીં અમુક શક્તિઓ સાથે કામ લેવું, તેમના સંપર્કમાં આવવું એ વસ્તુઓ પણ જોખમભરેલી હોય છે. તમારા ચિત્તને તમે જો એકદમ શાંત રાખી શકો, કોઈ પણ બાબતથી તમે લેશ પણ ગભરાઓ નહિ એવી સ્વસ્થતા તમારામાં આવી ગઈ હોય તો જ તમે એ શક્તિઓ સાથે વિના જોખમે કામ પાડી શકો છો.

અને એક બીજી રીતે આ વિદ્યા સાધકને માટે અજાણ્યા દેશોની એક શોધ-ખોળ અને તપાસણી જેવી બની રહે છે. એ પ્રદેશોના કાયદા અને વ્યવહાર જાણવા માટે તમારે ઘણી વાર મોંઘું મૂલ્ય ચૂકવવું પડે છે. નવાસવા સાધકને માટે કેટલાક પ્રદેશો તો ભય ઉપજાવે તેવા પણ હોય છે. એમાં દાખલ થતાં સાધકને પોતાની ચોમેર નવાં નવાં, તદ્દન અણધાર્યાં એવાં સંકટો ઝઝૂમી રહેલાં દેખાય છે. પણ એમાંથી મોટા ભાગની વસ્તુઓ ખાલી કલ્પનાની જ હોય છે. તમે નીડર રહી જો તેમનો સામનો કરો તો તેમાંની દેખાતી વાસ્તવિકતા ઘણીખરી ઓગળી જાય છે.

પરંતુ આમાં એક વાત નક્કી છે. આ વિષયનો અભ્યાસ તમારે એના કોઈ પાકા જાણકારની પાસે જ આરંભવો જોઈએ. આ રીતની સલાહ આ વિષયમાં હમેશાં અપાતી રહી છે. અને આ તમારો ગુરુ એવો હોવો જોઈએ કે તમને તે આ વિષયનો માર્ગ બતાવી શકે, ભયની સામે, પછી તે ખોટા હોય કે સાચા, તમને ચેતાવી શકે અને જરૂર પડે ત્યારે તમને રક્ષણ આપી શકે.

આ રીતે તમે હવે જોઈ શકશો કે આ વિજ્ઞાનને વિષે અહીં વધુ વિગતો આપવામાં મુશ્કેલી રહેલી છે. આ અંગે માત્ર એક જ વાત કહી શકાય કે આ વિદ્યામાં પ્રવેશ કરવા માટે તમારે એ વાત સ્વીકારવાની રહે છે કે આંતરિક જગતો, તત્ત્વોની અનેક અવસ્થાઓ, એ બધી એક મૂર્ત અને વાસ્તવિક બાબત છે. આ આખી યે વિદ્યા માટેનો અનિવાર્ય પાયો આ છે. અને આ વસ્તુ તે ચતુર-દિગ્માનના કે પછી અનેક-દિગ્માનના સિદ્ધાંતને તમારે ચૈતસિક ક્ષેત્રમાં લાગુ પાડવાની વાત બને છે.

તો છેવટે ગુહ્ય વિજ્ઞાનની વ્યાખ્યા આપણે આ રીતે બાંધીશું : આધ્યાત્મિક વિદ્યાઓ જે સત્યોનો બોધ કેવળ ચૈતસિક દૃષ્ટિબિંદુથી કરે છે તે સત્યોને રૂપોની સૃષ્ટિમાં એક મૂર્ત આકાર રૂપે નિર્માણ કરવાં એ ગુહ્ય વિદ્યાનું કાર્ય છે. જગતમાં

આત્મ-વિકાસની તથા પૂર્ણ કર્મની સંપૂર્ણતા સિદ્ધ કરવા માટે આ બંને વિદ્યાઓએ એકબીજાનાં પૂરક બનવાનું રહે છે. આધ્યાત્મિક વિદ્યા વિનાની એકલી ગુહ્ય વિદ્યા જો અશુદ્ધ હાથમાં જઈ પડે છે તો તેના વાપરનાર માટે તેમ જ બીજાઓ માટે પણ તે એક ભયંકર હથિયાર બની જાય છે. અને આધ્યાત્મિક વિદ્યા સાથે જો ગુહ્ય વિદ્યાનું જ્ઞાન જોડાયેલું નથી હોતું તો એ વિદ્યામાં ચોક્કસતા અને નિશ્ચિતતા નથી આવતી. એવી અધ્યાત્મ વિદ્યા ફકત આંતરિક જગતમાં જ સર્વશક્તિમાન બની શકે છે. આ બંને વિદ્યાઓને તમે જ્યારે ભેગી કરી શકો, પછી તે કોઈ બાહ્ય પ્રવૃત્તિ માટે હો કે આંતર પ્રવૃત્તિ માટે, ત્યારે એ બે ય મળીને એક પ્રચંડ અને અવિરોધ્ય એવી વસ્તુ બની રહે છે અને અતિમાનસ શક્તિના અવતરણ માટે તે એક સુયોગ્ય કરણ બની શકે છે.

(બુલેટિન, એપ્રિલ ૧૯૫૪)

એક સ્વપ્ન

પૃથ્વી ઉપર કયાંક એક એવું સ્થળ હોવું જોઈએ કે જેના ઉપર કોઈ પણ રાષ્ટ્ર પોતાની માલિકીનો દાવો ન કરે. એવા સ્થાનમાં જગતના સર્વ શુભ ભાવનાવાળા, સાચી અભીપ્સાવાળા માણસો જગતના નાગરિક તરીકે મુક્ત રહે. પોતાના ઉપર તેઓ માત્ર એક જ સત્તાની આણ સ્વીકારે, અને એ સત્તા તે પરમ સત્યની જ સત્તા હોય. એ એક શાંતિનું સ્થળ હશે, સુમેળ અને સંવાદનું સ્થળ હશે. માણસમાં રહેલી સર્વ લડાયક વૃત્તિઓનો ઉપયોગ ત્યાં માણસોનાં દુઃખો અને આપત્તિઓને જીતવા માટે, માનવની પોતાની દુર્બળતા અને અજ્ઞાનને જીતવા માટે, માનવની મર્યાદાઓ અને અશક્તિઓ ઉપર વિજય મેળવવાને માટે જ કરવામાં આવશે. એ સ્થળે માનવની ઇચ્છાઓ અને કામનાઓના સંતોષ, સ્થૂલ આનંદોપભોગો અને આમોદ-પ્રમોદ એ વસ્તુઓને નહિ પણ આત્માની જરૂરિયાતોને, પ્રગતિ માટેની આતુરતાને પ્રથમ સ્થાન આપવામાં આવશે. આ સ્થળમાં બાળકો પોતાના આત્મા સાથે સંબંધ ગુમાવ્યા વિના મોટાં થતાં રહેશે અને એક સર્વાંગ એવો વિકાસ પામતાં રહેશે, ત્યાં સુધી કેળવણી પરીક્ષાઓ પસાર કરવા માટે તેમ જ પ્રમાણપત્રો અને નોકરીઓ મેળવવા માટે નહિ પરંતુ માણસની અત્યારની શક્તિઓને વધુ સમૃદ્ધ કરવા માટે, તેનામાંની નવી શક્તિઓને બહાર લાવવા માટે આવતી રહેશે. આ જગામાં ઈલ્કાબો અને હોદ્દાઓને બદલે માણસોને સેવા અને સંગઠન કરવાની

તકો મેળવી આપવામાં આવશે. દરેક વ્યક્તિને તેના શરીરની જરૂરિયાતો એક સરખી રીતે પૂરી પાડવામાં આવશે. એ સ્થળે જેમની પાસે વધુ ઉચ્ચ પ્રકારની બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક શક્તિઓ હશે તેઓ એ શક્તિઓનો ઉપયોગ જીવનમાં વધુ આનંદો અને સત્તા મેળવવા માટે નહિ કરે, પણ તેવા લોકો પોતાના ઉપર વધુ મોટી ફરજો અને વધુ જવાબદારીઓ ધારણ કરશે. એ સ્થળે કળાનું સૌંદર્ય, તેનાં ચિત્ર, શિલ્પ, સંગીત, સાહિત્ય આદિ સર્વ પ્રકારનાં રૂપોમાં સૌ કોઈને એક સમાન રીતે સુલભ બનશે. હરેક વ્યક્તિને આ કળાઓમાંથી મળતો આનંદ માણવાની તક રહેશે. એ આનંદ માણવામાં જો કોઈ મર્યાદા હશે તો તે માણસની પોતાની શક્તિની જ મર્યાદા હશે, માણસ પોતાની સામાજિક કે આર્થિક સ્થિતિને કારણે કળાના આનંદથી વંચિત નહિ રહે. કારણ કે આ આદર્શ સ્થાનમાં પૈસાનું સ્થાન સર્વોપરી નહિ હોય. માણસની પાસેની સ્થૂલ સંપત્તિ કે સામાજિક દરજ્જા કરતાં તેનું પોતાનું જે વ્યક્તિત્વ હશે તેને અહીં વધુ મહત્ત્વનું ગણવામાં આવશે. આ સ્થળે માણસો કામ કરશે તે જીવનનિર્વાહ મેળવવા માટે નહિ પણ પોતાની જાતને વ્યક્ત કરવા માટે કરશે, પોતાની શક્તિઓને તથા શક્યતાઓને ખીલવવા માટે કરશે, અને સાથે સાથે કામ દ્વારા તેઓ આખા યે સમૂહની સેવા પણ કરતા રહેશે. એ કામના બદલામાં સમૂહ દરેક વ્યક્તિને તેના નિર્વાહનાં સાધનો પૂરાં પાડશે, તેને કામ કરવા માટેનું ક્ષેત્ર પૂરું પાડશે. અર્થાત્ એ સ્થળે માનવના સંબંધોના પાયામાં સામાન્ય રીતે જે હરીફાઈ અને સંઘર્ષનાં તત્ત્વો રહેલાં હોય છે તે ચાલી જઈને સહકાર વૃત્તિ, વધુ સારું કાર્ય કરવાની વૃત્તિ કામ કરશે. બધા સંબંધો સાચા ભ્રાતૃત્વના સંબંધો બની રહેશે.

બેશક, પૃથ્વી હજી આવા આદર્શને સિદ્ધ કરી શકવા જેટલી તૈયાર નથી, કારણ કે માનવજાતિ પાસે હજી આ આદર્શને સમજવા તથા સ્વીકારવા માટેનું જરૂરી જ્ઞાન નથી, તેમ જ એ આદર્શને અમલમાં મૂકવા માટે જોઈતી સજ્ઞાન શક્તિ પણ નથી, અને માટે જ આને હું એક સ્વપ્ન તરીકે વર્ણવું છું.

અને છતાં, આ સ્વપ્ન એક વાસ્તવિક ઘટના બનવાની તૈયારીમાં છે. આ જ વસ્તુ અમે શ્રી અરવિંદના આશ્રમમાં એક નાનકડા પાયા ઉપર, અમારી પાસેનાં અલ્પ સાધનોના પ્રમાણમાં સિદ્ધ કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ. બેશક, એમને આ બાબતમાં હજી સંપૂર્ણ સિદ્ધિ તો નથી જ મળી, પરંતુ એ સિદ્ધિની દિશા અમારી પ્રગતિ છે. થોડે થોડે કરતાં અમે અમારા લક્ષ્ય તરફ આગળ વધી રહ્યાં છીએ અને અમને આશા છે કે એક દિવસ અમે આખા જગતની સમક્ષ એ

લક્ષ્યને રજૂ કરીને કહી શકીશું કે, જુઓ, અત્યારની અંધાધૂંધીમાંથી નીકળીને એક વધુ સાચા, વધુ સંવાદમય, નૂતન જીવનમાં પહોંચવા માટે એક વ્યવહારુ અને અસરકારક સાધન છે અને તે આ રહ્યું.

(બુલેટિન, ઑગસ્ટ ૧૯૫૪)

માનવજાતિને મદદ

પૂર્ણયોગના સાધકો માટે માનવજાતિનું કલ્યાણ એ સાધનાનું લક્ષ્ય હોઈ શકે નહિ. આ કલ્યાણ તો તેમની સાધનાના એક પરિણામ રૂપે, એક ફલ રૂપે બની આવશે. જગતમાં માનવજાતિની પરિસ્થિતિ સુધારવા માટે આજ સુધીમાં અનેક પ્રયત્નો થઈ ચૂકયા છે. એ પ્રવૃત્તિને લીધે માણસોમાં કેટલો યે ઉત્સાહ, ધગશ અને આત્મસમર્પણ પ્રગટેલાં છે અને છતાં એ બધા પ્રયત્નોને છેવટે તો એક કરુણ નિષ્ફળતા જ સાંપડી છે. આમ કેમ થયું હશે? એ થવાનું કારણ એ છે કે માનવના જીવનની પરિસ્થિતિમાં તમે જે રૂપાંતર લાવવા માગો છો તે સાધવા માટે પ્રથમ તો તમારે એક બીજું પ્રાથમિક રૂપાંતર સાધવાનું રહે છે. એ રૂપાંતર તે માણસોની ચેતનાનું રૂપાંતર છે. અને આ રૂપાંતર આરંભમાં ભલે બહુ વ્યાપક ન હોય તોપણ થોડાક અસાધારણ આત્માઓમાં – જગતમાં એક વધુ વ્યાપક રૂપાંતરના પાયા નાખી શકે તેવી શકિત ધરાવતા અમુક આત્માઓમાં તો સધાઈ જવું જ જોઈએ.

પરંતુ આ વિષય ઉપર આપણે પછી આવીશું. એ વસ્તુ આપણા ઉપસંહારમાં આવશે. હમણાં તો હું જગતમાં સાચા માનવકલ્યાણ માટે કામ કરી ગયેલા બે મહાપુરુષોની વાત કરીશ.

આ બે વિભૂતિઓ જીવનમાં જાણે કે સામસામેના છેડા પર ઊભેલી છે. તેમના વિચારો અને કાર્યો એકબીજાથી તદ્દન ઊલટી દિશાનાં રહેલાં છે. પરંતુ તેમના જીવનમાં એક આંતરિક સામ્ય પણ છે. આ બંને પુરુષોને એક ઘણું જ સંવેદનશીલ અને કારુણ્યપૂર્ણ હૃદય મળેલું હતું, અને એ હૃદય દ્વારા જગતમાં બે સુંદરમાં સુંદર આત્માઓની અભિવ્યકિત બની આવી હતી. એ બંનેને માનવ-જાતિના દુઃખનો પરિચય થયો ત્યારે તેમના અંતરાત્માને એક જ સરખો આઘાત

લાગ્યો હતો. એ બંને જણે પોતાના માનવ બંધુઓનાં દુઃખોના નિવારણનો ઈલાજ મેળવવા માટે પોતાનું આખું યે જીવન સમર્પિત કરી દીધું હતું અને એ બંને ય એમ માનતા હતા કે મને એ ઈલાજ જડી આવ્યો છે. પરંતુ આ પુરુષોએ શોધેલાં, એકબીજાથી તદ્દન ઊલટાં કહી શકાય તેવાં નિરાકરણો એકસરખાં નિષ્ફળ નીવડેલાં છે. કારણ કે એ દરેકનું નિરાકરણ પોતપોતાની રીતે અપૂર્ણ જ હતું, આંશિક જ હતું. અને તેથી, એ પુરુષો આટલું આટલું કરી ગયા છતાં માનવજાતિ હજી પોતાની યાતનામાંથી મુક્ત બની શકી નથી.

આ બે વિભૂતિઓમાંથી એક પૂર્વમાંથી આવેલી છે, બીજી પશ્ચિમમાંથી. પૂર્વની વિભૂતિ તે રાજકુમાર સિદ્ધાર્થ છે, જગતે પાછળથી તેમને ભગવાન બુદ્ધ કહ્યા. પશ્ચિમની વિભૂતિ તે મોંસ્યો વેંસાં છે, એના મૃત્યુ પછી લોકો એને સેં વેંસેં દ પૉલ (પૉલના સંત વેંસાં) તરીકે ઓળખવા લાગેલા. આ બે વ્યક્તિઓ પોતાની વચ્ચે જાણે કે માનવ ચેતનાના બે છેડા પકડીને ઊભી હતી. તેમની માનવજાતિને મદદ કરવાની પદ્ધતિઓ એકબીજાથી સાવ ઊલટી હતી. છતાં તેઓ એટલું તો માનતા હતા કે માનવને આત્માની સહાય વડે, બુદ્ધિને અગમ્ય એવા કોઈ એક પરમ તત્ત્વની મદદ વડે મુક્ત કરી શકાશે ખરો. એ તત્ત્વને વેંસાંએ પ્રભુ તરીકે ઓળખાવેલું, બુદ્ધે એને નિર્વાણનું નામ આપેલું.

વેંસાં દ પૉલ એક મહા તીવ્ર શ્રદ્ધાવાળો આત્મા હતો. પોતાના અનુયાયીઓને તે કહેતો કે માણસે પોતાના આત્માને બચાવી લેવો જોઈએ. પરંતુ તેને જ્યારે માનવજાતિનાં દુઃખોનો પ્રત્યક્ષ પરિચય થયો ત્યારે તેને થોડી જ વારમાં સમજાઈ ગયું કે માણસે જો પોતાના આત્માને જાણવો હશે તો પ્રથમ તો તે માટે તેને કંઈ નહિ તો વખત તો મળવો જ જોઈશે. જગતમાં એવાં કેટલાં યે માણસો છે કે જેમને એક નાનીસરખી કમાણી કરવા માટે પણ સવારથી માંડી તે સાંજ સુધી મજૂરી કરવી પડે છે, અને ઘણી વાર તો સાંજથી માંડી સવાર સુધી પણ મહેનત કરવી પડે છે. અને આટલું કરવા છતાં યે તેમને પોતાના પોષણ પૂરતું મળતું નથી. આવા લોકોને પોતાના આત્મા વિષે વિચાર કરવાનો સમય કેવી રીતે મળવાનો? આ જોઈને એ ભલા ઉદાર માણસે એમ ઘટાવ્યું કે જે લોકો પાસે પોતાની જરૂર કરતાં વધારે સંપત્તિ હોય તેઓ જો આ અકિંચન લોકોને તેમના જીવનની ઓછામાં ઓછી જરૂરિયાતો જેટલું પણ મેળવી આપે તો પછી એ દુઃખી માણસોને વધુ ઉત્તમ જીવન ગાળવા માટેની ફુરસદ મળી શકે. એ માનતો હતો કે સામાજિક કાર્યો કરવાં, પોતાની દયાવૃત્તિને સક્રિય કરી ઠેઠ જીવનની સ્થૂલ ભૂમિકા સુધી લઈ જવી એ

ઘણી ઈષ્ટ અને લાભદાયક વસ્તુ છે. એને એમ પણ લાગતું કે તમે વધુ ને વધુ માણસોનાં દુઃખ દૂર કરતા જશો, જગતમાં બને તેટલી વધુમાં વધુ વ્યક્તિઓને રાહત પહોંચાડશો તો એમ કરતાં છેવટે જીવનમાંથી દુઃખમાત્રને નિર્મૂળ કરી શકાશે. પરંતુ એને ખબર ન હતી કે આ રીતે તો દુઃખનો માત્ર ઉપર ઉપરથી જ ઉપચાર થાય છે, રોગ તેના મૂળમાંથી નિર્મૂળ થતો નથી. આ પુરુષે ખૂબ જ સમર્પણ ભાવથી, અપૂર્વ ત્યાગપૂર્વક કેટલું યે કામ કર્યું અને એમાંથી આપણને માનવના ઈતિહાસમાં એક અત્યંત હૃદયસ્પર્શી સુંદર ચારિત્ર્યનું દર્શન મળે છે. પણ એમ છતાં એણે જે મહેનત કરી તેના પરિણામે જગતમાં દુઃખી અને દરિદ્ર માણસોની સંખ્યામાં ઘટાડો થવાને બદલે જાણે કે વધારો જ થયેલો છે. બેશક, એના આ સેવા-કાર્યનું એક નક્કર પરિણામ એ આવેલું છે કે અમુક ધનિક લોકોના માનસમાં એક સ્પષ્ટ રીતની દાનવૃત્તિ જન્મી શકી છે. અને આ રીતે, સંત વેંસોનું કાર્ય, જે લોકોને દાન મળવા લાગ્યું તેના કરતાં જે લોકો દાન આપતા થયા તેમને માટે વધારે લાભદાયક નીવડેલું છે.

આની સામે હવે, ચેતનાના બીજા છેડા ઉપર આપણને બુદ્ધની પવિત્ર ભવ્ય કરુણાપૂર્ણ મૂર્તિનાં દર્શન થાય છે. બુદ્ધને એમ લાગતું હતું કે જીવન પોતે જ દુઃખનું કારણ છે, અને એ જીવનનો લય કરશો તો જ દુઃખનો લય થઈ શકશે. જીવન અને જગત તે જીવવા માટેની કામનાને પરિણામે અસ્તિત્વમાં આવેલાં છે, એ અવિદ્યાનું ફલ છે. આ કામનાનો નાશ કરી દો, અવિદ્યાને દફનાવી દો, જગત અલોપ થઈ જશે અને સાથે સાથે જગતનાં દુઃખ અને વેદના પણ ચાલ્યાં જશે. બુદ્ધમાં એક ઊંડી આધ્યાત્મિક પ્રેરણા કામ કરતી હતી. તેમણે એક શાંત નીરવ એકાગ્રતામાં સ્થિર બની તેમાંથી પોતાની સાધનાનો માર્ગ તૈયાર કરેલો. જગતમાંથી મુક્ત થઈ જવા માગનારને માટે આના જેવી સમર્થ અને ઉન્નતિકારક સાધના બીજી એકે નથી.

આ સિદ્ધાંતને અમલમાં મૂકી શકે તેવા લોકો તો જગતમાં બહુ ઓછા રહ્યા છે પરંતુ એ સિદ્ધાંતનો સ્વીકાર તો જગતમાં કરોડો લોકોએ કરેલો છે. અને છતાં પૃથ્વી ઉપર જીવનની સ્થિતિ તો એવી ને એવી જ ચાલુ રહેલી છે. બુદ્ધે આટલું બધું મહા કાર્ય કરવા છતાં માનવજાતિની વ્યથાના સાગરમાં કોઈ નોંધપાત્ર ઘટાડો થયો નથી.

તોપણ આ મહાપુરુષો પ્રત્યે માનવજાતિએ કૃતજ્ઞતા અને અહોભાવ ધારણ કર્યાં છે. વેંસોને લોકોએ સંતનું બિરુદ આપ્યું છે અને બુદ્ધને લોકોએ

દેવની કોટીએ મૂકેલા છે. પરંતુ આ પુરુષોએ માનવજાતિને જે બોધ અને દૃષ્ટાંત આપેલાં છે તેને સાચેસાચ જીવનમાં ઉતારનાર માણસો તો જગતમાં બહુ ઓછા જ રહેલા છે, જો કે ખરી કૃતજ્ઞતા બતાવવાનો અસરકારક માર્ગ તો આ જ છે. પણ ધારો કે માનવજાતિએ આ પુરુષોના બોધને જીવનમાં ઉતારવા માટે પૂરેપૂરો પ્રયત્ન કર્યો હોત તોપણ તેથી માનવજીવનની સ્થિતિમાં કોઈ ખાસ સુધારણા થઈ જ હોત એમ કહી શકાય તેમ નથી. તમે દર્દમાં રાહત આપો, પણ તેથી દર્દ નિર્મૂળ થતું નથી, દુઃખમાંથી તમે નાસી છૂટો પણ તેથી દુઃખ ઉપર વિજય સધાતો નથી. ખરી વાત તો એ છે કે વેંસોંએ આપેલા નિરાકરણનો અમલ કરવાથી – માણસોને તેમના શારીરિક દુઃખમાંથી રાહત આપવાથી માનવજાતિની વ્યથા અને દુઃખનો અંત કદી આવી શકવાનો નથી. કારણ કે માણસના જીવનમાં જે જે દુઃખ આવી પડે છે તે તમામના મૂળમાં માત્ર બાહ્ય દરિદ્રતા જ હોતી નથી અને એ દુઃખને તમે સ્થૂલ ઈલાજો દ્વારા મટાડી શકતા નથી. એવા પ્રયત્નો નિષ્ફળ જ જાય છે, માણસને તમે શારીરિક સુખસગવડ મેળવી આપો તોપણ એમાંથી તેનું શાંતિ અને આનંદ મળે જ છે એવું નથી બનતું. વળી માણસના દુઃખનું મૂળ માત્ર ગરીબાઈ જ છે એવું પણ નથી. જગતના સર્વ દેશોમાં અને સર્વ કાળમાં અનેક સંતો અને સાધુઓ સ્વેચ્છાપૂર્વક દરિદ્ર સ્થિતિમાં રહેલા છે અને એ દરિદ્ર અવસ્થામાં એમને પૂર્ણ શાંતિ અને સુખનો અનુભવ થતો રહ્યો છે. આથી ઊલટું તમને તમામ પ્રકારનાં દુન્યવી સુખો આવી મળે, સ્થૂલ સંપત્તિમાંથી મળી શકતાં તમામ સુખસગવડ, આનંદવિનોદ, બાહ્ય તૃપ્તિ મળી રહે તોપણ તમે જોશો કે એ વસ્તુઓ તમને શોક અને સંતાપના હુમલામાંથી બચાવી શકવાની નથી.

આ જ પ્રમાણે બુદ્ધે સૂચવેલા નિરાકરણમાંથી – નિર્વાણને માર્ગે પણ જગતનાં દુઃખોના પ્રશ્નનો વ્યવહારુ ઉકેલ આવી શકે તેમ નથી. ધારો કે આપણે એમ સ્વીકારી લઈએ કે જગતમાંથી ઘણા બધા લોકો બુદ્ધની આ સાધનાનો સ્વીકાર કરી શકશે અને પોતે અંતિમ મુક્તિ મેળવી શકશે, તોપણ એ રીતે પૃથ્વી ઉપરથી દુઃખની હસ્તી મટી જવાની નથી જ. જે લોકોમાં નિર્વાણની સાધના કરવાની શક્તિ નથી તે લોકોને તો પોતાનાં દુઃખોમાંથી મુક્તિ નથી જ મળવાની. જગતમાંના મુક્ત થઈ ગયેલા લોકોની મુક્તિથી અન્ય માણસોનાં દુઃખો નિર્મૂળ થવાનાં નથી.

ખરું જોતાં તો સાચું સુખ એ એક એવી વસ્તુ છે કે માણસ ગમે તેવા પરિસ્થિતિમાં પણ તેનો અનુભવ કરી શકે છે. કારણ કે, આ સુખ એવા

પ્રદેશોમાંથી આવતું હોય છે કે જેના ઉપર બાહ્ય સંજોગો લેશ પણ અસર કરી શકતા નથી. પરંતુ આવું સુખ તો બહુ જ ઓછા માણસોને માટે સુલભ હોય છે. માનવજાતિનો મોટો ભાગ તો હજી પાર્થિવ સંજોગોને આધીન રહીને જ જીવી રહેલો છે. આ જોતાં, આપણે એમ કહી શકીએ કે આ પ્રશ્નના ઉકેલ માટે બે રીતે કામ થવું જોઈએ. પ્રથમ તો માનવની ચેતનાની અંદર જ એક સદંતર પરિવર્તન બની આવવું જોઈએ અને બીજું પૃથ્વીના વાતાવરણમાં પણ એક સંપૂર્ણ રૂપાંતર આવી જવું જોઈએ. આ બંને પરિસ્થિતિ સિદ્ધ નહિ થાય ત્યાં લગી માનવ જીવનની સ્થિતિમાં તમે ખરેખરો ફેરફાર કરી શકવાના નથી આ બંનેમાંથી ગમે તે કાર્ય હાથ ધરો, એમાં તમારે એક ઈલાજ અજમાવવાનો રહે છે: પૃથ્વી ઉપર તેમ જ માનવની અંદર એકીસાથે એક નવી ચેતનાનું પ્રાકટય થવું જોઈએ. આ જગતમાં અતિમાનસ ચેતના અવતરણ પામે અને તેની સાથે સાથે એક નવી શક્તિ, નવો પ્રકાશ અને નવું બળ અહીં પ્રગટ થાય તો જ માણસનો તેને ભીંસી રહેલાં દુઃખો, પીડાઓ અને સંકટોમાંથી ઉદ્ધાર સંભવી શકે છે. આ અતિમાનસ ચેતનામાં જ માત્ર એવી શક્તિ છે કે જે વડે તે પૃથ્વી ઉપર એક ઉચ્ચતર કોટિની સ્વસ્થ દશા લઈ આવીને, એક વધુ વિશુદ્ધ અને સાચો એવો પ્રકાશ લઈ આવીને રૂપાંતરનો મહા ચમત્કાર સિદ્ધ કરી શકે તેમ છે.

આવા એક નવીન આવિર્ભાવની દિશામાં પ્રકૃતિ આગળ વધી રહેલી છે. પણ પ્રકૃતિનો માર્ગ વાંકોચૂંકો છે, તેની કૂચમાં કશી ચોક્કસતા નથી, એની ગતિ કેટલી યે વાર અટકી પડતી હોય છે, પીછેહઠ કરતી હોય છે. અને આ બધાને કારણે પ્રકૃતિની ગતિના સાચા અર્થને સમજવો મુશ્કેલ બની જાય છે. પરંતુ એ વાત હવે વધુ ને વધુ સ્પષ્ટ બની રહી છે કે કુદરત અત્યારની માનવકોટિમાંથી હવે એક નવી માનવકોટિ, માનવની એક અતિમાનસ જાતિ ઊભી કરવા માગે જ છે. આ અતિમાનસ માનવજાતિ, માણસ અત્યારે પશુ કરતાં જેટલો આગળ વધેલો છે તેટલી જ આજના માણસ કરતાં આગળ વધેલી હશે. પણ આ નવી માનવજાતિનું સર્જન થાય, આ રૂપાંતર સિદ્ધ બને તે પૂર્વે સંભવ છે કે માનવજાતિએ કેટલાં યે વરસો સુધી, કેટલાં યે સૈકાં સુધી પ્રયોગની દશામાં જ અટવાયા કરવું પડે, અંધારામાં જ બાથોડિયાં માર્યા કરવાં પડે. આમ છતાં માનવ જો આમાં પોતાનો બુદ્ધિપૂર્વકનો સંકલ્પ કામે લગાડી શકે તો આ પરિવર્તન તે બહુ ટૂંકા સમયમાં સિદ્ધ કરી શકે છે, એટલું જ નહિ, એ કાર્ય તે બહુ થોડા બગાડપૂર્વક અને બહુ થોડા નુકસાનપૂર્વક કરી શકશે.

અને આ કાર્યમાં પૂર્ણયોગ બહુ જ ઉપયોગી સાધન નીવડી શકે તેમ છે, માનવના વિકાસમાં પોતે કેવો ભાગ ભજવી શકે તેમ છે તે બતાવી શકે છે. આ યોગની રચના એવી રીતે થયેલી છે કે એ દ્વારા તે માનવની શક્તિને ખૂબ જ એકાગ્ર કરીને પ્રયોજિત કરી આપે છે અને સામાન્ય રીતે કોઈ પણ આમૂલ પરિવર્તનની ક્રિયામાં, નવસર્જનના કાર્યમાં કાળ તરફથી જે વિલંબનું તત્ત્વ દાખલ થાય છે તે વિલંબને તે મારી હઠાવે છે.

પૂર્ણયોગ આ સ્થૂલ જગતને તેની દુર્દશામાં જ પડયું રહેવા દઈને જગતમાંથી નીકળી જવાનો માર્ગ બતાવતો નથી, તેમ જ જગતના સ્થૂલ જીવનમાં કશા આમૂલ પરિવર્તનની આશા જ નથી, અથવા તો આ જગત એ પરમાત્માના સંકલ્પનું છેલ્લામાં છેલ્લું વ્યકત રૂપ છે, હવે તેમાં પ્રભુના સંકલ્પનો કોઈ નવો આવિર્ભાવ થવો સંભવિત નથી એમ ગણી લઈને આ બાહ્ય જીવનને જેવું છે તેવું ને તેવું જ સ્વીકારી લેતો પણ નથી.

પૂર્ણયોગ વિશ્વમાં સામાન્ય મનોમય ચેતનાથી માંડીને એક અતિમાનસ અને દિવ્ય ચેતના સુધી ચૈતન્યની જે બધી સીડીઓ આવેલી છે તે તમામને ચડવા માગે છે, અને પોતાનું આ આરોહણ જ્યારે સંપૂર્ણ બની રહે ત્યાર પછી પોતે એ રીતે સિદ્ધ કરેલી અતિમાનસ ચેતના અને શક્તિને પોતાની સાથે લઈ આવીને આ સ્થૂલ જગતમાં પાછો નીચે આવવા માગે છે, એ શક્તિ અને ચેતનાને આ જગતમાં ઓતપ્રોત કરવા માગે છે અને એ રીતે આ પૃથ્વીને ક્રમે ક્રમે તે એક અતિમાનસ અને દિવ્ય જગત રૂપે પલટી દેવા માગે છે.

આ યોગ ખાસ તો અમુક કોટિની વ્યક્તિઓ ઉપર જ પોતાની દૃષ્ટિ માંડે છે. જગતમાં કેટલાક માનવો એવા હોય છે કે જેમણે માનવને જીવનમાં જે કાંઈ પ્રાપ્ત થઈ શકે તેવું હોય છે તે પ્રાપ્ત કરી લીધું હોય છે અને છતાં તેમને પોતાની સિદ્ધિથી સંતોષ હોતો નથી. આવા પુરુષો જીવન પાસે કોઈ એવી વસ્તુ માગતા હોય છે કે જે આપવાની શક્તિ જીવન પાસે હોતી નથી. આ પુરુષો જગતના અજ્ઞાત તત્ત્વને માટે ઝંખતા હોય છે, કોઈ પૂર્ણતાને માટે આતુર હોય છે, પોતાની સમક્ષ ઉગ્ર પ્રશ્નો રજૂ કરતા રહેલા હોય છે. પરંતુ તેમને તેનો કશો નિશ્ચિત જવાબ જગતમાંથી મળેલો હોતો નથી. આવી જ વ્યકિતઓ પૂર્ણયોગ માટે તૈયાર હોય છે.

આ જગત અંગે વિચાર કરતાં કેટલાક મૂળભૂત પ્રશ્નો આપણી સમક્ષ ખડા થાય છે. જેને જેને માનવજાતિના ભાવિમાં રસ રહેલો હોય છે અને જગતની

વર્તમાન વિચારસરણીઓ જેને સંતોષી શકેલી નથી તેવી દરેક વ્યકિત સમક્ષ આ પ્રશ્નો હારબંધ ખડા થઈને રહે છે. એ પ્રશ્નોને આ રીતે રજૂ કરી શકાય :

જન્મ લીધા પછી જો માત્ર મરવાનું રહે છે તો જન્મવું જ શા માટે જોઈએ?

જીવનમાં જો માત્ર દુઃખ જ વેઠવાનું છે તો પછી જીવન જ શા માટે નભાવી રાખવું જોઈએ ?

પ્રેમના અંતે જો વિરહ જ રહ્યો છે તો પછી પ્રેમ જ શા માટે કરવો ?

વિચારને અંતે જો માત્ર સ્ખલનો જ રહેવાનાં હોય તો વિચાર જ શા માટે કરવો ?

કર્મ કરતાં જો માત્ર ભૂલો જ થવાની છે તો પછી કશું કર્મ જ શા માટે કરવું ?

આ પ્રશ્નોનો જો કોઈ સ્વીકારી શકાય તેવો જવાબ હોય તો તે એ જ છે કે જગતમાં પરિસ્થિતિ હોવી જોઈએ તેવી આદર્શ રૂપની તો નથી જ. પરંતુ આ બધા વિરોધાભાસો જીવનમાં હોવા જ જોઈએ તેવું નથી. એ દરેક વિરોધાભાસનો ઈલાજ થઈ શકે તેમ છે અને એક દિવસ તે જગતમાંથી અદશ્ય થઈ જવાના છે. અત્યારે જગત જેવું છે તેવું ને તેવું જ રહેવાનું છે, તેમાં કાંઈ જ સુધારો થવાનો નથી એવું નથી. પૃથ્વી અત્યારે એક સંક્રાંતિના કાળ-માંથી પસાર થઈ રહી. માણસની અલ્પ આયુષ્યવાળી ચેતનાને આ સંક્રાંતિનો કાળ બહુ લાંબો લાગે છે પણ શાશ્વત ચેતનાની દષ્ટિમાં તો કાળ અત્યંત અલ્પ જ છે. પૃથ્વી ઉપર અતિમાનસ ચેતના પ્રગટ થતાં આ સંક્રાંતિ કાળ પૂરો થશે. અને ત્યારે જગતમાં રહેલા વિરોધાભાસો અદશ્ય થઈ જઈ તેને સ્થાને સંવા-દિતતાઓની સ્થાપના થશે, વિરોધોનું સ્થાન સમન્વયો લેશે.

આ નવી સૃષ્ટિનું સર્જન, અતિમાનવોની જાતિનું આગમન એ વિષયમાં ઘણા તર્કવિતર્કો અને વાદવિવાદો થયેલા છે. આ અતિમાનવ કેવો હશે એનો વિચાર કરવા બેસતાં માનવની કલ્પના પોતાને રુચે એવાં જ ચિત્રો દોરતી રહી છે. પરંતુ સમાન વસ્તુ જ સમાનને જાણી શકે છે. દિવ્ય પ્રકૃતિમાં રહેલી ચેતનાને તેના મૂળ રૂપમાં તમે પ્રાપ્ત કરી શકો તો જ તમને ખ્યાલ આવી શકે કે એ દિવ્ય પ્રકૃતિ પોતાનો આવિર્ભાવ કેવા પ્રકારે કરશે. પરંતુ જે લોકોને આ ચેતનાનો પોતામાં સાક્ષાત્કાર થયો છે તેમને તો પછી એ ચેતનાનું વર્ણન આપવા માટે બહુ ઉત્સુકતા રહેતી નથી. તેઓ પોતે એ અતિમાનવ બનવા માટેના કામમાં જ લાગી જતા હોય છે.

આમ છતાં, આ વિષયમાં કોઈ ગેરસમજ ન ઊભી થાય એટલા માટે આ અતિમાનવમાં અમુક વસ્તુઓ તો નહિ જ હોય એ વાત સ્પષ્ટ કરી દઈએ તો તે લાભદાયક નીવડશે. આ અંગે, દા. ત. મેં કયાંક વાંચેલું તેમાં એમ જણાવેલું કે અતિમાનવ જાતિનું મૂળભૂત લક્ષણ એ હશે કે તે ક્રૂર અને કશા સંવેદન વિનાની હશે. આ અતિમાનવો પોતે દુ:ખથી પર થઈ ગયેલા હશે એટલે એમને બીજાઓનાં દુ:ખોનું કશું જ મહત્ત્વ જણાશે નહિ. ઊલટું માણસો દુ:ખી થાય તેને તેઓ એક અપૂર્ણતાનું, ઊતરતી કોટિના જીવનનું લક્ષણ ગણશે. અતિમાનવ વિષે આ રીતે વિચાર કરનાર માણસો બેશક એમ જ વિચાર કરતા હોય છે કે માણસ પોતાથી નીચેની કોટિનાં માણસો સાથે, પ્રાણીઓ સાથે જે રીતનું વર્તન રાખે છે તેવો જ સંબંધ અતિમાનવ અને માણસ વચ્ચેનો હશે. પરંતુ અતિમાનવ જો આ રીતનું વર્તન કરે તો તે તેની શ્રેષ્ઠતાનું નહિ પણ અચેતનતા અને મૂર્ખતાનું જ લક્ષણ ગણાય. આપણે જોઈએ છીએ કે માણસ જ્યારે ચેતનાની કોઈ ઉચ્ચ ભૂમિકા ઉપર પહોંચે છે ત્યારે તો એને પોતાથી નીચેની કોટિના જીવો પ્રત્યે કારુણ્યનો ભાવ પ્રગટે છે અને તે આ લોકોના જીવનને ઉન્નત કરવાનો પ્રયત્ન કરે છે. આમ છતાં, અતિમાનવ સાવ સંવેદન વિનાનો હશે એ રીતની કલ્પના પાછળ કંઈક સત્ય તો છુપાયેલું જ છે. એ સત્ય એ છે કે આ ઉચ્ચ કોટિની માનવજાતિમાં માનવો જેને દયાવૃત્તિ તરીકે ઓળખે છે તેવી રીતની કોઈ અહંકારમય, દુર્બળ અને લાગણીપ્રધાન વૃત્તિ નહિ હશે. આ દયાવૃત્તિ હિત કરવા કરતાં અહિત જ વિશેષ કરતી હોય છે. અતિમાનવની જાતિમાં આ દયાવૃત્તિને બદલે એક આલોકિત અને પ્રબળ કારુણ્યવૃત્તિ કામ કરતી હશે, અને એ કરુણા માનવજાતિના દુ:ખને કાયમ માટે ટકાવી રાખવાને નહિ પણ એ દુ:ખનો સાચો ઇલાજ શોધી કાઢવા માટે જ પ્રવૃત્ત થતી રહેશે.

અતિમાનવ વિષેની આવી કલ્પના આપણને ખરું જોતાં તો પૃથ્વી ઉપર પ્રાણમય સત્ત્વોની જાતિના શાસનનો આબેહૂબ ખ્યાલ આપે છે. આ પ્રાણમય સત્ત્વોની પ્રકૃતિ અમર હોય છે, તેમની શકિતઓ માણસ કરતાં અનેકગણી વિશેષ હોય છે. પણ સાથે સાથે આ સત્ત્વોની સંકલ્પશકિત હમેશાં પ્રભુના વિરોધમાં જ કામ કરતી હોય છે. આ સત્ત્વોનું આજનું કામ તો જગતમાં પરમાત્માના સાક્ષાત્કારને વધુ ને વધુ દૂર ઠેલવાનું જ હોય તેમ લાગે છે. અને એ સાક્ષાત્કારની સિદ્ધિ માટેનાં કરણો એટલે કે માનવો, હરેક પ્રકારનાં વિઘ્નોને જીતી શકે તેટલાં વિશુદ્ધ અને બળવાન અને સંપૂર્ણ નહિ બનશે ત્યાં સુધી આ સત્ત્વોનું કાર્ય ચાલુ જ રહેવાનું છે. પૃથ્વી ઉપર આવાં સત્ત્વો પોતાનું દુષ્ટ

શાસન જમાવી લે તેવી શકયતા છે એ ચેતવણી જો આ દુ:ખપીડિત પૃથ્વીને આપવામાં આવે તો તે કદાચ સાવ નિરર્થક તો નહિ જ નીવડે એવી આશા છે.

આ અતિમાનવ કેવો હશે તેની ખબર તો તે પોતે સદેહે આવીને માનવ સમક્ષ હાજર થશે ત્યારે જ આપણને પડી શકશે. અને એ ઘટના ન બને ત્યાં સુધી હરેક આદર્શપ્રિય માણસનું કર્તવ્ય એટલું જ રહે છે કે તે જીવન વિષે પોતાથી બને તેટલી એક સુંદરમાં સુંદર, ઉમદામાં ઉમદા, સાચામાં સાચી, શુદ્ધમાં શુદ્ધ, અત્યંત પ્રકાશમય અને ઉત્તમોત્તમ એવી કલ્પના બાંધે અને એવી અભીપ્સા સેવતો રહે કે તેના પોતાનામાં આ કલ્પના સિદ્ધ થાય અને તેના પરિણામે જગતનું અને સર્વ કોઈનું વધુમાં વધુ હિત સધાય.

(બુલેટિન, નવેમ્બર ૧૯૫૪)

સ્ત્રીનો પ્રશ્ન

હું તમારી સાથે સ્ત્રીના પ્રશ્ન વિષે થોડી વાતચીત કરવા માગું છું. દેખીતી રીતે તો આ પ્રશ્ન માનવજાતિ જેટલો જૂનો દેખાય છે, પરંતુ એના મૂળમાં જઈને જોશો તો તે તમને એથી પણ ઘણો જૂનો, અનંતગણો જૂનો જણાશે. આ વસ્તુનું નિયમન કયા નિયમને આધારે થાય છે, અને એનું નિરાકરણ કયા નિયમ પ્રમાણે થઈ શકે તેમ છે એ શોધવાનો તમે પ્રયત્ન કરશો તો તમને જણાશે કે તમારે આ આખા યે વિશ્વના ઠેઠ મૂળ સુધી જવું પડશે, અરે આ સૃષ્ટિથી પણ પાર ચાલ્યા જવું પડશે.

કેટલીક પ્રાચીન પરંપરાઓ, અને એ કદાચ સૌથી પ્રાચીન પણ હોય, એમ કહેતી આવેલી છે કે આ વિશ્વ પરમ પરમાત્માના સંકલ્પમાંથી ઉત્પન્ન થયેલું છે. એ ચેતનાએ પોતાનો વસ્તુ રૂપે આવિર્ભાવ કરવાનો સંકલ્પ કર્યો અને એ વસ્તુરૂપ બનવાની ક્રિયામાં પ્રથમ આ વિશ્વનું સર્જન કરતી ચેતના આવિર્ભાવ પામી. આ પ્રાચીન દર્શનો, બેશક, આ પરમ તત્ત્વનો નરજાતિ તરીકે અને પેલી સર્જક ચેતનાનો નારીજાતિ તરીકે સામાન્ય રીતે ઉલ્લેખ કરતાં રહે છે, અને એ રીતે તેઓ સ્ત્રી અને પુરુષ વચ્ચેના ભેદનું મૂળ ઠેઠ વિશ્વની પેલી આદિમ ક્રિયામાં મૂકી આપે છે તેમ જ સાથે સાથે નારી કરતાં નરને પ્રથમ સ્થાને બેસાડે છે. આ બંને

તત્ત્વો આ લોકોના કહેવા મુજબ આમ તો એક જ છે, એકરૂપ છે, વિશ્વનો આવિર્ભાવ થયો તે પહેલાંનાં સહસ્થિતિમાં રહેલાં છે, તથાપિ તેમના કહેવાનો અર્થ એ થાય છે કે વિશ્વસર્જન માટેનો નિર્ણય કરનાર પ્રથમ નરતત્ત્વ હતું અને એ નિર્ણયને પાર પાડવા માટે તેણે પોતામાંથી નારીતત્ત્વનો આવિર્ભાવ કર્યો. અર્થાત્, જો નારીતત્ત્વ વિના સૃષ્ટિનું નિર્માણ થતું નથી તો નરતત્ત્વ પોતે પ્રથમ નિર્ણય ન કરે ત્યાં સુધી નારીતત્ત્વનો આવિર્ભાવ પણ સંભવતો નથી.

આવી રીતના ખુલાસા અંગે એક પ્રશ્ન જરૂર કરી શકાય તેવો છે કે આ ખુલાસો શું વધુ પડતો માણસની રીતનો ખુલાસો નથી લાગતો. પરંતુ સાચું કહીએ તો માણસ પોતે જે કાંઈ ખુલાસા આપી શકે તેમ છે તે બધા, અથવા તો તેમનું સ્વરૂપ અનિવાર્ય રીતે માણસની રીતનું જ રહેવાનું. આ જગતમાં કેટલીક અસાધારણ વ્યક્તિઓ પોતાના આધ્યાત્મિક વિકાસમાં ઊંચે ચડતી ચડતી માનવ પ્રકૃતિથી ઉપર જઈ શકેલી છે અને પોતે જે તત્ત્વને શોધતી હતી તેની સાથે એકરૂપ બની શકેલી છે. એ એક ઘણો ભવ્ય છતાં અમુક રીતે અવર્ણનીય એવો અનુભવ છે. આ અનુભવ જ્યારે તેઓ બીજાને આપવાને નીકળે છે ત્યારે ત્યારે તેમને એ અનુભવને કાંઈક સ્વરૂપ તો આપવું જ પડે છે અને એ સ્વરૂપ બીજાઓને સમજાય તેવું બનાવવા માટે તેમને પોતાની વાણીને માનવ રીતની તથા એક સાંકેતિક રૂપની કરવી પડેલી છે.

આમ છતાં આપણે એક પ્રશ્ન કરી શકીએ છીએ કે શું આવા અનુભવો તથા તેમાંથી પ્રગટ થતી વસ્તુઓમાંથી જ આ રીતનો પુરુષને સ્ત્રી કરતાં પોતાની શ્રેષ્ઠતાનો હમેશાં રહેતો ભાવ જન્મેલો છે કે પછી જગતમાં આ રીતનો શ્રેષ્ઠભાવ આટલા બધા પ્રમાણમાં વ્યાપક છે તેને લીધે જ આ અનુભૂતિઓ આવા સ્વરૂપમાં ઢળાઈ હશે ?

ગમે તે હો, હકીકત આવી છે એમાં તો કોઈ શક નથી જ. પુરુષને એમ લાગે છે કે પોતે સ્ત્રી કરતાં શ્રેષ્ઠ છે અને એ રીતે તે સ્ત્રી ઉપર પોતાનો અધિકાર જમાવવા માગે છે. સ્ત્રીને એમ થાય છે કે પોતાના ઉપર પુરુષ દમન ગુજારી રહેલો છે અને તે પુરુષ સામે પ્રગટ કે અપ્રગટ રીતે બળવો કરતી રહે છે. અને આમ આ બે વચ્ચેનો કાયમી ઝગડો હરેક યુગમાં ચાલતો આવ્યો છે. અને આ સંઘર્ષનું મૂળ તત્ત્વ તો એક જ છે છતાં તેનાં રૂપો અને છાયાઓ અનેક અનેક પ્રકારનાં બનતાં રહેલાં છે.

વળી એ વાત પણ સ્પષ્ટ છે કે આ પરિસ્થિતિનો આખો યે દોષ પુરુષ સ્ત્રી ઉપર ઢોળતો રહે છે અને એ જ રીતે સ્ત્રી પણ પુરુષ ઉપર આખો ને આખો દોષનો ટોપલો ઢોળતી રહે છે. પણ ખરી વાત તો એ છે કે આ દોષને સ્ત્રી-પુરુષ બંને વચ્ચે સરખે ભાગે વહેંચી દેવો જોઈએ અને સ્ત્રી કે પુરુષ બેમાંથી એકે યે પોતાની શ્રેષ્ઠતાની બડાઈ મારતાં અટકી જવું જોઈએ. માનવજાતિમાંથી આ રીતનો શ્રેષ્ઠતા અને હીનતાનો ભાવ જ્યાં લગી નાબૂદ નહિ થાય ત્યાં સુધી કોઈ પણ વસ્તુ કે કોઈ પણ વ્યકિત આ ગેરસમજૂતીનો અંત લાવી શકવાની નથી. માનજાતિમાં પડી ગયેલી આ બે સામસામી છાવણીઓ એવી ને એવી ટકી રહેશે અને આ પ્રશ્ન એવો ને એવો અણઊકલ્યો જ રહેશે.

આ વિષય ઉપર ઘણું ઘણું લખાયું અને કહેવાયું છે. એને અનેક જુદાં જુદાં દષ્ટિબિંદુઓથી જોવામાં આવેલો છે. એ બધાનું નિરૂપણ કરવા માટે તો એક આખો ગ્રંથ લખવો પડે. આ અંગે સામાન્ય રીતે એમ કહી શકાય કે આ વિષયમાં રજૂ થયેલા સિદ્ધાંતો તો બધા ઘણી ઉત્તમ રીતના જ છે. એ દરેક સિદ્ધાંતમાં તેનો પોતાનો અમુક ગુણ રહેલો જ છે. પરંતુ એ સિદ્ધાંતોનો અમલ બહુ સુખદાયક બનેલો નથી. અને આ વિષયમાં માનવજાતિએ કેટલી પ્રગતિ સિદ્ધ કરી છે એ જોવા જઈશું તો પથ્થર યુગના લોકો કરતાં આપણે કાંઈ આગળ વધ્યા છીએ કે કેમ એ કહેવું મુશ્કેલ બની જાય તેમ છે. આજે પણ સ્ત્રી અને પુરુષ પોતાના પરસ્પર વ્યવહારમાં એકબીજા પ્રત્યે તદ્દન જુલ્મગાર માલિકની રીતે જ વર્તતાં હોય છે અને સાથે સાથે એકબીજાનો કંઈક દયાજનક રીતની ગુલામી પણ કરતાં રહે છે.

હા, સ્ત્રી-પુરુષ એકબીજાનાં ગુલામ જ છે. જ્યાં લગી તમારામાં કામનાઓ, રાગદ્વેષો અને આસક્તિઓ હશે ત્યાં સુધી તમે એ વસ્તુઓના ગુલામ જ હો છો તેમ જ આ બધાની તૃપ્તિ માટે તમારે જે વ્યક્તિના ઉપર આધાર રાખવો પડશે તેની તમારે ગુલામગીરી જ કરવાની રહેશે.

આ રીતે જોતાં સ્ત્રી પુરુષની દાસ છે. તેને પુરુષ પ્રત્યે, પુરુષની શકિત પ્રત્યે આકર્ષણ છે. સ્ત્રીને 'ગૃહ' જોઈતું હોય છે, એ ગૃહમાંથી મળતી સલામતી તેને જોઈતી હોય છે. સૌથી વિશેષ તો સ્ત્રીને માતૃત્વની આસક્તિ વળગેલી છે. આ બધી વસ્તુઓ સ્ત્રીને પુરુષની દાસ બનાવી રાખે છે. એ જ રીતે પુરુષ પણ સ્ત્રીનો દાસ છે. એનામાં સ્વામિત્વનો ભાવ રહેલો છે. તે સત્તા અને આધિપત્ય માટે તલસતો હોય છે. તેનામાં જાતીય સંબંધની ભૂખ છે. પરિણીત જીવનમાંથી

મળતી નાની મોટી સુખસગવડોમાં તેને આસક્તિ છે. અને આ બધું તેને સ્ત્રીનો દાસ બનાવી રાખે છે.

વસ્તુસ્થિતિ આમ છે એટલે જ કોઈ પણ કાયદો સ્ત્રીને મુક્ત કરી શકવાનો નથી. આ મુક્તિ સ્ત્રીએ પોતે જ મેળવવાની છે. એ જ પ્રમાણે પુરુષો પણ, તેમને સ્ત્રી ઉપર અમલ ચલાવવાની આટલી બધી ટેવ પડી ગયેલી છે છતાં સ્ત્રીના દાસ મટી શકવાના નથી. તેઓ પોતાની આંતરિક ગુલામીમાંથી મુક્ત થશે ત્યારે જ તેમનું આ દાસત્વ ટળશે.

આમ સ્ત્રીપુરુષ વચ્ચે એક ગુપ્ત સંઘર્ષ ચાલી રહેલો છે. ઘણી વાર જો કે આ સંઘર્ષના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવતો નથી છતાં સારામાં સારી વ્યક્તિઓની બાબતમાં પણ એમની અવચેતનામાં તો એ સંઘર્ષ હંમેશાં પડેલો હોય જ છે. માણસો જ્યારે પોતાની ચેતનામાંથી ઉપર જઈને પૂર્ણ ચેતના સાથે પોતાને એકરૂપ કરશે, પરમ સત્ય સાથે પોતાનું અદ્વૈત સિદ્ધ કરશે ત્યારે જ આ સંઘર્ષ ચાલ્યો જશે. એમ નહિ થાય ત્યાં લગી એ અનિવાર્ય રીતે રહેવાનો જ છે. તમે જ્યારે આ ઊર્ધ્વ ચેતના પ્રાપ્ત કરો છો ત્યારે તમને દેખાય છે કે સ્ત્રી અને પુરુષ વચ્ચેનો આ ભેદ છેવટે તો માત્ર શરીર પૂરતો જ ભેદ છે.

હા, પૃથ્વી ઉપર શરૂઆતમાં એક નરી શુદ્ધ પુરુષજાતિ તેમ જ શુદ્ધ સ્ત્રીજાતિ અસ્તિત્વમાં રહેલી હોય એવો સંભવ છે ખરો, અને એ દરેક જાતિને પોતપોતાનાં સ્પષ્ટ રીતે ભિન્ન લક્ષણો પણ હશે. પરંતુ વખત જતાં આ બંને યોનીઓ વચ્ચે અનિવાર્ય રીતે મિશ્રાણ થવા લાગ્યું, આનુવંશિકતાનું તત્ત્વ દાખલ થયું, છોકરાઓમાં પોતાની માતાનાં લક્ષણો આવવા લાગ્યાં, છોકરીઓમાં પિતાનાં લક્ષણો આવવા લાગ્યાં, આખો સમાજ પ્રગતિ કરવા લાગ્યો, સ્ત્રી-પુરુષો એક જ સરખા ધંધામાં કામ કરવા લાગ્યાં — આ બધાને લીધે આજના યુગમાં કોઈ પણ જાતિને શુદ્ધ રૂપે જોવાની આશા અશક્ય જેવી બની ગઈ છે. તમામ પુરુષોમાં ઘણી ઘણી રીતે સ્ત્રીઓનાં લક્ષણો આવી ગયેલાં છે, તેમ જ સ્ત્રીઓમાં પણ, ખાસ કરીને આજના અર્વાચીન સમાજોમાં ઘણી ઘણી બાબતોમાં નરજાતિનાં લક્ષણો આવેલાં છે. પરંતુ આ બંને જાતિઓને એકબીજાની સાથે તકરાર કરવાની પડેલી ટેવ, એ બંનેના શારીરિક દેખાવને કારણે, કમભાગ્યે ચાલુ જ રહી છે, અને આજના જગતમાં તો સ્પર્ધાની ભાવના તેમાં ઉમેરાતાં કદાચ એ વધુ ઉગ્ર પણ બનેલી છે.

સ્ત્રી તથા પુરુષ બંને પોતાની ઉત્તમોત્તમ અવસ્થામાં તો આ જાતિનું તત્ત્વ ભૂલી જઈ શકે છે, પણ એ અંગેનું સહેજ અમથું પણ જો કોઈ ઉત્તેજન મળી આવે છે, તો એ તત્ત્વ પાછું જાગ્રત થઈ આવે છે. સ્ત્રીને થવા લાગે છે કે હું સ્ત્રી છું, પુરુષ જાણે છે કે હું પુરુષ છું. અને એમ પાછો આ ઝગડો, એક કે બીજા સ્વરૂપે, ખુલ્લી કે ઢાંકી રીતે, અનિશ્ચિત કાળ માટે પાછો શરૂ થઈ જાય છે. અને આ સંઘર્ષ જેમ વધુ ગૂઢ રીતનો, અસ્વીકૃત રીતનો હોય છે તેમ તેનું સ્વરૂપ વધુ કાતિલ હોય છે. અને આ જોતાં તો એમ જ પ્રશ્ન થાય છે કે આ સંઘર્ષનો કદી અંત આવશે ખરો. પુરુષ અને સ્ત્રી પોતાના પુરુષ અને સ્ત્રીપણામાંથી નીકળી જઈને, કેવળ આત્મારૂપ બની રહે અને પોતે બંને એક જ મૂળ તત્ત્વમાંથી આવેલાં છે એ વસ્તુનો એક તદ્દન જાતિ વિનાના શરીરમાં આવિર્ભાવ કરી બતાવે ત્યાં સુધી આ સંઘર્ષે શું ચાલ્યા જ કરવું પડશે ?

આપણું તો એક એવા જગતનું સ્વપ્ન છે કે જેમાં આ બધા વિરોધો આખરે અદૃશ્ય થઈ ગયેલા હશે. એ જગતમાં એક નવો માનવ હસ્તીમાં રહી શકશે અને દિનોદિન વૃદ્ધિ પામતો જશે અને તેનામાં માનવના સર્જનમાં રહેલી સર્વ ઉત્તમોત્તમ વસ્તુઓનો સંવાદમય સમન્વય આવી બનેલો હશે. તેનામાં સંકલ્પ અને તેના અમલની ક્રિયા, દર્શન અને તે મુજબનું સર્જન એ બંને એક જ ચેતના અને ક્રિયામાં એકરૂપ બનેલાં હશે.

આ પ્રશ્નનું નિરાકરણ હિંદમાં આ રીતની સુખદ અને આમૂલ રીતે નહિ સધાય ત્યાં લગી આ દેશ, બીજી ઘણી બાબતોમાં બનતું રહેલું છે તે મુજબ આ બાબતમાં પણ એક ઘણા ઉગ્ર અને વિરોધાત્મક વિરોધોની ભૂમિ બની રહેશે. પરંતુ એ વાત તો ચોક્કસ છે કે આ સર્વ વિરોધોને એક મહા વિશાળ અને સંધારક એવા સમન્વયની અંદર ઓગાળી દઈ શકાય છે.

આપણે જોઈએ છીએ કે આ હિંદમાં જ મા ભગવતીની એક અતિશય તીવ્ર ભાવપૂર્વક, પરમ પ્રેમપૂર્વક પૂર્ણ આરાધના થઈ રહેલી છે. એને હિંદનું હૃદય વિશ્વની વિધાત્રી તરીકે, શત્રુઓની વિજેત્રી તરીકે, સર્વ દેવો અને બ્રહ્માંડોની જનેતા તરીકે, સર્વ વરોની દાત્રી તરીકે આરાધે છે.

અને સાથે સાથે આપણે એ પણ જોઈએ છીએ કે આ જ હિંદની અંદર સ્ત્રીતત્ત્વ પ્રત્યે એક મહા ધિક્કારની અને તિરસ્કારની લાગણી પણ રહેલી છે. સ્ત્રી તો પ્રકૃતિ છે, માયા છે, એક વિધ્વંસક ભ્રાંતિ છે, સર્વ પતનો અને

સંકટોનું મૂળ છે, એ મહા છેતરનારી, પાપમાં પાડનારી, પ્રભુથી માણસને દૂર દૂર લઈ જનારી વસ્તુ છે એમ કહેવાતું આવ્યું છે.

હિંદના આખા જીવનમાં આ રીતનો વિરોધ સર્વત્ર વ્યાપેલો છે. હિંદનું ચિત્ત તથા હૃદય આ વિરોધથી કોરાઈ રહેલું છે. હિંદમાં સ્થળે સ્થળે દેવમંદિરોમાં દેવીઓની સ્થાપના છે અને એ દેવીઓ પાસેથી, અંબા અને દુર્ગા પાસેથી હિંદની પ્રજા પોતાના મોક્ષ અને મુક્તિની યાચના કરતી રહે છે. અને છતાં એક હિંદનો માણસ જ એમ કહે છે કે પ્રભુ સ્ત્રીના શરીરમાં કદી પણ અવતાર લેવાના નથી. કેમ કે કોઈ પણ વિચારશીલ માણસ આ રીતે અવતાર પામેલા ભગવાનનો સ્વીકાર જ નહિ કરે ને! પણ સદ્ભાગ્યે, પ્રભુમાં આવો કોઈ સંકુચિત ભેદભાવ હોતો જ નથી; અને તે કાંઈ આવા ક્ષુદ્ર વિચારોથી પ્રેરાઈને ચાલતા નથી. પ્રભુ જ્યારે એક પાર્થિવ શરીરમાં પોતાનો આવિર્ભાવ કરવાને તૈયાર થાય છે ત્યારે પછી માણસો પોતાનો અવતાર તરીકે સ્વીકાર કરશે કે નહિ તેની તે લેશ પણ ફિકર કરતા નથી. અને એક બીજી વાત પણ છે કે પ્રભુએ જ્યારે જ્યારે અવતાર લીધેલો છે ત્યારે ત્યારે તેમણે પંડિતો કરતાં બાળકો અને સરળ હૃદયનાં માણસો સાથે જ વધુ સંબંધ રાખવાનું પસંદ કરેલું છે.

તો આપણે આશા રાખીએ છીએ કે જગતમાં એક સમયે માનવમાં એક નવા વિચારનો અને એક નવી ચેતનાનો ઉદય થશે. એ વિચાર અને ચેતના પ્રકૃતિને એક નવી માનવજાતિનું સર્જન કરવાની ફરજ પાડશે. એ માનવજાતિને પછી પશુધર્મની રીતે શરીરનું સર્જન કરવાની ફરજને વશ થવાપણું નહિ રહેશે. અને એ જાતિને એકબીજાની પૂર્તિ કરે તેવી બે યોનીઓ વચ્ચે વહેંચાઈ જવાની ફરજ નહિ પડશે. પરંતુ આવો સમય આવે ત્યાં સુધી આપણે એટલું તો કરીએ જ કે આ બંને જાતિઓને આપણે સંપૂર્ણ સમાનતાની રીતે જ જોતા થઈએ, બંનેને એક જ સરખી કેળવણી અને તાલીમ આપીએ, અને તે બંને સર્વ યોનીભેદોથી પર એવી એક દિવ્ય વાસ્તવિકતા સાથે સતત સંપર્કમાં રહેતાં થઈને, જે મૂળ તત્ત્વમાંથી સર્વ શક્યતાઓ અને સંવાદિતાઓ પ્રગટ થાય છે તે તત્ત્વને પ્રાપ્ત કરે એવું જ્ઞાન તેમને શીખવીએ. અત્યારની માનવજાતિની પ્રગતિ માટે આપણે અત્યારે વધુમાં વધુ આટલું તો કરી જ શકીએ.

અને આમ થતાં કદાચ હિંદમાં જ સર્વ વિરોધોની બનેલી આ ભૂમિમાં જ, માનવજીવનમાં નવા નવા સાક્ષાત્કારોની કલ્પના પ્રથમ તેના જ પારણામાં ઝૂલેલી છે તે મુજબ એ સર્વ સાક્ષાત્કારોની સિદ્ધિ પણ અહીં જ આવી બનશે.

(બુલેટિન, એપ્રિલ ૧૯૫૫)

ભાગ ૨

સંદેશાઓ, પત્રો અને વાર્તાલાપો

૧

શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રિય શિક્ષણ કેન્દ્ર

સને ૧૯૨૦ થી ૧૯૩૦ વચ્ચેના સમયના ગાળામાં શ્રી માતાજી કેટલીક વ્યક્તિઓને ફ્રેંચ શીખવતાં અને શિક્ષણના અન્ય વિષયોની બાબતમાં સામાન્ય રૂપનું માર્ગદર્શન આપતાં. તે સમયનું તેમનું શૈક્ષણિક બાબતોનું માર્ગદર્શન આટલા પૂરતું મર્યાદિત હતું. એક સામાન્ય નિયમ તરીકે, એ સમયે, બાળકોને આશ્રમમાં રહેવા આવવાની પરવાનગી અપાતી નહિ. ૧૯૪૦ પછીના ગાળામાં, આશ્રમમાં કેટલાંક કુટુંબોને પ્રવેશ અપાયો અને તેમનાં બાળકો માટે શિક્ષણનો પ્રબંધ શરૂ કરવામાં આવ્યો. તા. ૨ ડિસેમ્બર ૧૯૪૩ના રોજ, શ્રી માતાજીએ, આશરે વીસેક જેટલાં બાળકો માટે એક શાળાનું વિધિસરનું ઉદ્‌ઘાટન કર્યું. તેઓ પોતે પણ એક શિક્ષક તરીકે કામ કરતાં. ત્યાર પછીનાં સાત વર્ષોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ધીરે ધીરે વધતી ગઈ.

તા. ૨૪ એપ્રિલ ૧૯૫૧ના રોજ શ્રી માતાજીએ એક સમારંભનું પ્રમુખ-સ્થાન સંભાળ્યું, ત્યાં એવો નિર્ણય લેવામાં આવ્યો કે "એક આંતરરાષ્ટ્રિય વિદ્યાપીઠનું કેન્દ્ર" સ્થાપવું. તા. ૬ જાન્યુઆરી ૧૯૫૨ના રોજ, તેઓએ 'શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રિય વિદ્યાપીઠ કેન્દ્ર'નું ઉદ્‌ઘાટન કર્યું. ૧૯૫૯માં તેનું નામ બદલીને 'શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રિય શિક્ષણ કેન્દ્ર' રાખવામાં આવ્યું.

હાલમાં, આ શિક્ષણ કેન્દ્રમાં પૂરા અથવા અડધા સમય માટે કામ કરતા ૧૫૦ શિક્ષકો છે અને ૫૦૦ વિદ્યાર્થીઓ છે. એમાં બાલમંદિરથી માંડી ઉચ્ચતર શિક્ષણ સુધીની કક્ષાઓ આવી જાય છે. અભ્યાસક્રમમાં વિનયન, ભાષાઓ, કલા, વિજ્ઞાન, સ્થાપત્ય, યંત્રકલા કૌશલ્ય અને ધંધાદારી કામગીરી માટેની તાલીમનો સમાવેશ થાય છે. આ સૌને માટે પુસ્તકાલયો, પ્રયોગશાળાઓ, ઉદ્યોગશાળાઓ અને નાટયકળા, નૃત્ય, સંગીત, ચિત્રકળા વગેરે માટે નાટયગૃહ અને સ્ટૂડિયોની સગવડ છે.

આ શિક્ષણ કેન્દ્રમાં કેવળ માનસિક તાલીમ આપવા પૂરતું જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું નથી. એથી ઊલટું, વિદ્યાર્થીના વ્યક્તિત્વના દરેક પાસાને ખીલવવાનો ઉદ્દેશ રાખવામાં આવે છે. આ કાર્ય માટે, જેને શ્રી માતાજી "સ્વતંત્ર પ્રગતિની પદ્ધતિ" કહે છે તેનો ઉપયોગ કરવામાં આવે છે. એમાં

"જે પ્રગતિ કરવાની હોય છે તે આત્મા દ્વારા નિયંત્રિત હોય છે, અને એની ઉપર ટેવો, રીત-રિવાજો કે પૂર્વ નિર્ધારિત ખ્યાલોનું કોઈ દબાણ લાદવાનું હોતું નથી." દરેક વિદ્યાર્થી પોતે પોતાની મેળે ભણે એ માટે તેને ઉત્તેજન આપવામાં આવે છે. પોતાના વિષયો એણે પોતે જ પસંદ કરવાના હોય છે. અભ્યાસની ગતિ પણ તેને પોતાને અનુકૂળ લાગે તે રીતે નક્કી કરવાની હોય છે, અને છેવટે પોતાનો વિકાસ સાધવાનું કાર્ય તેણે પોતે જ પોતાના હાથમાં લેવાનું રહે છે. શિક્ષકનું કાર્ય કોઈ માસ્તર જેવું નહિ પરંતુ એક માર્ગદર્શક અને માહિતી પૂરી પાડનારના જેવું હોય છે. વ્યવહારમાં, આ પદ્ધતિમાં, શિક્ષક અને વિદ્યાર્થી એ બંનેની ખાસિયતને અનુકૂળ આવે તે રીતની ગોઠવણી કરવામાં આવે છે. કેટલાકો હજી પણ પરંપરાગત શિક્ષણની પદ્ધતિ અપનાવે છે અને અમુક નક્કી કરેલા અભ્યાસક્રમ પ્રમાણે શિક્ષકનું માર્ગદર્શન મેળવે છે.

વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રોનો ફ્રેંચમાં અભ્યાસ કરવામાં આવે છે, બીજા વિષયો અંગ્રેજીમાં. દરેક વિદ્યાર્થીને પોતાની માતૃભાષા શીખવાનું ઉત્તેજન આપવામાં આવે છે. કેટલાક વિદ્યાર્થીઓ ભારતની અને યુરોપની ભાષાઓ પણ શીખે છે.

આ શિક્ષણ કેન્દ્ર કોઈ ડિગ્રીઓ કે ડિપ્લોમાઓ આપતું નથી. આમ કરવાનું કારણ, વિદ્યાર્થીમાં જ્ઞાનપ્રાપ્તિના આનંદ પ્રત્યેની જાગૃતિ અને પ્રગતિ કરવાની અભીપ્સા પેદા થાય એવો જે હેતુ છે તે સિદ્ધ કરવાનો છે. એમાં અન્ય કોઈ હેતુઓને ગૌણ ગણવામાં આવે છે

સંદેશાઓ

શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રિય શિક્ષણ કેન્દ્રના પ્રતીકની પાછળ રહેલો સાંકેતિક અર્થ



The effective manifestation of
Ishwara and Ishwari in union.
—The Mother

પરમ ઈશ્વર અને ઈશ્વરી શક્તિના અદ્વૈતનો સફળતાપૂર્વક આવિર્ભાવ કરવો.
—શ્રી માતાજી

*

પોતાના કાર્યના વિકાસ માટે શ્રી અરવિંદ, જે સૌથી આધુનિક પદ્ધતિઓ ઉપલબ્ધ છે તેમાંથી એક એવી પદ્ધતિનો ખ્યાલ સેવતા હતા કે પોંડિચેરીમાં એક એવું આંતરરાષ્ટ્રિય વિદ્યાપીઠનું કેન્દ્ર સ્થાપવું જે આખી દુનિયાના વિદ્યાર્થીઓ માટે ખુલ્લું હોય.

એમ લાગે છે કે એમના નામને માટે સૌથી સુયોગ્ય સ્મૃતિચિહ્ન તે આ વિદ્યાપીઠની સ્થાપના બનશે. એના વડે તેમનું કાર્ય તેના જુસ્સામાં સહેજ પણ ઓટ આવ્યા વિના ચાલુ રહ્યું છે તેની એક સ્થૂલ અભિવ્યક્તિ બની રહેશે.

(૧૯૫૧)

*

શ્રી અરવિંદ સ્મારક સંમેલન પ્રસંગે ઉદ્‌ઘાટન-સંદેશ

શ્રી અરવિંદ આપણી વચમાં હાજર છે અને પોતાની સર્જક પ્રતિભાના સર્વ સામર્થ્ય પૂર્વક તેઓ આ યુનિવર્સિટી કેન્દ્રની રચનાના કાર્ય ઉપર અધ્યક્ષપદે વિરાજેલા છે. તેઓએ જોયું હતું કે અતિમાનસનો પ્રકાશ અહીં આવીને આજની

માનવજાતિમાં રહેલી ઉત્તમોત્તમ વ્યકિતઓને એક નવી માનવજાતિના રૂપમાં પલટી આપશે અને એ રીતે પૃથ્વી ઉપર એક નવીન જ્યોતિનો, નવીન શકિતનો અને નવા જીવનનો આવિર્ભાવ થશે. એ પ્રકાશને ઝીલવા માટે ભાવિની માનવ-જાતિને તૈયાર કરવાનું એક ઉત્તમ સાધન તે આ રીતની યુનિવર્સિટી છે એમ તેઓ કેટલાંયે વર્ષોથી વિચારતા હતા.

શ્રી અરવિંદના એક અતિપ્રિય આદર્શને સિદ્ધ કરવાના હેતુથી મળી રહેલા આ સંમેલનને હું શ્રી અરવિંદના નામે આજે ખુલ્લું મૂકું છું.

(૨૪ એપ્રિલ ૧૯૫૧)

*

વિદ્યાર્થીઓની પ્રાર્થના*

અમારી અભીપ્સા વીર યોદ્ધા બનવાની છે. અમને તેવા બનાવો. જે ભૂતકાળ હજી ટકી રહેવા મથામણ કરી રહ્યો છે તેની સામે અમે યુદ્ધ કરી વિજયી બનવા માગીએ છીએ કે જેથી, એ મહાયુદ્ધને પરિણામે જે ભાવિનો જન્મ થવાનો છે તે બની આવે, એમાંથી પછી નવીન વસ્તુઓનો આવિર્ભાવ થાય અને અમે એમને ઝીલી શકીએ.

(૬ જાન્યુઆરી ૧૯૫૨)

*

મને સંપૂર્ણ ખાતરી છે, મને પૂરેપૂરો વિશ્વાસ છે, મારા મનમાં લેશમાત્ર શંકા નથી કે આ જે યુનિવર્સિટી અહીં સ્થપાઈ છે તે પૃથ્વી ઉપર જ્ઞાનની મહાન વિદ્યાપીઠ બની રહેશે.

એમ થતાં પચાસ વર્ષ લાગે, સો વર્ષ લાગે, અને હું અહીં હોઈશ કે નહિ તે વિષે તમને શંકા થાય; હું હોઉં કે ન હોઉં, પરંતુ આ મારાં બાળકો મારું કાર્ય ચાલુ રાખવા માટે ઉપસ્થિત હશે.

અને આજે જે કોઈ આ દિવ્ય કાર્યમાં સહકાર આપશે તેમને એક વિશિષ્ટ પ્રકારની સિદ્ધિમાં ભાગ લીધો હોવાનો આનંદ અને ગર્વ થશે.

(૨૮ મે ૧૯૫૩)

*

આપણે બીજાઓ જે કરી રહ્યા છે એ જ વસ્તુ (સહેજ વધારે સારી રીતે) અહીં કરવાની નથી.

---

* શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રિય યુનિવર્સિટી કેન્દ્રના ઉદ્‌ઘાટન સમયે અપાયેલી.

આપણે તો, બીજાઓ જે કરી શકતા નથી, કેમ કે એ વસ્તુ થઈ શકે તેવી છે એવો એમને ખ્યાલ પણ નથી, એ અહીં કરવાની છે.

આપણે તો બાળક સમક્ષ, ભાવિનાં આ સંતાનો સમક્ષ, એ ભાવિનો માર્ગ ખોલી આપવાનો છે.

આ સિવાયની બીજી કોઈ વસ્તુ ખાતર મહેનત કરવા જેવી નથી, આ સિવાયની બીજી કોઈ વસ્તુ, શ્રી અરવિંદની સહાયને પાત્ર નથી.

(૬ સપ્ટેમ્બર ૧૯૬૧)

*

વર્ગોનાં વાર્ષિક ઉદ્‌ઘાટનો માટેના સંદેશાઓ

એક બીજું વર્ષ પસાર થઈ ગયું, એની પાછળ એ કેટલાક ભારે તો કેટલાક દુઃખદાયી પદાર્થપાઠોનો બોજો પણ મૂકતું ગયું છે.

અને હવે એક નૂતન વર્ષ શરૂ થાય છે. એ એની સાથે પ્રગતિ અને સિદ્ધિની શક્યતાઓ લઈ આવ્યું છે. પરંતુ એ શક્યતાઓનો પૂરેપૂરો લાભ ઉઠાવી શકાય તે માટે, આપણે અગાઉના પદાર્થપાઠો પણ જાણી લેવા રહ્યા.

સૌથી અગત્યનું જ્ઞાન એ છે કે, તમામ પ્રકારના અકસ્માતો, અચેતનાનું પરિણામ હોય છે. તેમ છતાં, બાહ્ય રીતે જોતાં, એમનાં કારણોમાં મુખ્ય તો અશિસ્ત, શિસ્ત પ્રત્યે એક પ્રકારની તિરસ્કારની ભાવના હોય છે.

આપણે એક અવિરત અને શિસ્તબદ્ધ પ્રયાસ કરીને એ વસ્તુ સાબિત કરી આપવાની રહે છે કે આપણે એક વધુ સચેતન અને વધુ સત્યપૂર્ણ જીવન માટે સત્યનિષ્ઠાપૂર્વકની અભીપ્સા સેવીએ છીએ.

(૧૬ ડિસેમ્બર ૧૯૬૬)

સત્યને તમારો ગુરુ અને માર્ગદર્શક બનાવો.

આપણે આપણા સ્વરૂપમાં અને આપણાં કાર્યોમાં સત્યનો વિજય થાય તેવી અભીપ્સા સેવીએ છીએ.

સત્ય માટેની અભીપ્સા એ જ આપણા પ્રયત્નો પાછળની સક્રિય શક્તિ બની રહો.

હે સત્ય! અમે તારું માર્ગદર્શન માગીએ છીએ. જગત ઉપર તારું રાજ્ય સ્થપાઓ.

(૧૬ ડિસેમ્બર ૧૯૬૭)

જ્યારે આપણે સત્યમાં જીવન ધારણ કરતા હોઈએ છીએ ત્યારે સર્વ વિરોધાભાસોથી પર હોઈએ છીએ.

(૧૯ ડિસેમ્બર ૧૯૬૮)

તમે જે વસ્તુ શીખવવા ઇચ્છતા હો તે તમે જીવી જાણી હોવી જોઈએ.

નૂતન ચેતના વિષે વાત કરવી હોય, તો એને તમારી અંદર પ્રવેશવા દો અને તેને એનાં રહસ્યો ખુલ્લાં કરવા દો કારણ કે ત્યારે જ તમે કોઈ વસ્તુ આધારભૂત રીતે કહી શકશો.

નૂતન ચેતનામાં આરોહણ કરવાની પહેલી શરત એ છે કે તમારું મન એટલું બધું નમ્ર હોય કે તેને ખાતરી થયેલી હોય કે તમે જે બધું જાણો છો તે, હજી જે જાણવાનું બાકી છે તેની સરખામણીમાં કાંઈ નથી.

જે કોઈ વસ્તુઓ તમે બાહ્ય રીતે શીખ્યા હો તે સર્વ તમને ઊર્ધ્વ જ્ઞાન પ્રત્યે આરોહણ કરવાના કેવળ એક પગથિયા સરખી લાગવી જોઈએ.

(૧૬ ડિસેમ્બર ૧૯૬૯)

જાણવાનું અને કરવાનું કામ નીરવતામાં જ થઈ શકે છે. જે કાંઈ કામ ઉશ્કેરાટ અને હિંસક ભાવનાથી થતું હોય છે એ બધું ઉન્માદપૂર્ણ અને મૂર્ખામીભરેલું હોય છે.

આપણે અહીં અન્ય સ્થળો કરતાં વધું સારું કાર્ય કરવા માટે અને અતિમાનસ ભવિષ્યને માટે છીએ. આ વસ્તુ કદી પણ ભુલાવી જોઈએ નહિ. હું સૌ કોઈના અંતઃકરણની શુભેચ્છાની માગણી કરું છું કે જેથી આપણા આદર્શની સિદ્ધિ થાય.

(૧૬ ડિસેમ્બર ૧૯૭૧)

*

દિલ્હીની શ્રી માતાજીની આંતરરાષ્ટ્રિય શાળાને સંદેશા

પૃથ્વી ઉપર એક નવીન પ્રકાશ પ્રગટ થયો છે. આ જે નવી શાળાનું ઉદ્‌ઘાટન આજે થાય છે, તે એના વડે માર્ગદર્શન પામો.

આશીર્વાદ.

(૨૩ એપ્રિલ ૧૯૫૬)

સત્ય પ્રત્યેના અમારા પ્રયત્નોમાં અમે સાચી રીતે સત્યનિષ્ઠ બનીએ તેવું અમને શીખવો.

(૨૩ એપ્રિલ ૧૯૫૭)

ગઈ કાલનો સાક્ષાત્કાર આવતી કાલની સિદ્ધિ માટે કૂદકો લગાવવાનું પાટિયું બની રહો.

(૨૩ એપ્રિલ ૧૯૫૮)

પૃથ્વી ઉપર જે નૂતન જીવન આવિર્ભાવ પામી રહ્યું છે તેને માટે આપણે તૈયાર બનીએ.

(૨૩ એપ્રિલ ૧૯૫૯)

ઉત્તમ વિદ્યાર્થીઓ જિજ્ઞાસુ હોય છે, દેખાડો કરનાર નહિ.

(૨૩ એપ્રિલ ૧૯૬૬)

માતાજીની શાળા. સત્યનિષ્ઠા.

(૨૩ એપ્રલ ૧૯૬૭)

સફળતાની માત્રા, સત્યનિષ્ઠાના પ્રમાણમાં હોય છે.

(૨૩ એપ્રિલ ૧૯૬૮)

ભાવિ આશાસ્પદ છે. એને માટે તૈયાર થાઓ.

(૨૩ એપ્રિલ ૧૯૬૯)

*

અમદાવાદની મીરામ્બિકા હાઇસ્કૂલ માટેનો સંદેશ

શ્રદ્ધા અને સત્યનિષ્ઠા એ સફળતા માટેનાં જોડકાં છે. આશિષ.

(૧૪ જૂન ૧૯૬૬)

*

અમે અહીં શ્રી અરવિંદ આશ્રમમાં શા માટે છીએ ?

કુદરતમાં એક વિકાસનો ક્રમ ચાલી રહ્યો છે. એ વિકાસમાં કુદરત આગળ ને આગળ ઊંચે ગતિ કરતી રહેલી છે. એ રીતે કુદરત પથ્થરમાંથી વનસ્પતીમાં પહોંચી છે. વનસ્પતીમાંથી તે પ્રાણીમાં પહોંચી છે અને પ્રાણીમાંથી માણસમાં પહોંચી છે. આમ આ ઊંચે ચડી રહેલા વિકાસક્રમની ટોચ ઉપર આજે માનવ ઊભેલો છે. કુદરત ચડતી ચડતી માનવ આગળ અટકી છે. અત્યારે એ તેના ચડાવનું છેલ્લું પગથિયું છે. આ ઉપરથી માનવ એમ સમજે છે કે કુદરતના આ ચડાવની છેલ્લી હદ હવે તેની આગળ જ આવી ગઈ છે. તે એમ માને છે કે પૃથ્વી ઉપર તેના કરતાં બીજી કોઈ વસ્તુ હોવાની નથી. પરંતુ આમ માનવામાં ભૂલ થાય છે. માણસ તેની બહારની સ્થૂલ પ્રકૃતિની અંદર હજી લગભગ પૂરેપૂરો પશુ જ રહેલો છે. હા, એ વિચાર કરી શકે છે, બોલી શકે છે. તોપણ તે પોતાની બાહ્ય સ્થૂલ ટેવોની અંદર તેમ જ પોતાની વૃત્તિઓની અંદર પશુ જ છે. અને આવા અધૂરા પરિણામથી કુદરત સંતોષ પામીને અટકી જાય તે કદી બની શકે તેમ નથી. કુદરત તો એક એવા પ્રાણીનું સર્જન કરવા મથી રહી છે કે જે, માણસ અત્યારે પશુ કરતાં જેટલો આગળ વધેલો છે તેના જેટલું જ માણસ કરતાં આગળ વધેલું હશે. એ નવા પ્રાણીનો બાહ્ય આકાર માણસના જેવો રહેશે ખરો, પણ તેની ચેતના મનોમય ચેતના કરતાં કેટલીયે આગળ વધેલી હશે, તેમ જ અવિદ્યાની ગુલામીમાંથી સંપૂર્ણ રીતે મુક્ત થયેલી હશે.

માનવોને આ સત્ય શીખવવા માટે શ્રી અરવિંદ પૃથ્વી ઉપર આવ્યા હતા. તેમણે માનવોને કહ્યું કે માણસ એ મનની ચેતનામાં જીવતું એક વચલી અવસ્થાનું પ્રાણી છે. પરંતુ તે એક એવી નવી ચેતના મેળવી શકે તેમ છે કે જે એક ઋત-ચેતના હશે, સત્યની બનેલી ચેતના હશે. વળી તે એવું જીવન ગાળી શકે છે કે જેમાં સંપૂર્ણ સંવાદમયતા આવી રહેલી હશે, જે શુભ અને સુંદર હશે. એ જીવન સુખી હશે અને પૂરેપૂરું સજ્ઞાન હશે. શ્રી અરવિંદ પૃથ્વી ઉપર રહ્યા તે દરમિયાન તેમણે પોતાનો સારોયે સમય પોતાની અંદર આ ચેતનાની સ્થાપના કરવા માટે આપ્યો હતો, અને એ ચેતનાનો સાક્ષાત્કાર કરવા

માટે જે લોકો તેમની આસપાસ એકત્ર થયેલા હતા તેમને તેઓ મદદ કરતા રહેલા હતા. આ ચેતનાને તેમણે 'અતિમનસ' એવું નામ આપેલું છે.

તમે બહુ નાની વયે આશ્રમમાં આવ્યાં છો એ તમારા માટે એક ઘણો જ મોટો લાભ છે. અત્યારે તમે હજી મુલાયમ છો, વાળ્યાં વાળી શકાય તેવાં છો અને તેથી આ નવા આદર્શ મુજબનો ઘાટ તમે લઈ શકશો અને પેલી નવી આવનારી માનવજાતિના તમે પ્રતિનિધિ બની શકશો. અહીં આશ્રમની અંદર જે વાતાવરણ છે, અહીંનો જે પ્રભાવ છે, અહીંનું જે શિક્ષણ છે, અને તમારી આગળ અહીં જે જીવન દૃષ્ટાંત રૂપે રહેલું છે, તે બધું તમારા વિકાસ માટે એક સારામાં સારી પરિસ્થિતિ પૂરી પાડે છે. એને લીધે તમે આ અતિમનસ ચેતનાની અંદર જાગ્રત થઈ શકશો અને એ ચેતનાના નિયમ મુજબનો વિકાસ સાધી શકશો.

એટલે હવે તમારા ભાવિનો બધો આધાર તમારામાં જે રીતનો સંકલ્પ હશે અને તમારા હૃદયમાં જેટલી સચ્ચાઈ હશે તેના પર રહે છે. તમારો જો એ સંકલ્પ હશે કે તમારે હવે એક સામાન્ય માણસ જેવું કદી રહેવું નથી, થોડાક આગળ વધેલા એવા પ્રાણી રૂપે જ નથી રહેવું, પણ શ્રી અરવિંદે જે અતિ-મનસ ચેતનાનો આદર્શ આપેલો છે તેનો સાક્ષાત્કાર કરીને તમારે એક નવી માનવજાતિના મનુષ્યો બનવું છે, એક નવી પૃથ્વી ઉપર એક નવું અને ઉચ્ચ પ્રકારનું જીવન જીવવું છે, તો પછી તમારા એ ધ્યેયને સિદ્ધ કરવા માટે જે કાંઈ મદદની જરૂર હશે તે સઘળી તમને અહીં મળી રહેશે, તમે આશ્રમમાં આવીને રહ્યા છો તેનો પૂરેપૂરો લાભ ઉઠાવી શકશો અને છેવટે જગતને માટે તમે એક જીવતાજાગતા દૃષ્ટાંત રૂપ બની રહેશો.

(૨૪ જુલાઈ ૧૯૫૧)

*

આપણા શિક્ષણ કેન્દ્રનો સાચો હેતુ અથવા લક્ષ્ય શું છે? એમાં શ્રી અરવિંદની કૃતિઓ શીખવવાની છે; અને ફક્ત એટલું જ? અથવા એમાંની બધી કે થોડી કૃતિઓ? અથવા તો પછી એમ છે કે વિદ્યાર્થીઓને શ્રી અરવિંદ અને માતાજીનાં લખાણો વાંચી શકે તે માટે તૈયાર કરવા? એ હેતુ વિદ્યાર્થીઓને આશ્રમ-જીવન માટે તૈયાર કરવાનો છે કે વધુમાં બીજા 'બહારના' ધંધાઓ માટે પણ? આ બાબતમાં વાતાવરણમાં ભિન્ન ભિન્ન

> અભિપ્રાયો પ્રવર્તે છે અને જે જૂના સમયના લોકો વિષે અમે એવી અપેક્ષા રાખી શકીએ કે તેઓ એ વસ્તુ જાણતા હશે, એવા લોકો પણ એવાં ભિન્ન ભિન્ન વિધાનો કરે છે કે શું માનવું અને શાના આધારે કાર્ય કરવું. જો અમારી પાસે સાચું ખાતરીપૂર્ણ જ્ઞાન ન હોય તો અમે કયા પાયા ઉપર કાર્ય કરી શકીએ? માતાજી, મારી પ્રાર્થના છે કે આપ અમને આ બાબતમાં માર્ગદર્શન આપો.

આમાં કોઈને આ કૃતિઓ કે તે કૃતિઓ વાંચવા માટે તૈયાર કરવાનો પ્રશ્ન જ નથી. આમાં ખરો પ્રશ્ન તો એ છે કે સામાન્ય માનવજાતિ જે ચીલાચાલુ વિચારો, લાગણીઓ અને કાર્યોમાં જકડાયેલી રહે છે તેમાંથી, જે લોકોમાં એવી શક્તિ હોય, તેમને બહાર ખેંચી કાઢવા, એમાં એ પણ છે કે જે લોકો અહીં છે તેમને સામાન્ય માનવજાતિની રીતના વિચારો અને કાર્યોની ગુલામીમાંથી મુક્ત કરવા; અને જે લોકો અમારી વાત સાંભળવા ઇચ્છુક હોય તેમને એ વસ્તુ શીખવવી એ જીવનના એવા રાહ કરતાં અન્ય અને વધુ સાચો માર્ગ અસ્તિત્વમાં છે; શ્રી અરવિંદે આપણે **સાચા વ્યક્તિ સ્વરૂપ** કેવી રીતે બની શકીએ અને એ સ્વરૂપમાં જીવન જીવી શકીએ એ આપણને શીખવેલું છે — અને છેવટે, અહીંના શિક્ષણનો હેતુ એ છે કે બાળકોને આ વસ્તુઓ માટે તૈયાર કરવાં અને **એ પ્રકારના સાચા જીવન** માટે યોગ્ય બનાવવાં.

બીજી બધી વસ્તુઓ માટે, સામાન્ય મનુષ્યની રીતે વિચારવા અને જીવવા માટે, દુનિયા ઘણી વિશાળ છે અને એમાં સૌ કોઈને માટે સ્થાન છે.

અમારે કોઈ અમુક સંખ્યા જોઈતી નથી — એમાં તો પસંદગી કરીએ છીએ; અમારે અહીં તેજસ્વી વિદ્યાર્થીઓ જોઈતા નથી, અમારે તો અહીં જીવંત આત્માઓ જોઈએ છે.

> It is not a number that we want – it is a selection, it is not brilliant students that we want, it is living souls.
>
> —The Mother

*

એ વસ્તુ જાણીતી થવી જોઈએ અને આપણે ખુલ્લે ખુલ્લાં એમ કહેતાં અચકાવું જોઈએ નહિ કે આપણી શાળાનો હેતુ તો એવા લોકોને શોધી કાઢીને ઉત્તેજન આપવાનો છે કે જેઓ એટલા પ્રમાણમાં સભાન બન્યા હોય કે તેમને પોતાના જીવનનું ઘડતર કરવા માટે પ્રગતિ કરવાની જરૂરિયાત સમજાઈ ગઈ હોય.

*

અહીં થઈ રહેલા કામને દુનિયાની દૃષ્ટિએ જોઈએ, અથવા તો જેટલું પરિણામ સિદ્ધ થયું છે તે રીતે જોઈએ તો વસ્તુઓ હજી પણ વધારે સારી રીતે થઈ શકે તેમ છે. પરંતુ હું તો અહીંના કાર્યની પાછળ જે શક્તિ રેડવામાં આવેલી છે, 'શક્તિ' શબ્દના ઊંડામાં ઊંડા અર્થમાં, તે વિષે વાત કરું છું. કામ એ પ્રભુને શરીર દ્વારા કરેલી પ્રાર્થના છે. અને હું તમને કહીશ કે, તમારા કામ પાછળ તમે જે શક્તિ ખરચેલી છે તેનાથી ભગવાન સંતુષ્ટ છે, તમારા કાર્યને પરમ ચેતનાની જે દૃષ્ટિ નિહાળી રહેલી છે તે એ જોઈને ખરેખર પ્રસન્ન છે. માણસની દૃષ્ટિએ જોતાં, આ વસ્તુઓ થઈ છે તે કરતાં પણ વધુ સારી ન થઈ શકે એમ તો નથી જ. પરંતુ અમારે માટે, અહીંની આ પ્રવૃત્તિ તે અમારી અનેક પ્રવૃત્તિઓમાંની એક છે, અમારી સાધનાની અનેક ગતિઓમાંની એક ગતિ છે. અમે બીજાં પણ અનેક કામો હાથ ધરેલાં છે. આ સમગ્ર કાર્યમાંની કોઈ એક વસ્તુને સંપૂર્ણતાએ લઈ જવી હોય તો તે માટે પછી વખતની જરૂર રહે છે, સાધનસંપત્તિની જરૂર રહે છે, અને તે બધું અમારી પાસે નથી. પરંતુ અમે કોઈ એક જ વસ્તુમાં સંપૂર્ણતા નિપજાવવા માગતા નથી, અમારું લક્ષ્ય તો એક સમગ્ર પ્રકારની સિદ્ધિનું છે.

બાહ્ય દૃષ્ટિએ જોતાં અહીં ઘણી વસ્તુઓ ટીકાપાત્ર, અને તે પણ ઘણી ઘણી ટીકાપાત્ર જણાશે, પરંતુ આંતરિક દૃષ્ટિએ જોતાં તો અહીં જે કાંઈ થયું છે તે સારી રીતે જ બનેલું છે. બાહ્ય દૃષ્ટિએ જોવા જતાં તમે હરેક રીતનાં મનોમય, બૌદ્ધિક ચણતરો લઈને આવો છો અને તમને લાગે છે કે અહીં જે થઈ રહ્યું છે તેમાં કશું અસાધારણ નથી. પરંતુ આ રીતે જોવા જતાં તમે અહીં બાહ્યની પાછળ જે ચીજ આવી રહેલી છે—સાધના, એને જોવાનું ચૂકી જાઓ છો. પણ જો કોઈ ઊંડી ચેતના અહીં આવીને જોશે તો એને જણાશે કે અહીં એક એવા સાક્ષાત્કાર પ્રત્યે કૂચ થઈ રહેલી છે કે જે સાક્ષાત્કાર જગતના સર્વ સાક્ષાત્કારો કરતાં પણ મહાન છે. બહારની દૃષ્ટિ આધ્યાત્મિક જીવનને જોતી નથી, એ માત્ર પોતાની અલ્પતાના માપે જ માપતી રહે છે.

કેટલાક લોકો આપણી યુનિવર્સિટીમાં જોડાવા માટે લખે છે અને પુછાવે છે કે અમે કઈ રીતના ડિપ્લોમા કે ડિગ્રી માટે વિદ્યાર્થીને તૈયાર કરીએ છીએ, કઈ રીતની કારકિર્દી વિદ્યાર્થીને માટે ખોલી આપીએ છીએ. એ લોકોને હું કહું છું કે તમારે એ જોઈતું હોય તો કૃપા કરી બીજે કયાંક જાઓ. બીજી ઘણી જગાઓ છે, અને તે અમારા કરતાં ઘણી વધારે સારી છે, અને આ વિષયો અંગે તો હિંદમાં

પણ બીજી સંસ્થાઓ છે. અમારી પાસે એ સંસ્થાઓની સાધનસામગ્રી કે ભવ્યતા નથી. તમારે જોઈએ છે તેવી સફળતા તમને ત્યાં મળી રહેશે. અમે એ બધાં સાથે સ્પર્ધામાં ઊતરવા માગતાં નથી. અમે એક જુદા ક્ષેત્રમાં, એક જુદી ભૂમિકા ઉપર જ કામ કરીએ છીએ.

પરંતુ આનો અર્થ એમ નથી કે તમે બીજાં માણસો કરતાં વધારે ઉચ્ચ કોટિના છો એવો ખ્યાલ તમારા મનમાં સેવવા લાગો. સાચી ચેતના પોતે બીજા કરતાં શ્રેષ્ઠ છે એમ માની શકતી જ નથી. માત્ર અલ્પ ચેતનાવાળા જ લોકો પોતે બીજા કરતાં સારા છે એમ બતાવવા પ્રયત્ન કરે છે. અને આવા માણસ કરતાં તો એક બાળક પણ વધારે વિકાસ પામેલું હોઈ શકે છે, કેમ કે એની ક્રિયાઓમાં એક સાહજિકતા રહેલી હોય છે. એટલે તમે હરેક રીતની અલ્પતામાંથી ઉપર ચાલ્યા જાઓ. તમારો ભગવાન સાથે જે સંબંધ છે, તમે પ્રભુને ખાતર જે કરવા માગો છો એમાં જ માત્ર રસ લો. એ સિવાયની બીજી કોઈ વસ્તુમાં તમારું મન પરોવશો નહિ. જગતમાં આ જ એક વસ્તુ સૌથી વધુ રસદાયક છે.*

(૩૦ નવેમ્બર ૧૯૫૫)

*

આપણે અહીં એશઆરામભર્યું જીવન ગાળવા માટે આવેલાં નથી. આપણે તો અહીં પ્રભુને શોધવા, પ્રભુ બનવા, પ્રભુનો આવિર્ભાવ કરવાને માટે આવ્યાં છીએ.

આપણું શું થશે તે પ્રભુને જોવાનું છે, આપણે નહિ.

જગતની અને આપણી પ્રગતિ થાય તે માટે શું કરવું તે સારું, એ વિષે પ્રભુ આપણા કરતાં વધુ સારી રીતે જાણે છે.

(૨૩ ઑગસ્ટ ૧૯૬૭)

*

સેવાની ભાવના કેળવવી એ પણ અહીંની તાલીમનો એક ભાગ છે, એને લઈને આપણું ભણતર પૂર્ણ બને છે.

(૧૩ જૂન ૧૯૭૧)

*

---

* આ લખાણ, શ્રી માતાજીના કથનને એક સાધકે સ્મૃતિમાંથી નોંધી તૈયાર કરેલું અને શ્રી માતાજીએ એને પ્રસિદ્ધ કરવા માટે પરવાનગી આપેલી.

ધાર્મિક શિક્ષણ અને આધ્યાત્મિક શિક્ષણને એક જ માનીને ગોટાળો ઊભો ન કરશો.

ધાર્મિક શિક્ષણ એ ભૂતકાળને લગતી વસ્તુ છે અને એનાથી પ્રગતિ રૂંધાય છે.

આધ્યાત્મિક શિક્ષણ એ ભવિષ્ય માટેનું શિક્ષણ છે – એ ચેતનાને ઉજ્જવળ કરીને ભવિષ્યના સાક્ષાત્કારો માટે તૈયાર કરે છે.

આધ્યાત્મિક શિક્ષણની કક્ષા ધાર્મિક શિક્ષણની ઉપરની છે, એ એક જગત-વ્યાપી સત્ય પ્રત્યે આગળ વધવા યત્ન કરે છે.

એ આપણને પ્રભુ સાથે સીધેસીધો સંબંધ બાંધતાં શીખવાડે છે.

(૧૨ ફેબ્રુઆરી ૧૯૭૨)

*

શિક્ષણનો હેતુ કોઈ મનુષ્યને જીવન અને સમાજમાં સફળતા મળે તે માટે તૈયાર કરવાનો નથી, પરંતુ એને માટે શક્ય હોય તેટલા પ્રમાણમાં તેની પૂર્ણત્વ – ક્ષમતામાં વધારો કરવાનો છે.

*

સફળતાનું લક્ષ્ય ન રાખો. આપણું લક્ષ્ય તો પૂર્ણતા છે. યાદ રાખો કે તમે એક **નૂતન જગતના** ઉંબરે છો, તમે એના જન્મની ક્રિયામાં અને એના સર્જનમાં ભાગ લઈ રહ્યા છો અને એક સાધનરૂપ બની રહ્યા છો, રૂપાંતર કરતાં કશું પણ વધુ અગત્યનું નથી. એથી વધુ રસ લેવા જેવી કોઈ બીજી ચીજ છે જ નહિ.

*

સામાન્ય રીતે કહીએ તો, શિક્ષણ, સંસ્કાર અને ઇંદ્રિયોની સૂક્ષ્મગ્રાહિતા, મનુષ્યને તેની ગ્રામ્ય અંધપ્રેરણા, કામના અને લાલસાને શુદ્ધ કરવાનાં સાધનો તરીકે કામ લાગે છે — એ વસ્તુઓનો ધ્વંસ કરવાથી એ સુધરતી નથી; એમ કરવાને બદલે આપણે તેમને કેળવવી જોઈએ, બુદ્ધિતત્ત્વવાળી અને સંસ્કારી બનાવવી જોઈએ. એમને સુધારવાનો સારામાં સારો માર્ગ એ જ છે. ચેતનાની પ્રગતિ અને વિકાસના પ્રમાણમાં તેમને પણ તેમનો વધુમાં વધુ વિકાસ સાધવા દેવો કે જેથી તમે સંવાદિતાની ભાવના અને સંવેદન અનુભવવામાં ચોકસાઈ પ્રાપ્ત કરી શકો — આ વસ્તુઓ પણ માનવ-સ્વરૂપની કેળવણી અને શિક્ષણના ભાગ રૂપે છે.

વિદ્યાર્થીઓને

તમે યુવાનો, આ દેશની આશારૂપ છો. આ અપેક્ષાને લાયક બનવા માટે તમે તમારી જાતને તૈયાર કરો.

આશીર્વાદ.

*

એક વાતની ખાતરી રાખજો – **તમારું ભાવિ તમારા જ હાથમાં છે.** તમે જેવા મનુષ્ય બનવા ઇચ્છતા હશો તેવા તમે બની રહેશો. જેટલા પ્રમાણમાં તમારા આદર્શો અને અભીપ્સાઓ ઉચ્ચ હશે તેટલા પ્રમાણમાં તમે વધુ ઊંચી સિદ્ધિ હાંસલ કરી શકશો, પરંતુ તમારે તમારો નિશ્ચય દૃઢ રાખવો જોઈશે અને તમારા જીવનના સાચા ધ્યેયને કદી પણ વિસરવું જોઈશે નહિ.

(૨ એપ્રિલ ૧૯૬૩)

*

યુવાન હોવું એટલે ભાવિમાં જીવવું.

યુવાન હોવું એટલે આપણે જેવા બનવું હોય તેવા થવા માટે, આપણે જેવા હોઈએ તેનો ત્યાગ કરવા તૈયાર રહેવું.

યુવાન હોવું એટલે જે સુધરી શકે તેવું ન હોય તેનો કદી પણ સ્વીકાર કરવો નહિ.

(૨૮ માર્ચ ૧૯૬૭)

*

જે વર્ષો તમે નિરર્થક ગાળ્યાં હોય છે તે જ તમને વૃદ્ધ બનાવે છે.

નિરર્થક ગાળેલું વર્ષ એટલે કે તે દરમિયાન તમે કશી જ પ્રગતિ ન કરી હોય, ચેતનાનો વિકાસ ન કર્યો હોય, પૂર્ણતાની દિશામાં તમે આગળ ન વધ્યા હો.

તમારા પોતાના કરતાં કોઈ વધુ ઉચ્ચ અને વધુ વિશાળ વસ્તુને સિદ્ધ કરવા માટે તમારું જીવન સમર્પણ કરો અને જીવનમાં વહી જતાં વર્ષોનો ભાર તમને કદી નહિ લાગે.

(૨૧ ફેબ્રુઆરી ૧૯૫૮)

*

તમે જેટલાં વર્ષ જીવ્યા હો છો તેટલાં વર્ષોની સંખ્યા તમને વૃદ્ધ બનાવતી નથી. વૃદ્ધ તો તમે ત્યારે બનો છો જ્યારે તમે પ્રગતિ કરવાનું બંધ કરો.

જ્યારે તમને લાગે કે તમારે જે કરવાનું હતું તે તમે કરી પરવાર્યા છો, જ્યારે તમને એવો વિચાર આવે કે જે કાંઈ જાણવાની જરૂર હતી તે જાણી લીધું છે, અને જ્યારે તમે એમ માનતા થાઓ કે તમે તમારા જીવનમાં પૂરતા પ્રમાણમાં કાર્ય કર્યું છે. અને તમને બેસીને આરામપૂર્વક તમારી મહેનતનું ફળ ભોગવવાનું મન થાય, ત્યારે તરત જ તમે વૃદ્ધ બની જાઓ છો અને તમારામાંથી જુસ્સો ઓસરવા લાગે છે.

આથી ઊલટું, તમને એમ જ લાગે કે તમારે જે જાણવાનું છે તેના પ્રમાણમાં તો તમે કાંઈ જ જાણતા નથી, જ્યારે તમને એમ લાગે કે જે કામ કરવાનું છે તેની તો તમે હજી શરૂઆત જ કરી છે, જ્યારે તમને તમારું ભાવિ આકર્ષક સૂર્યના જેવું, સિદ્ધ કરવા જેવી અગણિત શકયતાઓથી ભરપૂર લાગે, ત્યારે તમે યુવાન હો છો; પછી પૃથ્વી ઉપર તમે ગમે તેટલાં વર્ષો વિતાવ્યાં હોય તેમ છતાં પણ તમે યુવાન અને આવતી કાલની સિદ્ધિની સમૃદ્ધિવાળા શ્રી-માનૂ હો છો.

અને તમારી ઇચ્છા એવી હોય કે તમારું શરીર તમને દગો ન દે, તો તમે તમારી શક્તિઓનો વ્યર્થ ઉશ્કેરાટમાં બગાડ ન કરશો. તમે જે કાંઈ કરતા હો તે એક શાંત અને ઠાવકાઈભરી રીતે કરો. શાંતિ અને મૌનમાં મહાન બળ સમાયેલું છે.

(૨૧ ફેબ્રુઆરી ૧૯૬૮)

*

એક સુખી અને કાર્યસિદ્ધ જીવન માટે સત્યનિષ્ઠા, વિનમ્રતા, ખંત અને પ્રગતિ માટેની એક અદમ્ય તરસ હોય એ અત્યંત જરૂરી છે. સૌથી વધુ તો એ વાત છે કે, તમને એ વિષયની ખાતરી થઈ જવી જોઈએ કે જો પ્રગતિ કરવી હોય તો તેનાં માટેની શકયતાઓનો કોઈ અંત નથી. પ્રગતિ જ યુવાની છે; સો વર્ષની ઉંમરે પણ મનુષ્ય યુવાન હોઈ શકે છે.

(૧૪ જાન્યુઆરી ૧૯૭૨)

*

જો ચેતનાના વિકાસને જ જીવનનું મુખ્ય ધ્યેય માનવામાં આવે તો ઘણીક મુશ્કેલીઓનો ઉકેલ આવી જાય.

વૃદ્ધ ન થવાનો ઉત્તમ રસ્તો એ છે કે પ્રગતિને જ જીવનનું ધ્યેય બનાવી લેવી.

(૧૮ જાન્યુઆરી ૧૯૭૨)

*

દરેક ક્ષણે એક નૂતન જીવનમાં કેવી રીતે જન્મ પામતા રહેવું એ જાણવામાં શાશ્વત યૌવનની ચાવી રહેલી છે.

*

તમારે કેવળ બુદ્ધિ વડે નહિ પરંતુ અંતઃકરણ વડે પણ ભણવું જોઈએ, ચારિત્ર્યની બાબતમાં પ્રગતિ કરવી જોઈએ; સદ્‌ગુણો ખીલવીને ખામીઓમાં સુધારો કરવો જોઈએ; જે કોઈ વસ્તુ હોય તેનો પોતાને અજ્ઞાન અને અક્ષમતામાંથી ઉગાર કરનાર તરીકે ઉપયોગ કરી લેવો જોઈએ. જો આમ કરવામાં આવે તો જીવન અત્યંત રસભર્યું બની રહે છે અને એને ધારણ કરવાની મહેનત લેખે લાગે છે.

(૨૭ જાન્યુઆરી ૧૯૭૨)

*

બાળક કદી પોતાના વિકાસ માટે ચિંતા કરતું નથી, એ તો કેવળ વિકાસ પામ્યે જાય છે.

*

બાળકના જેવા સરળ વિશ્વાસમાં એક મહાન શક્તિ રહેલી હોય છે.

(૧૭ નવેમ્બર ૧૯૫૪)

*

જ્યારે કોઈ બાળક સ્વાભાવિક પરિસ્થિતિમાં જીવતું હોય છે ત્યારે તેનામાં એક એવો વિશ્વાસ સ્વયંભૂ હોય છે કે એને જે કાંઈ જોઈતું હશે તે આવી મળશે.

સમગ્ર જીવન દરમ્યાન આ વિશ્વાસ, વિચલિત થયા વિના, ટકી રહેવો જોઈએ. પરંતુ બાળકમાં તેની જરૂરિયાતો વિષેના જે મર્યાદિત, અજ્ઞાનમૂલક અને ઉપરછલ્લા ખ્યાલો હોય છે. તેમનું સ્થાન ઉત્તરોત્તર એક વિશાળ, ગહન અને વધુ સત્યપૂર્ણ ખ્યાલે લેવું જોઈએ. એને પરિણામે, એનામાં છેવટે જતાં પરમ જ્ઞાન અનુસાર એની જરૂરિયાતોનો સંપૂર્ણ ખ્યાલ ઊપસી આવે છે. એ ખ્યાલ અંતે એવી સમજણમાં પરિણમે છે કે આપણી સાચી જરૂરિયાતો શું છે તે પ્રભુ જાણે જ છે અને એથી આપણે સર્વ વસ્તુઓ માટે એમના ઉપર આધાર રાખતા થઈ જઈએ છીએ.

(૧૯ નવેમ્બર ૧૯૫૪)

*

સૌથી અગત્યની શરત તે વિશ્વાસ, એક બાળકના જેવો વિશ્વાસ, એક એવી પ્રતીતિપૂર્વકની લાગણી કે જે વસ્તુઓની જરૂરિયાત છે તે નિઃશંકપણે

આવી મળશે જ. જ્યારે બાળકને કોઈ વસ્તુ જોઈતી હોય છે ત્યારે એને ખાતરી હોય છે કે એ આવી રહી છે. આ પ્રકારનો સરળ વિશ્વાસ અથવા નિર્ભરતા એ સૌથી અગત્યની શરત છે.

*

બાળકોને કેમ બીક લાગે છે? કારણ કે તેઓ દુર્બળ હોય છે.

શારીરિક રીતે તેઓ તેમની આસપાસનાં મોટી ઉંમરનાં માણસો કરતાં દુર્બળ હોય છે. વળી પ્રાણમાં અને મનમાં પણ તેઓ દુર્બળ હોય છે.

એક પ્રકારની કનિષ્ઠતાની લાગણીમાંથી ભય જન્મે છે, તેમ છતાં, એના મુક્ત થવાનો એક માર્ગ છે; પ્રભુની કરુણામાં શ્રદ્ધા રાખવી અને હરેક સંજોગોમાં તેઓ તમારું રક્ષણ કરે તે માટે તેમના ઉપર આધાર રાખવો.

જેમ જેમ તમે મોટાં થતાં જશો તેમ તેમ તમે વધુ ને વધુ પ્રમાણમાં ભયની લાગણીમાંથી મુક્ત થતાં જશો — જો તમે તમારા અંતરાત્માને, એટલે કે તમારા સ્વરૂપના સત્યને, તમારી અંદર વિકાસ પામવા દેશો તો — અને જો તમે હંમેશાં એવો પ્રયત્ન કરતા રહેશો કે તમે જે કાંઈ વિચારતા હો, જે કાંઈ બોલતા હો, જે કાંઈ કરતા હો એ બધું ય આ ગહન સત્યની અભિવ્યક્તિરૂપ હોય.

જ્યારે તમે એની અંદર સભાનપણે જીવન ધારણ કરતા થશો ત્યારે પછી તમને કશાની બીક નહિ લાગે, તમારા સ્વરૂપના કોઈ પણ ભાગમાં ભય નહિ લાગે, કારણ કે આ વિશ્વને ચલાવી રહેલા વિરાટ સત્ય સાથે તમે એકરૂપ થયેલા હશો.

(૮ ઑગસ્ટ ૧૯૬૪)

"મધુર માતાજી,

પોતે કોણ છે એ વસ્તુ, કોઈ બાળક તેનાં માતા-પિતા કે શિક્ષકની મદદ વિના કઈ રીતે જાણી શકે?"

એ વસ્તુ તમારે તમારી જાતે શોધી કાઢવાની છે, પણ મન વડે નહિ.

તમારામાંનું ચૈત્યસ્વરૂપ જ એ વસ્તુ તમને કહી શકશે.

"મા ભગવતી,

અમે જ્યારે નાનાં હોઈએ છીએ ત્યારે શું સારું અને શું ખરાબ, એ અમને શીખવવામાં આવે છે. એટલે અમે

આખી જિંદગી "આ સારું છે, પેલું ખરાબ છે" એમ રટણ કર્યા કરીએ છીએ. પરંતુ હકીકતમાં શું સારું છે અને શું ખરાબ છે તેની જાણ અમને કઈ રીતે થઈ શકે?"

સાચું શું છે તે તો તમે પ્રભુ વિષે સભાન બનો ત્યારે જ ખબર પડે.

*

"હું ભૂલ ન કરું, એવું કયારે બને?"

શું સાચું છે તે જાણો ત્યારે.

*

પ્રભુ, અમે તને પ્રાર્થીએ છીએ:
અમે અહીં શા માટે છીએ તે વધુ સારી રીતે સમજીએ,
અમારે અહીં જે કાર્ય કરવાનું હોય તે સારી રીતે કરીએ,
અમારે અહીં જેવા થવાનું હોય તેવા બનીએ,
કે જેથી તારો સંકલ્પ સંવાદપૂર્ણ રીતે સિદ્ધ થાય.

(૧૫ જાન્યુઆરી ૧૯૬૨)

*

દિવસ અને રાત સર્વ સમયે, અમારો પ્રયત્ન એ જ રહો કે અમે તને વધુ સારી રીતે સમજીએ, તારી વધુ સારી રીતે સેવા કરીએ.

(૧ જાન્યુઆરી ૧૯૭૩)

*

હે મધુર મા, એમ કર કે,
અત્યારે અને સદાકાળ માટે પણ,
અમે તારાં,
તારાં સરળ ચિત્ત બાળકો બનીએ,
તને વધુ ને વધુ ચાહીએ.

*

મારા હૃદયમાં એક મધુર નાનકડાં માતાજી બેઠેલાં છે. અમે બંને એક-બીજાની સાથે એટલાં બધાં સુખી છીએ કે અમે કદી વિખૂટાં નહિ પડીએ.

*

"મધુર માતાજી
જ્યારે જ્યારે હું તમને સાદ કરું છું ત્યારે ત્યારે તમે એ સાંભળો છો?"

મારા વહાલા બાળક,

વિશ્વાસ રાખ કે જ્યારે પણ તું બોલાવે છે ત્યારે હું સાંભળું છું અને મારી મદદ અને શક્તિ સીધેસીધાં તારી પાસે આવી પહોંચે છે.

આશિષ સાથે.

(૧ જૂન ૧૯૬૦)

જન્મદિવસની શુભેચ્છા.

હું મારા સમગ્ર હૃદય વડે તને આલિંગન આપું છું અને તારી ઊંચામાં ઊંચી અભીપ્સા સિદ્ધ થાય એવા આશીર્વાદ આપું છું.

સપ્રેમ.

(૩૦ ઑગસ્ટ ૧૯૬૩)

જન્મદિવસની શુભેચ્છા.

અને સાથે ગુલાબો(સમર્પણ)નો એક મોટો ગુચ્છ, જેથી તારી અભીપ્સા પરિપૂર્ણ થાય અને પોતાના આત્મા વિષે અને પોતાના જીવનના સાચા લક્ષ્ય વિષે સભાન એવું તું મારું આદર્શ બાળક બની રહે.

(૩૦ ઑગસ્ટ ૧૯૬૪)

*

વિદ્યાર્થીઓનાં બોર્ડિંગગૃહો માટે સંદેશા

દેહરાદૂન બોર્ડિંગનાં બાળકોને આપેલી પ્રાર્થના

અમે સૌ અમારાં દિવ્ય માતાજીનાં સાચાં બાળકો બનવા ચાહીએ છીએ. પરંતુ એ માટે, મધુર માતાજી, અમને ધીરજ અને હિંમત, આજ્ઞાંકિતતા, શુભેચ્છા, ઉદારતા અને નિઃસ્વાર્થીપણું અને બીજા જે કોઈ સદ્‌ગુણોની જરૂર હોય, તે સર્વ વસ્તુઓ આપો.

અમારી પ્રાર્થના અને અભીપ્સા આ છે.

(૧૫ જાન્યુઆરી ૧૯૪૭)

મોટા છોકરાઓની બોર્ડિંગ માટે

આજનો દિવસ તમારા માટે એક નૂતન જીવનના પ્રારંભ સરખો બની રહો, જેમાં તમે વધુ ને વધુ પ્રમાણમાં સમજતા જાઓ કે તમે અહીં શા માટે છો અને તમારી પાસે શાની અપેક્ષા રાખવામાં આવે છે.

તમારામાંથી સૌથી વધુ સંપૂર્ણ અને સૌથી વધુ સત્યપૂર્ણ પૂર્ણતા સિદ્ધ થાય એ માટેની અભીપ્સામાં જ તમે હંમેશાં જીવન ધારણ કરી શકો છો.

અને શરૂઆત કરવા માટે, પ્રામાણિક, સત્યનિષ્ઠા, સરળ ચિત્ત, ઉદાત્ત ભાવનાવાળા બનો અને કડક શિસ્ત અનુસાર વર્તન કરવા પ્રત્યે ધ્યાન આપો.

હું સદાય તમને સહાય કરવા અને માર્ગદર્શન આપવા હાજર હોઈશ.

મારા આશીર્વાદ.

(૧૯૫૩)

દ્વાર્વાર બોર્ડિંગના વધારાના ભાગ માટે

આજે આપણે સૌ, જે એક સર્વસામાન્ય હાર્દિક સ્મૃતિમાં જોડાયેલાં છીએ તે સૌ, અભીપ્સા સેવીએ કે આ ઉત્કટતા આપણામાં રહેલી સાચી એકતાનું પ્રતીક બની રહે અને એનો પાયો, વધુ સત્યપૂર્ણ અને વધુ સંપૂર્ણ સિદ્ધિઓ પ્રત્યેના સૌ કોઈના પ્રયત્ન ઉપર મંડાય.

(૧૫ જાન્યુઆરી ૧૯૬૮)

યુવાનો માટેની બોર્ડિંગને

તમારા આદર્શને હંમેશાં વફાદાર રહો અને તમારાં કર્તવ્ય સત્યનિષ્ઠ બનો.

*

અભ્યાસ

મારા વહાલા બાળક,

ગમે તે માર્ગે થઈને જ્ઞાન આવે, પણ આપણે તેને પ્રાપ્ત કરી લેવા તૈયાર રહીએ, એ જ ખરું ડહાપણ છે. આપણે આપણા જ્ઞાનમાં વધારો કરવો હોય તો આપણે કોઈ ફૂલ, કોઈ પ્રાણી, કોઈ બાળકમાંથી પણ ઘણી વસ્તુઓ શીખી શકીએ છીએ, કારણ આખા જગતમાં એક જ શિક્ષક છે—અને તે પ્રભુ, સર્વ વસ્તુઓ દ્વારા વ્યકત થાય છે.

મારા સઘળા પ્રેમ સાથે.

(૯ માર્ચ ૧૯૬૭)

*

સારું કામ કરી શકવા માટે તમારામાં સારી રસવૃત્તિ હોવી જોઈએ.

સારી રસવૃત્તિ, અભ્યાસ અને જે લોકોમાં એવી ઉત્તમ રસવૃત્તિ હોય તેમની સહાયથી કેળવાઈ શકે છે.

જાણવા માટે, સૌપ્રથમ તો તમને એ ખ્યાલ હોવો જોઈએ કે તમે જાણતા નથી.

(૧૫ ડિસેમ્બર ૧૯૬૫)

*

જ્યારે તમને લાગે કે તમે કંઈ પણ જાણતા નથી ત્યારે જ તમે શીખવાને માટે તૈયાર બનો છો.*

(ડિસેમ્બર ૧૯૬૫)

*

આખો પ્રશ્ન એ છે કે વિદ્યાર્થીઓ તેમની શાળામાં તેમનું જ્ઞાન વધારવા અને સારું જીવન ગાળવા જે જાણવું જરૂરી છે તે શીખવા જાય છે–કે પછી તેઓ **ડોળ કરવા** જાય છે અને સારા માર્ક મેળવીને તેના વિષે મગરૂરીભરી બડાશો મારવા જાય છે.

શાશ્વત ચેતનાની સમક્ષ, અંતરની સચ્ચાઈનું એક બિંદુ, દંભ અને આત્મવંચનાઓના દરિયાથી વધુ મૂલ્યવાન હોય છે.

*

---

*કલાકૌશલ્ય વિષેના અભ્યાસક્રમની શરૂઆત વખતે અપાયેલો સંદેશ.

જો, બેટા, કમનસીબી એ છે કે તું તારી જાતમાં વધુ પડતો ગૂંથાયેલો રહે છે. તારી ઉંમરે હું સર્વ ભાવે મારા અભ્યાસમાં મગ્ન રહેતી હતી — માહિતી એકઠી કરતી, શીખતી, સમજતી, જાણતી. મારાં રસ અને કામના પણ એમાં જ સમાઈ ગયેલાં. મારી મા અમને – મારા ભાઈને અને મને – બહુ વહાલ કરતી, અમને કદી પણ બદમિજાજ કે અસંતુષ્ટ કે આળસુ થવા દેતી નહિ. જો અમે એની પાસે જઈને ગમે તે કોઈ વસ્તુ વિષે ફરિયાદ કરીએ કે આ અમને સંતોષ આપતું નથી તો તે હસતી અને ઠપકો આપતી: "આ શી મૂર્ખાઈ? આ રીતે હાંસીપાત્ર ન બનો, જાઓ અને કામ કરો, અને તમારો મિજાજ ઠેકાણે છે કે નહિ તેના ઉપર કશું ધ્યાન ન આપો! એમાં મને લેશમાત્ર રસ નથી."

મારી માનું વલણ તદ્દન સાચું હતું અને એણે મને જે શિસ્ત અને પોતાના કર્તવ્યમાં આત્મભાન ભૂલીને એકાગ્ર રહેવાની જરૂરિયાત વિષે જે શીખવ્યું છે તેને માટે હું તેની હંમેશાંની ઋણી છું.

હું તમને આ બધું કહું છું તેનું કારણ એ છે કે જે ચિંતા વિષે તમે મને વાત કરો છો તેની પાછળ હકીકત એ છે કે તમે તમારી જાતમાં વધુ પડતા કેદ થઈ ગયેલા છો. એના કરતાં, તમે જે કાંઈ કરી રહ્યા છો (ચિત્રકામ કે સંગીત) તમે વધુ ધ્યાન આપો તો વધુ સારું. તમારું મગજ હજી બરાબર કેળવાયેલું નથી તેને ખીલવો, અને કોઈ અજ્ઞાની અને અસંસ્કારી મનુષ્ય બની રહેવું ન હોય તો જ્ઞાનનાં જે મૂળ તત્ત્વો તમારે જાણી લેવાં જોઈએ તેનો અભ્યાસ કરો.

જો તમે દરરોજ આઠ-નવ કલાક કામ કરશો તો તમને સારી રીતે ભૂખ લાગશે, તમે સારી રીતે ભોજન લેશો, તમને શાંતભરી ઊંઘ આવશે અને તમારો મિજાજ ઠીક છે કે નહિ તે વિષે વિચારવાનો તમને વખત જ નહિ રહે.

આ વસ્તુઓ હું તમને હૃદયના પ્રેમપૂર્વક કહું છું અને હું આશા રાખું છું કે તમે તેમને એ રીતે સમજશો.

તમારી મા તમને ચાહે છે.

(૧૫ મે ૧૯૩૪)

*

"માતાજી, હું તમારા જ સંકલ્પ અનુસાર વર્તવા માગું છું, બીજા કશા પ્રમાણે નહિ."

તો પછી તમે જે માર્ગ લીધો છે તે હમણાં જ મૂકી દો—રખડવા અને છોકરીઓ જોડે વાતો કરવામાં સમય બરબાદ ન કરો. ફરીથી ઉત્સાહપૂર્વક કામે લાગી જાઓ, ભણો, અભ્યાસ કરો. તમારા મનને રસપ્રદ અને ઉપયોગી વસ્તુઓ પાછળ રોકો, અર્થહીન ગપ્પાં મારવામાં સમય ન બગાડો, અને તમારાં પ્રાણનાં આકર્ષણો માટે ખોટાં ખોટાં બહાનાં ન બતાવો. જો તમારી ઇચ્છા ખરા અંતરની હશે તો ખાતરી રાખજો કે વિજય પ્રાપ્ત કરવા માટે મારી શક્તિ તમને મળી રહેશે.

(૨૭ સપ્ટેમ્બર ૧૯૩૪)

"જે દિવસોમાં હું અભ્યાસ નથી કરતો તે દિવસોમાં મને ઠીક નથી લાગતું, પરંતુ જ્યારે હું ભણવાનું શરૂ કરું છું ત્યારે સુખ લાગે છે. મને આ પ્રક્રિયા સમજાતી નથી."

પ્રક્રિયા શબ્દથી તમે શું કહેવા માગો છો ? એમાં કશી પ્રક્રિયા નથી. અભ્યાસમાં ચિત્ત પરોવવાને કારણે, સ્વાભાવિક રીતે જ ખરાબ લાગણી અદૃશ્ય થઈ જાય છે. અભ્યાસને લઈને, મનને એક તંદુરસ્ત પ્રવૃત્તિ મળે છે અને બીજું એ થાય છે કે તમારી ક્ષુદ્ર અહંકારના તમસમાં ડૂબેલાં વૃત્તિ બીજી બાજુએ ખેંચાઈ જાય છે.

(૩ ડિસેમ્બર ૧૯૩૪)

"માતાજી, 'ડી' જે ગુજરાતી કવિતાઓ લખે છે તે વાંચવા એને ત્યાં જવું સારું છે?"

એનો આધાર એની તમારી ઉપર કેવી અસર થાય છે તેના ઉપર છે. જો તમે ત્યાંથી પાછા આવો ત્યારે વધુ શાંત અને સંતોષભરી અવસ્થામાં આવો તો કંઈ વાંધો નહિ. એથી ઊલટું, એને લઈને તમે ઉદાસ અને અસંતુષ્ટ બની રહો, તો ત્યાં ન જવું તે વધુ સારું. તમારે આ રીતનું અવલોકન કરીને જોવું કે એની તમારા ઉપર કેવી અસર થાય છે અને પછી એને આધારે નિર્ણય કરવો.

(૧૩ ડિસેમ્બર ૧૯૩૪)

"મેં મારા સ્વપ્નમાં જોયું કે આપે લખ્યું હતું, "મારા વહાલા બાળક, તેં અભ્યાસ કરવાનું કેમ મૂકી દીધું છે?" આપે બીજું ઘણું ઘણું લખેલું હતું, અને જો શક્ય હોય તો એ બધું અહીં લખી આપો એવી આશા રાખું છું."

હા, ગઈ રાત્રે મેં તને પૂછયું હતું કે તેં અભ્યાસ કેમ કર્યો નથી અને કહ્યું હતું કે આવી રીતે, પ્રાણના આવેગોને વશ થઈ જવું એ તેની ઉપર કાબૂ મેળવવાની કોઈ રીત નથી. તારે તારી જાતે જ એક શિસ્તની પદ્ધતિ ઉપજાવી લેવી જોઈએ અને જો તારે તારા પ્રાણના દુષ્ટ સંકલ્પો અને મનોમય નિરાશાઓની અવસ્થાઓનો અંત આણવો હોય, તો તેને ગમે તે ભોગે પણ તારી પોતાની ઉપર લાદવી જોઈએ. શિસ્ત વિના જીવનમાં કશું પણ નહિ થઈ શકે અને કોઈ પણ પ્રકારનો યોગ પણ શિસ્ત વિના ન થઈ શકે.

> "શારીરિક કામ કરવાનું હોય છે ત્યારે તો શિસ્તની બાબતમાં મને વાંધો નડતો નથી પરંતુ જ્યારે મને સારું ન લાગતું હોય ત્યારે ભણવાની બાબતમાં શિસ્તનું પાલન કરવું અઘરું પડે છે. આમ છતાં, મેં નક્કી કર્યું છે કે જે દિવસે હું અભ્યાસ નહિ કરું તે દિવસે હું ભોજન નહિ લઉં."

આ તે તારો કેવો વિચિત્ર ખ્યાલ છે! પ્રાણમય સ્વરૂપે કરેલી ભૂલની શરીરને શિક્ષા! એ કંઈ વાજબી નથી.

(૨૨ ડિસેમ્બર ૧૯૩૪)

> "આજે આ સવારે જ હું અત્યંત નિરાશામાં ડૂબી ગયો છું એટલે અભ્યાસ કરવો અશકય લાગે છે."

એ નહિ ચાલે.

> "ઓ મા, તો હું શું કરું?"

તારી જાત ઉપર જોર કરીને પણ અભ્યાસ કરવા માંડ એટલે તારી નિરાશા ભાગી જશે. તને કલ્પના આવે છે કે કોઈ વિદ્યાર્થી એની શાળામાં જઈને એના શિક્ષકને એમ કહી શકે: "સાહેબ, આજે હું ગૃહકાર્ય કરી લાવ્યો નથી કારણ કે હું નિરાશામાં ડૂબી ગયો હતો?"

શિક્ષક એને બરાબર શિક્ષા કરે.

(૧૬ જાન્યુઆરી ૧૯૩૫)

> "હું ધારું છું કે એક વાત નક્કી છે, હું અભ્યાસ કરવામાં ધ્યાન નથી આપતો તે આપને કંઈ ખાસ ગમતી વાત નથી."

અભ્યાસ કરવાથી મન બળવાન બને છે અને પ્રાણની કામનાઓ અને આવેગો પ્રત્યેથી એનું ધ્યાન અન્ય સ્થળે કેન્દ્રિત કરે છે. મન અને પ્રાણને વશ

કરવા માટે અભ્યાસ કરવો એ એક ઘણો શક્તિશાળી ઉપાય છે; માટે જ અભ્યાસ કરવો એ અગત્યનું કામ છે.

(૨૮ જાન્યુઆરી ૧૯૩૫)

"મને લાગે છે કે, હું મારો અભ્યાસ સારી રીતે કરતો નથી એટલે મારું મન શાંતિ નથી અનુભવતું. મને ભણવામાં કંઈ આનંદ નથી આવતો."

ભણવાનું કંઈ મજા કરવા માટે નથી—ભણવા અને પોતાના મનને ખીલવવા માટે અભ્યાસ કરવો જરૂરી છે.

(૧ ફેબ્રુઆરી ૧૯૩૫)

"મારે માટે અભ્યાસ કરવો અશક્ય છે. કારણ કે જડતા આવી ગઈ છે."

તું ભણશે નહિ તો તારી જડતા વધતી જશે.

(૪ માર્ચ ૧૯૩૫)

"મારે મારો સમય કઈ રીતે ગાળવો, મને કશામાં કોઈ સમજણ પડતી નથી."

અભ્યાસ કર. સમજવા માટે એ જ સારામાં સારો રસ્તો છે.

"આપ મને અભ્યાસ કરવાનું કહો છો, પણ મને ભણવાનું ગમતું નથી."

તું અભ્યાસને માટે પૂરતો સમય આપતો નથી એટલે જ તને એમાં રસ પડતો નથી. જ્યારે કોઈ પણ વ્યક્તિ કોઈ વસ્તુ કાળજીપૂર્વક કરે છે ત્યારે તેને રસ પડ્યા વિના રહેતો નથી.

(૧૦ એપ્રિલ ૧૯૩૫)

"મારે કયો માર્ગ લેવો? પ્રયત્ન કરવા માટે યોગ્ય અને સાચો રસ્તો કયો છે?"

મેં ગઈ કાલે કહ્યું હતું તેમ કર—તારા મગજને પદ્ધતિસર અને નિયમિત રીતે અભ્યાસ કરવાના કામે લગાડ. પછીના જે કલાકોમાં તું અભ્યાસ નહિ કરતો હોય ત્યારે તારું મગજ, તેણે પૂરતા પ્રમાણમાં કામ કરેલું હોઈ આરામ લઈ શકશે અને તું તારા હૃદયના ઊંડાણમાં એકાગ્રતા કરીને ચૈત્ય સ્રોતને ખોળી શકશે. એને લઈને તારામાં કૃતજ્ઞતા અને સાચા સુખ પ્રત્યેની સભાનતા આવશે.

(૨૨ મે ૧૯૩૫)

"સતત નિરાશાને કારણે મારો અભ્યાસ બગડે છે."

મેં તને કહ્યું છે જ કે **અભ્યાસ** કરીને જ તું નિરાશાને દૂર કરી શકીશ.

(૨૭ જુલાઈ ૧૯૩૫)

"મારે જાણવું છે કે સામાન્ય નિયમ તરીકે, નાનાં બાળકો આખો વખત રમ્યા કરે તે સારું છે કે કેમ?"

બાળકો માટે, કામ અને અભ્યાસ માટે અને રમવા માટે નક્કી કરેલો સમય જાળવવો જોઈએ.

(૧૬ નવેમ્બર ૧૯૩૬)

"આપને લાગે છે કે મારું મન વિકાસ પામી રહ્યું છે?"

નિયમિત અભ્યાસ એને ખીલવ્યા વિના રહે જ નહિ.

(૭ ડિસેમ્બર ૧૯૩૬)

"હું અભ્યાસ માટે વધુ ને વધુ સમય ગાળતો જાઉં છું અને સાધના પ્રત્યે ઓછું ધ્યાન આપું છું, મને ખબર નથી પડતી કે આ ઇચ્છવા યોગ્ય કહેવાય કે નહિ?"

બધું બરાબર છે, અભ્યાસ પણ સાધનાનો એક ભાગ હોઈ શકે.

(૮ ડિસેમ્બર ૧૯૩૬)

"જે કોઈ મને શીખવતું હોય તે મારી સાથે તાદાત્મ્ય સાધે, મારી ઉપર એકાગ્રતા કરે, એવું જરૂરી છે?"

એકાગ્રતા વિના કોઈ કશું પામી શકતું નથી.

(૧૮ મે ૧૯૩૭)

"આપને એમ લાગે છે કે વધુ પડતું માનસિક કામ કર્યાથી થાક લાગે છે?"

ના, એ **મનોમય તમસ્**માંથી આવે છે.

(૨૧ જાન્યુઆરી ૧૯૪૧)

(એક શિક્ષકે લખ્યું કે તે વિદ્યાર્થીઓ બરાબર અભ્યાસ કરતા નથી.)

ધીરજપૂર્વક મંડ્યા રહો – એમાં અમુક પ્રકારનું મનોમય તમસ્ હોય છે; એક દિવસે એમાં જાગૃતિ આવશે.

*

"બાળકો પાસે તેમનાં પુસ્તકો હોવા છતાં તેમના પાઠ ભણી શકતાં નથી."

બાળકો સાથે કામ કરવામાં ખૂબ ધીરજ હોવી જોઈએ, એકની એક વસ્તુ તેમને વારંવાર સમજાવવી જોઈએ, અનેક પ્રકારે સમજાવવી જોઈએ. પછી ધીરે ધીરે કરીને એ તેમના મગજમાં પ્રવેશે છે.

*

કામ નિયમિત રીતે થાય તેના કરતાં બુદ્ધિ અને સમજશક્તિ ઘણાં વધુ અગત્યનાં છે – પાછળથી નિયમિતતા પ્રાપ્ત થઈ શકે.

*

"માતાજી, અમારામાંથી આળસુપણું કઈ રીતે જાય?"

નિર્બળતા અને રસના અભાવને લઈને આળસ આવે છે. નિર્બળતાને દૂર કરવા માટે બળવાન બનવું જોઈએ.

રસ પડે તે માટે કોઈ રસપ્રદ વસ્તુ કરવી જોઈએ.

*

"મધુર માતાજી,

આપે મને કહ્યું કે નિર્બળતા દૂર કરવા બળવાન બનવું જોઈએ. માતાજી, મને કહેશો કે મારાથી કઈ રીતે બળવાન બની શકાય?"

સૌપ્રથમ તો એ વસ્તુ તમારે સર્વભાવે માગવી જોઈએ અને પછી, જે કાંઈ જરૂરી હોય તે કરવું જોઈએ.

*

"મનોમય જડતાને કઈ રીતે દૂર કરવી?"

એનો ઈલાજ મનને જાગ્રત કરવામાં નથી. પરંતુ એને અચંચળ અને નીરવ બનાવીને શાંત અભીપ્સાપૂર્વક ઊર્ધ્વમાં અંતઃપ્રજ્ઞાની જ્યોતિના પ્રદેશ પ્રત્યે વાળવું, અને એ રીતે નીરવતાપૂર્વક વાટ જોવી. ત્યારે પછી પ્રકાશ નીચે

ઊતરી આવશે, તમારા મગજને તરબોળ કરી દેશે, અને ધીરે ધીરે કરીને આ પ્રભાવને જાગ્રત કરશે. એને લઈને એનામાં અંતઃસ્ફુરણાને ઝીલવાની અને વ્યક્ત કરવાની શક્તિ આવશે.

પ્રેમ અને આશિષ.

(૨૬ સપ્ટેમ્બર ૧૯૬૭)

*

"મધુર માતાજી.

આ વર્ષે શું થયું છે તે કંઈ સમજાતું નથી. અમે અમારા અભ્યાસમાં કે પ્લેગ્રાઉન્ડ ઉપર, કયાંય પ્રગતિ કરી શકતા નથી. અમારાં મગજ હંમેશાં ચંચળ અને દુઃખી છે. અમે અમારી એકાગ્રતા ગુમાવી દીધી છે. અમે અમારો સમય ગપ્પાં મારવામાં અને બૂરી વસ્તુઓ વિષે વિચાર કરવામાં બરબાદ કરી રહ્યા છીએ. અમે અમારામાંની ક્ષતિઓને સુધારી શકતા નથી. મધુર મા, અમે તારી પ્રાર્થના કરીએ છીએ કે આ દુઃખદ સ્થિતિમાંથી અમને ઉગારી લે. અમારે આગળ વધવું છે. અમારે તારાં સાચાં બાળકો બનવું છે. અમને માર્ગ-દર્શન આપ."

રુદન કર્યે કશું નહિ વળે.

જે કાંઈ પ્રયત્ન કરવાની જરૂર છે તે માટેનો તમારામાં સંકલ્પ હોવો જોઈએ.

*

"સંકલ્પશક્તિ બળવાન બનાવવા શું કરવું?"

એને કેળવવી, એનો ઉપયોગ કરીને જેમ તમે તમારા મસલ્સને ખીલવો છો – એવી રીતની કસરત કરો છો તેવી રીતે કરવું.

(૨૩ માર્ચ ૧૯૩૪)

*

મસલ્સની જેમ જ એકાગ્રતા અને સંકલ્પ-બળનો વિકાસ સાધી શકાય છે. નિયમિત તાલીમ અને કસરત વડે વિકાસ થાય છે.

*

"માતાજી, અમે અમારું સંકલ્પબળ કઈ રીતે શક્તિશાળી બનાવી શકીએ?"

કસરત વડે.

*

કોઈ પણ વસ્તુ શીખવા માટે થોડાક માસ કરતાં વધુ સમય જોઈએ છે. પ્રગતિ કરવા માટે ચીવટપૂર્વક કામ કર્યે જવું જોઈએ.

(૧૨ નવેમ્બર ૧૯૫૪)

*

"હું અભ્યાસ કરવા માટે આટલું બધું દબાણ અનુભવું છું તે એક ગતાનુગતિક વેગ છે."

જ્યાં લગી તમારે તમારું ઘડતર કરવાનું હશે, તમારા મગજનું ઘડતર કરવાનું હશે, ત્યાં સુધી તમારામાં અભ્યાસ માટેનો આ તીવ્ર આવેગ ટકી રહેશે. પરંતુ જ્યારે મગજ બરાબર ઘડાઈ જશે ત્યારે અભ્યાસ કરવા પ્રત્યેનો રસ ધીરે ધીરે વિભિન્ન થઈ જશે.

*

"આપણા જીવનમાં બુદ્ધિનો શો ઉપયોગ છે?"

બુદ્ધિ ન હોય તો મનુષ્ય જીવન અસંબદ્ધ અને અનિયમિત બની જાય; આપણે આવેગોને વશ એવાં પશુઓ કે સમતુલા વિનાના ગાંડાઓ જેવાં બની જઈએ.

(૬ એપ્રિલ ૧૯૬૧)

*

"માતાજી, જ્ઞાન અને બુદ્ધિ શું છે? એમને અમારા જીવનમાં કોઈ અગત્યના ભાગ ભજવવાના છે?"

જ્ઞાન અને બુદ્ધિ, ખાસ કરીને મનુષ્યમાં રહેલા ઊર્ધ્વ મનના ગુણો છે, જે એને પશુથી જુદો પાડે છે.

જ્ઞાન અને બુદ્ધિ વિના કોઈ વ્યક્તિ મનુષ્ય નહિ પણ મનુષ્યના સ્વરૂપમાં પશુ હોય છે.

આશિષ.

(૩૦ ડિસેમ્બર ૧૯૬૯)

"આપે 'વાર્તાલાપો'માં કહ્યું છે કે સાચા જ્ઞાન અને તેની અહીં ચરિતાર્થતા, એ બે વચ્ચેના દ્રુત તરીકેનું સ્થાન બુદ્ધિનું છે. એનો અર્થ એવો થાય ખરો કે સાચું જ્ઞાન શોધવા સારું મનની ઉપર ઊઠવા માટે બૌદ્ધિક કેળવણી અનિવાર્ય છે?"

એક સુંદર મનોમય કરણ, વિશાળ, નમનીય અને સમૃદ્ધ સાધન તૈયાર કરવા માટે બૌદ્ધિક કેળવણી અનિવાર્ય છે, પણ એના કાર્યનો એટલે જ અંત આવે છે.

મનથી ઉપર ઊઠવાની બાબતમાં તો એ કોઈ રીતની સહાય કરવા કરતાં, ઘણુંખરું બાધારૂપ નીવડે છે, કારણ કે, સામાન્ય રીતે, એક સૂક્ષ્મગ્રાહી અને સંસ્કારી મનને પોતાનાથી જ સંતોષ વળી જાય છે અને પોતાને નીરવ બનાવવા કે પોતાની ઉપર જવાનું ભાગ્યે જ શોધે છે.

*

તમે જે કાંઈ જાણતા હશો, એ ગમે તેટલું સુંદર હશે, તોપણ, તમે જો અન્ય પદ્ધતિઓનો ઉપયોગ કરીને જાણી શકો તેની સરખામણીમાં કોઈ નહિ હોય.

*

સમજશક્તિ પ્રાપ્ત કરવાનો સૌથી ઉત્તમ માર્ગ એ છે કે, ચેતનામાં તમે એટલા પ્રમાણમાં ઊંચે ચડો કે તમે ત્યાંથી સર્વ પ્રકારના વિરોધાભાસી ખ્યાલોનો સંવાદપૂર્ણ સમન્વય કરી શકો.

અને સાચું વલણ આ રીતનું છે: તમારે એક દૃષ્ટિબિંદુથી બીજા દૃષ્ટિબિંદુ ઉપર નમનીય થઈને પહોંચવું, પ્રભુને આત્મસમર્પણ કરવાના અને તેમની સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરવાના તમારા લક્ષ્ય પ્રત્યેની તમારી દૃષ્ટિ એક ક્ષણ માટે પણ ક્ષુબ્ધ થવી ન જોઈએ.

(૨૯ એપ્રિલ ૧૯૬૪)

*

એ જાણી લેવું અગત્યનું છે કે એકમેવ પ્રભુને જાણવા, એ મનની શક્તિની બહાર છે. માટે જ, એમના વિષે જે કાંઈ કહેવાય છે કે વિચારવામાં

આવે છે તે કાં તો જાળા-વાળા જેવું અને અંદાજી હોય છે. એટલે એમાં સ્વાભાવિક રીતે અનેક પ્રકારના અપરિહાર્ય વિરોધી ભાવો પણ હોય છે.

એટલા માટે, હંમેશાં એમ શીખવવામાં આવે છે કે સાચું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે મનની જ નીરવતા અનિવાર્ય છે.

(૩૧ ઑગસ્ટ ૧૯૬૫)

*

સ્પષ્ટ સમજણ, દર્શન અને યોગ્ય કાર્ય માટે તદ્દન નિઃસ્પંદ મન એ અનિવાર્ય જરૂરિયાત છે.

*

"કૃપા કરીને મને વિચારોના પરપોટાઓ અને જરૂરિયાતોના આંતર દર્શન વચ્ચે ભેદ કરવામાં સહાય કરો."

ઊર્ધ્વ માંથી કોઈ પ્રેરણા આવી શકે તે માટે તમારું મન નિઃસ્પંદ અને નીરવ બનવું જોઈએ.

*

આવિર્ભાવ પૂર્ણ રીતે થઈ શકે તે માટે એનામાંથી જે શકિત વહી આવતી હોય તેને માર્ગ કરી આપવાને માટે મને તદ્દન શાંત બની રહેવું જોઈએ.

*

"વિદ્યાર્થીને યોગ્ય રીતે વિચારતાં કઈ રીતે શીખવાય?"

નીરવ ધ્યાનમાં મનની ક્ષમતાનો વિકાસ થાય છે.

(૨૩ માર્ચ ૧૯૬૬)

*

"હું સહજ-સ્ફુરણાની મદદ વડે કામ કરવા પ્રયત્ન કરીશ. મને મારા પ્રયત્નોમાં સહાય કરજો."

પ્રાણને શાંત કરો.

મનને નીરવ કરો.

મગજને નીરવ કરો અને છતાં એની સપાટી જાણે ઊર્ધ્વ પ્રત્યે અને ધ્યાન માંડીને બેઠી હોય એવી રીતની જાળવી રાખો.

અને રાહ જુઓ...

(૨૯ સપ્ટેમ્બર ૧૯૬૭)

*

મનની ગડમથલ વડે તમે મનને શાંત નહિ કરી શકો. તમારે જોઈતી મદદ તો એક ઊર્ધ્વતર અને ગહનતર સ્તર ઉપરથી આવશે, અને એ બંનેની પ્રાપ્તિ નીરવતામાં જ થઈ શકે છે.

(૧૮ ડિસેમ્બર ૧૯૭૧)

*

"મનમાં ચાલતી ચર્ચાઓ કઈ રીતે બંધ કરવી ?"

પહેલી શરત તો એ છે કે બને તેટલી વાતો ઓછી કરવી.

બીજું એ કે તમે તત્ક્ષણે જે કાંઈ કરી રહ્યા હો તેનો જ વિચાર કરો, તમારે જે કરવાનું છે અને તમે આ અગાઉ કર્યું હોય તેનો વિચાર ન કરો.

ભૂતકાળમાં જે કાંઈ બન્યું હોય તેનો નિર્વેદ ન અનુભવો અને શું થશે તેની કલ્પનાઓ ન બાંધો.

વિચારોમાં બને તેટલા ઓછા નિરાશાવાદી રહો અને જાણી જોઈને આશાવાદ અપનાવો.

*

"માતાજી, એક સ્વતંત્ર, શાંત, નીરવ મન હોય એ ઘણી સારી વસ્તુ છે; મારામાં એ વધુ પ્રમાણમાં હોય એવું હું ઇચ્છું છું. મારી અંદર સતતપણે આવતા વિચારો અને ઊર્મિઓના વંટોળિયાઓથી હું છુટકારો ચાહું છું, એમને લઈને હું એક રમકડાની માફક ફંગોળાતો રહું છું."

આ વસ્તુ ક્રમે ક્રમે બને છે.

બળજબરી ન કરશો.

નિઃસ્પંદ અને શ્રદ્ધાવાન બની રહો.

(૧૨ માર્ચ ૧૯૭૩)

*

હવે, જે વસ્તુ બુદ્ધિને સમજાઈ છે તે તમારા બાકીને સ્વરૂપને પણ સાક્ષાત્ કરવા દો. મનોમય જ્ઞાનનું સ્થાન પ્રગતિની શક્તિ-જ્વાળાએ લેવું જોઈએ.

*

વાચન

"મધુર માતાજી, આપે કહ્યું છે કે હું બરાબર રીતે વિચાર કરતો નથી. અમે અમારા વિચારોને કઈ રીતે ખીલવી શકીએ?"

તમારે એવાં પુસ્તકો વાંચવાં જોઈએ કે જેમાં તમારે વિચાર કરવો પડે. એવાં પુસ્તકો તમારે ખૂબ ધ્યાન અને એકાગ્રતાપૂર્વક વાંચવાં. નવલકથાઓ કે નાટકો વાંચવાં નહિ. તમે જે કોઈ વાંચ્યું હોય તેનું મનન કરવું અને એ વિચાર તમે બરાબર સમજી જાઓ ત્યાં સુધી તેના ઉપર ચિંતન કર્યા કરવું. વાતો ઓછી કરવી, શાંત અને એકાગ્ર બન્યા રહીને જ્યારે અનિવાર્ય હોય ત્યારે જ બોલવું.

(૩૧ મે ૧૯૬૦)

*

"હું એક મોટર-કાર વિષેનું પુસ્તક વાંચું છું, પરંતુ હું એ ઝડપથી વાંચું છું, હું એમાં જે ગૂંચવણભર્યાં યંત્રરચનાનાં વર્ણનો હોય છે તે છોડી દઉં છું."

જો તમારે કોઈ વસ્તુ બરાબર શીખવી ન હોય, ચીવટપૂર્વક અને બધી વિગતો સાથે એ જાણવી ન હોય, તો એને હાથમાં ન લેવી એ વધુ સારું. તમે એમ માનતા હો કે કોઈ પણ વસ્તુનું થોડુંક ઉપરચોટિયું અને અધૂરું જ્ઞાન તમને કશા પણ ખપમાં લાગશે, તો એ તમારી ભૂલ છે. એનાથી ફકત તમે મિથ્યાભિમાની બની શકો છો, અને જ્યારે હકીકતમાં તમે કશું પણ જાણતા ન હો ત્યારે જાણે બધું જ જાણતા હો એવી કલ્પના સેવો છો.

*

તમે જે કાંઈ વાંચો તે સંભાળપૂર્વક વાંચો. બરાબર ન સમજાયું હોય તો ફરીથી વાંચો.

*

'ય'એ હમણાં મને લખ્યું હતું કે તમે ઘણી બધી નવલકથાઓ વાંચી છે. મને નથી લાગતું કે આ પ્રકારનું વાચન તમારા માટે સારું હોય — અને તમે જેમ મને કહેલું તેમ, જો તમારે એમાંથી લેખનશૈલીનો અભ્યાસ કરવો હોય તો કોઈ સારા લેખકના એક જ સારા પુસ્તકનો કાળજીપૂર્વકનો અભ્યાસ,

આ રીતના ઉતાવળિયા અને ઉપરચોટિયા વાચન કરતાં વધુ શીખવી શકે છે.

"નવલકથાઓ વાંચવા પાછળ મારા બે હેતુઓ હતા. શબ્દો અને શૈલી બંને શીખવાં."

શીખવું હોય તો તમારે કાળજીપૂર્વકનો અભ્યાસ કરવો જોઈએ અને જે વાંચવાનું હોય તેની પણ કાળજીપૂર્વકની પસંદગી કરવી જોઈએ

(૨૫ ઑક્ટોબર ૧૯૩૪)

"આપને એમ લાગે છે કે મારે ગુજરાતી સાહિત્ય વાંચવાનું બંધ કરવું જોઇએ?"

એ સર્વનો આધાર, એ સાહિત્યની તમારી કલ્પના ઉપર કઈ રીતની અસર થાય છે તેની ઉપર રહે છે. જો એને કારણે, તમારું મન અનિચ્છનીય ખ્યાલો અને તમારી પ્રાણમય કામનાઓથી ભરાઈ જતું હોય, તો એ પ્રકારનું પુસ્તક ન વાંચવું એ વધું સારું.

(૨ નવેમ્બર ૧૯૩૪)

"ફ્રેંચ નૉવેલો વાંચવામાં કંઈ વાંધો ખરો?"

નૉવેલો વાંચવાથી કદી પણ ફાયદો થતો નથી.

(૨૪ એપ્રિલ ૧૯૩૭)

*

"જ્યારે કોઈ ગંદું સાહિત્ય વાંચે છે, કોઈ બીભત્સ નવલકથા વાંચે છે ત્યારે શું એમ નથી બનતું કે પ્રાણમય વિભાગ મનની દ્વારા આનંદ લે છે?"

મનમાં પણ વિકૃતિઓ હોય છે. જો કોઈને આવી વસ્તુઓમાં આનંદ આવતો હોય તો એમ જરૂર માનવું કે તેનો પ્રાણ તદ્દન ગ્રામ્ય અને અસંસ્કૃત કક્ષાનો છે.

*

જેમનાં મગજનું ઘડતર થયેલું નથી હોતું એવા લોકો તો જે કાંઈ વાંચે છે તેના મૂલ્ય વિષે કશો વિચાર કરતા નથી એટલે પછી એ વસ્તુ જાણે કે સત્ય જ હોય એવી રીતની છાપ તેમના મગજ ઉપર પડી જાય છે. એવા લોકોને આપણે કાંઈ વાંચવા આપીએ ત્યારે એમ કરવું સલાહભર્યું ગણાય

કે એવી કાળજી રાખીએ કે જે કાંઈ સત્યપૂર્ણ અને તેમના ઘડતરને માટે ઉપયોગી હોય તેમ જ તેમના હાથમાં જાય.

(૩ જૂન ૧૯૩૯)

*

હું આ પ્રકારના સાહિત્યના વર્ગોને પસંદ કરતી નથી કે જેમાં દેખીતી રીતે જ્ઞાનના (?) માટે એ લોકો એવા માનસિક કીચડમાં આળોટે છે કે જે વસ્તુને માટે અહીં કોઈ સ્થાન નથી અને જે કોઈ પણ પ્રકારે આવતી કાલ માટેની ચેતના ઘડવામાં સહાયભૂત થઈ શકે તેમ નથી. ગઈ કાલે, તમારા પત્રને અનુલક્ષીને મેં 'ક્ષ' પાસે આ વસ્તુનું પુનર્કથન કરેલું અને એને ટૂંકામાં સમજાવેલું કે, જે હતું અને જે હશે, એ બે વચ્ચેના વચગાળાના સમય પ્રત્યે મારી દૃષ્ટિ કયા પ્રકારની છે.

જો આપણે, અહીં કે ત્યાં, કોઈ સાચા હૃદયની અને જ્યોતિપૂર્ણ અભીપ્સા શોધી કાઢી શકીએ, તો એને આપણે અભ્યાસ માટેની તક બનાવી લઈ શકીએ અને એ વસ્તુ એક રસપ્રદ પ્રવૃત્તિ બની રહે.

તમે ભેગા મળીને આ વસ્તુ તપાસી જજો અને તમે શું નિર્ણય કરો છો તે મને જણાવજો.

ગમે તેમ થાય : હવે સાહિત્યના વર્ગો તો નહિ જ.

(૧૮ જુલાઈ ૧૯૫૯)

*

"સાહિત્યનું મૂલ્ય કેટલું ?"

એનો આધાર તમારે કેવા બનવું છે અથવા શું કરવું છે તેની ઉપર રહે છે. જો તમારે કોઈ સાહિત્યકાર થવું હોય તો, તમારે ખૂબ ખૂબ સાહિત્ય વાંચવું જોઈએ. એટલે પછી, જે વસ્તુઓ વિષે લખાઈ ગયું હશે તેનો તમને ખ્યાલ આવશે અને જૂની વસ્તુઓનું તમે પુનરાવર્તન નહિ કરો — તમારે તમારું મન અચળ રાખવું પડશે અને તમે જે કાંઈ કહેતા હો તે અસરકારક બને તે રીતે કહેવું જોઈએ.

પરંતુ જો તમારે સાચું જ્ઞાન જોઈતું હશે, તો એ તમને સાહિત્યમાંથી નહિ મળે. મને તો લાગે છે કે સાહિત્યમાત્ર ખૂબ ખૂબ નીચી કક્ષાનું હોય

છે – મોટા ભાગે તો એ સર્જક પ્રાણનું કાર્ય હોય છે અને ઊંચે જતાં પણ એ ગળાના કેન્દ્ર, બાહ્ય અભિવ્યક્તિ કરનાર મન સુધી જ પહોંચે છે. આ મન, તમને બહારની વસ્તુઓના સંપર્કમાં મૂકે છે. અને એની ક્રિયાત્મક પ્રવૃત્તિમાં, સાહિત્ય એટલે વિચારો સાથે વિચારો, શબ્દો અને વિચારો, એક શબ્દ અને બીજા શબ્દ, એ બધાને બંધબેસતા કરવાની રમત માત્ર હોય છે. એને લઈને મનમાં અમુક રીતની કુશળતા, ચર્ચા કરવાની ક્ષમતા; વર્ણન કરવાની, મનોરંજન કરવાની અને રમૂજ ઉપજાવવાની આવડત આવે છે.

મેં અંગ્રેજી સાહિત્ય બહુ વાંચ્યું નથી, — મેં બસો ત્રણસો ચોપડીઓ ફેરવી જોઈ છે, પરંતુ ફ્રેંચ સાહિત્યને હું બરાબર જાણું છું — મેં એની એક આખી લાયબ્રેરી વાંચેલી છે, અને હું કહી શકું છું કે સત્યની અપેક્ષાએ એનું કશું મૂલ્ય નથી. સાચું જ્ઞાન મનની ઉપરથી આવે છે. સાહિત્ય તો કેવળ સામાન્ય અને ક્ષુદ્ર વિચારોની રમતની રજૂઆત કરે છે. એમાં કોઈક વાર જ કોઈ ઊર્ધ્વનું કિરણ આવે છે. તમે પુસ્તકોને હજારોની સંખ્યામાં જોઈ જાઓ તો તમને અહીં કે તહીં બહુ જ થોડી માત્રામાં પ્રેરણા જેવું જણાશે. બાકીનું બધું અર્થહીન હોય છે.

હું એમ નથી કહી શકતી કે શ્રી અરવિંદને સમજવા માટે સાહિત્ય વડે કોઈને ઉપયોગી સામગ્રી મળી રહે. એથી ઊલટું, એનાથી અવરોધ નડવા વધુ સંભવ છે. કારણ કે શબ્દો તો એના એ જ વાપરવામાં આવે છે, પણ શ્રી અરવિંદે એમનો જે હેતુ માટે ઉપયોગ કર્યો હોય તેના કરતાં સાહિત્યમાં કોઈક જુદી જ વસ્તુ હોય છે. એટલે શ્રી અરવિંદ જ્યારે એવા શબ્દોનો ઉપયોગ કરતા હોય છે ત્યારે આપણે પેલા ભિન્ન પ્રકારના ઉપયોગના સંસ્કારને લઈને આડે રસ્તે દોરવાઈ જવાનો સંભવ રહે છે. શ્રી અરવિંદનો પ્રકાશ ઝીલવા માટે આપણે સાહિત્યે જે કાંઈ કહ્યું-કથ્યું હોય તે બધાથી મનને ખાલી કરી દેવાનું રહે છે. આપણે ભીતરમાં જઈને એક ગ્રહણશીલ નીરવતામાં ઊર્ધ્વ પ્રત્યે વળેલા રહેવાનું હોય છે. એમ થાય તો જ આપણે કોઈ વસ્તુને યોગ્ય રીતે ઝીલી શકીએ. સૌથી બદતર તો એ છે કે સાહિત્યના અભ્યાસને કારણે લોકો મૂર્ખ અને વિકૃત બની જાય છે અને શ્રી અરવિંદના અંગ્રેજીની તુલના કરવા અને તેમના વ્યાકરણમાં ભૂલો શોધવા લાગે છે!

પરંતુ એ ખરું છે કે, હું સાહિત્ય શીખવવાની બાબતનો સદંતર નિષેધ કરતી નથી. આપણાં ઘણાં બાળકોનાં મગજ કાચાં છે અને સાહિત્ય વડે એમનું

કાંઈક અંશે ઘડતર થઈ શકે છે. એમનામાં થોડી નમનીયતા આવી શકે છે. એમનામાં ઘણે ઠેકાણે કોતરકામ કરવાની જરૂર હોય છે. એમને વિશાળ, સક્રિય અને સ્ફૂર્તિવંત બનાવવાની જરૂર છે. સાહિત્ય એમને એક પ્રકારનો વ્યાયામ પૂરો પાડી શકે છે અને તેમને હાલતા-ચાલતા કરીને તેમનામાં બુદ્ધિતત્ત્વ ખીલવી શકે છે.

હું ઉમેરીશ કે શિક્ષકોની વચ્ચે, સાહિત્યના મૂલ્ય વિષે જે વિવાદ ઊભો થયો છે તે 'વેંતનું ગજ' કરવા બરાબર છે. ખરું જોતાં તો શિક્ષણના પાયાનો જે પ્રશ્ન છે તેનો એક ભાગ માત્ર છે. આપણી શાળાના દરેક વિભાગમાં જે કાંઈ ચાલી રહ્યું છે તેના મૂળમાં મને એક જ પ્રશ્ન દેખાય છે. દરેક સ્થળે હું શિક્ષણ પદ્ધતિને નિહાળું છું ત્યારે મને પેલા યોગી જેવી લાગણી થાય છે કે જેને એક દીવાલ સામે બેસીને ધ્યાન કરવાનું કહેવામાં આવેલું. મને પણ મારી સામે એવી દીવાલ જ દેખાય છે. એ એક ભૂખરા રંગની દીવાલ છે, એની ઉપર થોડીક ભૂરા રંગની રેખાઓ આમતેમ દોરાયેલી છે — આ છે શિક્ષકોના કંઈક મૂલ્યવાન વસ્તુ કરવાના પ્રયત્નો – પરંતુ બધું જ ઉપરછલ્લે કરવામાં આવે છે અને એની પાછળ આ અહીં જે દીવાલ ઉપર મારો હાથ પછાડું છું તેના જેવું છે. એ કઠણ અને અવેધક છે, સાચા પ્રકાશને એ બહાર બંધ કરી દે છે. કોઈ બારણું નથી — આપણે એની આરપાર પ્રવેશ કરીને પેલા પ્રકાશમાં પહોંચી શકતા નથી.

જ્યારે યુવાન વિદ્યાર્થીઓ આવીને તેમના કામ માટે કહે છે; ત્યારે, જ્યારે પણ હું કંઈ ઉપયોગી વસ્તુ કહેવા ઇચ્છતી હોઉં છું ત્યારે એ જ કઠણ ઘણ જેવી દીવાલ મારો માર્ગ અવરોધી રહે છે.

મારે કેળવણીનો પ્રશ્ન હાથ ઉપર લેવો છે, હું એને માટે તૈયારી કરી રહી છું. એમ કરતાં મને બે વર્ષ લાગશે. પરંતુ મેં પવિત્રને ચેતવણી આપી છે કે હું જ્યારે હસ્તક્ષેપ કરીશ અને વસ્તુઓને ફરીથી આકાર આપીશ ત્યારે એ ઝંઝાવાત જેવું થઈ જશે. લોકોને લાગશે કે એમના પગ પણ જમીન ઉપર ઠરતા નથી! ઘણી ઘણી વસ્તુઓ ઊંધીચત્તી થઈ જશે. પ્રથમ તો બધી બાજુએથી બધા જ બાધા જેવા થઈ જશે. પરંતુ ઝંઝાવાતને પરિણામે દીવાલ તૂટી પડશે અને સાચો પ્રકાશ ફૂટી નીકળશે.

મને એમ લાગ્યું કે ઘરમૂળના ફેરફારો આવી રહ્યા છે એ વસ્તુ પહેલેથી કહી મૂકવી સારી. એ રીતે, શિક્ષકો એને માટે તૈયાર રહી શકશે.

સાહિત્યના શિક્ષકોમાં રહેલી શુભ ભાવનામાં મને શંકા નથી અને તે મારી નજર બહાર પણ નથી. કેટલાક જૂના શિક્ષકો એમનાથી બને તેટલું સારું કામ કરે છે. હું એ સર્વની કદર કરું છું. અને મારો નિર્ણય કરતી વેળાએ શાળા તરફથી મારી સમક્ષ રજૂ કરવામાં આવેલા વિકલ્પો પણ મેં લક્ષમાં લીધા છે. પરંતુ હું ફરી વાર કહીશ કે આ આખી યે ચર્ચા, નાહકની ઉશ્કેરાટભરી બની ગઈ છે જેને આપણે કીડીઓનું યુદ્ધ અથવા ફ્રેંચમાં કહેવાય છે તેમ "બિલાડીને પાટુ મારવાથી શો ફાયદો" એના જેવું છે.*

*

એક એવું સૂક્ષ્મ જગત છે જ્યાં તમે ચિત્રકળા, નોવેલો, વિવિધ પ્રકારનાં નાટકો અને ચલચિત્રો માટેના બધા જ શક્ય વિષયો જોઈ શકો છો.

મોટા ભાગના લેખકોની પ્રેરણા ત્યાંથી આવતી હોય છે.

*

(એક શિક્ષકે એવું સૂચન કરેલું કે જે પુસ્તકોમાં ગુનાખોરી, હિંસા અને બેફામ વર્તનના વિષયો હોય તેવાં પુસ્તકો યુવાનો અને બાળકોના હાથમાં ન આવે તેમ થવું જોઈએ.)

એમાં કેવળ વિષય-વસ્તુનો જ પ્રશ્ન નથી પણ જીવન વિષેના વિચારોની બાબતમાં મનની ગ્રામ્યતા, સંકુચિતતા અને સ્વાર્થપોષક વ્યવહારલક્ષિતાને કોઈ પણ પ્રકારની કળા, મહાનતા કે સંસ્કારિતા વગર રજૂ કરવામાં આવે છે, એ મુખ્ય વસ્તુ છે. એવા સાહિત્યને નાનાં કે મોટાં બધાં જ બાળકોના વાચનમાંથી કાળજીપૂર્વક દૂર કરવું જોઈએ, જે કાંઈ ચેતનાને હલકી કોટિએ ઉતારે છે તે સર્વનો ત્યાગ કરવો જોઈએ.

(૧ નવેમ્બર ૧૯૫૯)

*

"પુસ્તકોની પસંદગી કાળજીપૂર્વક કરવી પડશે. કેટલાંક પુસ્તકોમાંના વિચારો, આપણાં બાળકોને નીચલી કક્ષાએ ઉતારે તેવા છે. કેવળ એવાં જ પુસ્તકોની ભલામણ કરવી જોઈએ જેમને આપણા આદર્શ સાથે કોઈ રીતનો સંબંધ હોય અથવા જેમાં ઐતિહાસિક કથાઓ, સાહસગાથાઓ અથવા સંશોધનના વિષયો હોય."

---

* મૂળમાં આ વસ્તુ શ્રી માતાજીએ સ્વમુખે કહેલી. પાછળથી સાધકે પોતાના સ્મરણના આધારે એનો પાઠ લખી કાઢેલો. શ્રી માતાજીએ એને મંજૂર કરીને પ્રસિદ્ધ કરવાની પરવાનગી આપેલી.

ઝેરી અસર કરે તેવાં પુસ્તકોની બાબતમાં જેટલી વધુ કાળજી લેવાય તેટલું વધુ સારું.

આશીર્વાદ.

(૧૭ એપ્રિલ ૧૯૬૭)

*

"હું રામાયણ અને મહાભારતની કથાઓ અને કબીર, મીરાં વગેરેનાં ભજનો ઉપર ઘણો ભાર મુકું છું. જૂની વસ્તુઓ ચાલુ રાખવા બાબતના આપના માર્ગથી એ વિરુદ્ધનું છે?"

જરા પણ નહિ — એમાં અગત્યની વસ્તુ તે વલણ છે. ભૂતકાળ એ ભાવિ પ્રત્યે કૂદકો મારવાનું પાટિયું બનવો જોઈએ, આગળ વધતાં અટકાવનાર બેડી નહિ. મેં જેમ કહ્યું તેમ, સર્વ કાંઈ ભૂતકાળ પ્રત્યેના વલણ ઉપર આધાર રાખે છે.

"કેટલાક ઉત્તમ કવિઓ અને સંતોએ, રાધા અને કૃષ્ણનો પ્રેમ શારીરિક પ્રેમ હોય એ રીતનું લખેલું છે."

મને એમ લાગ્યું છે કે એમાં એ લોકો યોગ્ય શબ્દો અને સાચી ભાષા શોધી કાઢવામાં સફળ નહિ થયા હોય.

*

આ બધો કચરો વાંચવાનો બંધ કરો. પુસ્તકોમાં લખેલી ગુહ્યવિદ્યા એ પ્રાણમય રીતની અને અત્યંત ભયંકર હોય છે.

*

જગતમાં શું બની રહ્યું છે તે તમારે જાણવું હોય તો કોઈ પણ પ્રકારનાં વર્તમાનપત્રો ન વાંચશો કારણ કે એ અસત્યથી ભરેલાં હોય છે.

વર્તમાનપત્ર વાંચવું એટલે વિશાળ સમૂહગત અસત્યમાં ભાગ લેવો.

(૨ ફેબ્રુઆરી ૧૯૭૦)

"માતાજી,

જો અમે પેપરો ન વાંચીએ તો બીજા દેશોમાં અને આપણા દેશમાં શું બની રહ્યું છે તેની અમને કઈ રીતે ખબર પડે? એમાં અમને કંઈક તો ખ્યાલ આવે છે, નહિ? કે પછી અમે પેપરો બિલકુલ ન વાંચીએ એ જ યોગ્ય છે?"

મેં તમને પેપરો વાંચવાની ના નથી કહી. મેં તમને કહેલું કે જે કાંઈ વાંચો તે આંખો મીંચીને સાચું માની ન લેશો. તમારે જાણી લેવું જોઈએ કે સત્ય એ તદ્દન જુદી વસ્તુ છે.

આશીર્વાદ.

(૪ ફેબ્રુઆરી ૧૯૭૦)

*

"હું જોવા માગું છું કે હું વાંચવાનું બિલકુલ બંધ કરી દઉં તો શું થાય છે?"

એક જ વસ્તુ ઉપર મનને હંમેશાં રોકી રાખવું મુશ્કેલ છે અને જો એને કામે લગાડવા માટે પૂરતા પ્રમાણમાં કામ ન આપવામાં આવે તો એ ચંચળ થઈ ઊઠે છે. એટલે હું એમ માનું છું કે વાંચવાનું બિલકુલ બંધ કરવા કરતાં પોતે વાંચવાનાં પુસ્તકો કાળજીપૂર્વક પસંદ કરવાં વધુ સારાં.

*

(શ્રી માતાજીના 'પ્રાર્થના અને ધ્યાન' પુસ્તકની એક પ્રતમાંની એક ચબરખી ઉપરનું લખાણ.)

જો તમારે આ પુસ્તક અનુસારનું આચરણ ન કરવું હોય તો એને વાંચશો નહિ.

*

લાયબ્રેરી એક એવું બૌદ્ધિક સુરક્ષિત સ્થાન હોવું જોઈએ જ્યાં તમે પ્રકાશ અને પ્રગતિની પ્રાપ્તિ કરવા જઈ શકો.

*

વર્ણૂક

બાળકે આ હંમેશાં યાદ રાખવું જોઈએ :

આપણામાં સંપૂર્ણ સચ્ચાઈ હોવી જોઈએ.

આપણે એ દૃઢ વિશ્વાસ રાખીએ કે સત્યનો અંતે વિજય જ છે.

જો આપણે સફળ થવાનો સંકલ્પ ટકાવી રાખીશું તો આપણે સતત્પણે આગળ વધી શકીશું.

*

આદર્શ બાળક

પ્રસન્ન હોય છે.

બધું જ્યારે પોતાની વિરુદ્ધમાં જતું દેખાય કે પછી ચુકાદાઓ પોતાની તરફેણમાં ન આવે ત્યારે તે ગુસ્સે થતો નથી.

ખેલદિલ હોય છે.

એ જે કંઈ કામ કરે છે તે પોતાની સર્વ શક્તિ વાપરીને કરે છે અને પોતાને નિષ્ફળતા મળશે એમ લગભગ ચોક્કસ દેખાય તો પણ તે કામ કરતો જ રહે છે. તે હંમેશાં સીધી રીતે વિચારે છે અને સીધી રીતે વર્તે છે.

સત્યવક્તા હોય છે.

એ સત્ય કહેતાં કદી ડરતો નથી, પછી ભલે ગમે તે પરિણામો આવે.

ધીરજવાન હોય છે.

પોતાના પ્રયત્નોનું પરિણામ જોવા તેને ખૂબ રાહ જોવી પડે તો પણ તે ઉત્સાહ ગુમાવતો નથી.

સહનશીલ હોય છે.

જીવનમાં જે મુશ્કેલીઓ અને દુઃખ અનિવાર્ય રીતે આવતાં હોય છે તેનો તે કશી ફરિયાદ વિના સામનો કરી લે છે.

ખંતીલો હોય છે.

પોતાનો પ્રયત્ન તેણે ભલે ગમે તેટલો સમય ચાલુ રાખવો પડે પણ એ પ્રયત્નને તે કદી મંદ થવા દેતો નથી.

સ્વસ્થ હોય છે.

સફળતામાં તેમ જ નિષ્ફળતામાં તે સમતા જાળવે છે.

હિંમતવાન હોય છે.

અને ભલે અનેક પરાજયો મળે તો પણ તે છેવટના વિજય માટે હંમેશાં લડતો જ રહે છે.

આનંદી હોય છે.

હરેક પરિસ્થિતિમાં કેવી રીતે હસતા રહેવું અને હૃદયને પ્રસન્ન રાખવું એ તે જાણે છે.

નમ્ર હોય છે.

પોતાના વિજય ઉપર તે ફુલાઈ જતો નથી, તેમ જ એને એમ પણ થતું નથી કે પોતાના સાથીઓ કરતાં પોતે વધારે ઉચ્ચ છે.

ઉદાર હોય છે.

બીજાઓના ગુણોની તે કદર કરે છે અને અન્ય માણસને સફળ થવામાં મદદ કરવા તે સદા તૈયાર હોય છે.

ન્યાયી અને આજ્ઞાંકિત હોય છે.

શિસ્તનું તે પાલન કરે છે અને હંમેશાં પ્રામાણિક હોય છે.

(બુલેટિન, ઑગસ્ટ ૧૯૫૦)

*

આદર્શ બાળક બુદ્ધિમાન હોય છે. એને જે કાંઈ કહેવામાં આવે છે તે એ સમજી લે છે, પોતાના પાઠ ભણ્યા વિના પણ જાણી લે છે અને જે કોઈ પ્રશ્ન પૂછવામાં આવે તેનો ઉત્તર આપે છે.

*

એનામાં ભાવિમાં આવનાર સુંદર અને પ્રકાશવંત સફળતાઓથી સમૃદ્ધ એવા ભવિષ્ય માટે વિશ્વાસ હોય છે.

બાળપણ એ ભાવિનું પ્રતીક છે અને આવનારા સર્વ વિજયોની આશા છે.

*

આદર્શ બાળક

....શાળામાં હોય છે ત્યારે તેને અભ્યાસ કરવો ગમે છે,
....રમતના મેદાનમાં હોય છે ત્યારે એને રમવું ગમે છે,
....જમવાને વખતે તેને ખાવાનું ગમે છે,
....સૂવાને વખતે તેને ઊંઘવાનું ગમે છે,
....અને હંમેશાં તેને પોતાની આસપાસનાં સર્વ માટે પ્રેમ હોય છે,
....પ્રભુની દિવ્ય કરુણામાં તેને પૂર્ણ વિશ્વાસ હોય છે,
....પ્રભુ પ્રત્યે તેનામાં ઊંડું માન હોય છે.

*

બાળકને શીખવવાની વસ્તુઓ

(૧) સચ્ચાઈ અત્યંત જરૂરી ગુણ છે.
(૨) સત્યનો અંતે વિજય જ છે એવી શ્રદ્ધા.
(૩) પ્રગતિ કરવા માટેનો સંકલ્પ કરવો અને શક્ય છે તેમ ગણવું.

ખુશમિજાજ, ન્યાયીપણું, સચ્ચાઈ.

ધીરજ, સહનશીલતા, ખંત.

સમતા, હિંમત, આનંદીપણું.

*

"અગીઆરથી તેર વર્ષ સુધીનાં બાળકોના શિક્ષણની બાબતમાં ખાસ કઈ વસ્તુની કાળજી રાખવી જોઈએ?"

સૌથી અગત્યની વસ્તુ એ છે કે તેમને તદ્દન સત્યનિષ્ઠ થતાં શીખવવું.

જરા જેટલું અસત્ય પણ સ્વીકારવું નહિ.

એમને અવિરતપણે આગળ વધતાં શીખવવું કારણ કે જેવા તમે પ્રગતિ કરતા અટકી જાઓ છો કે તરત જ પાછા પડવા માંડો છો અને એ રીતે વિકૃતિની શરૂઆત થાય છે.

*

હું જે કાંઈ જોઉં છું અને જાણું છું, તે પ્રમાણે, એક સામાન્ય નિયમ તરીકે, ૧૪ વર્ષની ઉંમરનાં બાળકોને સ્વતંત્ર છોડી દેવાં જોઈએ અને તેઓ પૂછે તો જ સલાહ આપવી જોઈએ.

એમને જાણ હોવી જોઈએ કે તેમના જીવનની વ્યવસ્થાની જવાબદારી તેમના ઉપર છે.

*

તમે જે વિચારો અને ભાવનાઓ હમણાં રજૂ કરી છે તે સાંભળીને મને ઘણી ખુશી થઈ છે અને હું તમને આશિષ આપું છું. હું કેવળ એટલી આશા રાખું છું કે તમારા એ વિચારો અને ભાવનાઓ કેવળ આદર્શ જ નહિ રહે પણ સિદ્ધ થયેલી હકીકતો બની રહેશે. તમારા આદર્શને તમારા જીવન અને ચરિત્રમાં સાકાર કરો એ વાતનું તમારે પણ લક્ષ રાખવું જોઈએ. પરંતુ હું તમને જે એક વસ્તુ કહેવાનો લાંબા સમયથી વિચાર કરી રહી હતી તે આ પ્રસંગે હું કહેવા ઇચ્છું છું. એ વસ્તુ તમારા અભ્યાસને લગતી છે. સ્વાભાવિક રીતે, અપવાદો તો હોય, પરંતુ અપવાદોને લઈને જ નિયમને તેનું બળ મળે છે. દાખલા તરીકે, તમે આજે રજા માગેલી. મને એમ નહોતું લાગતું કે તમારે કોઈ વધુ આરામની જરૂર હોય. તમારું જીવન જ એવી રીતે ગોઠવાયેલું છે કે જેમાં સતત આરામ આવતો રહે એવો ઢાળ પડી ગયો છે. તેમ છતાં મેં તમારી વિનંતી માન્ય રાખી. પરંતુ તમે જે પ્રકારે એ "સારા સમાચાર"ને વધાવી લીધા એથી મને વેદના થઈ. તમારામાંના કેટલાકને તો જાણે કોઈ વિજય મેળવ્યો હોય એમ લાગ્યું હોય એમ જણાતું હતું. પરંતુ હું પૂછું છું કે શાનો વિજય, શાની ઉપર વિજય? વધુ ને વધુ શીખવા અને જાણવાના આનંદ ઉપર અચેતનાનો વિજય? વ્યવસ્થા અને નિયમિતતા ઉપર સ્વેચ્છાચારનો વિજય? પ્રગતિ અને આત્મજય માટેના પ્રયત્ન ઉપર અજ્ઞાન અને છીછરા સંકલ્પનો વિજય?

તમારે જાણી રાખવું જોઈએ કે આ વસ્તુ એ તદ્દન સામાન્ય રીતના જીવન અને શિક્ષણની વ્યવસ્થામાં રહેતા હોય તેવા લોકોની ગતિ છે. પરંતુ તમારે માટે તો, જો તમે આપણા લક્ષ્ય રૂપી જે મહાન આદર્શ છે તેને સિદ્ધ કરવા

માગતા હો, તો જે સામાન્ય લોકો, સામાન્ય જીવનની આંધળી અને અજ્ઞાની પરિસ્થિતિમાં રહેતા હોય છે, તેમના તદ્દન સામાન્ય અને નિરર્થક પ્રત્યાઘાતોથી સંતુષ્ટ થઈને બેસી રહો તે યોગ્ય નથી.

જ્યારે હું આમ કહું છું ત્યારે તમને લાગશે કે હું અત્યંત રૂઢિચુસ્ત છું. છતાં મારે કહેવું જોઈશે કે તમારે બહારના પ્રભાવો અને સામાન્ય ગણાતી ટેવો વિષે અત્યંત સાવધ રહેવું જોઈશે. તમારું જીવન અને તમારો માર્ગ એ વૈસ્તુઓ દ્વારા ઘડાવો ન જોઈએ. બહારના અને વિદેશના વાતાવરણમાંથી જે કાંઈ આવે તેને તમારી અંદર કૂદકો મારીને પેસી જવાની પરવાનગી ન આપવી જોઈએ — એ બધું ક્ષુલ્લક અને અજ્ઞાનમૂલક છે. જો તમારે નૂતન માનવજાતના કુટુંબના સભ્ય બનવું હોય તો આજનાં અને ગઈ કાલનાં બાળકોની દયાપાત્ર નકલ ન કરશો. દૃઢચિત્ત, બળવાન અને શ્રદ્ધાપૂર્ણ બનો, તમે જેને "મહાન વિજય" પ્રાપ્ત કરવાનો કહો છો તેને માટે વિજેતા બનવા લડત આપો. મને તમારા ઉપર વિશ્વાસ છે અને હું મારો મદાર તમારા ઉપર બાંધું છું.

મેં તમને યુનિવર્સિટીના વાર્ષિક દિન નિમિત્તે જે કહેલું તે હજી પ્રસિદ્ધ કર્યું નથી. મેં આશા રાખેલી કે તમને જે પદાર્થપાઠ મળેલો તેનો તમે લાભ લેશો અને તમારી રીતિ-નીતિ સુધારશો. પરંતુ અત્યંત નિરાશા સાથે મને એ વસ્તુની નોંધ લેવાની ફરજ પડે છે કે પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી: એમ લાગે છે કે કેટલાક વિદ્યાર્થીઓએ તેઓ જ્યારે તેમના વર્ગમાં હોય તે સમયે જ તેમનામાંની બૂરામાં બૂરી વસ્તુઓ બહાર લાવવાનું પસંદ કર્યું છે, એ લોકો રસ્તાનાં રખડેલ છોકરાંની માફક વર્તે છે, એ લોકો એમને જે શિક્ષક આપવામાં આવ્યા હોય છે તેમનો લાભ તો ઉઠાવતા નથી, એટલું જ નહિ પણ, બીજાઓ એમના પાઠનો લાભ નથી ઉઠાવી શકતા, એમાંથી કોઈ તોફાન કર્યાનો આનંદ લે છે.

આપણે જગતને એ બતાવવું છે કે આવતી કાલના નૂતન માનવો કેવા હશે. શું આપણે તેમની સમક્ષ આ રીતનો દાખલો રજૂ કરવા માગીએ છીએ? *

(એપ્રિલ ૧૯૫૩માં પ્રસિદ્ધ કરેલ)

*

* મૂળમાં આ કથન શ્રી માતાજીએ સ્વમુખે કહેલું. પાછળથી સાધકે સ્મરણમાંથી એનો પાઠ તૈયાર કરેલો. શ્રી માતાજીએ એને મંજૂર કરી પ્રસિદ્ધ કરવા પરવાનગી આપેલી.

(શિક્ષકોની એક સભાની કાર્યવાહીની નોંધમાંથી અવતરણ) :
"સભામાં એ વસ્તુ પ્રત્યે ચિંતા વ્યક્ત કરવામાં આવેલી કે વિદ્યાર્થીઓમાં શિસ્તનો, સારી રીતભાતનો અને યોગ્ય પ્રકારના વર્તનનો અભાવ જણાય છે."

સારી રીતભાત માટે મારો ખાસ આગ્રહ છે. મને નથી લાગતું કે ગટરની જીવાતો જેવી રીતભાતમાં કશું ભવ્ય હોય!

(૪ માર્ચ ૧૯૬૦)

*

સાચું બળ અને રક્ષણ, હૃદયમાં રહેલી પ્રભુની હાજરીમાંથી આવે છે.

જો આ હાજરી તમારામાં સતતપણે બની રહે એવી તમારી ઇચ્છા હોય તો બોલવામાં, વર્તનમાં અને કર્મમાં સર્વ પ્રકારની ગ્રામ્યતાથી દૂર રહો.

સ્વતંત્રતા મળી એટલે સ્વેચ્છાચારનો પરવાનો મળી ગયો એમ ન માનશો અને મુક્તિ મળી એટલે બૂરી રીતભાત ચાલે એવું ન માની બેસશો : તમારા વિચારો શુદ્ધ હોવા જોઈએ અને અભીપ્સા અંતરની હોવી જોઈએ.

(૨૬ ફેબ્રુઆરી ૧૯૬૫)

*

"અહીં અમને જે ભરપૂર સ્વતંત્રતા આપવામાં આવે છે, તે જે લોકો હજી જાગ્રત નથી અથવા તો હજી પણ અજ્ઞાન છે તેમને માટે ભયજનક ન ગણાય? આ રીતનું જે સદ્‌ભાગ્ય અમને સાંપડયું છે તેને માટેની પાત્રતા અમે કઈ રીતે જાણી શકીએ?"

સર્વ પ્રકારની આગેકૂચમાં ભય અને જોખમ તો સમાયેલાં જ હોય છે. જો એમ ન હોય તો કોઈ વસ્તુ લેશમાત્ર ગતિ ન કરે; વળી, જે લોકો પ્રગતિ કરવા ઇચ્છતા હોય છે તેમને માટે, તેમના ચારિત્ર્યના ઘડતર માટે પણ આ વસ્તુઓ અનિવાર્ય છે.

(૧૩ એપ્રિલ ૧૯૬૬)

*

બે વસ્તુઓ કરવી જોઈએ. બાળકોને શીખવવું કે:

(૧) પરિણામ ગમે તે આવે, પણ કદી જૂઠું ન બોલવું;

(૨) ઉગ્રતા, ક્રોધ અને હિંસક વૃત્તિઓને અંકુશમાં રાખવી.

જો આ બે વસ્તુઓ થઈ શકે તો એમને પરમ માનવત્વ પ્રત્યે દોરી જઈ શકાય.

એવો એક ખ્યાલ પ્રવર્તે છે કે જો તેઓ રીતરિવાજો અને પ્રતિબંધોનો ભંગ કરે છે તો એનું કારણ એ કે તેઓ સામાન્ય માનવજાતિની મર્યાદાઓથી મુકત છે. આ એક ખોટો ખ્યાલ છે.

જેને 'અતિમાનવ' કહી શકાય તેવા બની શકાય તે માટે પેલી બે વસ્તુઓ સિદ્ધ થવી જોઈએ; જૂઠું ન બોલવું અને પોતાની જાતને વશમાં રાખવી.

છેલ્લી શરત એ છે કે પ્રભુ પ્રત્યે સંપૂર્ણ ભક્તિભાવ રાખવો, પરંતુ એમ થઈ શકે તે પહેલાં પણ પેલી બે વસ્તુઓ તો કરવી જ જોઈએ.

(૧૮ જુલાઈ ૧૯૭૧)

*

જો આપણે માણસ બનવું હોય તો આપણામાં શિસ્ત તો હોવી જ જોઈએ. જ્યાં શિસ્ત નથી હોતી ત્યાં મનુષ્ય એક માણસ નહિ પણ જાનવર હોય છે. તમારે તમારામાં પરિવર્તન સિદ્ધ કરવું હોય અને શિસ્ત સ્થાપવી હોય તો તેને માટે હું તમને બે અઠવાડિયાનો સમય આપું છું. જો તમે શિસ્તબદ્ધ અને આજ્ઞાપાલક બની રહેશો તો હું તમને બીજી તક આપીશ. પરંતુ કોઈ પ્રકારની છેતરપીંડી કરવાનો પ્રયત્ન ન કરશો....મને જો તમારી સત્યનિષ્ઠામાં લેશમાત્ર ખામી જણાશે તો પછી હું તમને કાઢી મૂકીશ.

મનુષ્ય માત્ર, જ્યારે તે સાચા અને ઉચ્ચતર જીવન માટે અભીપ્સા સેવે છે અને રૂપાંતર માટેની જરૂરી શિસ્તનો સ્વીકાર કરે છે ત્યારે જ તે સાચા અર્થમાં મનુષ્ય બને છે.

આમ થઈ શકે તે માટે તમારે તમારી નિમ્ન પ્રકૃતિ ઉપર અને કામનાઓ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવું જોઈએ.

(૮ માર્ચ ૧૯૭૨)

*

વિદ્યાર્થીઓને

વર્ગમાં ધોંધાટ કરવો એ એક સ્વાર્થપૂર્ણ મૂર્ખતા છે.

જો તમારામાં શાંતિ અને ધ્યાનપૂર્વક વર્ગમાં હાજરી આપવાની ઇચ્છા ન હોય તો તમે ન આવો તે જ બહેતર છે.

*

શાળામાં, વર્ગમાં, પ્લે ગ્રાઉન્ડ ઉપર, રસ્તામાં કે ઘરમાં (પછી એ તમારાં મા-બાપનું હોય કે બોર્ડિંગ હોય) સર્વ સ્થળે **મારામારી કરવાની સખ્ત મનાઈ છે.**

બાળકોને હર સ્થળે અને હંમેશાં, એકબીજા સાથે લડવાડ કરવાની મના છે. જ્યારે જ્યારે તમે અન્ય બાળકને મારો છો ત્યારે ખરી રીતે તો તમારા આત્મા ઉપર પ્રહાર કરી રહ્યા હો છો.

(૧૫ જાન્યુઆરી ૧૯૬૩)

*

આ બાબતમાં, હું જ્યારે નાની હતી અને મારે મારા ભાઈબંધો સાથે બેદિલી થતી ત્યારે હું જે નુસખો અજમાવતી હતી તેની જ તમને ભલામણ કરવા માગું છું. એ વખતે, તમે અત્યારે જેવાં છો તેવી જ હું લાગણીપ્રધાન હતી. એટલે જ્યારે એ લોકો, અને ખાસ કરીને જેમના પ્રત્યે મેં હંમેશાં સહાનુભુતિ અને માયાળુપણું બતાવેલું હોય તેવા લોકો પણ જ્યારે મને ગાળો આપતા ત્યારે મને બહુ માઠું લાગતું. પરંતુ એવે વખતે હું મારી જાતને આમ કહેતી: "આને લઈને મારે શા માટે દીલગીર કે દુઃખી થવું જોઈએ? જો એ લોકો જે વસ્તુ કહે છે તે સાચી હોય તો મારે ખુશ થવું જોઈએ કે મને પદાર્થપાઠ મળ્યો અને એનાથી મને મારી જાતને સુધારવાની તક મળી; જો એ લોકો ખોટા હોય, તો પણ મારે એની ચિંતા શા માટે કરવી — દુઃખી થવાનું તો એમને માટે, કારણ કે એમણે આ ભૂલ કરી છે. આ બેમાંથી ગમે તે પરિસ્થિતિ હોય, પણ આમાં સૌથી વધુ શોભાસ્પદ વસ્તુ તો એ છે કે મારે બળવાન, શાંત અને અવિચલિત બની રહેવું."

હું જ્યારે આઠ વર્ષની હતી ત્યારે મારી જાતને આ પ્રકારનો બોધ આપતી અને તેનું અનુસરણ કરવા પ્રયત્ન કરતી. એ વસ્તુ, એના જેવા બધા જ પ્રસંગોમાં હજી પણ સાચી છે.

(૧૭ એપ્રિલ ૧૯૩૨)

*

બાળકોને બે બોલ :

(૧) જો તમારી ઇચ્છા હોય કે કોઈ તમારી મજાક ન કરે તો તમારે પણ કોઈની કદી પણ મજાક ન ઉડાવવી.

(૨) જો બીજાઓ તમને માન આપે તેવું તમે ઇચ્છતાં હો તો તમે પણ બીજાઓ સાથે માનભર્યો વ્યવહાર કરો.

(૩) જો સૌ કોઈ તમને ચાહે એવી તમારી ઇચ્છા હોય તો તમે પણ સૌને ચાહો.

*

અહીં આપણે છોકરાઓ અને છોકરીઓને સાથે રાખીને ભણાવીએ છીએ એટલે એ બાબતનો આગ્રહ રાખીએ છીએ કે એમની વચ્ચેના સંબંધો કોઈ પ્રકારની જાતીય લાગણી કે કામુકતા વિનાની સામાન્ય મિત્રતાવાળા હોવા જોઈએ. એમાં સર્વ પ્રકારની આસક્તિઓથી દૂર રહેવું જરૂરી છે. કોઈએ એકબીજાના રૂમમાં જવું નહિ તેમ જ કોઈ બાનગી મુલાકાતો ગોઠવવી નહિ. આ વસ્તુ સૌ કોઈને સ્પષ્ટ કરી દેવામાં આવેલી છે. અને જો આ નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તો કોઈ રીતની દુઃખદાયક ઘટના બનવા પામે નહિ.

(૧૬ ઑગસ્ટ ૧૯૬૦)

*

> "જ્યોતિષીઓ એમ કહે છે કે જે લોકોનો જન્મ નવેમ્બર માસમાં થયેલો હોય છે તેઓ કામાંધ નીવડે છે."

જ્યોતિષીઓ જે કહે છે એને તમે માનો છો શા માટે? તમારી માન્યતા જ મુશ્કેલીને નોતરી લાવે છે.

શ્રી અરવિંદ કહે છે કે મનુષ્ય પોતે પોતાને જેવો માનતો હોય છે તેવો જ બને છે.

આ વસ્તુનો પ્રયોગ તમે એવી ધારણાપૂર્વક જ વર્તો કે તમે એક સારા બાળક છો અને તમે જાતીય વાસનાથી મુક્ત બનશો.

આ પદ્ધતિને તમે **પાંચ વર્ષ** સુધી ખંતપૂર્વક વળગી રહીને અમલમાં મૂકો, કોઈ પણ પ્રકારની શંકા કે નિરુત્સાહને તમારામાં દાખલ ન થવા દો, અને પછી, પાંચ વર્ષ પછી મને તેનું પરિણામ તમે કહેશો.

એ પરિણામ વિષે કોઈ પ્રકારની શંકા સેવશો નહિ.

(૧૯૬૫)

*

તમે આ જાતીય બાબતને વધુ પડતી અગત્યતા આપી રહ્યા છો.

એના વિષે કશો વિચાર જ ન કરશો. જે પ્રવૃત્તિઓ **વધુ રસદાયક છે** એમાં જ રસ લો, જ્ઞાન અને ચેતનામાં વિકાસ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહો. જ્યારે પણ કામવાસનાને લગતો વિચાર કે આવેગ આવતો લાગે ત્યારે એને લાત ચોડી દો — ત્યાર પછી તમે મારા એક સૈનિક બની રહેશો.

(૧૯૬૫)

*

મેં તમને સૌને પહેલેથી જ કહી મૂકયું છે કે તમે પોતે કોઈ છોકરા કે છોકરી છો એવો વિચાર જ ન કરવો, પરંતુ એટલો ભાવ જ રાખવો કે પ્રભુની શોધ કરવા, પ્રભુ બનવા અને પ્રભુનો આવિર્ભાવ કરવા પ્રયત્ન કરી રહેલાં **માનવ સ્વરૂપો** જ છો.

(૧૬ ફેબ્રુઆરી ૧૯૬૬)

*

> "જો જાતીય વિષયની બાબતમાં તદ્દન અજ્ઞાનીપણું હોય તો એનાથી ગંભીર મુશ્કેલી ઊભી થવા સંભવ છે. એટલે જે બાળકોને હું ઓળખું છું તેમને હું એ વિષયમાં થોડી માહિતી આપવા ધારું છું."

જો આ વિષયમાં તદ્દન સાદું વૈદ્યકીય જ્ઞાન આપવામાં આવે તો એ ઉપયોગી થઈ શકે, કારણ કે એને લઈને આ મૂર્ખામીભરી જુનવાણી રીતની શરમની લાગણી પ્રવર્તતી હોય છે તે દૂર થાય અને એને લઈને વિકૃતિઓ ઊભી થતી અટકે.

> "વિદ્યાર્થીઓ એમ કહે છે કે અમે એક એવા સમાજના નિર્માણની રાહ જોઈએ છીએ જેમાં કોઈ રીતની જાતીયતા હોય જ નહિ અને એથી કરીને અમારે ભાષામાં પણ શા માટે જાતિના ઉપયોગની માથાકૂટ કરવી જોઈએ?"

આ એક મજાક છે.... અથવા તો એક માનસિક રીતની ગુલાંટ છે અને એ રીતે, જે વસ્તુની શિખામણ આપવામાં આવી છે તે વસ્તુને સમજવાનો ઇનકાર કરવાની ચાલાકીભરી રીત છે.

> "કેટલાક સારા વિદ્યાર્થીઓ, પૈસાને એટલું બધું મહત્ત્વ આપે છે કે એથી આપણને આંચકો લાગે. અમે એ વિષયની ચર્ચા કરી શકીએ?"

હા, પ્રયત્ન કરો—એની ઘણી જરૂર છે. આજકાલ પૈસો એ સર્વોપરી ભગવાન બની બેઠો છે. સત્ય વસ્તુ પશ્ચાદ્‌ભૂમિકામાં હડસેલાઈ ગઈ છે, અને પ્રેમ તો નજરે પણ પડતો નથી!

આ પ્રેમ શબ્દ વડે હું ભાગવત પ્રેમની વાત કરું છું, કારણ કે લોકો જેને પ્રેમ સમજે છે એ તો પૈસાનો ઘણો સારો સોબતી છે.

જ્યારે કોઈ બાળક તમારી આગળ તેના કુટુંબના પૈસાની વાતો કરીને છાપ પાડવાનો પ્રયત્ન કરે ત્યારે તમારે મૂંગા ન રહેવું. તમારે એ વસ્તુ સ્પષ્ટ કરવી કે દુન્યવી પૈસાની અહીં કોઈ ગણતરી નથી, ફક્ત જે પૈસાનું પ્રભુને અર્પણ કરવામાં આવે છે તેની જ કંઈક કિંમત છે; અને કોઈ મોટા બંગલાઓમાં રહેતું હોય, ફર્સ્ટ ક્લાસમાં પ્રવાસ કરતું હોય અને ઉડાઉપણે પૈસા વાપરતું હોય તેથી એ મહાન બની જતું નથી. વળી એ પણ સમજાવવું કે તમારે જો તમારું મહત્ત્વ વધારવું હોય તો એ માટે સત્યભાષી, સત્યનિષ્ઠ, આજ્ઞાપાલક અને કૃતજ્ઞ બનતાં શીખવું જોઈએ.

*

મેં કહેલું છે કે પંદર વર્ષથી નાનાં બાળકોએ રાત્રીના નવથી મોડા સૂઈ જવું નહિ, અને એ વસ્તુ હું ભારપૂર્વક કહું છું—જેઓ એમ નથી કરતાં તેઓ આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે અને એ વસ્તુ ખેદજનક છે.

*

> "માતાજી, મધ્યરાત્રી પછીના કલાકો કરતાં તેની આગળના કલાકો ઊંઘને માટે સારા છે એમ કેમ હશે?"

કારણ કે પ્રતીકાત્મક રીતે જોતાં, મધ્યરાત્રી સુધી, સૂર્ય આથમતો જતો હોય છે, જ્યારે મધ્યરાત્રી પછીના પહેલા કલાકથી જ એ ઊગતો જાય છે.

આશીર્વાદ.

૨૨ ઑગસ્ટ ૧૯૬૯)

"માતાજી, વહેલા સૂઈ જઈને વહેલા ઊઠવું એ સારું કેમ ગણાતું હશે?"

જ્યારે સૂર્ય આથમે છે, ત્યારે પૃથ્વી ઉપર એક પ્રકારની શાંતિનું અવતરણ થાય છે અને આ શાંતિ ઊંઘને માટે સહાયક હોય છે.

જ્યારે સૂર્ય ઊગે છે ત્યારે એક જોરદાર શક્તિ પૃથ્વી ઉપર ઊતરી આવે છે અને એ શક્તિ કામ કરવા માટે સહાય કરે છે.

જ્યારે તમે મોડા સૂઈને મોડા ઊઠો છો ત્યારે તમે કુદરતના કાયદાથી વિરુદ્ધ વર્તન કરો છો અને એ વસ્તુ કાંઈ ડહાપણ ભરેલી ન ગણાય.

આશિષ.

(૨૧ ડિસેમ્બર ૧૯૬૯)

"માતાજી, અહીંના અમારા શિક્ષકો અને કૅપ્ટનો પ્રત્યે અમારું વલણ કેવું હોવું જોઈએ?"

તમારું વલણ આજ્ઞાપાલક, ઋજુ અને પ્રેમપૂર્ણ હોવું જોઈએ. એ તમારાં મોટાં ભાઈબેનો તમારે માટે ઘણી ઘણી મહેનત કરતાં હોય છે.

આશીર્વાદ.

(૧ ફેબ્રુઆરી ૧૯૭૦)

*

રજાઓ

> "રજાઓની બાબતમાં આશ્રમમાં બે પ્રકારની અફવાઓ ચાલે છે : 'એકમાં એવું છે કે આપ આ વખતે રજાઓમાં અમને બહાર જવા દેનાર છો, પણ પછીના વર્ષે નહિ. બીજી અફવા એવી છે કે આપ અમને બહાર જવા દેવા માગતાં નથી.' આમાંની કઈ અફવા સાચી છે તે મારે જાણવું છે, કારણ કે ઘણા વિદ્યાર્થીઓએ રજાઓમાં બહાર જવા માટે આપની પાસેથી પરવાનગી મેળવી લીધી છે."

બેમાંથી એકે ય સાચી નથી, બેમાંથી એકે ય ખોટી નથી.

એ બંને અને બીજી અનેક અફવાઓ મારા સંવાદસાધક અને સમન્વયાત્મક સંકલ્પની વિકૃત રજૂઆત છે.

દરેક વ્યક્તિને માટે, એ જો સત્યનિષ્ઠ હોય છે તો એની જરૂરિયત મુજબ મારો ઉત્તર હોય છે.

(૧૭ ઑક્ટોબર ૧૯૬૪)

*

> "માતાજી, બહાર જવાથી અમારી આધ્યાત્મિક સમૃદ્ધિ ગુમાવી બેસીએ છીએ એનું શું કારણ હશે અને એ કેવી રીતે ખોવાઈ જતી હશે ? અમે અમુક સભાન રીતનો પ્રયત્ન કરી શકીએ છીએ અને તમારી હાજરી પણ હંમેશાં ઉપસ્થિત તો હોય છે જ, ખરું કે નહિ ?"

પોતાનાં મા-બાપ પાસે જન્મમાં, ઘણુંખરું બીજા કોઈ પણ જાતના પ્રભાવ કરતાં તમે વધુ બળવાન પ્રભાવ હેઠળ આવો છો : તમારા આધ્યાત્મિક વિકાસમાં તમને તમારાં મા-બાપ સહાય કરે એવું વિરલ પ્રસંગે જ બને છે, કારણમ કે સામાન્ય રીતે એ લોકોને ભૌતિક પ્રાપ્તિઓમાં વધુ રસ હોય છે.

જે મા-બાપને આધ્યાત્મિક સિદ્ધિમાં વધુ રસ હોય છે તેવાં મા-બાપ, સામાન્ય રીતે તેમનાં બાળકોને તેમને મળવા બોલાવતાં નથી.

આશીર્વાદ.

(૮ નવેમ્બર ૧૯૬૯)

*

જે વિદ્યાર્થીઓ શાળાનું વર્ષ ૧૬મી ડિસેમ્બરે શરૂ થાય છે તે દિવસે હાજર નહિ હોય તેમને આખુંયે વર્ષ તેમના વર્ગોમાં હાજરી આપવા દેવામાં નહિ આવે.

(૮ નવેમ્બર ૧૯૬૯)

*

રજાઓ*

આપણે **પવિત્ર** દિવસો કહીશું ? એ બે પ્રકારના છે: શાસ્ત્રકથન પ્રમાણે પ્રભુએ આ સૃષ્ટિનું નિર્માણ કરવા માટે છ દિવસ (અથવા યુગો) સુધી કર્મ કર્યું અને સાતમો દિવસ તેમણે આરામ, એકાગ્રતા અને ધ્યાન કરવામાં ગાળ્યો. આને આપણે પ્રભુનો દિવસ કહી શકીએ.

બીજો પ્રકાર આવો છે: મનુષ્યો અને પ્રાણીઓ તેમના અંગત હેતુઓ માટે અને અહંમૂલક કામનાઓ સિદ્ધ કરવા માટે છ દિવસ કામ કરે છે અને સાતમે દિવસે તેઓ આરામ લે છે અને અંતરમાં કે ઊર્ધ્વમાં દૃષ્ટિ નાખે છે, પોતાના અસ્તિત્વ અને ચેતનાના મૂળ સ્રોતનું ધ્યાન ધરે છે, તેમાં ડૂબકી લગાવીને પોતાની શક્તિઓને સતેજ કરે છે.

આ શબ્દ અથવા વસ્તુને સમજવાની આધુનિક પદ્ધતિ વિષે કંઈ કહેવાની ભાગ્યે જ જરૂર પડે, એટલે કે, એમાં તો આનંદપ્રમોદની પ્રાપ્તિ માટેના વ્યર્થ પ્રયત્નો કરીને સમય બગાડવાપણું જ હોય છે.

*

> "ઑરોવિલમાં રહેનાર જે લોકોને સાચા સેવકો બનવું છે
> તેમને માટે રવિવાર એ રજાનો દિવસ છે ખરો ?"

શરૂઆતમાં, કામની વ્યવસ્થા એવી રીતે ગોઠવેલી કે દરેક વ્યક્તિ, પોતે જે સમૂહમાં રહેતી હોય તેના માટે છ દિવસ કામ કરે અને સાતમો દિવસ શ્રીપ્રભુની આંતરિક ખોજ માટે અને પોતાના સ્વરૂપનું પ્રભુને સમર્પણ કરવા માટે જુદો રાખેલો. એટલે રવિવારને આરામનો દિવસ રાખવા પાછળનો સાચો અર્થ અને કારણ આ જ છે.

સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સત્યનિષ્ઠા તો હોવી જ જોઈએ, એમાં કાંઈ કહેવાનું ન હોય; અસત્ય ગમે તે પ્રકારનું હોય, પણ એ છેવટે તો એક અધઃપાત જ છે

(૨૫ ઑક્ટોબર ૧૯૭૧)

*

---

* અંગ્રેજીમાં શબ્દ Holy day છે.

આશ્રમની બહાર અભ્યાસ

મારો ઇરાદો એવો હતો કે એ વિષયમાં કાંઈ પણ કહ્યા વિના તમને અભ્યાસ માટે ઇંગ્લૅન્ડ જવા દેવા, કારણ કે દરેક વ્યક્તિને પોતાના પસંદ કરેલા માર્ગનું અનુસરણ કરવાની સ્વતંત્રતા છે. પરંતુ તમે જ્યારે લખ્યું જ છે ત્યારે મને એમ લાગે છે કે તમને ઉત્તર આપવાની મારી ફરજ છે.

એમાં કોઈ શંકા નથી કે બાહ્ય દૃષ્ટિબિંદુથી જોતાં, ઇંગ્લૅન્ડમાં તમને એવી બધી જ સગવડો મળી રહેશે કે જેથી લોકોમાં જેને જ્ઞાન ગણવામાં આવે છે તે તમને પ્રાપ્ત થાય. પરંતુ સત્ય અને ચેતનાની દૃષ્ટિએ જોતાં, અહીં જે વાતાવરણમાં તમે રહો છો તેવું બીજે કોઈ ઠેકાણે નહિ મળે. અન્ય સ્થળે તમને ધાર્મિક કે આધ્યાત્મિક ભાવના પણ મળી આવે, પરંતુ સાચી આધ્યાત્મિકતા, પ્રભુનો સીધો સંપર્ક, એમને જીવન, મન અને કર્મમાં સાક્ષાત કરવાની અભીપ્સા,— આ વસ્તુઓ જગતમાં જવલ્લે જ અને ગણીગાંઠી વ્યક્તિઓને પ્રાપ્ત થાય છે અને કોઈ યુનિવર્સિટી તો ગમે તેટલું આગળ વધેલી હોવાનો દાવો કરતી હોય પણ એની પાછળ એ વસ્તુઓ એક જીવંત હકીકત તરીકે નહિ હોય.

વ્યાવહારિક રીતે, જ્યાં સુધી તમને લાગેવળગે છે ત્યાં સુધી, અહીં તમને જે અનુભૂતિ પ્રાપ્ત થઈ છે તેનાથી દૂર ખેંચાઈ જવાનું મોટું જોખમ ઊભું થશે અને તમારું શું થશે તે તમે જાણી શકશો નહિ.

મારે આટલું જ કહેવાનું હતું — હવે પસંદગી કરવાનુ અને નિર્ણય લેવાનું હું તમારી ઉપર છોડું છું.

(૨૨ ઑક્ટોબર ૧૯૫૨)

*

> અમે અહીં બાળપણથી રહેલા કેટલાક લોકોને આશ્રમ છોડીને કોઈ વ્યવસાય અર્થે અથવા તો અભ્યાસ માટે જતાં જોઈએ છીએ. જ્યારે એવા લોકોને આશ્રમ છોડીને જતા જોઈએ છીએ ત્યારે ખાસ કરીને અમારામાંના કુમળી વયના લોકોમાં અમુક પ્રકારની અનિશ્ચિતતા ઊભી થાય છે અને એ લોકો બીતાં બીતાં એમ કહે છે કે, 'કોણ જાણે કોઁક

દિવસ મારો પણ આવો વારો ન આવે?' મને લાગે છે કે આ બધા પાછળ કોઈ બળ કામ કરી રહ્યું છે, એ શું હશે?''

આ પ્રકારની અનિશ્ચિતતાની લાગણી અને વિદાય લેવાની ઘટનાઓની પાછળ એક એવી નિમ્ન પ્રકૃતિનું કાર્ય રહેલું છે કે જે યોગશક્તિના પ્રભાવમાં બાધા નાખે છે અને પ્રભુના કાર્યના વેગને ધીમો પાડવા માગે છે. એની પાછળ કોઈ રીતની અશુભ ભાવના રહેલી નથી પરંતુ એવી ખાતરી કરી લેવી હોય છે કે ધ્યેયને પહોંચવાની ઉતાવળમાં કશું પણ રહી ન જાય અથવા ભૂલી ન જવાય. અહીં ભણનારાં ઘણાં બાળકોને, તેઓ પ્રભુના કાર્ય માટે તૈયાર થાય તે પહેલાં જીવનની જવાબદારીઓનો સામનો કરવાનો આવે છે અને એટલે તેઓ સામાન્ય જીવનની કસોટીએ ચડવા આશ્રમ છોડીને જાય છે.

(૧૧ નવેમ્બર ૧૯૬૪)

*

(એક બાળકને કલકત્તામાં એક વ્યવહારુ રીતે ઉપયોગી કોર્સ માટે આમંત્રણ મળેલું તેના સંબંધમાં.)

જે લોકોને શીખવાની **ખરા હૃદયની ઝંખના** છે, તેમને માટે અહીં સર્વ પ્રકારની શક્યતાઓ રહેલી છે. અહીં જે વસ્તુ નથી અને બહાર છે તે વસ્તુ એ છે કે બાહ્ય શિસ્તનું નૈતિક બંધન.

અહીં તમે સ્વતંત્ર છો અને જે કાંઈ બંધન છે તે તમે જ્યારે **સત્ય-નિષ્ઠ** બની **પોતાની મેળે** પોતાની ઉપર મૂકયું હોય છે એટલું જ છે.

હવે નિર્ણય તમારે કરવાનો છે.

(૩ ઑગસ્ટ ૧૯૬૬)

*

''જે છોકરાઓ અને છોકરીઓ અમને એમ કહે છે કે તેઓ અહીં ભણવા આવેલાં છે, યોગ કરવા નહિ, એટલે તેઓ મનમાં આવે તે કરી શકે છે — આ વસ્તુ પ્રત્યે અમારે કયું વલણ રાખવું?''

એમને કહી દેવું કે એમણે અહીં રહેવું ન જોઈએ. આપણે એમની ઉપર યોગસાધના લાદતા નથી; પરંતુ એ લોકોએ ચોખ્ખાઈભરી અને સુઘડ જિંદગી ગાળવી જોઈએ. જો એમને એમ ન કરવું હોય તો બીજે ગમે ત્યાં જઈ શકે છે.

"માતાજી, એમને અહીંથી કાઢી મૂકી શકાય?"

આવા લોકોમાંથી જેનો અભ્યાસ નબળો હોય એવી એક વ્યક્તિને મારી પાસે મોકલજો. હું અમુક રીતનો અખતરો કરીશ. જો એ સફળ નીવડે તો તમે બીજાંને પણ મારી પાસે લાવજો.

*

(એક શિક્ષકે લખેલું કે કેટલાક વિદ્યાર્થીઓને શિક્ષણ કેન્દ્ર પ્રત્યે અસંતોષ છે.)

તમે એમને કહી શકો છો કે જો તેઓને એમ લાગતું હોય કે જે વસ્તુ બીજે શીખવા ન મળે તે વસ્તુ એમને અહીં શીખવા મળે છે, તો પછી બીજી કોઈ શાળામાં જઈ શકે છે. આપણને એમની ખોટ વર્તાવાની નથી.

ચીલાચાલુ વ્યક્તિઓના સમૂહ કરતાં ચૂંટેલાં થોડાંક બાળકો રાખવાં વધુ સારું છે.

*

(એક વિદ્યાર્થીએ એનો અભ્યાસ લગભગ પૂરો કર્યો હતો. એ નિર્ણય કરી શકતો ન હતો કે એણે યુનાઇટેડ સ્ટેટ્સમાં કૉલેજમાં દાખલ થવું કે આશ્રમમાં રહીને જીવન ગાળવું અને કાર્ય કરવું. એણે શ્રી માતાજીને નિર્ણય કરવાનો અનુરોધ કરેલો.)

હું તમને સીધેસીધું કહી દઈ શકું છું કે સર્વ વસ્તુઓનો આધાર તમે જીવનમાંથી શાની અપેક્ષા રાખો છો તેની ઉપર છે. જો તમારે સામાન્ય જીવન અથવા એથી વધુ તો લોકોમાં ગણાતી જૂની રીતની સફળતાપૂર્વકનું જીવન ગાળવું હોય, તો બેશક, અમેરિકા જાઓ અને તમારાથી થાય એટલો લાભ ઉઠાવવા પ્રયત્ન કરો.

એથી ઊલટું, જો તમારે ભાવિ માટે તૈયાર થવું હોય અને જે નૂતન સર્જનની એ તૈયારી કરી રહ્યું છે તેને માટેની અભીપ્સા સેવતા હો તો અહીં જ રહો અને જે વસ્તુ આવનાર છે તેને માટે તૈયારી કરો.

(૧૭ જાન્યુઆરી ૧૯૬૯)

*

આપણે અહીં એવાં જ બાળકો જોઈએ છે જેઓ નૂતન જીવન માટે તૈયારી કરવા માગતાં હોય અને જીવનની સામાન્ય સફળતા કરતાં પ્રગતિને વધુ મહત્ત્વ આપતાં હોય. આપણે એવાં બાળકો જોઈતાં નથી જેઓ દુનિયામાં કમાણી કરવા માટે તૈયાર થવા માગતાં હોય અને જેમને દુન્યવી રીતની સફળતા જોઈતી હોય. એ લોકો બીજે ગમે ત્યાં જઈ શકે છે.

બાળકો પાસેથી આપણે જે વસ્તુની અપેક્ષા રાખીએ છીએ તેઓ દસ વર્ષ કરતાં મોટી ઉંમરનાં હોવાં જોઈએ — એમાંનાં જે કોઈ નવીન સાહસ માટે તૈયાર હોય, જેમને નૂતન જીવન જોઈતું હોય, જેઓ ઉચ્ચતર સિદ્ધિ માટે તૈયાર છે, જેમને આ જગત બદલવાની ઇચ્છા છે અને જેવું ચાલે છે એમ ને એમ લાંબો સમય ચાલવા દેવું નથી **એવાં બાળકોને** આપણે આવકારીએ છીએ.

આપણે તેમને સહાય કરીશું.

(જાન્યુઆરી ૧૯૭૨)

*

આવજે, મારા બાળક, તારી જે અનુભૂતિ હતી તેને કદી પણ ભૂલીશ નહિ અને બહારના અંધકારને તારી ચેતનાને આવરી દેવા અગર ભેદવા દઈશ નહિ.

હું તારી સાથે છું.

*

આવજો, મારાં બાળકો, હું આશા રાખું છું કે જીવન તમારે માટે સુખમય બને, અને એક દિવસ તમે જ્યોતિ અને સત્યમાં પુનર્જન્મ પામો.

શિક્ષકો

ભણતર પ્રત્યે, હંમેશાં અને સર્વ સ્થળે શીખવામાં રસ જાગે, એ બાળકને આપી શકાય તેવી ઉત્તમ ભેટ છે.

*

પોતાની જાત વિષે જ્ઞાન મેળવતાં અને પોતાની જાત ઉપર કાબૂ રાખતાં શીખવું એ દરેક જીવંત સ્વરૂપની મોંઘી મૂડી છે. પોતાની જાતને જાણવી એટલે પોતાનાં કાર્યો અને પ્રતિકાર્યો પાછળના હેતુઓ વિષે, પોતાની અંદર જે કાંઈ બને છે તે કેમ અને કેવી રીતે બને છે તે વિષે જ્ઞાન પ્રાપ્ત કરવું. પોતાની જાત ઉપર કાબૂ રાખવો એટલે પોતે જે વસ્તુ કરવાનો નિર્ણય કર્યો હોય તે કરવી, એના સિવાય બીજું કાંઈ ન કરવું અને આવેગો, કામનાઓ કે તરંગો પ્રત્યે ધ્યાન ન આપવું અને તેમનું અનુસરણ ન કરવું.

એક નાના બાળકને નીતિના નિયમ શીખવવા એ કાંઈ આદર્શ વસ્તુ નથી. પરંતુ એમ કર્યા સિવાય ચલાવી લેવું પણ ઘણું મુશ્કેલ છે. જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમ તેને સર્વ નૈતિક અને સામાજિક નિયમોમાં રહેલી સાપેક્ષતા શીખવી શકાય, જેથી કરીને તે પોતાની અંદરથી જ એક ઊર્ધ્વતર અને વધુ સત્ય નિયમ શોધી શકે. જે લોકો માનવનિયમોનો અસ્વીકાર કરે છે અને પોતાના સ્વાતંત્ર્ય અને "પોતાનુ જીવન પોતાની રીતે જીવવા"ના નિર્ણયની ઘોષણા કરે છે તેમાંના મોટા ભાગના લોકો કેવળ પોતાની પ્રાણમય ગતિઓને આધીન થઈને એમ કરે છે. એમને તે પોતાની નહિ તો બીજાની નજરથી સંતાડવા અને વાજબી ઠરાવવા પણ પ્રયત્ન કરે છે. એ લોકો નીતિમત્તાને લાત મારે છે કારણ કે એ વસ્તુ એમની અંધ પ્રેરણાઓને સંતોષવામાં આડે આવે છે.

જ્યાં સુધી તમે નૈતિક અને સામાજિક નિયમોની ઉપર પોતાનું સ્થાન લીધું ન હોય ત્યાં સુધી તેમની યોગ્યાયોગ્યતાની તુલના કરવાનો કોઈને અધિકાર નથી. આપણે એ નૈતિક અને સામાજિક નિયમોને બદલે કોઈ ઉચ્ચતર વસ્તુ સ્થાપી શકતા ન હોઈએ — જે કરવું સહેલું નથી — તો એથી એમનો ત્યાગ કરવો યોગ્ય નથી.

ગમે તે પ્રસંગે, જો કોઈ બાળકને ઉત્તમમાં ઉત્તમ ભેટ આપવાની હોય તો એ ભેટ તેને પોતાની જાતનું જ્ઞાન પામતાં શીખવવામાં અને પોતાની જાત ઉપર કાબૂ રાખતાં શીખવવામાં રહેલી હોય છે.

(જુલાઈ ૧૯૩૦)

*

સફળ શિક્ષકના વ્યક્તિત્વનાં પાસાં*

૧. સંપૂર્ણ આત્મસંયમ : તમે કોઈ પણ રીતે ગુસ્સો ન બતાવો એટલું જ નહિ, પણ કોઈ પણ સંયોગો હેઠળ તમારે સંપૂર્ણ શાંત અને અક્ષુબ્ધ રહેવું જોઈએ.

૨. આત્મવિશ્વાસ : આ પરત્વે તમને એ પણ ભાન રહેવું જોઈએ કે તમારું મહત્ત્વ સાપેક્ષ પ્રકારનું છે.

સૌથી વિશેષ તો એ કે શિક્ષકને એ જ્ઞાન હોવું જોઈએ કે તે જો પોતાના વિદ્યાર્થીઓ પ્રગતિ કરે એમ ઇચ્છતો હોય તો તેણે પોતે જ હંમેશાં પ્રગતિ કરતા રહેવું જોઈએ. પોતે જે કાંઈ હોય યા પોતે જે કાંઈ પણ જાણતો હોય તેટલા માત્રથી સંતુષ્ટ ન રહેવું જોઈએ.

૩. પોતાના વિદ્યાર્થીઓ કરતાં પોતામાં કોઈ તાત્ત્વિક રીતનું ચડિયાતાપણું છે એવી કોઈ વૃત્તિ તેનામાં ન હોવી જોઈએ; તેમ જ વિદ્યાર્થીઓમાંથી કોઈ અમુક પ્રત્યે વધુ પડતી પસંદગી કે આસક્તિ ન હોવી જોઈએ.

૪. તેણે જાણવું જોઈએ કે આધ્યાત્મિક રીતે બધા સમાન છે અને અન્ય પ્રત્યે માત્ર સહિષ્ણુતાનો ભાવ જ ન રાખતાં તેણે એક વિશ્વરૂપ દૃષ્ટિ યા સમજણ ધારણ કરવાં જોઈએ.

૫. "મા-બાપ તથા શિક્ષક એ બંનેએ બાળક પોતે પોતાની જાતને કેળવતું થાય, પોતાની બૌદ્ધિક, નૈતિક, રસાત્મક અને વ્યવહારુ શક્તિઓ વિકસાવે અને પોતે એક પૂર્ણ વ્યક્તિ તરીકે મુક્તપણે વિકાસ સાધે એ રીતનો વિકાસ કરવાની શક્તિ તેને મેળવી આપવાની છે તથા તેમાં સહાય કરવાની છે. બાળક કોઈ

---

* શિક્ષકોને એક કૉલેજ તરફથી શિક્ષણ કેન્દ્રને આ વિષય ઉપર એક પ્રશ્નાવલી મોકલવામાં આવેલી તે શ્રી માતાજીને બતાવવામાં આવેલી. એ સમયે શ્રી માતાજીએ આ પ્રકારની ટિપ્પણી કરેલી.

નિર્જીવ માટીનો લોંદો છે એમ માની તેને ગૂંદી ગૂંદીને ઘાટ આપવાનો હોતો નથી" (શ્રી અરવિંદ, હ્યુમન સાયકલમાં).

(પ્રસિદ્ધ : જૂન ૧૯૫૪)

*

એ કદી ન ભૂલશો કે એક સારા શિક્ષકે સર્વ પ્રકારના અહંકારનો ત્યાગ કરવાનો હોય છે. *

(૧૦ ડિસેમ્બર ૧૯૫૯)

અને શ્રી અરવિંદે આપણને આપેલા અતિમાનસ સત્ય પ્રમાણેનું શિક્ષણ આપવા માટે આપણામાંથી અહંકારે તો વિદાય જ લેવી જોઈએ.*

(ડિસેમ્બર ૧૯૬૦)

*

સર્વ પ્રકારના અભ્યાસના વિષયો, અને કંઈ નહિ તો મોટા ભાગના અભ્યાસના વિષયોમાં ભૂતકાળ વિષે જ્ઞાન મેળવવાનું આવે છે અને એમાંથી એવી આશા રાખવામાં આવે છે કે તમે વર્તમાનને વધુ સારી રીતે સમજી શકશો.

પરંતુ વિદ્યાર્થીઓ ભૂતકાળને ચીટકી રહે અને ભાવિ પ્રત્યે નજર નાખવાનો ઇનકાર કરે તે ભયને નિવારવાની આપણી ઇચ્છા હોય તો આપણે વિદ્યાર્થીઓને સારી રીતે કાળજી રાખીને સમજાવવું જોઈએ કે ભૂતકાળમાં જે કાંઈ બનેલું છે તેણે વર્તમાનને તૈયાર કર્યો છે અને એ વર્તમાને ભાવિને માટેનો એવો માર્ગ તૈયાર કર્યો છે, જે ખરેખર સૌથી વધુ અગત્યની વસ્તુ છે અને તેનું અનુસરણ કરવા માટે આપણે તૈયાર થવાનું છે.

પોતાની અંદર અંતઃપ્રજ્ઞાની ખિલવણી કરીને જ આપણે આપણી જાતને ભાવિ માટે તૈયાર કરી શકીએ છીએ.

(૧૮ સપ્ટેમ્બર ૧૯૬૭)

*

ભૂતકાળ કરતાં ભવિ વિષે વધુ વિચાર કરો.*

(૧૫ ડિસેમ્બર ૧૯૭૨)

*

*શિક્ષકોની વાર્ષિક સભા માટેનો સંદેશ.

શિક્ષણ

શાળા એ શિક્ષક તેમ જ વિદ્યાર્થી, બંને માટે પ્રગતિ કરવાની શકયતાનું સ્થાન હોવું જોઈએ. દરેકને પોતપોતાની રીતે વિકાસ સાધવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

શિક્ષણની કોઈ પદ્ધતિ પોતે જ શોધી કાઢી હોય તેના કરતાં બીજી કોઈ પદ્ધતિ વધુ સારી રીતે લાગુ કરી શકાતી નથી. એમ નથી હોતું ત્યારે એ આખીયે વસ્તુ, શિક્ષક તેમ જ વિદ્યાર્થી, બંનેને માટે કંટાળાજનક બની રહે છે.

*

એક વસ્તુ મારે ભારપૂર્વક કહેવી જોઈએ. બહારની યુનિવર્સિટીઓ જે કરે છે તેનું અનુસરણ કરવા પ્રયત્ન ન કરશો. વિદ્યાર્થીઓમાં ફક્ત આંકડા અને માહિતીનો ભંડાર ઠાંસી ઠાંસીને ભરવાનો પ્રયત્ન ન કરશો. એમને એટલું બધું લેસન ન આપશો કે જેથી એમને બીજું કાંઈ કરવા માટે સમય જ ન રહે. આપણે કોઈ ટ્રેન પકડવાની ઉતાવળમાં નથી. વિદ્યાર્થીઓ જે શીખે છે તે તેમને સમજવા દો. એ જ્ઞાન એમને આત્મસાત્ કરવા દો. આપણે નક્કી કરેલો અભ્યાસક્રમ પૂરો કરી નાખવો છે એવા લક્ષ્યપૂર્વક કામ ન કરો. તમારે તમારો કાર્યક્રમ એવી રીતે ગોઠવવો કે વિદ્યાર્થીઓને જે વિષયો શીખવા હોય તેને માટે તેમને સમય મળે. એમને શારીરિક કસરતો માટે પૂરતો સમય રહેવો જોઈએ. હું ઇચ્છતી નથી કે એ લોકો વિદ્યાર્થી તરીકે સારા પણ ફીક્કા, દૂબળા અને પીળા પડી ગયેલા હોય. કદાચ તમે એમ કહેશો કે આમ કરીશું તો એમને અભ્યાસ કરવા માટે પૂરતો સમય જ નહિ રહે. તો પછી એમ કરવું પડશે કે અભ્યાસક્રમને માટે સમયમર્યાદા લંબાવવી પડશે. અમુક કોર્સને પૂરો કરવા માટે ચાર વર્ષ લેવાને બદલે ભલે છ વર્ષ લાગે. એમના માટે એમ થાય તો વધુ લાભદાયી નીવડશે. એ લોકો અહીંના વાતાવરણને વધુ પ્રમાણમાં આત્મસાત્ કરી શકશે અને એમની પ્રગતિ બીજી વસ્તુઓને ભોગે એક દિશામાં જ નહિ થાય. આ રીતે એમની પ્રગતિ સર્વદેશીય બનશે.

(૧૦ સપ્ટેમ્બર ૧૯૫૩)

*

"જો હાયર કોર્સના વિદ્યાર્થીઓને ઓછું લેસન આપવાનું હશે અને એમનું ધોરણ પણ જાળવવું હશે તો પછી, જે લોકોને

એમ લાગતું હોય કે એમને વધુ પડતું લેસન અપાય છે એમને થોડાક વિષયો છોડી દેવાનું કહેવું પડશે. એ રીતે, એ લોકો જે વિષયો લેવા માગતા હશે તેની ઉપર તેમનો સમય અને શક્તિ, વધુ પ્રમાણમાં એકાગ્ર રીતે વાપરી શકશે. એમના અભ્યાસક્રમને વધુ હળવો બનાવવા કરતાં આમ કરવું વધુ સારું રહેશે, એ કારણે એને લઈને અન્ય વિદ્યાર્થીઓ માટે તેમનું જે મૂલ્ય છે તે ઓછું નહિ થાય. એ તો સ્વાભાવિક છે કે આપણા કેટલાક વિદ્યાર્થીઓને કુદરતી બક્ષિશ છે એટલે એ લોકો અભ્યાસક્રમને પહોંચી વળે છે, પણ બીજા કેટલાકને એવી કુદરતી બક્ષિશ ન હોય તેઓ એટલી ઝડપને પહોંચી ન વળે. એવા બીજા પ્રકારના વિદ્યાર્થીઓ, અમુક વિષયોને હમણાં પૂરતા બાકી રાખે અને પાછળથી એક વર્ષ વધુ લઈને પૂરા કરે. આ ઉકેલ બરાબર છે?"

આ વસ્તુ સાપેક્ષ રીતની છે. આ બાબતમાં કોઈ સર્વસામાન્ય નિયમ ન બનાવી શકાય. એમાંના ઘણાખરાને આથી લાભ નહિ થાય. એ લોકો એવી કક્ષાએ પહોંચ્યા નથી કે જેથી એ લોકો થોડા વિષયો લે તો વધુ વિષયોમાં કરી શકે તેના કરતાં થોડાક વિષયો ઉપર વધુ પ્રમાણમાં એકાગ્રતા કરી શકે. આનું પરિણામ તો એ આવશે કે એ લોકો એકાગ્રતા કરવાને બદલે ઢીલાશ કરશે — અને એ તો સમયનો બગાડ કર્યા બરોબર થશે.

આનો ઉકેલ અહીં નથી. તમારે જે કરવાનું છે તે એ કે પોતે જે કાંઈ કરતાં હોય તેમાં બાળકોને રસ લેતાં કરવાં — એમ કરવું અને વિદ્યાર્થીઓમાં રસ જાગ્રત કરવો એ બંને એક વસ્તુ નથી! તમારે એમનામાં જ્ઞાન માટેની, પ્રગતિ માટેની ઝંખના જાગ્રત કરવી જોઈએ. કોઈને જો પ્રગતિ કરવી હોય છે તો એ ગમે તે વસ્તુ દ્વારા કરી શકે છે. ઉ. ત. કોઈ રૂમને સાફસૂફ કરીને પણ — પરંતુ આ વસ્તુ એકાગ્રતાપૂર્વક, એક અનુભવ ખાતર, પ્રગતિ કરવા માટે અને વધુ સભાન બનવા માટે કરવું જોઈએ. મારી પાસે જે વિદ્યાર્થીઓ આવીને મને કહે છે કે તેમના શિક્ષક સારા નથા. એમને માટે આ વાત અનેક વાર કહેવી પડે છે. ભલે એમને શિક્ષક પ્રત્યે નાપસંદગી હોય, કદાચ એ એમને નકામી વસ્તુઓ કહેતા હોય, કદાચ એ જોઈએ તેટલી ઊંચી કક્ષાના ન હોય, તો પણ તેઓ તેમના વર્ગમાંથી લાભ ઉઠાવી શકે, કોઈ અત્યંત રસદાયી વસ્તુ શીખી શકે છે અને ચેતનામાં પ્રગતિ કરી શકે છે.

મોટા ભાગના શિક્ષકોને **સારા વિદ્યાર્થીઓ** જોઈએ છે : સારા વિદ્યાર્થીઓ એટલે જેઓ ખંતપૂર્વક ધ્યાન આપતા હોય, જેમની સમજશક્તિ સારી હોય, જેઓ ઘણું જાણતા હોય અને પ્રશ્નોના ઉત્તરો સારી રીતે આપતા હોય. આને લઈને બધું વણસી જાય છે. વિદ્યાર્થીઓ તેમની ચોપડીઓ વાંચવા લાગી જાય છે, ભણવા અને શીખવામાં લાગી જાય છે. આ રીતે તો તેઓ કેવળ પુસ્તકો ઉપર અથવા બીજા લોકો જે કાંઈ કહેતા હોય કે લખતા હોય છે તેની ઉપર ધ્યાન આપે છે અને અંતઃપ્રજ્ઞાને લઈને જ્ઞાન મેળવનાર જે અતિ-ચેતન ભાગ છે તેની સાથેનો સંપર્ક ગુમાવી દે છે. નાનાં બાળકોમાં આવો સંપર્ક ઘણુંખરું હોય છે ખરો, પરંતુ અભ્યાસ દરમ્યાન એ ચાલ્યો જાય છે.

વિદ્યાર્થીઓ સાચી દિશામાં પ્રગતિ કરે તે માટે શિક્ષકો આ વસ્તુ સમજી લે એ ખાસ જરૂરી છે અને એ માટે એમણે વસ્તુઓને જોવાની અને શિખવવાની જૂની રીતોમાં પરિવર્તન કરવું પડશે એ તો સ્પષ્ટ છે. જો એમ નહિ થાય તો મારું કામ અટકી પડશે.

(૧૬ ડિસેમ્બર ૧૯૫૯)

*

(ઉચ્ચ કક્ષાના સાહિત્યના અભ્યાસક્રમમાં અંગ્રેજી સાહિત્યને ફરજિયાત વિષય રાખવો કે મરજિયાત, એ વિષે શિક્ષકોમાં મતભેદ હતો. જ્યારે આ વસ્તુ શ્રી માતાજી પાસે નિર્ણય માટે રજૂ કરવામાં આવી ત્યારે તેમણે આ પ્રમાણે ઉત્તર આપ્યો.)

શિક્ષકોને :

વસ્તુ વ્યવસ્થા પ્રત્યેનું **વલણ** જેટલું અગત્યનું છે તેટલી તેની વિગતોની અગત્ય નથી.

એમ લાગે છે કે શિક્ષકો પોતે જ જો બૌદ્ધિક કક્ષાથી ઉપર નહિ જઈ શકે તો તેઓ તેમની ફરજ બજાવવામાં અને તેમનું કાર્ય સિદ્ધ કરવામાં મુશ્કેલી અનુભવશે.

(૧૦ ઑગસ્ટ ૧૯૬૦)

*

તમે વસ્તુઓને એકસરખી કરીને એકતા નહિ સ્થાપી શકો.

કાર્યક્રમો અને પદ્ધતિઓને એકસરખી કરવાથી શિક્ષણમાં એકતા નહિ આવે.

એકતાની પ્રાપ્તિ માટે, આપણો જે મધ્યવર્તી આદર્શ છે, જે કેન્દ્રસ્થ શક્તિ કે જ્યોતિ છે, જે આપણા શિક્ષણનો હેતુ અને ધ્યેય છે તેના પ્રત્યે — સતતપણે, પ્રસંગની જરૂર પ્રમાણે શાંત રહીને કે અભિવ્યક્તિ દ્વારા — નિર્ભરતા રાખવાની જરૂર છે.

જે સાચી એકતા છે તે પોતાને વિવિધતામાં અભિવ્યક્ત કરે છે. કેવળ માનસિક તાર્કિકતા જ એકસરખાપણાની માગણી કરે છે. વ્યવહારુ રીતે, દરેકે પોતાની આગવી પદ્ધતિ શોધી કાઢીને, તે પોતે જેને સમજતો અને અનુભવતો હોય તેનો ઉપયોગ કરવો જોઈએ. જો આમ કરવામાં આવે, તો જ શિક્ષણનું કામ અસરકારક બની શકશે.

(૧૩ ઑક્ટોબર ૧૯૬૦)

*

"માતાજી, આપ થોડા શબ્દોમાં આપ જેને તત્ત્વતઃ 'સ્વતંત્ર પ્રગતિ' કહો છો તેની વ્યાખ્યા આપશો ?"

જે પ્રગતિનું માર્ગદર્શન આત્મા દ્વારા થતું હોય, જે આદતો, રિવાજો કે પૂર્વધારિત વિચારો પર આધાર ન રાખતી હોય.

*

(અનેક શિક્ષકોએ શ્રી માતાજીને એક એવો રિપોર્ટ મોકલ્યો જેમાં વિદ્યાર્થીઓના અનિયમિત અભ્યાસ અને વર્ગોમાંની અનિયમિત હાજરી વિષે ઊંડી ચિંતા વ્યકત કરવામાં આવી હતી. શિક્ષકોના અભિપ્રાય પ્રમાણે ગણ્યાગાંઠ્યા વિદ્યાર્થીઓ જ સંતોષજનક રીતે અભ્યાસ કરતા હતા. આના ઉકેલ તરીકે તેમણે એવું સૂચન કરેલું કે વર્ગોની વ્યવસ્થા વધુ કડક રીતની થવી જોઈએ. શ્રી માતાજીએ આ પ્રમાણે ટિપ્પણી કરેલી :)

પ્રથમ તો શિક્ષકોને :

રિપોર્ટમાં આપેલા આંકડાઓથી મને સંતોષ છે. કોઈ ગમે તેમ માનતું હોય છતાં ઉત્તમ વિદ્યાર્થીઓનું પ્રમાણ સંતોષજનક છે. જો ૧૫૦ વિદ્યાર્થીઓમાંથી ૭ વિદ્યાર્થીઓ સાચી ગુણવત્તાવાળા હોય તો એ ઘણી સારી વાત છે.

હવે વ્યવસ્થા વિષે :

બધા વર્ગોની એવી પુનઃવ્યવસ્થા કરવી જોઈએ કે જેથી કરીને મોટા ભાગના વિદ્યાર્થીઓ માટેની જરૂરિયાતો સંતોષાય, એટલે કે, જે વિદ્યાર્થીઓ

ઉપર બહારથી દબાણ ન લાવવામાં આવે કે ઉપરથી શિસ્ત લાદવામાં ન આવે ત્યાં સુધી સારી રીતે કામ ન કરતા હોય અને કશી પણ પ્રગતિ ન કરતા હોય તેમને માટે જરૂરી વ્યવસ્થા ગોઠવાય.

પરંતુ એ વસ્તુ અગત્યની છે કે શિક્ષણ વિષયની નવા વર્ગોની હાલની વ્યવસ્થા ચાલુ રહેવી જોઈએ કે જેથી કરીને આગળ પડતા વિદ્યાર્થીઓ તેમની મહત્તા પુરવાર કરી શકે અને સ્વતંત્રપણે તેમનો વિકાસ સાધી શકે. આપણું સાચું ધ્યેય એ જ છે. આ વસ્તુ જાણી લેવી જોઈએ — અને એ વસ્તુ જાહેર રીતે કહેતાં અચકાવું જોઈએ નહિ — કે આપણી શાળાનો ઉદ્દેશ એ છે કે જેમનામાં પ્રગતિ કરવા માટે જરૂરિયાતની લાગણી એટલે અંશે સભાનપણે પ્રગટી હોય કે જેને લઈને તેમને તેમની જિંદગીનું માર્ગદર્શન મળે, એવા લોકોને ઉત્તેજન આપવું. સ્વતંત્ર પ્રગતિના વર્ગોમાં દાખલ થવાની હકીકત એ એક વરદાનસમ ગણાવી જોઈએ.

અમુક નિયમિત સમયના ગાળાના અંતરે (ઉ.ત. દરેક મહિને) તારવણીનું કાર્ય થવું જોઈએ અને જે લોકો વિશિષ્ટ શિક્ષણનો લાભ ન લઈ શકતા હોય તેમને પાછા તેમના સામાન્ય પ્રવાહમાં મોકલી આપવા જોઈએ.

આ રિપોર્ટમાં જે ટીકાઓ કરવામાં આવી છે તે જેટલી વિદ્યાર્થીઓને લાગુ પડે છે તેટલી શિક્ષકોને પણ લાગુ પડે છે. ઉત્તમ લાયકાતવાળા વિદ્યાર્થી માટે, તેના વિષયમાં સંપૂર્ણ રીતે જાણકાર શિક્ષક પૂરતો છે — અરે એક સારું પાઠ્યપુસ્તક અને તેની સાથે સર્વજ્ઞાન સંગ્રહનો કોશ અને શબ્દકોશ હોય તો પણ પૂરતું છે. પરંતુ આ ક્રમમાં આપણે ઊતરતી ક્ષમતાવાળા વિદ્યાર્થીઓ તરફ જઈએ, ત્યારે જરૂર પડે છે વધુ ને વધુ ક્ષમતાવાળા શિક્ષકોની : એવા શિક્ષકમાં શિસ્ત, આત્મસંયમ, એકાગ્રતા, મનોવૈજ્ઞાનિક સમજશક્તિ, લગની લગાડે તેવો ઉત્સાહ, વિદ્યાર્થીમાં જે ભાગ સુષુપ્ત હોય તેને જાગ્રત કરવાની ક્ષમતા જેમાં જ્ઞાનપ્રાપ્તિનો સંકલ્પ, પ્રગતિ માટેની અને આત્મસંયમની ઝંખના, વગેરે આવી જાય — એ બધું હોવું જરૂરી છે.

આપણે જેમ આપણી શાળાની વ્યવસ્થા એવી રીતે કરીએ છીએ કે જેને લઈને આગળ પડતા વિદ્યાર્થીઓ જડી આવે અને આપણે તેમને સહાયભૂત થઈએ તેવી જ રીતે વર્ગોની જવાબદારીઓ પણ ઉત્તમ શિક્ષકોને સોંપવી જોઈએ.

આ કારણસર હું દરેક શિક્ષકને એમ કહું છું કે તેણે શાળામાંના તેના કાર્યને યોગ કરવાની ઉત્તમમાં ઉત્તમ અને શકય તેટલી વધુ ઝડપી પદ્ધતિ ગણીને કરવાનું છે. આ ઉપરાંત, હરેક મુશ્કેલી અને હરેક મુશ્કેલીદાયક વિદ્યાર્થી સાથે પાનું પાડવાનું આવે ત્યારે તેણે એમ સમજવાનું છે કે એ પ્રશ્નનો કોઈ દિવ્ય રીતનો ઉકેલ શોધવાની તેને તક આપવામાં આવી છે.

(૫ ઑગસ્ટ ૧૯૬૩)

*

"માતાજી, મારા વિદ્યાર્થીઓએ મને એમ કહ્યું છે કે શ્રી 'ઝ' એમને એમ કહેતા હતા કે પોતાની અંદર રહેલી ગુપ્ત શક્તિઓને પદ્ધતિસરના વ્યાયામ દ્વારા વિકસાવી શકાય છે અને આપે એ વ્યાયામની પદ્ધતિઓ તેમને શીખવી છે. તેમણે એમ પણ કહ્યું કે આપણે આપણા શિક્ષણ કેન્દ્રમાં એ વસ્તુનો પ્રયોગ કરવો જોઈએ."

જ્યારે 'ઝ' એ બહુ આગ્રહ કર્યો ત્યારે મેં તેને પહેલો પાઠ શીખવાડેલો — પરંતુ એનાં પરિણામ ધાર્યા કરતાં નિરાશાજનક આવેલાં, એટલે પછી મારે એ બંધ કરવું પડેલું.

જ્યારે સમય આવે છે ત્યારે આવી બધી વસ્તુઓ સ્વાભાવિક રીતે, સ્વયંભૂપણે પ્રગટ થાય છે અને માટે, આ વિષયમાં કોઈ ઉતાવળ કરીને નિર્ણય ન લેવો સારો.

"આપણે અહીં જે શિક્ષણ આપીએ છીએ તે અત્યારે તો બહાર અપાતા શિક્ષણ કરતાં બહુ ઓછું જુદું પડે છે. આટલા માટે જ, આપણે વિદ્યાર્થીઓની આધ્યાત્મિક અને ગુપ્ત શક્તિઓ ખીલવવાનો પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ આપણે આ વસ્તુ આપણી શાળામાં કઈ રીતે કરી શકીએ?"

આ વસ્તુ બાહ્ય પદ્ધતિઓ દ્વારા થઈ શકતી નથી. આ વસ્તુ લગભગ સર્વાંશે શિક્ષકના વલણ અને ચેતના ઉપર આધાર રાખે છે. જો તેનામાં પોતામાં જ આંતરિક દૃષ્ટિ અને જ્ઞાન ન હોય તો વિદ્યાર્થીઓને કઈ રીતે આપી શકે?

સાચું કહું તો આપણે આપણી આસપાસના વાતાવરણમાં આવી રહેલી સર્વવ્યાપી, દ્યોતક, આધ્યાત્મિક શક્તિ ઉપર આધાર રાખીએ છીએ, જો કે એ દેખાતી કે અનુભવાતી ન હોય તો પણ એની અસર તો ચાલુ જ છે.

(૨૦ એપ્રિલ ૧૯૬૬)

*

શિક્ષકોને અને વિદ્યાર્થીઓને :

"પ્રગતિગામી" વર્ગો* શ્રી અરવિંદના ઉપદેશ પ્રમાણેના છે.

આ વર્ગો સત્યની પ્રાપ્તિ પ્રત્યે દોરી જાય છે.

જે લોકો આ વસ્તુ સમજી શકતા નથી તેઓ, ભવિષ્ય પ્રત્યે પૂંઠ ફેરવી રહ્યા છે.

(સપ્ટેમ્બર ૧૯૬૬)

*

(એક શિક્ષકે એવી ફરિયાદ કરી કે અગત્ય વિનાની અને નાની વસ્તુઓ શીખવવામાં આવે છે – ઉ. ત. ભાષાના વર્ગના વિદ્યાર્થીઓને મૂર્ખતાપૂર્ણ વાર્તાઓ વાંચવાનું કહેવામાં આવે છે અને જુદા જુદા લોકોનાં જીવન અને રીતરિવાજો વિષે મહત્ત્વહીન વસ્તુઓ ભણાવવામાં આવે છે.)

તમારી મુશ્કેલીનું મૂળ એ હકીકતમાં છે કે તમારામાં હજી એવી જૂની માન્યતાઓ રહેલી છે કે જીવનમાંની કેટલીક વસ્તુઓ ઊંચી છે અને કેટલીક ઊતરતી કક્ષાની છે. આ પ્રકારની ગણતરી વાજબી નથી. કોઈ વસ્તુઓ કે પ્રવૃત્તિઓ ઊંચી કે નીચી નથી, કેવળ એ કરનારની ચેતના જ સાચી કે ખોટી હોય છે.

જો તમે તમારી ચેતનાનું પરમ ચેતના સાથે તાદાત્મ્ય સાધશો અને તેને જ અભિવ્યકત કરશો તો, તમે જે કાંઈ વિચારતા હશો, અનુભવતા હશો કે કરતા હશો તે સર્વ પ્રકાશિત અને સત્યપૂર્ણ બની રહેશે. આમાં જે બદલવાની

---

* સ્વતંત્ર પ્રગતિ પદ્ધતિના પાયા ઉપર રચવામાં આવેલા વર્ગોના સમૂહને શ્રી માતાજીએ આ નામ આપેલું (Vers la Perfection).

જરૂર છે તે શિક્ષણના વિષયને નહિ પરંતુ જે ચેતના દ્વારા તમે ભણાવો છો તેને — એટલે કે તેને પ્રકાશિત બનાવવાની છે.

(૩૧ જુલાઈ ૧૯૬૭)

*

"મને એ પણ ખબર નથી કે મારે આત્મા છે કે નહિ પરંતુ હું શિક્ષક છું એટલે મારી પાસે એ વસ્તુની અપેક્ષા રહે છે કે વિદ્યાર્થીઓ 'તેમના આત્માનો વિકાસ સાધે' એ વિષયમાં આગ્રહ રાખવો — થોડો પ્રકાશ જોઈએ છે."

આ વિરોધાભાસ એ કારણે ઊભો થાય છે કે તમે વસ્તુઓને 'મનોમય' રૂપ આપવા માગો છો — અને એમ કરવું શકય નથી. આ તો તમારા દૃષ્ટિ-બિંદુને લગતી, મુખ્યત્વે કરીને તો તમારા આંતરિક વલણને લગતી બાબત છે — જેના વડે તમારું બાહ્ય કર્મ **શકય તેટલા પ્રમાણમાં** દોરવાનું છે. આ વસ્તુ શીખવવા કરતાં **જીવી જાણવાની** અગત્ય વધુ છે.

*

"આપણે જો કોઈ નવીન વસ્તુ અપનાવવાની હોય તો તે કઈ ?"

એ વસ્તુ શિક્ષકની ક્ષમતાના પ્રમાણમાં શકય તેટલી સારી રીતે અમલમાં મૂકવામાં આવશે.

(૨૫ જુલાઈ ૧૯૬૭)

*

(એક શિક્ષકે એવું સૂચન કરેલું કે અમુક વર્ષના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમની પુનર્વ્યવસ્થા કરવી. એમની સલાહ એવી હતી કે નક્કી કરેલા વર્ગોની સંખ્યામાં ઘટાડો કરવો; શિક્ષકોએ વિદ્યાર્થીઓને સવારમાં વ્યક્તિગત રૂપે માર્ગદર્શન આપવું અને બપોર પછીના સમયમાં વર્ગના રૂપમાં તેમને મળવું. એમના પત્રને અંતે તેમણે જણાવેલું કે :)

"ઘણા શિક્ષકોને એમ લાગે છે કે 'ક્ષ'ના વર્ગો અને જેને 'જૂની પદ્ધતિ' કહેવામાં આવે છે એ બે વચ્ચે ભેદ રાખવો ઇચ્છવા યોગ્ય નથી. અમે જે રીતના પુનર્ગઠનનું સૂચન કરીએ છીએ તેને લઈને આ પ્રકારનો ભેદ મહદ્ અંશે ઘટી જશે. આપને એમ લાગે છે કે આ ભેદ ચાલુ રાખવો ? એ વિલીન થઈ જાય તેની અમારે રાહ જોવી ?"

જે ભેદ છે એ તરત જ અદૃશ્ય થઈ જાય એ ખૂબ ખૂબ અગત્યનું છે. તમે જે સૂચન કર્યું છે તે કેટલું અસરકારક નીવડશે એ તો અનુભવે ખબર પડશે. એટલે એ ઇચ્છવા યોગ્ય છે કે પરિણામો જણાતાં વાર લાગે તો એક આખું વર્ષ સુધી આ પ્રયોગ કરી જોવો, જો પરિણામ ત્રણેક માસમાં જણાય તો શું કરવું એ તરત નક્કી થઈ શકશે.

અંતરની સચ્ચાઈ અને સંજોગોને અનુકૂળ થવાની લાગણી રાખશો તો આ પ્રશ્ન ઊકલી જશે.

(૬ નવેમ્બર ૧૯૬૭)

*

"તા. ૬ નવેમ્બર ૧૯૬૭ના રોજ ઉચ્ચતર અભ્યાસક્રમના શિક્ષકોની સભા મળી હતી અને તેમાં એ અભ્યાસક્રમમાં ફેરફાર કરવાનાં કે બીજાં કોઈ સૂચનો હોય તે અંગે વિચારણા કરવાનો હેતુ હતો. એક એવી દરખાસ્ત રજૂ કરવામાં આવી કે ઉચ્ચતર અભ્યાસક્રમની નીચે મુજબ પુનર્વ્યવસ્થા કરવી : *

૧. અભ્યાસનો વિષય વિદ્યાર્થીએ સ્વતંત્રપણે નક્કી કરવો. એ એની સાચી અને ગંભીરપણે કરાતી શોધને અનુલક્ષીને હોવો જોઈએ;

૨. આ રીતે જે મુદ્દો નક્કી કરવામાં આવે તે અંગેની યોજના, તે મુદ્દાના પ્રકાર અનુસાર, લાંબા કે ટૂંકા ગાળાની હોવી જોઈએ;

---

* હવે પછી શ્રી માતાજીએ જવાબ આપેલો છે તે મૂળ ૧૪ દરખાસ્તો વિષેનો છે; તેમાંની પાંચ અત્રે રજૂ કરી છે.

૩. આ યોજનાનું સંશોધન કરવામાં, વિદ્યાર્થીએ પોતે જે શિક્ષક કે શિક્ષકો એ વિષયને હાથ ધરી શકે તેવી ક્ષમતાવાળા હોય તેમની સહાય લેવી;

૪. આ વિષયમાં કોઈ મૌખિક વર્ગો નક્કી નહિ કરવામાં આવે, પરંતુ વિદ્યાર્થીઓની સંમતિથી શિક્ષકો, જ્યારે જ્યારે જરૂર લાગે ત્યારે, મોટા ભાગે, બપોર પછીથી, મૌખિક વર્ગો લઈ શકે;

૫. વિદ્યાર્થીએ જે વિષય પસંદ કર્યો હોય તે વિષયમાં કેટલું કામ કરેલું હોવું જોઈએ તેનું કોઈ પ્રમાણ નક્કી થઈ શકે નહિ. પરંતુ પોતે એ કોર્સ પૂરો કર્યાના પ્રમાણ તરીકે વિદ્યાર્થીએ સતત પ્રયત્ન કર્યાનું, પોતાની શક્તિઓનો વિકાસ કર્યાનું, પોતાના વિષય વિષેની જાણકારીનું. અને એની ઉપરના પ્રશ્નોના ઉત્તર લેખિત તેમ જ મૌખિક રીતે આપી શકવાનું પ્રમાણ બતાવી આપવું જોઈએ. એમાં પૂરતી સ્પષ્ટતા અને ચોકસાઈ હોવી જોઈએ. કામના પ્રમાણ કરતાં તેની ગુણવત્તા વધુ અગત્યની ગણવી પરંતુ કામનું પ્રમાણ પણ સાવ નજીવું ન હોવું જોઈએ, એની ઉચ્ચ કક્ષાને ન્યાય થાય એટલા પ્રમાણમાં હોવું જોઈએ.

ઉપરની દરખાસ્ત, થોડાક અપવાદો સિવાય સામાન્યપણે મંજૂર કરવામાં આવી હતી અને એવું નક્કી કરવામાં આવેલું કે આ વસ્તુ શ્રી માતાજી સમક્ષ રજૂ કરી તેમનું આ બાબતમાં માર્ગદર્શન માગવું.''

ઉપરની દરખાસ્તો બરાબર છે. હવે અગત્યની વસ્તુ એ બધું સત્યનિષ્ઠાપૂર્વક અને અસરકારક રીતે અમલમાં મૂકવું એ છે.

આશીર્વાદ.

(નવેમ્બર ૧૯૬૭)

*

''ક્ષ'એ એમ કહ્યું છે કે પ્રોજેક્ટ મેથડ પ્રમાણે દરેક વિદ્યાર્થીને જે એક કે બે વિષયો લઈને એ વિષયોનો સઘન અને સંશોધનાત્મક અભ્યાસ કરવાની સાથે તેમણે જ્ઞાનની

અગત્યની શાખાઓનું વિસ્તૃત જ્ઞાન પ્રાપ્ત કરવા માટે એક વધુ વ્યાપક રીતનો કાર્યક્રમ હાથ ધરવો કે નહિ, તે બાબતમાં શ્રી માતાજીને પૂછી જોવું."

School is just a preparation to make the students capable of thinking, studying, progressing and becoming intelligent if they can — all that must be done during the *entier life* and not only in school. *

શાળા તો કેવળ વિદ્યાર્થીઓને વિચાર કરતાં, અભ્યાસ કરતાં, પ્રગતિ કરતાં શીખવાનું અને જો તેમનાથી બને તો બુદ્ધિમાન થવા માટેનું સ્થાન છે — આ વસ્તુ કેવળ શાળામાં નહિ પણ આખા યે જીવન દરમ્યાન કર્યે જવાની છે.

(નવેમ્બર ૧૯૬૭)

*

"એમ માનવામાં આવે છે કે માધ્યમિક કક્ષા સુધી તો બાળકો બહુ નાનાં હોઈને તેઓ યોગ વિષે જાણવા માગે છે કે કેમ અને તેઓ યોગ કરવા માગે છે કે કેમ તે તેઓ જાણી ન શકે. એટલે તેમને માટે તો કેળવણી એટલે ભણવાનું, બીજું કાંઈ નહિ.

પરંતુ હું ધારું છું કે ઉચ્ચતર કોર્સના વિદ્યાર્થીઓને આપણે સ્પષ્ટ કરી દેવું જોઈએ કે જેઓ યોગ માટે અહીં આવ્યા હોય તેમને માટે જ એ કોર્સ છે — તો જ, શિક્ષણ એ યોગ બની શકે.

જો માતાજી આ વિષયમાં તેમનું માર્ગદર્શન આપે તો અમારે માટે વસ્તુઓ ઘણી સ્પષ્ટ બની રહે."

સાચ એવું તો નથી. પ્રાથમિક, માધ્યમિક તેમ જ ઉચ્ચ કક્ષાના વર્ગોમાંનાં બાળકોએ, તેમના શિક્ષણની બાબતમાં યોગની પદ્ધતિનું અનુસરણ કરવાનું છે અને નૂતન જ્ઞાન માટેની તૈયારી કરીને તેનું અવતરણ કરાવવાનું છે. એટલે એમ કહી શકાય કે બધા જ વિદ્યાર્થીઓ યોગ કરે છે.

---

* મૂળ ગ્રંથમાં આટલો ઉત્તર શ્રી માતાજીના પોતાના હસ્તાક્ષરોની છબીના રૂપમાં છે.

પરંતુ યોગ કરનારાઓ અને સાધકો વચ્ચેનો ભેદ સમજવાની જરૂર છે. સાધક બનવા માટે, વ્યક્તિએ પોતાનું સમર્પણ કરવાનું રહે છે અને એમ કરવા માટેનો નિર્ણય સંપૂર્ણ અને સ્વયંભૂ હોવો જોઈએ છે. જ્યારે સાદ આવે ત્યારે આમ કરવાનો નિર્ણય વ્યક્તિએ પોતે લેવાનો હોય છે, એ બાબતમાં કોઈ દબાણ કે સૂચન કરી શકાય નહિ.

આશીર્વાદ. *

(૧૬ નવેમ્બર ૧૯૬૭)

*

(ગણિતના વર્ગો માટેનાં પાઠ્યપુસ્તકોની પસંદગી વિષે.)

આમાં મને તો ફ્રેંચ પુસ્તક જ વાજબી જણાય છે — અન્ય પુસ્તકો અણગમો ઉપજાવે તેવાં અને આપણને કામ કરવાનું ન ગમે એવાં લાગે છે.

પરંતુ આ ફ્રેંચ પુસ્તક તમે વિદ્યાર્થીઓને આપો તેવી મારી સલાહ નથી. ખરું જોતાં તેમને પુસ્તકોની જરૂર જ નથી. શિક્ષક અથવા શિક્ષકોએ, એ પુસ્તક ઉપરથી, વિદ્યાર્થીઓને જે જ્ઞાન માફક આવે તેવું હોય, જે તેમની ક્ષમતા અને જરૂરિયાતોને પૂરી પાડે તેવું હોય, તેનો ઉપયોગ કરીને જુદાજુદા પાઠ બનાવી લેવા જોઈએ. કહેવાનો હેતુ એ છે કે, પુસ્તકના વિષયને શિક્ષકોએ સારી રીતે શીખી લેવો જોઈએ અને તેનું રૂપાંતર કરીને, થોડે થોડે કરીને, વિદ્યાર્થીઓને સમજાવવો જોઈએ. આમ કરવા માટે, કોઈ એક સમયે થોડોક ભાગ હાથ ઉપર લઈને તેની ઉપર જુદાંજુદાં સ્પષ્ટીકરણો, ટીકાઓ અને વ્યવહારુ દાખલા આપવા જોઈએ જેથી કરીને, વિદ્યાર્થીઓને એ કોઈ મૃતવત્, શુષ્ક થિયરી લાગવાને બદલે સમજાય તેવો, આકર્ષક અને વ્યવહારક્ષમ વિષય લાગે.

(૩ ડિસેમ્બર ૧૯૬૭)

*

"મધુર માતાજી,

ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમ માટે અમે એકાદ અઠવાડિયાથી અમારો નવો પ્રયોગ શરૂ કર્યો છે. અને એમાંથી કેટલાક

---

* શ્રી માતાજીએ તેમની ટિપ્પણીનો આ રિપોર્ટ વાંચ્યા પછી "આશીર્વાદ" શબ્દ લખી તેની નીચે પોતાની સહી કરેલી.

પ્રશ્નો ઊભા થયા છે. એ વિષયમાં આપ માર્ગદર્શન આપો અને પ્રકાશ પાડો એવી વિનંતી કરું છું.

શિક્ષકો અને વિદ્યાર્થીઓના સંબંધોનું સંયોજન અને કાર્યક્રમ એવી રીતે ગોઠવ્યાં છે કે જેને લઈને વ્યક્તિગત વિકાસ અને પ્રગતિ માટે સ્વતંત્રતા મળી રહે, તેને પ્રાથમિક અગ્રતા મળે.

૧. કેટલાક શિક્ષકો એમ કહે છે કે સત્ત્વશીલ વિદ્યાર્થીઓ માટે તો આ બધું બરાબર છે પણ સામાન્ય અથવા સાધારણ કક્ષાના વિદ્યાર્થીઓને માટે તેમ નથી.

> પરંતુ માતાજી, અમારે શું એવો પ્રયત્ન ન કરવો કે જેથી સામાન્ય વિદ્યાર્થીઓ ધીરે ધીરે કરીને સત્ત્વશીલ બની રહે ? અને જો એમ કરવું બરાબર હોય તો પછી અમે એમ કરીએ કે સત્ત્વશીલ વિદ્યાર્થીઓની કેળવણી ઉપર વધુ ભાર મૂકીએ અને સામાન્ય વિદ્યાર્થીઓને, અવારનવાર જરાક ઓછોવત્તો પણ વધુ સમય આપીએ, થોડીક છૂટછાટ મૂકીએ — અને તેમ છતાં છેવટનું ધ્યેય એવું રાખીએ કે આવી છૂટછાટ મૂકવાનું અંતે બંધ કરી શકાય ?''

આપણે તો અહીં સત્ત્વશીલ ગણાય એવાં જ બાળકો જોઈએ છે. વ્યવસ્થા એમને માટે ગોઠવવાની છે. જે બાળકો એમાં બંધબેસતાં ન થઈ શકે તેમણે એક વર્ષની તાલીમ લીધા પછી જ જવું જોઈએ.

> ''૨. કેટલાક શિક્ષકોનું એમ કહેવું છે કે વ્યક્તિગત પ્રગતિ અને એ વ્યક્તિ જેનો ભાગ છે તે સમૂહની પ્રગતિ માટેની જરૂરિયાતો વચ્ચે વિસંવાદ તો રહેવાનો જ. તો આ વિસંવાદનો શો ઉકેલ ?
>
> એવી દલીલ કરવામાં આવે છે કે જો કોઈ વ્યક્તિ તેના ગ્રુપ સાથે ઓછાવત્તા અંશે પણ રહી શકે તો તેને એ ગ્રૂપના અનુભવોનો, ચર્ચાઓનો અને સામૂહિક અભ્યાસનો લાભ મળી શકે.''

એ બધી નકામી વાતો છે — જો કોઈ વ્યક્તિ પોતાનાથી બને તેટલી વધુ પ્રગતિ કરે તો, એનો લાભ અનિવાર્યપણે સમૂહને મળે છે. જો વ્યક્તિને, ગ્રૂપ માટેની

શકયતા અને ક્ષમતાને આધીન છોડી દેવામાં આવે છે તો તેને લઈને તેની સર્વાંગીણ પ્રગતિ થવાની તક એળે જાય છે.

(૨૨ ડિસેમ્બર ૧૯૬૭)

*

"થોડા સમય પહેલાં મને 'ક્ષ'એ પૂછેલું કે હું સ્વતંત્ર પ્રગતિના વર્ગોમાં કામ કરવા તૈયાર છું કે નહિ. અત્યારે હું જે વર્ગોમાં કામ કરું છું તે જેમને 'જૂના રીતના' કહેવાય છે તેવા વર્ગો છે.

માતાજી, મને કહો કે હું જ્યાં છું ત્યાં જ રહું કે સ્વતંત્ર પ્રગતિના વર્ગોમાં કામ કરું?"

શિક્ષણની જૂની પદ્ધતિનો સમય ચાલ્યો ગયો છે અને ધીરે ધીરે આખા જગતમાંથી તેનો ત્યાગ કરવામાં આવશે.

પરંતુ સાચું કહું તો, દરેક શિક્ષકે આધુનિક વિચારોમાંથી પોતાની પ્રેરણા મેળવવી જોઈએ અને પોતાને જે પદ્ધતિ ઉત્તમમાં ઉત્તમ અને પોતાની પ્રકૃતિને સૌથી વધુ અનુકૂળ હોય તે અપનાવવી જોઈએ. જો એને પોતે શું કરવું તેની સમજ ન પડતી હોય તો તેણે તેના વર્ગોને 'ક્ષ'ના વર્ગ સાથે જોડવા જોઈએ.

*

સામાન્ય રીતના વર્ગો એ ભૂતકાળની ઘટનાઓ છે અને તેઓ ધીરે ધીરે વિલીન થઈ જશે. હવે એકલા કાર્ય કરવું કે 'પ્રગતિગામી વર્ગો'માં દાખલ થવું તે તમારા ઉપર આધાર રાખે છે. કારણ કે આવા વર્ગમાં શીખવવા માટે થિયરી અને બૌદ્ધિક તર્કો કરતાં તમારે સંપૂર્ણ વિગતો સાથેના વ્યવહારુ ઉપયોગની યોજના ઘડવાની અને અમલમાં મૂકવાની રહે છે.

વર્ગ લેવાની સાથે પોતે પણ ભણતા જવું એ ભાવિશિક્ષક માટે ઘણું સારું રહે છે પરંતુ વિદ્યાર્થીઓને એથી ઓછો લાભ મળે છે.

'પ્રગતિગામી વર્ગો'માં દાખલ થવાથી, શરૂઆત કરનારને એક એવી સારી તાલીમ મળે છે કે જેથી એ શિક્ષણની વ્યવહારુ બાજુને સારી પેઠે શીખી શકે છે.

પસંદગી તમારે કરવાની છે.

*

"મેં જોયું કે મારી અંદર બે પરસ્પર વિરોધી પ્રકારના વિચારો રહેલા છે : એક રીતે જોતાં વ્યક્તિગત કામ સારું લાગે છે, બીજી રીતે જોતાં સામૂહિક કાર્ય સારું લાગે છે."

એમ ન થઈ શકે કે વર્ગને (જરૂરિયાત પ્રમાણે સરખા ભાગે કે ઓછાવત્તા ભાગે) જુદા જુદા વિભાગમાં વહેંચીને બંને પદ્ધતિઓનો અમલ કરવો ? આ રીતે શિક્ષણમાં વૈવિધ્ય આવશે અને વિદ્યાર્થીઓનું અને તેમની ક્ષમતાઓનું અવલોકન કરવાનું વધુ વિશાળ ક્ષેત્ર મળી શકશે.

*

(આ નીચે ૧૪ થી ૧૮ વર્ષનાં બાળકોનાં બે જૂથોને લગતા પ્રશ્નોનો સારાંશ આપ્યો છે. આમ તો એ બંને જૂથોનો પાયો 'સ્વતંત્ર પ્રગતિની પદ્ધતિ' ઉપર હતો, તેમ છતાં 'આગેકદમ' પદ્ધતિ, 'પૂર્ણ પ્રગતિ' પ્રકારના વર્ગો કરતાં વધુ નિશ્ચિત વ્યવસ્થાવાળી હતી.)

"૧. આપણી શાળામાં કઈ દિશામાં જવું એ સંબંધે શિક્ષકોમાં જુદાજુદા અભિપ્રાયો પ્રવર્તે છે. આ વિસંવાદને કઈ રીતે દૂર કરવો ?

૨. શું એમ કરવું કે ૧૪ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકો માટે નિશ્ચિત કાર્યક્રમ અને નિશ્ચિત પ્રકારના વર્ગો રાખવા કે એમને પણ આપણે પોતાના કાર્યની માર્ગરેખા જાતે જ પસંદ કરવા દેવી અને તેમને પણ તેમનાથી શકય હોય એટલી ઝડપે પ્રગતિ કરવા સ્વતંત્ર રાખવાં ?

૩. આપણા કાર્યનો જરૂરી પાયો એ છે કે નહિ, કે બાળકનો અંતરાત્મા આગળ આવીને પોતાનો વિકાસ કરવાનું માર્ગદર્શન દઈ શકે એમ શકય બનાવવું ?

૪. આપણે એવી કલ્પના કરી શકીએ કે ભવિષ્યમાં 'આગેકદમ' અને 'પૂર્ણ પ્રગતિ'નાં બે જૂથોને ભેગાં કરીશું?"

એ બધાં સાચાં પણ છે અને ખોટાં પણ છે.

પ્રથમ વાત તો એ કે સાત વર્ષની ઉંમર પછી જેમનો આત્મા જીવંત હોય છે તે એવાં જાગ્રત હોય છે કે, જો તેમને મદદ કરવામાં આવે તો તેઓ એને શોધી શકે. સાત વષ નીચેની ઉંમરનામાં આવું જવલ્લે જ બને છે.

આપણાં બાળકોમાં ઘણું વૈવિધ્ય છે. પ્રથમ તો એવાં છે, જેમનો આત્મા જીવંત છે. તેમને માટે કોઈ પ્રશ્ન નથી. આપણે કેવળ તેમને એ શોધી કાઢવા માટે સહાય કરવાની છે.

પરંતુ બીજાં કેટલાંક એવાં છે કે જાણે તેઓ નાનાં પ્રાણીઓ હોય. જો તેઓ બહારનાં બાળકો હોય અને તેમનાં માબાપ તેમને શિક્ષણ આપવામાં આવે એવું ઇચ્છતાં હોય તો એમને માટે 'આગેકદમ' વર્ગો માફક આવે તેવા છે. એની કશી અગત્ય નથી.

આમાં પ્રશ્ન કોઈ વર્ગો કે કાર્યક્રમ પસંદ કરવાનો નથી. પ્રશ્ન છે બાળકોની પસંદગીનો.

સાત વર્ષની ઉંમર સુધી બાળકોએ મઝા માણવી જોઈએ. શાળા પણ રમત જેવી હોવી જોઈએ અને રમતાં રમતાં તેઓએ ભણવું જોઈએ. જેમ જેમ તે રમતાં જશે તેમ તેમ તેઓને ભણવાનો અને જીવનને જાણવાનો અને સમજવાનો રસ જાગશે. એમાં કઈ પદ્ધતિ અપનાવીએ એ કોઈ અગત્યની વસ્તુ નથી. એમાં ફકત શિક્ષકનું વલણ જ અગત્યનું છે. એમ ન બનવું જોઈએ કે શિક્ષક એવો હોય જેને બાળકોએ નાછૂટકે દબાણ હેઠળ નિભાવી લેવો પડતો હોય. શિક્ષકે હંમેશાં એવા મિત્ર બની રહેવું જોઈએ જે બાળકોને મઝા કરાવતો હોય અને મદદ કરતો હોય.

સાત વર્ષ ઉપરની ઉંમરનાં માટે, જો તેઓ તૈયાર હોય તો તેમને માટે

નવી પદ્ધતિ અપનાવી શકાય. પરંતુ એ ઉપરાંત બાકીનાં બીજાં સામાન્ય રીતે કાર્ય કરી શકે તેવો વર્ગ પણ હોવો જોઈએ. એવા વર્ગના શિક્ષકમાં એવી પ્રતીતિ હોવી જોઈએ કે પોતે જે પદ્ધતિનો ઉપયોગ કરે છે તે યથાર્થ છે અને પોતાને કોઈ હલકી કક્ષાનું કામ કરવા ઉતારી પાડવામાં આવ્યો નથી.

જ્યારે લોકોમાં સંમતિ નથી હોતી ત્યારે તેમની ક્ષુદ્રતા અને સંકુચિતતાને કારણે જ તેઓ સંમતિ સાધી શકતા નથી. એમનો ખ્યાલ સાચો હોઈ શકે.... પરંતુ જો તેમનામાં જરૂરી ખુલ્લાપણું નહિ હોય તો તેઓ એનો વ્યવહારુ ઉપયોગ સાચી રીતે નહિ કરતા હોય.

આ સર્વ વસ્તુઓમાં વ્યકિતગત મહત્ત્વનો ખ્યાલ ન રાખવો જોઈએ. આ બે વસ્તુઓનું મિશ્રણ થવા દેવું એ ભૂલ છે. કોઈએ પોતાના મહત્ત્વ વિષેના ખ્યાલો સેવવા ન જોઈએ.

આપણે કેટલીક વસ્તુઓ કરી શકતા નથી. ઉદાહરણ તરીકે, આપણે જો સર્વ બાળકોને નવી પદ્ધતિ પ્રમાણે ઉછેરવા માગતા હોઈએ તો આપણે એ બધાંને એક કે બે માસ માટે કસોટી ઉપર મૂકવાં જોઈએ. એમાંથી કેટલાંક બાળકો નવી પદ્ધતિનું અનુસરણ કરી શકે તે શોધી કાઢવું જોઈએ, અને બીજાં બધાંને તેમનાં કુટુંબોમાં મોકલી દેવાં જોઈએ, આમ બની શકે તેમ નથી.

એટલે પછી આપણે આનો ઉકેલ **અંતરમાં** શોધવાનો રહે છે. કેટલાંક બાળકોને નવી પદ્ધતિ નથી ગમતી — એમને જવાબદારીની ચિંતા રહે છે. બાળકો તરફથી આવતા પત્રોમાં મને આ વસ્તુનો ઉલ્લેખ થતો જણાયો છે. આપણે એમને જેવાં છે તેવાં જ છોડી દેવાં પડશે.

નિરપવાદ રૂપે દરેકે જાણી લેવું જોઈએ, **આમાં કોઈનો અપવાદ નથી,** કે પોતે કે જ્ઞાની વ્યકિત હોઈ પોતે પોતાના જ્ઞાનનો ઉપયોગ કરે છે એવું નથી. દરેકે દરેક, પોતે કેવા હોવું જોઈએ તેવા બનતાં અને પોતે શું કરવું જોઈએ તે કરતાં ધીરે ધીરે પ્રયત્ન કરીને શીખી રહ્યું છે.

(૧૬ નવેમ્બર ૧૯૬૮)

*

તમે જે કામ કરો છો તે વિષે વાંચીને સંતોષ અનુભવું છું અને **તમારા પોતાના કાર્યમાં** મારી મંજૂરી છે.

પરંતુ તમારે સમજી રાખવું જોઈએ કે અન્ય શિક્ષકોનો, તેમના કામ વિષેનો ખ્યાલ જુદી રીતનો હોઈ શકે અને છતાં, તેઓ પણ સાચા હોય એમ બની શકે.

તમે 'ય' વિષે જે ટીકા કરી છે તેથી મને નવાઇ લાગે છે, કારણ કે હું એને જે રીતનો અને જેવા વલણવાળો જાણું છું તેની સાથે એ બંધબેસતી થતી નથી.

આ પ્રસંગે હું તમને ખાતરી આપું છું કે તમારી પ્રગતિ અને સત્યની સેવાનો આધાર સંવાદ ઉપર છે, વિસંવાદ અને ટીકાખોરી ઉપર નહિ.

(૨૫ નવેમ્બર ૧૯૬૮)

*

પ્રગતિ વિશાળતામાં છે, સંકુચિતતામાં નહિ.

દરેક દૃષ્ટિબિંદુઓને ભેગાં કરીને તેમને તેમનું યથાર્થ સ્થાન આપવું જોઈએ. એમાંથી કોઈ એકનો, બીજાને ભોગે, આગ્રહ ન રાખવો.

સાચી પ્રગતિ આત્માને વિશાળ કરવામાં અને મર્યાદાઓની વાડોને તોડવામાં છે.

(૨૨ ઑક્ટોબર ૧૯૭૧)

*

જે ચેતનાની જરૂરિયાત છે તેમાં શિક્ષકોનો વિકાસ થવો જોઈએ, કામ કરવાના પ્રત્યક્ષ અનુભવ ઉપર ભાર મુકાવો જોઈએ અને બાળકના મનમાં કામ અને રમત વચ્ચે ભેદ ન રહેવો જોઈએ — બધું જ આનંદ અને રસદાયી હોવું જોઈએ. રસ ઉત્પન્ન કરવાનું કામ શિક્ષકનું છે.

જો રસવૃત્તિ હાજર હશે તો યોગ્ય કાર્ય આપમેળે બની આવશે.

(૧ નવેમ્બર ૧૯૭૧)

*

"આજે '૨' વર્ગમાં હાજર ન હતો. વર્ગ પૂરો થયા પછી મને ખબર પડી કે એને આપે મારા વર્ગમાં આવવાને બદલે સુથારીકામ કરવાની પરવાનગી આપેલી છે."

એણે મને કહેલું કે અભ્યાસ કરવા કરતાં શારીરિક મહેનતનું કામ કરવું એને વધુ ગમે છે. મને લાગ્યું કે એની લાગણી ખરા અંતરની હતી અને એણે જે પસંદગી કરી હતી તે એની પ્રકૃતિને સર્વથા અનુકૂળ હતી. એટલે એણે માગેલી પરવાનગી મેં એને આપેલી.

(૨૬ માર્ચ ૧૯૪૬)

*

તમે જે વિષયો શીખવતા હો તેના પાઠ બેવડાઈ ન જાય તેની કાળજી રાખવી. તમારા વિષયો એકબીજા સાથે સંબંધ રાખનારા છે એટલે જ્યારે કોઈ બે શિક્ષકો એક જ મુદ્દા ઉપર કહે ત્યારે બનવાજોગ છે કે એમાં દૃષ્ટિબિંદુઓનો ફેર હોય. એકની એક જ વસ્તુ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી જોતાં જુદી જ દેખાય છે. આમ થશે તો વિદ્યાર્થીઓનાં કુમળાં મગજોમાં ગૂંચવણો ઊભી થશે, તેઓ શિક્ષકોની સરખામણી કરવા લાગશે અને એ વસ્તુ ખાસ ઇચ્છવા યોગ્ય નથી. એટલે દરેકે પોતાના જ વિષયની ઉપર ધ્યાન આપવું અને વિષયાંતર ન થઈ જાય તેની કાળજી રાખવી.

(૧૦ સપ્ટેમ્બર ૧૯૫૩)

*

હું શિક્ષકો પાસે એવી અપેક્ષા રાખું છું કે જ્યારે તેઓ વિદ્યાર્થીઓને પૂછવાના પ્રશ્નો નક્કી કરે ત્યારે **શબ્દો** વડે નહિ પણ તેમની પાછળના **ભાવ** વડે વિચાર કરે.

અને થોડા સમય પછી જ્યારે તેમને **ભાવ દ્વારા** વિચાર કરવાનું સાહજિક બની રહે ત્યારે હું એમની પાસે એથી પણ વધુ આગળની મહત્તર અને નિશ્ચયાત્મક પ્રગતિની આશા રાખીશ કે જેમાં તેઓ **ભાવ દ્વારા** નહિ પરંતુ અનુભૂતિઓ વડે વિચાર કરતા થાય. જ્યારે કોઈ એમ કરી શકે છે ત્યારે જ તેનામાં જ્ઞાનનો ઉદય થાય છે.

*

> "આપે શિક્ષકોને 'શબ્દોને બદલે ભાવ વડે વિચાર' કરવાનું કહ્યું છે. આપે એમ પણ કહ્યું છે કે પાછળથી આપ અનુભૂતિઓ દ્વારા વિચાર કરવાનું કહેવાનાં છો, તો આપ આ વિચાર કરવાની ત્રણેય પદ્ધતિઓ ઉપર વધુ પ્રકાશ પાડશો?"

આપણા મકાનને એક મોટો ટાવર છે, એ ટાવરની છેક ટોચ ઉપર એક ઝાકઝમાળ ચોખ્ખો ઓરડો છે. અને ત્યાંથી આપણે ખુલ્લી હવામાં અને ભરપૂર પ્રકાશમાં જઈ શકીએ તેવું છે.

કેટલીક વાર આપણને નવરાશ હોય છે ત્યારે આપણે એ પ્રકાશપૂર્ણ ઓરડામાં જઈએ છીએ અને જો આપણે અત્યંત શાંત અવસ્થા જાળવી રાખીએ છીએ તો એક કે વધુ મુલાકાતીઓ આવી પહોંચે છે; કેટલાક ઊંચા તો કેટલાક નીચા, કેટલાક એકલા તો કેટલાક ટોળે મળીને આવે છે — એ બધાય જ્યોતિવંત અને કમનીય હોય છે.

સામાન્ય રીતે એવું બને છે કે એ લોકો જ્યારે આવે છે ત્યારે આપણે તેમનું સારી રીતે સ્વાગત કરવાની ઉતાવળમાં આપણી સ્વસ્થતા ગુમાવી બેસીએ છીએ અને ભૂસકો મારીને આ ટાવરના ભોંયતળિયે આવેલા વિશાળ ખંડમાં જઈ પડીએ છીએ — જ્યાં શબ્દોનો ભંડાર હોય છે. અહીં આપણે ઓછાવત્તા પ્રમાણમાં પણ ઉશ્કેરાટભરી સ્થિતિમાં, આપણને મળવા આવેલા એક કે બીજા મુલાકાતીનું વર્ણન કરવાને પ્રયત્ન કરવા માટે આપણે આપણી પાસે જે હાથ લાગે તે શબ્દોને આમતેમ ફંફોસીને પસંદ કરીએ છીએ, છોડી દઈએ છીએ, ભેગા કરીએ છીએ, છૂટા પાડીએ છીએ કે ફરી ફરીને ગોઠવીએ છીએ. પરંતુ આમ કરવાથી એ મુલાકાતીનું જે ચિત્ર આપણે બનાવીએ છીએ એ તેની ખરી આકૃતિ કરતાં ઠઠ્ઠાચિત્ર જેવું વધુ પ્રમાણમાં હોય છે.

અને છતાં આપણામાં જરા ડાહાપણ હોય છે તો આપણે એ ટાવરની ટોચ ઉપર તદ્દન શાંત અને આનંદમગ્ન અવસ્થામાં બેસી રહીએ છીએ. પછી, થોડો સમય ગયા પછી, આપણે જોઈશું કે એ મુલાકાતીઓ પોતે જ ધીરે ધીરે, સભ્યતાપૂર્વક, શાંતિથી, તેમના સૌન્દર્ય કે કમનીયતામાં કશી કમી ન આવે તેવી રીતે નીચે ઊતરે છે અને જ્યારે તેઓ પેલા શબ્દોના સંગ્રહસ્થાનમાંથી પસાર થાય છે ત્યારે આપમેળે કશી મથામણ કર્યા વિના, પોતાને ભૌતિક મકાનમાં પણ પ્રગટ થવું હોય તો જે રીતની જરૂર હોય તેવાં શબ્દોરૂપી વસ્ત્રો પરિધાન કરી લે છે.

આને હું ભાવના દ્વારા વિચાર કરવાનું કહું છું.

જ્યારે આટલી પ્રગતિ તમને કોઈ ચમત્કારિક વસ્તુ નહિ લાગે ત્યારે હું તમને સમજાવીશ કે અનુભૂતિઓ દ્વારા વિચાર કરવો એટલે શું.

(૩૧ મે ૧૯૬૦)

*

તમે જ્યારે શબ્દો વડે વિચાર કરતા હો છો ત્યારે તમે જે કાંઈ વિચારતા હો છો તેને શબ્દો દ્વારા જ વ્યકત કરી શકો છો. પરંતુ ભાવના વડે વિચાર કરવો એટલે એ એક જ ભાવનાને જુદી જુદી રીતના શબ્દોમાં વ્યકત કરવાની ક્ષમતા ધરાવવી. શબ્દો જુદી જુદી ભાષાઓના પણ હોઈ શકે — જો તમને એક કરતાં વધુ ભાષાઓ આવડતી હોય તો. ભાવનાઓ વડે વિચાર કરવાની બાબતમાં વસ્તુ સૌથી પાયાની વસ્તુ છે.

જ્યારે તમે અનુભૂતિ વડે વિચાર કરો છો ત્યારે તમારે વધુ ગહરાઈમાં જવું પડે છે અને ત્યારે તમે એકની એક જ અનુભૂતિને અનેક પ્રકારની ભાવનાઓ દ્વારા વ્યકત કરી શકો છો. એમ બને ત્યારે પછી, વિચારનું રૂપ, આ કે તે ભાષામાં ગમે તે રીતનું હોય તે છતાં તાત્ત્વિક રીતે એની પાછળ રહેલી નિરપેક્ષ અનુભૂતિમાં કશો પણ ફેર પડતો નથી.

*

જો તમારે કોઈને ખાતરી કરી આપવી હોય છે તો બોલવું જોઈએ છે — પરંતુ એવે વખતે તમારે ભાવના દ્વારા નહિ પણ અનુભૂતિઓ દ્વારા વિચારવું જોઈએ.

*

તમે 'ક્ષ' સાથે શિક્ષકોની મીટિંગમાં ગયેલા? એ લોકો એટલા માટે મળેલા કે અભ્યાસની ઉપરાંત એ લોકો દરેકને અમુક વિશિષ્ટ કામ સોંપવા માગતા હતા. એ લોકો, વૈજ્ઞાનિકો હવે જે વસ્તુ શોધવા લાગ્યા છે કે – "પાણી શું છે?", "ખાંડ પાણીમાં કેમ ઓગળે છે?" — અને એવી બધી વસ્તુઓ કે જેથી વૈજ્ઞાનિકો એવા નિર્ણય ઉપર પહોંચ્યા છે કે તેઓ ખરેખર કશું જ જાણતા નથી.

એટલે મેં તેમને પૂછ્યું કે, "મૃત્યુ શું છે?"

આ ખાસ અગત્યની વાત છે. સેંકડો વર્ષોથી લોકો આ વસ્તુ પૂછી રહ્યા છે. એમને ખબર પડતી નથી.

વિદ્યાર્થીઓ કહેશે કે મૃત્યુ શું છે તેની તેમને જાણ નથી પણ તેઓ તપાસ કરીને શોધી કાઢશે. આ સમજવા માટે તમારે આ (શ્રી માતાજી જુદી જુદી દિશાઓ પ્રત્યે અણસાર કરે છે) વસ્તુ જાણવી પડશે, અને ત્યાર પછી જે જ્ઞાન પ્રાપ્ત થશે તે એક સીધી સપાટ લીટી કરતાં વધુ બૃહત્તર — વશાળ હશે.

જ્યારે તમે નીરવ હો છો ત્યારે તમે સત્ય સાથે સંપર્કમાં આવો છો.

પાછળથી જ્યારે ભાવના નીચે ઊતરે છે ત્યારે એ શબ્દોના "પુસ્તકાલય"માંથી પસાર થાય છે અને જે શબ્દો સૌથી વધુ બંધબેસતા હોય છે તેમને ચૂંટી લે છે. શરૂઆતમાં એ વસ્તુ અસ્પષ્ટ હોય છે. એ વસ્તુ જ્યાં સુધી તદ્ન સ્પષ્ટ બને ત્યાં સુધી મંડ્યા રહેવું જોઈએ. તમને ઠીક લાગે તો એ વસ્તુ નોંધી લેવી, પરંતુ તમારે શાંત બન્યા રહીને મંડ્યા રહેવું જોઈએ. જો તમે એમ કરશો તો તમને બરાબર જોઈતો શબ્દ મળી આવશે. ત્યારે પછી જે શબ્દ આવશે, તેની દ્વારા, જે તાત્ત્વિક અર્થ હશે તે — અને નહિ કે ચીલાચાલુ વસ્તુ — રજૂ થશે.

એ સર્વાંશે સત્ય તો નથી હોતું. કેવળ એ શબ્દો મૂળ સત્યની સૌથી વધુ નિકટના હોય છે. શિક્ષકોએ એ કરવું જોઈએ. (માથામાં ગોળ ગોળ ફરતા રહેવાનો અભિનય) — આના કરતાં એ વધુ ઉપયોગી નીવડશે.

(મૌન)

મને ખબર નથી કે તમે મનોમય નીરવતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો છે કે કેમ? તમે એમ કરવામાં આખી જિંદગી ખર્ચી નાખી શકો અને છતાં લગભગ કાંઈ જ ન મળે એવું બને. એના કરતાં આ વસ્તુ વધુ રસદાયક છે.

સૌપ્રથમ તો કશું થતું નથી. તમે એમ જ બન્યા રહો છો — સક્રિયપણે નહિ — પ્રભુ પ્રત્યે અભીપ્સુ બન્યા રહો છો. આમ કરવામાં મનમાં કશી હિલચાલ ન થવી જોઈએ; એમાં સમર્પણ પણ નથી હોતું.... આત્મદાન અને આત્મ-ત્યાગની વચ્ચેની કોઈ વસ્તુ અને મન જો પોતાની આ પ્રકારની અવસ્થાનું પ્રાર્પણ કરે છે તો પછી, એક દિવસ આપોઆપ ઉત્તર મળી આવે છે. એ પ્રકાશની માફક આવી પડે છે.

તમે જેટલા વધુ નિશ્ચલ, જેટલા વધુ શ્રદ્ધાવાન, જેટલા વધુ તત્પર હશો, તેટલા પ્રમાણમાં એ વસ્તુ ચોખ્ખી જણાઈ આવશે. એવો સમય પણ આવે છે જ્યારે તમારે આટલું જ (ખુલ્લા થવાનો અભિનય) કરવાનું રહે છે.... વિદ્યાર્થી પ્રશ્ન પૂછે છે. તમે બસ આમ (ખુલ્લા થવાનો એનો એ જ અભિનય)....

અને સૌથી વધુ તો એ કે તમારે કશો સક્રિય રીતનો વિચાર જ ન કરવો: "મારે જાણવું છે કે....મારે એને શું કહેવું?"....ના!

ત્યારે પછી તમને વિદ્યાર્થી માટેનો ઉત્તર મળી રહેશે. કદાચ એ ઉત્તર એના પ્રશ્નનો નહિ હોય પરંતુ એને જેની જરૂર હશે તે પ્રકારનો હશે. અને આ તો હંમેશાં રસ પડે તેવું હોય છે....

ત્યાં ઉપર, તમે જાણતા હો છો. જ્યારે તમે એમ માનતા થાઓ છો કે મનમાં કશી શક્તિ નથી, એને કશાનું જ્ઞાન નથી, ત્યારે તમે શાંત થઈ જાઓ છો. તમને વધુ ને વધુ પ્રમાણમાં એવી ખાતરી થતી જાય છે કે ત્યાં એક એવી ચેતના છે કે જેની પાસે જ્ઞાન ઉપરાંત શક્તિ પણ છે, એ ઝીણામાં ઝીણી વિગતને જાણે છે અને પરિણામે તમે એ વિદ્યાર્થીની જરૂરિયાતને જાણો છો, અને તેના જવાબ પણ તમને મળી રહે છે. જ્યારે તમને આની ખાતરી થઈ જાય છે ત્યારે તમે તમારી અંગત દખલ કરવાનું બંધ કરી દઈને કહો છો, "મારું સ્થાન તું સંભાળ".

(૩૧ જુલાઈ ૧૯૬૭)

*

"મેં આ ત્રણેય વિદ્યાર્થીઓને તેમની રમતોનો 'નશો' કરવા દીધો કે જેથી તેઓ એમાંથી વધુ ઝડપથી બહાર નીકળી આવે.

અને હકીકતમાં, એ જ વસ્તુ, ત્રીજા અઠવાડિયાની શરૂઆતમાં બની આવી : એ ત્રણેય બાળકો પોતાનાં નામ વ્યક્તિગત રમતો માટે નોંધાવી રહ્યાં છે અને એમની ઘોંઘાટ-ભરી રમતો ભૂલી ગયાં છે.

હું એમ કરવાનું ચાલું રાખું ? : 'નિશાળ બહાર રહેવા'ના ગૂમડાને વધવા દઈને ફાટી જવા દઉં ? — એમાં ગમે તેટલો સમય જાય અને શૈક્ષણિક દૃષ્ટિબિંદુથી જોતાં સમયનો બગાડ ગણાય તેમ થવા દઉં ?"

જરૂર, એ જ ઉત્તમ કાર્ય છે.

"આપણી શાળાના માળખામાં રહીને, 'શાળાની બહાર'ની અમુક પ્રકારની રમતો, જેવી કે સંતાકૂકડી, ગેડીદડા (ક્રિકેટ), ઘર બનાવવું....એવું બધું કરવા દઈએ ? બાળકોને એમ કરવા માટે આકુળવ્યાકુળ થતાં જોઈને અમને એમ લાગ્યું કે એ લોકો અમુક પ્રકારની પ્રવૃત્તિથી અલગ પડી ગયાં છે : કો'કાદ-વાર તદ્દન સ્વતંત્રપણે કોઈ કોઈ બાગમાં રમવાની ! શું બાળકોની આ જરૂરિયાત સાચી હશે ?"

બેશક.

(૨૩ સપ્ટેમ્બર ૧૯૬૦)

*

કોઈ એક બાળકને માટે કઈ રમતો ઉપયોગી અને લાભદાયક નીવડશે તેની પસંદગી કરવી એ ઘણું અઘરું કામ છે. એમાં ઘણી વસ્તુઓ લક્ષમાં લેવી પડે છે અને ખૂબ વિચાર કરવો પડે છે. અને જો આપણે કોઈ વસ્તુ વગર વિચાર્યે કરીએ છીએ તો તેનાં પરિણામો દુઃખદાયી આવે છે.

*

જો બાળકો ખૂબ નાનાં હોય, તો પણ જો તેમને વસ્તુઓને વ્યવસ્થિત રીતે મૂકવાનું શીખવવામાં આવે, વસ્તુઓને તેમના પ્રકાર પ્રમાણે વર્ગીકરણ કરવાનું શીખવવામાં, વગેરે, તો એમને એમ કરવું ખૂબ ગમે છે અને તેઓ એમ કરતાં સારી રીતે શીખે છે. સુવ્યવસ્થા અને સુઘડતા શીખવવાની અહીં અદ્‌ભુત તક રહેલી હોય છે. આમાં **વ્યવહારુ અને અસરકારક શિક્ષણ** રહેલું હોય છે, કેવળ થિયરી નહિ.

પ્રયત્ન કરી જુઓ. મને ખાતરી છે કે બાળકો તમને વસ્તુઓ ગોઠવવામાં મદદ કરશે.

પ્રેમ અને આશિષ.

(૧૪ ડિસેમ્બર ૧૯૬૩)

*

> "એવું ધ્યાનમાં આવ્યું છે કે મોટા ભાગના વિદ્યાર્થીઓ યોગ્ય રીતે બેસતા કે લખતા નથી. જ્યારે તેઓ લખે છે ત્યારે તેઓ તેમની નોટબૂક તેમની સામે સીધી નહિ પણ ૪૫ કે ૯૦ અંશને ખૂણે હોય છે."

કદાચ સૌપ્રથમ તો શિક્ષકો પોતે જ લખતી વેળાએ યોગ્ય રીતે બેસતાં શીખે તો વધુ સારું.

આશીર્વાદ સાથે.

*

> "શ્રી અરવિંદે તેમના એક પત્રમાં યુવાનો અને સાધના માટેની તેમની તૈયારી વિષે લખેલું છે. એ પત્રની એક નકલ હું આપને જોવા માટે મોકલું છું. શ્રી અરવિંદે એ પત્રમાં, યુવાનોને આધ્યાત્મિક જીવન વિષેના વિચારો અને લાગણીઓનો ઉત્સાહપૂર્વક સ્પર્શ કરાવવા સામે જે

ચેતવણી આપેલી છે તેને અમારે અમારો વર્ગ લેતી વેળાએ ધ્યાનમાં રાખવી કે કેમ તે વિષે હું આપની પાસેથી જાણવા માગું છું. શ્રી અરવિંદ અહીં જેમ કહે છે તેમ, એમાં 'એક નકલી બનાવટી અગ્નિ પ્રદીપ્ત કરવાના ભય'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેવો ભય ખરો ?

શ્રી અરવિંદનો પત્ર : 'સામાન્ય રીતે એમ કહી શકાય કે લોકોને અને ખાસ કરીને કુમળી વયના યુવાનોને સાધનાપથમાં ખેંચવામાં અતિઉત્સાહ દાખવવો એ ડહાપણનું કામ નથી. આ યોગમાર્ગમાં આવનાર સાધકને સાચો સાદ થયેલો હોવો જોઈએ અને સાચો સાદ થયો હોય તેમ છતાં પણ યોગમાર્ગ અઘરો તો છે જ. પરંતુ જ્યારે કોઈ ઉત્સાહમાં આવી જઈને પ્રચારલક્ષી ભાવનાથી લોકોને ખેંચવા લાગે છે ત્યારે ભય એ રહે છે કે એ લોકોમાં એક નકલી અને બનાવટી દેવતા પ્રગટ થાય છે, સાચો 'અગ્નિ' નહિ; અથવા તો એમ બને છે કે જે દેવતા પ્રગટ થાય છે તે અલ્પાયુષી હોય છે, ટકી શકતો નથી અને પ્રાણનાં મોજાંની ભરતીના ઊભરામાં દટાઈ જાય છે. ખાસ કરીને આ વસ્તુ એવા યુવાનોને વધુ લાગુ પડે છે જેઓ મુલાયમ હોય છે અને જેઓ તેમને બીજા તરફથી આપવામાં આવેલી અને પોતાની નહિ એવી લાગણીઓ અને વિચારોમાં સહેલાઈથી પકડાઈ જાય છે — પાછળથી પછી, પ્રાણ તેની અતૃપ્ત માગણીઓ સાથે જાગ્રત થાય છે અને ત્યારે તેઓ બે પરસ્પર વિરોધી શક્તિઓ વચ્ચે ઝોલાં ખાતાં ખાતાં, સામાન્ય જીવનના પ્રાકૃતિક ખેંચાણને, કાર્યોને અને કામનાની તૃપ્તિ કરવા પ્રત્યે સહેલાઈથી ખેંચાઈ જાય છે અને એમ થવું એ યુવાનીની પ્રકૃતિનો સામાન્ય ઢાળ પણ હોય છે. નહિ તો પછી એવું બને છે કે જે આધારમાં યોગ્ય ક્ષમતા નથી હોતી, જે સાદને માટે તે તૈયાર નથી હોતો, અથવા તો તત્કાળ પૂરતું તો તૈયાર નથી જ હોતો, એ આધાર પોતા સાદના દબાણ હેઠળ યાતના અનુભવે છે. જ્યારે વ્યક્તિમાં પોતાનામાં સાચી

> વસ્તુ હોય છે ત્યારે તો એ પોતે સોંસરો ચાલ્યો જાય છે અને છેવટે સાધનાના માર્ગને પૂર્ણપણે અપનાવી લે છે, પરંતુ એવું કરી શકનારાની સંખ્યા લઘુમતીમાં હોય છે. એના કરતાં વધુ સારું તો એ છે કે જે લોકો આપમેળે આવતા હોય, અને એમાં પણ જે સાદ થયેલો હોય તે તેમના અંતરનો હોય અને સતતપણે થતો રહેતો હોય તેવા લોકોનો જ સ્વીકાર કરવો?'' *

આ અવતરણ અદ્‌ભુત અને ઘણું ઘણું ઉપયોગી છે.

જે યુવાન લોકો પોતાનું મગજ સહેલાઈથી બદલે તેવા હોય તેમની સાથે વાત કરતાં પહેલાં શ્રી અરવિંદે આપેલી આ ચેતવણી ચુસ્તપણે ધ્યાનમાં રાખવી.

વર્ગમાં તમારે તદ્દન નિર્લેપ બની રહેવું જોઈએ.

આશીર્વાદ.

(૨ જૂન ૧૯૬૭)

> ''ઉપરના ઉત્તરમાં આપે જે 'નિર્લેપ' શબ્દ વાપર્યો એથી આપ ચોક્કસ રીતે શું કહેવા ઇચ્છો છો તે જાણવાની મારી ઇચ્છા છે. આપનો કહેવાનો અર્થ એ છે કે શ્રી અરવિંદનાં અને આપનાં સાધનાને લગતાં દૃષ્ટિબિંદુઓને સમજાવતાં અમારા વિચારો અને વાણીમાં કોઈ રીતની વ્યક્તિગત લાગણી ન આવવા દેવી?''

હા, એમ જ.

તમારે વિષે કે તમારા અનુભવ વિષે કાંઈ ન કહેવું.

(૫ જૂન ૧૯૬૭)

*

વર્ગના સમયે અને દિવસે શિક્ષકે ગેરહાજર ન રહેવું જોઈએ. જો કોઈ વ્યકિતને શાળાના સમયમાં બહારની પ્રવૃત્તિઓ હોય તો એ શિક્ષક નહિ થઈ શકે.

(૧૧ માર્ચ ૧૯૭૦)

*

---

* લેટર્સ ઑન યોગ, શતાબ્દી ગ્રંથમાળા, વોલ્યુમ ૨૪, પૃષ્ઠ ૧૬૧૫-૧૬.

શિસ્ત

કડક અંકુશ એ શિક્ષણનો કોઈ ઉત્તમ કે અસરકારક સિદ્ધાંત નથી. સાચું શિક્ષણ એને કહેવાય જે આ ખીલી રહેલાં સ્વરૂપોમાં પહેલેથી જ રહેલું છે તેને ખોલીને પ્રગટ કરે. જેમ પુષ્પો સૂર્યના તડકામાં ખીલે છે તેમ જ બાળકો આનંદમાં ખીલે છે. સ્પષ્ટ છે કે આનંદ એટલે નબળાઈ, ગેરવ્યવસ્થા અને ગોટાળિયાપણું નહિ, — પરંતુ એક એવી જાજવલ્યમાન કરુણાશાલીતા જે સારી વસ્તુને ઉત્તેજન આપે છે અને જે બૂરી વસ્તુ હોય છે તેને કડકપણે ટેકો આપતી નથી. ન્યાય કરતાં કરુણા, સત્યથી વધુ નજીક હોય છે.

(૧૯૬૧)

*

"માતાજી, વર્ગમાં જ્યારે કોઈ બાળક શિસ્તપાલનનો ઇનકાર કરે તો શું કરવું ? એને જેમ ગમે તેમ વર્તવા દેવું ?"

સામાન્ય રીતે કહીએ તો, બાર વર્ષથી વધુ ઉંમરનાં બાળકોને શિસ્તની જરૂર છે.

"કેટલાક શિક્ષકો માને છે કે આપ શિસ્તની વિરુદ્ધ છો ?"

એવા લોકો શિસ્તને એવી રીતની વસ્તુ તરીકે સમજે છે કે જે કોઈ મનસ્વી નિયમ હોય અને બાળકો ઉપર ઠોકી બેસાડવાનો હોય, પણ પોતે તેનું પાલન ન કરવાનું હોય.

"એટલે એનો અર્થ એ કે બાળકે પોતે જ શિસ્તનો નિયમ પોતાની મેળે અપનાવવો જોઈએ. અમે એવી જરૂરિયાત વિષે તેનો સ્વીકાર મળે તે માટે શું કરી શકીએ ? અમે એ શિસ્તપાલન કરે તેમાં કઈ રીતે મદદરૂપ થઈ શકીએ ?"

ઉદાહરણ એ ઉત્તમ શિક્ષક છે. જે શિસ્તપાલન માટે તમે પ્રયત્ન ન કરતા હો એવી શિસ્તની બાળકો પાસે કદી માગણી ન કરતા. શાંતિ, સમતા, વ્યવસ્થા, ધીરણસર વર્તન, નિરર્થક શબ્દોનો ઉપયોગ ન કરવો, એ સર્વ વસ્તુઓ જો બાળકમાં દાખલ કરવી હોય તો શિક્ષકે પોતે તેમનું સતત પાલન કરતા રહેવું જોઈએ.

શિક્ષકે સમયસર વર્તવું જોઈએ. વર્ગ શરૂ થતાં પહેલાં થોડી મિનિટો વહેલાં આવવું અને વ્યવસ્થિત રીતનાં કપડાં પહેરવાં. અને પોતાના વિદ્યાર્થીઓ જૂઠું બોલે નહિ તે માટે તેણે પોતે કદી જૂઠું બોલવું નહિ. વિદ્યાર્થીઓ તેમનું મગજ ગુમાવે નહિ તે માટે શિક્ષકે તેમની ઉપર કદી ગુસ્સો કરવો નહિ. અને તેમને એ સાચી રીતે કહી શકે કે, 'તોછડાઈભર્યા વર્તનને અંતે રડવું પડે છે' તે માટે તેણે કદી બાળકો ઉપર હાથ ઉગામવો નહિ.

આ તદ્દન પ્રાથમિક અને પાયાની વસ્તુઓ છે અને કશા અપવાદ સિવાય બધી શાળાઓમાં વવાવી જોઈએ.

*

જ્યારે તમે પોતે તમારી પ્રકૃતિને વશમાં રાખેલી હોય ત્યારે જ તમે બાળકોનાં મન ઉપર કાબૂ ધરાવી શકો.

(૧૬ જુલાઈ ૧૯૬૩)

*

પ્રથમ તો તમારે શું શીખવાડવાનું છે તે બરાબર જાણી લો. તમારા વિદ્યાર્થીઓ અને તેમની વિશિષ્ટ જરૂરિયાતોને સારી પેઠે સમજી લો.

ખૂબ શાંત અને ધીરજવાન રહો, કદી ગુસ્સે ન થાઓ; જો તમારે બીજાઓ ઉપર પ્રભુત્વ રાખવું હોય તો તમારી જાત ઉપર તમારો કાબૂ હોવો જોઈએ.

(૭ ડિસેમ્બર ૧૯૬૪)

*

જો તમારે સત્તાનો ઉપયોગ કરવો પડે તેમ હોય તો પ્રથમ તો તમારી જાત ઉપર સત્તા વાપરો. જો તમે બાળકોમાં શિસ્ત જાળવી ન શકો તો ક્ષુબ્ધ થઈ જઈ ધાંટા ન પાડો કે તેમને માર મારો નહિ — એમ કરવાની રજા નથી. ઉપરથી સ્થિરતા અને નીરવતાને બોલાવી લાવો. એમની હાજરીથી પરિસ્થિતિ સુધરશે.

*

"અને માતાજી, નાનાં બાળકોનું અમારે શું કરવું ?"

ઓહ, નાનાં બાળકો તો અદ્ભુત હોય છે ! હું ઘણાં નાનાં બાળકોને મળું છું. લોકોને તેમને મારી પાસે લાવવાની ટેવ પડી છે. અને બે વર્ષથી પણ નાનાં બાળકોમાં જે ચેતના હોય છે તે તો અદ્ભુત હોય છે. એ લોકો સભાન હોય છે.

એ લોકો પોતાને વ્યકત કરી શકતાં નથી, એમની પાસે શબ્દો નથી હોતા, પણ એ લોકો બરાબર સભાન હોય છે. એટલે એક બાળકને ધમકાવવું એવું લાગે છે....!

પેલે દિવસે એક બાળકને મારી પાસે લાવવામાં આવેલું. બાળક નારાજ હતું અને મા પણ....એટલે મેં એને એક ગુલાબ આપ્યું: 'જો ! આ તારા માટે છે!' અલબત્ત, એને શબ્દો તો સમજાયા નહિ, પણ એણે ગુલાબને લઈને આમતેમ ફેરવ્યું અને શાંત થઈ ગયું. નાનાં બાળકો અદ્‌ભુત હોય છે. એમની આસપાસ બધી વસ્તુઓ મૂકીને રમતાં મૂકવાં. અનિવાર્ય ન હોય ત્યાં સુધી એમનામાં ખલેલ ન કરવી. એમને રમવા દેવાં અને એમને કદી ધમકાવવાં નહિ.

(૩૧ જુલાઈ ૧૯૬૭)

*

તું એક સારો શિક્ષક છે પણ તારા વિદ્યાર્થીઓ સાથેનો વર્તાવ વાંધાજનક છે.

બાળકોને પ્રેમ અને કરુણાના વાતાવરણમાં ભણાવવાં જોઈએ.
મારપીટ કદી નહિ.
ધમકાવવાનું કદી નહિ.

હમેશાં એક મૃદુ માયાળુપણું રાખવું. પોતાનાં બાળકો જે સદ્‌ગુણો અપનાવે એવી અપેક્ષા હોય તેવા ગુણો શિક્ષકે સૌપ્રથમ કહીને એક **જીવંત ઉદાહરણ** બની રહેવું.

બાળકોને શાળાએ જતાં ખુશી ઊપજવી જોઈએ. ભણવામાં ખુશી ઊપજવી જોઈએ. અને શિક્ષકે તેમના એક એવા ઉત્તમ મિત્ર થઈ રહેવું જોઈએ જે પોતે તેમણે અપનાવવા લાયક ગુણોનું જીવંત ઉદાહરણ હોય.

અને સર્વનો આધાર કેવળ શિક્ષક ઉપર જ છે. એ પોતે શું કરે છે અને કઈ રીતે વર્તે છે તેની ઉપર બધો આધાર છે.

*

"વિદ્યાર્થીઓ વર્ગમાં એટલી બધી વાતો કરે છે કે મારે ઘણી વાર તેમને ધમકાવવા પડે છે."

બાળકો ઉપર કઠોરતાથી નાહ પણ **આત્મસંયમ** વડે જ કાબૂ આવે છે.

મારે તેમને કહેવું જોઈએ કે જો શિક્ષકને માન જોઈતું હોય તો તેણે પોતે **માનને લાયક** બનવું જોઈએ. તમે આજ્ઞાપાલન માટે હિંસાનો ઉપયોગ કરો છો એવી કેવળ 'ક્ષ'ની જ ફરિયાદ નથી; આથી વધુ શરમાવા જેવી વસ્તુ બીજી કોઈ નથી. તમારે પ્રથમ તો તમારી જાત ઉપર કાબૂ રાખતાં શીખવું જોઈએ અને તમારી ઇચ્છા લાદવા માટે પાશવી બળનો પ્રયોગ બંધ કરવો જોઈએ.

જ્યારે વિદ્યાર્થીઓમાં અશિસ્ત જણાતી ત્યારે મને હંમેશાં લાગતું કે એમના શિક્ષકના ચારિત્ર્યમાંની કોઈ વસ્તુ એને માટે કારણભૂત હોવી જોઈએ.

"હું આશા રાખું છું કે મારા વર્ગમાં વ્યવસ્થા રાખવા માટે આપ મને સ્પષ્ટ સૂચનાઓ આપશો."

સૌથી અગત્યનું તો એ છે કે તમારે તમારી જાતને અંકુશમાં રાખવી અને કદી પણ મિજાજ ગુમાવવો નહિ જો તમે તમારી જાત ઉપર જ અંકુશ નહિ રાખી શકતા હો તો બીજાને અંકુશમાં રાખવાની આશા કઈ રીતે રાખી શકશો અને તે પણ બાળકો ઉપર — જેમને તરત જ ખબર પડે છે કે આ વ્યક્તિનો પોતાની જાત ઉપર કાબૂ નથી

*

નાનાં બાળકોના વર્ગશિક્ષકોને

એક નિયમનું કડકપણે પાલન કરવું :

બાળકોને મારવાની **સખ્ત મનાઈ** છે — બધા પ્રકારના પ્રહારો, ભલે તે નાનકડો ધબ્બો હોય અથવા તો મિત્રાચારીભરી ચૂંટણી હોય. બાળક પોતાની આજ્ઞાનું પાલન ન કરતું હોય અથવા સમજતું ન હોય અથવા તો એ બીજાઓને ખલેલ પહોંચાડતું હોય તો એનો અર્થ એ કે શિક્ષકનો પોતાની જાત ઉપર કાબૂ નથી અને એ વસ્તુ શિક્ષક અને વિદ્યાર્થી બંનેને હાનિકર્તા છે.

જરૂર હોય તો શિસ્તપાલન માટેનાં પગલાં લેવાં, પરંતુ સંપૂર્ણ શાંત અવસ્થામાંથી અને વ્યક્તિગત પ્રતિકાર્યને કારણે નહિ.

*

"વર્ગમાં નીરવ વાતાવરણ રાખવા માટે મારે શું કરવું ?"

તમે પોતે નીરવ બની રહો.

તમારી સાથે એક પૂંઠું લેતા જાઓ, લગભગ એક મીટર લાંબું. એના ઉપર ખૂબ મોટા અક્ષરે સફેદ રંગ ઉપર ખૂબ ખૂબ મોટા કાળા અક્ષરે લખવું :

શાન્તિ

(આથી પણ મોટા અક્ષરો વાપરવા) અને જ્યારે બાળકો વાતો કરવા માંડે ત્યારે તમારી સામે એ પાટિયું મૂકવું.

આશીર્વાદ.

*

સાચું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જે વસ્તુ ભૂલી જવાની જરૂર હોય તેના વિષે બાળકને કદી કાંઈ કહેશો નહિ. જ્યારે બાળક મોટું થાય ત્યારે તેણે ન કરવા જેવું હોય તેવું તેની સમક્ષ કદી ન કરવું.

*

કદી પણ ભૂલશો નહિ કે છ વર્ષથી નાનું બાળક, તે બોલી શકે છે તેથી વધુ સમજે છે.

*

ગૃહકાર્ય

> "સૌ વિદ્યાર્થીઓ એવી ફરિયાદ કરે છે કે હરેક શિક્ષક પોતાના વિષયનો જ વિચાર કરે છે અને ગૃહકાર્ય આપે છે. એ દરેક એમ માને છે કે પોતે બહુ થોડું ગૃહકાર્ય આપે છે, પરંતુ તેઓ એમ સમજતા નથી કે આવા બધા નાના નાના ટુકડાઓ ભેગા મળીને ઘણું બધું ગૃહકાર્ય બની રહે છે."

હું તેઓ ખોટા છે એમ નથી કહી શકતી.

જે શિક્ષકો વિદ્યાર્થીઓના અમુક ગ્રૂપને ગૃહકાર્ય આપતા હોય તેમણે એકબીજા સાથે સમજૂતી કરી એવી રીતે ગૃહકાર્ય સોંપવું કે જેથી વિદ્યાર્થીઓ ઉપર વધુ પડતો કામનો બોજો ન પડે અને એમને માટે **અનિવાર્ય** એવો આરામ અને હળવા થવાનો સમય તેમને મળી રહે.

હું કોઈ ઉપયોગી સલાહ આપી શકું તે પહેલાં આવી સામૂહિક તૈયારીએ આકાર લેવો જોઈએ.

વિષયોની બાબતમાં એમ કહી શકાય કે એવા વિષયોની પસંદગી કરવી અનિવાર્ય છે કે જે શિક્ષકોના **અંગત** અનુભવો સાથે મેળ ખાતા હોય અને જેમના વડે આંતર નિરીક્ષણ, અવલોકન અને પોતાની ઉપર પડતી છાપોનું પૃથક્કરણ કરવામાં ઉત્સાહ પ્રગટે.

(ડિસેમ્બર ૧૯૫૯)

*

(ગણિતના એક શિક્ષકે પૂછેલું કે તેણે તે સમયની એવી નીતિ કે દસ વર્ષથી નીચેના બાળકને ગૃહકાર્ય ન આપવું તેનું સુસ્ત-પણે પાલન કરવું કે કેમ. એના થોડાક વિદ્યાર્થીઓએ ઘેર ગણવા માટે દાખલાઓની માગણી કરી હતી. શ્રી માતાજીએ લખ્યું :)

આ ગૃહકાર્ય એક કાંટાળો વિષય છે. એમ કરો કે જેમને ગૃહકાર્ય કરવું હોય તેઓ મને બારોબાર લખે.

(૧૯૬૦)

*

"અમારા ગણિતના વર્ગમાં અમને થોડુંક ગૃહકાર્ય કરવા મળવું જોઈએ."

તમે જો ફ્રેન્ચ જરા વધુ સારી રીતે લખી શકતા હોત તો કેવું સારું!

તમારી ઇચ્છા હોય તો તમે ગૃહકાર્ય કરો — પરંતુ બહુ કામ લઈને બેદરકારી અને બિનએકાગ્રતાપૂર્વક તે કરવું તેના કરતાં થોડું કામ પણ સારી રીતે થાય તે વધુ સારું.

જો તમારે કોઈ પણ વસ્તુ કરી શકવાની શક્તિ પ્રાપ્ત કરવી હોય તો તમારે તમારી જાતને શિસ્તમાં રાખતાં અને એકાગ્રતા કરતાં શીખવાની જરૂર છે.

(૨૮ જૂન ૧૯૬૦)

*

બાળકોએ તેમને ઘેર ગૃહકાર્ય કરવાની બાબતમાં હું સંમત નથી. તેમને ઘેર તેમને જે કરવું હોય તે કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

આ પ્રશ્નનો ઉકેલ "નીરવતા ખંડ"માંથી મળી રહેશે.*

(૧૪ સપ્ટેમ્બર ૧૯૬૭)

*

ઘણાં બાળકો અને માતાપિતાઓ તરફથી ઘણા ઘણા કાગળો દ્વારા એવી ફરિયાદ કરવામાં આવી છે કે ગૃહકાર્યને લઈને બાળકો મોડાં સૂઈ જાય છે અને પૂરતી ઊંઘ ન મળવાને કારણે થાકેલાં રહે છે અને તેના પછી આ વસ્તુ આવી છે.

હું જાણું છું કે આ બધી ફરિયાદો અતિશયોક્તિવાળી છે. પરંતુ એથી એમ પણ દેખાય છે કે પરિપાટીમાં કાંઈક સુધારો થવો જરૂરી છે.

---

* એક રૂમ કે જ્યાં બાળકો નીરવતાપૂર્વક બેસે છે અથવા અભ્યાસ કરે છે.

આ યોજનાને તમામ વિગતો સાથે સંપૂર્ણ નમનીયતા અને મુલાયમતા સાથે કાર્યબદ્ધ કરવાની છે.

હું એવા મતની નથી કે બધાં જ બાળકોની સાથે એકસરખો વર્તાવ કરવો જોઈએ. એને લઈને એકતરફી કક્ષાવાળું ધોરણ તૈયાર થાય છે, જેને લઈને જેઓ પાછળ પડતાં હોય છે તેમને ફાયદો થાય છે અને જેઓ સામાન્ય કક્ષાથી ઊંચે ઊડી શકે છે તેમને માટે નુકસાનકારક નીવડે છે.

જેઓ કામ કરવા અને ભણવા માગતાં હોય તેમને ઉત્તેજન આપવું, પરંતુ જેમને ભણવું ન ગમતું હોય તેમની શક્તિઓને બીજી દિશામાં વાળવી જોઈએ.

બધી વસ્તુઓને સુવ્યવસ્થિત ગોઠવવાની છે. એનો અમલ કરવાનું પછી નક્કી થશે.

આશીર્વાદ.

(૨૬ સપ્ટેમ્બર ૧૯૬૭)

*

પરીક્ષાઓ

"માતાજી, ઘણી વાર મને આપને પૂછવાનું મન થાય છે કે નવા વર્ષમાં આ વર્ગોના પુનર્ગઠન પાછળ આપનો શો હેતુ છે, એમાં પછી પરીક્ષાઓ હોય કે ન હોય."

મને પરીક્ષા તદ્દન જરૂરી વસ્તુ લાગે છે. ગમે તેમ પણ, ફ્રેન્ચ માટેની એક પરીક્ષા તો રહેશે જ.

સપ્રેમ આશીર્વાદ.

(૨૯ ઑક્ટોબર ૧૯૪૬)

*

કોઈ વર્ગો માટેના વિદ્યાર્થીઓની પસંદગી ચીલાચાલુ રીતની પરીક્ષાઓ વડે નહિ થઈ શકે. એ તો કેવળ પોતાની મનોવૈજ્ઞાનિક દૃષ્ટિનો વિકાસ કરવાથી થઈ શકશે.

જે બાળકોને અભ્યાસ કરવો હોય તેમની પસંદગી કરજો, નહિ કે જેઓ પોતાને ધક્કો મારીને આગળ કરવા માગતાં હોય.

(૨૯ ઑક્ટોબર ૧૯૬૫)

*

(પરીક્ષાઓમાં ચોરી કરવા વિષે)

"મારે શું કરવું? જેમ બહાર કરવામાં આવે છે તેમ કરવું — એક ખંડમાં ત્રણ શિક્ષકોને તપાસ કરવા મૂકવા? અહીં આશ્રમમાં આ રીતે કરવાનું શિક્ષકોને ગમતું નથી.

કે પછી આપણે પરીક્ષાઓ લેવાનું બંધ કરવું? મને આ દરખાસ્ત પણ શંકાસ્પદ લાગે છે કારણ કે ગૃહકાર્ય અને નિબંધોની બાબતમાં પણ આમ જ બને છે.

ગમે તેમ હોય તો પણ આ પ્રશ્ન તો ખડો રહે છે જ, અને સાચો ઉકેલ લાવવા માટે અમારે સમજવું જોઈશે કે બાળકો આમ કેમ વર્તન કરે છે?

કૃપા કરીને મને આ ગેરવર્તણૂકની પાછળનાં કારણો આ પ્રશ્નનો ઉકેલ સમજાવશે."

આમાં વાત સાદી છે. મોટા ભાગનાં બાળકો ભણે છે કારણ કે તેમનાં કુટુંબો તેમને રિવાજો અને પ્રચલિત વિચારોને કારણે ભણવાની ફરજ પાડે છે. પોતાને **શીખવું હોય અને જ્ઞાન પામવું હોય** તેવા કારણસર તેઓ ભણતાં નથી. જ્યાં લગી તેમના ભણવાનો હેતુ સુધરશે નહિ, જ્યાં સુધી તેઓ **જ્ઞાનપ્રાપ્તિ** માટે કાર્ય નહિ કરે, ત્યાં સુધી તેઓ પોતાનું કામ સરળ કરવા માટે અને ઓછા પ્રયત્ને પરિણામ પ્રાપ્ત કરવા બધી જાતની યુક્તિ-પ્રયુક્તિઓ વાપરશે.

(જૂન ૧૯૬૭)

*

(શ્રી માતાજીએ એવો નિર્દેશ આપેલો કે નીચે લખેલા વાક્યનું જો બાળકો એક દિવસમાં સો કે હજાર વખત રટણ કરશે અને જ્યાં સુધી એ એક સજીવ આંદોલન બને ત્યાં સુધી એમ કર્યા કરશે તો એ વિદ્યાર્થીમાં ભણવા માટેનો સાચો સંકલ્પ અને હેતુ પ્રગટ થશે.)

સર્વે વિદ્યાર્થીઓએ રોજ પાઠ કરવા માટે :

અમે અમારા કુંટુબ માટે, કોઈ સારો હોદ્દો મેળવવા માટે, પૈસા કમાવા માટે, કોઈ ઉપાધ મેળવવા માટે ભણતા નથી.

અમારે વિશ્વનો અભ્યાસ કરવો છે, જાણવું છે, સમજવું છે, અને એ જ્ઞાનના આનંદને ખાતર અમે ભણીએ છીએ.

(જૂન ૧૯૬૭)

*

આનો ઉકેલ માત્ર આ પરીક્ષા નાબૂદ કરવામાં છે અને બધું થઈને રહેશે. તમે બધાં પેપરોનું એક બંડલ બનાવીને રાખો — જાણે કે એ વસ્તુ બની જ ન હોય — અને શાંતિથી તમારા વર્ગો ચાલુ રાખો.

વર્ષના અંતે તમે વિદ્યાર્થીઓને તેમના વિષેની તમારી નોંધ આપજો. તેમાં આધાર તેમની પરીક્ષાની ઉત્તરવહીઓ ઉપર ન રાખશો. પરંતુ તેમનાં વર્તન, એકાગ્રતા, નિયમિતતા, સમજવાની ઝડપ અને તેમની બુદ્ધિની વિશાળતા વિષેની નોંધ આપજો.

તમારે પોતાને માટે આ વસ્તુ પોતાના આંતરિક સંપર્ક, સૂક્ષ્મ નિરીક્ષણ અને નિષ્પક્ષ દૃષ્ટિબિંદુ કેળવવાની તાલીમ રૂપે ગણજો.

વિદ્યાર્થીઓ માટે એ વસ્તુ જે કાંઈ તે શીખતાં હોય તેઓ સાચી રીતે ભણવાની જરૂરિયાતરૂપ અને નહિ કે પોતે જે વસ્તુ ન સમજ્યા હોય તેને પણ પોપટની માફક બોલી નાખવાની વસ્તુ બની રહેશે.

અને આ રીતે શિક્ષણમાં એક સાચી પ્રગતિ બની આવશે.

આશીર્વાદ સહ.

(૨૧ જુલાઈ ૧૯૬૭)

*

મને સમજાય છે કે વિદ્યાર્થીઓ બુદ્ધિશાળી, તત્પર અને ધ્યાન આપનારા છે કે નહિ તે જાણવા માટે પરીક્ષાની પદ્ધતિ કોઈ પણ રીતની ઉપયોગિતા વિનાની અને બિનજરૂરી બની રહી છે.

એક મૂર્ખ, યંત્રવત્ પણ સ્મૃતિ-શક્તિ ધરાવનાર મન વડે પરીક્ષાના ઉત્તરો સારી રીતે આપી શકાય પરંતુ એ ગુણો વડે ભવિષ્યના માનવીનું સર્જન ન થાય.

જૂની ટેવોને સહન કરી લેવાની મારી ક્ષમતાને કારણે મેં એવી સંમતિ આપેલી કે જેમને પરીક્ષા આપવી હોય તે આપી શકે છે. પરંતુ હું આશા રાખું છું કે ભવિષ્યમાં આવી ઉદારતાની જરૂરિયાત નહિ રહે.

જો પરીક્ષાઓને નાબૂદ કરવામાં આવે તો કોઈ વિદ્યાર્થી સારો છે કે નહિ તે જાણવા માટે શિક્ષકમાં થોડોક વધુ આંતરિક સંપર્ક અને મનોવૈજ્ઞાનિક જ્ઞાન જોઈશે. પરંતુ આપણા શિક્ષકો પાસે તો યોગ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે, એટલે આ વસ્તુ એમને માટે બહુ મુશ્કેલ ન બનવી જોઈએ.

(૨૨ જુલાઈ ૧૯૬૭)

*

એ તો સ્વાભાવિક છે કે કોઈ વિદ્યાર્થી અમુક વસ્તુ શીખ્યો છે કે શીખી છે અને પ્રગતિ કરી છે કે નહિ તે જાણવા માટે શિક્ષકે વિદ્યાર્થીની કસોટી કરવી જોઈએ. પરંતુ પરીક્ષા વ્યક્તિગત અને દરેક વિદ્યાર્થીને માફક આવે તેવી હોવી જોઈએ — બધા જ વિદ્યાર્થીઓને માટેની કોઈ સર્વસામાન્ય પરીક્ષા ન હોવી જોઈએ. એ પરીક્ષા સ્વયંભૂ અને અણધારી રીતે લેવાવી જોઈએ જેથી એમાં કોઈ પ્રકારના ડોળ કે અસત્યતાને સ્થાન ન રહે. સ્વાભાવિક રીતે આમ કરવું શિક્ષકને માટે પણ વધારે અઘરું છે પરંતુ વધુ જીવંત અને અસરકારક છે.

મને તમારા વિદ્યાર્થીઓ વિષેના અભિપ્રાયોમાં રસ પડયો. એનાથી સાબિત થાય છે કે તમારે તેમની સાથે વ્યક્તિગત સંબંધ છે — અને સારા શિક્ષણ માટે એ વસ્તુ પાયાની જરૂરિયાત છે.

જેઓ સત્યનિષ્ઠા વિનાના છે તેમને સાચે જ કંઈ શીખવું નથી પણ સારા માર્ક અને શિક્ષકની શાબાશી જોઈએ છે — તેમનામાં કંઈ રસ પડે તેવું નથી.

(૨૫ જુલાઈ ૧૯૬૭)

*

"આપણા 'સ્વતંત્ર પ્રગતિના વર્ગો'માં ઇનામો આપવા માટે કયું ધોરણ રાખવું ?"

ઇનામો આપવાનો આધાર હરીફાઈમાં મળેલા ગ્રેડ ઉપર તો ન જ રાખવો.

કદરદાનીના પ્રતીક તરીકે એકસરખી કિંમતવાળું ઇનામ જેઓ અમુક કક્ષા સુધીની (૧) ક્ષમતા વત્તા (૨) શુભેચ્છામાં અને નિયમિત પ્રયત્નમાં આગળ વધેલા હોય તેમને આપવું.

ઇનામને પ્રાપ્ત ગણવા માટે આ બંને વસ્તુઓ હાજર હોવી જોઈએ.

શ્રી અરવિંદ અને માતાજીનાં પુસ્તકોનો અભ્યાસ

"મધુર માતાજી, અમારે આપનાં અને શ્રી અરવિંદનાં પુસ્તકો કઈ રીતે વાંચવાં કે જેથી તેમનામાંની વસ્તુ કેવળ મન વડે સમજવાને બદલે અમારી ચેતનામાં પ્રવેશ કરે?"

મારાં પુસ્તકો વાંચવાં એ કોઈ અઘરી વસ્તુ નથી કારણ કે તે સરળ ભાષામાં, લગભગ બોલાતી ભાષામાં લખાયેલાં છે. એમનો લાભ ઉઠાવવા માટે એટલું પૂરતું છે કે તમે એમને ધ્યાન અને એકાગ્રતાપૂર્વક વાંચો, તમારામાં આંતરિક શુભત્વની લાગણી જાળવી રાખો અને જે કાંઈ શીખવવામાં આવ્યું હોય તેને ગ્રહણ કરીને જીવનમાં ઉતારવાની કામના રાખો.

શ્રી અરવિંદનાં લખાણો વાંચવાં વધુ અઘરાં છે કારણ કે તેમની પ્રસ્તુત કરવાની છટા ઉચ્ચતમ બુદ્ધિશક્તિવાળી હોય છે અને ભાષા પણ સાહિત્યની અને તત્ત્વજ્ઞાનની હોય છે. એમનાં લખાણો સમજવા માટે મગજમાં તૈયારી હોવી જોઈએ છે અને સામાન્ય રીતે, એ રીતની તૈયારી કરતાં સમય લાગે છે, સિવાય કે તમારામાં ખાસ પ્રકારની આંતરિક અંતઃસ્ફુરણાની સ્વાભાવિક રીતની બક્ષિશ હોય.

ગમે તેમ હોય, પણ મારી સલાહ એવી છે કે જે વાંચો તે થોડું થોડું કરીને વાંચો. તમારા મનને બને તેટલું શાંત રાખો, સમજવા માટેની મથામણ ન કરો, પણ મસ્તકને બને તેટલું નીરવ રાખીને, પોતે જે વાંચતા હો **તેમાં રહેલી શક્તિ પોતાની અંદર ઊંડાણમાં ઊતરે** તેમ થવા દો. એ શક્તિ તદ્દન અક્ષુબ્ધ અવસ્થામાં જ ઝીલી શકાય છે. જો તમારામાં નીરવતા હશે તો એ એનું પ્રકાશનું કાર્ય કરશે અને જરૂર હશે તો સમજણ માટે તમારા મગજમાં જરૂરી કોષોની રચના પણ કરશે. આમ, જ્યારે તમે એની એ જ વસ્તુ થોડાક માસ પછી વાંચશો તો તમને જણાશે કે એ લખાણમાં વ્યક્ત કરવામાં આવેલો વિચાર વધુ સ્પષ્ટ અને નજીકનો બનેલો છે, અને કેટલીક વાર તો તમને એ તદ્દન સ્વાભાવિક પ્રકારનો અને જાણીતો લાગશે.

રોજ નિયમિતપણે, શુદ્ધ હોય તો અમુક નિશ્ચિત સમયે થોડું થોડું વાંચવું. એમ કરવાથી મગજમાં જ્ઞાન ઝીલવાની શક્તિ ઉત્પન્ન થવાનું કાર્ય સરળ બને છે.

(૨ નવેમ્બર ૧૯૫૯)

*

"મધુર માતાજી, શ્રી અરવિંદનાં પુસ્તકો વાંચવાં અઘરાં લાગે છે અને હું સમજી શકતો નથી તો મારે તેમને કેવા ભાવપૂર્વક વાંચવાં? દાખલા તરીકે: લાઈફ ડિવાઈન, સાવિત્રી."

એક વખતે બેસીને થોડું'ક વાંચો, ફરી ફરીને તમને સમજાય ત્યાં સુધી વાંચો.

(૨૩ મે ૧૯૬૦)

*

"શ્રી અરવિંદનાં લખાણો વાંચવાનો સાચો માર્ગ કયો?"

સાચી પદ્ધતિ એક વખતે થોડું'ક વાંચવાની છે: એકાગ્રતાપૂર્વક, મનને બને તેટલું શાંત રાખીને, સમજવા માટે બહુ સક્રિય રીતની મથામણ કર્યા વિના, નીરવતાપૂર્વક ઊર્ધ્વ પ્રત્યે વળેલા રહીને જ્યોતિ માટે અભીપ્સા સેવતા જઈને. ધીરે ધીરે સમજણ પડતી જશે.

અને પાછળથી, એક કે બે વર્ષમાં, તમે એની એ જ વસ્તુ ફરીથી વાંચશો ત્યારે તમને ખબર પડશે કે તમારો પ્રથમ સંપર્ક અસ્પષ્ટ અને અપૂર્ણ હતો, અને સાચી સમજ પાછળથી, જ્યારે એ વસ્તુને તમે અમલમાં મૂકી હોય છે ત્યારે આવે છે.

(૧૪ ઑક્ટોબર ૧૯૬૭)

*

તમે આ પૃથ્વી ઉપર તમારું પોતાનું જ્ઞાન પ્રાપ્ત કરવા આવ્યા છો.

શ્રી અરવિંદનાં પુસ્તકો વાંચો અને તમારી ભીતરમાં જેટલે ઊંડે જવાય તેટલા ઊંડાણમાં દૃષ્ટિ નાખો.

(૪ જુલાઈ ૧૯૬૭)

*

"શ્રી અરવિંદના આ શતાબ્દી વર્ષમાં અમે વિદ્યાર્થીઓ અને શિક્ષકો, શ્રી અરવિંદની કઈ રીતે સેવા બજાવી શકીએ તે અમને કહો."

પ્રથમ તો, શ્રી અરવિંદે કેળવણી વિષે જે કાંઈ લખ્યું છે તે વાંચો. ત્યારે પછી તમને એ વસ્તુ અમલમાં મૂકવાનો માર્ગ જડશે.

(૧૯૭૨)

*

શ્રી અરવિંદ આ પૃથ્વી ઉપર, અતિમાનસ જગતનો આવિર્ભાવ જાહેર કરવા આવ્યા હતા. એમણે કેવળ એ આવિર્ભાવની જાહેરાત જ નથી કરી પરંતુ અતિમાનસ શકિતનો અંશ પોતાના દેહમાં ધારણ કર્યો હતો અને પોતાના ઉદાહરણથી બતાવી આપ્યું હતું કે એનો આવિર્ભાવ કરવા માટે તૈયાર થવા માટે વ્યકિતએ શું કરવું જરૂરી છે. આપણે માટે સારામાં સારી વસ્તુ એ છે કે તેમણે જે કહેલું છે તે સર્વનો અભ્યાસ કરવો, તેમના દાખલાનું અનુસરણ કરવું અને આપણી જાતને નૂતન આવિર્ભાવ માટે તૈયાર કરવી.

આને લઈને જીવનને ખરો અર્થ મળે છે અને આપણને સૌ પ્રકારના અવરોધોને ઓળંગવામાં સહાય થાય છે.

આપણે નૂતન સર્જન માટે જીવીશું તો આપણે યુવાન અને પ્રગતિશીલ રહીને વધુ ને વધુ બળવાન બનતા જઈશું.

(૩૦ જાન્યુઆરી ૧૯૭૨)

*

"શ્રી અરવિંદની શતાબ્દી માટે હું વ્યક્તિગત રીતે શ્રી અરવિંદને માટે કયું કાર્ય કરું?"

તમારા મનનું સર્વ સત્યનિષ્ઠા સાથે સમર્પણ કરો.

(૧૩ નવેમ્બર ૧૯૭૦)

*

"હું શ્રી અરવિંદને પૂરેપૂરી સત્યનિષ્ઠા સાથે મારા મનનું સમર્પણ કરી શકું તે માટે મારામાં એકાગ્રતા કરી શકવાની બળવાન શક્તિનો વિકાસ સાધવાનું જરૂરી ખરું કે નહિ? આપ મને કહેશો કે હું આવી મૂલ્યવાન શક્તિ કઈ રીતે ખીલવી શકું?"

દિવસનો એક એવો સમય નક્કી કરો કે જે સમયે તમે દરરોજ શાંત રહી શકો.

પછી શ્રી અરવિંદનું એક પુસ્તક લો. એક કે બે વાક્યો વાંચો. પછી નીરવતાપૂર્વક એકાગ્ર થઈને એની ભીતરમાં રહેલો અર્થ સમજવાનો પ્રયત્ન કરો. એટલી ઊંડી એકાગ્રતા કરો કે જેથી મન નીરવ થઈ જાય. આ રીતે દરરોજ કરતા રહો કે જેથી તેનું ધારેલું પરિણામ આવશે.

તમે નિદ્રામાં પડી ન જાઓ એ તો જોવાનું જ છે.

(૩ ફેબ્રુઆરી ૧૯૭૨)

*

જો કોઈ શ્રી અરવિંદનાં લખાણોને ધ્યાનપૂર્વક વાંચે છે તો તેને જે કાંઈ જાણવું હોય છે તેના ઉત્તરો મળી રહે છે.

(૨૫ ઑક્ટોબર ૧૯૭૨)

*

શ્રી અરવિંદે **બધા જ વિષયો** ઉપર લખેલું છે. એ વાંચવાથી તમને આ દુનિયાની બધી જ વસ્તુઓનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકશે.

*

"માતાજી, અમે બુદ્ધિમાન કઈ રીતે થઈ શકીએ?"

શ્રી અરવિંદનાં લખાણો વાંચો.

*

શ્રી અરવિંદની વાણી પુસ્તકોના ક્રમથી વાંચવાની નથી. એમનાં લખાણો વિષયવાર વાંચવાનાં છે — એમણે પ્રભુ વિષે, એકતા વિષે, ધર્મ વિષે, ઉત્ક્રાન્તિ વિષે, કેળવણી વિષે, આત્મસિદ્ધિ વિષે, અતિમનસ વિષે, વગેરે વિષયોમાં જે કહેલું છે તે રીતે વાંચવાનું જરૂરી છે.

*

"અંગ્રેજી ભાષા અંગેની સમિતિએ જે માની લીધું છે કે શાળાના કાર્યક્રમમાં શ્રી અરવિંદ અને શ્રી માતાજીનાં પુસ્તકોનો સમાવેશ કરવો તે બરાબર છે?"

હા.

"આમાં આખાં પુસ્તકોને પસંદ કરવાં જોઈએ કે જુદાં જુદાં લખાણોનાં અવતરણો?"

શાળાને માટે અવતરણો વધુ યોગ્ય છે.

"યોગ વિષેનાં લખાણોમાંથી અવતરણો લેવાં?"

બહુ સાદી વસ્તુઓ—જેવી કે, "યોગનાં મૂળ તત્ત્વો".

"અંગ્રેજી ભાષાના અભ્યાસ માટે આ પુસ્તકો કે અવતરણોનો કઈ રીતે ઉપયોગ કરવો? એમનાં સ્પષ્ટીકરણ આપવાં કે કેવળ વાંચી જ જવાં? ખાસ કરીને શ્રી માતાજીએ યોગ વિષેનાં લખાણોની બાબતમાં અનુમતિ આપી છે તો એમનો અભ્યાસ કઈ રીતે કરવો?"

યોગની દૃષ્ટિએ નહિ.

"આ અવતરણોની પસંદગી **દરેક શિક્ષકે વ્યક્તિગત રીતે**,* વર્ગની જરૂરિયાત જોઈને, સમિતિની (યુનિવર્સિટી બોર્ડ સાથે સલાહ-મસલત કરીને) મંજૂરી લઈને કરવી?

કે પછી એમ કરવું કે સમિતિએ (યુનિવર્સિટીના બોર્ડની સલાહ લઈને) જુદા જુદા શિક્ષકોએ ભલામણ કરેલાં અવતરણોમાંથી વર્ગીકૃત અને ક્રમબદ્ધ પસંદગી કરવી જોઈએ?"

ના, કારણ કે એમ કરવું જરૂર પડયે પૂરતા પ્રમાણમાં વળાંક આપી શકાય તેવું નહિ બને.

"દરેક વર્ગમાં એક અઠવાડિયામાં પાંચ પિરિયડ અંગ્રેજી માટે રાખેલા છે. આમાંથી કોઈ એક કે વધુ પિરિયડ શ્રી અરવિંદ અને માતાજીનાં લખાણો માટે જ નક્કી કરવા જોઈએ?"

હા.

"આ માટે કોઈ વધારાનો પિરિયડ કે સમય આપવો જોઈએ?"

ના.

---

* **શ્રી માતાજીએ** આ શબ્દો નીચે લીટી દોરીને માર્જીનમાં "હા" લખેલું.

"ભાષાને લગતો કોઈ એવો સ્તર છે કે જ્યાં આ લખાણોનો વર્ગમાં ઉપયોગ ન કરવો ? જો એમ હોય તો અંગ્રેજી ગ્રૂપમાંથી કયાં ગ્રૂપનો આમાં સમાવેશ ન કરવો ?"

આનો આધાર કેવળ વિદ્યાર્થીઓની ક્ષમતા ઉપર છે.

*

"ઉચ્ચ શિક્ષણના કોર્સના પ્રોફેસરો માટેની નોંધ :

ઉચ્ચ શિક્ષણના વર્ગોમાં, શ્રી અરવિંદનાં લખાણોના અભ્યાસ માટે, શ્રી માતાજીએ નીચે મુજબની પદ્ધતિનું અનુસરણ કરવાનું સૂચવ્યું છે :

(૧) શિક્ષકે સૌપ્રથમ એક વિષય લઈને એ અંગેની માહિતીનાં મૂળ તત્ત્વો વિદ્યાર્થીઓને સમજાવવાં.

(૨) પછી તેમણે કશી ટીકા-ટિપ્પણી કર્યા વિના શ્રી અરવિંદનાં લખાણમાંથી એ વિષય સાથે સંબંધ ધરાવતો સૌથી વધુ સૂચક પેરેગ્રાફ વિદ્યાર્થીઓને આપીને તેનું તેઓને વાચન અને ચિંતન કરવા કહેવું.

(૩) પછી, મૌખિક રીતે બીજા વર્ગમાં અથવા કોઈ ટૂંકા નિબંધના રૂપમાં વિદ્યાર્થીઓને તેઓ જે કાંઈ સમજ્યા હોય કે નિર્ણય ઉપર તે આવ્યા હોય તે જણાવવા વિનંતી કરવી."

(૨૫ ઑક્ટોબર ૧૯૫૯)

"ઉપરના પૈકી મુદ્દા નં. ૧ વિષે : શું માતાજીનો આશય એવો છે કે પોતાનો વિષય પ્રસ્તુત કરતી વેળાએ શ્રી અરવિંદનાં લખાણમાંથી કશું વાંચ્યા વિના જ એનો અમલ કરવો ?"

જ્યારે શિક્ષકને એમ લાગે કે શ્રી અરવિંદનું લખાણ વાંચવું લાભદાયક નીવડશે ત્યારે જરૂર એમ કરવું.

"બીજા મુદ્દા વિષે: શિક્ષકે પોતાના મુદ્દાની રજૂઆત કર્યા પછી એણે કેવળ પુસ્તકમાંના ફકરાઓનો જ ઉલ્લેખ કરવો પરંતુ એમાંથી કાંઈ વર્ગમાં વાંચવું નહિ ? જો

> સમય હોય તો શિક્ષક, તેના વિદ્યાર્થીઓને એ ફકરાઓ વર્ગમાં વાંચવાનું કહી શકે? કે પછી તેણે એમને ઘેર જ વાંચવા કહેવું?"

શિક્ષક પોતે વાંચે, અથવા વિદ્યાર્થીઓને વર્ગમાં જ મોટેથી કે મનમાં વાંચવાનું કહે; વર્ગમાં કે ઘેર, એ સર્વનો આધાર સમય અને સંજોગો ઉપર રહે છે. અગત્યની વસ્તુ એ છે કે શ્રી અરવિંદનાં લખાણોને ચાવીને લગભગ પચી જાય તેવા ખોરાકના સ્વરૂપમાં વિદ્યાર્થીઓને આપવાં નહિ. શિક્ષક એમાં જે વખાણવા-લાયક તત્ત્વો હોય તે વિષે જરૂર કહે, પરંતુ વિદ્યાર્થીઓને જે સંપર્ક પ્રાપ્ત કરવાનો છે, જ્ઞાનજ્યોતિની પ્રાપ્તિનો આનંદ લેવાનો છે તે તેમની જાતે જ લેવા દેવો. શિક્ષકે, શ્રી અરવિંદની મહાન ચેતના અને વિદ્યાર્થીઓનાં મગજ વચ્ચેની ગળણીનું સ્થાન ન લેવું જોઈએ.

> "ત્રીજા મુદ્દા વિષે: શું માતાજીનો આશય એમ છે કે વિદ્યાર્થીઓ જે સમજ્યા હોય તે તેમણે તે જ વર્ગમાં કે પછીના વર્ગમાં મૌખિક કે લેખિત સ્વરૂપમાં રજૂ કરવું? જો કોઈ મુદ્દો કે પ્રકરણ એક વર્ગના સમય કરતાં વધુ સમય લે તેમ હોય તો શું એમ થઈ શકે કે જ્યારે એ આખા ય મુદ્દાને કે પ્રકરણને પૂરું કરવામાં આવે ત્યારે તેઓ તેમની સમજણ જણાવે?"

આ વસ્તુ સ્વાભાવિક રીતે જ શિક્ષક ઉપર છોડવી સારી.

> "કેટલાક વિષયો એવા છે કે જેમને, શ્રી અરવિંદનાં લખાણો સમજવાના કાર્યની પૂર્વભૂમિકા તરીકે દાખલ કરવામાં આવ્યા છે. આવી રીતે પ્રાથમિક વિષયોને અલગ લેવા કરતાં શું એમ ન થઈ શકે કે શ્રી અરવિંદનું લખાણ અને એ વિષયોને સાથે જ લેવામાં આવે અને જ્યારે જ્યારે શ્રી અરવિંદના વિચારો રજૂ કરવામાં આવે ત્યારે પ્રાથમિક વિષયોના જરૂરી મુદ્દા પરત્વે વિદ્યાર્થીઓને નિર્દેશ કરવામાં આવે?"

તમને જે વધુ પસંદ હોય તેમ કરો. પરંતુ જેમ અગાઉ કહ્યું છે તેમ, કાળજી એ વાતની રાખવી કે વિદ્યાર્થીઓ પાસે શ્રી અરવિંદ આવે ત્યારે એમની પાસે જરૂરી માહિતી અને તૈયારી હોય અને સર્વ પ્રકારની તાજગી અને શકિત હોય.

"જ્યારે શિક્ષકે શ્રી અરવિંદનું કોઈ અમુક પુસ્તક હાથ ધર્યું હોય ત્યારે તે શ્રી અરવિંદનાં એ જ વિષય ઉપરનાં અન્ય પુસ્તકોમાંનાં લખાણોમાં રજૂ કરેલાં દૃષ્ટિબિંદુઓનો સમાવેશ કરી શકે? એવી જ રીતે શિક્ષક, શ્રી માતાજીનાં લખાણોમાંથી પણ અવતરણો લઈ શકે?"

તમે અચકી અચકીને તમારી ઉપર મર્યાદા શા માટે બાંધો છો? તમે શ્રી અરવિંદ અને શ્રી માતાજીનાં અન્ય લખાણો ટાંકી શકો છો.

(૧૦ નવેમ્બર ૧૯૫૯)

*

('ભારતનો આધ્યાત્મિક ઇતિહાસ'ના વિષયના અભ્યાસની રૂપરેખા શ્રી માતાજીને વાંચી બતાવવામાં આવી ત્યારે તેમણે આ પ્રમાણે ટિપ્પણી કરેલી :)

ના! એમ નહિ ચાલે. એ રીતે ન થાય. તમારે ધૂમ–ધડાકા-ભડાકા સાથે શરૂઆત કરવી જોઈએ!

તમે ઇતિહાસનું સાતત્ય બતાવવાનો પ્રયત્ન કર્યો છે, અને શ્રી અરવિંદ એના પરિપાક રૂપે ચરિતાર્થ સ્વરૂપે આવ્યા છે એમ બતાવો છો.

શ્રી અરવિંદ ઐતિહાસિક વ્યકિત નથી; તેઓ તો ઇતિહાસથી બહાર, પેલેપાર છે.

શ્રી અરવિંદના જન્મ સુધી, ધર્મો અને આધ્યાત્મિક પંથોનું કેન્દ્ર હંમેશાં ભૂતકાળનાં સ્વરૂપોમાં રહેતું, તેઓ 'લક્ષ્ય' તરીકે પૃથ્વી ઉપરના જીવનનો ઇનકાર કરતા. એટલે તમારે બે વિકલ્પોમાંથી પસંદગી કરવાની રહેતી: કાં તો—

— આ જગતની **અંદર** રહેવું, તેનાં નાનાં નાનાં સુખ-દુઃખ, આનંદો અને વેદનાઓમાં ગોળ ગોળ ફર્યા કરવું, અને જો તમે યોગ્ય માર્ગે ન ચાલો તો તમારે માટે નર્કમાં જવાનો ભય ઊભો જ રહેતો, અથવા તો—

— કોઈ અન્ય **જગતમાં** ચાલ્યા જવું, સ્વર્ગ, નિર્વાણ, મોક્ષ....

આ બંનેમાંથી એકેય પસંદગી કરવા લાયક નથી. બંનેમાં એકસરખી બુરાઈ છે.

શ્રી અરવિંદે આપણને કહ્યું છે કે આ એક એવી પાયાની ભૂલ હતી જેને લઈ ભારત કેમ દુર્બળ અને પતનગામી બન્યું તેનો ખ્યાલ આવે છે. બૌદ્ધમત, જૈનમત, મિથ્યાવાદ — એ બધાં, આખા યે દેશની શક્તિનો રસ ઉડાડી દે તે માટે પૂરતાં હતાં.

એ ખરું કે, ભારત એ જગતમાંનો એક જ એવો દેશ છે જ્યાં હજી પણ એવી સભાનતા છે કે જડ તત્ત્વ કરતાં બીજી કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવે છે. બીજા બધા દેશો તો એ વસ્તુ ભૂલી ગયા છે : યુરોપ, અમેરિકા અને બીજે બધે.... માટે જ તેની પાસે એક એવો આદેશ છે જે તેણે સાચવી રાખવાનો અને અન્ય સૌને પ્રબોધવાનો છે. પરંતુ અત્યારે તો એ કીચડમાં આમતેમ ભટકયા કરે છે.

શ્રી અરવિંદે બતાવ્યું છે કે, પાર્થિવ જીવનમાંથી ભાગી જવામાં સત્ય નથી પણ એની વચમાં રહેવામાં છે. **એનું રૂપાંતર કરવાનું છે, દિવ્ય કરવાનું છે.** જો એમ થાય તો જ પ્રભુ **અહીં આ ભૌતિક જગતમાં** પ્રગટ થઈ શકે.

તમારે આ વસ્તુ પહેલા જ વર્ગમાં કહેવી જોઈએ. તમારે તદ્દન સ્પષ્ટવકતા અને ખરું કહી દેનારા થવું જોઈએ.... આમ ! (શ્રી માતાજી તેમના હાથ વડે ટેબલ ઉપર એક ચોરસની નિશાની કરે છે.)

પછી જ્યારે આ વસ્તુ ભારપૂર્વક અને સ્પષ્ટપણે કહી દો કે એમાં કશી શંકાને સ્થાન ન રહે, ત્યારે — અને ત્યારે જ — તમે પછી આગળ જઈને તેમને ધર્મોના ઈતિહાસ, ધર્મો અથવા ધાર્મિક નેતાઓના ઈતિહાસ કહી મઝા કરાવી શકો છો.

ત્યારે — અને ફક્ત તો જ — તમે બતાવી આપી શકશો કે એમણે જે દુર્બળતા અને અસત્યનું બીજ સંધરી રાખેલું અને જાહેર કરેલું તે ત્યાં છે.

ત્યારે — અને તો જ — વખતોવખત, જુદાંજુદાં સ્થળોએ તમને એક એવી 'અંતઃપ્રજ્ઞા'નું ભાન થશે કે જેથી તમને જણાઈ આવશે કે **બીજી** કોઈ વસ્તુ શકય છે : ઉદાહરણ તરીકે વેદોમાં (પણીઓની અંધારી ગુફામાં ઊંડે ઊતરવાનો આદેશ); તંત્રોમાં પણ.... એક જ્યોતિ જલી રહી છે.

(૩૧ માર્ચ ૧૯૬૭)

*

શ્રી અરવિંદ ભૂતકાળની કે ઐતિહાસિક વ્યક્તિના નથી.

શ્રી અરવિંદ તો પોતાની સિદ્ધિને માર્ગે ગતિ કરતું ભવિષ્ય છે.

આ રીતે આપણે શાશ્વત યૌવનને ઝડપી આગેકૂચ માટે છત્ર આપવું કે જેથી રસ્તે જતાં આળસુ ને રખડેલ ન થઈ જવાય.

(૨ એપ્રિલ ૧૯૬૭)

*

"કોઈ પણ વિષયને ફરજિયાત* ન બનાવવાની જે દરખાસ્ત છે તે બાબતમાં 'ક્ષ'નું કહેવું એમ છે કે માતાજીને પૂછી જોવું કે એમાં શ્રી અરવિંદનાં લખાણોનો પણ સમાવેશ થાય છે કે કેમ?"

બહા.

"એણે એમ કહ્યું કે થોડાં વર્ષો ઉપર ઉચ્ચ કક્ષાનો કોર્સ દાખલ કરવામાં આવ્યો ત્યારે માતાજીનો મુખ્ય આશય એ હતો કે બધા જ વિદ્યાર્થીઓમાં શ્રી અરવિંદના ઉપદેશ વિષેનું પૂરતું જ્ઞાન હોવું જોઈએ અને એટલા જ માટે માતાજીએ 'સામાન્ય કોર્સ' સૌને માટે ફરજિયાત કરેલો. આપણું શિક્ષણ કેન્દ્ર મૂળમાં તો શ્રી અરવિંદના ઉપદેશનું શિક્ષણ આપવા અને પચાવવા માટે છે, તો પછી એ વિષયને ફરજિયાત કઈ રીતે રાખી શકાય? ખરું જોતાં, આપણા કેન્દ્રના કોઈ વિદ્યાર્થીને શ્રી અરવિંદનાં લખાણોનો અભ્યાસ કરવામાં રસ ન હોય તો એ એક વિચિત્ર વસ્તુ કહેવાય. અને જે વિદ્યાર્થીને આવો રસ ન હોય તે આપણા કેન્દ્રનો વિદ્યાર્થી કઈ રીતે હોઈ શકે.

---

* "અભ્યાસનો વિષય વિદ્યાર્થીએ સ્વતંત્રપણે નક્કી કરવો. એમાં એની સાચી અને ગંભીર ગણાતી હોય એવી જરૂરિયાતનો ભાસ થવો જોઈએ." (દરખસ્ત નં. ૧ આગળ પૃ. ૨૦૪ પર આપેલી છે)

હા, જેઓ શાળામાં ભણવા માગે છે તેમને માટે, પણ જેઓ એકલા અભ્યાસ કરવા માગે છે તેમને માટે નહિ.

(નવેમ્બર ૧૯૬૭)

*

"એવું એક સૂચન છે કે શ્રી માતાજીના વાર્તાલાપો અને બુલેટિનમાંના અગત્યના લેખો કે જે મૂળમાં તો શિક્ષણ કેન્દ્રનાં બાળકો માટે છે, તેમને વર્ગમાં વાંચવા અને સમજાવવા. આ માટે એવું સૂચન છે કે એક મહિનામાં એક-બે પિરિયડ આને માટે જ નક્કી કરવા. આમાં કઈ ભાષામાં વર્ગ લેવા એ વસ્તુ શ્રી માતાજીએ નક્કી કરવાની છે."

જો તમે મારા લેખો કે વાર્તાલાપોનો ઉપયોગ કરવા માગતા હો તો ફ્રેન્ચ ભાષા વાપરવી.

(૨૭ જુલાઈ ૧૯૫૯)

*

શ્રી અરવિંદનાં લખાણ અંગ્રેજીમાં અને મારાં લખાણ ફ્રેન્ચમાં વાંચવાં.

(૪ માર્ચ ૧૯૬૬)

*

"આપે કહેલું કે શ્રી અરવિંદને સમજતાં એક કે બે વર્ષ લાગશે. તો પછી શિક્ષકોએ અમને વર્ગમાં શ્રી અરવિંદનાં પુસ્તકોમાંથી શીખવ્યું હોય તેના ઉપરથી પ્રશ્નો પૂછે તે બરાબર કહેવાય?"

મેં એમ કહેલું કે યોગ્ય રીતે સમજતાં વર્ષો જશે. પરંતુ જો તમે બુદ્ધિશાળી હશો તો કોઈક વસ્તુ તો **તરત જ** સમજી જશો; અને શિક્ષક તમારી બુદ્ધિની કસોટી કરવા માગે છે.

(૭ ઑક્ટોબર ૧૯૬૭)

*

"મારું કામ એ પ્રકારનું છે કે મારે સતતપણે વાંચવું, લખવું અને વિચારવું પડે છે — પરિણામે હું મોટાભાગે

મારા મનમાં જ જીવું છું. આ પ્રકારની સતત મનોમય પ્રવૃત્તિને કારણે મારા ચૈત્ય કેન્દ્રના ખુલ્લા થવામાં બાધા આવે છે. એને લઈને મારું જીવન પણ શુષ્ક અને બોજવાળું બની ગયું છે. આપે બુલેટિનમાં કહ્યું છે કે આ પ્રકારની સતત મનોમય પ્રવૃત્તિ જે નવીન ચેતના અત્યારે આવિર્ભાવ પામી રહી છે તેને ગ્રહણ કરવા માટે સારી નથી, પરંતુ મારે જે કાર્ય કરવાનું છે તેમાં એની જ જરૂર પડતી હોય તો મારે શું કરવું?''

તમે ભૂલી ગયા લાગો છો કે શ્રી અરવિંદે આખું 'આર્ય' * વર્ષો સુધી સંપૂર્ણ મનોમય નીરવતામાંથી અને ઊર્ધ્વમાંથી આવતી પ્રેરણા તેમના હાથમાં થઈને સીધી-સીધી ટાઈપરાઈટર ઉપર જાય એવી અવસ્થામાંથી લખ્યે રાખેલું.

(૭ માર્ચ ૧૯૬૯)

*

'આર્ય'નો અભ્યાસ કરવો એ સાચે જ એક સારો ખ્યાલ છે. તમે તમારી જાતે જે કંઈ થોડું સરખું પણ સમજો તે બીજાઓ તમને સમજણનો આખો દરિયો ભરી આપે તેના કરતાં વધુ સારું છે.

*

તમે શરીરશાસ્ત્ર શીખવતાં જતાં પણ લાભ પામી શકો છો. સાથે સાથે તમે શ્રી અરવિંદનો તમારો અભ્યાસ પણ ચાલુ રાખજો.

તમે જે કાંઈ કરતા હો તે બરાબર અને અત્યંત ગંભીરપણે કરતા રહો તે ઉત્તમ ગણાય. પછી તમે તમારી પ્રવૃત્તિઓને વિકસાવી શકો છો.

એક સારા શિક્ષક બનવું એ કોઈ સહેલું કામ નથી; પરંતુ એમાં મજા પડે છે અને પોતાની જાતનો વિકાસ પ્રાપ્ત કરવાની તક સાંપડે છે.

શ્રી અરવિંદનાં લખાણો વાંચવાની બાબતમાં તો એમ કહેવું પડે કે તેમની દ્વારા આપણે માટે ભાવિનાં દ્વાર ખુલ્લાં કરાવાઈ રહ્યાં છે.

(૧૬ નવેમ્બર ૧૯૭૨)

*

---

* એક માસિક પત્ર જેમાં શ્રી અરવિંદનાં મુખ્ય ગદ્ય લખાણો ૧૯૧૪-૧૯૨૧ માં સૌપ્રથમ પ્રસિદ્ધ થયેલાં.

"અમે જે કાંઈ વાંચીએ છીએ, શીખીએ છીએ કે જેનો પણ અભ્યાસ કરીએ છીએ એ બધું શ્રી અરવિંદનાં લખાણો વાંચતાં બોટું લાગે છે. તો પછી એમની પાછળ સમયનો વ્યય કરવાથી શો લાભ?"

હું ધારું છું કે એ માનસિક વ્યાયામ છે!

*

"મારાં પ્રિય માતાજી, મારે તત્ત્વજ્ઞાન અને ધર્મશાસ્ત્રનો વ્યવસ્થિત અભ્યાસ કરવો છે. હું 'લાઈફ ડિવાઈન' વાંચવાનો વિચાર કરું છું."

જો તમે તત્ત્વજ્ઞાન અને ધર્મશાસ્ત્રો વાંચવા માગતા હો તો ભલે એમ કરો. પરંતુ એ વસ્તુ કેવળ તમારા મગજને માટે **માનસિક વ્યાયામ** કરવાનો હોય એ ભાવે કરો. કદી પણ ભૂલશો નહિ કે **જ્ઞાનનો સ્રોત ત્યાં નથી** અને સાચું જ્ઞાન પામવા માટે એ પદ્ધતિ નકામી છે. સ્વાભાવિક રીતે, આ વસ્તુ "લાઈફ ડિવાઈન" પુસ્તકને લાગુ પડતી નથી.

*

મને એમ લાગે છે કે બાંધકામ વિભાગના કામ ઉપરાંત તમને કંઈ ભણવાની ઇચ્છા થતી હોય તો એ ઇચ્છવાયોગ્ય છે કે, કશી પણ ઉતાવળ કર્યા વિના, શ્રી અરવિંદનાં લખાણો તમે ગંભીરપણે અને કાળજીપૂર્વક વાંચો. તમારી સાધના માટે, બીજી કોઈ પણ વસ્તુ કરતાં એનાથી વધુ મદદ મળી રહેશે.

(૯ માર્ચ ૧૯૪૧)

*

"શ્રી અરવિંદના કયા પુસ્તકથી મારે શરૂઆત કરવી?"

"લાઈફ ડિવાઈન"થી.

આશિષ.

(૧૧ માર્ચ ૧૯૪૧)

*

(એક અભ્યાસ વર્તુળ માટે શ્રી માતાજીએ નીચે મુજબનો કાર્યક્રમ લખી આપેલો.)

૧. પ્રાર્થના (શ્રી અરવિંદ, માતાજી — આપનું શિક્ષણ સમજવાના અમારા પ્રયત્નમાં સહાયરૂપ થાઓ.)

૨. **શ્રી અરવિંદના પુસ્તકમાંથી વાચન.**

૩. એક ક્ષણ માટે નીરવતા.

૪. **જે કાંઈ વાંચવામાં આવ્યું હોય** તેની ઉપર જે કોઈને પ્રશ્ન પૂછવો હોય તે એક પ્રશ્ન પૂછે.

૫. પ્રશ્નનો ઉત્તર.

૬. કોઈ સર્વસામાન્ય ચર્ચા નહિ.

આ કોઈ **વર્તુળની** સભા **નથી** પરંતુ શ્રી અરવિંદનાં પુસ્તકોનો અભ્યાસ કરવાનો વર્ગ છે.

(૩૧ ઑક્ટોબર ૧૯૪૨)

*

ભાષાઓ

પૂર્વ અને પશ્ચિમની એકતા માટે, બંનેમાં જે ઉત્તમ અંશો છે તે એક-બીજાને આપે અને એક સાચો સમન્વય સાધે એ માટે સર્વ પ્રકારના અભ્યાસો માટે એક યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે. આપણી શાળા એ યુનિ-વર્સિટીનો બીજાંકુર બનશે.

આપણી શાળામાં શિક્ષણના માધ્યમ તરીકે મેં ફ્રેન્ચ ભાષા રાખી છે. એમાં એક કારણ એ છે કે વિશ્વની સૌ ભાષાઓમાં ફ્રેન્ચ એ સૌથી વધુ સંસ્કારી ભાષા છે. બાળકો પાછળથી ભારતીય ભાષાઓ શીખી શકશે. જો અત્યારને તબક્કે ભારતીય ભાષાઓ ઉપર વધુ ભાર મૂકવામાં આવશે તો એવું બનશે કે ભારતીય મગજનું સ્વાભાવિક વલણ, પુરાતન કાળના સાહિત્ય, સંસ્કૃતિ અને ધર્મ પ્રત્યે વળશે. તમે બહુ સારી રીતે જાણો છો કે પુરાતન કાળના ભારતની વસ્તુઓ વિષેનું મૂલ્ય આપણે સ્વીકારીએ છીએ, પરંતુ આપણે અહીં કોઈ નવીન વસ્તુનું સર્જન કરવું છે, પૃથ્વી માટે કોઈ તદ્દન તાજી વસ્તુ ઉતારી લાવવા માગીએ છીએ. આ રીતનો પ્રયત્ન કરવામાં, જો તમારું મન, પુરાતન વસ્તુઓ સાથે બંધાઈ રહેશે તો એ આગળ વધવાનો ઇનકાર કરશે. ભૂતકાળના અભ્યાસને તેનું પોતાનું સ્થાન છે જ. પરંતુ એનાથી જે ભવિષ્યને લગતું કાર્ય છે તેમાં બાધા આવવી જોઈએ નહિ.

*

> "ફ્રેંચને એક એવી વિશિષ્ટ ભાષા ગણીએ કે જેનાથી બાળકોને સૌપ્રથમ આપની સાથે સંપર્કમાં મૂકવામાં આવે અને પછી સૌંદર્યનાં અમુક આંદોલનનો સંપર્ક કરાવવામાં આવે ?"

એવું જ કાંઈક.

હું ફક્ત એટલું જ કહી શકું કે આપણી અહીંની શાળા ભારતમાં ફ્રેન્ચ શીખવનારી ઉત્તમ શાળાઓ પૈકી એક છે — કદાચ સૌથી ઉત્તમ છે — અને એ પ્રકારની સ્વીકૃતિને લાયક બનવું એ મને લાગે છે કે સારી વસ્તુ છે.

બાળકો સાથેના અહીંના મારા સંબંધોમાં હું હંમેશાં તેમની સાથે ફ્રેંચમાં જ વાતચીત કરું છું.

*

"વિજ્ઞાન શા માટે ફ્રેન્ચમાં ભણાવવું જોઈએ?'

એનાં ઘણાં કારણો છે અને જે ગહન કારણો છે તે તમને કહેવામાં આવે તેના કરતાં તમારે તમારા હૃદયમાંથી જાણી લેવાં જોઈએ.

બાહ્ય કારણોમાં હું કહી શકું કે ફ્રેંચ એક ચોક્કસ ભાષા છે અને તેથી એ વિજ્ઞાનના શિક્ષણ માટે વધુ સારી છે જેમ અંગ્રેજી ભાષા કાવ્યને માટે ચડિયાતી છે એમ.

આમાં કેટલાંક વ્યવહારુ કારણો પણ છે. એમાં એક હકીકત તો એ છે કે જે સર્વને મોટાં થયે પોતાને માટે કમાવું પડશે તેમાંથી જેમને ફ્રેંચ બરાબર આવડતું હશે એ લોકોને સહેલાઈથી નોકરી મળી રહેશે.

આશીર્વાદ.

(૯ ફેબ્રુઆરી ૧૯૬૯)

*

ફ્રેન્ચ એ સાચે જ એ અત્યંત ચોક્કસ અને સ્પષ્ટ ભાષા છે. પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જોતાં એ વસ્તુ સાચી નથી કે ફ્રેન્ચ ભાષાનો જ ઉપયોગ કરવો એ ઉત્તમ વસ્તુ ગણાય. કારણ કે અંગ્રેજી ભાષામાં જે નમનીયતા છે, જે પ્રવાહિતા છે એ ફ્રેંચમાં નથી. અને જે વસ્તુ મનોમય અભિવ્યકિત દ્વારા રજૂ કરવામાં આવે તેના કરતાં અનુભવની દૃષ્ટિએ વધુ વિસ્તૃત અને સર્વગ્રાહી છે તેને માટે આ પ્રકારની નમનીયતા અનિવાર્ય છે.

(જાન્યુઆરી ૧૯૫૦)

*

ભાષાંતરે અંગે

Bonte (બોંતે) — માયાળુપણું અને શુભચેષ્ટા; Bienveillance (બીંએવેલાંસ) એટલે દરેક વસ્તુની સારી બાજુ જોવી. એમાં કેવળ એવો આશાવાદ નથી જે બૂરી વસ્તુઓ પ્રત્યે આંખ આડી કરે છે. એ એક એવી ચૈતસિક દૃષ્ટિ છે, જે સર્વ સ્થળે પ્રભુના સ્વરૂપને નિહાળે છે.

એવા ઘણા શબ્દો છે જેનું ભાષાંતર થઈ શકે તેમ નથી. શ્રી અરવિંદની હાસ્યરસભરી અને માર્મિક વાણીનું ફ્રેન્ચમાં ભાષાંતર ન થઈ શકે. અંગ્રેજી ભાષાની મર્મવાણીનું જ્યારે ફ્રેન્ચમાં ભાષાંતર કરવામાં આવે છે ત્યારે એ મોળું અને મૂર્ખાઈભર્યું લાગે છે. ફ્રેન્ચ ભાષાની હાસ્યરસની વાણીનું જ્યારે અંગ્રેજીમાં ભાષાંતર કરવામાં આવે છે ત્યારે એ ક્રૂર અને અર્થહીન લાગે છે. આ બંને ભાષાઓ આમ તો એકસરખી લાગે છે, છતાં તેમની પાછળ રહેલી મેધા શક્તિ અલગ પ્રકારની છે.

(૪ જુલાઈ ૧૯૫૬)

*

હું તમને એ ચોપડી (ફ્રેન્ચમાં 'પ્રાર્થનાઓ અને ધ્યાન') આવતી કાલે મોકલીશ. પરંતુ તમે જે વાંચતા હો તેને યોગ્ય રીતે સમજવું હોય તો તમારે વ્યાકરણ બરાબર શીખવું પડશે.

(૨૦ જૂન ૧૯૩૨)

*

"હું સારી ફ્રેન્ચ સ્ટાઈલ ક્યાંથી શીખી શકું?"

એ વસ્તુ ઉચ્ચ કક્ષાના વ્યાકરણના વર્ગોમાં શીખવવામાં આવે છે. તદુપરાંત એને માટે ખાસ પુસ્તકો પણ છે. સ્ટાઈલ બાબતમાં મુખ્ય નિયમ એ છે કે ગદ્ય ફકરામાં, જ્યાં સુધી તદ્દન અનિવાર્ય ન હોય ત્યાં સુધી "હું" શબ્દનો ઉપયોગ ન કરવો. અને જ્યારે બે પૂરક વાક્યોની શરૂઆત કરવાની હોય ત્યારે ગમે તેમ હોય તો પણ વાક્યની શરૂઆત "હું"થી ન કરવી. આ ઉપરથી

તમને ખ્યાલ આવશે કે તમારે તમારો રોજનો રિપોર્ટ આપતી વેળાએ કેવી સ્ટાઈલ વાપરવી.

(૨૦ જુલાઈ ૧૯૩૩)

*

ફ્રેન્ચ ભાષા સરળ અને સ્પષ્ટ રીતે લખવી જોઈએ

(૨૯ સપ્ટેમ્બર ૧૯૩૩)

*

ફ્રેન્ચ ભાષાને જ્યારે સરળ અને સ્પષ્ટ રૂપમાં લખવામાં આવે છે ત્યારે ખીલી ઊઠે છે. જ્યારે એમાં ગૂંચવાડાભરી છાયાઓ એકઠી કરવામાં આવે છે ત્યારે એની સ્ટાઈલ કૃત્રિમ બની જાય છે.

*

મારા મધુર સ્મિત,

તારું કહેવું તદ્દન સાચું છે. મને સમજાતું નથી કે રસભરી વસ્તુ વાંચવાને બદલે શા માટે તારે કંટાળાજનક વસ્તુઓ કરવા માંડવી જોઈએ.

ભાષા શીખવા માટે તો તમારે વાંચવું, વાંચ્યે જવું, બસ વાંચ–વાંચ જ કરવું — અને બને તેટલું બોલવું.

સપ્રેમ.

(૧૦ જુલાઈ ૧૯૩૫)

*

"મારે ફ્રેન્ચનો અભ્યાસ, ખાસ કરીને વાતચીત થઈ શકે તે માટે ફરી શરૂ કરવો છે. મને કાંઈક સૂચનાઓ મળી શકશે?"

સારામાં સારી વાત તો એ છે કે તક મળે કે તરત....હિંમતપૂર્વક બોલવું.

*

"માતાજી, મને કોઈ એવા સારા લેખકોનાં નામ આપશો જેમનાં પુસ્તકો હું વાંચી શકું?"

જો તમારે ફ્રેન્ચ ભાષા શીખવી હોય તો તમારે ફ્રેન્ચ સાહિત્યનું કોઈ પુસ્તક લઈને અભ્યાસ કરવો અને પાઠ્યપુસ્તકમાં જણાવેલ દરેક લેખકનાં એક કે બે પુસ્તકો વાંચવાં. શરૂઆત, અગાઉના લેખકોથી કરવી.

(૨૨ સપ્ટેમ્બર ૧૯૩૬)

*

"જો આપને ઠીક લાગે તો મને ગમતું હોય એવું એક પુસ્તક લઉં અને બીજું એક સૌથી જૂના લેખકોમાંથી, આપની સલાહ હોય તો લઉં."

મેં એમ નહિ કહેલું કે તમારે કેવળ જૂના લેખકોનાં લખાણો જ વાંચવાં; મેં એમ કહેલું કે સાહિત્યમાં જેમનો ઉલ્લેખ થયો હોય એવા દરેક લેખકનાં એક-બે પુસ્તકો વાંચવાં અને શરૂઆત અગાઉના જૂના લેખકોથી કરવી.

(૨૪ સપ્ટેમ્બર ૧૯૩૬)

*

"માતાજી, મેં ફ્રેન્ચ પુસ્તકો વાંચવાની શરૂઆત કરી છે — 'સ'એ મને એક લિસ્ટ આપ્યું છે."

તમે ફ્રેન્ચમાં ઘણું વાંચો છો એ સારી વાત છે. એનાથી તમને લખતાં સારું આવડશે.

(૭ એપ્રિલ ૧૯૬૯)

> ''આજે મેં 'ઇ–૫' વર્ગ લીધેલો અને તેમાં અમે શ્રી ''માતાજીની વાણી''નું વાચન અને સ્પષ્ટીકરણ ચાલુ રાખેલું. જો કે હું ''વાણી''માં રહેલા ભાષાના સૌંદર્ય પ્રત્યે સતતપણે ધ્યાન દોરું છું છતાં હું એ વસ્તુ પ્રત્યે પણ સભાન છું કે હું અંગ્રેજી શીખવવા કરતાં એમાં રહેલાં સ્પષ્ટીકરણો ઉપર વધુ ભાર મૂકું છું.''

એ બરાબર છે. કારણ કે એથી એમને અંગ્રેજીમાં વિચાર કરવાની ટેવ પડશે અને કોઈ પણ ભાષા શીખવી હોય તો એ જ સાચી રીત છે.

(૨ મે ૧૯૪૬)

*

''ક્ષ'એ એના બે પુત્રોના શિક્ષણ સંબંધે ઊભી થયેલી મુશ્કેલી સંબંધે આપનું માર્ગદર્શન માગ્યું છે. એણે એક પુત્રને મુંબઈમાં ઇટાલિયન મિશનરી સ્કૂલમાં મૂકેલો છે — ત્યાં અંગ્રેજી માધ્યમ છે અને એની ઇચ્છા બીજા પુત્રને પણ ત્યાં જ મૂકવાની છે. પરંતુ હાલ ભાષાની બાબતમાં ભારતમાં જે વિવાદ ઊભો થયો છે એને લઈને એ મૂંઝાયો છે કારણ કે એને માટે એ વસ્તુનો નિર્ણય કરવો મુશ્કેલ છે કે એણે એનાં બાળકોને અંગ્રેજી માધ્યમ દ્વારા કેળવણી આપવી કે પછી માતૃભાષાના માધ્યમ દ્વારા — એમ હોય તો મરાઠી ભાષાની શાળામાં એમને બદલવા પડે. એ આપની આ બાબતમાં સલાહ માગે છે.''

માતૃભાષા સારી છે પણ જેને આગળ અભ્યાસ કરવો હોય તેને માટે અંગ્રેજી અનિવાર્ય છે.

આશીર્વાદ.

(૩ નવેમ્બર ૧૯૬૭)

*

"અત્યારે આપણા ઉચ્ચ ધોરણના વર્ગના વિદ્યાર્થીઓ કોઈ પણ એક ભાષાને એટલી સારી રીતે નથી જાણતા કે જેની દ્વારા તેઓ તેમના વિચારો અને લાગણીઓને પૂર્ણ પણે અને ભાવનાપૂર્વક રજૂ કરી શકે. માતાજી, આની જરૂર ખરી કે નહિ? અને એટલે એમણે કઈ ભાષા શીખવી? એ કોઈ સામાન્ય અથવા આંતરરાષ્ટ્રિય* ભાષા હોવી જોઈએ કે તેમની માતૃભાષા?"

કેવળ એક જ ભાષા જાણે એ વધુ સારુ.

*

"ઉપયોગિતાની દૃષ્ટિએ આપણા કેટલાક વિદ્યાર્થીઓને સાહિત્યિક હિંદી ભાષા શીખવી નથી."

બંને શીખવો, સાચી ભાષા અને જે સ્વરૂપ બન્યું છે તે — એ ઠીક ઠીક રસપ્રદ બનશે — અને સૌથી સારું તો એ થશે કે ખરાબ રીતનું હિંદી બોલવાની એમની ટેવ જશે.

"વિદ્યાર્થીઓનો અણગમો હોવા છતાં આપ હું હિંદી શીખવવાનું ચાલુ રાખું એવી આપની અપેક્ષા છે?"

કશા ખચકાટ વિના ચાલુ રાખો....

અમૃતા કહે છે કે એના તામિલના વર્ગની દશા હિંદીના વર્ગ કરતાં બૂરી છે. એ કહે છે કે વિદ્યાર્થીઓ નહિ આવે તો પણ એ ભણાવવાનું ચાલુ રાખશે — એ પોતાને ભણાવશે!

(૩૦ સપ્ટેમ્બર ૧૯૫૯)

જે લોકો, હિંદીભાષી પ્રાંતના છે તેઓ માટે જ હિંદી સારી છે. બધા જ ભારતીયો માટે સંસ્કૃત સારી છે.

---

* શ્રી માતાજીએ આ શબ્દો હેઠળ લીટી કરી તેમના ઉત્તરમાંથી એક તીર ચીતરીને તેમની પસંદગીનો નિર્દેશ કરેલો.

મને ભારતીય ભાષાઓ પ્રત્યે ઊંડો આદર છે અને જ્યારે સમય મળે ત્યારે સંસ્કૃત શીખવાનું ચાલુ રાખું છું.

*

સંસ્કૃત જ ભારતની રાષ્ટ્રિય ભાષા બનવી જોઈએ.

આશીર્વાદ.

(૧૯ એપ્રિલ ૧૯૭૧)

*

"કેટલાક મુદ્દાઓ ઉપર આપે અને શ્રી અરવિંદે ચોખ્ખા ઉત્તર આપેલા છે ત્યાં અમે (શ્રી અરવિંદ કર્મધારા) પણ નિશ્ચયાત્મક હોઈએ છીએ, ઉ. ત .... ભાષાના મુદ્દા ઉપર આપે દેશને માટે કહેલું છે કે (૧) પ્રાંતીય ભાષા અભ્યાસનું માધ્યમ હોવી જોઈએ, (૨) સંસ્કૃત ભાષા રાષ્ટ્રભાષા હોવી જોઈએ, અને અંગ્રેજી ભાષા આંતરરાષ્ટ્રિય ભાષા હોવી જોઈએ.

અમે આ વિષયના પ્રશ્નોના આ પ્રમાણે ઉત્તર આપીએ તો બરાબર છે?"

હા.

આશીર્વાદ.

(૪ ઑક્ટોબર ૧૯૭૧)

(ઑરોવિલમાં શીખવાની ભાષાઓ) *

(૧) તામિલ

(૨) ફ્રેન્ચ.

(૩) ભારતમાં હિંદીનું સ્થાન લઈ શકે તેવું સરળ કરેલું સંસ્કૃત.

(૪) આંતરરાષ્ટ્રિય ભાષા તરીકે અંગ્રેજી.

(૧૫ ડિસેમ્બર ૧૯૭૦)

*

શ્રી માતાજીના જુદી જુદી ભાષામાં હસ્તાક્ષરો.

આ પછીનાં આઠ પૃષ્ઠમાં, નીચે મુજબની ભાષાઓમાં શ્રી માતાજીના હસ્તાક્ષરો છે :

સંસ્કૃત (ઈશોપનિષદ્, ફ્રેન્ચ ભાષાંતર સાથે).

હબ્ર્યુ.

ફિનીશિયન.

ચાઈનિઝ.

જાપાનિઝ.

બંગાળી.

---

* ઑરોવિલની એક શાળાના ઉદ્ઘાટન પ્રસંગે લખાયેલ. એ શાળા માટે શ્રી માતાજીનો સંદેશ હતો કે "જ્ઞાન માટે અને પ્રગતિ માટે સાચો સંકલ્પ."

ईशावास्योपनिषत्

हरिः ॐ ।

ईशा वास्यमिदꣳ सर्वं यत्किंच जगत्यां जगत् ।
Au Seigneur pour qui il l'habite, tout ceci et chaque chose univers te mouvant dans l'universel mouvement

तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्य स्विद्धनम् ॥१॥
retenant cela détache toi et jouis - en Aucun bien ne convoite pas que s'approprient les hommes ne convoite -

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतꣳ समाः ।
Faisant certes ici les oeuvres on doit désirer vivre cent ans

एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ॥२॥
ainsi pour toi et non autrement en est-il. l'action n'englue pas l'homme.

असुर्या नाम ते लोका अन्धेन तमसाऽऽवृताः ।
sans soleil s'appellent ces mondes enveloppés de ténèbres aveugles

ताꣳस्ते प्रेत्याभिगच्छन्ति ये के चाऽऽत्महनो जनाः (11)
où s'en parties vont ceux qui assassinent leur âme gens

अनेजदेकं मनसो जवीयो नैनद्देवा आप्नुवन्पूर्वमर्षत् ।
Unique sans mouvement plus prompt que l'esprit les dieux mêmes ne peuvent l'atteindre dans sa course en avant

तद्धावतोऽन्यानत्येति तिष्ठन्नस्मिन्नपो मातरिश्वा दधाति ॥३॥
Cela dans sa stabilité dépasse tous les autres qui courent En cela les eaux Mataricvan établit

तदेजति तन्नैजति तद्दूरे तदु अन्तिके ।
Cela est en mouvement cela est sans mouvement Cela est lointain Cela aussi est proche

तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः ॥ ५॥
cela au dedans de ce tout cela aussi hors de ce tout est

यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानुपश्यति।
mais celui qui partout les devenirs dans l'Etre perçoit

सर्वभूतेषु चाऽऽत्मानं ततो विजुगुप्सते ॥ ६॥
tous les devenirs et dans l'être celui-là ne se replie plus.

यस्मिन्सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः।
Pour qui toutes les choses devenues l'Etre même est devenu pour qui tout est

तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥ ७॥
pour qui vie douleur ou entend l'Unité entière perçoit

स पर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरꣳ शुद्धमपापविद्धम्।
Lui s'est diffusé, lumineux, incorporel, sans défaut, sans organes, pur immolérable au mal.

कविर्मनीषी परिभूः स्वयंभूर्याथातथ्यतोऽर्थान्व्यदधा-
Voyant le Penseur celui qui devient, qui existe en soi, a ordonné ces choses selon tout

-च्छाश्वतीभ्यः समाभ्यः ॥ ८॥
leur loi — depuis les ages infinis

अन्धं तमः प्रविशन्ति येऽविद्यामुपासते।
en d'aveugles ténèbres entrent ceux qui à l'ignorance se vouent

ततो भूय इव ते तमो य उ विद्यायाꣳ रताः ॥ ९॥
Et comme en plus de Ténèbres ceux qui à la connaissance sont soumis.

अन्यदेवाहुर्विद्ययाऽन्यदाहुरविद्यया।
Bien autre chose a-t-il été dit par la connaissance, bien autre chose a-t-il été dit par l'ignorance

इति शुश्रुम धीराणां ये नस्तद्विचचक्षिरे ॥१०॥
Ainsi avons-nous appris des sages qui nous ont cela révélé.

विद्यां चाविद्यां च यस्तद्वेदोभयꣳ सह ।
Connaissance et ignorance celui qui cela connaît comme les deux à la fois

अविद्यया मृत्युं तीर्त्वा विद्ययऽमृतमश्नुते ॥११॥
Par l'ignorance la mort ayant franchi par la connaissance de l'immortalité jouit.

अन्धं तमः प्रविशन्ति येऽसंभूतिमुपासते ।
Les Ténèbres Ténébres entrent ceux qui au non devenir se vouent

ततो भूय इव ते तमो य उ संभूत्यꣳ रताः ॥१२॥
Et comme en plus de Ténèbres ceux qui au devenir sont adonnés.

अन्यदेवाऽऽहुः संभवादन्यदाहुरसंभवात् ।
Bien autre chose a-t-il été dit par la devenir Bien autre chose a-t-il été dit par le non-devenir.

इति शुश्रुम धीराणां ये नस्तद्विचचक्षिरे ॥१३॥
Ainsi avons-nous appris des sages qui nous ont cela révélé.

संभूतिं च विनाशं च यस्तद्वेदोभयꣳ सह ।
Devenir et dissolution celui qui cela connaît comme les deux à la fois

विनाशेन मृत्युं तीर्त्वा संभूत्याऽमृतमश्नुते ॥१४॥
par la dissolution la mort ayant franchi par le devenir de l'immortalité jouit

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
de la Vérité

तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥१५॥
Cela toi ôte-le Evolueteur pour la loi de la Vérité pour la vision



Phénicien

雨 pluie
月 oeil
車 chariot
火 feu
口 bouche
矢 flèche

chinois

寒(サム)暖(アタタ)笑(ワラ)答(コタエ)知(シ)高(タカ)風(カゼ)吹(フ)強(ツヨ)糸(イト)

喜(ヨロコ)歌(ウタ)雲(クモ)天(テン)話(ハナシ)書(カ)讀(ヨ)桃(モモ)流(ナガ)男(オトコ)

力(チカラ)猿(サル)雉(キジ)外(ホカソト)内(ウチ)恐(オソ)第(ダイ)居(オリイ)松(マツ)林(ハヤシ)

花(ハナ)原(ハラ)貞(テイ)壽(ジユ)金(キンカネ)物(モノ)町(マチ)習(ナラ)次(ツギ)音(オン)

圖(ズ)多(オウ)皆(ミナ)魚(ウオ)鯉(コイ)頭(アタマ)正(タダ)蟲(ムシ)食(タベ)形(カタチ)

池(イケ)供(トモ)村(ムラ)丸(マル)紙(カヾミ)神(カヾミ)岡(オカ)河(カワ)銀(ギン)青(アオ)

অ আ ঁ ই ি ঈ ী উ ু ঊ ূ
ঋ ং ঃ এ ে ঐ ৈ ও ো ঔ ৌ

মানুষ	(mānush)	man
ঘোড়া	(ghoṛa)	horse
বলদ	(balad / bulod)	ox
গাধা	(gadha)	ass
ছাগল	(chhagal / chhagol)	goat
ভেড়া	(bheṛa)	sheep
কুকুর	(kukur)	dog
বেরাল	(beral)	cat
হরিণ	(harin / horin)	deer
ইন্দুর	(indur)	rat
বেঙ্গ	(beng)	frog
পিঁপড়া	(pipoṛā)	ant
হারপোকা	(kharopoka)	bug
উকুন	(ukun)	louse
শূকর	(shūkaṛ)	swine
কাক	(kāko)	crow
পেঁচা	(penchā)	owl
মোরগ	(moraga)	cock
পাখী	(pākhī)	bird
পশু	(paṛshū)	beast
সাপ	(shāp)	snake
পোকা	(pokā)	worm
মাছি	(machi)	fly

સ્થૂલ ભૂમિકા ઉપર પ્રભુ સૌન્દર્ય દ્વારા જ પોતાને પ્રગટ કરે છે.

*

સ્થૂલ ભૂમિકા ઉપર, સૌ વસ્તુઓમાં સૌન્દર્ય જ પ્રભુને ઉત્તમ રીતે અભિવ્યક્ત કરી શકે છે. સ્થૂલ ભૂમિકા એ રૂપોની સૃષ્ટિ છે અને રૂપની સંપૂર્ણતા એટલે સૌન્દર્ય. જે શાશ્વત છે તેને રૂપાંતરન્યાસથી સૌન્દર્ય પ્રગટ કરે છે. આવિર્ભૂત કરે છે. સૌન્દર્ય આ આવિર્ભૂત પ્રકૃતિને, રૂપની સંપૂર્ણતા દ્વારા સંવાદ અને કોઈ ઉચ્ચતમ આદર્શ પ્રત્યે દોરી જનારી લાગણી દ્વારા શાશ્વત સાથે સંપર્કમાં મૂકવાનો ભાગ ભજવે છે.

*

સૌન્દર્યને તમારો શાશ્વત આદર્શ બનાવો.

આત્માનું સૌન્દર્ય.
લાગણીનું સૌન્દર્ય.
વિચારનું સૌન્દર્ય.
કર્મની ગતિનું સૌન્દર્ય.
કાર્યનું સૌન્દર્ય.

એમ કરીને તમે એવું કરો કે તમારા હાથમાંથી જે કાંઈ બહાર આવે તે શુદ્ધ અને સંવાદપૂર્ણ સૌન્દર્ય ન હોય.

અને પ્રભુની કૃપા હંમેશાં તમારી સાથે રહેશે.

*

પરમ કલા સૌન્દર્યને પ્રગટ કરીને તમને દિવ્ય સંવાદપૂર્ણતા સાથે સંપર્કમાં લાવે છે.

*

જો સૌન્દર્યે દિવ્ય જીવનમાં કોઈ સર્જન કરવું હશે તો એક વિશાળ અને જાજ્વલ્યમાન શાંતિએ પણ પોતાને પ્રગટ કરવી પડશે.

*

આધ્યાત્મિક સૌન્દર્ય એક એવી શકિત છે.

*

સૌન્દર્ય એ પ્રકૃતિનું આનંદપૂર્ણ સમર્પણ છે.

*

સાચી કલા એટલે ભૌતિક જગતમાં સૌન્દર્યનો આવિષ્કાર. જે જગતનું સંપૂર્ણપણે રૂપાંતર થઈ ગયું હોય, એટલે કે જે સંપૂર્ણ રીતે દિવ્ય સત્યને પ્રગટ કરતું હોય, તેમાં કલાએ તેના દિવ્ય સૌન્દર્યને જીવનમાં પ્રગટ કરનાર શિક્ષક તરીકે કાર્ય કરવાનું છે.

*

કલામાં પણ આપણે ઉચ્ચ અવસ્થામાં રહેવું જોઈએ.

*

ઉત્તમ રસવૃત્તિ એ કલાનું ઉમદા પણું છે.

*

ચિત્રકલા

સાચી ચિત્રકલા, સામાન્ય સત્ય કરતાં કોઈ વધુ સૌન્દર્યપૂર્ણ વસ્તુનું સર્જન કરે છે.

(૩ એપ્રિલ ૧૯૩૨)

*

"હું કેટલીક વાર પક્ષીઓ કે પ્રાણીઓનાં ચિત્ર ચીતરું તે તમને ગમશે ?"

જો તમને ઠીક લાગે તો, પરંતુ **પ્રકૃતિમાંથી** ચિત્ર કરવાં એ શીખવવા માટે ઉત્તમ છે.

(૨૩ ડિસેમ્બર ૧૯૩૨)

*

"આપે મને ગઈ કાલે મોકલેલા ચિત્રની નકલ કરવા આજે મેં પ્રયત્ન કર્યો હતો."

શીખવા માટે એ ચિત્રની મોટી નકલ કરવી એ વધુ સારું, કારણ કે એથી એની વિગતો પ્રગટ થઈ શકે.

(૫ જાન્યુઆરી ૧૯૩૩)

*

"મેં આ ચિત્ર કોઈની પણ સહાય વિના બનાવ્યું છે, કેવું લાગે છે? તમને લાગે છે કે મને આવડશે?"

શીખવું એટલે કોઈ પણ ચિત્ર બનાવતાં પહેલાં ઘણા ઘણા મહિનાઓ સુધી અભ્યાસ જ કરવો. પ્રકૃતિના વિષયના આધારે ઘણા સમય સુધી નકલ કરી ચિત્રો બનાવવાં, ત્યાર પછી જ ચિત્રો બનાવી શકાય.

જો તમે નિયમિતપણે મહેનત કરીને અભ્યાસ કરવા માગતા હો તો તમે શરૂઆત કરી શકો છો, નહિ તો પછી એ બાબતમાં પ્રયત્ન ન કરવો સારો.

(૬ જાન્યુઆરી ૧૯૩૩)

*

"હું જાણવા માગું છું કે ચિત્રો સામે જોવું નુકસાનકારક છે કે કેમ?"

કુદરતી રીતે, એ શેનાં ચિત્રો છે એના ઉપર આધાર રહે છે. મોટા ભાગે એ સામાન્ય જીવન ઉપરનાં ચિત્રો હોય છે અને એથી ચેતના એના પ્રત્યે ખેંચાય છે.

(૧૦ ડિસેમ્બર ૧૯૩૪)

*

"ક્યુબિઝમ" અને અન્ય અત્યાધુનિક ચિત્રો

જો આ ચિત્રો પાછળ કોઈ સત્ય હોય, જો એમણે પોતાને થતી લાગણીઓ અને થતાં દર્શનોનું ચિત્રણ કર્યું હોય તો આવાં ચિત્રો કેવળ એક ગોટાળાભર્યા મગજ અને નિરંકુશ પ્રાણનું સૂચન કરે છે. પરંતુ, દુઃખની વાત છે કે, આના ચિત્રકારો સત્યનિષ્ઠ નથી હોતા અને આ ચિત્રો બીજું કાંઈ નહિ પણ એક અસત્ય, કૃત્રિમ કલ્પના પર હોય છે અને જેનો પાયો કાંઈક વિચિત્ર સર્જવાનો અને લોકોને આકર્ષીને તેમને ગૂંચવાડામાં નાખી દેવાના લક્ષ્યવાળો હોય છે. આને સૌન્દર્ય સાથે કશી લેવાદેવા નથી હોતી.

(૨૭ માર્ચ ૧૯૫૫)

*

પુષ્પોનાં ચિત્રોમાંથી જે મોટું ચિત્ર છે તે સર્વોત્તમ છે કારણ કે એ વધુ સ્વયંભૂ અને સ્વતંત્ર છે. તમને જેનું સંવેદન થતું હોય તે વસ્તુ તમારે ચીતરવી અને એ કામ આનંદપૂર્વક કરવું.

ઘણી સૌન્દર્યવાન વસ્તુઓને ચીતરો, પરંતુ એમાં પણ વધુ ધ્યાન તો એની પાછળ રહેલા સંવેદન, વસ્તુઓમાં રહેલા ગહન જીવનને પકડવા યત્ન કરજો.

(૧૨ ઑગસ્ટ ૧૯૬૨)

*

"તમને મારી મુશ્કેલી સ્પષ્ટ થાય તે માટે હું તમને મારાં બે હમણાં જ ચીતરેલાં ચિત્રો મોકલું છું. એક મેં પૂરું કરેલું છે, પરંતુ મને એનાથી સંતોષ થયો નથી. બીજામાં કેન્દ્રસ્થાન અપૂર્ણ છે; ત્યાં શું કરવું છે તે હું જાણું છું, પરંતુ મારાથી એ થઈ શકતું નથી. મારે એ પૂછવું છે કે હું પૅરીસમાં અભ્યાસ કરીને વધુ પ્રગતિ કરી શકીશ કે હું અહીં જ રહું તે વધુ સારું. આપ જે નિર્ણય કરશો તેનું હું આનંદપૂર્વક પાલન કરીશ."

મારા પ્રિય બાળક,

મેં તારાં ચિત્રો જોયાં છે — એ લગભગ પૂર્ણ છે. પરંતુ એમાં ટેક્નિકની ખામી નથી — **ચેતનાની** છે. જો તું ચેતનાનો વિકાસ કરીશ તો પોતાને વ્યક્ત કરવાની રીતે તને આવડી જશે. એ વસ્તુ તને કોઈ પણ, ખાસ કરીને જાણીતા શિક્ષકો પણ નહિ શીખવી શકે.

એટલે અહીંથી છોડીને બીજે કયાંક "કલાનિકેતનો"માં જવું એટલે પ્રકાશને છોડીને અંધકાર અને અચેતનાના ગર્તમાં ડગલાં માંડવાં.

તમે કોઈ **યુક્તિ-પ્રયુક્તિ** કરીને કલાકાર નહિ બની શકો — એ તો એના જેવું થાય કે જેમાં તમે ધાર્મિક વિધિઓની નકલ કરીને પ્રભુને પ્રાપ્ત કરવા જાઓ. સૌથી વધુ અને હંમેશને માટે અગત્યની વસ્તુ **સત્યનિષ્ઠા** છે.

તમે તમારા આંતર સ્વરૂપનો વિકાસ કરો — આત્માની ખોજ કરો, અને એની સાથે જ તમને સાચી કલાત્મક અભિવ્યકિત મળી આવશે.

મારા આશીર્વાદ સાથે.

(૨૫ મે ૧૯૬૩)

*

તમારે વિગતો શા માટે ચીતરવી છે? એની બિલકુલ જરૂર નથી. ચિત્રકામ કાંઈ કુદરતની નકલ કરીને થતું નથી, પરંતુ કુદરતનું સૌન્દર્ય જોતાં આપણી

અંદર જે છાપ પડે છે, જે સંવેદનની અનુભૂતિ થાય છે તેને વ્યકત કરવા દ્વારા થાય છે. એ વસ્તુ જ રસદાયક છે અને એને જ વ્યકત કરવાની છે, અને તમારામાં આમ કરવાની શકયતા છે માટે જ હું તમને ચિત્રકામ કરવામાં ઉત્તેજન આપું છું.

(૧૯૬૩)

*

મેં તમારાં ચિત્રો જોયાં છે અને સાચે જ એમાં ગયા વર્ષ કરતાં વધુ પ્રગતિ દેખાય છે.

આધુનિક કલા એવો અખતરો છે, હજી તો એ અસ્પષ્ટ અવસ્થામાં છે, એમને કેવળ સાદી ભૌતિક અનુભૂતિ કરતાં કોઈ બીજી વસ્તુ વ્યકત કરવી હોય છે. આ એક સારો વિચાર છે — પરંતુ જે વસ્તુ વ્યકત કરવામાં આવે છે તેનું મૂલ્ય તેની પાછળથી શું વ્યકત કરવાનો ઈરાદો છે તેની ઉપર રહે છે.

અત્યારે તો લગભગ બધા જ કલાકારો હલકી કોટિના પ્રાણમાં અને મનોમય ચેતનામાં રહેલા છે એટલે એમાં ચિત્ર પણ હલકી કોટિનાં હોય છે.

તમે તમારી ચેતનાની ખિલવણી કરો, તમારા આત્માની શોધ કરવા પ્રયત્ન કરો, અને ત્યારે જ તમે કંઈક સાચું રસપ્રદ સર્જન કરી શકશો.

આજથી ચાલુ થતા વર્ષ માટે હું તમને આ કાર્યક્રમ આપું છું.

(૧૨ ઑગસ્ટ ૧૯૬૩)

મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે આ ચિત્રોમાં ગયા વર્ષ કરતાં કોઈ સુધારો દેખાતો નથી. એમાં અંતરની સચ્ચાઈનો અને સ્વાભાવિકતાનો અભાવ જણાય છે; એ વસ્તુ જે **દેખાય** છે તેમાં નથી, પરંતુ **વિચારમાં** છે — એક બાલિશ વિચાર. મેં જે ગઈ સાલ કહેલું તે હજી પામવાનું છે. ચેતનાનો જ્યોતિ અને સત્યમાં વિકાસ થવો જોઈએ અને આંખોએ કલામય રીતે જોતાં શીખવું જોઈએ.

(૧૨ ઑગસ્ટ ૧૯૬૪)

*

હું આજ સુધી ચિત્રો જોઈ શકી ન હતી. જરૂર એની પાછળ પ્રયત્ન થયેલો વ્યકત થાય છે, અને જે ફ્રેમમાં મઢેલું છે તે આંખોને આનંદ ઉપજાવે છે. પરંતુ તમે **જોવા** કરતાં **વિચારો** છો વધુ. બીજા શબ્દોમાં, જે દૃષ્ટિ છે તે સાચી નથી, સ્વયંભૂ કે સીધી નથી, પરિણામે જે ચિત્રો બન્યાં છે તે હજી પણ ચીલાચાલુ

રીતનાં છે, એમાં કોઈ નૈસર્ગિકતા દેખાતી નથી — બીજાની નકલ દેખાય છે.

આ સર્વની પાછળ, સર્વ વસ્તુઓની પાછળ એક દિવ્ય સૌન્દર્ય છે, એક દિવ્ય સંવાદિતા છે; આપણે સંપર્ક એનો સાધવાનો છે; આપણે એને અભિવ્યક્ત કરવાનું છે.

(૧૨ ઑગસ્ટ ૧૯૬૫)

*

સંગીત

આજે જે સૌએ આજના ગાન અને સંગીતમાં ભાગ લીધેલો તે સૌને શ્રી અરવિંદ અને મને લાગ્યું છે કે આ વખતે ઘણી પ્રગતિ થઈ છે. એ વસ્તુ કેવળ વ્યક્ત કરવાની બાહ્ય રીતમાં ન હતી, પરંતુ આંતરિક વલણ અને ભીતરમાં રહેલી એકાગ્રતાના લક્ષ્યમાં રહેલી હતી. આજનો દિવસ સૌને માટે આશીર્વાદરૂપ બની રહો.

(૨૪ એપ્રિલ ૧૯૩૨)

*

મને ખબર નથી કે કોણ એવી અફવા ફેલાવી રહ્યું છે કે મને સંગીત ગમતું નથી. એ વાત જરા પણ સાચી નથી — મને સંગીત ખૂબ ગમે છે, પરંતુ એનું શ્રવણ એક નાના વર્તુળમાં થવું જોઈએ, બહુ બહુ તો પાંચ કે છ માણસો માટે જ. જ્યારે કોઈ ટોળું એકઠું થાય છે ત્યારે ઘણુંખરું એ એક સામાજિક મેળાવડો બની રહે છે, અને જે વાતાવરણ પેદા થાય છે તે સારું નથી હોતું.

*

તમારી જાતને સંગીત અને લેખન કાર્યમાં મગ્ન રાખો એ સારી વાત છે, કારણ કે એમાં તમારી પ્રકૃતિને તમારી જન્મજાત પ્રવૃત્તિ મળી રહે છે, અને એ રીતે તમારી પ્રાણની શક્તિ અને સમતુલા સચવાઈ રહે છે.

સાધનાના વિષયમાં હું પૂછું છું કે સંગીત દ્વારા જ સાધના શા માટે ન કરવી ? સ્પષ્ટ છે કે કેવળ ધ્યાન જ સાધના કરવાનો એકમાત્ર માર્ગ નથી. તમારા સંગીત દ્વારા ભક્તિ અને અભીપ્સાનો વિકાસ થઈ શકે છે અને સાક્ષાત્કાર માટે પ્રકૃતિને તૈયાર કરી શકે છે.

જો ધ્યાન અને એકાગ્રતાની ક્ષણો એમની મેળે આવતી હોય તો બરાબર છે; પરંતુ એને માટે કોઈ બળજબરી કરવાની જરૂર નથી.

(૨૩ જાન્યુઆરી ૧૯૩૯)

*

પૃથ્વી ઉપરની સર્વ વસ્તુઓનો નિયમ સંગીતને પણ લાગુ પડે છે — જો તે પ્રભુ પ્રત્યે વળેલી ન હોય તો એ દિવ્ય ન બની શકે.

(૨૫ મે ૧૯૪૧)

*

"હું જ્યારે એમ કહું છું કે જ્યારે શ્રી માતાજી ઑર્ગન વગાડે છે ત્યારે સંગીતના અમુક સૂરો શ્રી માતાજી જેમને પૃથ્વી ઉપર સ્થાપિત કરવા માગે છે તે ઊર્ધ્વ શક્તિના અવતરણ માટે જરૂરી આંદોલનો પેદા કરે છે તે સાચું છે?"

જ્યારે કોઈ વ્યક્તિ ઉચ્ચ ચેતનામાં વસતી હોય છે ત્યારે એ વ્યક્તિ જે કાંઈ કરે, કહે કે વિચારે તેમાં આ ઊર્ધ્વ શક્તિનાં આંદોલનો વ્યક્ત થાય છે. આ વસ્તુની હાજરીને કારણે આ પ્રકારનાં ઉચ્ચતર આંદોલનો પ્રગટ થાય છે. આશીર્વાદ.

*

"આપના સંગીતમાં જે સૂરની વારંવાર પુનરાવૃત્તિ થાય છે તેની પાછળ શું સંકેત છે?"

તમે નોંધ્યું હશે કે આ સૂર ત્યારે આવે છે કે જ્યારે તેની અગાઉ કોઈ મુશ્કેલી કે ગૂંચવણ વ્યકત કરવામાં આવી હોય. એ સૂર, પેલા પ્રશ્નના ઉત્તર રૂપે આવે છે. એનો અર્થ ચેતનામાં આગેકદમ, પ્રગતિ, એક ડગલું આગળ ભરાયું એવો થાય છે. એ એક આવિષ્કાર રૂપે થાય છે. મારું સંગીત સાધનાની આંતરિક ગતિને અનુરૂપ હોય છે. કેટલીક વાર કોઈ મુશ્કેલી, ગૂંચવણ, કોઈ પ્રશ્ન, કોઈ મોટી રીતની ગતિ, જેના ઉપર વિજય પ્રાપ્ત થયેલો માનેલો તે વધુ જોરથી હલ્લો કરે છે. પછી એના પ્રત્યુત્તર અને સહાય તરીકે, પ્રગતિ રૂપે, ચેતનાના આવરણના ભંગ તરીકે — અને છેવટના જ્યોતિદર્શન રૂપે કાંઈક પ્રગટ થાય છે.

આ સંગીતને સમજવું ઘણું મુશ્કેલ છે — ખાસ કરીને પાશ્ચિમાત્ય મગજને માટે — પશ્ચિમના લોકોને એમાં કંઈ લાગતું નથી; અને એ લોકો એમની અંદર સામ્ય ધરાવતી કોઈ ગતિની લાગણી પણ અનુભવતા નથી. મુખ્યત્વે કરીને જે લોકો ભારતીય રાગોની કદર કરી જાણે છે તેમને એ ગમે છે; કારણ કે એમાં એ રાગોને મળતું કંઈક હોય છે. પરંતુ એમાં પણ બાહ્ય રૂપ તો, સંગીતના સર્વ નિયમો અને માન્યતાઓનું ખંડન જ થતું હોય છે.

(૩૦ ઑક્ટોબર ૧૯૫૭)

*

"અમે જ્યારે આપના સંગીત સાથે પ્લેબ્રાઉન્ડ ઉપર ધ્યાન કરતા હોઈએ ત્યારે અમારે શું કરવા પ્રયત્ન કરવો જોઈએ?"

આ સંગીત અમુક ઊંડી લાગણીઓ જાગ્રત કરવાના હેતુવાળા હોય છે.

એ સાંભળવા માટે તમારે બને તેટલા શાંત અને બિનસક્રિય બની રહેવું. અને જો મનની નીરવતામાં, સ્વરૂપનો કોઈ ભાગ એક એવા સાક્ષીભાવ ધારણ કરી શકે કે જે કોઈ જાતની પ્રતિક્રિયા કર્યા વિના કે પ્રવાહમાં ઢસડાયા વિના સ્થિર રહી શકે, તો પછી એ વ્યકિત આ સંગીત તેની લાગણીઓ અને ઊર્મિઓ ઉપર જે અસર ઉપજાવે છે તેનું માપ કાઢી શકે. અને જો એમાંથી કોઈ ગહન શાંતિ અને લગભગ સમાધિ જેવી અવસ્થાએ પહોંચાય તો તો ઘણું જ સરસ.

(૧૫ નવેમ્બર ૧૯૫૯)

*

"મધુર માતાજી, જે સંગીત બીજું કોઈ વગાડતું હોય તેનાં સંવેદનોમાં અન્ય વ્યક્તિ કઈ રીતે પ્રવેશ કરી શકે?"

જેમ તમે કોઈ વ્યકિત પ્રત્યે સહાનુભૂતિ રાખતા હો કે તેની પ્રત્યે ઓછાવત્તા પ્રમાણમાં ઊંડું મમત્વ હોય છે ત્યારે જેમ તેની લાગણીઓમાં ભાગ લો છો તે રીતે અથવા તો એક એવી એકાગ્રતા કરીને કે જે અંતે તદાકારતામાં પરિણમે. જ્યારે કોઈ વ્યકિત મગજમાંના બધા ઘોંઘાટને બંધ કરીને પૂર્ણ નીરવતા સાથે એક તીવ્ર અને સઘન ધ્યાનપૂર્વક સંગીતનું શ્રવણ કરે છે ત્યારે આ તદાકારતાની અવસ્થા પ્રાપ્ત થાય છે. એમાં પછી ટીપે ટીપે કરીને સંગીતના સૂરો ટપકે છે અને છેવટે કેવળ સંગીતનો ધ્વનિ જ અવશિષ્ટ રહે છે. એમાં સર્વ પ્રકારની લાગણીઓનો ધ્વનિ, ઊર્મિઓની સર્વ પ્રકારની લીલાઓ જોવાય છે, અનુભવાય છે, જાણે કે પોતાની અંદરથી જ પ્રગટ થતી હોય એમ લાગે છે.

(૨૦ ઑક્ટોબર ૧૯૫૯)

"'ક્ષ' અને હું સાથે બંસરી વગાડીએ છીએ. અમને એક ચોપડી મળી આવી છે જેની અંદરનાં ગીતો અત્યંત સુંદર, સરળ અને સાદા સૂરોમાં વગાડી શકાય તેવાં છે. અમે જાણવા માગીએ છીએ કે પ્રેમ અને મૃત્યુને લગતાં કાવ્યો કે જે આ શ્રમના આદર્શ સાથે મેળમાં નથી એના સૂરમાં કોઈ બૂરી લાગણી હોય કે કેમ? કૅથોલિક ચર્ચમાં વગાડવામાં

આવતા સંગીતના સૂરો પણ શું બૂરા ગણાય છે? એ એમ હોય તો અમે પછી જંગલી શબ્દોવાળાં કે ધાર્મિક સૂર-રચનાવાળાં ગીતો ન વગાડીએ.''

બંને પ્રસંગે તમારે **શબ્દો** દૂર કરીને કેવળ સંગીત જ જાળવી રાખવું.

જો તમને સ્વરલિપિ લખતાં આવડતી હોય તો તમારે વગાડવાના સૂરોની (શબ્દો વાપર્યા વિના) નકલ તૈયાર કરો. જો તમને એ ન આવડતું હોય તો, 'જો' જેવા બીજા કોઈને તમને લખી આપવાનું કે લખતાં શીખવવાનું કહી શકો છો.

એ પુસ્તકો તમારી પાસે ન રાખશો. એવાં પુસ્તકોની માઠી અસર થવા સંભવ છે.

(૧૯૬૫)

*

''અમારે સંગીતમાં શાની શોધ કરવી?
સંગીતની ચીજની ગુણવત્તા કઈ રીતે માપવી?
સંગીત માટે કઈ રીતે રસ કેળવવો?
હળવા સંગીત (સિનેમાના, જાઝના — જે આપણાં બાળકોને બહુ ગમે છે તે — વિષે આપ શું ધારો છો?''

સંગીતનું કાર્ય ચેતનાને આધ્યાત્મિક ઊંચાણો પ્રત્યે ચેતનાને ઉઠાવી લઈ જવાનું છે.

જે કાંઈ ચેતનાને હલકી કક્ષાએ ઉતારે છે, કામનાઓને ઉત્તેજે છે, અને આવેગોને ઉશ્કેરે છે, એ સર્વ, સંગીતના સાચા લક્ષ્યથી વિરુદ્ધનું છે અને એનાથી બચતા રહેલું.

આમાં નામનો સવાલ નથી, પ્રેરણાનો છે — અને આની તુલના તો ત્યાંની આધ્યાત્મિક ચેતના જ કરી શકે.

(૨૨ જુલાઈ ૧૯૬૭)

*

(એક મધ્યકાલીન કવિતા વિષે)

આના શબ્દો હાસ્યાસ્પદ અને અસભ્ય રસવાળા છે. જ્યારે આપણે કોઈ ગીતનો અભ્યાસ કરતાં હોઈએ ત્યારે એમાંનાં ઊર્મિગીતો જો અયોગ્ય હોય તો એમને બદલી નાખીને કેવળ સંગીતને જ રાખવું.

જે કોઈને છંદ-તાલની સમજ હોય તે બહુ સહેલાઈથી એમ કરી શકે છે.

(ફેબ્રુઆરી ૧૯૬૮)

*

(ગેય સંગીતના કાર્યક્રમ ઉપર "હલ્લે લુઈઆ" અને "ડોના નોબિસ પાસેમ" વાંચીને :)

બરાબર છે, પણ એ શરતે કે એ એકપક્ષીય ન હોય અને બીજા ધર્મોનું પ્રતિનિધિત્વ પણ એમાં હોય.

(માર્ચ ૧૯૬૮)

*

કવિતા

કવિતા એ આત્માનો શૃંગાર છે.

*

મારે માટે કવિતા એ તત્ત્વજ્ઞાનથી પર છે, સૌ પ્રકારનાં રપષ્ટીકરણોથી પર છે.

*

ફોટોગ્રાફી

આધુનિક ફોટોગ્રાફી એક કલા બની ગઈ છે અને અન્ય સૌ કલાની જેમ, એ આત્માને અને અંતરની લાગણીઓને, સૌન્દર્યના સાચા ખ્યાલ સાથે રજૂ કરી શકે છે.

*

ફોટોગ્રાફર કલાકાર હોય ત્યારે ફોટોગ્રાફી એક કલા બની રહે છે.

*

સિનેમા

"આજકાલ અમે ઘણી ફિલ્મો જોઈએ છીએ અને મને સમજાતું નથી કે એમનાથી અમને શું શિક્ષણ મળે છે?"

જ્યારે તમારું વલણ સાચું હોય છે ત્યારે દરેક વસ્તુ, કાંઈ ને કાંઈ શીખવાનું સાધન બની રહે છે.

ગમે તેમ તોય, આ પ્રકારની વધુ પડતી પ્રવૃત્તિથી તમને સમજાવું જોઈએ કે કેટલાક લોકોમાં ફિલ્મો જોવાની જે અદમ્ય કામના છે તે બીજી સર્વ કામનાઓની જે રોગી દશાવાળી છે.

(૧૧ મે ૧૯૬૩)

*

આપણે બાળકોને, જીવન કેવું હોવું જોઈએ તેવી ફિલ્મો બતાવવા શકયમાન બનવું જોઈએ. પરંતુ આપણે એ બિંદુએ પહોંચવાથી ઘણાં દૂર છીએ. આવી ફિલ્મો તો હજી બનાવવી પડશે. અત્યારે તો, ઘણીખરી વાર તો સિનેમામાં જે ફિલ્મો બતાવવામાં આવે છે તેમાં જીવન જે પ્રકારનું ન હોવું જોઈએ તે જ બતાવવામાં આવે છે, અને એથી જીવન ઉપર ત્રાસ ઊપજે છે.

આ પણ એક તૈયારી કરવા માટે ઉપયોગી વસ્તુ છે.

આશ્રમમાં ફિલ્મો બતાવવામાં આવે છે તે કેળવણી અર્થે, આનંદ-પ્રમોદ માટે નહિ. એટલે આપણી સમક્ષ શિક્ષણનો પ્રશ્ન ઊભો થાય છે.

જો આપણે એમ માનતા હોઈએ કે બાળકો એવું જ શીખે અને જાણે કે જેને રાખીને તેઓ દરેક નિમ્ન, અપરિપકવ અને અધોગામી ગતિથી દૂર રાખે, તો આપણે એક જ સપાટે બીજા બધા માનવ સમાજથી તેમને જુદાં પાડી લેવાં પડે. એની શરૂઆત તરીકે આ બધી યુદ્ધો અને ખૂનોની, ઇતિહાસને નામે પ્રચારાતી મારામારી અને દગાઈની વાતો બંધ કરવી જોઈએ. એમના અત્યારના તેમના કુટુંબ, સગાંઓ અને મિત્રો સાથેના સંબંધો બંધ કરવા જોઈએ. આપણે તેમના સ્વરૂપના પ્રાણમય આવેગો ઉપર અંકુશ સ્થાપવો જોઈએ.

કૉન્વેન્ટના મઠોની અથવા ગુફાઓ કે જંગલોના નિવાસની પાછળ આ જ ખ્યાલ રહેલો હતો.

પરંતુ આ ઇલાજ અસરકારક ન નીવડ્યો અને માનવજાતિને કાદવમાંથી બહાર કાઢી ન શકાઈ.

શ્રી અરવિંદના કથન પ્રમાણે ઉપાય તદ્દન જુદો છે.

આપણે જીવનનો સમગ્રપણે સામનો કરવો જોઈએ. એમાં વિરૂપતા, અસત્ય અને જે ક્રૂરતા હજી સુધી છે તે સર્વનો સામનો કરવાનો છે. પરંતુ સાથે સાથે

આપણી અંદર રહેલા સર્વ શુભત્વ, સૌન્દર્ય, જ્યોતિ અને સત્યનો સ્રોત શોધી કાઢવાનો છે કે જેથી આપણે જગતને તેમનો સ્પર્શ આપી તેનું રૂપાંતર કરી શકીએ.

નાસી છૂટવા કે પછી જાણે કે જોવું ન પડે તે માટે આપણી આંખો ઢાંકી દેવી તેના કરતાં આ અનંત ગણો મુશ્કેલ માર્ગ છે, પરંતુ એ જ સાચી રીતે અસરકારક માર્ગ છે — એ માર્ગ શૂરાઓનો, શુદ્ધ લોકોનો અને સત્યનો આવિર્ભાવ કરવાની ક્ષમતા રાખનારાઓનો છે.

(૨૯ મે ૧૯૬૮)

*

"માતાજી, અમારે ફિલ્મ કઈ દૃષ્ટિએ જોવી? જો અમે એમાંનાં પાત્રો સાથે એકરૂપ થઈ જઈએ છીએ અને એ જો કોઈ કરુણ કે જાસૂસીને લગતી ફિલ્મ હોય છે તો એટલું બધું એકાગ્ર થઈ જવાય છે કે રડી પડાય છે કે બીક લાગે છે. અને જો અમે નિર્લેપ રહીએ છીએ તો એની કદર કરી શકતા નથી. ત્યારે શું કરવું?"

આમાં જેના ઉપર અસર થાય છે અને જે સક્રિય બને છે તે પ્રાણમય તત્ત્વ છે.

જો તમે મનોમય રીતે જોશો, તો રસ એની એ જ રીતનો નહિ રહે; તમે વિચલિત કે દુઃખી થવાને બદલે એ ફિલ્મનું મૂલ્ય સ્વસ્થ ભાવે સમજી શકશો. એ બરાબર રીતે બનાવી છે કે કેમ, અભિનય સારો છે કે કેમ, અને એમાંનાં ચિત્રોમાં કશું કલાનું મૂલ્ય ધરાવતું છે કે કેમ.

પ્રથમના પ્રકારમાં તમે "સારા જોનારાઓ" હો છો; બીજા પ્રકારમાં તમે વધુ શાંત હો છો. આશિષ.

(૩૦ જાન્યુઆરી ૧૯૭૦)

*

(ઑરોવિલમાં સિનેમા વિષે)

પંદર વર્ષ નીચેનાં બાળકોએ કેવળ શૈક્ષણિક ફિલ્મો જ જોવી.

ઑરોવિલમાં બતાવાતી ફિલ્મો વિષે કાળજી રાખવી.

જે કોઈ નિમ્ન પ્રવૃત્તિઓ અને કાર્યોને ઉત્તેજિત કરે તેવી હોય તેમનો ત્યાગ કરવો.*

(૨૫ ફેબ્રુઆરી ૧૯૭૨)

---

* પ્રથમના બે પેરેગ્રાફ શ્રી માતાજીએ કરેલી ટીકાને આધારે છે. જ્યારે એ નોંધ તેમને બતાવવામાં આવી ત્યારે છેલ્લો ફકરો તેમણે પોતે લખેલો.

નીરવ બનતાં શીખવું

સિનેમા એ લોકોને માટે છે જેમને ચિત્ર જોવાં ગમે છે, સંગીત અને શબ્દો સાંભળવા ગમે છે અને એમને એ રીતે શાંતિપૂર્વક જોવાનો હક છે.

જેઓ વાતો કરવાનું, કચકચ કરવાનું, હસવાનું, ધોંધાટ કરવાનું અને આમતેમ દોડાદોડ કરવાનું બંધ ન રાખી શકે તેમણે ત્યાં જવું જ નહિ કારણ કે તેઓ જે કાંઈ કરી રહ્યાં હોય છે તે વસ્તુઓ બીજે સ્થળે પણ, બીજાઓ કે જેમને ચિત્રો ગમતાં હોય છે તેમની મઝામાં ભંગ પાડયા સિવાય કરી શકે છે.

એટલે નિર્ણય આ પ્રમાણે છે :

શાંત પ્રેક્ષકો — નહિ તો સિનેમા નહિ.

(૧૨ ઑક્ટોબર ૧૯૬૨)

"ઓઝનો જાદુગર"*

આજે રાત્રે જે ચિત્ર બતાવવાનું છે તેનું ટૂંકમાં આપેલું વર્ણન તમારા રસમાં જરૂર વધારે કરશે.

આ ચિત્ર ત્રણ ભાગમાં છે. બે ભાગ બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં છે અને ત્રીજો વિસ્તૃત ભાગ રંગીન છે. બે બ્લૅક ઍન્ડ વ્હાઈટ ભાગ (પહેલો અને છેલ્લો) સ્થૂલ જગતમાં વસ્તુઓ કેવી રીતની દેખાય છે તે બતાવે છે; જે રંગીન ભાગ છે તે એ જ પ્રકારના ઘટનાક્રમ અને વ્યક્તિઓને પ્રાણમય જગતમાં બતાવે છે. જ્યારે શરીર ઊંડી નિદ્રામાં હોય છે ત્યારે આપણે આપણા દેહની બહાર નીકળીને જે પ્રાણમય જગતમાં જઈએ છીએ તેને બતાવે છે. જ્યાં સુધી તમારે સ્થૂલ દેહ હોય છે ત્યાં સુધી પ્રાણમય જગતની કોઈ હાનિ તમને સાચેસાચી અસર કરતી નથી કારણ કે સ્થૂલ દેહ એક પ્રકારના રક્ષક કવચનું કાર્ય કરે છે અને તમે જ્યારે ઇચ્છો ત્યારે એમાં પાછા ફરી શકો છો. આ વસ્તુને આ ચિત્રમાં કલાત્મક રીતે બતાવવામાં આવી છે. તમે જોશો કે એક નાનકડી બાળકી તેના પગ ઉપર કોઈ જાદુઈ માણેક રંગી લાલ રંગની સપાટો પહેરે છે અને જ્યાં સુધી એણે એ સપાટો પહેરી રાખી હોય છે ત્યાં સુધી એનું કશું બૂરું થતું નથી. જે માણેકના જેવા લાલ

---

* જ્યારે આશ્રમના પ્લે ગ્રાઉન્ડ ઉપર આ ફિલ્મ બતાવવામાં આવી ત્યારે આ પછી લખેલું વક્તવ્ય શ્રી માતાજીએ લાઉડસ્પીકર દ્વારા આપેલું.

રંગની સપાટો છે તે ભૌતિક દેહ સાથેના પ્રતીક અને નિશાની રૂપ છે અને જ્યાં લગી એ સપાટો એના પગ ઉપર હોય, ત્યાં સુધી એ ઈચ્છે ત્યારે પોતાના દેહમાં પાછી ફરીને તેમાં આશ્રય મેળવી શકે છે.

બે બીજી વિગતો નોંધવી રસપ્રદ છે. એક તો બરફ પડવાની ઘટના છે કે જેને લઈને પેલી ડાકણની મલીન વિદ્યા તેમને શુભકારી પ્રાણશક્તિના મણિમય કિલ્લા પ્રત્યે જતાં રોકવા માગે છે. તેનાથી તેમનું રક્ષણ થાય છે. પ્રાણમય જગતમાં, બરફ એ નિર્મળતાનું પ્રતીક છે. એમની લાગણીઓ અને ઈરાદાઓમાં રહેલી નિર્મળતા જ તેમને મહાભયમાંથી રક્ષણ આપે છે. એ પણ નોંધવા જેવું છે કે પેલા શુભ લક્ષણવાળા જાદુગરના કિલ્લા ઉપર પહોંચવા માટે તેમણે સોનાની ઈંટોના વિશાળ માર્ગે થઈને, જ્યોતિર્મય શ્રદ્ધા અને આનંદના માર્ગે થઈને પ્રયાણ કરવાનું છે.

બીજો અગત્યનો મુદ્દો આ છે : જ્યારે ડોરોથી પેલા ઘાસના બળતા માણસને સળગી મરવામાંથી બચાવવા પાણી રેડે છે ત્યારે એમાંનું થોડુંક જળ પેલી દુષ્ટ ડાકણના મુખ ઉપર પડે છે અને એ તરત જ ઓગળીને મરી જાય છે. પાણી એ શુદ્ધિનું પ્રતીક છે અને કોઈ વિરોધી સ્વરૂપ કે શક્તિ, જો એ પાણીની શુદ્ધિની શક્તિનો શુભ સંકલ્પ અને સત્યનિષ્ઠાપૂર્વક પ્રતિકાર કરે છે તો એનો પ્રતિકાર કરી શકતી નથી.

છેવટે, જ્યારે પેલી સારી પરી પેલી નાનકડી બાળાને તેને ઘેર પાછાં જતાં જતાં પોતાની સપાટો એકબીજા સાથે ખખડાવતાં જવાનું કહે છે, ત્યારે તે કહે છે કે ઘર કરતાં બીજી કોઈ વસ્તુ સારી નથી; "ઘર" શબ્દથી એ ભૌતિક જગતનું સૂચન કરે છે જે સંરક્ષણ અને સિદ્ધિનું સ્થાન છે.

તમે જોશો કે આ ચિત્રનો વિષય રસપ્રદ છે અને એમાં જ્ઞાનનો અભાવ નથી. દુઃખની વાત છે કે એની રજૂઆત જેટલી સૌન્દર્યપૂર્ણ અને સંવાદી રીતે થવી જોઈતી હતી તેટલી થઈ નથી. એનાં ગોઠવણીમાં કેટલીક ગંભીર ભૂલો અને અનેક અનિચ્છનીય અભદ્ર વસ્તુઓ છે.

(૧૪ સપ્ટેમ્બર ૧૯૫૨)

*

અન્ય વિષયો

કોઈ એક સંધમાં કે સમાજમાં રહેવા માટે લખતાં-વાંચતાં, કંઈ નહિ તો એકાદ ભાષા પણ સાચી રીતે બોલતાં, થોડુંક સામાન્ય ભૂગોળનું જ્ઞાન, આધુનિક વિજ્ઞાનનું સાધારણ જ્ઞાન અને રીતભાતના સામાન્ય નિયમો જાણી લેવા — એ જરૂરી વસ્તુઓ છે.

*

મને એમ લાગે છે કે યોગ વિનાનું મનોવિજ્ઞાન ચેતનવિહીન છે.

મનોવૈજ્ઞાનનો અભ્યાસ અનિવાર્ય પણે યોગ પ્રત્યે — જો વ્યવહારુ નહિ તો તાર્કિક યોગ પ્રત્યે તો દોરી જવો જોઈએ.

(૨૩ ડિસેમ્બર ૧૯૬૦)

*

જે એક છે તેમાં ભેદ ઊભો ન કરો. વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનું લક્ષ્ય એક જ છે — પરમ દિવ્યતા. બે વચ્ચે જે ભેદ છે તે એ કે આધ્યાત્મિકતા પાસે જ્ઞાન છે, વિજ્ઞાન પાસે નથી.

(ડિસેમ્બર ૧૯૬૨)

*

> "મધુર માતાજી, કેટલીક વસ્તુઓ એવી છે જે મારે માટે સારી છે પણ મને એમનામાં બહુ રસ પડતો નથી. ઉદાહરણ તરીકે, ગણિત એ એક સારો વિષય છે પણ મને તેના પ્રત્યે ભાવ નથી. કૃપા કરીને કહો કે જે વસ્તુઓ પ્રત્યે મને આકર્ષણ નથી તેમનામાં હું કઈ રીતે રસ લેતો થાઉં ?"

એવી ઘણી વસ્તુઓ છે જે આપણે જાણવી જોઈએ, અને તે આપણને બહુ રસપ્રદ લાગતી હોય તેટલા માટે નહિ પરંતુ તેઓ બહુ ઉપયોગી અને કદાચ અનિવાર્ય પણ છે; ગણિત એક એવી વસ્તુ છે.

આપણી પાસે જ્ઞાનનું સારું એવું ભાથું હોય તો જ આપણે જીવનનો સફળતાપૂર્વક સામનો કરી શકીએ.

*

ઇતિહાસ-ભૂગોળમાં એવાં મગજો ધરાવનારાઓને રસ પડે છે કે જેમને પોતે જે પૃથ્વી ઉપર રહે છે તેના વિષે જાણવું હોય છે.

આ બે વિષયોમાં તમે રસ લેતા થાઓ તે પહેલાં તમારે તમારા જ્ઞાનની તૃષાનાં ક્ષિતિજો વિશાળ કરવાં જોઈએ અને ચેતનાનું ક્ષેત્ર પણ વિસ્તૃત કરવું જોઈએ.

*

"ગણિત, ઇતિહાસ કે વિજ્ઞાન દ્વારા મને આપની જાણ કઈ રીતે થઈ શકે?

એ વિષયો અનેક પ્રકારે સહાયક થઈ શકે :

૧. સત્યની જ્યોતિને ઝીલવા અને ધારણ કરવાનું સામર્થ્ય પામવા માટે મનોબળ મજબૂત, વિશાળ અને નમનીય હોવું જોઈએ. આ વિષયોના અભ્યાસ વડે આ ધ્યેય પામી શકાય છે.

૨. જો તમે વિજ્ઞાનનો પૂરતા પ્રમાણમાં ઊંડો અભ્યાસ કરશો તો તમને દેખાવોના મિથ્યાત્વનું ભાન થશે અને એ વસ્તુ તમને આધ્યાત્મિક સત્ય પ્રત્યે દોરી જશે.

૩. ભૌતિક પ્રકૃતિનાં સર્વે પાસાંઓ અને ગતિઓના અભ્યાસ દ્વારા તમે વિશ્વમાતા સાથે સંબંધમાં આવશો અને એ રીતે તમે મારી નજીક આવશો.

(૧૭ ડિસેમ્બર ૧૯૬૬)

*

ગણિતના વિષયની બાબતમાં મને લેખિત કરતાં વ્યવહારુ ગણિત વધુ પસંદ છે. એમાં મન વડે ગણતરી કરી શકવાની શક્તિ ઉપર ભાર મૂકવો જોઈએ. એમ કરવું મુશ્કેલ વધુ છે પરંતુ એને લઈ આંતરદૃષ્ટિ અને તર્ક-શક્તિ ખીલવવામાં અત્યંત લાભ થાય છે. ગોખણપટ્ટી કરીને પ્રાપ્ત કરેલા જ્ઞાન કરતાં સાચી બુદ્ધિ ખીલવવાનો એ સૌથી વધુ અસરકારક માર્ગ છે.

જ્યારે તમને મનોમય ગણિત આવડે અને ગણિતની **સમજ** આવે, ત્યારે પછી લેખિત ગણિત સમજતાં વાર નથી થતી.

એક સરખા પદાર્થો લઈને તમે નાનાં બાળકોની નાની નાની સંખ્યાઓની ગણનાની શરૂઆત કરી શકો. પછી જ્યારે દસકા અને સેંકડાની વાત આવે ત્યારે કાંકરા અને વજનિયાંનો ઉપયોગ કરી શકાય.

આ રીતે થોડી મહેનત લો તો તમે, ગણિતની રીતો **તર્કબદ્ધ** પ્રકારે શીખવી શકો અને બાળકો માટે એ વસ્તુઓને સાચી, જીવંત અને એક વાસ્તવિક અર્થવાળી બનાવી શકો.

*

રાષ્ટ્રિય કેળવણી

આપણો ઉદ્દેશ કેવળ ભારત માટે જ કોઈ રાષ્ટ્રિય શિક્ષણ પદ્ધતિ ઊભી કરવાનો નથી પરંતુ આપણે તો સમગ્ર જગત માટેની કેળવણીની તૈયારી કરીએ છીએ.

*

> "મધુર માતાજી, આપણું લક્ષ્ય કેવળ ભારત માટે રાષ્ટ્રિય કેળવણીની પદ્ધતિ તૈયાર કરવાનું નથી પરંતુ સમગ્ર માનવજાત માટે તાત્ત્વિક અને પાયાનું શિક્ષણ તૈયાર કરવાનું છે. પરંતુ, માતાજી, એ પણ શું સાચું નથી કે (એના ભૂતકાળના પ્રયત્નો અને સિદ્ધિઓને પરિણામે) ભારતમાં એ વિષયની વધુ લાયકાત છે અને એને પરિણામે એ વિષયમાં એનો અધિકાર અને ઉત્તરદાયિત્વ, પોતાના પ્રત્યે અને જગત પ્રત્યે વધુ પ્રમાણમાં છે? ગમે તેમ હોય, પરંતુ આ તાત્ત્વિક શિક્ષણ એ ભારત માટે રાષ્ટ્રિય કેળવણી છે. હકીકતમાં તો હું આ રાષ્ટ્રિય કેળવણીને દરેક મહાન રાષ્ટ્ર માટેની (તેની વિશિષ્ટતાને અનુલક્ષીને કરાતા ફેરફાર સાથેની) કેળવણી ગણું છું. હું વિચારું છું કે આ સાચું હશે અને શ્રી માતાજી એને અનુમોદન આપશે કે કેમ?"

હા, આ તદ્દન સાચું છે અને જો મને તમારા પ્રશ્નોના ઉત્તર આપવાનો સમય મળ્યો હોત તો મેં જે કહ્યું હોત તેના એક ભાગરૂપ છે.

ભારત પાસે **આત્માનું** જ્ઞાન **હતું**, પરંતુ એણે ભૌતિક તત્ત્વ પ્રત્યે ઉદાસીનતા સેવી અને તેથી એને સહન કરવું પડ્યું.

પશ્ચિમ પાસે પદાર્થતત્ત્વનું જ્ઞાન છે પરંતુ એ આત્મતત્ત્વનો ઇનકાર કરે છે અને એથી એ અત્યંત દુઃખી છે.

એક એવી સંપૂર્ણ કેળવણી હોવી જોઈએ, જે થોડાક ફેરફારો સાથે, સૌ રાષ્ટ્રો અપનાવી શકે, જેના વડે સંપૂર્ણપણે વિકસિત અને ઉપયોગક્ષમ બનેલા પદાર્થતત્ત્વ ઉપર આત્માની આણ વર્તે.

મારે જે કહેવાનું હતું તે ટૂંકાણમાં આ છે. આશીર્વાદ સાથે.

(૨૬ જુલાઈ ૧૯૬૫)

ભારતના કેળવણી* અંગેના પાયાના પ્રશ્નો

"૧. રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય જીવનના વર્તમાન તથા ભાવિને દૃષ્ટિમાં રાખતાં હિંદે કેળવણીની બાબતમાં કયું લક્ષ્ય રાખવું જોઈએ?"

હિંદનાં બાળકોને અસત્યનો ઇનકાર અને સત્યનો આવિર્ભાવ કરવા માટે તૈયાર કરવાં,

"૨. આ ઉચ્ચ લક્ષ્યને સિદ્ધ કરવા માટે દેશે કયાં પગલાં લેવાં જોઈએ? એ દિશામા આરંભ કેવી રીતે થઈ શકે?"

જડતત્ત્વને આત્માનો આવિર્ભાવ કરવાને તૈયાર કરીને.

"૩. હિંદની સાચી પ્રતિભા શી છે અને તેનું ભાવિ શું છે?"

જગતને એ વસ્તુ શીખવવી કે જડતત્ત્વ આત્માના આવિર્ભાવ રૂપે જો નહિ બને તો તે એક ખોટી અને દુર્બળ વસ્તુ જ રહેશે.

"૪. હિંદમાં વિજ્ઞાન અને ટેકનોલૉજીના ક્ષેત્રમાં જે પ્રગતિ થઈ રહી છે તે વિષે આપ શું ધારો છો? આ વિજ્ઞાન અને ટેકનોલૉજી આત્માની વૃદ્ધિ માટે શો ફાળો આપી શકે?"

આ વસ્તુઓનો માત્ર એટલો જ ઉપયોગ છે કે તે જડતત્ત્વની ભૂમિકાને આત્માના આવિર્ભાવને માટે વધારે બળવાન, વધારે સંપૂર્ણ અને વધારે અસરકારક બનાવી આપે છે.

"૫. દેશને રાષ્ટ્રિય એકતાનો પ્રશ્ન ખૂબ જ મૂંઝવે છે. આપનું આ બાબતમાં શું દર્શન છે? હિંદ પોતાના પ્રત્યેનું તથા જગત પ્રત્યેનું કર્તવ્ય કઈ રીતે અદા કરશે?"

સર્વ રાષ્ટ્રોની એકતા એ જગતનું અનિવાર્ય ભાવિ છે. પરંતુ સર્વ રાષ્ટ્રોની એકતા શકય બને તે માટે પહેલાં તો દરેક રાષ્ટ્રે તેની પહેલાની એકતા સિદ્ધ કરવી જોઈએ.

"૬. ભાષાનો પ્રશ્ન હિંદને ઠીક ઠીક પજવી રહ્યો છે. આ બાબતમાં આપણું વલણ શું હોવું જોઈએ?"

---

* ઑગસ્ટ ૧૯૬૫માં ભારત સરકારના એજ્યુકેશન કમિશને આશ્રમના શિક્ષણ કેન્દ્રમાં અપનાવવામાં આવેલા આદર્શો અને શિક્ષણ પદ્ધતિનું મૂલ્યાંકન કરવા માટે મુલાકાત લીધેલી. એ સમયે શિક્ષકોના એક સમૂહે શ્રી માતાજીને આ પ્રશ્નાવલી આપેલી.

એકતા એ એક જીવતી હકીકત રૂપે હોવી જોઈએ. એ કોઈ યથેચ્છ રીતે ઘડાયેલા નિયમ તરીકે લદાવી ન જોઈએ. હિંદ જ્યારે એક થશે ત્યારે તેને સૌ કોઈ સમજી શકે તેવી ભાષા આપોઆપ મળી આવશે.

> "૭. કેળવણી એ સામાન્ય અક્ષરજ્ઞાન અને સામાજિક દશાની વસ્તુ બની ગઈ છે — આ શું રોગિષ્ઠ વલણ નથી ? તો પછી કેળવણીમાં તેનું આંતરિક મૂલ્ય તથા તેની નૈસર્ગિક આનંદમયતા કેવી રીતે લાવી શકાય ?"

રૂઢ વસ્તુઓમાંથી બહાર નીકળી આવો અને આત્માના વિકાસ ઉપર ભાર મૂકો.

> "૮. આજની કેળવણી ઉપર કયા કયા ભ્રમો અને ભ્રાન્તિઓ સવાર થયેલાં છે ? એમાંથી આપણે કેવી રીતે બચી શકીએ ?"

(અ) સફળતા, કારકિર્દી અને પૈસો : આ વસ્તુઓને જે લગભગ સંપૂર્ણ મહત્ત્વ આપવામાં આવે છે તે. (બ) આત્માની સાથે સંપર્ક સધાવો જોઈએ તથા માણસના સ્વરૂપના સત્યની વૃદ્ધિ અને આવિર્ભાવ થવો જોઈએ, આ વસ્તુઓનું જે પરમ મહત્ત્વ છે તેના ઉપર ભાર મૂકો.

(૫ ઑગસ્ટ ૧૯૬૫)

*

> "૧ (અ) મારા શરીરના લોહીમાં અને પ્રત્યેક કોષોમાં હજી અસત્ય ટકી રહેલું છે ત્યારે — (બ) અહંકારપ્રધાન અને કામનામય પ્રકૃતિને અસત્ય પ્રત્યે રહેલી આસક્તિ વધુ ને વધુ બળવાન થતી જાય છે ત્યારે — બાળકોને અસત્યનો ઇનકાર કરવા કેવી રીતે તૈયાર કરવાં ?"
>
> ૨. (અ) વ્યક્તિમાં પોતામાં એકતા નથી હોતી તો —
> (બ) કુટુંબનાં બે માણસો વચ્ચે એકતા નથી હોતી તો —
> (ક) એક મંડળ કે સંસ્થામાં એકતા નથી હોતી તો —
>
> દરેક રાષ્ટ્રની એકતા કેવી રીતે સિદ્ધ કરી શકાય ?
>
> ૩. એક આશ્રમવાસી વ્યક્તિ પણ જો અંગત ઇચ્છાઓને સંતોષવા માટે સામાજિક દરજ્જાનો ચેપ ફેલાવતી હોય છે તો પછી રૂઢ વસ્તુઓમાંથી કેવી રીતે બહાર નીકળી શકાય અને આત્માની વૃદ્ધિ ઉપર ભાર મૂકી શકાય ?

૪. જ્યારે બધા જ માણસો પોતાના અહંકાર અને અંગત મહત્ત્વનું પ્રદર્શન કરવા માટે તથા તેને તૃપ્ત કરવા માટે પૈસા પાછળ દોડી રહ્યા છે ત્યારે સફળતા, કારકિર્દી અને પૈસો એ વસ્તુઓને લગભગ સંપૂર્ણ એવું મહત્ત્વ કેવી રીતે ન આપવું ?'' *

દરેક માણસને આ કાર્ય કરવા માટે એક શરીર આપવામાં આવેલું છે, કારણ કે આ વસ્તુઓ પોતાની અંદર સિદ્ધ કરીને જ માણસ તેમને પૃથ્વી ઉપર સિદ્ધ કરવામાં માનવજાતિને મદદરૂપ બને છે.

શિક્ષક પોતાના વિદ્યાર્થી પાસે જે ગુણો અને ચેતના મેળવવાની માગણી કરે છે તે તેણે પોતે સંપૂર્ણપણે પ્રાપ્ત કરવાં જોઈએ.

*

હું ઇચ્છું છું કે તેઓ (સરકાર) યોગનો એક કેળવણી તરીકે સ્વીકાર કરે, કેવળ આપણા માટે નહિ, પરંતુ એ વસ્તુ દેશને માટે સારી છે એ માટે.

પદાર્થતત્ત્વનું રૂપાંતર થશે. એ એક સ્થૂળ પાયો બનશે. પ્રાણ દિવ્ય બનશે. આમાં ભારતે આગેવાની લેવાની છે.

પોંડિચેરીમાં ફ્રેન્ચ ઇન્સ્ટિટ્યુટના ઉદ્‌ઘાટન પ્રસંગે સંદેશ

કોઈ પણ દેશમાં, બાળકોને જે શિક્ષણ આપવાનું હોય છે તેમાં તેમને દેશ શું છે, એના ગુણો શું છે, એનું કાર્ય શું છે, એણે જગતમાં કયો ભાગ ભજવવાનો છે અને પૃથ્વીના વૃંદવાદનમાં એનું સાચું સ્થાન કયું છે તે શીખવવાનું હોય છે. એમાં પછી અન્ય દેશોએ શો ભાગ ભજવવાનો છે, એ અંગે પણ વિશાળ સમજૂતી આપવી જોઈએ. પરંતુ એમાં કોઈની નકલ કરવાની વૃત્તિ ન હોવી જોઈએ અને પોતાના દેશની મેધા પ્રત્યેથી દૃષ્ટિ હઠવી ન જોઈએ. ફ્રાન્સનો અર્થ, ભાવનાની ઉદારતા, વિચારોમાં નૂતનતા અને શૂરાપણું, અને કર્મમાં આભિજાત્ય એવો થતો હતો. એ ફ્રાન્સ સૌને માટે માન અને આદરપાત્ર હતું; આ સદ્‌ગુણોને લઈને જ એ વિશ્વ ઉપર આધિપત્ય ભોગવતું હતું.

એક ઉપયોગિતાવાદી, ગણતરીબાજ, વેપારીવૃત્તિવાળું ફ્રાન્સ હવે ફ્રાન્સ નથી રહ્યું. આ વસ્તુઓ તેની સાચી પ્રવૃત્તિ સાથે મેળ ખાતી નથી અને એમને ક્રિયાશીલ કરવામાં એ જગતમાંનું પોતાનું ઉમદા સ્થાન ગુમાવી રહ્યું છે.

આજનાં બાળકોને આ વસ્તુ શીખવવી જોઈએ.

(૪ એપ્રિલ ૧૯૫૫)

---

* એક શિક્ષકે પૂછેલા આ ચાર પ્રશ્નોના ઉત્તરો શ્રી માતાજીએ તા. ૫ મી ઑગસ્ટ ૧૯૬૫ના આગળના પત્રમાં જે ઉત્તરો આપેલા તે પર આધારિત છે.

૨

શ્રી અરવિંદ આશ્રમ

શારીરિક શિક્ષણ વિભાગ

આ વિભાગની સ્થાપના ૧૯૪૫માં થયેલી. એની દ્વારા શિક્ષણ કેન્દ્રના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આશ્રમના સાધકો માટે શારીરિક શિક્ષણના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. એની પ્રવૃત્તિઓની દેખરેખ અને સંકલન એક શિક્ષકોના મંડળ દ્વારા — જેમને કૅપ્ટનો કહેવામાં આવે છે — થાય છે. આ કૅપ્ટનો પહેલવાની (જેમાં ક્ષેત્રની તેમ જ રમતના મેદાનની પ્રવૃત્તિઓ પણ આવી જાય છે), તરવાનું, વ્યાયામ, રમત-ગમતો, હરીફાઈઓ અને આસનો શીખવવામાં આવે છે. આખા વર્ષનો કાર્યક્રમ ચાર ઋતુઓમાં વહેંચી નાખવામાં આવેલો છે. પહેલા ત્રણમાં તાલીમ અને છેવટે હરીફાઈઓ હોય છે; વર્ષને અંતે, ભાગ લેનારાઓ એક શારીરિક કેળવણીને લગતો વાર્ષિક પ્રદર્શનનો કાર્યક્રમ ગોઠવે છે. એ તા. ૨જી ડિસેમ્બરના રોજ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ઉપર યોજવામાં આવે છે. આ વિભાગને માટે પુસ્તકાલય, અખાડો, રમત-ગમતનું મેદાન, સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ, સ્વીમિંગપુલ, જૂડો હૉલ અને ટેનિસ કોર્ટની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

શ્રી માતાજીએ શારીરિક શિક્ષણ વિભાગના વિકાસમાં સક્રિય રસ લીધેલો અને એના કાર્યક્રમોને ઘાટ આપવાનું કાર્ય કરેલું. ઘણાં વર્ષો સુધી તેઓ બપોર પછીનો અને સાંજનો સમય, જેઓ જુદાં જુદાં ક્ષેત્રોમાં શારીરિક શિક્ષણની પ્રવૃત્તિઓ કરતા તેમની સાથે ગાળવાનું ચાલુ રાખેલું.

યૌવન

યૌવનનો અર્થ એ નથી કે માણસની વય કેટલી ઓછી છે. યૌવન એટલે વિકાસ અને પ્રગતિ માટેની શક્તિ. પોતાની શક્તિઓની, પોતાનાં ગૂઢ બળોની વૃદ્ધિ કરવી એ છે વિકાસ, પોતે આજ સુધીમાં મેળવેલી શક્તિઓને વિના અટકયે પૂર્ણતાએ પહોંચાડવી એ છે પ્રગતિ. ઉંમરનો વધારો એ ઘડપણ નથી. માણસનું વય ખૂબ વધે એટલે તે વૃદ્ધ થયો એમ નહિ કહેવાય. ઘડપણ તો માણસમાં ત્યારે આવે છે કે જ્યારે તે પોતાનો વિકાસ કે પ્રગતિ કરવા માટેની શક્તિ ગુમાવી બેસે છે, પોતે વિકાસ કે પ્રગતિ કરવાનો ઈનકાર કરી દે છે. મેં એવાં માણસો જોયાં છે જે ૨૦ વર્ષની ઉંમરે પણ ઘરડાં થઈ ગયાં હોય, અને ૭૦ વર્ષની વયે પણ જુવાન રહેલાં હોય. માણસને એમ થવા લાગે કે ચાલો, હવે તો જીવનમાં ઠરીને સ્થિર બેસી જવું છે, ભૂતકાળની મહેનતના ઉપર હવે આરામ કરવો છે; માણસને એમ થાય કે આપણે તો જીવનમાં કરવા જેવું બધું હવે કરી લીધું; પામવા જેવું બધું પામી લીધું; અર્થાત્ માણસ આગળ ગતિ કરતો અટકી ગયો, પૂર્ણતા તરફ તેનાં પગલાં થંભી ગયાં, ત્યાં સમજવું કે હવે એની પીછેહઠ શરૂ થઈ ગઈ છે, એને ઘડપણ બેસવા લાગ્યું છે.

શરીર પરત્વે પણ આપણે જોઈ શકીશું કે એની શક્તિઓના વિકાસની કે પ્રગતિની કોઈ સીમા નથી. હા, એ ખરું છે કે વિકાસ અને પ્રગતિ માટેની સાચી પદ્ધતિ હાથ આવવી જોઈએ તથા તે માટે યોગ્ય પરિસ્થિતિ મળવી જોઈએ. અમે જે ઘણા પ્રયોગો કરવા માગીએ છીએ તેમાંનો એક પ્રયોગ તે આ છે. એ પ્રયોગ દ્વારા અમે શરીર અંગે માનવજાતિમાં જે સામુદાયિક સૂચન પડેલું છે તેને તોડવા માગીએ છીએ અને જગતને એ બતાવવા માગીએ છીએ કે માનવમાં રહેલી શકયતાઓ આપણે સેવેલી તમામ કલ્પનાઓ કરતાં પણ વધુ આગળ જઈ શકે છે.

(૨ ફેબ્રુઆરી ૧૯૪૯)

એકાગ્રતા અને બહુમુખતા

રમત-ગમતોમાં સફળ થવા ઇચ્છનારાઓ પોતાને રુચિકર હોય તેમ જ પોતાની પ્રકૃતિને અનુકૂળ હોય તેવો વિષય યા તો પ્રવૃત્તિની દિશા પસંદ કરે છે. તે પછી પોતાના એ વિષય યા તો પ્રવૃત્તિ ઉપર પોતાની શક્તિ એકાગ્ર કરે છે, અને એ શક્તિ અન્ય દિશામાં વહેંચાઈ ન જાય તે માટે ખૂબ સાવધાન રહે છે. જીવનમાં જેવી રીતે હરેક માણસ પોતા માટે એક કારકિર્દી પસંદ કરી લે છે અને પોતાનું બધું ધ્યાન તે પાછળ જ ખર્ચે છે તેવી રીતે ખેલાડી પણ પોતાની એક ખાસ પ્રવૃત્તિ પસંદ કરીને તે દિશામાં શકય તેટલી પૂર્ણતા મેળવવા માટે પોતાની સર્વ શક્તિને એકાગ્ર કરે છે. ખેલાડી પોતે લીધેલા વિષયની ક્રિયાઓનું સતત પુનરાવર્તન કરતો રહે છે. એમાંથી એ ક્રિયા અંગે તેનામાં એક સાહજિક ક્રિયા-શક્તિનો જન્મ થાય છે. અને એ સાહજિક ક્રિયાશક્તિ જ તેને સામાન્ય રીતે તે વિષયની પૂર્ણતા તરફ લઈ જાય છે. પરંતુ આ સાહજિક ક્રિયાશક્તિને સ્થાને એક બીજી શક્તિને પણ વધુ લાભકારક રીતે સ્થાપી શકાય છે. એ શક્તિ છે એકાગ્ર ધ્યાનની શક્તિ. આપણે કેવળ બૌદ્ધિક પ્રવૃત્તિઓમાં જ ધ્યાનની એકાગ્રતા કરીએ છીએ એવું નથી. જીવનની બધી પ્રવૃત્તિઓમાં આ શક્તિ કામ કરે જ છે. આ એકાગ્રતા મેળવવા માટે આપણી શક્તિઓ ઉપર જ્ઞાનપૂર્વક કાબૂ પ્રાપ્ત કરવાનો રહે છે.

માણસમાં એકાગ્રતાપૂર્વક ધ્યાન આપવાની જેટલી શક્તિ હોય છે તે મુજબ જ તેનું મૂલ્ય અંકાય છે એ તો સુવિદિત છે. જેટલી એકાગ્રતા વધુ તેટલું જ તેનું પરિણામ પણ વધુ ઉત્કૃષ્ટ. એટલું જ નહિ, માણસ જો લેશ પણ ચૂક વિના સંપૂર્ણ એકાગ્રતાથી કામ કરી શકે છે તો તેના હાથે જે વસ્તુનું સર્જન થાય છે તે એક પ્રતિભાયુક્ત સર્જન જેવું જ બની રહે છે. અને માનવજીવનની અન્ય પ્રવૃત્તિઓની પેઠે રમત-ગમતોની અંદર પણ પ્રતિભાને સ્થાન હોઈ શકે છે તો પછી આ એકાગ્રતાની શક્તિને સંપૂર્ણ કરવા માટે માણસ એક જ કાર્યની અંદર પોતાને મર્યાદિત કરી રાખે એ સલાહભરેલું ગણાય કે કેમ એ આપણે વિચારવાનું રહે છે.

આવી મર્યાદા સ્વીકારવામાં કેટલાક જાણીતા લાભ પણ છે, પરંતુ સાથે સાથે એમાંથી કેટલાક ગેરલાભ પણ થાય છે તે ધ્યાનમાં રાખવાનું છે. આવી એકદેશીય એકાગ્રતાને લીધે વ્યક્તિમાં સંકુચિતતા આવે છે, પોતે લીધેલા વિષય સિવાય બીજા વિષયોમાં તે કશી શક્તિ બતાવી શકતો નથી. અને આ પરિણામ કંઈ ઇચ્છવાયોગ્ય ન ગણાય — આપણે તો એક પૂર્ણ વિકસિત અને સુસંવાદિત

માનવનો આદર્શ સેવીએ છીએ. અને આ એકદેશી એકાગ્રતામાંથી આવતું પરિણામ તો તેથી ઊલટું છે. એટલે પ્રશ્ન એ થાય છે કે આ બે વિરુદ્ધ દિશામાં જતી દેખાતી વસ્તુઓ — એકાગ્રતાનો અને સર્વાંગપૂર્ણતાનો મેળ કઈ રીતે બેસાડવો.

આ પ્રશ્નનું એક જ નિરાકરણ દેખાય છે કે કસરતબાજ જેવી રીતે એક શાસ્ત્રીય અને ક્રમિક તાલીમ દ્વારા પોતાના સ્નાયુઓનો પદ્ધતિસર વિકાસ સાધે છે તેવી જ રીતે ધ્યાનની એકગ્રતાને પણ એક પદ્ધતિસરની તાલીમ વડે વિકસાવી શકાય છે. એવી તાલીમને અંતે વ્યક્તિ ગમે તે વિષય ઉપર અને ગમે તે પ્રવૃત્તિમાં પોતાના ઇચ્છાનુસાર એકાગ્રતા સાધી શકે છે. આ એકાગ્રતાની તાલીમ શારીરિક તાલીમથી જુદી રીતે લેવાની હોય છે. શારીરિક તાલીમમાં તો એકની એક ક્રિયાઓનું ધીરી અને મક્કમ રીતે પુનરાવર્તન કર્યે જવાનું હોય છે. અને એ કાર્ય એક અવચેતન અવસ્થામાં જ થતું રહે છે. એકાગ્રતાને વિકસાવવા માટે આ પ્રમાણે ન કરતાં આપણી સંકલ્પશક્તિને આપણે યોજેલા કે નક્કી કરેલા હરકોઈ વિષય ઉપર સજ્ઞાનપણે એકાગ્ર કરવાની છે, તે વિષય ઉપર આપણું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. આ એકાગ્રતાની શક્તિ એ એક તદ્દન સ્વતંત્ર વસ્તુ છે, એ કોઈ પણ આંતર કે બાહ્ય પરિસ્થિતિના ઉપર અવલંબતી નથી. એવી શક્તિ મેળવવી મુશ્કેલ તો જણાય છે જ, પરંતુ તે અશક્ય તો નથી જ. જેનામાં ખંત અને નિશ્ચયબળ હશે તે આ શક્તિ અવશ્ય મેળવી શકશે. અને સફળતા માટેના અનિવાર્ય ગુણો તો આ બે જ છે. માણસ પોતાના વિકાસ માટે ગમે તે પદ્ધતિનો આશ્રય લે, પણ આ બે ગુણો વિના, ખંત અને નિશ્ચયબળ વિના તે કંઈ પણ નહિ સાધી શકે.

અહીંની તાલીમમાં અમે આ એકાગ્રતાના તત્ત્વનો વિકાસ સાધવા માગીએ છીએ. એ વિકાસ એવી રીતે થવો જોઈએ કે વ્યક્તિ હરકોઈ પ્રવૃત્તિ લે, એ પ્રવૃત્તિ ઉપર ઇચ્છાનુસાર પોતાનું ધ્યાન એકાગ્ર કરી શકે, અને તેમાં શક્તિની લેશ પણ ઊણપ ન આવવા દે, દા. ત. એ શારીરિક પ્રવૃત્તિના ક્ષેત્રમાં કામ કરવા જતાં ગમે તે રમત ઉપર કે પ્રવૃત્તિ ઉપર તે પોતાનું ધ્યાન એકાગ્ર કરી શકે છે, એક રમત કે એક પ્રવૃત્તિ પૂરી કર્યા પછી તે બીજી રમત કે પ્રવૃત્તિ એકસરખી એકાગ્રતાથી હાથ લઈ શકે છે, અને દરેકમાં તે એકસરખી સફળતા પામી શકે છે.

વ્યક્તિ જ્યારે કોઈ રમત-ગમત અથવા તો શારીરિક પ્રવૃત્તિ — ઉત્તોલન, કૂદગુલાંટ, મુક્કાબાજી, દોડ, ઇત્યાદિમાં અત્યંત એકાગ્રતાપૂર્વક, પોતાની તમામ શક્તિ વાપરીને કામ કરવા લાગે છે, ત્યારે જ તેને તે વિષયમાં સફળતા અને સંપૂર્ણતા મળે છે. એ ક્રિયાઓ દરમિયાન એને એક શારીરિક રોમાંચક આનંદનો

અનુભવ પણ થાય છે. પરંતુ સામાન્ય રીતે આ સફળતાનું કારણ એ હોય છે કે ખેલાડીને પોતે લીધેલા વિષયમાં ખાસ રસ રહેલો હોય છે. એ વિષય તેણે કોઈ ખાસ સંકલ્પપૂર્વક, કે બીજી કોઈ રીતે નક્કી કરીને લીધેલો હોતો નથી. એમાં એણે મેળવેલી સફળતા એ કોઈ સુનિયંત્રિત ક્રિયાને પરિણામે આવી મળેલી હોતી નથી. પરંતુ વ્યકિતને જો ધ્યાનને એકાગ્ર કરવાની તાલીમ આપી શકાય તો પછી પોતાની ઇચ્છા થતાં અથવા કહો કે તેની પાસે માગણી થતાં વેંત તે હરકોઈ ક્રિયા કરી શકે છે અને એ દરેકમાં તે હંમેશાં સફળ રીતે પાર પડે છે.

અમારા શારીરિક શિક્ષણ વિભાગમાં અમે આ જ વસ્તુનો પ્રયોગ કરવા માગીએ છીએ. શારીરિક શિક્ષણની પ્રચલિત પદ્ધતિ કરતાં આ પ્રક્રિયા દ્વારા પરિણામ આવતાં વધુ વખત લાગે એ શકય છે. પરંતુ આ વિલંબના બદલામાં ખેલાડીના કાર્યની અંદર એક સભરતા અને સમૃદ્ધિ અવશ્ય પ્રગટશે એમાં શંકા નથી.

(બુલેટિન, એપ્રિલ ૧૯૪૯)

અમારો ધ્વજ અને અમારું પૂંઠું

'બુલેટિન'ના કવર ઉપર જે ધ્વજ મૂકવામાં આવેલો છે તેની રચના આ પ્રમાણે છે. એક ફપેરી ભૂરા રંગના ચોરસની અંદર બરાબર મધ્ય ભાગમાં એક પૂરું ખીલેલું સોનેરી કમળ મૂકવામાં આવેલું છે. એ કમળની પાંદડીઓ બે હારમાં મુકાએલી છે. અંદરની હાર ૪ પાંદડીની અને બહારની હાર ૧૨ પાંદડીની બનેલી છે.

આ ભૂરો રંગ એ આત્માના ભૂરા રંગનો સૂચક છે, સોનેરી રંગ એ વિશ્વજનની મા ભગવતીનો રંગ છે. ધ્વજની આસપાસ આવેલા પૂંઠાનો રંગ લાલ છે, તે આલોકિત બનેલી શારીરિક ચેતનાનો વાચક છે.

આ ધ્વજ પ્રથમ તો આશ્રમના ક્રીડાદેવના* ધ્વજ તરીકે વાપરવા માટે યોજાયો હતો. પરંતુ પછીથી, ભારતની સ્વાતંત્ર્ય પ્રાપ્તિનો દિવસ અહીં (૧૫ મી ઑગસ્ટ ૧૯૪૭એ) ઊજવવામાં આવ્યો ત્યારે એમ લાગ્યું કે એ ધ્વજ આખા યે ભારતના આધ્યાત્મિક ધ્યેયને પણ વ્યકત કરી રહ્યો છે, એટલે અમારે માટે એ ધ્વજ એક પુનર્જિવિત થયેલા, અખંડ અને વિજયી ભારતના પ્રતીકરૂપ બની રહેલો છે. એ ભારત પોતાની સદીઓ-જૂની ગાઢ નિદ્રામાંથી જાગી રહ્યું છે. ગુલામીની જંજીરોને દૂર ફેંકી દઈને તથા એક નવ જન્મની સઘળી યે પ્રસવ વેદનામાંથી પસાર થઈને તે પોતાના ભાવિ તરફ ગતિ આદરી રહ્યું છે. આ ભારત હવે એક વાર ફરીથી જગતમાં એક મહાન અને અખંડ રાષ્ટ્ર તરીકે ઉત્થાન પામશે, અને જગતને તથા જગતની માનવતાને ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક આદર્શો પ્રત્યે દોરી જશે.

આવા ધ્વનિથી ભરેલો ધ્વજ પ્રાપ્ત કરવા માટે અમે અમારું ઘણું અહોભાગ્ય સમજીએ છીએ. અને અમે એને અતિ ભાવપૂર્વક સેવીએ છીએ.

(બુલેટિન, એપ્રિલ ૧૯૪૯)

---

* જયનેસે સ્પૉર્તિવ દ લા'શ્રમ શ્રી ઑરોબિન્દો.

અક્ષય શક્તિ

ખેલાડી પાસે એક પ્રશ્ન પડેલો હોય છે કે પોતાની શક્તિઓને કેવી રીતે તાજી રાખવી, કેવી રીતે સદા ટકાવી રાખવી. આ બાબતમાં યોગસાધના ખેલાડીને ઘણી જ સમર્થ મદદ આપી શકે છે, યોગ તેને જગતમાં રહેલી વિશ્વરૂપ શક્તિના એક અખૂટ મૂળની સાથે જોડી આપે છે, અને તેમાંથી શક્તિ કેવી રીતે મેળવવી તેનું જ્ઞાન આપે છે.

અર્વાચીન વિજ્ઞાને શરીરના પોષણની કળામાં ઘણી જ મોટી પ્રગતિ કરી છે. અત્યારે ખેલાડી માટે પોતાની શક્તિઓને તાજી કરવાનું સૌથી વધુ જાણીતું સાધન તો આ જ છે. પરંતુ આ પદ્ધતિ ઘણી જ અચોક્કસ છે તેમ જ તેમાં અનેક પ્રકારની મર્યાદાઓ રહેલી છે. એ વિષય પૂરતો ચર્ચાઈ ગયેલો હોવાથી તે વિષયમાં અમે અહીં ઊંડા ઊતરવા માગતા નથી. પરંતુ એ વસ્તુ તો બધા સ્વીકારે છે કે જ્યાં સુધી જગત તથા મનુષ્યો તેમની અત્યારની સ્થિતિમાં છે તેવાં ને તેવાં જ રહેશે. ત્યાં સુધી શરીરની પુષ્ટિને માટે ખોરાકનું તત્ત્વ અનિવાર્ય જ રહેવાનું. યોગવિદ્યા પાસે શક્તિ મેળવવા માટે આ સિવાય બીજાં સાધનો પણ છે. એમાંથી અમે અત્રે બે મહત્ત્વનાં સાધનોનો ઉલ્લેખ કરીશું.

એમાંથી પહેલું સાધન આ છે. આ જડ તેમ જ પાર્થિવ જગતની અંદર જે શક્તિઓ એકત્રિત થયેલી છે તેની સાથે આપણે સંબંધમાં આવવું જોઈએ અને એ અક્ષય મૂળમાંથી મુક્તપણે શક્તિનું ગ્રહણ કરતા થવું જોઈએ. આ જડ પ્રકારની શક્તિઓ અંધકારમય છે, અર્ધી અચેતન છે. તેમને લીધે માણસમાં પશુભાવને ઉત્તેજન મળે છે, પણ સાથે સાથે માનવશરીર અને જડ પ્રકૃતિ વચ્ચે એક પ્રકારનો સુમેળભર્યો સંબંધ પણ સ્થાપિત થાય છે. જે લોકો પાસે આ શક્તિઓ ઝીલવાનું અને તેમનો ઉપયોગ કરવાનું જ્ઞાન હોય છે તેઓ જીવનમાં સામાન્ય રીતે સફળ જ નીવડે છે. તેઓ જે કંઈ કામ હાથ ધરે છે, તે પાર પાડે છે. આમ છતાં આ માણસોએ મુખ્ય આધાર તો પોતાના જીવનની પરિસ્થિતિ ઉપર તેમ જ પોતાના આરોગ્યની અવસ્થા ઉપર રાખવાનો રહે છે. આ લોકોના જીવનમાં રચાયેલો સુમેળ હંમેશાં સલામત જ રહેતો નથી. તેના ઉપર હુમલા થઈ શકે છે. વિપરીત સંજોગો હેઠળ એ સુમેળ સામાન્ય રીતે અલોપ પણ થઈ જાય છે. બાળક આ વિશ્વરૂપ શક્તિને આપોઆપ જ જડ પ્રકૃતિમાંથી મેળવતું રહે છે.. કશી પણ ગણતરી કર્યા વિના, કેવળ આનંદપૂર્વક, પોતાની બધી જ શક્તિઓ

તે છુટ્ટે હાથે વેરતું રહે છે અને સાથે સાથે તે વખતે તે કુદરત તરફથી પ્રાપ્તિ પણ કરતું રહે છે. પરંતુ ઘણાખરા માણસોમાં ઉંમર વધવાની સાથે આ શક્તિ લુપ્ત જેવી થઈ જાય છે. જીવનની ચિંતાઓનો બોજો વધતો જાય છે, માણસની ચેતનામાં માનસિક પ્રવૃત્તિઓ પ્રધાન સ્થાન લેવા લાગે છે. અને વિશ્વપ્રકૃતિ સાથેનો તેનો સંબંધ રૂંધાઈ જાય છે.

પણ જગતમાં આ જડ શક્તિ ઉપરાંત એક બીજી શક્તિ પણ આવેલી છે. એક વાર જો તેનું મૂળ હાથ લાગે તો પછી માણસ ગમે તે સંજોગોમાં, ગમે તેવી સ્થૂલ પરિસ્થિતિમાં પણ તે શક્તિને મેળવી શકે છે. એ શક્તિનું ઝરણ કદી સુકાઈ જતું નથી. આ શક્તિને આપણે આધ્યાત્મિક શક્તિ તરીકે વર્ણવી શકીએ. એ શક્તિ આપણને નીચેની દિશામાંથી, અચેતનાના ઊંડાણમાંથી નહિ, પરંતુ ઉપરના ઊર્ધ્વ પ્રદેશમાંથી મળે છે. એ ઊર્ધ્વ પ્રદેશમાં માનવોનું અને જગતનું પરમ આદિમૂલ રહેલું છે. ઉપરિચેતનાનો એ પ્રદેશ સર્વ સામર્થ્યપૂર્ણ અને શાશ્વત પ્રકાશથી ભરેલો છે. એ ઉપરિચેતના આપણી આસપાસ સર્વત્ર આવી રહેલી છે, હરેક વસ્તુની અંદર તે આરપાર પ્રવેશી રહેલી છે. એની સાથે સંપર્કમાં આવવા માટે, તેને પોતામાં ઝીલવા માટે આપણે સાચા દિલથી ઝંખના કરીએ, તેના પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક ખુલ્લા થઈએ તેટલું જ જરૂરી છે. એમ કરતાં આપણે આપણી ચેતનાને વિશાળ કરીને વિશ્વરૂપ ચેતના સાથે તેને તદ્રૂપ કરી શકીએ છીએ.

આ વસ્તુ કરવી શરૂ શરૂમાં કદાચ મુશ્કેલ લાગવા સંભવ છે. પરંતુ તે અશકય તો નથી જ. આપણે આ વસ્તુનો સહેજ ઊંડાણથી વિચાર કરીશું તો જણાશે કે જે માનવચેતના નૈસર્ગિક રીતે વિકાસ પામી છે તેને માટે આ વિશ્વરૂપ ચેતના એ કોઈ દૂર દૂરની, કોઈ વિજાતિય વસ્તુ નથી. ખરું જોતાં તો જગતમાં એવું કોઈ ભાગ્યે જ હશે કે જેને, કંઈ નહિ તો જીવનમાં એક વાર પણ એ પરમ ચેતનાનો સંપર્ક ન થયો હોય. એ સંપર્ક થતાં માણસ જાણે કે પોતાની જાતથી કયાંય ઉપર ઉપર ચાલ્યો જાય છે, કોઈ અણધારી અને અસાધારણ શક્તિ તેનામાં ઊતરી આવી તેને સભર ભરી દે છે. એમ થતાં તે કંઈ નહિ તો થોડાક વખત માટે પણ જગતમાં કોઈ પણ વસ્તુ, કહો કે એકેએક વસ્તુ કરી શકે તેવી શક્તિ ધરાવતો થઈ જાય છે. એવી ક્ષણોમાં માણસને કશું જ કઠિન દેખાતું નથી. એવે વખતે 'અશકય' શબ્દ અર્થરહિત બની રહે છે.

આ અનુભવ, ભલે પછી તે ગમે તેટલો ક્ષણિક રહ્યો હોય તો પણ, માણસને ઊર્ધ્વ શક્તિ સાથેનો સંપર્ક કેવો હોય તેની અલ્પ ઝાંખી પણ કરાવી

આપે છે. યોગની સાધના કરવાથી આ ઊર્ધ્વ શક્તિ સાથે આપણો સંબંધ જોડાય છે અને સ્થાયી બની રહે છે.

આ સંપર્ક પ્રાપ્ત કરવાની પદ્ધતિ વિષે અત્રે કંઈ લખવું બહુ શકય નથી. વળી યોગસાધના એક તદ્દન વ્યક્તિગત વસ્તુ છે. દરેક વ્યક્તિને માટે એ સાધના જુદી જુદી હોય છે. આ સાધના, માણસ જીવનમાં જ્યાં ઊભો છે ત્યાંથી તેને આગળ ઉપાડે છે. હરેક મનુષ્ય માટે તેની વ્યક્તિગત જરૂરિયાતો મુજબ એ સાધના પોતે રૂપ લે છે અને તેને એક કદમ આગે જવામાં મદદ કરી આપે છે. આ માર્ગ લાંબો છે, કદીક ધીમો પણ છે. પરંતુ એમાંથી જે પરિણામો આવે છે તે જોતાં જણાશે કે તે પાછળ લીધેલી બધી મહેનત સાર્થક છે. આ એક સર્વ સમર્થ શક્તિને તેના શુદ્ધ જ્યોતિર્મય સ્વરૂપે તેના અસીમ મૂળમાંથી હરકોઈ સંજોગો હેઠળ અને આપણી ઈચ્છાનુસાર પ્રાપ્ત કરવાની શક્તિ જો આપણને મળી આવે તો તેનાં કેવાં પરિણામ આવી શકે તે આપણે સહેલાઈથી કલ્પી શકીએ છીએ. તે પછી, થાક, શ્રમ, માંદગી, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ પોતે પણ માત્ર માર્ગ પરનાં વિઘ્નો રૂપ જ રહે છે. એક સ્થિર સંકલ્પબળ દ્વારા એ બધાંને અવશ્ય પાર કરી શકાય છે.

(બુલેટિન, ઑગસ્ટ ૧૯૪૯)

સાચી નિર્ણયશક્તિ

રમત-ગમતોની હરીફાઈઓમાં એક મોટો પ્રશ્ન ચુકાદાના ન્યાયીપણા વિષેનો રહે છે. આવી પ્રવૃત્તિઓમાં ઊભા થતા મતભેદો તથા ઝગડાઓને દૂર રાખવા માટે એક વસ્તુ કાયમને માટે નક્કી કરી દેવામાં આવી છે કે હરીફોએ કશી પણ ચર્ચા વિના પંચોએ આપેલા નિર્ણયને સ્વીકારી લેવો. એમ ન થાય તો તકરારો થયા વિના રહે જ નહિ. આ પદ્ધતિને લીધે જેમનો ન્યાય તોળવામાં આવે છે તેમનો પ્રશ્ન તો ઊકલી જાય છે, પરંતુ જેમણે ન્યાય તોળવાનો હોય છે તેમને માટે તો પ્રશ્ન ઊભો જ રહે છે. એ નિર્ણાયકો જો સત્યનિષ્ઠ હોય તો તેમના ઉપર જેટલો વધુ વિશ્વાસ મુકાય તેટલા જ વધુ તેમણે પોતાના નિર્ણયોને સંપૂર્ણ રીતે સાચા બનાવવા માટે સાવધાન રહેવાનું રહે છે. આ રીતે જોતાં, અમુક પ્રસંગોમાં, રમત-ગમતોની સાથે જેને કશો જ સંબંધ નથી તેવાં ઇતર કારણોસર જ્યાં પહેલેથી જ નિર્ણયો લેવાઈ ચૂકેલા હોય છે તે પદ્ધતિને હું વિચારણામાંથી તદ્દન બાતલ જ રાખું છું. એ એક કમનસીબી છે કે, આ પદ્ધતિનો ઉપયોગ ઘણી વાર થતો રહે છે, છતાં એ બાબતમાં તે બધા સંમત થશે કે આ એક નીચ વસ્તુ છે અને મનુષ્યનું ગૌરવ એ માગી લે છે કે આવી વસ્તુ બિલકુલ બંધ થવી જ જોઈએ.

સામાન્ય રીતે એમ માની લેવામાં આવે છે કે પંચ પોતાનો નિર્ણય જો તે તે વસ્તુ અંગેના પોતાના ઊંડા વિશિષ્ટ જ્ઞાનને આધારે અને પૂરતી તટસ્થતા જાળવીને કરતો હોય તો તો બધું બરાબર જ ગણાય. આવો નિર્ણય વ્યક્તિ પોતાની ઇન્દ્રિયોના જ્ઞાનને આધારે કરતી હોય છે. સામાન્ય રીતે એ જ્ઞાન વિષે તો કોઈ ભાગ્યે જ શંકા ઉઠાવે છે. પરંતુ હકીકત તો એ છે કે જ્ઞાનની આ પદ્ધતિ હંમેશાં ક્ષતિરહિત જ હોય છે એવું નથી. માણસની ઇન્દ્રિયો તેની માનસિક અવસ્થાના સીધા પ્રભાવ હેઠળ જ કામ કરતી હોય છે. અને તેથી વ્યક્તિ પોતે જે વસ્તુ જોતી હોય છે તે પરત્વે તેને સારી કે નરસી જે પ્રકારની લાગણી હોય છે તે મુજબ જ તેની ઇન્દ્રિયો તે વસ્તુને જુએ છે, અને તે પ્રમાણે તેના એ દર્શનમાં પણ ફેરફાર, વિકૃતિ કે અસત્યનો પ્રવેશ થાય છે.

ઉદાહરણ તરીકે, જે પંચો અમુક સંસ્થાનાં કે સમૂહનાં અંગભૂત હોય છે તેઓ પોતાના સમૂહના લોકો તરફ કાં તો અતિ ઉદાર હોય છે કાં તો

અયોગ્ય રીતે અતિકડક પણ હોય છે. સત્યની કસોટીએ જોતાં તો આ પ્રકારની ઉદારતા કે કઠોરતા બંને સરખી વસ્તુઓ છે. એ બંને પ્રસંગોમાં વ્યક્તિએ લીધેલો નિર્ણય લાગણીને આધારે થયેલો હોય છે, તેની પાછળ હકીકતોનું એક વસ્તુનિષ્ઠ અને આસક્તિયુક્ત દર્શન નથી હોતું. આ તો જાણે કે બહુ સ્પષ્ટ વાત જ છે, પરંતુ આવી તદ્દન છેલ્લી હદની વાત ન લઈએ તો પણ આપણે જોઈશું કે કોઈ પણ માનવ વ્યક્તિ, સિવાય કે તે યોગી હોય, આવાં આકર્ષણો અને વિરુદ્ધ ભાવોથી મુક્ત હોતી નથી. આ વસ્તુઓ જો કે વ્યક્તિની સક્રિય ચેતનામાં કામ કરતી ભાગ્યે જ પકડી શકાય છે છતાં ઇન્દ્રિયોની ક્રિયાઓ ઉપર તેમને ઘણી જ મોટી અસર પડતી હોય છે.

જે માણસ ગમા અને અણગમાથી, ઇચ્છાઓથી અને અભિરુચિઓથી પર થઈ શકયો હોય તે જ સંપૂર્ણ નિષ્પક્ષ રીતે વસ્તુઓ જોઈ શકે છે. એવી વ્યક્તિની ઇન્દ્રિયો, કોઈ અત્યંત નાજુક અને સંપૂર્ણ યંત્રની માફક, કેવળ શુદ્ધ વસ્તુનિષ્ઠ ભાવથી કાર્ય કરતી હોય છે, અને યંત્ર કરતાં તેમને એક વધુ લાભ એ હોય છે કે તેની પાછળ એક જીવંત ચેતનાની સ્પષ્ટ દૃષ્ટિ ઉમેરાયેલી હોય છે. આ બાબતમાં પણ યૌગિક સાધના આપણી મદદમાં આવી શકે છે અને તેની સહાયની આપણે એવી ઉન્નત કોટિનું ચારિત્ર્ય સરજી શકીએ છીએ કે જેને લઈને વ્યક્તિઓ સત્યના કરણ તરીકેનો ભાગ ભજવી શકે છે.

(બુલેટિન, નવેમ્બર ૧૯૪૯)

ઑલિમ્પિકની કડીઓ

ઑલિમ્પિકના સંકેત ચિહ્નમાંની પાંચ કડીઓ વિષે, એવી વિધિસરની જાહેરાત કરવામાં આવી છે કે એ કડીઓ જગતના પાંચ ખંડોની વાચક છે. પરંતુ એ કડીઓના રંગ સાથે કોઈ ખાસ અર્થ જોડવામાં આવ્યો નથી તેમ જ દરેક ખંડને માટે તેનો કોઈ ખાસ રંગ નક્કી કરી આપવાનો હેતુ રખાયો નથી.

આમ છતાં આ રંગોનો અભ્યાસ એ રસિક વિષય બની શકે તેમ છે. આપણે જોઈએ કે આ રંગોની પાછળ શું રહસ્ય હોઈ શકે અને એમાંથી કોઈ સંદેશ મળી શકે કે નહિ.

એ વાત તો ઠીક ઠીક જાણીતી છે કે દરેક રંગને તેનું પોતાનું રહસ્ય હોય છે. પરંતુ એ રહસ્ય ઘટાવનાર જુદા જુદા લોકોએ રંગોને જે અર્થ આપેલા છે તે બહુ જુદી જુદી જાતના છે અને કેટલીકવાર એક બીજાથી ઊલટા પણ છે. આ રંગોનાં રહસ્યોનું એક સર્વમાન્ય વર્ગીકરણ હજી જોવામાં આવતું નથી. રંગોના આમ વિવિધ અને વિરુદ્ધ અર્થો ઊભા થવાનું કારણ એ છે કે સામાન્ય રીતે રંગોને મનના દૃષ્ટિબિંદુથી જ જોવામાં આવે છે, કંઈ નહિ તો એ રહસ્યશોધન ઉપર અર્થ ઘટાવનારના મનની છાયા તો પડેલી હોય છે જ. પરંતુ આપણે જો મનથી ઉપર આવી રહેલા સાચા ગૂઢ પ્રદેશમાં જઈ શકીએ, તો પછી દરેક રંગ પાછળનો સાચો અર્થ, એ રંગોને સીધેસીધા સમજી શકનાર સૌ કોઈને માટે એક જ પ્રકારનો પ્રગટ થશે. કેવળ રંગોની બાબતમાં જ નહિ, પણ આધ્યાત્મિક તેમ જ ગૂઢ પ્રકારના સર્વ અનુભવોને અંગે પણ આ વાત સાચી છે. જુદા જુદા કાળના તથા સ્થળના રહસ્ય-દ્રષ્ટાઓને જે આધ્યાત્મિક અનુભૂતિઓ મળેલી છે તે બધાની અંદર આપણે જોઈએ છીએ કે એક ઘણું જ ધ્યાન ખેંચે તેવું સામ્ય રહેલું છે.

એટલે જો ઑલિમ્પિક સંકેત ચિહ્નની કડીઓના રંગોને આ દૃષ્ટિથી જોવામાં આવે તો તેમનો સાચો ગૂઢ અર્થ મળી શકે તેમ છે અને એ રંગો જગતના ખંડોને કેવી રીતે લાગુ પડે છે તેનો અભ્યાસ પણ કરી શકાય છે.

લીલો રંગ એક વિશાળ અને શાંતિપ્રધાન ભાવનો સૂચક કરે છે. કુદરતની સાથે એનો એક ઘણી જ સુસંવાદિત રીતે સીધો સંબંધ છે, તે એક વિશાળ ખુલ્લા પ્રદેશવાળા ખંડનો વાચક બની શકે છે. તેમાંની પ્રજા કુદરત

તેમ જ ધરતીની સાથે ઘણા નિકટના સંબંધમાં રહેનારી છે, તેમ જ મિથ્યા વિચારસરણીથી દૂષિત બનેલી હોતી નથી.

લાલ એ શારીરિક તેમ જ સ્થૂલ જડ તત્ત્વનો રંગ છે, એટલે જે પ્રજાએ સ્થૂલ પદાર્થો ઉપર ખૂબ પ્રભુત્વ મેળવ્યું હોય તેને એ રંગની કડી આપી શકાય. વળી આ ભૌતિક સફળતાને લીધા તે પ્રજાને બીજી પ્રજાઓ ઉપર કઈ રીતે આધિપત્ય મળ્યું છે તે પણ આ રંગ સૂચિત કરે છે. કંઈ નહિ તો એ રંગ અતિ સ્થૂલ અને ભૌતિક પદાર્થો વિષે આગ્રહ સેવતી પ્રજાનો વાચક તો છે જ.

અથી ઊલટું, ભૂરો રંગ એક ઊછરતી જુવાન પ્રજાના ખંડનો સૂચક છે. એ પ્રજા પાસે હજી મોકળું ભાવિ પડેલું છે, તેને માટે ઘણી ભાવિ શકયતાઓ રહેલી છે. પરંતુ એ પ્રજા હજી ઘણી જ અપકવ છે અને હજી તો તે વિકાસના તબક્કાઓમાંથી જ પસાર થઈ રહેલી છે.

આ કડીઓમાં કાળા રંગની પસંદગી સૌથી કમનસીબ વસ્તુ છે. એ રંગ એક ગાઢ અંધકારમાં વેગપૂર્વક ગરક થઈ રહેલી પ્રજાના ખંડનો જ સૂચક બની શકે. એક અવનતિ પામી રહેલી પ્રજા કાળી વિસ્મૃતિની અંદર ઊતરી રહી છે એમ જ તે સૂચવે છે.

આથી ઊલટું, પીળો રંગ એ સૌથી વધુ ઉજજવલ રંગ છે. એ છે પ્રકાશનો સુવર્ણ રંગ. સર્વ પદાર્થના મૂળ રૂપ અને આરંભ રૂપ એવા તત્ત્વમાંથી એ પ્રકાશ આવી રહેલો છે અને પોતાના કરુણાળુ હસ્ત વડે, વિકાસ પામી રહેલી માનવતાને તેના આદિ દિવ્ય સ્વરૂપ તરફ તે પાછો દોરી જવાનો છે.

આ કડીઓની ગોઠવણી પાછળ પણ એક રહસ્ય છે. આ બધાંમાં કાળો રંગ વચ્ચેના ભાગમાં આવી રહેલો છે. અને તે બીજા રંગોને આધાર આપી રહેલો છે. આ ખરેખર બહુ જ સૂચક છે. આજે જગતમાં એક કાળી અંધાધુંધી વ્યાપી રહેલી છે, અવિદ્યાના અંધારા સમુદ્રો ઉપર માનવજાતિના વહાણને દોરવા માટે આજે જેઓ ઝૂઝી રહેલા છે તેઓ આજે અંધકારગ્રસ્ત છે. અને એ સ્થિતિ આ કાળા રંગની મધ્યસ્થ કડી દ્વારા બરાબર વ્યકત થાય છે.

અમારી એ આશા છે કે ભવિષ્યમાં આ કાળી કડીને સ્થાને એક સફેદ કડી મૂકવામાં આવશે. જગતમાં માનવજીવનના પ્રવાહમાં એક નવો પલટો આવશે, એક નૂતન પ્રકાશની ઉષા આવીને અંધકારના ઓછાયાઓને ઓગાળી નાખશે. એ પ્રકાશ તે એક નૂતન ચેતનાનો તેજસ્વી, ધવલ, સ્વયં પ્રકાશિત પ્રકાશ હશે. અને તે વખતે જગતની નૌકાના સુકાન ઉપર એવી વ્યકિતઓ હશે કે જેઓ એ ઝળહળતા પ્રકાશની સામે મીટ માંડીને જોઈ શકતી હશે, અને એ સ્વર્ગીય ભૂમિના કિનારે પહોંચવા માટેનો સાચો પંથ દર્શાવી શકતી હશે.

(બુલેટિન, નવેમ્બર ૧૯૪૯)

જય ચંદ્રક

આશ્રમ ક્રીડા દલની આ સત્ર દરમિયાન યોજાયેલી રમતગમતોની સ્પર્ધાઓમાં, દરેક પેટા દલમાં નેતા બનેલ વ્યક્તિને ઈનામ રૂપે એક જય ચંદ્રક આપવામાં અવેલેા.

આ ચંદ્રક એક સુનેરી કાચબાના રૂપનેા છે. એના કેન્દ્રમાં એક સંપૂર્ણ લાલ વર્તુળ છે અને એ વર્તુળમાંથી બાર સફેદ કિરણેા પ્રસરી રહેલાં છે. એ ચંદ્રકની છબી અહીં નીચે આપવામાં આવી છે. આ ચંદ્રકના આકાર અને રંગ પાછળ એક ગૂઢ રહસ્ય રહેલું છે અને તેનેા અર્થ નીચે મુજબ ઘટાવી શકાય છે.

કાચબેા એ સૃષ્ટિગત અમૃતત્વનું, એટલે કે આ પૃથ્વી ઉપરપ્રગટેલી શરીર-ધારી ચેતનાના અમૃતત્વનું પ્રતીક છે. એમાંનેા કેન્દ્ર રૂપ લાલ ભાગ આલેાકિત બનેલા જડ તત્ત્વના પ્રતીક રૂપે છે અને એની અંદરથી પરમ સત્યના સર્વાંગ પૂર્ણ પ્રકાશનાં બાર સફેદ કિરણેા પ્રસરી રહ્યાં છે. કિરણેાની વાંકી રેખાઓ એ સૂચવે છે કે આ પ્રકાશ ગતિશીલ પ્રકારનેા છે અને તે સક્રિય બનેલેા છે.

કાચબાનેા પેાતાનેા સેાનેરી રંગ પણ એ સૂચવે છે કે આ સૃષ્ટિગત અમૃતત્વને આધાર આપી રહેલું તત્ત્વ તે અતિમાનસ પેાતે જ છે અને જે રૂપાંતર સધાવાનું છે તે માત્ર તે જ સાધી આપી શકે તેમ છે.

(બુલેટિન, નવેમ્બર ૧૯૪૯)

સ્પર્ધાઓ

જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ માસ આપણે માટે રમતગમતની સ્પર્ધાઓના માસ છે. નાનાંમોટાં સૌ કોઈ ઉત્સાહપૂર્વક એમાં ભાગ લે છે, પરંતુ મારે કહેવું જોઈએ કે તેઓ એમ સામાન્ય હરીફોની ભાવનાપૂર્વક એમ કરતાં નથી. કારણ કે આપણે હમેશાં, કેવળ જીતવાને માટે જ નહિ, પરંતુ આપણાથી જેટલી સારી રમત રમી શકાય તેટલી રીતે રમવા અને એ રીતે એક નવીન પ્રગતિનો માર્ગ ખુલ્લો કરવા રમીએ છીએ.

આપણે સફળતા વાંછતા નથી. આપણે પૂર્ણતા જોઈએ છે.

આપણે કીર્તિ કે લોકમાન્યતા જોઈતી નથી; આપણે દિવ્ય આવિર્ભાવ માટે તૈયાર થવું છે. માટે જ આપણે નિર્ભયતાથી કહી શકીએ છીએ કે, દેખાવા કરતાં બનવું વધુ સારું છે. આપણા અંતરમાં પૂર્ણ સચ્ચાઈ હોય તો સારા દેખાવાનો ડોળ કરવાની જરૂર નથી. અને પૂર્ણ સચ્ચાઈ શબ્દ વડે આપણે એમ કહેવા માગીએ છીએ કે આપણા સર્વ વિચારો, લાગણીઓ, સંવેદનો અને કર્મોએ આપણા સ્વરૂપના કેન્દ્રસ્થ સત્ય કરતાં બીજું કાંઈ પ્રગટ ન કરવું જોઈએ.

(બુલેટિન, એપ્રિલ ૧૯૫૦)

*

યુવક ક્રિડાદલની* પ્રાર્થનાઓ અને ઉત્તરો

દલ એ : મધુર માતાજી, તમે અમારે માટે અપાર શ્રમપૂર્વક એક માર્ગ રચ્યો છે. એ મહાસમર્થ પંથ છે, એને અંતે ધ્યેયની પ્રાપ્તિ અવશ્ય આવવાની જ છે. તમે અમારા માટે એ માર્ગ નિષ્કંટક બનાવી દીધો છે. બધી મુશ્કેલીઓ, બધાં જોખમો હઠાવી લીધાં છે, જ્યારે અંતિમ વિજય પ્રાપ્ત થશે ત્યારે એ માર્ગ અમને ઠેઠ અનંતતા સુધી લઈ જશે. માતાજી, અમને હમેશાં પ્રાણવંત રાખો. કે જેથી તમે બાંધેલા માર્ગ પર અમે વગર અટકયે આગળ વધ્યે જ જઈએ.

શ્રી માતાજી : મારાં નાનકડાં બાળકો, તમે જગતની આશા છો, જગતનું ભાવિ છો. આ યૌવન હંમેશાં જાળવી રાખો. એ યૌવન જ પ્રગતિનું સાધન છે. તમારે માટે 'અશકય' શબ્દનો કશો અર્થ નહિ રહે.

(૨૨ એપ્રિલ ૧૯૪૯)

*

દલ બી : મધુર માતાજી, અમે તમારા વફાદાર સૈનિક થવા માગીએ છીએ. અમે તમારા અંતિમ વિજય સુધી લડતા રહીશું. જય હો, મધુર માતાજીનો.

શ્રી માતાજી : મારા બહાદુર નાનકડા સૈનિકો, મારી તમને સલામ છે. લો આ મારો કોલ : હું તમને વિજયના મોરચા પર મળીશ.

(૩ એપ્રિલ ૧૯૪૯)

*

દલ સી : પ્રભુ, તારા પરમ સેવકોમાંથી તમામ અજ્ઞાનને દૂર કર. એમની વિશુદ્ધિના ધ્વજને ટૂંકામાં ટૂંકા માર્ગે થઈ સાક્ષાત્કારના ઉંબર ઉપર પહોંચાડ. તારી ઇચ્છા સફલ થાઓ, અમારી નહિ.

શ્રી માતાજી : જેમણે પોતાની અંદરની તમામ પશુતા ઉપર વિજય મેળવ્યો હશે અને એ પશુતાને વટાવી ગયા હશે તેમને જ પ્રભુ 'પરમ સેવકો'નું બિરુદ આપશે. હમણાં તો આપણે પ્રભુના વફાદાર અને સાચા સેવક બનીએ

---

* આ દલોની સંજ્ઞા મૂળમાં હતી તે પ્રમાણેની છે. ત્યાર પછી તેમનું પુનર્ગઠન કરવામાં આવેલું છે.

એટલું જ માગીએ. આ નાનકડો કાર્યક્રમ આપણે પૂરો કરી લઈશું ત્યાર પછી આપણે વધુ મોટા સાક્ષાત્કારો માટે યોગ્ય બનીશું.

(૨૩ એપ્રિલ ૧૯૪૯)

*

દલ ડી: મધુર માતાજી, અમે ઇચ્છીએ છીએ તમારા પરાક્રમી યોદ્ધા બનવા. અમે ઠેઠ અંતિમ વિજય સુધ્ધી તમારી પાછળ પાછળ ચાલ્યા આવીશું.

શ્રી માતાજી: આપણે સૌ સાચા દિલથી વિજય તો માગીએ છીએ. પરંતુ એ વિજય ક્રમે ક્રમે જ આવી શકે છે. અને એ માટેનું પ્રથમ પગથિયું છે સંપૂર્ણ શિસ્ત. તમારો નવો ગણવેશ એ શિસ્તના સંકેતરૂપ બની રહો.

(૧૭ એપ્રિલ ૧૯૪૯)

*

દલ ડી-જી: મધુર માતાજી, અમે તમારાં નાનાં બાળકો છીએ, તમારા સર્વશક્તિમાન પ્રકાશને ઝંખી રહ્યાં છીએ. અને મધુર માતાજી, તમે અમને અંતિમ વિજયનું અભય વચન આપ્યું છે. તમારો એ સંકલ્પ છે કે અમે તમારા વફાદાર, સાચા, બહાદુર અને શિસ્તબદ્ધ સૈનિકો બનીએ.

મધુર માતાજી, તો લો આ અમારું વચન. અમે તમારા આવા સૈનિકો બનવાની પ્રતિજ્ઞા કરીએ છીએ. તમારા હાથમાં અમારી જાત સર્વ ભાવે સોંપી દઈએ છીએ. અમારા નિર્ણયને પાર પાડવાની શક્તિ આપો.

શ્રી માતાજી: તમારું વચન હું સ્વીકારી લઉં છું. તમારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં તમને મારી સહાય હંમેશાં મળતી રહેશે. ઘડપણ તો જેઓ ઘરડા થવાનું પસંદ કરે છે તેમને માટે જ હોય છે.

આગેકદમ, સદાય આગેકદમ. ભય અને સંકોચ તજી દો, અને ચાલ્યા જાઓ આગે, આગે.

(૨૨ એપ્રિલ ૧૯૪૯)

*

દલ ડી-કે: મા ભગવતી, આ છે અમારી પ્રાર્થના: અમને તારા આજ્ઞાધીન અને સાચા સૈનિકો બનાવ. આસુરી બળો સામે લડી લેવા માટે, તારો વિજય મેળવવા માટે તારી શક્તિ અમારી મદદે આવો. જય હો માતાજીનો!

શ્રી માતાજી: સદાય વફાદાર રહો, ખંતીલા રહો. તમને પણ અંતિમ સાક્ષાત્કારમાં તમારો હિસ્સો મળશે.

(૨૨ એપ્રિલ ૧૯૪૯)

*

દલ ઈ: અમારી આ ઇચ્છા છે, તારે અમને જે બનાવવાં હોય તે બનાવ.

શ્રી માતાજી: તમારી શુભ ભાવનામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે. મારી સહાયમાં તમે વિશ્વાસ રાખો.

*

કપ્તાનોનું દલ: શારીરિક શિક્ષણના કપ્તાનો:

શ્રી માતાજી: તમારે ચુનંદા સૈનિકો બનવું જોઈએ અને બની શકશો પણ ખરા. હું એમ વિચારતી હતી કે આશ્રમમાં એવી સર્જક કેન્દ્રસ્થ નાભિ હોવી જોઈએ જે આસપાસ સર્વ કાંઈ રચાય. આ શારીરિક શિક્ષણના કપ્તાનો આવું કેન્દ્ર બની શકે તેમ છે. તેમની સંખ્યા ભલે મોટી ન હોય, પરંતુ, એમને ચૂંટીને પ્રથમ કક્ષાના, અતિમાનવત્વ માટેના ઉમેદવારો ગણવા જોઈએ. તેઓએ પોતાની જાતનું સર્વાંશે સમર્પણ કરી દેવા તૈયાર રહેવું જોઈએ, પ્રભુના કાર્ય માટે કાંઈ પણ પોતાને માટે બચાવી રાખવું જોઈએ નહિ. હું તમારી પાસેથી આની અપેક્ષા રાખું છું. તમારો કાર્યક્રમ આ હો. (માર્ચ ૧૯૬૧)

*

> "મધુર માતાજી: અમે સૌ મળીને આપે અમારા માટે જે લક્ષ્ય બાંધી આપ્યું છે તે માટે કાર્ય કરવાની અભીપ્સા સેવીએ છીએ. અમને જરૂરી ચીવટ, હિંમત, ખંત અને શુભેચ્છા આપો કે જેથી આ ઉમદા કાર્ય કરી શકીએ. અમારી અંદર એવી જ્યોતિ પ્રગટાવો કે જે સર્વ અવરોધોને બાળી નાખે અને અમને તમારા વફાદાર સેવકો બનાવે."

મારાં બાળકો,

આપણે સૌ એક જ લક્ષ્યની પ્રાપ્તિ માટે જોડાયેલાં છીએ, આપણે એક-જ સિદ્ધિ જોઈએ છે — એક અનન્ય અને નૂતનકાર્ય કે જે પ્રભુની કૃપા વડે જ સિદ્ધ થઈ શકે. હું આશા રાખું છું કે તમે આ કાર્યની અસાધારણ અગત્યને તમે વધુ ને વધુ પ્રમાણમાં સમજતા થશો અને એ કરી શકવામાં જે ઉમદા આનંદ પ્રાપ્ત થાય છે તેનો તમને અનુભવ થશે.

પ્રભુનું બળ તમારી સાથે છે — એની હાજરીને વધુ ને વધુ અનુભવતા થાઓ અને કદી પણ એની અવજ્ઞા ન થાય તેની કાળજી રાખો.

તમે નૂતન જગતની સિદ્ધિ માટેનાં નવાં સ્વરૂપો બની રહો તે માટેની લાગણી, આકાંક્ષા અને કર્મને સેવો અને એ કાર્યમાં મારા આશીર્વાદ હંમેશાં તમારી સાથે રહેશે. (૨૪ એપ્રિલ ૧૯૬૧)

સ્પર્ધાઓ પ્રસંગે સંદેશા

કુસ્તી ૧૯૫૯

સ્થૂલ આંખ જે કાંઈ જોઈ શકે છે તેની પાછળ એક એવું સત્ય છે જે વધુ સઘન અને ટકાઉ છે. આજે હું એ સત્યમાં તમારી સાથે છું અને આખી યે સીઝન દરમ્યાન રહેનાર છું. શકિત, બળ, જ્યોતિ અને ચેતના તમારી વચમાં રહેશે. એ સતતપણે દરેકને તેની ગ્રહણશીલતા પ્રમાણે તેના પ્રયત્નોમાં સફળતા આપશે અને સર્વ સાચા દિલના પ્રયત્નો શિરમોર પરિણામ રૂપે જે પ્રગતિ પ્રાપ્ત કરવાની છે તે પ્રાપ્ત કરાવશે.

(૧૯ જુલાઈ ૧૯૫૯)

*

વ્યાયામ ૧૯૫૯

આજે મેં જે વસ્તુ કુસ્તીના પ્રસંગે કહી તે જ વસ્તુ વ્યાયામની હરીફાઈ-ઓને લાગુ પડશે. હું આખા યે પ્રસંગ દરમ્યાન તમારી સાથે રહીશ અને તમારા પ્રયત્નોમાં સહાય કરતાં કરતાં તમારી કસરતો જોવાનો આનંદ લઈશ.

મારા આશીર્વાદ સાથે.

(૧૬ ઑકટોબર ૧૯૫૯)

*

કુસ્તી ૧૯૬૦

મારી શકિત, સહાય અને આશિષ સાથે લઈને આનંદ અને વશ્વાસ-પૂર્વક સૌ પોતાથી બનતું સારામાં સારું કાર્ય કરે.

(૨૧ ઑગસ્ટ ૧૯૬૦)

*

કુસ્તી ૧૯૬૨

પ્રથમ આવવાની મહત્ત્વાકાંક્ષાને સ્થાને પોતાથી શકય તેટલું ઉત્તમ કરવાને મૂકો.

વજયને સ્થાને પ્રગતિ માટેની આકાંક્ષા મૂકો.

કીર્તિની લાલસાને સ્થાને પૂર્ણતાની અભીપ્સા મૂકો.

શારીરિક શિક્ષણનો હેતુ શરીરમાં ચેતના અને કાબૂ, શિસ્ત, પ્રભુત્વ અને બીજી ઊર્ધ્વ જીવનને માટે જરૂરી વસ્તુઓ આણવાનો છે.

એ સર્વને ધ્યાનમાં રાખો, ખરા હૃદયથી પ્રેક્ટિસ કરો અને તમે એક ઉત્તમ પહેલવાન બનશો; સાચા મનુષ્ય બનવાના માર્ગનું પ્રથમ સોપાન છે.

આશીર્વાદ.

(૧૫ જુલાઈ ૧૯૬૨)

*

કુસ્તી ૧૯૬૩

જે કોઈ લોકો પોતાના દેહને દિવ્ય જીવન માટે તૈયાર કરવા ઇચ્છતા હોય તેમને મારો આ સંદેશ છે કે તમને મળેલી આ કુસ્તીની હરીફાઈની ઉત્તમ તકને ચૂકશો નહિ અને કદી પણ ભૂલશો નહિ કે આપણે જે કાંઈ કરતા હોઈએ તેમાં પૂર્ણતા માટેની અભીપ્સા રાખવાની છે. કારણ કે પૂર્ણતા માટેની આ ઝંખના જ, ગમે તે મુશ્કેલીઓ હશે તો પણ, આપણને આપણા પ્રત્યે દોરી જશે.

આશીર્વાદ.

(૨૧ ઑગસ્ટ ૧૯૬૩)

*

કુસ્તી ૧૯૬૪

આપણે અહીં એક નૂતન જગતનું સર્જન કરવા માટે આવ્યાં છીએ.

કુસ્તીમાં સફળ થવા માટે જે કોઈ ગુણો અને કુશળતાની જરૂર પડે છે, બરાબર તેવા જ ગુણોની દેહધારી મનુષ્યને નૂતન શક્તિને ઝીલવા અને અભિવ્યક્ત કરવા માટે જરૂર પડે છે.

હું અપેક્ષા રાખું છું કે આ જ્ઞાન અને ભાવના સાથે તમે આ હરીફાઈઓમાં ઊતરશો અને સફળતા પ્રાપ્ત કરશો.

મારા આશીર્વાદ તમારી સાથે છે.*

(૨૪ ઑગસ્ટ ૧૯૬૪)

*

---

* મૂળ અંગ્રેજી પુસ્તકમાં આ સંદેશ શ્રી માતાજીના હસ્તાક્ષરનો બ્લૉક બનાવીને છાપ્યો છે. — અનુવાદક.

વ્યાયામ ૧૯૬૪

૧૮મી ઑક્ટોબર સારો દિવસ છે.
વ્યાયામ એ એક સારી કળા છે.
અને તમે સારા કસરતબાજો બનશો.
આશીર્વાદ.

(૧૮ ઑક્ટોબર ૧૯૬૪)

*

હરીફાઈઓ ૧૯૬૬

એ વસ્તુ યાદ આપવી ઠીક રહેશે કે આપણે અહીં એક વિશિષ્ટ કાર્ય માટે આવેલાં છીએ. એ કાર્ય એવું છે જે બીજે કોઈ ઠેકાણે થતું નથી.

આપણે પરમ ચેતના અને વિશ્વ ચેતનાના સંપર્કમાં આવવું છે, આપણે એમને આપણી અંદર ઉતારી લાવીને વ્યકત કરવી છે. પરંતુ તેમ થઈ શકે તે માટે આપણો પાયો ખૂબ મજબૂત જોઈએ. આપણો પાયો તે ભૌતિક સ્વરૂપ યા શરીર છે. માટે આપણે એવું શરીર રચવું છે જે સુદૃઢ, તંદુરસ્ત, ટકાઉ, ચપળ, કુશળતાપૂર્ણ અને મજબૂત હોઈ દરેક વસ્તુને માટે તૈયાર હોય. શારીરિક વ્યાયામ કરતાં બીજો કોઈ માર્ગ દેહને તૈયાર કરવા માટે ઉપયોગી નથી : રમત-ગમતો, વ્યાયામ, કુસ્તી અને જે બીજી બધી રમતો આપણા દેહને વિકસાવે અને બળવાન બનાવે તે.

માટે આજથી શરૂ થતી હરીફાઈઓમાં હું તમને સાદ કરીને કહું છું કે ખરા હૃદયપૂર્વક અને તમારી સર્વ સંકલ્પશકિત એકઠી કરીને પાર પડો.

(૧ એપ્રિલ ૧૯૬૬)

*

હરીફાઈઓ ૧૯૬૭

શારીરિક શિક્ષણ અને રમતગમતની પ્રવૃત્તિઓના પ્રસંગે :

મારે ફરી એક વાર તમને કહેવું જોઈએ કે આપણા માટે આધ્યાત્મિક જીવન એટલે પાર્થિવતત્ત્વ પ્રત્યે તિરસ્કાર નથી પરંતુ એને દિવ્ય બનાવવાની ભાવના છે. આપણે દેહને પડતો મૂકવો નથી પણ એનું રૂપાંતર કરવું છે. આ કાર્ય માટે શારીરિક કેળવણી સૌથી સીધી અસર ઉપજાવનારું સાધન છે.

માટે હું તમને આજથી શરૂ થતા કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રણ આપું છું, શિસ્ત અને ઉત્સાહ સાથે આવો, શિસ્ત — કારણ કે વ્યવસ્થા માટેની

એ અનિવાર્ય જરૂરિયાત છે; ઉત્સાહ — કારણ કે સફળતા માટેની એ અનિવાર્ય શરત છે. આશીર્વાદ.

(૧ એપ્રિલ ૧૯૬૭)

*

હરીફાઈઓ ૧૯૬૮*

શક્તિની પ્રાપ્તિ માટેની પ્રથમ શરત આજ્ઞાપાલન છે.

શરીર દ્વારા શક્તિની અભિવ્યક્તિ થઈ શકે તે પહેલાં તેણે આજ્ઞાધારક થતાં શીખવું જોઈએ. અને શારીરિક શિક્ષણ એ શરીરને માટેની ઉત્તમ અને સંપૂર્ણ શિસ્ત છે.

એટલે તમારા શારીરિક શિક્ષણના પ્રયત્નોમાં તત્પર અને સાચદિલ બનજો કે જેથી તમને એક શક્તિશાળી દેહ પ્રાપ્ત થાય.

મારા આશિષ તમારી સાથે છે.

(૧ એપ્રિલ ૧૯૬૮)

*

હરીફાઈઓ ૧૯૬૯

આ વર્ષની શરૂઆતથી આ પૃથ્વી ઉપર એક નવીન ચેતના, મનુષ્યોને નૂતન સર્જન માટે તૈયાર કરવા માટે ક્રિયાશીલ છે. એ નૂતન સર્જન એટલે અતિમાનવ. આ સર્જન સફળ બની શકે તે માટે, મનુષ્યના દેહમાંનો પદાર્થ ઘણો ઘણો પરિવર્તિત થવો જોઈએ, અને એ ચેતનાને વધુ ઝીલી શકવું જોઈએ અને એ ચેતનાની ક્રિયા પ્રત્યે વધુ નમનીય બનવું જોઈએ.

શારીરિક કેળવણી દ્વારા જ આ ગુણો પ્રાપ્ત થઈ શકે છે.

એટલે આપણે આ શિસ્તનું એવા પરિણામને નજરમાં રાખીને પાલન કરીશું તો આપણને ખાતરી છે કે આપણને અત્યંત રસદાયી પરિણામ પ્રાપ્ત થશે.

સૌને મારા આશિષ, પ્રગતિ માટે, પ્રાપ્તિ માટે.

(૧ એપ્રિલ ૧૯૬૯)

*

---

* મૂળ અંગ્રેજી પુસ્તકમાં આ સંદેશ શ્રી માતાજીના હસ્તાક્ષરનો બ્લૉક બનાવીને છાપ્યો છે. — અનુવાદક.

હરીફાઈઓ ૧૯૭૦

આપણે આપણાં વિકાસ પામતાં શરીરો કરતાં બીજી કઈ વધુ સારી ભેટ પ્રભુને ધરી શકીએ ?

આપણે આપણા પ્રયત્નોને પૂર્ણતા પ્રત્યે સમર્પિત કરી દઈએ, અને શારીરિક કેળવણી આપણે માટે એક નવીન અર્થ અને એક મહત્તર મૂલ્ય ધારણ કરશે.

જગત એક નૂતન સર્જન માટે તૈયારી કરી રહ્યું છે, આપણે શારીરિક કેળવણી દ્વારા એમાં સહાયભૂત થઈએ. આપણે એ માટે આપણા દેહોને બળવાન બનાવીએ, વધુ ગ્રહણશીલ કરીએ, વધુ નમનીય કરીએ અને શારીરિક રૂપાંતરને માર્ગે આગળ વધીએ.

(૧ એપ્રિલ ૧૯૭૦)

*

હરીફાઈઓ ૧૯૭૧

આપણે અત્યારે "પ્રભુની પળો"ના એક એવા ગાળામાં છીએ જ્યારે જૂના પાયાઓ હચમચી જાય છે અને ચારે તરફ ગૂંચવાડો ફેલાઈ જાય છે; પરંતુ જે લોકોને આગેકૂચ કરવી હોય છે તેમને માટે આ અદ્‌ભુત તક હોય છે. પ્રગતિ કરી શકવા માટેની અપવાદરૂપ શક્યતા પ્રાપ્ત હોય છે.

આનો લાભ લેનારામાંના તમે એક નહિ હો ?

આ મહાન પરિવર્તન માટે શારીરિક કેળવણી દ્વારા તમારા દેહને તૈયાર કરો.

સૌને મારા આશિષ.

(૧ એપ્રિલ ૧૯૭૧)

*

હરીફાઈઓ ૧૯૭૨

આ વર્ષે આપણે આપણા દેહની પ્રવૃત્તિઓ શ્રી અરવિંદને સમર્પીએ.

(૧ એપ્રિલ ૧૯૭૨)

શારીરિક કેળવણીનાં વાર્ષિક પ્રદર્શનોના પ્રસંગોના સંદેશાઓ

૧૯૬૦

શાબાશ ! જે કોઈએ ગઈ કાલની પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલો તે સૌને.[1] એ અદ્‌ભુત હતું. સૌને મારાં અભિનંદન. બધું જ યોગ્ય રીતે યોજાયું અને કાર્યબદ્ધ કરાયું હતું. સૌને પ્રેમ અને આશિષ. (નવેમ્બર ૧૯૬૦)

*

૧૯૬૩

ગઈ કાલે આખો વખત હું તમારી સાથે, મારી સર્વ શક્તિ અને ચેતના સાથે તમને મદદ કરવા અને ટેકો આપવા હાજર હતી. મને ખબર હતી કે વરસાદરૂપી કસોટી તમારે પાર કરવાની હતી.

તમે એ વસ્તુ વિજયી રીતે કરી છે અને હું એ બાબતમાં ખુશી છું. મારા સંતોષની સૌને જાણ કરજો. આશીર્વાદસહ. (૩ ડિસેમ્બર ૧૯૬૩)

*

૧૯૬૪

પ્રદર્શનોમાં ભાગ લેનાર સૌને મારા આશિષ જેથી તેઓ તેમની ક્ષમતાના શિખર ઉપર રહે. (૨ ડિસેમ્બર ૧૯૬૪)

*

૧૯૬૬

હિંમતવાન, ખડતલ, સાવધ અને સૌથી વધુ તો સત્યનિષ્ઠ બનો, સંપૂર્ણપણે પ્રમાણિક રહો. ત્યારે તમે સૌ મુશ્કેલીઓનો સામનો કરી શકશો અને તમારો વિજય થશે. (૨ ડિસેમ્બર ૧૯૬૬)

*

૧૯૬૭

શરીરના કોષાણુઓની પ્રાર્થના[2]

હવે જ્યારે અમે પ્રભુકૃપાના પ્રભાવને કારણે ધીરે ધીરે કરીને અચેતનામાંથી બહાર આવીને સચેતન જીવ પ્રત્યે જાગ્રત થઈ રહ્યા છીએ ત્યારે એક આર્ત પ્રાર્થના અમારી અંદર વધુ પ્રકાશ, વધુ ચેતના માટે જાગે છે :

"વિશ્વના હે પરમ સ્વામી, અમે તને પ્રાર્થીએ છીએ કે અમને બળ, સૌન્દર્ય અને સંવાદપૂર્ણ પૂર્ણતા આપ કે જેથી અમે તારાં પૃથ્વી ઉપરનાં દિવ્ય કરણો બની રહીએ." (૨ ડિસેમ્બર ૧૯૬૭)

---

૧. પ્રદર્શનના રિહર્સલની બાબતમાં.

૨. મૂળ અંગ્રેજી પુસ્તકમાં આ સંદેશ શ્રી માતાજીના હસ્તાક્ષરોનો બ્લૉક બનાવીને છાપ્યો છે. — અનુવાદક.

સામાન્ય સંદેશાઓ અને પત્રો

તમારા દેહના સ્વામી બનો — એ તમને સ્વતંત્ર બનાવશે.

*

શરીરની ચેતનાનો વિકાસ કરવા માટે શારીરિક કેળવણી એ એક ઉત્તમ ઉપાય છે. અને દેહ જેટલો વધુ સભાન હશે તેટલા પ્રમાણમાં એ અત્યારે એનું રૂપાંતર કરવા અને નવીન માનવજાતિને પ્રગટ કરવા માટે ગતિશીલ શક્તિઓને ઝીલી શકવા શક્તિમાન થશે.

*

(વ્યાયામ કરનારાઓ માટેના એક રૂમ વિષે)

આ રૂમમાં જોઈતી હવા અને ઉજાસ છે? હવા અને ઉજાસ વિનાના રૂમમાં કરેલી કસરતો, લાભને બદલે નુકસાન વધુ કરે છે.

(૫ ઑક્ટોબર ૧૯૪૫)

*

આ એક તાકીદની અને અનિવાર્ય શીખ છે. ટીમ-સ્પિરિટ અને રમતની શિસ્ત વિના કોઈ ઉપયોગી વસ્તુ પ્રાપ્ત થતી નથી.

(૧૫ જાન્યુઆરી ૧૯૪૭)

*

"અમે અત્યારે રમત-ગમતોની જે હરીફાઈઓમાં ભાગ લઈએ છીએ તે પ્રત્યે અમારે કેવો ભાવ રાખવો?'

આ સાથેની પુસ્તિકા[૧] વાંચી જજો — એમાંથી તમને ઉત્તર મળશે. વળી બુલેટિનમાંનો શ્રી અરવિંદનો સંદેશ[૨] પણ વાંચી જજો.

(૨ જૂન ૧૯૪૯)

*

---

૧. કોડ ઑફ સ્પોર્ટ્સમેનશિપ.

૨. શ્રી અરવિંદ આશ્રમ યુવા ક્રિડાદલને શ્રી અરવિંદનો સંદેશ. અતિમાનસ આવિર્ભાવ (ગુજરાતીમાં). અંગ્રેજીમાં શતાબ્દી વોલ્યુમ ૧૬, પૃ.૧–૪.

તમે જે લખ્યું છે તે મને સારી રીતે સમજાયું હોય તો એનો અર્થ એ છે કે જ્યારે તમે શરીરની પ્રવૃત્તિઓ ઉપર એકાગ્રતા કરો છો ત્યારે મનની પ્રવૃત્તિઓ બંધ થઈ જાય છે અને એને લઈને દેહની ચપળતામાં વધારો થાય છે. આ સાચું છે. પણ જો તમારી એકાગ્રતા સંપૂર્ણ હોય તો. અને એવું બહુ ઓછું બને છે. આશીર્વાદ.

(૨ જૂન ૧૯૪૯)

(એક કેપ્ટન જે દસથી અગિયાર વર્ષનાં બાળકોના સમૂહને વ્યાયામ શીખવતા હતા તેમણે શ્રી માતાજીને પૂછ્યું કે હાથ ધરવાની પ્રવૃત્તિની કોઈ યોજના બનાવવી કે કેમ? શ્રી માતાજીનો ઉત્તર:)

યોજના સારી વસ્તુ છે. પરંતુ બાળકો કરતાં એ વધુ તો તમારે માટે. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે તમે શું કરવા માગો છો તેનો તમને ખ્યાલ હોવો જોઈએ અને એ રીતે તમારા કાર્યક્રમને યોજવો જોઈએ. પરંતુ તમારી પદ્ધતિનો બહુ કડકપણે અમલ ન કરતા, કારણ કે બાળકોને તેમની પ્રવૃત્તિઓમાં સ્વતંત્ર અને આપોઆપ બની આવતી વસ્તુઓ વધુ ગમે છે અને તેમના વિકાસ માટે આ પ્રકારનું સ્વાતંત્ર્ય એ સારી વસ્તુ છે.

મારા પ્રેમ અને આશિષ.

(૬ જૂન ૧૯૫૦)

*

સોવિયેટ કસરતબાજોને[૧]

અમે જે શારીરિક પૂર્ણતા ઝંખીએ છીએ તેને માર્ગે ઘણા આગળ વધેલા તમે બંધુઓને અમારા સલામ.

અમારી વચમાં, આશ્રમમાં તમે ભલે પધાર્યા. અમને એ વસ્તુની ખાતરી થાય છે કે મહાન માનવ કુટુંબની એકતા પ્રત્યે આજે એક ડગલું આગળ ભરાયું છે.

(૩ એપ્રિલ ૧૯૫૬)

*

[૧] સોવિયેટ કસરતબાજોએ તા. ૨ અને ૩ એપ્રિલ ૧૯૫૬ના રોજ તેમનું અંગ-પ્રદર્શન ગોઠવેલું તે પ્રસંગે સંદેશ.

તમારી અંદર સંપૂર્ણ સંવાદ સ્થાપો કે જેથી સમય આવ્યે તમારા દેહ દ્વારા સંપૂર્ણ સૌન્દર્યની અભિવ્યક્તિ થાય.

(૧૯૫૯)

*

હઠયોગ વિષે

અમારા અનુભવ ઉપરથી અમને એ જણાયું છે કે અમુક જાતના જ વ્યાયામને યોગની રીતનો કહેવાય અને અમે એવું ખાતરીપૂર્વક નથી કહી શકતા કે એ કસરતો દ્વારા જ તંદુરસ્તી પ્રાપ્ત થઈ શકે — કારણ કે તેઓ યોગની કસરતો છે.

વ્યક્તિની જરૂરિયાત અને ક્ષમતા અનુસાર અપનાવેલી કોઈ પણ તર્કસંમત વ્યાયામ પદ્ધતિને અનુસરવાથી તેમાં ભાગ લેનારની તંદુરસ્તી સુધરી શકે છે. કોઈ પણ સુયોગ્ય રીતે યોજવામાં આવેલી અને વૈજ્ઞાનિક ઢબે ગોઠવેલી કસરતોનો કાર્યક્રમ, જો યોગના દૃષ્ટિબિંદુથી અપનાવવામાં આવે તો એ કસરતો યોગની કસરત બની શકે છે અને જે વ્યક્તિ એમાં ભાગ લેતી હોય તે શારીરિક તંદુરસ્તી અને આધ્યાત્મિક ઉન્નતિની દૃષ્ટિએ સંપૂર્ણ લાભ પામી શકે છે.

(બુલેટિન, એપ્રિલ ૧૯૫૯)

*

"મારે તો ફક્ત સુંદર થવું છે."

તમે ખરા હૃદયપૂર્વક થોડીક શારીરિક કસરતો કરશો તો સફળ થશો.

(૧૯૬૫)

*

છ વર્ષથી નીચેનાં બાળકોને સમુદ્રસ્નાન માટે લઈ જવાં એ મને ખાસ ડહાપણભર્યું લાગતું નથી. એ પાણી એમને માટે વધુ પડતું કડક પડશે.

(૮ ફેબ્રુઆરી ૧૯૬૬)

*

(એક કૅપ્ટને એવું લખેલું કે તેણે બાળકોને એવું કહેલું કે જો તેઓ તેમના ગ્રૂપની શિસ્તનું પાલન કરશે તો માતાજીને ખુશી ઊપજશે. માતાજીનો ઉત્તર :)

તમારો ઉત્તર સાચો છે.

જ્યારે કોઈ વ્યકિત શિસ્તને અનુસરવામાં અસમર્થ હોય છે ત્યારે એ એના જીવનમાં પણ કોઈ સ્થાયી વસ્તુ કરવાને માટે અસમર્થ હોય છે.

(૧૬ ફેબ્રુઆરી ૧૯૬૭)

*

(એક કેપ્ટને માતાજીને જણાવ્યું કે એને મન અને શરીરથી નંખાઈ ગયો હોવાનો અનુભવ થાય છે.)

ચિંતા ન કરો — થોડીક સારી અને નિયમિત કસરતો અને મારા આશીર્વાદ વડે બધું બરાબર થઈ જશે. પ્રેમ અને આશિષ.

(૧૪ માર્ચ ૧૯૬૭)

*

"મને ત્રણ વાર ઘૂંટણમાં ઈજા થઈ છે અને ત્રણેય વાર હું સાજો થયો છું.

મા, એમ કરો કે હવે ફરી ઈજા ન થાય કે જેથી હું મારા ગ્રૂપની પ્રવૃત્તિઓ ખોઈ ન બેસું."

વધુ સભાન બનો અને તો પછી તમને ઈજા નહિ થાય.

(૮ જુલાઈ ૧૯૬૮)

*

"માતાજી, મેં જોયું છે કે હું મારા શરીરની સ્વાભાવિક શક્તિ કરતાં તેની પાસેથી વધુ કામ લઈ શકતો નથી. મારે જાણવું છે કે મારે તેની ઉપર બળ કઈ રીતે વાપરવું ? માતાજી, શરીર ઉપર **જોર** કરવું તે સારું ?"

ના.

શરીરમાં પ્રગતિ કરવાની શકિત છે અને એ જે ન કરી શકતું હોય તે કરવાની શકિત એનામાં ધીરે ધીરે આવે છે. પરંતુ એની પ્રગતિ કરવાની ક્ષમતા, પ્રાણની પ્રગતિની કલ્પના અને મનના સંકલ્પ કરતાં ધીમી હોય છે. અને જો મન અને પ્રાણને કર્મના સ્વામી બનાવવમાં આવે છે. તો તેઓ કેવળ શરીરને હેરાન કરે છે. એને અસ્વસ્થ કરે છે અને તંદુરસ્તીમાં બગાડ કરે છે.

માટે તમારે ધીરજ રાખવી અને પોતાના શરીરના લયને અનુસરવું; શરીરમાં વધારે સમજશક્તિ હોય છે, અને પોતે શું કરી શકશે અને શું નહિ કરી શકે તે બરાબર જાણે છે.

સ્વાભાવિક રીતે, કેટલાંક શરીર તમોગ્રસ્ત હોય છે અને એમને પ્રગતિ કરાવવા માટે થોડાં ઢંઢોળવાં પડે છે.

પરંતુ સર્વ વસ્તુઓમાં અને સર્વ પ્રસંગોમાં પોતાની સમતુલા તો જાળવી જ રાખવી.

આશીર્વાદ.

(૧૩ ઑક્ટોબર ૧૯૬૯)

"માતાજી, અમારે રમતગમતોનાં પ્રદર્શનો અને હરીફાઈઓમાં શા માટે ભાગ લેવો જોઈએ?"

કારણ કે એને લઈને વધુ પ્રયત્ન કરવાનો પ્રસંગ આવે છે અને એથી વધુ પ્રગતિ થાય છે. આશીર્વાદ.

(૧૬ નવેમ્બર ૧૯૬૯)

(રમતગમતોમાં અકસ્માતો વિષે.)

મને નથી લાગતું કે બહાર થાય છે તેથી વધુ અકસ્માતો અહીં થતા હોય. ઓછા થવા જોઈએ એ તો ચોક્કસ. પરંતુ એમ થઈ શકે તે માટે જે બાળકો અહીં છે તેમણે ચેતનામાં વિકાસ પ્રાપ્ત કરવો જોઈએ (એ વસ્તુ એ લોકો બીજા કોઈ સ્થળ કરતાં અહીં વધુ સહેલાઈથી કરી શકશે). દુર્ભાગ્યે, એમાંનાં બહુ ઓછાં એમ કરવાની તસદી લે છે. એ રીતે એ લોકોને જે સરસ તક મળી છે તેને ગુમાવે છે.

(૨૨ ડિસેમ્બર ૧૯૬૯)

"માતાજી, રમતગમતો અને શારીરિક શિક્ષણમાં શું ફેર?"

રમતગમતો એટલે રમતો, હરીફાઈઓ, સ્પર્ધાઓ વગેરે. બધી જ વસ્તુઓ હરીફાઈ ઉપર આધાર રાખે છે અને પરિણામ ક્રમ અને ઇનામોમાં આવે છે.

શારીરિક શિક્ષણ એટલે મુખ્યત્વે કરીને સર્વ પ્રકારની કસરતોને એકત્રિત કરવી કે જેથી શરીર સ્વસ્થ રહે અને વિકાસ કરે.

સ્વાભાવિક છે કે અહીં આપણે એ બંને કામ સાથે કરીએ છીએ.

પરંતુ ખાસ કરીને તો એમ કરવાનું કારણ એ કે મનુષ્યો, ખાસ કરીને તેમના નાનપણમાં, કોઈ પણ પ્રકારનો પ્રયત્ન કરવા માટે થોડુંક પ્રોત્સાહન માગે છે.

આશીર્વાદ.

(૧૪ જાન્યુઆરી ૧૯૭૦)

*

રમતો શરીરને રૂપાંતર માટે તૈયાર કરે છે.

(૩૦ સપ્ટેમ્બર ૧૯૭૨)

*

(ગેઇમ્સ ટૂર્નામેન્ટ જીતનારને આપવાના માનપત્રના સ્કેચ વિષે.)

વિજેતાના કાર્ડ ઉપર આપવામાં ઓવેલું ચિત્ર મૂળ ગ્રીક કાંસ્ય ચંદ્રક ઉપરથી બનાવેલું છે. એની પાછળનો સંકલ્પ એવો છે કે ભૌતિક બળ દ્વારા કામનાના કાળા મહિષનું દમન કરવું.

*

(ગેઇમ્સ ટૂર્નામેન્ટમાં બીજે નંબરે આવનાર માટેના માનપત્ર માટેના ચિત્ર વિષે.)

રોડીનનું આ ચિત્ર બીજે નંબરે આવનારાઓને વધુ સારું પરિણામ લાવવા માટેનાં સાધનો યોજવા માટે વિચાર કરતા કરવા માટે છે.

*

(ગુસ્તાવ મોરોના ઓડિપસ અને સ્ફિંક્સના ચિત્રનો કુસ્તીની હરીફાઈઓના માનપત્રમાં ઉપયોગ કરવા વિષે.)

જગતની સમસ્યા.

જો તમે ઉકેલી શકશો તો અમર બનશો, પરંતુ જો નિષ્ફળ જશો તો નાશ પામશો.

સ્ત્રીઓને – તેમના શરીર વિષે

(કેટલાક પ્રશ્નોના ઉત્તરો)

૧. ખરેખર, તમે છોકરો છો કે છોકરી એ વાત શું ભૂલી શકતા નથી અને એક માણસ રૂપે જ બની રહેવાનો પ્રયત્ન નથી કરી શકતા?

૨. પ્રત્યેક વિચાર (અથવા તો વિચારસરણી) એના પોતાના સમય અને સ્થળ પૂરતી સાચી હોય છે. પરંતુ એ ને પોતે જ એકમાત્ર સાચી વસ્તુ છે એમ બનવાનો પ્રયત્ન કરે, અથવા તો એનો સમય પૂરો થઈ જાય ત્યારે પણ ને ટકો રહેવાનો પ્રયત્ન કરે તો તે પછી સાચી રહેતી નથી.

(શ્રી માતાજી)

"વિદ્યાર્થીઓને શારીરિક શિક્ષણ આપતી વખતે અમારે વિદ્યાર્થિની બાળાઓ અંગે કેટલાક પ્રશ્નો ઊભા થાય છે. એમાંના ઘણાખરા પ્રશ્નો તો એમને મિત્રો તરફથી કે મોટી ઉંમરની છોકરીઓ તરફથી અથવા તો માબાપો અને ડૉકટર તરફથી મળેલાં સૂચનોમાંથી ઊભા થયેલા હોય છે. તો આપ કૃપા કરી અમોને નીચેના પ્રશ્નો અંગે પ્રકાશ આપશો તો અમારી જવાબદારીને વધારે સારી રીતે પાર પાડવામાં અમને ઘણી મદદ થશે.

૧. બાળાએ પોતાને આવતા માસિક કાળ તરફ કેવું વલણ લેવું જોઈએ?

૨. માસિક કાળ દરમિયાન એણે શારીરિક શિક્ષણના રોજિંદા કાર્યક્રમમાં ભાગ લેવો જોઈએ ખરો?

૩. કેટલીક છોકરીઓ પોતાના માસિક કાળ દરમિયાન એકદમ ઢીલી થઈ જતી હોય છે અને તેમને પીઠના નીચલા ભાગમાં તથા પેડુમાં પીડા થતી હોય છે તો કેટલીકને

સહેજ જ અગવડ અનુભવાતી હોય છે અથવા તો જરા પણ અનુભવાતી નથી એમ કેમ હશે?

૪. માસિક કાળ વખતે થતી પીડા અથવા દુઃખાવાને કેવી રીતે મટાડી શકાય?

૫. છોકરાઓ અને છોકરીઓ માટે જુદી જુદી કસરતો હોવી જોઈએ એમ આપ ધારો છો? જેને મરદાની રમતો ગણવામાં આવે છે એવી રમતો રમવાથી છોકરીના જનન અવયવોને હાનિ થાય ખરી?

૬. છોકરી જો સખત વ્યાયામ કરે તો તેથી શું તેનો દેખાવ બદલાઈ જાય ખરો? અને તેનું શરીર પુરુષના જેવું સ્નાયુવાળું બની તે કદરૂપી થઈ જાય એમ બને ખરું?

૭. છોકરીએ જો લગ્ન કરવું હોય તો તે જો સખત મહેનતવાળી કસરતો કરે તો તેને લીધે બાળકને જન્મ આપવામાં મુશ્કેલી ઊભી થાય ખરી અને પછી તેને બાળકો થાય ખરાં?

૮. છોકરીની જાતિને ધ્યાનમાં લેતાં તેને માટે શારીરિક શિક્ષણનો આદર્શ કેવો હોવો જોઈએ?

૯. આપણા નૂતન રીતના જીવનમાં પુરુષે અને સ્ત્રીએ શો ભાગ ભજવવો જોઈએ? એ બેની વચ્ચેનો સંબંધ કેવો હોય?

૧૦. સ્ત્રીના શારીરિક સૌંદર્યનો આદર્શ શો હોવો જોઈએ?''

તમારા પ્રશ્નોનો જવાબ આપું તે પહેલાં હું તમને થોડુંક કહેવા ઇચ્છું છું. બેશક, તમે એ જાણો તો છો જ, પણ તમારે જો જીવનને જ્ઞાનમય કેવી રીતે બનાવવું એ શીખવું હશે તો એ વસ્તુ તમારે કદી ભૂલવી ન જોઈએ એવી છે.

એ વાત સાચી છે કે આપણે આપણા આંતર સ્વરૂપમાં એક આત્મતત્ત્વ છીએ, એક જીવતા આત્મા રૂપે છીએ. એ આત્મા પોતાની અંદર પ્રભુને ધારણ કરીને બેઠેલો છે અને એ પ્રભુ રૂપ બની રહેવું, એ પ્રભુનો પૂર્ણ આવિર્ભાવ કરવો એ તેની અભીપ્સા હોય છે. પણ તો આ વસ્તુ પણ એટલી

જ સાચી છે, અને કાંઈ નહિ તો અત્યાર પૂરતી તો સાચી છે જ કે, આપણા અત્યંત બહારના સ્થૂલ સ્વરૂપમાં, આપણા શરીરમાં આપણે હજી એક પશુ જ છીએ, એક સ્તનપાયી પ્રાણી છીએ. બેશક, આપણે એક ઘણી ઊંચી કક્ષાનું પ્રાણી છીએ તો પણ આપણી બનાવટ પશુ તરીકે થયેલી છે અને આપણે પશુ પ્રકૃતિના નિયમોને આધીન રહેતા હોઈએ છીએ.

તમને એ વસ્તુ તો શીખવવામાં આવી છે જ કે આ સ્તનપાયી પ્રાણીઓનું એક ખાસ લક્ષણ એ છે કે એમાં માદા બચ્ચાને પોતામાં ગર્ભ રૂપે ધારણ કરે છે, પોતામાં તેને ગર્ભ રૂપે મોટું થવા દે છે અને તેને બંધાવા દે છે. એ બચ્ચું પૂરેપૂરું આકાર પામી લે ત્યારે માના શરીરમાંથી તે બહાર આવે છે અને સ્વતંત્ર રીતે જીવવા લાગે છે.

આ કાર્યને માટે કુદરતે સ્ત્રીને વધારે પ્રમાણમાં લોહી આપેલું છે અને તેનામાં બાળક બનતું હોય છે ત્યારે એ લોહી એ માટેના કામમાં આવે છે. પણ આ વધારાના લોહીની જરૂર સતત પડતી નથી હોતી, એટલે જ્યારે સ્ત્રીના શરીરમાં બાળક બનતું નથી હોતું ત્યારે એ વધારાનું લોહી શરીરમાં વધુ પડતું ન થઈ જાય તેમ જ એક ઠેકાણે જામી ન જાય એટલા માટે તેને બહાર કાઢી નાખવાનું રહે છે. સ્ત્રીને જે માસિક કાળ આવતો હોય છે તેનું કારણ આ છે. આ એક સાદી કુદરતી ક્રિયા છે, સ્ત્રીને જે રીતે બનાવવામાં આવી છે તેનું આ પરિણામ છે અને શરીરની બીજી ક્રિયાઓને આપણે જેટલું મહત્ત્વ આપીએ છીએ તેથી વધુ મહત્ત્વ આને આપવાની કોઈ જરૂર નથી. આ કોઈ રોગ નથી, અને એટલે એમાંથી કોઈ નબળાઈ કે ખરી બેચેની ઊભી થઈ શકતી નથી. એટલે એક સ્વાભાવિક જીવન ગાળનાર સ્ત્રીએ, એ જો હસવા જેવી લપછપ કરનારી ન હોય તો, આ બાબતમાં સ્વચ્છતાની દૃષ્ટિએ જરૂરી હોય તેટલી સાવચેતી લઈ લેવી જોઈએ અને પછી એ વસ્તુનો વધુ વિચાર ન કરતાં પોતાના કાર્યક્રમમાં કશો ફેરફાર કર્યા વિના રોજની પેઠે બધું જ કામકાજ કરતાં રહેવું જોઈએ. શરીરનું આરોગ્ય સારી રીતે જાળવવા માટે આ જ સારામાં સારો રસ્તો છે.

વળી આપણે એ વાત સ્વીકારી લઈએ કે આપણા શરીરમાં આપણે હજી ખૂબ જ પશુ જેવા છીએ તો પણ એનો અર્થ એમ નહિ કરવો જોઈએ કે આ પશુભાગ, એ આપણો ઘણો સઘન અને વાસ્તવિક ભાગ છે એટલે આપણે તેને તાબે થવાની ફરજ છે તેમ જ આપણા ઉપર આપણે તેને રાજ કરવા દેવું જોઈએ. પણ કમનસીબે જીવનમાં ઘણી વાર આ જ બનતું હોય છે અને માણસો

પોતાના શરીરના સ્વામી ન બનતાં, ઘણા પ્રમાણમાં એના ગુલામ જ હોય છે. પણ થવું જોઈએ તો આથી તદ્દન ઊલટું જ, કેમ કે આપણા જીવનનું સત્ય પણ આ કરતાં કાંઈ જુદું જ છે.

આપણી અંદર એક બુદ્ધિનું તત્ત્વ રહેલું છે અને એ બુદ્ધિમાં થોડું-ઘણું જ્ઞાન હોય છે જ. આ બુદ્ધિ આપણા ચૈત્ય પુરુષનું પ્રથમ સાધન છે. આપણે આ બુદ્ધિનો ઉપયોગ કરવાનો છે અને એ બુદ્ધિ દ્વારા આપણે પશુ તરીકે નહિ, પણ એક મનુષ્ય તરીકે, દિવ્યતાના ઉમેદવાર તરીકે જીવન ગાળતાં શીખવું જોઈએ.

અને આ સાક્ષાત્કારમાં પહોંચવા માટેનું પહેલું પગથિયું એ છે કે આપણે શરીરના એક નિર્બળ ગુલામ ન બની રહીએ પણ તેના સ્વામી બનીએ.

આ હેતુ સાધવા માટેનું એક અત્યંત અસરકારક સાધન તે શારીરિક તાલીમ છે.

પ્રાચીન કાળમાં લોકોને આ વિષયનું ઘણું જ્ઞાન હતું, પણ પછીથી તે થોડું ઘણું લુપ્ત થઈ ગયું હતું. એ જ્ઞાન હવે છેલ્લાં સોએક વરસથી ફરીથી તાજું થવા લાગ્યું છે અને આજના વિજ્ઞાનની પ્રગતિની સાથે સાથે એ જ્ઞાન ઘણું વધી રહ્યું છે તેમ જ ખૂબ મહત્ત્વનું પણ બની રહ્યું છે. આ જ્ઞાન આપણને સમજાવે છે કે સ્થૂલ શરીર એ શું છે, અને તેને જો એક સમજણભરી અને પદ્ધતિસરની શારીરિક કેળવણી આપવામાં આવે તો તે રીતે તેના ઉપર અસાધારણ કાબૂ મેળવી શકાય છે.

આ જ્ઞાનનો જે પુનરુદય થયો છે તે એક નવી શક્તિ અને પ્રકાશ પૃથ્વી ઉપર કાર્ય કરવા લાગેલાં છે તેને લીધે બન્યું છે. એ પ્રકાશ અને શક્તિ પૃથ્વી ઉપર પથરાઈ ગયાં છે અને નજીકના ભાવિમાં અહીં જે મહાન રૂપાંતરો અવશ્ય બની આવવાનાં છે તે માટે પૃથ્વીને તૈયાર કરી રહ્યાં છે.

એટલે આપણે આ શારીરિક કેળવણીને સૌથી પ્રથમ સ્થાન આપવામાં જરાકે સંકોચ રાખવાનો નથી. પૃથ્વી ઉપર આ જે નવી શક્તિ પોતાનો આવિર્ભાવ કરવાને પ્રયત્ન કરી રહી છે એ શક્તિને આપણું શરીર ઝીલી શકે તથા તેને વ્યક્ત કરી શકે એ હેતુ માટે જ આ શારીરિક કેળવણી આપણે આપીએ છીએ.

આટલું કહી હવે તમે પૂછેલા પ્રશ્નોનો જવાબ આપીશ.

૧. "બાળાએ પોતાને આવતા માસિક ક્રાળ તરફ કેવું વલણ લેવું જોઈએ?"

એ એક તદ્દન સ્વાભાવિક વસ્તુ છે અને અનિવાર્ય છે એમ તેને ગણવી જોઈએ. આ વસ્તુને બને તેટલું ઓછામાં ઓછું મહત્ત્વ આપો અને એને લીધે તમારા રોજના જીવનમાં કંઈ ફેરફાર ન કરતાં બધાં કામ હંમેશની માફક કર્યે જાઓ.

૨. "માસિક કાળ દરમિયાન એણે શારીરિક શિક્ષણના રોજિંદા કાર્યક્રમમાં ભાગ લેવો જોઈએ ખરો ?"

જરૂર, જો એ શારીરિક કસરત હમેશાં કરતી હોય તો આને લીધે તેણે તે બંધ કરવાની જરૂર નથી. સ્ત્રી પોતાનું સામાન્ય નિત્ય જીવન જો હંમેશાં ચાલુ રાખવાની ટેવ પાડે તો પછી થોડા વખતમાં માસિકની હાજરીનો ખ્યાલ પણ તેને રહેશે નહિ.

૩. "કેટલીક છોકરીઓ પોતાના માસિક કાળ દરમિયાન બહુ જ ઢીલી થઈ જતી હોય છે તથા તેમને પીઠના નીચલા ભાગમાં તથા પેઢુમાં પીડા થતી હોય છે તો કેટલીકને સહેજ જ અગવડ અનુભવાતી હોય છે અથવા તો જરા પણ અનુભવાતી નથી એમ કેમ હશે ?"

આનો આધાર દરેકના સ્વભાવ ઉપર તેમ જ મોટે ભાગે તેની કેળવણી ઉપર રહે છે. છોકરીને જો નાનપણથી જ થોડી સરખી બેચેની ઉપર પણ ખૂબ જ ધ્યાન આપવાની ટેવ પડી ગઈ હશે અને નાનામાં નાની અગવડ ઉપર પણ તે જો મોટી ધમાલ કરી મૂકતી હશે તો પછી તેનામાં જરાકે સહનશકિત આવશે નહિ, હરકોઈ વસ્તુ તેને બેચેન બનાવી મૂકશે. અને માબાપો પોતે પણ પોતાનાં બાળકોને જે કાંઈ થાય તે વિષે જો સહેજમાં ચિંતાતુર બની જાય તો પણ આમ થાય. જીવનમાં આપણને નાની મોટી અગવડો તથા અકસ્માતો તો હંમેશાં ઊભા થતા રહેવાના જ. એટલે આ બધા વિષે બાળક બહુ ગભરાઈ ન જાય પણ થોડું વધુ ખડતલ બને, સહનશીલ બને એ વસ્તુ એને શીખવવી જોઈએ. કોઈ પણ અગવડ ભરેલી પ્રતિકૂળ વસ્તુને આપણે શાંત ભાવે સહન કરી લેતાં શીખીએ અને બાળકોને પણ એમ કરતાં શીખવીએ એ જ ઉત્તમ વસ્તુ છે.

એ એક ઘણી જાણીતી હકીકત છે કે આપણે જો એમ કલ્પના કરવા લાગીએ કે મને અમુક પીડા થશે તો એ પીડા જરૂર થાય છે અને એ પીડા ઉપર તમે વળી જો એકાગ્રતા કરશો તો પછી એ વધુ ને વધુ થતી જશે અને છેવટે જતાં તો જેને 'અસહ્ય' કહેવામાં આવે છે એવી થઈ જશે. પણ ખરી વાત તો એ છે કે આપણે જો થોડુંક સંકલ્પબળ વાપરીએ અને હિંમત રાખીએ તો ભાગ્યે જ એવું કોઈ દરદ હોય છે કે જે આપણે સહન ન કરી શકીએ.

૪. "માસિક કાળ વખતે થતી પીડા અથવા દુઃખાવાને કેવી રીતે મટાડી શકાય ?"

આને માટે કેટલીક કસરતો હોય છે. એ કરવાથી પેઢુ મજબૂત બની શકે છે તથા લોહીના ભ્રમણમાં સુધારો કરી શકાય છે. આ કસરતો નિયમિત રીતે કરતા રહેવું જોઈએ તથા દુઃખાવો ચાલી જાય તે પછી પણ તે ચાલુ રાખવી જોઈએ. મોટી ઉંમરની છોકરીઓને આવો દુઃખાવો લગભગ જાતીય ઇચ્છાઓને લીધે જ થઈ આવતો હોય છે. આ ઇચ્છાઓને જો આપણે દૂર કરી દઈ શકીએ તો એ દુઃખાવો પણ ચાલ્યો જાય છે. અને ઇચ્છાઓને દૂર કરવાના બે રસ્તા છે. એક રસ્તો છે ઇચ્છાની તૃપ્તિ (અથવા જેને તૃપ્તિ કહેવામાં આવે છે તે, કેમ કે ઇચ્છાની બાબતમાં તૃપ્તિ જેવું કાંઈ હોતું જ નથી). અને એ સામન્ય રીત છે. આ રીત અજમાવવી, એટલે કે તમારે સામાન્ય રીતનું મનુષ્ય પશુરૂપ જીવન ગાળવું — લગ્ન, બાળકો અને બીજું બધું.

અને બીજો રસ્તો પણ છે જ, અને તે વધારે સારો રસ્તો છે — એ છે સંયમ પ્રભુત્વ, રૂપાંતર. આ રીત વધારે ગૌરવભરેલી છે અને વધારે અસરકારક પણ છે.

૫. "છોકરાઓ અને છોકરીઓ માટે જુદીજુદી કસરતો હોવી જોઈએ એમ આપ ધારો છો ? જેને મરદાની રમતો ગણવામાં આવે છે એવી રમતો રમવાથી છોકરીના જનન અવયવોને હાનિ થાય ખરી ?"

છોકરાઓ તથા છોકરીઓ બંનેને તેમની શકિત અને બળને ધ્યાનમાં રાખીને ક્રમે ક્રમે કસરતો આપવી જોઈએ. ઓછી શકિતવાળો વિદ્યાર્થી એકીસાથે અઘરી અને ભારે કસરતો કરવાનો પ્રયત્ન કરે તો એની એ મૂર્ખતા માટે એને સહન કરવું પણ પડે. પણ બાળકોને જો ક્રમે ક્રમે વધતી જાય એવી રીતે તથા સમજણપૂર્વક જો તાલીમ આપવામાં આવે તો છોકરાઓ તથા છોકરીઓ બંને બધી રીતની કસરતોમાં ભાગ લઈ શકે છે અને એ રીતે પોતાની શકિત અને આરોગ્યમાં વધારો કરી શકે છે.

તમે સશકત અને તંદુરસ્ત બનો તો તેથી શરીરને કદી પણ હાનિ થાય નહિ, પછી એ સ્ત્રીનું શરીર પણ ભલે હોય !

૬. "છોકરી જો સખત વ્યાયામ કરે તો તેથી શું તેનો દેખાવ બદલાઈ જાય ખરો ? અને તેનું શરીર પુરુષના જેવું સ્નાયુવાળું બની તે કદરૂપી થઈ જાય એમ બને ખરું ?"

દુર્બળતા અને નાજુકતા એ વિકૃત માનસને જ આકર્ષક લાગી શકે છે, પણ દુર્બળ હોવું કે નાજુક હોવું એ કાંઈ પ્રકૃતિનું સત્ય નથી તેમ જ આત્માનું સત્ય પણ નથી.

તમે જો કદી સ્ત્રી કસરતબાજોની છબીઓ જોશો તો તમને ખબર પડશે કે તેમનાં શરીર કેટલાં સર્વાંગ-સુંદર હોય છે, અને છતાં એ શરીર સ્નાયુબદ્ધ હોય છે એની તમે ના નહિ પાડી શકશો !

> ૭. "છોકરીએ જો લગ્ન કરવું હોય તો તે જો સખત મહેનત-વાળી કસરતો કરે તો તેને લીધે બાળકને જન્મ આપવામાં મુશ્કેલી ઊભી થાય ખરી અને પછી તેને બાળકો થાય ખરાં ?"

આવો કોઈ દાખલો મારા જોવામાં આવ્યો નથી. ઊલટું, જે સ્ત્રીઓ સખત કસરતો કરવાની તાલીમ પામેલી હોય છે તથા જેમનું શરીર સ્નાયુબદ્ધ હોય છે તેઓ ગર્ભ-ધારણની તથા બાળકને જન્મ આપવાની કસોટીમાંથી બહુ સહેલાઈથી અને વગર પીડાએ પસાર થઈ જાય છે.

આફ્રિકામાં ઘણી સ્ત્રીઓ માથે ઘણો ભાર લઈને માઈલો સુધી ચાલતી હોય છે. આવી એક સ્ત્રીની એક સાચી વાત મેં સાંભળી હતી. એને ગર્ભ હતો અને તે એક દિવસે આવી રીતે જતી હતી ત્યાં એને પ્રસૂતિનો સમય આવી ગયો. અને એ રસ્તાની પડખે જઈને એક ઝાડ નીચે બેસી ગઈ, બાળકને જન્મ આપ્યો, અર્ધોએક કલાક બેઠી અને પછી એ નવા જન્મેલા બાળકને પોતાના સામાન ભેગું મૂકીને, જાણે કાંઈ બન્યું નથી એમ શાંતિથી ચાલતી થઈ. સ્ત્રી જો સંપૂર્ણ રીતે તંદુરસ્ત અને સશકત હોય છે તો તે શું કરી શકે તેનું આ ખૂબ જ સરસ દૃષ્ટાંત છે.

ડૉકટરો કહેશે કે આજની સુધરેલી દુનિયામાં, માનવજાતિએ આટલી બધી કહેવાતી પ્રગતિ સાધી છે તેમાં પણ, આવી વસ્તુ બની શકે તેમ નથી. પણ તો આપણે એ વાતની પણ ના પાડી શકીએ તેમ નથી કે, શારીરિક રીતે જોતાં, આજની સંસ્કૃતિઓને લીધે લોકોમાં જે આળપંપાળ આવી ગઈ છે, તથા જે વેદનાઓ અને ગૂંચવાડા ઊભા થયા છે તેના કરતાં આ સ્થિતિ ઘણી જ વધારે આનંદદાયક છે.

વળી, સામાન્ય રીતે ડૉકટરો જે અસાધારણ દાખલાઓ હોય છે તેમાં જ રસ લેતા હોય છે અને એ જ દૃષ્ટિબિંદુથી બધું વિચારતા હોય છે. પરતું

આપણે માટે વસ્તુ જુદી રીતની છે. આપણે એક સ્વાભાવિક સાધારણ સ્થિતિમાંથી એથી વધુ ઊંચી સ્થિતિમાં જઈ શકીએ છીએ, અસમધારણમાંથી નહિ. આવી અસમધારણતા એ તો હંમેશાં વિકૃતિ અને લઘુતાનું જ લક્ષણ હોય છે.

૮. "છોકરીની જાતિને ધ્યાનમાં લેતાં તેને માટે શારીરિક શિક્ષણનો આદર્શ કેવો હોવો જોઈએ?"

છોકરીઓ માટે છોકરાઓ કરતાં શારીરિક શિક્ષણનો આદર્શ કોઈ ખાસ જુદો શા માટે હોવો જોઈએ એ હું સમજી શકતી નથી.

માણસના શરીરની બધી જ શક્યતાઓને વિકસાવવી, એટલે કે તેમાં સંવાદિતતા, શક્તિ, મુલાયમતા, હોશિયારી, ચપળતા, સહનશક્તિ એ બધાં તત્ત્વો બને તેટલાં વધુમાં વધુ વિકસાવવાં, શરીરના અવયવો તથા અંગોની ક્રિયાઓ ઉપરનો કાબૂ વધારવો, અને શરીર તે એક સભાન સંકલ્પશક્તિના હાથમાં એક સંપૂર્ણ કરણ બની રહે એ શારીરિક શિક્ષણનો આદર્શ છે. આ કાર્યક્રમ બધાં જ માણસો માટે સરખી રીતે ઉત્તમ છે. છોકરીઓ માટે આનાથી જુદો આદર્શ રાખવાની કાંઈ જરૂર નથી.

૯. "આપણા નૂતન રીતના જીવનમાં પુરુષે અને સ્ત્રીએ શો ભાગ ભજવવો જોઈએ? એ બેની વચ્ચેનો સંબંધ કેવો હોય?"

એ બેની વચ્ચે ભેદ જ શા માટે કરો છો? બધાં જ મનુષ્યો સરખી રીતે છે અને પોતાની જાતિ, નાતજાત, પંથ તથા રાષ્ટ્રીયતાથી પર બનીને, પ્રભુના કાર્ય માટે સુયોગ્ય કરણો બનવાનો પ્રયત્ન કરી રહેલાં છે. બધાં એક જ અદિતિ માતાનાં બાળકો છે અને એક જ શાશ્વત પરમાત્માને મેળવવા ઝંખી રહેલાં છે.

૧૦. "સ્ત્રીના શારીરિક સૌંદર્યનો આદર્શ શો હોવો જોઈએ?"

શરીરનાં પ્રમાણોમાં એક સંપૂર્ણ સંવાદિતતા હોય, શરીરમાં ચપળતા અને શક્તિ હોય, ચારુતા અને બલ, મુલાયમતા અને સહનશક્તિ હોય, અને સૌથી વિશેષ એક સ્થિર ફેરફાર ન પામે તેવી ઉત્તમ તંદુરસ્તી હોય તે. આ બધું માણસમાં એક પવિત્ર આત્મા હોય, માણસને જીવનમાં એક પ્રસન્ન વિશ્વાસ હોય અને પ્રભુની કૃપામાં એક અવિચલ શ્રદ્ધા હોય તેને પરિણામે મળી આવતું હોય છે.

અને છેલ્લે એક શબ્દ :

મેં આ બધું કહ્યું છે તે તમારે જાણવાની જરૂર હતી માટે મેં કહ્યું છે. પણ આમાંથી તમે કોઈ જડ સિદ્ધાંતો ન બનાવી દેશો. એમ કરશો તો આમાંનું સત્ય ચાલ્યું જશે. (સપ્ટેમ્બર ૧૯૬૦માં પ્રસિદ્ધ કરેલ)

૩

નવયુગ મંડળ

શ્રી અરવિંદ આશ્રમ આંતરરાષ્ટ્રિય શિક્ષણ કેન્દ્રના ઉચ્ચ કક્ષાના વર્ગના વિદ્યાર્થીઓની વાણીને વાચા આપવાના મંચ તરીકે આ મંડળની સ્થાપના ૧૯૬૪માં કરવામાં આવેલી.

વાંચનારની સહાય માટે ત્રિમાસિક સભાઓ અને સાતમા અને આઠમા શિબિરના વિષયો જોડે જે નિશાનીઓ મૂકવામાં આવી છે તેની કૂંચી નીચે પ્રમાણે છે :

૧ = શ્રી માતાજીએ સૂચવેલો વિષય.

૨ = શ્રી માતાજીએ તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલા વિષયમાં પસંદ કરેલો વિષય.

૩ = શ્રી માતાજીએ અનુમતિ આપેલો વિષય.

એવો સ્વતંત્ર વાર્તાલાપ જ્યાં વ્યકિત પોતે જે વિચારતી કે અનુભવતી હોય તેને વાચા આપી શકે.

(૧૯૬૪)

*

ઉદ્‌ઘાટન પ્રસંગ : ૧૨ જુલાઈ ૧૯૬૪

તમે જે જાણતા હો તે કદી માનો નહિ.

અધિક જાણવા પ્રયત્ન કરો. આશિષ.

(૧૨ જુલાઈ ૧૯૬૪)

*

પ્રથમ શિબિર : ૯ ઑગસ્ટ ૧૯૬૪

સામાન્ય મનોમય સક્રિયતાની ઉપર ઊઠવાનો શો માર્ગ છે ?[૧]

મારો ઉત્તર : નીરવ રહો.

*

બીજો શિબિર : ૨૨ નવેમ્બર ૧૯૬૪

દિવ્ય જીવન માટેની આપણી અભીપ્સામાં અવિચલ અને સત્યનિષ્ઠ કઈ રીતે બની રહેવાય ?[૧]

એમ ગણો કે દિવ્ય જીવન જ સૌથી વધુ અગત્યની પ્રાપ્ત કરવા લાયક વસ્તુ છે.

*

ત્રીજો શિબિર : ૧૪ ફેબ્રુઆરી ૧૯૬૫

કર્મના આવેગોમાં સત્ય અને અસત્ય વચ્ચે કઈ રીતે વિવેક કરવો ?[૧]

જેમની ઇચ્છા સત્યનો પ્રકાશ અંધકાર અને અસત્યની શકિતઓ ઉપર કાબૂ પ્રાપ્ત કરે તેમાં સહાય કરવાની હોય તેઓ આ વસ્તુ પોતાની અંદર ઊઠતા આવેગોની ગતિઓ અને કર્મોનું નિરીક્ષણ કરીને, તેમાંના કયા સત્યમાંથી આવે છે અને કયા અસત્યમાંથી આવે છે તે વચ્ચેનો ભેદ પારખી શકે છે જેથી તેઓ પ્રથમની વસ્તુનું પાલન કરી શકે અને અન્યને વેગથી ફેંકી દે.

પૃથ્વીના વાતાવરણમાં સત્યની જ્યોતિના આગમનની પ્રથમ નીશાની આ પ્રકારની વિવેકશક્તિ છે.

જો સત્યે આપેલી આ વિવેકશક્તિની ખાસ બક્ષિસ ન હોય તો સત્યના અને અસત્યના આવેગો વચ્ચેનો ભેદ પારખવો ખરે જ મુશ્કેલ છે.

પરંતુ શરૂઆત કરનાર પોતાને માટે એક માર્ગદર્શક નિયમ બનાવી લઈ શકે કે જે વસ્તુની શરૂઆત અથવા સર્જન શાંતિ, શ્રદ્ધા, આનંદ, સંવાદ, વિશાળતા, એકતા અને આરોહક વિકાસથી થતી હોય તે સત્યમાંથી આવતી હોવી જોઈએ. જ્યારે જે વસ્તુ તેની સાથે ચંચળતા, શંકા, અશ્રદ્ધા, દિલગીરી, વિસંવાદ, સ્વાર્થી સંકુચિતતા, જડતા, નિરાશા અને અવસાદ લાવતી હોય તે સીધેસીધી અસત્યમાંથી આવતી હોય છે.

(૨૨ જાન્યુઆરી ૧૯૬૫)

*

ચોથો શિબિર : ૨૫ એપ્રિલ ૧૯૬૫

પોતાના અભ્યાસને સાધનાનું નિમિત્ત કઈ રીતે બનાવાય ?[૨]

*

પાંચમો શિબિર : ૮ ઑગસ્ટ ૧૯૬૫

પોતાની મુશ્કેલીઓને પ્રગતિની તકોમાં કઈ રીતે બદલી શકાય ?[૨]

*

છઠ્ઠો શિબિર : ૨૧ નવેમ્બર ૧૯૬૫

૧. માનવજાતિની પ્રગતિ થાય તેનો ઉત્તમ માર્ગ કયો ?[૩]
૨. સ્વતંત્રતા શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાય ?[૩]

૧. પોતાની જાતે પ્રગતિ કરીને.

૨. અ) અહંકારથી મુકત થવાથી.
બ) અહંકારને વિદાય આપો.

(૧૩ ઑક્ટોબર ૧૯૬૫)

*

સાતમો શિબિર : ૨૦ ફેબ્રુઆરી ૧૯૬૬

સત્યની સેવા કઈ રીતે કરવી ? ૩ *

*

આઠમો શિબિર : ૧૪ ઑગસ્ટ ૧૯૬૬

મનુષ્યનું ભાવિ શું ?૨

*

નવમો શિબિર : ૨૭ નવેમ્બર ૧૯૬૬

સાચો પ્રેમ શું છે અને તે કઈ રીતે મળે ?૨

તમે જાણો છો કે સાચો પ્રેમ શું છે ? ×

સાચો પ્રેમ એક માત્ર **પ્રભુમાંથી** આવતો પ્રેમ છે જે મનુષ્યોમાં પ્રભુ પ્રત્યે પ્રેમ પ્રગટાવે છે.

આપણે એમ કહીશું કે પ્રભુની પ્રકૃતિ જ પ્રેમ કરવાની છે.

*

દસમો શિબિર : ૧૯ ફેબ્રુઆરી ૧૯૬૭

પસંદગી કેમ અનિવાર્ય છે ?૨

કારણ કે શ્રી અરવિંદે કહેલું તેમ આપણે 'પ્રભુની પળ'ના સમયમાં છીએ — અને જગતના રૂપાંતરની ઉત્ક્રાન્તિએ એક ઝડપી અને સઘન સ્વરૂપ લીધું છે. (આ વિષય શ્રી માતાજીના ૧૯૬૭ના નૂતન વર્ષના સંદેશને અનુલક્ષીને હતો, જેમાં કહેલું : "મનુષ્યો, રાષ્ટ્રો, ભૂખંડો ! પસંદગી અનિવાર્ય છે : સત્ય અથવા ખીણ.")

*

અગિયારમો શિબિર : ૩૦ એપ્રિલ ૧૯૬૭

હાલના સમયે શું કરવાની અગત્ય છે ?૨

---

* આ વિષયનો આધાર શ્રી માતાજીના ૧૯૬૬ના સંદેશને અનુલક્ષીને છે : "આપણે સત્યની સેવા કરીએ."

× મૂળમાં આ લખાણનો શ્રીમાતાજીના હસ્તાક્ષરનો બ્લૉક છાપ્યો છે.

સત્યનિષ્ઠા.

પ્રભુને છેતરવાનો પ્રયત્ન ન કરો.

*

બારમો શિબિર : ૧૩ ઑગસ્ટ ૧૯૬૭

શ્રી અરવિંદ અને નવયુગ.[૨]

*

ચોથી વાર્ષિક સભા : ૧૦ સપ્ટેમ્બર ૧૯૬૭

જૂના રીતરિવાજોથી અલગ પડી જવું અને જરીપુરાણા નિયમોને ન અનુસરવું એ સારી વાત છે — પરંતુ તે એક શરતે કે તમને તમારી અંદર કોઈ ઉચ્ચતર અને વધુ સાચી ચેતના મળી આવી હોય કે જે સંવાદ, શાંતિ ઉપરાંત એક વધુ વિશાળ અને પ્રગતિશીલ ઉત્તમતર વ્યવસ્થાને અભિવ્યક્ત કરતી હોય.

(૨૬ ઑગસ્ટ ૧૯૬૭)

*

તેરમો શિબિર : ૨૬ નવેમ્બર ૧૯૬૭

કેળવણી પ્રત્યે નૂતન દૃષ્ટિબિંદુ.[૨]

"કેળવણીના નૂતન આદર્શ માટેના કયા માર્ગદર્શક સિદ્ધાંતો હોવા જોઈએ ?"

સત્ય, સંવાદ, સ્વાતંત્ર્ય.

*

ચૌદમો શિબિર : ૨૫ ફેબ્રુઆરી ૧૯૬૮

અમે શ્રી માતાજી પાસેથી શાની અપેક્ષા રાખીએ છીએ.[૧]

"અમારે આપની પાસેથી કઈ વસ્તુ માગવી યોગ્ય ગણાય ?"

બધી જ.

"આપના નૂતન કાર્યની સિદ્ધિ માટે સમગ્ર માનવજાતિ પાસેથી અને અમારી પાસેથી શાની અપેક્ષા રાખો છો ?"

કશાની નહિ.

"આપના સાઠ ઉપરાંત વર્ષના લાંબા અનુભવને અંતે શું આપને એમ લાગ્યું છે કે આપ અમારી પાસેથી અને માનવજાતિ પાસેથી જેની અપેક્ષા રાખતાં હતાં તે પૂરતા પ્રમાણમાં મળ્યું છે?"

હું કશાની અપેક્ષા ન રાખતી હોઈ આ પ્રશ્નનો જવાબ આપી શકતી નથી.

"આપના કાર્યની સિદ્ધિનો આધાર અમે અને માનવજાતિ આપની અપેક્ષાઓ પૂરી પાડીએ તેના ઉપર આધાર રાખે છે?"

સદ્‌ભાગ્યે, ના.

(૨૦ ફેબ્રુઆરી ૧૯૬૮)

*

પંદરમો શિબિર : ૨૮ એપ્રિલ ૧૯૬૮

૧. યુવાન કેવી રીતે રહેવું?

૨. અંતહીન પ્રગતિનું રહસ્ય શું?

(આ પ્રશ્નો શ્રી માતાજીના ૧૯૬૮ના નૂતન વર્ષના સંદેશ 'હંમેશાં યુવાન રહો, પ્રયત્ન કરવામાં પાછી પાની ન કરો'ને અનુલક્ષીને છે.)

"૧. શરીરમાં જે નબળા થતા જવાની અને વિકૃતિઓ ઊભી થવાની પ્રક્રિયાઓને કારણે વૃદ્ધાવસ્થા આવે છે તે જ મૃત્યુની શરૂઆતરૂપ છે. તો મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કર્યા વિના વૃદ્ધાવસ્થા ઉપર વિજય પ્રાપ્ત થઈ શકે?

અતિમાનસ આનંદ શરીરના કોષોનું સંપૂર્ણ રૂપાંતર ન કરે ત્યાં સુધી શરીરને સતત પણે યુવાન રાખી શકાય?"

જ્યાં સુધી પૃથ્વી ઉપર અતિમનસનો આવિર્ભાવ થયો નથી ત્યાં સુધી આ પ્રશ્નોનો ઉત્તર કઈ રીતે આપી શકાય?

(૨૫ એપ્રિલ ૧૯૬૮)

"૨. આપના ઉત્તરનો અર્થ એવો ખરો કે હજી સુધી પૃથ્વી ઉપર અતિમનસનો આવિર્ભાવ થયો નથી? અથવા તો આપ એ ઘટનાનો ઉલ્લેખ કરો છો કે જ્યારે અતિમનસનો આવિર્ભાવ છેક અચિત્‌નાં મૂળ સુધી થયો હોય? આપે ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬નો દિવસ અતિમાનસ આવિર્ભાવની શરૂઆતના દિવસ તરીકે જાહેર કરેલો છે. એટલે આપનો ઉત્તર સંપૂર્ણ આવિર્ભાવને અનુલક્ષીને હશે. આ બાબતમાં સંદેહને દૂર કરશો?"

હું એવા અતિમાનસ આવિર્ભાવની વાત કરું છું જે સૌને — અજ્ઞાનીઓને પણ સ્પષ્ટપણે દેખાતો હોય — જેમ, મનુષ્યત્વના આવિર્ભાવ વડે જે બનેલું તે સૌની જાણમાં આવેલું છે તેમ.

(૨૬ એપ્રિલ ૧૯૬૮)

*

સોળમો શિબિર : ૨૩ ફેબ્રુઆરી ૧૯૬૯

૧. ધર્મોના પ્રભુ અને એક માત્ર પ્રભુ.[૨]
૨. ત્યાગ અને સાચી ત્યાગભાવના.[૨]
"ભૂતકાળમાં અને હાલમાં જુદા જુદા ધર્મોમાં જે દેવોનાં વિવિધ સ્વરૂપોની ભક્તિ કરવામાં આવે છે તેમના પ્રત્યે શ્રી અરવિંદના યોગના સાધકોનું વલણ કયા પ્રકારનું હોવું જોઈએ?"

એક શુભેચ્છાભર્યો ઔદાર્યભાવ — સૌ ભક્તો પ્રત્યે.

સર્વ ધર્મો પ્રત્યે જ્ઞાનજ્યોતિપૂર્ણ તટસ્થતા.

અધિમનસનાં સ્વરૂપોને લાગેવળગે છે ત્યાં સુધી, જો કોઈને આમાંના કોઈ સ્વરૂપ સાથે ચાલુ સંબંધ હોય તો દરેક કેસમાં આગવો ઉકેલ હોઈ શકે.

"અતિમાનસ યુગમાં જુદા જુદા ધર્મોના દેવોનું શું સ્થાન હશે? શું તેઓ અતિમાનસ સત્યની પૃથ્વી ઉપર સ્થાપના કરવામાં અને પાર્થિવ તત્ત્વના રૂપાંતરના કાર્યમાં સહાયરૂપ બની શકે?"

આ પ્રશ્ન કવખતનો છે. (૧૯ ફેબ્રુઆરી ૧૯૬૯)

*

સત્તરમો શિબિર : ૨૭ એપ્રિલ ૧૯૬૯

૧. આપણો યોગ કઈ રીતે એક મહાન સાહસ છે ?[૨]
૨. શ્રદ્ધાની શક્તિ.[૨]

"૧. આપણો યોગ કયા અર્થમાં મહાન સાહસ કર્મ છે ?"

તમે એને સાહસ કહી શકો છો કારણ કે પ્રથમવાર જ એક યોગમાં રૂપાંતરનું અને ભૌતિક જીવનને દિવ્ય બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે — એમાંથી નાસી છૂટવાનું નહિ.

"૨. યોગમાં શ્રદ્ધાની શા માટે અત્યંત અગત્ય છે ?"

કારણ કે આપણે કોઈ એવી તદ્દન નવીન વસ્તુને લક્ષ્ય સ્થાને રાખેલી છે જે આ અગાઉ કદી કરવામાં આવેલી નથી.

"૩. એની નિર્ણાયક શક્તિનો આધાર શો છે ?"

તમારી શ્રદ્ધા તમને પરમ પ્રભુના રક્ષણ હેઠળ મૂકે છે અને તેઓ સર્વશક્તિમાન છે.

(૨૬ એપ્રિલ ૧૯૬૯)

*

છઠ્ઠી વાર્ષિક સભા : ૧૭ ઑગસ્ટ ૧૯૬૯

શબ્દોથી પર, વિચારોથી પર થઈને એક જ્યોતિર્મંત નીરવતામાં અભીપ્સાપૂર્ણ શ્રદ્ધા સાથે તમારી જાતને સંપૂર્ણપણે, અશેષપણે, નિતાંતભાવે, સૌ અસ્તિત્વોના પરમ સ્વામીને તમારી જાત સોંપી દો અને તમારે જે કરવું છે તે તેઓ કરશે.

પ્રેમ અને આશિષ સાથે.*

*

અઢારમો શિબિર : ૨૩ નવેમ્બર ૧૯૬૯

આ વિષય લો.

"જગતની મુક્તિ એકતા અને સંવાદમાં છે. તમે આ એકતા અને સંવાદનો કેવો ખ્યાલ સેવો છો ? આશીર્વાદ."[૧]

*

* આ સંદેશો બીજા એક સાધકને અન્ય પ્રસંગે આપવામાં આવેલો અને આ પ્રસંગે તેને અપનાવવાની અનુમતિ મળેલી.

ઓગણીસમો શિબિર : ૨૨ ફેબ્રુઆરી ૧૯૭૦

એવી કઈ મહાન તક છે જેને માટે જગત તૈયારી કરી રહ્યું છે ? અમે એમાં કઈ રીતે સહાયભૂત થઈ શકીએ ? ૩

(આ વિષય ૧૯૭૦ના નૂતન વર્ષના સંદેશને અનુલક્ષીને છે. 'જગત એક મહાન પરિવર્તનની તૈયારી કરી રહ્યું છે. તમે મદદ કરશો ?')

"૧. કયા મહાન પરિવર્તન માટે જગત તૈયારી કરી રહ્યું છે ?"

ચેતનાનું પરિવર્તન. અને જ્યારે આપણી ચેતનાનું પરિવર્તન થશે ત્યારે એ પરિવર્તન શું છે તે સમજાશે.

"૨. અમે એ પરિવર્તન બની આવે તેમાં કઈ રીતે મદદરૂપ થઈ શકીએ ?"

એ પરિવર્તન આપણી સહાયની રાહ જોઈ રહ્યું નથી. પરંતુ આપણે આપણી ચેતનાને ખુલ્લી રાખવી જોઈએ કે જેથી જ્યારે એ આવે ત્યારે આપણા માટે એ નકામી ન નીવડે.

(૧૯ ફેબ્રુઆરી ૧૯૭૦)

*

વીસમો શિબિર : ૨૬ એપ્રિલ ૧૯૭૦

શું સુખી થવું એ જીવનનું લક્ષ્ય છે ? ૨

આ વસ્તુ, હકીકતોને ઊલટી કરીને મૂકવા બરાબર છે.

માનવજીવનનું લક્ષ્ય પ્રભુની શોધ અને તેમની અભિવ્યકિત છે. સ્વાભાવિક રીતે, આ શોધ આપણને સુખ પ્રત્યે લઈ જાય છે. પરંતુ આ સુખ તો એક પરિણામ રૂપ છે, પોતે જ લક્ષ્યરૂપ નથી. અને જીવનના લક્ષ્યના પરિણામે મળી આવતી વસ્તુને લક્ષ્ય સ્થાને સ્થાપવાને કારણે જ મનુષ્ય જાતિની પીડી રહેલી અનેક યાતનાઓના કારણ રૂપ છે.*

(૨૮ માર્ચ ૧૯૭૦)

*

---

* મૂળ પુસ્તકમાં આ લખાણનો શ્રીમાતાજીના હસ્તાક્ષરનો બ્લૉક છે.

સાતમી વાર્ષિક સભા : ૧૬ ઑગસ્ટ ૧૯૭૦

શ્રી અરવિંદના સ્વપ્નનું ભારત.[૩]

"આપે આપના એક સંદેશામાં કહ્યું છે કે, 'પ્રથમ પ્રશ્ન તો ભારતે પોતાનો આત્મા શોધવાનો છે.'

આ આત્માને કઈ રીતે શોધવો ?"

તમારા ચૈત્ય સ્વરૂપ વિષે સભાન બનો. તમારા ચૈત્ય સ્વરૂપને ભારતના આત્મા પ્રત્યે સઘન રસ લેવા દો અને એના પ્રત્યે એક સેવાની ભાવના સાથે અભીપ્સા સેવો; અને જો તમે સાચા દિલથી એમ કરશો તો સફળ થશો.

(૧૫ જૂન ૧૯૭૦)

*

એકવીસમો શિબિર : ૨૧ નવેમ્બર ૧૯૭૦

જગતના પ્રશ્નોનો ઉકેલ ચેતનાના પરિવર્તનમાં રખાયેલો છે. આપનો આ પરિવર્તન વિષેનો ખ્યાલ શું છે અને તે કઈ રીતે બની આવે ?[૨]

જે ચેતનાનો આવિર્ભાવ કરવાનો છે તે અત્યારે પૃથ્વીના વાતાવરણમાં છે જ. હવે એ કેવળ ગ્રહણશીલતાનો પ્રશ્ન છે.

(૧૯ નવેમ્બર ૧૯૭૦)

*

બાવીસમો શિબિર : ૨૮ ફેબ્રુઆરી ૧૯૭૧

ભાવિ પ્રત્યે કઈ રીતે કૂદકો મારવો ?[૨]

(આ પ્રશ્નનો આધાર ૧૯૭૧ના નૂતન વર્ષના સંદેશમાં છે : "ધન્ય તેમને જેઓ ભાવિ પ્રત્યે કૂદકો લગાવી શકે છે.")

"આપના અગાઉના એક નૂતન વર્ષના સંદેશમાં આપે એક 'અનિવાર્ય પસંદગી' કરવા જણાવ્યું હતું. આ વર્ષે હવે આપ કૂદકો મારવાનું કહો છો. આ 'પસંદગી' અને 'કૂદકા' વચ્ચે શું તફાવત છે ?"

પસંદગી મનની હોય છે. કૂદકો આખાયે સ્વરૂપનો હોય છે.

"આ ફૂદકો કઈ રીતે મારવો ?"

સૌએ પોતપોતાની રીતે.

"આપે આ વર્ષના સંદેશમાં બાઈબલની ભાષા વાપરીને 'ધન્ય છે તેઓને' એમ કહ્યું છે. આની પાછળ કોઈ સંકેત છે ?"

"ધન્ય છે' એ કાંઈ બાઈબલની આગવી મિલકત નથી.

(૨૪ ફેબ્રુઆરી ૧૯૭૧)

*

તેવીસમો શિબિર : ૨૫ એપ્રિલ ૧૯૭૧

સર્વાંગ સંપૂર્ણતાનો આપણો આદર્શ શો ?[૨]

પ્રભુ સાથે સભાન એકતા.

(૨૮ માર્ચ ૧૯૭૧)

*

આઠમી વાર્ષિક સભા : ૨૨ ઑગસ્ટ ૧૯૭૧

શ્રદ્ધાવાન અને સત્યનિષ્ઠ બનો.

આશીર્વાદ.

(૨૨ ઑગસ્ટ ૧૯૭૧)

*

ચોવીસમો શિબિર : ૨૮ નવેમ્બર ૧૯૭૧

શ્રી અરવિંદને યૌવનનો સાદ.[૨]

"શ્રી અરવિંદનો યુવાનોને શો સાદ છે ?"

અંતિમાનસ ચેતનાના પ્રકાશમાં એક વધુ ઉત્તમ ભાવિની રચના કરનાર બનવું.

(૨૭ નવેમ્બર ૧૯૭૧)

*

પચીસમો શિબિર : ૨૭ ફેબ્રુઆરી ૧૯૭૨

શ્રી અરવિંદની શતાબ્દીને લાયક કઈ રીતે બનવું?[૩]
(આ વિષય ૧૯૭૨ના નૂતન વર્ષના સંદેશને અનુલક્ષીને છે. "આપણે સૌ શ્રી અરવિંદની શતાબ્દી ઊજવવાને લાયક બનીએ.")

"આ વર્ષની પહેલી જાન્યુઆરીએ આપે કહેલું : 'શ્રી અરવિંદના શતાબ્દી વર્ષ માટે એક વિશિષ્ટ સહાય પૃથ્વી ઉપર આવી છે.' આપ એ સહાયના પ્રકાર અને કર્મ વિષે કઈ એંધાણી આપશો? અને અમે એનો લાભ કઈ રીતે ઉઠાવીએ તે જણાવશો?"

જે લોકોએ તેમના ચૈત્ય સ્વરૂપ દ્વારા તેમના અહંભાવ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હશે તેઓ આ સહાયને ઝીલી શકવા સમર્થ બનશે, તેમને એ સહાય શું છે તેની જાણ થશે અને તેમને તેનો પૂર્ણ લાભ મળશે.

(૨૪ ફેબ્રુઆરી ૧૯૭૨)

*

છવ્વીસમો શિબિર : ૨૩ એપ્રિલ ૧૯૭૨

શિક્ષણ અને યોગ.[૨]

"યોગ માર્ગના પાલનની તાલીમ રૂપે જ્યારે શિક્ષણને અપનાવવામાં આવે ત્યારે એની પાછળ કયા પ્રકારનો ભાવ હોવો જોઈએ?"

શ્રી અરવિંદનાં લખાણો વાંચો.

(૧૯ એપ્રિલ ૧૯૭૨)

*

નવમી વાર્ષિક સભા : ૧૨ ઓગસ્ટ ૧૯૭૨

શ્રી અરવિંદ ભવિષ્યનો આવિર્ભાવ કરે છે.[૧]

આપના બીજી જાન્યુઆરી ૧૯૭૨ના સંદેશામાં આપે કહ્યું છે કે "તેમના આ શતાબ્દી વર્ષમાં એમની સહાય હજી પણ વધુ બળવાન બનશે. એની પ્રત્યે ખુલ્લા રહીને તેનો લાભ લેવાનું આપણા હાથમાં છે. ભવિષ્ય તેમનું છે જેમનો આત્મા એક શૂરવીરનો હોય."

આ સંદેશમાં જે "શૂરવીર" શબ્દ છે તેનો અર્થ સમજાવશો ?

એક શૂરવીર કશાથી બીતો નથી, કોઈ વસ્તુની ફરિયાદ કરતો નથી અને કદી પણ નમતું મૂકતો નથી.

*

સત્તાવીસમો શિબિર : ૨૫ ફેબ્રુઆરી ૧૯૭૩

પ્રભુના કાર્યમાં સંપૂર્ણ સત્યનિષ્ઠા સાથે એવો કેવી રીતે સહકાર કરી શકાય કે જગતને બતાવી આપી શકાય કે મનુષ્ય સાચો સેવક બની શકે છે. ૨

(આ વિષય ૧૯૭૨ની નાતાલના સંદેશને અનુસરીને છે: "આપણે જગતને બતાવી આપવા માગીએ છીએ કે મનુષ્ય પ્રભુનો સાચો સેવક બની શકે છે. આ કાર્યમાં કોણ સંપૂર્ણ સત્યનિષ્ઠા સાથે સહકાર આપશે ?")

પ્રભુના સાચા સેવક બનીને.

(૨૪ ફેબ્રુઆરી ૧૯૭૩)

*

અઠ્ઠાવીસમો શિબિર : ૨૨ એપ્રિલ ૧૯૭૩

સમાજની એકતા અને વ્યવસ્થાની જરૂરિયાત સાથે વ્યક્તિની સ્વતંત્રતાની માગણીનો કઈ રીતે મેળ પાડવો ?[૩]

સ્વતંત્રતા એ ગેરવ્યવસ્થા અને ગોટાળાથી દૂરની વસ્તુ છે.

તમારામાં આંતરિક સ્વાતંત્ર્ય હોવું જોઈએ, અને એ જો હશે તો એને કોઈ લઈ જઈ શકશે નહિ ?

(૨૮ માર્ચ ૧૯૭૩)

*

(ઑક્ટોબર ૧૯૬૭માં કેટલાક વિદ્યાર્થીઓ શિબિરોમાં બોલતી વેળાએ અચકાતા હતા. તેનું કારણ માનસિક તમોગ્રસ્તતા, અને શરમ, અને કોઈ સભા સમક્ષ બોલતાં અનુભવાતો ક્ષોભ

હતું. આ મુશ્કેલીઓ શ્રી માતાજી સમક્ષ રજૂ કરતાં તેઓએ આ પ્રમાણે જવાબ આપેલો :)

આ પ્રકારની પ્રવૃત્તિની પાછળનો મુખ્ય હેતુ જ તેઓ જે મુશ્કેલીઓ રજૂ કરે છે તે દૂર કરવાનો છે — આળસ, શરમ, તમોગ્રસ્તતા, વગેરે.

અને આટલા માટે જ મેં આ કાર્યક્રમ વર્ષમાં ચાર વાર ગોઠવવા કહેલું.

વિદ્યાર્થીઓ અહીં લહેરી જીવન ગાળવા આવ્યા નથી પણ દિવ્ય જીવનની તૈયારી કરવા આવ્યા છે.

જો તેઓ પ્રયત્ન કરવાનું ટાળે, આળસુ અને 'તામસિક' બની રહે તો તૈયારી કઈ રીતે કરશે ?

(૩૦ ઑક્ટોબર ૧૯૬૭)

૪

આશ્રમમાં શ્રી માતાજીના કાર્યની ઝાંખી

(૧)

આશ્રમ અને શાળામાં ફ્રેન્ચ

(બે ત્રણ શિક્ષકો આશ્રમની શાળામાં ઉપયોગમાં લેવાના શિક્ષણ માટેની ભાષાના માધ્યમ વિષે ચર્ચા કરી રહ્યા હતા. આ ચર્ચા શ્રી માતાજી સમક્ષ આ નોંધ સાથે રજૂ કરવામાં આવેલી : "શ્રી અરવિંદે તેમના કેળવણી ઉપરના પુસ્તકમાં કહેલું છે કે બાળકનું શિક્ષણ તેની માતૃભાષામાં થવું જોઈએ.")

શ્રી અરવિંદે એમ કહેલું અને બીજી ઘણી વસ્તુઓ કહેલી જેને લઈને એમની સલાહ સંપૂર્ણ બને, મતાગ્રહીપણું ઊભું થવાની શક્યતા ન રહે. શ્રી અરવિંદે ઘણી વાર કહેલું કે જો તમે એક વસ્તુનું પ્રતિપાદન કરતા હો તો એથી વિરુદ્ધના વસ્તુનું પ્રતિપાદન કરતાં પણ આવડવું જોઈએ, નહિ તો તમે સત્યને સમજી નહિ શકો.

(એ જ પત્રમાં એક શિક્ષકે આશ્રમમાં ફ્રેન્ચના ભાવિ વિષે શંકા ઉપસ્થિત કરેલી.)

આશ્રમમાં ફ્રેન્ચનું શિક્ષણ ચાલુ રહેશે. કંઈ નહિ તો હું જ્યાં સુધી અહીં છું ત્યાં સુધી, કારણ કે શ્રી અરવિંદ ફ્રેન્ચને બહુ ચાહતા અને સારી પેઠે જાણતા હતા અને એને ભાષાઓના જ્ઞાનમાં મહત્ત્વનો ભાગ ગણતા હતા.

(૨૩ ઑગસ્ટ ૧૯૬૫)

(ફ્રેન્ચ ભાષા સંબંધે વાતચીત કરતાં એક શિષ્યે શ્રી માતાજીનું ધ્યાન દોરીને કહ્યું કે હવે તો ઘણા ફ્રેન્ચ લોકો, ખાસ કરીને નવા આવનારાઓ, જેઓ ફ્રેન્ચ સારી પેઠે જાણતા હોય છે તેમની સાથે પણ અંગ્રેજીમાં વાતચીત કરે છે. શ્રી માતાજીએ પળભર એકાગ્રતા કરીને કહ્યું : 'એ એમનું કમનસીબ કહેવાય.' પછી એ શિષ્યે પૂછ્યું કે તેઓ આ બાબતમાં કોઈ સંદેશ આપશે કે કેમ ? તેમણે નીચેનો સંદેશો લખ્યો અને સૂચવ્યું

કે એને આશ્રમમાં અને શાળામાં મૂકવો અને એની એક નકલ 'ચૂંટેલાં પુસ્તકોનું પુસ્તકાલય'માં મૂકવી. એ માટે એ સંદેશની ફોટો કોપીઓ કરાવવામાં આવેલી.)

શ્રી અરવિંદ ફ્રેન્ચને બહુ ચાહતા હતા. તેઓ કહેતા હતા કે એ એક ચોક્કસ અને સ્પષ્ટ ભાષા છે, અને એને લઈને મનની સ્પષ્ટતા વધે છે. ચેતનાના વિકાસ માટે એ કિંમતી છે. ફ્રેન્ચ ભાષામાં આપણે કાંઈ કહેવાનું હોય તે ચોક્કસપણે કહી શકીએ છીએ. આશીર્વાદ.

(૧૯ ઑક્ટોબર ૧૯૭૧)

(૨)

ફ્રેન્ચ વર્ગોમાં કાર્યવ્યવસ્થા

(શિક્ષકોનું એક જૂથ અમુક વર્ગોનું પુનર્ગઠન કરવા માગતું હતું. એમાંના એકે શ્રી માતાજીને પૂછેલું કે તેમને કાંઈ વાંધો છે કે કેમ.)

કાંઈ વાંધો નથી. આવી બધી વસ્તુઓ તમારે તમારી અંદર સ્વતંત્રપણે ગોઠવી લેવી.

(જાન્યુઆરી ૧૯૬૧)

(બે શિક્ષકો વચ્ચે કામની બાબતમાં જરા ઉગ્ર ચર્ચા થયેલી. એમાંના એકે શ્રી માતાજી પાસે એ પ્રશ્નની રજૂઆત કરી અને તેમનો અભિપ્રાય માગ્યો.)

સાચું કહું તો **મારો કોઈ અભિપ્રાય નથી.** સત્ય દૃષ્ટિ અનુસાર બધી વસ્તુઓ ભયંકર રીતે ભેળસેળ થઈ ગયેલ છે; ઓછાવત્તા અંશે એ પ્રકાશ અને અંધકારનું, સત્ય અને અસત્યનું જ્ઞાન અને અજ્ઞાનતાનું સદ્‌ભાગ્યપૂર્ણ મિશ્રણ છે. અને જ્યાં સુધી નિર્ણયો લેવામાં અને કામ કરવામાં અભિપ્રાયોનો આધાર હશે ત્યાં સુધી એમ જ ચાલશે.

આપણે એક સત્ય દર્શનની ઉપર આધારિત કાર્યનું ઉદાહરણ રજૂ કરવા માગીએ છીએ પરંતુ દુર્ભાગ્યે આપણે હજી એ આદર્શ પ્રાપ્ત કરવાથી ઘણા દૂર છીએ;

અને કદાપિ સત્ય દર્શનને પ્રગટ કરવામાં આવે છે તો પણ એનો અમલ કરવામાં વિકૃતિ દાખલ થઈ જાય છે.

એટલે અત્યારે વસ્તુસ્થિતિ જે પ્રકારની છે તે જોતાં શું સાચું અને શું ખોટું, શું લક્ષ્યથી દૂર લઈ જાય છે અને શું લક્ષ્યની નજીક લઈ જાય છે તે કહેવું અશક્ય છે.

દરેક વસ્તુને પ્રગતિના કામમાં ઉપયોગી કરી શકાય છે, **દરેક વસ્તુનો** ઉપયોગ થઈ શકે, જો માણસને તેનો ઉપયોગ કરતાં આવડતું હોય તો.

અગત્યની વાત તો એ છે કે તમારે જે લક્ષ્યને સિદ્ધ કરવું છે તે કદી પણ તમારી નજર બહાર જવું ન જોઈએ અને દરેક સંજોગોનો ઉપયોગ આ હેતુને લક્ષ્યમાં રાખીને કરવો જોઈએ.

છેવટે, કોઈ વસ્તુથી વિરુદ્ધમાં નિર્ણય બાંધી ન લેવો, પરંતુ સંજોગો જે પ્રમાણે વિકાસ પામતા જાય તે જોતા રહેવું, એક સાક્ષીભાવ જાળવી રાખવો અને એવો વિશ્વાસ રાખવો કે સર્વ ડહાપણના ભંડારરૂપ પ્રભુ જે ઉત્તમ અને જરૂરી હશે તે કરશે.

(જુલાઈ ૧૯૬૧)

(એક શિક્ષકે તેના પ્રશ્નો અંગે શ્રી માતાજીએ આપેલા અંગત ઉત્તરો અનેક સાક્ષીઓને બતાવ્યા હતા. પાછળથી એને એ બદલ ખેદ થવાથી એણે શ્રી માતાજીને એ બાબતમાં તરત જાણ કરેલી.)

તમે જે કહેલું તેનો કાંઈ વાંધો નહિ. કારણ કે તમે જાણો છો કે, હું દરેક વ્યક્તિને, ખરા અંતરથી કહી શકું છું કે "હું સંમત છું." ખરું જોતાં એ એક એવી વસ્તુ છે જે તમારે સૌને માટે ગળે ઉતારવી મુશ્કેલ છે, કારણ કે મન વડે એનો ભાગ્યે જ સ્વીકાર થાય. પરંતુ દરેક દૃષ્ટિબિંદુની પાછળ એક એવું પાસું, કેટલીક વાર તદ્દન નાનકડું પાસું, એવું હોય છે જે **સત્યરૂપ** હોય છે, અને હું એ પાસા સાથે હંમેશાં સંમત થતી હોઉં છું — અલબત્ત એમાં શરત એટલી છે કે એ એક જ વસ્તુને અન્યને જુદી પાડીને સાચી માનવામાં આવે તેવી માગણી સ્વીકારી શકાય નહિ.

અને હું એક એવી પદ્ધતિની શોધ કરી રહી છું જેમાં આ સૌ પાસાંને તેમના યથાસ્થાને અને એકબીજાને હરકત ન કરે તેવી રીતે વ્યકત કરી શકાય. જે

દિવસે મને એ જડશે, તે દિવસથી હું શાળાની પુનર્વ્યવસ્થા કરવાની શરૂઆત કરીશ. ત્યાં સુધી તમે તમારા વિચારોને વાચા આપી શકો છો; જ્યાં સુધી તમે મતાગ્રહી ન હો, એકલા જ સાચા ન માનતા હો, ઉગ્ર ભાવ સેવતા ન હો અને કદી પણ લડતા ન હો, ત્યાં સુધી એમ કરવું એ તંદુરસ્ત પ્રણાલિકા છે.

(ઑગસ્ટ ૧૯૬૧)

(૩)

ફ્રેન્ચ શીખવનાર ભારતીય શિક્ષકોને ફ્રેન્ચનું શિક્ષણ

અભ્યાસ માટેનાં પાઠ્યપુસ્તકની પસંદગી

(એક યુવાન ભારતીય શિક્ષિકાને તેનું ફ્રેન્ચ સુધારવું હતું એટલે એણે શ્રી માતાજીને આલ્બર્ટ કૅમસના પુસ્તક લા પેસ્ટે વિષે તેમનો અભિપ્રાય પૂછ્યો.)

યુરોપિયનો જાડી ચામડીના હોય છે એટલે એમનામાં સાચી કરુણાની લાગણી જગાવવા અમુક વસ્તુઓ તેમને માટે સારી હોય છે. પરંતુ અહીં ભારતમાં તેની જરૂર નથી. અને વધુમાં, જીવન જેટલું તમોગ્રસ્ત છે જેથી વધુ અંધકારભર્યું ચિત્ર લેવાની જરૂર પણ નથી.

(શ્રી માતાજીએ જુલે રોમાંએ લખેલ રેશર્ચે દયુન એગ્લિઝનું સૂચન કરીને એ શિક્ષકને પોતાની પાસેની એ પુસ્તકની નકલ ફ્રેન્ચ શિક્ષિકાને મોકલી. એ શિક્ષકને એ પુસ્તકનાં અમુક પ્રકરણો 'આઘાતજનક' લાગ્યાં અને એણે પોતાની લાગણીઓ શ્રી માતાજી સમક્ષ કડક શબ્દોમાં જણાવી. શ્રી માતાજીએ કહ્યું :)

રેશર્ચે દયુન એગ્લિઝ પુસ્તક મારી પસંદગીનું હતું. જુલે રોમાં એક મહાન લેખક છે અને એનું ફ્રેન્ચ ઉચ્ચ કોટિનું છે. જ્યારે મેં અમુક ભાગ કાપી કાઢવાના કહેલા* ત્યારે મેં એ કારણસર કહેલું કે એમાંના અમુક ફકરા યુવાન સ્ત્રીના

* આ અગાઉના પત્રમાં શ્રી માતાજીએ લખેલું કે "કેટલાક ભાગ કાપી કાઢવામાં આવે તો જુલે રોમાંનાં પુસ્તકો સારાં છે, ખાસ કરીને રિશર્ચે દયુન એગ્લિઝ."

મગજ માટે સારા નથી. પરંતુ એવા ભાગ છોડી દેવાનું કામ સરળ હતું, બાકીનો ભાગ સારો છે.

(એ ફ્રેન્ચ શિક્ષકાએ પાઠ્યપુસ્તક માટેની એની શોધ ચાલુ રાખીને માર્ક બ્લાંક-પેના પુસ્તક લા ફ્રાંસ દ'એોજુદ' ઊઈનું સૂચન કરેલું.)

હું એ પુસ્તકને રસપૂર્વક વાંચી રહી છું. આ વખતે, આ સારું પુસ્તક છે.

(મે ૧૯૬૦)

*

કામ માટેના કાર્યક્રમની શોધ

(એ ફ્રેન્ચ શિક્ષિકાએ એના વિદ્યાર્થીઓ પૈકી એક ભારતીય શિક્ષકે અભ્યાસના વિષય તરીકે સંસ્કૃતિના ઇતિહાસની રૂપ-રેખાનો કાર્યક્રમ શ્રી માતાજી પાસે રજૂ કરેલો.)

હા, આ કામ રસ પડે તેવું બનશે પણ એ શરતે કે એનો પાયો શ્રી અરવિંદના હ્યુમન સાયકલ ઉપર આધાર રાખતો હોય (એ બુલેટિનમાં પ્રસિદ્ધ થઈ ગયું છે). કારણ કે એ પુસ્તકમાં માનવ ઉત્ક્રાંતિના સર્વ પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા છે તેમ જ તેમનો ઉકેલ પણ બતાવવામાં આવ્યો છે. જ્યારે જ્યારે શ્રી અરવિંદ કોઈ સંસ્કૃતિ અથવા કોઈ દેશનો ઉલ્લેખ કરતા હોય ત્યારે તેને અનુરૂપ ઐતિહાસિક તથ્યોનો અભ્યાસ કરવાથી આ કામ રસપ્રદ બનશે.

(સપ્ટેમ્બર ૧૯૬૦)

*

"ફ્રેન્ચના એક વર્ગમાં ભારતીય વિદ્યાર્થીઓ આધુનિક લેખકોનું સાહિત્ય વાંચવા ઇચ્છે છે કારણ કે એમાંની ભાષા જૂના મહાગ્રંથો કરતાં વધુ આધુનિક છે. શ્રી માતાજીનું શું માનવું છે?"

આધુનિક લેખકો વિષે હું જે કાંઈ જાણું છું તેને લઈને તેમને વિષે કાંઈ વધુ વાંચવાની મારી ઇચ્છા જ મરી ગઈ છે.

જાણી જોઈને કાદવમાં શા માટે ઊતરવું? એથી શો ફાયદો? પશ્ચિમના જગતનું જ્ઞાન અત્યારે કાદવમાં આળોટી રહ્યું છે. એની ભાગ્યે જ જરૂર હોય. આના ઉકેલ તરીકે, સાવધાનીપૂર્વક પસંદ કરેલા, ચૂંટેલા ફકરાઓ વધુ સારા પડશે.

(મે ૧૯૬૩)

(એક એવા શિક્ષકને અંગે આ વાત છે જેને ફ્રેન્ચ શીખવવા માટે એ ભાષાનો સઘન અભ્યાસ કરવાનો રહેતો અને સાથે સાથે એણે શાળાના કંઈક ભારે એવા સમયપત્રકને પણ અનુસરતા રહેવાનું રહેતું.)

હું સંપૂર્ણપણે સંમત છું ક્ષને ફ્રેન્ચ સારી પેઠે આવડી જાય એટલો સમય મળવો જોઈએ અને શિક્ષણનો કાર્યક્રમ એવી રીતે ગોઠવવો જોઈએ કે જેથી જ્યાં સુધી જરૂર હોય ત્યાં સુધી એ તમારી પાસેથી શિક્ષણ લેવાનું ચાલુ રાખી શકે.

(સપ્ટેમ્બર ૧૯૬૬)

(૪)

વિદ્યાર્થીઓને ફ્રેન્ચ શીખવવા વિષે

"અમે બાળકોની જોડણી કઈ રીતે સુધારી શકીએ?"

સામાન્ય રીતે, જોડણી માટે આપણે આપણી આંખોની મદદ લેવી જોઈએ. એમ થવું જોઈએ કે દરેક શબ્દની બાબતમાં **આંખની દૃષ્ટિએ** અમુક આકાર હોવો જોઈએ, જે તે યાદ રાખી શકે. દૃશ્ય સ્મરણશક્તિ, મનોમય સ્મરણશક્તિ કરતાં વધુ બળવાન હોય છે. તમારે ખૂબ ખૂબ વાંચવું જોઈએ — જુઓ, જુઓ, જુઓ, પાટિયા ઉપર, પુસ્તકોમાં, ચિત્રોમાં.

અને શૈલી, જાતિ અને વ્યાકરણની બાબતમાં પણ સારામાં સારી વસ્તુ તે ખૂબ ખૂબ વાંચવું તે છે. આ રીતે આ બધું અવચેતનામાં જાય છે. શીખવા માટેનો આ જ માર્ગ ઉત્તમ છે.

(જાન્યુઆરી ૧૯૬૨)

પરીક્ષાઓ વિષે

પરીક્ષાઓ તમને કોઈ બાળકનું **શૈક્ષણિક** મૂલ્ય જાણવામાં ઉપયોગી નીવડશે પરંતુ એથી એનું **સાચું** મૂલ્ય નહિ પરખાય.

બાળકના સાચા મૂલ્યની બાબતમાં કોઈ અન્ય વસ્તુ શોધવી પડશે. એ હવે પછી જોઈશું. એ વસ્તુ તદ્દન ભિન્ન પ્રકારની હશે.

હું સાચા મૂલ્ય અને શૈક્ષણિક મૂલ્યની વિરોધી તુલના કરતી નથી; એ

બંને એક જ વ્યક્તિમાં એક સાથે હોઈ શકે, પરંતુ એ એક એવી અસામાન્ય ઘટના છે જે બહુ જ ઓછા લોકોની બાબતમાં બને છે.

(૧૯૬૨)

(શાળામાં શીખવાતા ફ્રેન્ચ વિષેના એક શિક્ષકના પત્રના હાંસિયામાં શ્રી માતાજીની ટીકાઓ. એ વિદ્યાર્થીઓ કામની નોંધવહી રાખતા હતા.)

"બાળકો ફ્રેન્ચમાં પ્રગતિ ન કરવાનાં કારણોમાંનું એક તો એ છે કે શિક્ષકો તેમની ભૂલ સુધારતા નથી."

તદ્દન સાચું.

"નોંધવહીઓ સાથે કામ કરવું અસરકારક બનવા માટે સુધારાઓ કડકપણે થવા જોઈએ."

તદ્દન સાચું.

"મેં શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓ માટે બધાં જ મને ાયત્નો સુધારીને તૈયાર કરવા માંડ્યાં છે."

ઘણું સરસ.

"શિક્ષકોએ આ સુધારેલા પાઠ એકાદ વાર તો વાંચી જવા જોઈએ....

એક કરતાં પણ વધુ વાર.

....જેથી તેમને પોતાની ભૂલોનું ભાન થાય."

હા, તેમને એની ઘણી જરૂર છે.

"બાળકની પાસે આ સુધારેલો પાઠ હોય તે વધુ સારું જેથી એ પોતાના લેખન સાથે સરખાવી શકે."

હા, એ ઘણું ઉપયોગી છે.

"કેવળ ભૂલો નીચે લીટીઓ કરવાથી બાળકોને કશું પણ શીખવાનું મળતું નથી."

સાચું.

"મને ભય છે કે હું શિક્ષકો માટે જે સુધારેલા પાઠ તૈયાર કરું છું તેમને અદબપૂર્વક ટેબલના ખાનામાં રાખવામાં આવશે."

પ્રભુ બચાવે

"જો એમ બનશે તો બાળકો એક આખું વર્ષ કશા અર્થ વિનાની મહેનત કર્યા કરશે."

તમારું કહેવું ખરું છે. થોડાક અપવાદને બાદ કરતાં લગભગ બધા જ શિક્ષકો આળસુ છે. — તેમના વિદ્યાર્થીઓ કરતાં પણ વધારે.

"મને લાગે છે કે હું આપને આ ફ્રેન્ચ દ્વારા હેરાન કરી રહી છું."

ના, તમે મને હેરાન નથી કરતાં. તમારું કહેવું તદ્દન ખરું છે.

"મને એમ લાગે છે કે ઘણી બધી શુભેચ્છાનો દુર્વ્યય થાય બાળકોની શુભેચ્છા એળે જાય છે કારણ કે વર્ગોમાં સારું વાતાવરણ હોવા છતાં, જે કામ થાય છે તે અસરકારક નથી. અને જરૂરી કામ થતું નથી."

હા.

(૨૫ ડિસેમ્બર ૧૯૬૨)

(૫)

પસંદ કરેલાં પુસ્તકોનું પુસ્તકાલય

(એક શિક્ષકની ધ્યાનમાં એવું આવ્યું કે જો આ પુસ્તકાલયને તેના નામને અનુરૂપ બનાવવું હોય તો એમાંનાં મોટા ભાગનાં પુસ્તકો ત્યાં ન હોવાં જોઈએ. એણે શ્રી માતાજીને અનેક મુલાકાતો દરમ્યાન આ વિષે વાત કરેલી. તેનું પરિણામ આ મુજબ :)

પસંદ કરેલાં પુસ્તકોના પુસ્તકાલય સંબંધે શ્રી માતાજીની સલાહ.*

બધી નવલકથાઓ કાઢી નાખો.

કેવળ તત્ત્વજ્ઞાન, કલા, વિજ્ઞાન વગેરેનાં અભ્યાસપૂર્ણ પુસ્તકો રાખો.

સારી વસ્તુ તો એ છે કે એ પુસ્તકોની યાદી બનાવીને થોડે થોડે કરીને શ્રી માતાજી પાસે રજૂ કરવી જેથી તેમને ખબર પડે કે તેમાં શું છે.

આ એક અગત્યની બાબત છે.

(શિક્ષકે 'અભ્યાસપૂર્ણ પુસ્તકો' શબ્દનો અર્થ પૂછ્યો. શ્રી માતાજીનો ઉત્તર :)

જે કોઈ પુસ્તકોનો હેતુ કંઈક શીખવવાનો હોય તે.

આ પુસ્તકાલય પાછળનો હેતુ એ છે કે વિદ્યાર્થીઓ સારું ફ્રેન્ચ શીખે અને ફ્રેન્ચ ચિંતનમાં જે કાંઈ ઉત્તમ છે તે શીખે.

એમાં કેવળ અભ્યાસપૂર્ણ પુસ્તકોનો જ સમાવેશ થવો જોઈએ એટલે કે જે પુસ્તકો શિક્ષણાત્મક હોય, જેમ કે તત્ત્વજ્ઞાન, કલા, વિજ્ઞાન વગેરે.

એમાં બહુ ઓછી નવલકથાઓ હોવી જોઈએ (વિદ્યાર્થીઓ નવલકથાઓ વધુ પડતી વાંચે છે), અને આધુનિક નવલકથાઓ તો બિલકુલ નહિ, સિવાય કે તેઓ કોઈ ખાસ સારી ગુણાવત્તા ધરાવતી હોય.

આ પુસ્તકાલયમાં સાહિત્યને સ્થાન છે, કારણ કે વિદ્યાર્થીઓને સાહિત્ય શું છે તેનું ભાન થાય.

પુસ્તકો પસંદ કરતી વેળાએ સૌથી અગત્યની વસ્તુ લક્ષમાં રાખવાની એ છે કે એની ભાષા અને શૈલી ઉત્તમ કક્ષાની હોવી જોઈએ,* જેમ ફ્લૉબર્ટમાં છે તેમ કોઈ "અદ્ભુત" વસ્તુ હોય. કોઈ ભાષાંતરો ન રાખવાં, સિવાય

---

*આ નોંધ શ્રી માતાજી બોલ્યાં કે તરત જ લખી લેવામાં આવેલી અને જ્યારે તેમને વાંચી બતાવવામાં આવી ત્યારે તેમણે તરત જ એની ઉપર "મંજૂર" શબ્દો લખી આપેલા.

કે તે બહુ વિખ્યાત પુસ્તકોનાં હોય — એ બહુ ઓછાં છે એટલા કારણે જ આપણે એમને ઉત્તમ ગ્રંથો ન ગણી શકીએ ?[૧]

(પસંદગીનાં પુસ્તકોના પુસ્તકાલયમાં કાઢી નાખવાનાં પુસ્તકો વિષે, શ્રી માતાજીએ કહેલું :)

એમને એક ખાસ સ્થળે, એક ખાસ રૂમમાં મૂકવાં, એને "ખરાબ પુસ્તકો" એવું નામ આપવું એટલે જેમને એમાં શું છે તેનો અભ્યાસ કરવો હોય ત્યારે કરી શકે.

જ્યારે પુસ્તકો મંગાવો ત્યારે ઘણી કાળજી રાખવી.

'પસંદગીનાં પુસ્તકોના પુસ્તકાલય'નો પ્રશ્ન અગત્યનો છે.

પસંદગીનાં પુસ્તકોના પુસ્તકાલય માટે સંદેશ

આ પુસ્તકાલયનો હેતુ સારું ફ્રેન્ચ શીખવવાનો છે.

૧. પુસ્તકો સારી શૈલીમાં લખાયેલાં હોવાં જોઈએ.

૨. શિક્ષણની દૃષ્ટિએ રસપ્રદ હોય તેવાં પુસ્તકોને પ્રથમ પસંદગી આપવી.

૩. નવલકથાઓ ખાસ વિશિષ્ટ પ્રકારના સારા લખાણવાળી હોય તો જ રાખવી.

૪. બહુ જ થોડાં ભાષાંતરો — પ્રખ્યાત પુસ્તકોનાં જ.

૫. બાકીનાં બીજાં બધાં મોટા પુસ્તકાલયમાં મોકલી આપો : એવી નોંધ સાથે કે આ પુસ્તકો ભલામણપાત્ર નથી.[૨] (૧૯૭૧)

(એ શિક્ષકે એક પત્ર શ્રી માતાજીને વાંચી સંભળાવ્યો જેમાં અન્ય વસ્તુઓ સાથે આ પ્રમાણે લખેલું હતું : "મને લાગે છે કે પસંદગીની ચોપડીઓના પુસ્તકાલયમાંનાં ઘણાંખરાં પુસ્તકો બદલી શકાય તેમ છે કે જેથી તેમનું ધોરણ જરા ઊંચું આવે. આપ કહો કે આપ આમ કરવાને અનુમોદન આપો

---

૧. આ શિક્ષકે વાર્તાલાપને નોંધી લઈને શ્રી માતાજીને વાંચી સંભળાવતાં તેઓએ "મંજૂરી"ની સહી કરેલી.

૨. આ સંદેશ શ્રી માતાજીએ લખાવીને સહી કરેલી.

છો કે કેમ કે જેથી હું તેમ કરવા પ્રયત્ન કરું.'' શ્રી માતાજીએ ભારપૂર્વક, મૌખિક ઉત્તર આપેલો :)

મારું સંપૂર્ણ અનુમોદન છે. એમ કરવું અનિવાર્ય છે. આપણે આવી કક્ષાએ ઊતરી પડ્યાં છીએ! દરેક વસ્તુમાં! આહ, હું સંપૂર્ણપણે સંમત છું.

(૧૯૭૨)

(૬)

દસથી બાર વર્ષનાં બાળકોના વર્ગમાં શ્રી માતાજીનું કાર્ય

''આપણે નાનાં બાળકોને ફ્રેન્ચ કઈ રીતે શીખવવું?''

સારામાં સારું એ કે એમને બહુ સાદા શબ્દો અને વાક્યો વાપરીને એમને સમજાય તેવી રીતે કોઈ વાર્તા કહેવી (નાની વાર્તા, રસ પડે તેવી કે રમૂજી), અને પાછળથી તેમને તેમણે જે સાંભળ્યું હોય તે લખી લાવવા વર્ગમાં કહેવું.

''હા, પણ બાળકો બહુ ઘોંઘાટ કરે છે.''

અમુક ઓછા ઓછા પ્રમાણમાં શાંતિ જરૂરી છે. હું જાણું છું કે અત્યંત તોફાની બાળકો ઘણુંખરું ઘણાં બુદ્ધિશાળી હોય છે. પણ તેઓ આજ્ઞાપાલક બને તે માટે તેમના ઉપર કોઈ એવી બુદ્ધિનું દબાણ લાગવું જોઈએ કે જેમના કરતાં વધુ હોય. અને એમ કરી શકાય માટે તમારે છેક તેમની કક્ષા સુધી ઊતરતાં શીખવા ઉપરાંત વધુમાં તેઓ જે કાંઈ કરતાં હોય તેથી અવિચલિત રહેતાં આવડવું જોઈએ. હકીકતમાં આ એક યોગને લગતો પ્રશ્ન છે.

''જો શિક્ષકમાં શાંતિ હોય તો આ સર્વ પ્રશ્નોનો ઉકેલ આવે?''

હા, પરંતુ એમ થઈ શકે તે માટે સ્વરૂપના સર્વ ભાગોમાં એવી સંપૂર્ણ શાંતિ હોવી જોઈએ કે એની શક્તિ એની મારફત વ્યકત થઈ શકે.

(બાળકોની નોટબુકો શ્રી માતાજીને તપાસવા મોકલેલી.)

મેં કોઈ જાતનું વર્ગીકરણ કર્યા વિના, બાળકોનાં પુસ્તકોમાં માર્ક મૂક્યા છે. આ પ્રકારનું વર્ગીકરણ જરૂરી છે? દરેકમાં જુદી જુદી આવડત હોય છે અને એનું વર્ગીકરણ કરવું મુશ્કેલ છે. (જૂન–જુલાઈ ૧૯૬૦)

*

(એક શિક્ષકના પત્રમાંથી અવતરણ:) "આપ મારા પર વિશ્વાસ રાખો છો અને આપને લઈને હું પણ બાળકો ઉપર વિશ્વાસ રાખું છું; મને પોતાને લાગે છે ત્યાં સુધી, હું કાંઈ જાણતો નથી તેમ જ મારે કંઈ જોઈતું નથી, સિવાય કે જે વસ્તુની આપ મારી પાસેથી અપેક્ષા રાખતાં હો. કેવળ એટલું જ માગું છું કે મારે દરેક ડગલે આપ મને બતાવતાં રહો કે મારે શું ઉત્તર આપવા. અમને આપ દોરવણી આપો કે જેથી કરીને અમે નીરવપણે અમારાં હૃદયોનાં ઊંડાણોમાંથી તમારું અનુસરણ કરતાં રહીએ પછી એનું બાહ્ય પરિણામ જે આવવાનું હોય તે ભલે આવે. કેવળ બાળકોને આપની શાંતિ અને પ્રેમમાં ખીલવા દો અને અમને સૌને તમારી સાથે રાખો."

વર્ગ, બાળકો, તમે અને મારી વચ્ચે જે સંબંધ સ્થપાયેલો છે એ સાચે જ અત્યંત અગત્યનો છે અને ગમે તે મૂલ્ય ચૂકવવું પડે તો પણ એને જાળવી રાખવો જોઈએ. પરંતુ એનો આધાર બાહ્ય રચનાઓ કે સ્થળ વ્યવસ્થાઓ કરતાં **અંતરના વલણ** ઉપર વધુ આધાર રાખે છે. ખરું જોતાં, આવું જ **વલણ** આખી યે શાળામાં, વર્ગોમાં, સૌ શિક્ષકોમાં અને વિદ્યાર્થીઓમાં હાજર હોવું જોઈએ. આ વસ્તુ પ્રાપ્ત કરવી જોઈએ. અને એને માટે પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

(વર્ગમાં ઘણો સુધારો થયો હતો; શિક્ષકે લખ્યું :)
"આ સર્વ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે તેનું કારણ આપનું અમારી અંદર થતું કાર્ય છે, ખરું ને?"

હા. અવશ્ય.

(શિક્ષકે પૂછ્યું કે શ્રી માતાજી સાથે જે પ્રયોગ ચાલી રહ્યો હતો તે જોતાં, પછીના વર્ષમાં પણ બીજાં બાળકોનું ગ્રૂપ લેવા કરતાં એનાં એ જ બાળકો ચાલુ રાખવાં સારું ખરું કે નહિ.)

આ એક પ્રયોગ હોય તો એવો હોવો જોઈએ કે જે નમનીય હોય અને બાળકોનાં અલગ અલગ ચારિત્ર્યને અનુસરીને વિગતોમાં જે કાંઈ ફેરફાર કરવા પડે તે કરવાની ક્ષમતા સાથે સૌ બાળકોને લાગુ પાડી શકાય તેવો હોવો જોઈએ. એટલે તમે ખાતરી રાખજો કે આ પ્રયોગ ચાલુ રહેશે — કેવળ બાળકો એનાં એ નહિ હોય.

(શિક્ષકે બાળકોમાં કાર્યકારી જૂથોની ગોઠવણી કરી હતી. એનાં પરિણામો અલગ અલગ આવ્યાં અને વર્ગમાં ઘોંઘાટ થવા લાગ્યો. શિક્ષકે પૂછ્યું કે તેમણે આમ ને આમ ચાલુ રાખવું કે કેમ.)

એમનો પ્રયોગ ચાલુ રાખવા દો. ધીરે ધીરે પરિસ્થિતિ થાળે પડશે અને પરિણામોમાં સુધારો આવશે.

(એક ઉત્તમ ગાળા પછી, બાળકો સાથેનું કાર્ય મુશ્કેલ બન્યું.)

આ ઢીલાશ આવવાનું કારણ બેશક આગામી રજાઓ છે.

(ઑક્ટોબર ૧૯૬૦)

(૭)

સાતથી નવ વર્ષનાં બાળકોના વર્ગમાં શ્રી માતાજીનું કાર્ય

(બાળકોએ જે વિચારો વ્યક્ત કર્યા તે ઉપરથી શ્રી માતાજીએ વર્ગનું નામ ઓજસ્વી તરુ એવું પાડ્યું. તેમણે કહ્યું :)

વૃક્ષ એટલે જીવનતત્ત્વ, જે અભીપ્સાપૂર્વક વિકાસ પામે છે. સૂર્ય એ સત્યનો પ્રકાશ છે.

બુદ્ધિના ઠંડા તેજવાળા વૃક્ષથી જીવનરૂપી વૃક્ષને વિકસવા અને પ્રફુલ્લિત થવામાં સહાય મળતી નથી, એ કામ તો સત્યની જ્યોત વડે થાય છે, એ સૂર્ય છે, જે પોતાનાં આનંદપૂર્ણ કિરણો પૃથ્વી ઉપર રેલાવે છે.

(શિક્ષકે જુદી જુદી જાતની પ્રવૃત્તિઓ ગોઠવેલી, જેવી કે બગીચાકામ, પૂંઠામાંથી પ્રાણીઓનો બાગ બનાવવો, કોશેટાનું નિરીક્ષણ કરવું વગેરે. બાળકોને આમાં મઝા પડી પરંતુ પછીથી તેઓ એથી આગળ જઈને કોઈ બુદ્ધિનો ઉપયોગ માગી લે તેવું કામ કરવામાં પાછાં પડવા લાગ્યાં.)

શરૂઆત સારી છે. એમાંથી કુદરતી રીતે બૌદ્ધિક પ્રવૃત્તિઓનો વિકાસ થશે, અને વચગાળાના સમયમાં જે કાંઈ કામ કાળજીથી કરવામાં આવે તે કંઈ ને કંઈ શીખવાની તકરૂપ ગણવું.

(એ જ વ્યવહારુ પ્રશ્નોના ઉત્તર.)

૧. બાળકોને વર્ગમાં રમવા માટે પણ પૂરી ન મૂકવાં.

૨. શાંતિ અને એકાગ્રતાની એક ક્ષણ **સૌ બાળકો માટે** સારી છે. પરંતુ **પ્રાર્થના કરવાનું ફરજિયાત હોવું જોઈએ.** જેમને એ કરવી હોય તેમને ઉત્તેજન આપવામાં આવશે. મારું સૂચન છે કે તમે વર્ગમાં મોટા અક્ષરે લખેલું આ પ્રમાણેનું બોર્ડ મૂકો.

"શ્રી માતાજી અહીં આપણને સહાય કરવા
અને માર્ગદર્શન આપવા સદાય હાજર છે."

ઘણાં બાળકો સમજશે, અને કેટલાકનામાં તે અનુભવી શકવાની ક્ષમતા પણ છે.

(ડિસેમ્બર ૧૯૬૦)

*

(શિક્ષકને જણાયું કે તેનાં બાળકો તોફાની, આળસુ અને પોપટની માફક બોલ બોલ કરતાં હતાં. તેણે પૂછ્યું :) એમને અભ્યાસ કરવા પ્રત્યેનું વલણ નથી એટલે આમ થતું હશે ?

હા.

"વર્ગમાં શાંતિ જળવાય અને બાળકો કાંઈ કામ કરી શકે તે માટે અમે શું કરીએ ?"

અસરકારક વસ્તુ કેવળ એ જ છે કે એમનામાં અભ્યાસ પ્રત્યે **સાચો** રસ ઊભો કરવો, ભણવાની અને જ્ઞાનપ્રાપ્તિની જરૂરિયાત પ્રત્યે રસ ઊભો કરવો અને તેમની **જિજ્ઞાસા વૃત્તિને જાગ્રત કરવી.**

(શિક્ષકે કંઈ પરિણામ ન આવ્યાની ફરિયાદ કરી.)

મહિનાઓ અને વર્ષો સુધી આ પ્રમાણે ચીટકી રહીને, નિયમિત અને મરણિયા પ્રયત્નો કર્યા પછી કોઈ સાચી રીતે (ત્યારે પણ?) કહી શકે કે આવો પ્રયત્ન નકામો છે.

"શું કરવું ?"

ફરજ પાડવી એ કેળવણીનો કોઈ ઉત્તમ કે અસરકારક સિદ્ધાંત નથી.

સાચું શિક્ષણ એ કહેવાય જે વિકાસ પામતાં સ્વરૂપોમાં પહેલેથી જ હોય તેને **પ્રગટ** કરે અને તેને ખીલવા દે. જેવી રીતે પુષ્પો સૂર્યના તડકામાં ખીલે છે

તેવી જ રીતે બાળકો આનંદમાં ખીલે છે. એ તો કહ્યા વિના પણ સમજાય તેવું છે કે આનંદ એટલે નિર્બળતા, અવ્યવસ્થા અને ધોંધાટ તો નહિ જ. પરંતુ એક એવી જાજ્વલ્યમાન માયાળુતા કે જે સારી વસ્તુને ઉત્તેજન આપે અને જે બૂરી હોય તેની પાસે આગ્રહ ન રાખે.

"શ્રી માતાજી વર્ગમાં કાર્ય કરી શકે તે માટે શું કરવું?"

કોઈ પણ પદ્ધતિ કે પ્રક્રિયા પોતાની રીતે ખોટી નથી, દરેક વસ્તુ તે કયા ભાવ-પૂર્વક કરવામાં આવે છે તેના ઉપર આધાર રાખે છે.

જો તમારે મારી મદદ જોઈતી હોય તો, કાર્ય કરવાનો એક સિદ્ધાંત સ્વીકારીને અને બીજાનો અસ્વીકાર કરીને પ્રાપ્ત નહિ કરી શકો, પરંતુ વર્ગની શરૂઆત કરતાં પહેલાં એકાગ્રતા કરીને, તમારા હૃદયમાં (અને બને તો મસ્તકમાં પણ) નીરવતા અને શાંતિ સ્થાપીને, અને **મારી હાજરીને સાચા અંતરની અભીપ્સાપૂર્વક બોલાવીને** એમ કરી શકશો. એમાં હું તમારાં સર્વ કાર્યોની પાછળ હોઉં, તમે જે માનતા હો કે હું આમ કરું તેમ નહિ (કારણ કે એ પાયા વિનાનો અભિપ્રાય હોઈ શકે અને ખોટો જ હોય) પણ નીરવતા અને નિશ્ચલતા અને અંતરના સ્વયંભૂ ભાવપૂર્વક અભીપ્સા રાખો. તમારી મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો માર્ગ આ જ છે.

અને જ્યાં સુધી તમે આ સિદ્ધ કરી શકો ત્યાં સુધી, શાંતિ અને ખંત-પૂર્વક, તમારી પોતાની ક્ષમતા અને સંજોગો પ્રમાણે, સરળતાથી અને ક્ષુબ્ધ થયા વિના તમારાથી બને તેટલી ઉત્તમ રીતે કાર્ય કરતા રહો.

જે સારી રીતે કરવું હોય છે તેને માટે કૃપા હંમેશાં ઉપલબ્ધ હોય છે.

"શ્રી માતાજી 'ખંત' રાખવાનું કહે છે તે બાળકો સાથેના કામમાં કઈ રીતે લાગુ પાડી શકાય?"

મેં નોટબુકમાં જે વસ્તુ કહી તેનો ભાવાર્થ એ હતો કે જ્યાં સુધી **અંતરનો મનોવૈજ્ઞાનિક ફેરફાર** બહારનું પરિવર્તન સરળપણે સિદ્ધ ન કરે ત્યાંથી પોતે જે કરત હોઈએ તે શાંતિપૂર્વક કર્યે જવું. આને હું ખંત કહું છું.

(જાન્યુઆરી ૧૯૬૧)

*

"કામ અને શિસ્ત ઢીલાં પડતાં જાય છે. એનું કારણ શિક્ષકોનો પ્રાણ હડતાલ પર ગયો છે એવું હશે?"

જરૂર એમ જ. પ્રાણ જ્યારે સહકાર આપતો બંધ થાય છે ત્યારે શક્તિ મંદ પડે છે અને કામ પણ ઢીલું થાય છે. બાળકો એટલાં બધાં મનમાં જીવતાં નથી કે જેથી તેઓ જે મનોમય સંકલ્પને પ્રાણની શક્તિનો પાયો ન હોય તેને અનુસરી શકે. પ્રાણમય શક્તિની અસર તો તેની હાજરી માત્રથી થાય છે. એને માટે કોઈ બાહ્ય દેખાવની જરૂર નથી પડતી. જ્યારે પ્રાણનો સહકાર હોય છે ત્યારે મારી શક્તિ એની મારફત કાર્ય કરે છે અને એની પ્રાણમાં હાજરી હોવા માત્રને લઈને આપોઆપ વ્યવસ્થા સ્થપાઈ જાય છે.

જે મનોમય શક્તિ ઉપર પ્રાણમય આવરણ ન હોય તેની પ્રત્યે નાનાં બાળકો બહુ સંવેદનશીલ હોતાં નથી. અને પ્રાણમય શક્તિ ધારણ કરવા માટે તમારે પોતે જ **સંપૂર્ણપણે શાંત** બન્યા રહેવું જોઈએ.

(શિક્ષકે એવી દરખાસ્ત મૂકી કે આ બાળકોને જેમાં રસ પડતો હોય તેવા કાર્યક્રમથી શરૂઆત કરવી.)

હા, એ એક સારો વિચાર છે. એક મિત્રતાભર્યું સહકારી વાતાવરણ હોય તે ઉત્તમ વસ્તુ છે.

(ફેબ્રુઆરી ૧૯૬૧)

*

"એક મુશ્કેલીભર્યો સમય શરૂ થઈ રહ્યો છે. શિક્ષકનું વલણ કેવું હોવું જોઈએ?"

કેવળ ચૈતસિક પ્રેરણા જ સાચી હોય છે. જે કાંઈ પ્રાણ અને મનમાંથી આવતું હોય છે, તે હંમેશાં અહંકારથી મિશ્રિત અને પાયા વિનાનું હોય છે. તમારે બાહ્ય સંપર્ક પ્રત્યેના **પ્રતિકાર્ય** દ્વારા કામ ન કરવું જોઈએ, પણ એક પ્રેમ અને શુભેચ્છાની અવિચલિત દૃષ્ટિ રાખવી જોઈએ. બીજું બધું કેવળ મિશ્રાણ હોય છે અને એનાં પરિણામો ગોટાળાભર્યાં અને મિશ્રિત આવે છે અને એને લઈને ગેરવ્યવસ્થા વધે છે.

(એક શિક્ષકના પત્રમાંથી અવતરણ :) "મને એમ લાગે છે કે હું મનોમય આવેગોના બળ હેઠળ જ કામ કરું છું અને પરિણામે લક્ષ્યને ચૂકી જવાય છે. માટે જ, હું બહુ ઓછો હસ્તક્ષેપ કરું છું છતાં મને લાગે છે કે એ ખરી વસ્તુ નથી. અને હું ધારું છું કે હું આપની પાસેથી શીખ્યો છું કે બાહ્ય હસ્તક્ષેપ કરતાં અંદરની શાંતિ વધુ અસરકારક હોય છે.

વળી એમ પણ લાગે છે કે હું એક અનુભૂતિમાંથી પસાર થઈ રહ્યો છું, કદાચ બાળકો માટે પણ એ વસ્તુ સાચી હશે, અને હકીકતમાં અમે સૌ સાથે આ અનુભૂતિમાંથી પસાર થઈ રહ્યા છીએ, અમે એક જ નાવમાં મુસાફરી કરીએ છીએ અને એનો અર્થ અને પરિણામ પ્રભુના હાથમાં છે." *

પ્રશ્ન જેટલો પ્રથમ દૃષ્ટિએ જણાય છે તેથી વધુ દૂરગામી છે. હકીકતમાં એ બાળકોની પ્રાણશક્તિઓનો સર્વ પ્રકારની શિસ્ત અને બંધન સામેનો બળવો છે. સામાન્ય અને સહજ વસ્તુ તો એ થાય છે કે શિસ્ત વિનાનાં બાળકોને શાળામાંથી કાઢી મૂકવાં અને "સારાં"ને જ રાખવાં. પરંતુ આ તો એક હાર અને દરિદ્રતા કહેવાય.

જો, નિતાંત શાંતિપૂર્વક, અંતરની શક્તિ વહાવીને તમે આ બળવાને છેવટે કાબૂમાં લઈ શકશો તો એ એક પરિવર્તન અને સાચી સમૃદ્ધિ બનશે. હું એ માટે જ પ્રયત્ન કરું છું અને આશા રાખું છું કે મારા કાર્ય સાથે સહકાર કરવાનો ચાલુ રાખવાનું તમારે માટે શકય બનશે. અને જ્યારે હવે તમને સમજાયું છે કે મારે શું કરવું છે, અને કાર્યની પ્રક્રિયા અને પદ્ધતિ પણ તમે જાણી છે એટલે મને આશા છે કે આપણે સફળ થઈશું. આપણે પાછા પડવાની તૈયારી રાખવી જોઈએ અને એથી નિરુત્સાહ ન થવું જોઈએ.

જે બાળકોમાં બુદ્ધિનો વિકાસ ખાસ નથી થયો હોતો તેમની પ્રાણમય શક્તિઓ, જ્યોતિનો સ્વીકાર કરતાં પહેલાં જક્કીપણે લડ્યે જાય છે અને ત્યાર પછી જ પોતાનું તેની દ્વારા પરિવર્તન થવા દે છે. પરંતુ અંતે વિજય તો નિશ્ચિત છે, આપણે રાહ જોતાં અને સહન કરતાં શીખી લેવું જોઈશે.

(શિક્ષકે શ્રી માતાજી સાથે સહકાર થઈ શકે તે કારણે વર્ગ માટે જરૂરી પ્રકાશ, પ્રેમ, નમનીયતાની પ્રાર્થના કરી.)

---

* શ્રી માતાજીએ આ અવતરણ નીચે લીટી કરીને લખેલું: "આ ખરું છે."

આ બધું સતતપણે તમારી સાથે છે. ખુલ્લા રહો અને એને કાર્ય કરવા દો.

(માર્ચ ૧૯૬૧)

*

(શિક્ષકની યોજના બાળકોનાં જૂથો બનાવી કાર્ય કરવાની હતી. પ્રશ્ન એ હતો કે તેણે એ જૂથો પોતે, એ બાળકોનાં ધોરણોને અનુલક્ષીને બનાવવાં કે બાળકોને જેમની સાથે મેળ બેસે તે પ્રમાણે તેમને જ તેમનાં જૂથ ગોઠવવા દેવાં.)

બાળકોને તેમની સ્વાભાવિક પરસ્પરની લાગણીઓ અનુસાર જૂથો ગોઠવવા દો.

"જો શિક્ષકનામાં પોતામાં શાંતિ હોય તો અનિવાર્યપણે વર્ગમાં એવી શાંતિ આવી જ જાય જેમાં "એક શાંત વાતાવરણમાં દરેક વ્યક્તિ પોતાના લય અને ક્ષમતા અનુસાર, ધોંધાટ કે ચંચળતા વિના, અધીરાઈ કે આળસ વિના કાર્ય કરી શકે...?"

જો તમારી ભીતરની શાંતિ સર્વગ્રાહી, આંતર તેમ જ બાહ્ય હશે, એનો પાયો પ્રભુની હાજરીના સંવેદન ઉપર હશે, એમાં ફેરફાર થતો નહિ હોય, એટલે કે સર્વ સંજોગોમાં એ સતત અને ફેરફાર વિનાની હશે તો નિઃશંકપણે એ સર્વ શક્તિમાન હશે, બાળકો ઉપર તેમની અનિવાર્યપણે અસર થશે, અને વર્ગમાં તમારે જે વસ્તુ જોઈએ છે તે સ્વયંભૂ અને લગભગ આપોઆપ સ્થપાઈ જશે. *

(એપ્રિલ ૧૯૬૧)

*

(શિક્ષકને એમ લાગતું કે બાળકોમાં કામ કરવાનું ગમવાની અને એમાં આનંદ લેવાની વૃત્તિ ખીલવી જોઈએ. શ્રી માતાજીએ કહ્યું:)

---

* આ સંદેશ અપાયા પછી વર્ગમાં નિશ્ચિતપણે શાંતિની પુનઃ સ્થાપના થઈ ગયેલી.

તમે શાળા, વર્ગ અને કામ વિષે જે કહો છો તે ખરું છે અને મારી અનુમતિ છે અને તમે જે વ્યવસ્થા ગોઠવવા પ્રયત્ન કરો છો તેને મારી સંપૂર્ણ મંજૂરી છે.

(શ્રી માતાજીએ બાળકોને પણ આ બે સંદેશ મોકલેલા.)

જો તમને કામ કરવું નહિ ગમતું હોય તો હંમેશાં જીવનમાં દુઃખી થશો. જીવનમાં સુખી થવું હોય તો **કામ કરવા પ્રત્યે પ્રેમ જાગવો જોઈએ.**

(જુલાઈ ૧૯૬૧)

*

આ વર્ગનાં બાળકોને ઉદ્દેશીને લખાયેલા શ્રી માતાજીના અન્ય સંદેશાઓ

મારાં વહાલાં બાળકો, કામ કરવા પ્રત્યે **પ્રેમ** રાખો અને તમે સુખી થશો. ભણવા પ્રત્યે પ્રેમ રાખો અને તમે પ્રગતિ કરશો.

(બાળકોએ તેમના શિક્ષક સાથે આખા વર્ષ માટે એક કાર્યક્રમ નક્કી કર્યો. ફ્રેન્ચમાં બોલવું, સારી રીતે વાંચવું. ભૂલો વિનાનું ફ્રેન્ચ લખવું, બરાબર ગણતાં શીખવું, ગણિતના દાખલા સમજવા, સરવાળા–બાદબાકી–ગુણાકાર–ભાગાકાર શીખવા. શ્રી માતાજીએ વર્ગની નોંધપોથીમાં લખ્યું :)

મારાં વહાલાં બાળકો, મેં તમારો પત્ર વાંચ્યો છે અને હું એ વિષયમાં સંમત છું કે જો વર્ષને અંતે તમે યાદી કરેલી સર્વ વસ્તુઓ શીખી લીધી હોય તો ઘણું સારું થાય. પરંતુ એક મુદ્દા પ્રત્યે હું તમારું ધ્યાન દોરવા માગું છું કારણ કે એ કેન્દ્રસ્થ મુદ્દો છે અને સૌથી અગત્યનો છે: તમે વર્ગમાં કેવું વલણ રાખો છો, કયા પ્રકારની મનોદશા સાથે તમે શાળામાં આવો છો.

તમે વર્ગમાં રોજ હાજરી આપો છો તેનો ફાયદો ઉઠાવવો હોય તો તમારે ત્યાં એક ખરા અંતરથી શીખવાની ઇચ્છા સાથે જવું જોઈએ. પરંતુ ધ્યાન આપવું જોઈએ, એકચિત્ત રહીને તમારા શિક્ષક જે કહેતા હોય તે સાંભળવું જોઈએ અને શાંતિથી ગંભીર ભાવે કાર્ય કરવું જોઈએ.

જો તમે અભાન અને ખરાબ રીતભાતવાળાં બાળકોની જેમ તમારો સમય બૂમ-બરાડા પાડવામાં, ગભરામણમાં અને દરેક વસ્તુને ઊંધીચત્તી કરવામાં ગાળશે,

તો તમારો સમય બરબાદ થશે, તમારા શિક્ષકનો સમય બગડશે અને તમને કશું પણ નહિ આવડે. વર્ષને અંતે મારે કહેવું પડશે કે તમે ખરાબ બાળકો છો અને ઉપર વર્ગમાં મોકલવા લાયક નથી.

તમારે વર્ગમાં આવવાનું હોય તો ભણવાનો સંકલ્પ લઈને આવવું, નહિ તો એ સમયનો દુર્વ્યય છે, કારણ કે તમારા એકલાની ગેરવર્તણૂકથી બીજા બધાને ગરબડ પહોંચશે. એટલે તમે આ પ્રકારનો નિર્ણય લો એવી મારી ઇચ્છા છે : સારા બનીએ, શાંત, એકાગ્ર ચિત્ત અને સખત પરિશ્રમ કરીએ. આ નોટબુકમાં તમે મને એમ કરવાનું વચન આપો.

અને તમે દરેક પોતાની સર્વ શુભેચ્છા સાથે લખી રહો ત્યારે આ નોટબુક મને પાછી મોકલજો કે જેથી હું તમને મારા આશીર્વાદ આપી શકું.

(૧૯૬૧ની શરૂઆતનો ગાળો)

(બાળકો ટટાર બેસતાં નથી અને તેમના અક્ષર સારા નથી. શ્રી માતાજીએ લખ્યું :)

સીધા બેસવું અને કઢંગી રીતે બેસવું બંનેમાં સરખો શ્રમ પડે છે. જ્યારે તમે સીધા બેસો છો ત્યારે શરીરનો વિકાસ સંવાદપૂર્ણ રીતે થાય છે. જ્યારે તમે કઢંગી રીતે બેસો છો ત્યારે શરીર બેડોળ અને બદસૂરત થાય છે.

સારા અક્ષર લખવા અને અગડંબગડં લીટા દોરવા એ બંનેમાં મહેનત તો એકસરખી પડે છે. પરંતુ જ્યારે તમારું લખાણ સ્વચ્છ હોય છે ત્યારે વાંચવામાં મજા પડે છે. જ્યારે બહુ ખરાબ રીતે લખાયેલું હોય છે ત્યારે વંચાતું જ નથી.

પ્રગતિનો પાયો આપણે જે કાંઈ કરતાં હોઈએ તે કાળજીપૂર્વક કરવામાં છે.

(૧૯૬૧)

દિવસો, અઠવાડિયાંઓ, મહિનાઓ અને વર્ષો પસાર થઈ રહ્યાં છે, સમય ભૂતકાળમાં વહી રહ્યો છે. અને પાછળથી જ્યારે એ લોકો મોટાં થશે અને જ્યારે તેમની પાસે બાળપણનો ભારે લાભ નહિ હોય ત્યારે તેમણે પોતે બગાડેલા સમયનો અફસોસ કરશે અને દુઃખી થશે કે કેવી રીતે જીવવું તે જાણવા માટે જે વસ્તુઓની જરૂર હોય છે તે તેઓ શીખી શકયાં હોત.

(માર્ચ ૧૯૬૧)

(૮)

સોળથી અઢાર વર્ષનાં બાળકોના વર્ગમાં શ્રી માતાજીનું કાર્ય.

૧૯૬૮માં જ્યારે શાળાની પુનર્વ્યવસ્થા થઈ રહી હતી ત્યારે શ્રી માતાજીએ જાહેર કર્યું કે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જે વિષયમાં રસ હોય તેવા કોઈ પણ પ્રશ્નનો તેઓ જવાબ આપશે. જ્યારે શ્રી માતાજીને પોતાને એવો વિષય પસંદ કરવા જણાવવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું 'મૃત્યુ'

આ દરખાસ્ત બધાં બાળકોને કરવામાં આવેલી. આ નીચેનું કાર્ય, એક ફ્રેંચ વર્ગે શ્રી માતાજીની દરખાસ્તના પ્રત્યુત્ત રૂપે કરેલું તેનો નમૂનો છે.

દરેક પ્રસંગે વિદ્યાર્થીઓ વ્યક્તિગત રીતે પ્રશ્નો તૈયાર કરી શ્રી માતાજીને મોકલતા

(વિદ્યાર્થીઓએ માતાજીને લખ્યું કે તેઓ તેમની સામે જ મૃત્યુના વિષય ઉમરના અભ્યાસ અંગે કામ કરવા માગે છે. શ્રી માતાજીએ શિક્ષકને આ પ્રમાણે મૌખિક સૂચનાઓ આપેલી.)

વિષય છે: મૃત્યુ શું છે? તમે કઈ રીતે શરૂઆત કરશો? તમે તમારી ભીતરમાં નજર નાખો. પુસ્તકો વાંચીને કે પ્રાણ અને મનમાં શું ચાલે છે તેને વડે કશું જાણવા પ્રયત્ન ન કરો: તમને મૃત્યુ વિષે શું લાગે છે? તમે શું ધારો છો?

આ સંશોધન કેવળ ભૌતિક ભૂમિકા ઉપર જ ચાલવી જોઈએ. સ્થૂલ દૃષ્ટિએ જોતાં મૃત્યુ શું છે?

તમારે એકાગ્રતા કરીને તમારી અંદરથી જ એના ઉત્તર શોધી કાઢવા. તમે જેટલા વધુ બુદ્ધિમાન હશો તેટલા ઓછા શબ્દોમાં તમે વ્યક્ત કરી શકશો.

(૨૭ એપ્રિલ ૧૯૬૮)

("ભૌતિક દૃષ્ટિબિંદુથી જોતાં મૃત્યુ શું છે?" એ વિષય ઉપર વિદ્યાર્થીઓના ઉત્તરો:

"મગજના કોષાણુઓમાં લોહીના પરિભ્રમણનું બંધ થવું."

"જ્યારે મગજ કામ કરતું બંધ થઈ જાય અને દેહ સડવા લાગે ત્યારે મૃત્યુ થયું કહેવાય."

"શક્તિના સ્રોત અથવા આત્માની ગેરહાજરીને કારણે જ્યારે સર્વ પ્રકારની સ્થૂલ કામગીરી બંધ થઈ જાય તે."

"મૃત્યુની ખરેખરી હકીકત મને એક એવા અનુભવનો ખ્યાલ આપે છે કે જેમાં વ્યક્તિ વધુ ને વધુ બળપૂર્વક અવકાશમાં ધકેલાઈ જાય છે."

શ્રી માતાજીએ વર્ગને લખ્યું :)

તમે લખેલું મેં રસપૂર્વક વાંચ્યું અને આ મારો ઉત્તર છે : સ્થૂલ દેહ બનવામાં આધારરૂપ કોષાણુઓ વિકેન્દ્રિત થઈને ફેલાઈ જાય એ ઘટના તે મૃત્યુ છે.

ચેતના, એની સ્વાભાવિક પ્રકૃતિને કારણે અમર છે, અને ભૌતિક જગતમાં પોતાનો આવિર્ભાવ કરવા માટે એક ઓછાવત્તા પ્રમાણમાં ટકે તેવાં સ્થૂલ રૂપો ધારણ કરે છે.

સ્થૂલ પદાર્થ એક એવા રૂપાંતર પ્રત્યે ગતિ કરી રહ્યો છે જેને લઈને તે અનેક રૂપધારી અને વધુ ને વધુ સંપૂર્ણ રીતનું અને ટકાઉ સ્વરૂપનું ચેતના-શક્તિના આવિર્ભાવનું સાધન રહે.

(૧૮ મે ૧૯૬૮)

*

(આ વખતે શ્રી માતાજીએ અલગ અલગ જવાબો લખીને શિક્ષકને મોકલેલા.)

વિદ્યાર્થીઓના પ્રશ્નોના મારા આ ઉત્તરો છે. હું આશા રાખું છું કે તેઓ સમજી શકશે.

"જો કોઈ કોષાણુ પોતાની વ્યક્તિતા વિષે સભાન બને, તો એવું ન બને કે એ પોતાના સ્વાર્થ માટે જ કાર્ય કરે અને સામૂહિક હિત માટે કાર્ય ન કરે?"

એક કોષાણુનો સ્વાર્થ શો હોય!

*

"વિકેન્દ્રીકરણની ક્રિયા એક જ સપાટે થાય છે કે ક્રમે ક્રમે કરીને?"

સર્વ વસ્તુઓ એકદમ વિખેરાઈ જતી નથી, એમ થતાં લાંબો સમય લાગે છે.

પ્રથમ ઘટના તો બને છે કે ભૌતિક દેહની કેન્દ્રસ્થ સંકલ્પશક્તિ સર્વ કોષાણુઓને એકસાથે રાખવાનો સંકલ્પ જતો કરે છે. એ એક યા બીજા પ્રકારે વિકિરણને સ્વીકારી લે છે. મહત્ત્વનાં કારણોમાંનું એક એ છે કે એક એવી લાગણી ઊભી થાય છે કે શરીર ઊભો થયેલો કોઈ વિસંવાદ હવે સુધરે તેમ નથી. બીજું કારણ એવું હોય છે કે સતતપણે સંકલન અને સંવાદ જાળવી રાખવાના કાર્ય પ્રત્યે કંટાળો ઊપજે છે. હકીકતમાં આમાં અસંખ્ય કારણો હોય છે, પરંતુ જો કોઈ ભયંકર અકસ્માતની ઘટના ન હોય તો આમાં ગમે તે કારણસર કે કારણ વિના પણ એકસૂરતા જાળવી રાખવાનો આ કેન્દ્રસ્થ સંકલ્પ છૂટી ગયો હોય છે, પછી એને અંતે મૃત્યુ અનિવાર્ય બની રહે છે.

> "શું દરેક કોષે તેની કેન્દ્ર સાથેની એકતા વિષે સભાન રહેવું જોઈએ?"

એમ નથી. એ હજી સુધી અર્ધસામૂહિક ચેતનાવસ્થા છે, એમાં કોષોની વ્યક્તિગત ચેતના નથી હોતી.

*

> "વિકેન્દ્રીકરણ હમેશાં મૃત્યુ પછી આવે છે કે એ તે પહેલાં પણ શરૂ થાય છે?"

ઘણી વાર એ પહેલેથી શરૂ થાય છે.

> "કોષાણુઓ અવકાશમાં વિખરાઈ જાય છે કે શરીરમાં જ? જો તેઓ અવકાશમાં વિખરાઈ જતા હોય તો કોષોની સાથે દેહ પણ અદૃશ્ય થઈ જવો જોઈએ."

કુદરતી રીતે, શરીરનું વિઘટન મૃત્યુ પછી જ થાય છે અને એ પણ લાંબો સમય લે છે.

*

> "કોષાણુઓનું વિખરાઈ જવું" એનો કોઈ વિશિષ્ટ અર્થ નથી? જો હોય તો કયો?

કોષાણુઓનું વિખરાઈ જવું એ શબ્દો મેં અત્યંત સ્થૂલ અર્થમાં વાપરેલા.

જ્યારે દેહને આકૃતિ આપનાર એકાગ્રતાનો અંત આવે છે ત્યારે દેહનો અંત આવે છે અને દેહનું વિઘટન થાય છે. જે કોષાણુઓનો વિશિષ્ટ રીતનો વિકાસ કરવામાં આવ્યો હોય છે અને જેમને ભીતરમાંની દિવ્ય ઉપસ્થિતિ વિષે સભાનતા પ્રાપ્ત થઈ હોય છે તેઓ છૂટા પડી જાય છે અને અન્ય પ્રકારનાં જોડાણો ઊભાં કરે છે અને એમની અંદર પોતાને ચેપ લગાડીને પોતાને પ્રાપ્ત થયેલી દિવ્ય ચેતના જાગ્રત કરે છે. અને આ પ્રકારે, એકાગ્રતા, વિકાસ અને વિઘટનની પ્રક્રિયા વડે, સમગ્ર પદાર્થતત્ત્વ ઉત્ક્રાન્તિ પામે છે અને ચેપ વડે શીખે છે, ચેપ વડે વિકાસ પામે છે અને ચેપ વડે અનુભૂતિ પામે છે.

કુદરતી રીતે કોષાણુ તો દેહની સાથે વિઘટન પામી જાય છે. પરંતુ એ કોષાણુઓમાંની ચેતના હોય છે તે બીજાં જોડાણો સાધતી હોય છે.

(૫ જૂન ૧૯૬૮)

*

> "જ્યારે ભૌતિક દેહની સંકલ્પશક્તિ કોઈ કારણ વિના વિદાય લે છે ત્યારે કોઈ ભૌતિક કારણ વિના કે બિલકુલ કોઈ કારણ વિના?"

ભૌતિક ચેતના ભૌતિક રીતે જ સભાન હોય છે. ભૌતિક સ્વરૂપની ચેતના વિદાય લે છે ત્યારે એ જેના વિષે સભાન હોઈ શકે તેવું કારણ ન પણ હોય.

> "સ્થૂલ દેહ એકસૂરતા અને સંવાદ માટે પ્રયત્ન કરવામાં કંટાળો અનુભવવાનું શું કારણ હોય છે?"

સામાન્ય રીતે આવો કંટાળો ત્યારે આવે છે કે જ્યારે સ્વરૂપનો કોઈ અગત્યનો — પ્રાણમય કે મનોમય — ભાગ પ્રગતિ કરવાનો સાફ ઇનકાર કરે છે. એટલે, ભૌતિક રીતે, આ વસ્તુ સમયાંતરે જે સડો ઉત્પન્ન થાય છે તેની સામે પ્રતિકાર્ય કરવાની મહેનત કરતી નથી.

> "ભૌતિક દેહની કેન્દ્રસ્થ સંકલ્પશક્તિ અને કોષાણુઓનું જોડાણ કયાં સ્થપાયેલું હોય છે? અને કેવી રીતનું હોય છે?"

કોષાણુઓમાં એક આંતરિક ઘડતર અથવા માળખું હોય છે, જે વિશ્વના માળખાને અનુરૂપ હોય છે. એટલે બાહ્ય અને આંતરિક અવસ્થાઓ વચ્ચે કડી સ્થપાયેલી રહે છે...એ કોઈ "બાહ્ય" વસ્તુ હોતી નથી, પરંતુ વ્યકિત માટે એ

"બાહ્ય" હોય છે. એટલે કે, કોષ, તેના આંતરિક ઘડતરમાં એને મળતા આવતા સમગ્રતાના આંદોલનને ઝીલે છે. દરેક કોષાણુ ભિન્ન ભિન્ન પ્રભાઓનો બનેલો હોય છે, એના કેન્દ્રમાં સર્વથા જ્યોતિર્મય કેન્દ્ર હોય છે, અને જ્યોતિ અને જ્યોતિ વચ્ચે જોડાણ હોય છે. એટલે કે સંકલ્પ અથવા કેન્દ્રસ્થ જ્યોતિ એને અનુરૂપ પ્રકાશોના સ્વરૂપના એક આંતરિક સ્પર્શ વડે સ્પર્શ કરીને કોષાણુઓ ઉપર કાર્ય કરે છે. દરેક કોષાણુ, સમગ્ર વિશ્વને અનુરૂપ એક સૂક્ષ્મ કદના વિશ્વ સરખો હોય છે.

(૧૫ જુલાઈ ૧૯૬૮)

*

"કાલાંતરે જે વિકૃતિ ઉત્પન્ન થાય છે, તેને અટકાવવા માટે પ્રગતિ કરવા માટેનો સંકલ્પ પૂરતો છે? ભૌતિક દેહ આવી વિકૃતિને કઈ રીતે અટકાવી શકે?"

દેહનું રૂપાંતર એટલે એ જ વસ્તુ છે: સ્થૂલ કોષાણુઓએ કેવળ સભાન થવાનું નહિ પરંતુ સાચી ચેતનાશક્તિ પ્રત્યે ગ્રહણશીલ બનવાનું હોય છે; એટલે કે તેમણે આ ઊર્ધ્વ ચેતનાને માર્ગ કરી આપવાનો હોય છે. એ કાર્ય જ રૂપાંતરનું કાર્ય છે.

"સંકલ્પશક્તિ, એટલે કે કેન્દ્રસ્થ સંકલ્પશક્તિ જે ભૌતિક સ્વરૂપની નથી હોતી તે કોષાણુઓના જડ પદાર્થતત્ત્વ ઉપર કઈ રીતે કાર્ય કરે છે?"

આ તો એના જેવું છે કે "સંકલ્પબળ, પદાર્થતત્ત્વ ઉપર કઈ રીતે કામ કરે છે?" આખું જીવન એવું છે. તમારે આ બાળકોને સમજાવવું કે તેમનું આખું અસ્તિત્વ જ આ સંકલ્પને આભારી છે, જો એ સંકલ્પબળ ન હોત તો પદાર્થતત્ત્વ સંજ્ઞાહીન અને અચેતન જ રહેત અને કેવળ સંકલ્પશક્તિનું આંદોલન પદાર્થતત્ત્વ ઉપર કાર્ય કરે છે એને લઈને જ જીવન શક્ય બને છે. નહિ તો કોઈ જીવન હોત જ નહિ. જો તેમને વૈજ્ઞાનિક ઉત્તર જોઈતો હોય અને એમ કઈ રીતે બને છે તે જાણવું હોય તો એ વધુ મુશ્કેલ છે, પણ હકીકત મોજૂદ છે અને આ હકીકત પ્રતિ સેકંડે જોઈ શકાય છે.

(૨૦ જુલાઈ ૧૯૬૮)

*

"વ્યકિત, પોતાના સ્વરૂપ વિષે કઈ રીતે સભાન બની શકે?"

લગભગ સમસ્ત માનવજાતિ, કેવળ તેના સ્થૂલ સ્વરૂપ વિષે જ સભાન હોય છે. શિક્ષણનો ફેલાવો થવાની સાથે, પોતાનાં મનોમય અને પ્રાણમય સ્વરૂપો વિષે સભાન એવાં મનુષ્યોની સંખ્યા વધતી જાય છે, જ્યારે પોતાના ચૈત્ય સ્વરૂપ વિષે સભાન એવા મનુષ્યોની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી છે.

જો તમારો એમ પૂછવાનો આશય હોય કે "વ્યકિત પોતાના સ્થૂલ સ્વરૂપની ચેતનામાં જાગૃતિ કઈ રીતે લાવી શકે?" તો એનો ઉત્તર એ કે શારીરિક કેળવણીનો ઉદ્દેશ જ એ છે. શારીરિક કેળવણી વડે જ કોષાણુઓ જાગ્રત થતાં શીખી શકે છે. પરંતુ મગજની ખિલવણી માટે તો અભ્યાસ, અવલોકન, બુદ્ધિની કેળવણી, સૌથી વધુ તો અવલોકન અને તર્કશકિત પર્યાપ્ત છે. અને જો ચારિત્ર્યની દૃષ્ટિએ સમગ્ર ચેતનાની કેળવણી કરવાની હોય તો એ યોગ વડે જ થઈ શકે છે.

"ભૌતિક સ્વરૂપના કેન્દ્રસ્થ સંકલ્પનું કોઈ નિશ્ચિત સ્થાન સ્થૂલ દેહમાં હોય છે ખરું?"

મગજમાં.

"જાતે મર્યા વિના મૃત્યુનો અનુભવ મળી શકે ખરો?"

અવશ્ય. તમે યોગિક રીતે મૃત્યુને અનુભવી શકો, શારીરિક રીતે પણ, જો ટૂંકા ગાળાને માટે હોય તો મૃત્યુનો અનુભવ થઈ શકે. ટૂંકા ગાળા માટે — કારણ કે નહિ તો ડૉકટરો તમને મરેલા જાહેર કરી દેશે.

"મૃત્યુ પછી સ્વરૂપના કયા ભાગને ભાન થાય છે કે પોતાનું મૃત્યુ થયું છે?"

જે કોઈ ભાગ ટકી રહ્યો હોય તેને ભાન થાય છે કે હવે દેહ પોતાનો રહ્યો નથી. એનો આધાર વ્યકિત ઉપર છે.

"કોઈ કેવી રીતે નિશ્ચિતપણે કહી શકે કે સ્થૂલ શરીર મરણ પામ્યું છે?"

જ્યારે એમાં સડો દાખલ થાય ત્યારે.

"આપણે વિકૃતિની ઘટના ઉપર કાબૂ કઈ રીતે પ્રાપ્ત કરી શકીએ અને એમ થતું કઈ રીતે નિવારી શકીએ?"

કાળજીપૂર્વક શારીરિક સમતુલા જાળવી રાખીને.

"જ્યારે વ્યક્તિ મરણ પામે છે ત્યારે એને શારીરિક પીડા થાય છે?"

એમ અનિવાર્યપણે બનતું નથી.

(૨૮ સપ્ટેમ્બર ૧૯૬૮)

*

"અમારે અમારા દૈનિક જીવનમાં મૃત્યુની ક્રિયાને અટકાવવા શું કરવું જોઈએ?"

એની રીત એવી છે કે ચેતનાને દેહથી અલગ કરી લઈને વધુ ઊંડાણમાં રહેલા જીવન ઉપર એની એકાગ્રતા કરવી કે જેથી એ ગહનતર ચેતના દેહમાં લાવી શકાય.

"જે 'હું'-ભાવ'ની લાગણી, જીવન દરમ્યાન મન સાથે વધુ એકરૂપ બનેલી હોય તો શું આ 'હું'-ભાવ'ની લાગણીને જ મૃત્યુ પછીના અનુભવો થાય છે? એટલે કે એ જ હું'-ભાવ પોતાની સાથે જીવનની સ્મૃતિઓ જાળવી રાખે છે? હું મન વિષે આ પૂછું છું કારણ કે અન્ય ભાગો કરતાં, મૃત્યુ પછી એ થોડું વધુ સમય ટકી રહે છે."

એમ કહેવું સાચું નથી કે મન વધુ ટકાઉ છે. ચૈત્ય ચેતનાએ સ્થૂલ સ્વરૂપના જે નાનકડા ભાગ સાથે એકતા કરેલી હોય છે, તે આ સ્થૂલ દેહને ત્યજી દે છે. જેટલા અંશે એ ચેતનાએ, જીવનને ઘાટ આપ્યો હોય છે તેટલા અંશે એણે પોતે જેને ઘાટ આપ્યો હોય છે તેની તેને સ્મૃતિ રહે છે. એ સ્મૃતિ, ઘટનાઓ સાથે જોડાયેલા ચૈત્ય સ્વરૂપના અનુભવોની સ્મૃતિ હોય છે. જ્યારે પણ, ચૈત્ય ચેતનાએ ઘટનાઓમાં ભાગ લીધો નથી હોતો ત્યારે તેવી ઘટનાઓની સ્મૃતિ નથી રહેતી. અને કેવળ ચૈત્ય સ્વરૂપ જ ટકી રહે છે. સ્મૃતિને ટકાવી રાખનાર વસ્તુ મન નથી હોતું; મન સ્મૃતિને ધારણ કરે છે એ કહેવું તદ્દન ખોટું છે.

(૧ ફેબ્રુઆરી ૧૯૬૯)

(થોડાક દિવસો પછી, આ વિદ્યાર્થી વિષે એના શિક્ષક સાથે વાર્તાલાપ દરમ્યાન શ્રીમાતાજીએ કહ્યું:)

હકીકતમાં, મૃત્યુ છે જ નહિ.

(૫)

એ સ્ત્રી મોનિટરને ઉત્તરો

સૂત્રો

(૧) કશી મહત્ત્વાકાંક્ષા ન રાખીશ, અને ખાસ તો કશી પણ બાબતોનો દંભ ન કરીશ, પણ તું જે કાંઈ બની શકે તેમ હો તે પ્રત્યેક ક્ષણે વધુમાં વધુ બની રહે.

(૨૫ ફેબ્રુઆરી ૧૯૫૭)

(૨) આ વિશ્વના આવિર્ભાવમાં તારું સ્થાન શું છે એ બાબત તો કેવળ પરમાત્મા જ તારે માટે નક્કી કરશે.

(૨ મે ૧૯૫૭)

(૩) આ વિશ્વના વૃંદસંગીતમાં તારું સ્થાન શું છે એ તો પરમાત્માએ અફર રીતે નક્કી કરી દીધેલું છે. એ સ્થાન ભલે ગમે તે હો, પણ બીજા સૌની પેઠે તને પણ અતિમાનસ સુધીનાં પરમોચ્ચ શૃંગો સુધી ચડવાનો તેમના જેટલો જ હક્ક છે.

(૧૭ મે ૧૯૫૭)

(૪) તું તારા સ્વરૂપના સત્યમાં શું છે એ વાત તો એક અફર રીતે નક્કી થઈ ચૂકેલી છે. એ વસ્તુ બની રહેવામાં તને કોઈ પણ વસ્તુ, કોઈ પણ માણસ અટકાવી શકે તેમ નથી. પરંતુ એ સ્થિતિમાં પહોંચવા માટે તારે કયો માર્ગ લેવો એ તારી મુક્ત પસંદગીની વાત છે.

(૧૯ મે ૧૯૫૭)

(૫) ઊર્ધ્વમાં જઈ રહેલા વિકાસક્રમના પથે આગળ વધવામાં માણસે કઈ દિશા લેવી એ પસંદ કરવાની હરેકને સ્વતંત્રતા રહેલી છે : સત્યનાં શિખરો તરફ, પરમ સાક્ષાત્કાર તરફ જતી આરોહણની ઝડપી અને સીધાં ચડાણની દિશા લેવી કે પછી એ શિખરો તરફ પૂંઠ કરી દઈને, અનેકાનેક જન્મજન્માંતરોવાળી અંતહીન આડીઅવળી ગતિમાં લઈ જતી સહેલા ઉતરાણની દિશા લેવી — આ તારે પોતે પસંદ કરવાનું છે.

(૨૩ મે ૧૯૫૭)

(૬) કાળના વહેતા પ્રવાહમાં તેમ જ તારા અત્યારના જીવનમાં પણ તું તારે પોતાને માટેનો એક આખરી નિર્ણય, એક અફર નિર્ણય લઈ શકે છે અને પછી તો માત્ર તારે હરેક નવા નવા પ્રસંગે એ નિર્ણયને વધુ ને વધુ દૃઢ કરવાનો

રહે છે. અથવા એમ પણ બને કે તું આરંભમાં આખરી નિર્ણય ન લે અને તે પછી તો તારે હરેક પળે અસત્ય અને સત્ય વચ્ચે પસંદગી કરવાની રહેશે.

(૨૩ મે ૧૯૫૭)

(૭) પણ તેં આરંભમાં આખરી નિર્ણય ભલે ન પણ લીધો હોય છતાં જો તારા સદ્‌ભાગ્યે, સૃષ્ટિના ઇતિહાસની એ અસાધારણ ક્ષણે, પૃથ્વી ઉપર જ્યારે પ્રભુ-કૃપા અવતાર લઈને હાજર રહી હોય એવે સમયે તને જન્મ મળ્યો હશે તો એ કૃપા તને ફરી એક વાર, કોઈ અસાધારણ ક્ષણોમાં, પાછી આખરી પસંદગી કરી લેવાની શકયતા મેળવી આપશે અને એ પસંદગી તને સીધો લક્ષ્ય પ્રત્યે લઈ જશે.

(૨૩ મે ૧૯૫૭)

પત્રવ્યવહાર

"શિક્ષણ કેન્દ્રના વિદ્યાર્થીઓના ડિપ્લોમા તથા સર્ટિફિકેટો કેમ આપવામાં આવતાં નથી?"

લગભગ એક સદીથી માનવજાતિ એક રોગનો ભોગ બની રહેલી છે. એ રોગ વધુ ને વધુ ફેલાઈ રહ્યો છે અને અત્યારે એણે ઘણું જ ભયંકર રૂપ ધારણ કર્યું છે. એ રોગ તે 'ઉપયોગિતાવાદ' છે. અત્યારે જગતની વસ્તુઓને અને માણસોને, સંજોગો અને પ્રવૃત્તિઓને કેવળ આ દૃષ્ટિથી જ — ઉપયોગિતાની દૃષ્ટિથી જ જોવામાં આવે છે અને એ રીતે જ તેમનું મૂલ્ય આંકવામાં આવે છે. વસ્તુનો કોઈ ઉપયોગ દેખાય છે તો જ તેને ઉપયોગની ગણવામાં આવે છે. હા, જે વસ્તુ ઉપયોગી દેખાતી હોય તે નિરુપયોગી દેખાતી વસ્તુ કરતાં સારી તો છે જ, પણ પ્રશ્ન એ છે કે ઉપયોગી એટલે શું — કોને માટે ઉપયોગી, શા ઉપયોગની, શા માટે ઉપયોગની — આ આપણે પહેલું સમજવાનું છે.

હા, જગતની જે પ્રજાઓ પોતાને સુધરેલી ગણે છે તેઓ તો જે વસ્તુઓમાં પૈસા મળે, પૈસો પ્રાપ્ત થાય તેને જ વધુ ને વધુ ઉપયોગી ગણે છે. દરેક વસ્તુનો વિચાર આ પૈસાના દૃષ્ટિકોણથી જ કરવામાં આવે છે. આને હું ઉપયોગિતાવાદ કહું છું. અને આ રોગ ઘણો જ ચેપી છે, બાળકો પણ એમાંથી બચી શકતાં નથી.

તમારી જે ઉંમરે સૌન્દર્ય અને મહત્તા અને પૂર્ણતાનાં સ્વપ્નો સેવવાં જોઈએ, તે વખતે તમે પૈસાનાં સ્વપ્નાં સેવતા થઈ જાઓ છો, પૈસા કેવી રીતે કમાવા તેની ચિંતા કરતા થઈ જાઓ છો. આ બધી વસ્તુઓ — સૌન્દર્ય, મહત્તા, પૂર્ણતા, એ કદાચ સામાન્ય બુદ્ધિના માણસને માટે વધારે પડતી ભવ્ય, અગ્રાહ્ય જેવી હશે, પણ આ ડાહીડમરી શુષ્ક સામાન્ય બુદ્ધિ કરતાં તો તે વધારે સારી વસ્તુઓ છે જ એમાં શંકા નથી.

એટલે અત્યારે હવે બાળકો જ્યારે પોતાના અભ્યાસ વિષે વિચાર કરે છે ત્યારે સૌથી પહેલું એ વિચારે છે કે કઈ વસ્તુનો અભ્યાસ એને ઉપયોગી નીવડશે. અમે જે કાંઈ ભણીએ તેમાંથી અમે મોટા થઈએ ત્યારે અમને ખૂબ ખૂબ કમાણી થાય એવું હોવું જોઈએ.

અને પછી આ બાળકો માટે એક જ વસ્તુ અગત્યની બની રહે છે. સફળતાપૂર્વક પરીક્ષા પાસ કરી દેવી. એમને જે કાંઈ ડિપ્લોમા મળશે, સર્ટિ-ફિકેટો કે ઇલ્કાબો મળશે એને આધારે જ એમને સારી સારી જગાઓ મળવાની છે અને ખૂબ ખૂબ પૈસો મળવાનો છે.

આવાં બાળકો માટે અભ્યાસનો કોઈ બીજો હેતુ હોતો નથી, એ સિવાય અભ્યાસમાં એમને કાંઈ રસ નથી હોતો.

પણ ખરું જોતાં તો તમે જે ભણતા હો છો તે તમારે જ્ઞાનને ખાતર ભણવાનું છે, પ્રકૃતિનાં અને જીવનનાં ગૂઢ રહસ્યો જાણવા માટે તમારે અભ્યાસ કરવાનો છે, તમારી ચેતનામાં વૃદ્ધિ થાય એટલા માટે તમારી જાતને કેળવવાની છે. તમારી જાતના તમે સ્વામી બની શકો, તમારી અશક્તિ અને અજ્ઞાનને તમે જીતી શકો એટલા માટે તમારે તમારી જાતને કસવાની છે, તમે કોઈ એક વધુ ઉમદા, વધુ વિશાળ, વધુ ઉદાર અને વધુ સત્ય એવા ધ્યેય તરફ જીવનમાં ગતિ કરી શકો એટલા માટે તમારે તમારી જાતને તૈયાર કરવાની છે....વિદ્યાર્થીઓ આ વસ્તુઓનો ભાગ્યે જ વિચાર કરતા હોય છે. આ બધું તો તેમને એક સ્વપ્નસૃષ્ટિ જેવું લાગે છે. જીવનમાં તેમને એક વસ્તુ અગત્યની લાગે છે — વ્યવહારુ બનવું, પૈસા કમાવા માટે પોતાની જાતને તૈયાર કરવી, એ વિદ્યા જાણી લેવી.

જે બાળકો આ રીતના રોગમાં સપડાયેલાં છે તેમનું સ્થાન આશ્રમના શિક્ષણ કેન્દ્રમાં નથી. બાળકોને આ વસ્તુ સમજાવવા માટે જ અમે તેમને કોઈ

વિધિસરની પરીક્ષા કે સ્પર્ધા માટે તૈયાર કરતાં નથી તેમ જ બહારની દુનિયામાં તેમને કામ આવે તેવા ડિપ્લોમા કે ઈલ્કાબો આપતા નથી.

અમે તો બાળકોમાં એક વધુ ઉચ્ચ, વધુ ઉત્તમ જીવનની અભીપ્સા હશે, જ્ઞાન અને પૂર્ણતા માટેની ઝંખના હશે, જેમને એક વધુ સંપૂર્ણ રીતનું સાચું જીવન જોઈતું હશે એવાં બાળકોને જ અહીં લેવા માગીએ છીએ.

બીજાઓને માટે દુનિયામાં અનેક દરવાજા ઉઘાડા છે.

(૧૭ જુલાઈ ૧૯૬૦)

"મધુર માતાજી, આપે શારીરિક કેળવણીના વિભાગમાં એવી સર્વ વ્યવસ્થાઓ કરી છે જેને લઈને અમે અમારાં શરીરનો સર્વ શકય પ્રકારનો વિકાસ કરીને સર્વાંગીણ રૂપાંતરના કાર્યમાં ભાગીદાર થવાની તૈયારી કરી શકીએ.

અમે અનેક વર્ષોથી રમતગમતો અને અનેક પ્રકારનું શારીરિક શિક્ષણ આપી રહ્યાં છીએ પણ અમને લાગે કે અમારા વિદ્યાર્થીઓ એ સર્વની પાછળની ભાવનાને સમજી શકતા નથી. સામાન્ય રીતે એ લોકોનું ધ્યાન આનંદ કરવામાં, ઉશ્કેરાટ અને આવેગભર્યાં વલણોમાં અને અનેક પ્રકારના ગમાઅણગમામાં આડે રસ્તે દોરાઈ જતું હોય છે. એટલે પરિણામ એમ જણાય છે કે સમગ્ર રીતે જોતાં, જે શિસ્ત, સંકલ્પ, નિશ્ચય, સખત કામ અને સાચું વલણ અમારી પ્રગતિ માટે અનિવાર્ય છે તેમનો અભાવ છે. કોઈ ફૂટબૉલની રમત હોય છે કે એના જેવી બીજી ઉશ્કેરાટ ઊભો કરે તેવી રમત હોય છે તો એને માટે અત્યંત ઉત્સાહ જાગ્રત થાય છે પરંતુ અમારી શારીરિક ગુણવત્તા ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવા માટે કોઈ ધંતપૂર્ણ અને એકાગ્રતા માગી લેતું કામ કરવાનું હોય છે તો એને માટે કોઈ ખાસ આતુરતા દેખાતી નથી. નાના મોટાં લગભગ મોટાભાગના સૌ વિદ્યાર્થીઓ આવી રુગ્ણ અવસ્થા ભોગવે છે. શારીરિક કેળવણીને યોગ્ય વલણ સાથે અપનાવનાર બહુ થોડા છે. આ વસ્તુ અમારી સામાન્ય કાર્યવાહી બની રહે તેવું અમે કઈ રીતે શીખી શકીએ?"

ચેતનાનાં તત્ત્વો બદલાવાં જોઈએ, ચેતનાનો સ્તર ઉચ્ચગામી થવો જોઈએ, ચેતનાની ગુણવત્તા પ્રગતિશીલ બનવી જોઈએ.

વસ્તુસ્થિતિ તમે જણાવો છો તેવી જ છે કારણ કે મોટા ભાગનાં બાળકોની ચેતનાનું કેન્દ્ર સ્થૂલ ભાગમાં છે અને એ ભાગ તામસિક હોઈ કોઈ પણ પ્રકારનો પ્રયત્ન કરવાને આનાકાની કરતો હોય છે. એમને આસાયેશભરી જિંદગી જોઈએ છે અને કોઈ રમત કે હરીફાઈને કારણે ઉશ્કેરાટ અનુભવવાનો હોય છે કે ચડસાચડસી કરવાની હોય છે ત્યારે જ કશો પ્રયત્ન કરવા પૂરતો રસ તેમનામાં જાગ્રત થાય છે. આમ કરવા માટે તેમના સંકલ્પને તીવ્ર બનાવવો પડે છે અને એને માટે કોઈ પ્રાણમય આવેગની જરૂર પડે છે.

પ્રગતિ કરવાનો ખ્યાલ ચિંતનશીલ બુદ્ધિના કાર્યક્ષેત્રમાં આવે છે. એ તો કેવળ, જે થોડાક લોકોને પોતાના ચૈત્ય પુરુષનો સંપર્ક હોય છે તેમનામાં જ સક્રિય હોય છે. પછીથી, જે લોકોનું મન કંઈક વધુ પ્રમાણમાં વિકાસ પામેલું હોય છે અને જેઓ પોતાનો વિકાસ કરવાની અને પોતાની જાતને વશમાં રાખવાની જરૂરિયાત સમજતા થાય છે તેમનામાં જાગ્રત થાય છે.

મેં કહેલું છે કે આનો ઇલાજ એ જ છે કે તમે તમારી ચેતનાને વધુ ઉચ્ચ કક્ષાએ લઈ જાઓ. પરંતુ સ્વાભાવિક રીતે જ આમ કરવાની શરૂઆત તો કૅપ્ટનો અને તાલીમ આપનારાઓની ચેતનાની કક્ષાથી જ થવી જોઈએ.

સૌ પ્રથમ તો, તેઓ જેમને માટે જવાબદાર છે તેમની પાસેથી તેઓ શું પ્રાપ્ત કરવા ઇચ્છે છે તે વિષે, તેમને સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ, અને એટલું કંઈ પૂરતું નથી. એમણે એમની પોતાની જાતમાં, તેઓ બીજાઓ પાસેથી જેની અપેક્ષા રાખતા હોય, તે સિદ્ધ કરેલું હોવું જોઈએ. આ ગુણો ઉપરાંત, તેઓએ તેમના ચારિત્ર્ય અને વર્તનમાં ખૂબ ખૂબ પ્રમાણમાં ધીરજ, સહનશીલતા, માયાળુપણું, સમજદારી અને નિષ્પક્ષપાતીપણું વિકસાવેલું હોવું જોઈએ. એમનામાં કોઈ ગમા-અણગમા કે આકર્ષણ કે જુગુપ્સાની વૃત્તિઓ ન હોવી જોઈએ.

આટલા માટે જ, કૅપ્ટનોનું જે નવું જૂથ છે તે એક ઉચ્ચ સ્તરનું ગ્રૂપ હોવું જોઈએ જેમનો દાખલો વિદ્યાર્થીઓને માટે આદર્શ સરખો હોય, એમ બને ત્યારે જ તેઓ વિદ્યાર્થીઓ પાસેથી સાચા વલણની અપેક્ષા રાખી શકે.

માટે હું બધાને કહું છું : ખરા હૃદયથી કામે લાગી જાઓ અને વહેલા મોડા પણ આ વિરોધો દૂર થઈ જશે જ.

(૫ જુલાઈ ૧૯૬૧)

"મધુર માતાજી,

શારીરિક શિક્ષણના આપણા કાર્યક્રમમાંની કેટલીક પ્રવૃત્તિઓ, અન્ય પ્રવૃત્તિઓ કરતાં વધુ ગંભીર પ્રકારની અને વધુ એકાગ્રતા માગી લે તેવી છે; બાળકોને આવી પ્રવૃત્તિઓ કંટાળાજનક લાગે છે. તો, કૅપ્ટનોએ શું એમ કરવું કે તેઓ જે ગ્રૂપો ગોઠવે તે એવી રીતનાં હોય કે તેમાં તેઓ જે કાંઈ શીખવતા હોય તે રસ પડે તેવું અને આનંદદાયક લાગે, કે પછી તેઓએ એમ કરવું કે જે કંઈ શીખવવામાં આવે તેમાં રસ લેતાં શીખવાનું કામ બાળકો ઉપર છોડી દેવું ?"

બંને વસ્તુઓ અનિવાર્ય છે અને શક્ય હોય ત્યાં સુધી હંમેશાં અપનાવવી જોઈએ.

શિક્ષકોએ થોડીક કલ્પનાશક્તિ અને નવું શોધવાની આવડતનો ઉપયોગ કરીને વસ્તુઓને એવી રીતે સાનુકૂળ લાગે તેવી બનાવવી કે જેથી તેઓ જે કાંઈ શીખવતા હોય તે આહ્લાદક અને નૂતન પ્રકારનું લાગે.

બાળકોએ, તેમના પક્ષે, તેમનામાં પ્રગતિ માટે એવું સંકલ્પબળ અને વલણ કેળવવું જોઈએ કે પોતે જે કાંઈ કરતાં હોય તે, તેમને માટે સતતપણે રસદાયક બની રહે.

વચગાળાના સમયમાં કૅપ્ટનોએ બાળકોને તેમની કસરતોને તેઓ પોતે જ ગોઠવી લે તે બાબતની જવાબદારી થોડાક અંશે સોંપી શકે, અને એમ કરવામાં તેમને જે કાંઈ મૌલિક વિચારો સૂઝે તેમનો ઉપયોગ કરી શકે.

જો બાળકોમાં સહયોગ અને જવાબદારીની લાગણી જાગ્રત કરવામાં આવશે, તો તેઓ પોતે જે કાંઈ કરતાં હશે તેમાં રસ લેશે અને આનંદપૂર્વક કરશે.

(૨૧ જુલાઈ ૧૯૬૧)

"મધુર માતાજી,

અમે અમારું ગ્રૂપ મળે ત્યારે અને છૂટાં પડીએ તે પહેલાં અને પછીની એક એક મિનિટ માટે એકાગ્રતા

કરીએ છીએ. અમારે આ એકાગ્રતાના સમયે શું કરવાનો પ્રયત્ન કરવો જોઈએ ?''

શરૂઆતની એકાગ્રતા કરતી વેળાએ, તમે જે કાંઈ કરવાના હો તેનું પ્રભુને સમર્પણ કરજો કે જેથી એ આત્મદાનની ભાવનાપૂર્વક થઈ શકે.

પછીના ભાગની એકાગ્રતા કરતી વેળાએ, પ્રભુને એવી પ્રાર્થના કરજો કે તમારામાં પ્રગતિ કરવાનો સંકલ્પ બળવાન બને, અને તમારી ઇંદ્રિયો પ્રભુની સેવા કરવાને માટે વધુ ને વધુ પ્રમાણમાં શક્તિમાન બને.

વળી, શરૂઆત કરતાં પહેલાં તમે પ્રભુને તમારી જાતનું નીરવપણે સમર્પણ પણ કરી શકો છો.

અને અંતે, તમે નીરવતાપૂર્વક પ્રભુનો આભાર પણ માની શકો છો.

મારો કહેવાનો અર્થ એ છે કે આ સર્વ વસ્તુઓ, કોઈ પ્રકારના શબ્દોનો પ્રયોગ કર્યા વિના, **હૃદયનો** એક ગતિરૂપે થવી જોઈએ.

(૨૪ જુલાઈ ૧૯૬૧)

માનવજીવનમાં સર્વ પ્રકારની મુશ્કેલીઓ, સર્વ પ્રકારના વિસંવાદો સર્વ પ્રકારનાં નૈતિક દુઃખોનું કારણ એ છે કે સૌ કોઈની અંદર, તેમની કામનાઓ અને ગમા-અણગમા સાથેના અહંકારનું અસ્તિત્વ હોય છે. જ્યારે કોઈ તદ્દન નિષ્કામ કર્મ કરવાનું હોય અને અન્યને સહાય કરવાની હોય ત્યારે પણ જ્યાં સુધી તમે તમારા અહંકાર અને તેની માગણીઓની ઉપરવટ જતાં નહિ શીખો, જ્યાં સુધી તમે અહંકારની ઉપર બળ કરીને તેને એક ખૂણામાં ચૂપચાપ બેસાડતાં નહિ શીખો, ત્યાં સુધી એને જે કાંઈ નહિ ગમતું હોય તેની પ્રત્યે એ પ્રતિકાર્ય કરતો રહેશે, અંતરમાં એક એવું તોફાન ઊભું કરશે જે સપાટી ઉપર આવીને સર્વ વસ્તુઓને બગાડી મૂકશે.

અહંકારને વશ કરવાનું આ કામ, લાંબા ગાળાનું, ધીમું અને મુશ્કેલ છે; એમ કરવા માટે સતત જાગૃતિ અને અવિરત પ્રયાસની જરૂર રહે છે. આ રીતનો પ્રયત્ન કોઈને માટે સહેલો તો કોઈને માટે મુશ્કેલ હોય એમ બની શકે છે.

આપણે અહીં આ આશ્રમમાં ભેગાં મળીને શ્રી અરવિંદનાં જ્ઞાન અને શક્તિની સહાય વડે આ કાર્યને સિદ્ધ કરવા માગીએ છીએ. એક એવો પ્રયત્ન કરવા માગીએ છીએ કે આપણો સમૂહ વધુ સંવાદપૂર્ણ, વધુ એકતાવાળો અને પરિણામે જીવનમાં ઘણો ઘણો અસરકારક નીવડે.

જ્યાં સુધી હું તમારી સૌની વચ્ચે સદેહે હાજર રહેતી હતી ત્યાં સુધી તો મારી એ હાજરી તમને તમારા અહંકાર ઉપર પ્રભુત્વ મેળવવામાં મદદ કરતી રહેતી હતી અને એટલે મારે તમને વ્યક્તિગત રીતે અને વારંવાર એ વિષયમાં કંઈ કહેવાની જરૂર રહેતી નહિ.

પરંતુ હવે, આ પ્રકારનો પ્રયત્ન કરવો એ દરેક વ્યક્તિના અસ્તિત્વના પાયારૂપ બની રહેવું જોઈએ — ખાસ કરીને તમારામાંના જેઓની સ્થિતિ જવાબદારીવાળી છે અને જેમને અન્યની કાળજી લેવાની છે તેમને તો આ વસ્તુ વિશેષ રૂપે લાગુ પડે છે. જેઓ આગેવાનો હોય તેમણે પોતે જ ઉદાહરણરૂપ બની રહેવું જોઈએ; પોતાની સંભાળ હેઠળના લોકો પાસે તેઓ જે સદ્‌ગુણોની અપેક્ષા રાખતા હોય તેવા સદ્‌ગુણોનો તેમણે પોતે જ અમલ કરવો જોઈએ; આ આગેવાનોએ સમજદાર, ધીરજવાન, સહનશીલ, સહાનુભૂતિપૂર્ણ મૈત્રીભરી અને ઉષ્મા આપનારી શુભચેષ્ટાવાળા બની રહેવું જોઈએ. આ વસ્તુ તેમણે પોતાને માટે મિત્રો ઊભા કરવાના અહંમૂલક હેતુથી કરવાની નથી, પરંતુ બીજાઓને સમજીને તેમને સહાય કરવાની ક્ષમતા મેળવવા માટેની ઉદારતાના ભાવ સાથે કરવાની છે.

જો તમારે સાચા નેતા બનવું હોય તો પોતાની જાતને અને પોતાના ગમા-અણગમા. અને પસંદગીને ભૂલી જવું અનિવાર્ય છે.

અત્યારે હવે તમારી પાસે હું આ વસ્તુની માગણી કરી રહી છું કે જેથી તમે તમારી જવાબદારીઓને યોગ્ય રીતે, પૂર્ણ કરી શકો. અને એમ કરશો તો તમને જણાશે કે તમને જે ગેરવ્યવસ્થા અને અનૈક્ય જણાતાં હતાં તે અદૃશ્ય થઈ ગયાં છે અને તેમનું સ્થાન, સંવાદ, શાંતિ અને આનંદે લીધેલું છે.

તમે જાણો છો કે હું તમને ચાહું છું, હંમેશાં તમારી સાથે રહીને તમને ટેકો આપી રહી છું, મદદ કરી રહી છું અને તમને માર્ગદર્શન આપી રહી છું.

આશીર્વાદ.

(૨૬ ઑગસ્ટ ૧૯૬૯)

"મધુર માતાજી,

ઘણાં બાળકો મને પૂછે છે કે તેઓ માટે તેમના રજાના દિવસો અહીં ગાળવા માટેની ઉત્તમ રીત કઈ છે."

—

એ સમયમાં તેમને કોઈ રસદાયક કાર્ય કરવાની, કંઈક નવું શીખવાની, પોતાની પ્રકૃતિમાંના કોઈ નબળા ભાગને વિકસિત કરવાની અથવા અભ્યાસ કરવાની ઉત્તમ તક મળી રહે છે.

વળી એ સમયમાં તેઓ સ્વતંત્રપણે કોઈ કાર્યની પસંદગી કરીને પોતાના સ્વરૂપની સાચી શક્તિઓની પિછાણ મેળવી શકે છે.

આશાર્વાદ. (૧ નવેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

વિદ્યાર્થીઓ તેમની રજાઓમાં તેમને ઘેર કે બીજે કોઈ ઠેકાણે જાય તે તમને પસંદ છે?"

એના કરતાં એમ કહીએ તો વધુ સારું કે વિદ્યાર્થીઓ તેમની રજાઓ દરમ્યાન શું પ્રવૃત્તિ કરે છે તેના ઉપરથી તેઓ કેટલામાં છે અને અહીંના વસવાટનો કેટલો લાભ ઉઠાવી શકે તેમ છે તે જણાઈ આવે છે. એટલે, દરેક વિદ્યાર્થીનો કેસ જુદો હોય છે અને તે જે પ્રકારે વર્તે છે તેના ઉપરથી તેના ચારિત્ર્યનો પ્રકાર જણાઈ આવે છે.

સાચું કહું તો, બીજું કાંઈ કરવાને બદલે જે વિદ્યાર્થીઓ રજાઓમાં અહીં જ રહે છે તેઓ તેમની અહીંની કેળવણીનો લાભ પામવાને માટે અને જે આદર્શ તેમની સમક્ષ રાખવામાં આવ્યો છે તેને સંપૂર્ણપણે સમજવા માટે વધુ લાયક હોય છે.

આશીર્વાદ.

(૨ નવેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

આનો અર્થ શું એમ થાય કે જેઓ બહાર જાય છે તેઓ તેમને શીખવવામાં આવતા આદર્શને પૂર્ણપણે સમજવાને લાયક નથી અથવા તો એમ છે કે અમે તેમને તેમના આદર્શના વિષયમાં જરૂરી સમજૂતી આપી શકતા નથી?"

હું એમ નથી કહેતી કે અહીંનું શિક્ષણ સંપૂર્ણ અને તદ્દન જેવું જોઈએ તેવું છે. પરંતુ એ તો નક્કી છે કે ઘણા વિદ્યાર્થીઓને અહીં રસ પડે છે અને તેમને એમ લાગે છે કે જે અહીં છે તે બીજે પ્રાપ્ત થઈ શકે તેમ નથી.

એટલે, કેવળ એ પ્રકારના વિદ્યાર્થીઓએ જ અહીં રહેવું જોઈએ, અને આપણી પાસે આવતી માગણીઓને પૂરી કરવા જેટલી જગ્યા આપણી પાસે નથી એટલે આપણે માટે પસંદગી કરવાનું કામ સહેલું છે.

આશીર્વાદ.

(૩ નવેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

જેઓ સમજી શકતા નથી તેમને આપણા આદર્શ વિષે સમજાવવું શક્ય છે ખરું? અને એ વસ્તુ તેમને કઈ રીતે સમજાવી શકાય? અમે એટલે કે તાલીમ આપનારાઓ અને શિક્ષકો, શું આ કાર્ય કરવાને માટે લાયક છીએ?"

આપણે જે શીખવવા માગીએ છીએ તે કોઈ માનસિક આદર્શ નથી, એ એક નવીન પ્રકારના જીવન માટેનો અને નૂતન ચેતનાને સિદ્ધ કરવા માટેનો આદર્શ છે. આ વસ્તુ સિદ્ધ કરવાનું કામ સૌને માટે નવું છે અને બીજાઓને આપણા આદર્શ માટે શીખવવાનો એક માત્ર ઉત્તમ માર્ગ એ છે કે દરેકે પોતે આ નવીન ચેતનાનું અનુસરણ કરતાં જીવન ગાળવું અને પોતાની જાતનું એના વડે રૂપાંતર થવા દેવું. ઉદાહરણ આપવા માટેનો એથી વધુ સારો કોઈ પદાર્થ-પાઠ નથી. બીજાઓને કહેવું કે "સ્વાર્થી ન બનશો", એનાથી કોઈ અર્થ સરે તેમ નથી. પરંતુ જો કોઈ વ્યકિત સર્વ પ્રકારના સ્વાર્થીપણાથી મુકત હશે તો એ અન્યને માટે એક અદ્ભુત દાખલાનું કામ કરશે. અને જો કોઈ વ્યકિત ખરા દિલથી પરમ સત્યનું અનુસરણ કરતાં કાર્ય કરવાની અભીપ્સા સેવતી હોય છે તો એ પોતાની આસપાસના માણસોને તેનો ચેપ લગાડે છે. એટલે તાલીમ આપનારાઓ તેમ જ શિક્ષકોની પહેલી ફરજ તો એ છે કે જે ગુણો વિષે તે બીજાઓને શિક્ષણ આપતા હોય તે ગુણોના ઉદાહરણરૂપ તેઓએ પોતે જ બનવું.

અને, શિક્ષકો અને તાલીમ આપનારાઓમાં કોઈ તેમની જગ્યા માટે લાયક ન હોય — કારણ કે તેમના વર્તન દ્વારા તેઓ ખોટો દાખલો બેસાડતા હોય — તો તેમની પહેલી ફરજ એ છે તેઓએ પોતાનું ચારિત્ર્ય અને વર્તન સુધારીને પોતાના સ્થાન માટે લાયક બનવું. આમાં કોઈ બીજો માર્ગ જ નથી.

આશીર્વાદ.

(૪ નવેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

આશ્રમના શિક્ષક અને તાલીમ આપનાર માટે કયા પ્રકારની લાયકાતો આપ આવશ્યક ગણો છો ? જે પોતાને એમ લાગતું હોય કે પોતે આ કાર્ય સારી રીતે કરી શકે તેમ નથી તો એ કરવું જ નહિ તે વધુ સારું ન કહેવાય ? કારણ કે આમાં તો અમારે લઈને બાળકોને સહન કરવાનો વારો આવે છે, ખરું ને ?"

અહીંના શિક્ષકો અને તાલીમ આપનારાઓમાં ગમે તે અપૂર્ણતાઓ હશે છતાં બહારના કરતાં તેઓ હંમેશાં વધુ સારા હશે. કારણ કે અહીં જે કોઈ કાર્ય કરે છે તેઓ વિના-વેતને એક ઉચ્ચતર હેતુને ખાતર કાર્ય કરે છે. એ વસ્તુ સ્પષ્ટપણે સમજી રાખવી કે કોઈ વ્યકિતમાં ગમે તેટલી લાયકાત કે આવડત હોય તે છતાં તેણે એક એવા આદર્શને સિદ્ધ કરવા માટે સતતપણે પ્રગતિશીલ રહેવાનું છે કે જે આદર્શ અત્યારની માનવજાતિએ સિદ્ધ કરેલી વસ્તુઓ કરતાં હજી ઘણે ઊંચે છે.

પરંતુ જો કોઈને પોતાથી શકય તેટલું ઉત્તમ કાર્ય કરવાની તમન્ના હોય તો, તે પોતે કામ કરતો જાય તો જ પ્રગતિ કરીને વધુ ને વધુ સારી રીતે કાર્ય કરતો બની શકે છે.

ટીકા કરવાથી ભાગ્યે જ કોઈ હેતુ સરે છે, એ સહાય કરવા કરતાં વધુ અંશે તો નિરુત્સાહ જ પેદા કરે છે. અને જ્યાં જ્યાં શુભેચ્છા રહેલી હોય તે ઉત્તેજન આપવા યોગ્ય છે કારણ કે ધીરજ અને ખંત હોય તો, એવી કોઈ પ્રગતિ નથી કે જે સિદ્ધ ન થઈ શકે.

મુખ્ય વાત એ છે કે એવો નિશ્ચય સેવવો કે ગમે તેટલી સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય છતાં જો ઇચ્છા હોય તો તેથી પણ વધુ સિદ્ધ કરવાને અવકાશ રહેલો જ હોય છે.

આપણે જે આદર્શને સિદ્ધ કરવાનો છે તે આ છે : અક્ષુબ્ધ એવું આત્માનું અને વર્તનનું સમત્વ, એક અપરિહાર્ય ધૈર્ય અને વિશેષે કરીને પસંદગી અને કામનાનો અભાવ.

આથી સ્પષ્ટ થાય છે કે જેઓ શિક્ષણનું કાર્ય કરે છે તેમને માટે તેમના કાર્યની પરિપૂર્ણતા અર્થે સર્વ પ્રકારના અહંકારનો અભાવ તેમનામાં સિદ્ધ

થયેલો હોવો જોઈએ; અને આ વિષયમાં, આ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવાની બાબતમાં કોઈ મનુષ્યને છૂટ આપવામાં આવતી નથી.

પરંતુ ફરીથી કહીશ કે આ પ્રકારનો પ્રયત્ન કરવાનું કામ બીજા કોઈ સ્થળ કરતાં અહીં વધુ સહેલાઈથી થઈ શકે છે.

આશીર્વાદ.

(૫ નવેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

જે લોકોને સામાન્ય જીવનનાં સિનેમા, રેસ્ટોરન્ટ, સામાજિક જીવન, વગેરે પ્રત્યે ઘણું આકર્ષણ હોય તેઓએ આપણી શાળામાં ભણવા આવવું જોઈએ ? કારણ કે એમ લાગે છે કે, એક નિયમ તરીકે, આ કારણ માટે જ આપણા મોટા ભાગના વિદ્યાર્થીઓ તેમની રજાઓમાં બહાર જાય છે, અને જ્યારે તેઓ પાછા આવે છે ત્યારે દરેક વખતે તેમને પાછા અહીંના જીવન સાથે મેળમાં આવતાં લાંબો સમય લાગે છે."

જે લોકોને સામાન્ય જીવન અને તેના ઉધમાત પ્રત્યે સજ્જડ આસકિત હોય તેમણે અહીં ન આવવું જોઈએ, કારણ કે તેઓ તેમના મુખ્ય તત્ત્વથી બહાર હોય છે અને અહીં આવીને અવ્યવસ્થા ઊભી કરે છે.

પરંતુ આ વસ્તુ, તેઓ અહીં આવે તે પહેલાં જાણવી મુશ્કેલ છે, કારણ કે તેમાંના ઘણાખરા બહુ જ નાના હોય છે અને તેમના ચારિત્ર્યનું પોત હજી બરાબર ઘડાયું નથી હોતું.

પરંતુ જ્યારે તેઓ દુનિયાદારીની ધમાચકડીમાં ખેંચાઈ જાય ત્યારે તેમને પોતાને અન્યને માટે એ વસ્તુ વધુ સારી હોય છે કે તેઓ તેમનાં માબાપ અને તેમની આદતો પ્રત્યે તરત જ પાછા વળી જાય.

આશીર્વાદ.

(૧૪ નવેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

અહીં એવાં ઘણાં બાળકો છે કે જેમને તેમનાં માબાપે અહીં કેવળ ભણવા માટે જ મોકલ્યાં છે. એમનામાં એ વિચાર

તેમનાં મગજમાં સુદૃઢપણે સ્થાપિત થયેલો હોય છે કે તેઓ કેવળ વિદ્યાર્થીઓ છે અને શિક્ષણ પૂરું થતાં તેઓને અહીંથી જવાનું છે.

જ્યારે આપણને એક વાર એવી ખબર પડે કે આ બાળકોને પોતે શું કરવા માગે તેનો બરાબર ખ્યાલ છે તો, શું એમ કરવું વધુ સારું ન ગણાય કે તેમને રીતસર ખબર જ આપી દેવી કે તેઓએ અહીંથી બીજે અભ્યાસ કરવા ચાલ્યા જવું? અથવા, તો પછી એમ કરવું કે એમને એક વાર સ્વીકાર્યાં છે તો તેમને તેમનો અભ્યાસ ચાલુ રાખીને અહીં પૂરો કરવા દેવો?"

દુર્ભાગ્યે, એવાં ઘણાં માબાપો છે કે જેઓ તેમનાં બાળકોને અહીં એક વિશિષ્ટ પ્રકારથી કેળવણી અપાય છે તેટલા માટે નહિ પણ આશ્રમ તેમના અભ્યાસ માટે પૈસા માગતો નથી એટલા માટે મોકલે છે, કારણ કે બીજાં સ્થળ કરતાં અહીંને માટે તેમને ઓછા પૈસા ખર્ચવા પડે છે.

પરંતુ આ પ્રકારની વ્યાપારી વૃત્તિ માટે બિચારાં બાળકોનો કોઈ દોષ નથી અને જો તેમનામાં લાયકાત હોય તો તેમને તેમનો વિકાસ પ્રાપ્ત કરવાની આપણે તક આપવી જોઈએ. એટલે, આપણને એમનામાં કોઈ શક્યતા જણાય છે તો આપણે તેમને સ્વીકારીએ છીએ. એટલે પછી જ્યારે તેઓ સ્પષ્ટપણે એમ બતાવે કે તેઓ અહીંની કેળવણીથી કશો લાભ પ્રાપ્ત કરવા શક્તિમાન નથી ત્યારે જ આપણે, તેમને જવું હોય તો જવા દઈએ છીએ.

આશીર્વાદ.

(૧૫ નવેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

જે વિદ્યાર્થીઓ જાણતા હોય કે તેઓ તેમનું શિક્ષણ પૂરું કરીને અહીંથી જવાના છે તેમને માટે શું એ કરવું અનિવાર્ય નથી કે તેમને અવારનવાર બહાર જવા દેવા કે જેથી કરીને પાછળથી તેઓ બહારના જીવનમાં બરાબર ગોઠવાઈ શકે?"

બહારના જીવનમાં ગોઠવાવામાં કશી મુશ્કેલી પડતી નથી. એ એક એવું બંધન છે કે જેની સામે તમે જન્મથી બંધાયેલા હો છો, કારણ કે વંશપરંપરાના સંસ્કારથી એ વસ્તુ તમારામાં જડાયેલી હોય છે, અને જે લોકો આ પ્રકારના બંધનમાંથી

મુકત થવાને માટે જન્મેલા હોય છે તેમને પણ સાચી રીતે મુકત બનવા માટે ગંભીરપણે અને સતતપણે આ પ્રકારના પૂર્વજોના સંસ્કારો સાથે યુદ્ધમાં ઊતરવું પડે છે.

આશીર્વાદ.

(૧૬ નવેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

જે વિદ્યાર્થીઓ અહીંનું શિક્ષણ પૂરું કરીને બહાર જવાના હોય તેમની પાસે આપ શી અપેક્ષા રાખો છો? એ તો નક્કી છે કે સામાન્ય લોકો અને તેમની વચ્ચે ઘણો મોટો ભેદ હશે. આ ભેદ કયા પ્રકારનો હશે?"

ઘણી વાર, જ્યારે તેઓ સામાન્ય જીવનમાં જઈ પડે છે કે તરત જ તેમને આ ભેદનો ખ્યાલ આવે છે અને પોતે જે ગુમાવ્યું છે તે બદલ ખેદ અનુભવે છે. એમાંના ઘણા થોડામાં એવી હિંમત હોય છે કે તેમના સામાન્ય વાતાવરણના આસાયેશને તેઓ છોડી શકે, પરંતુ એ સિવાય બીજા લોકો, પણ જ્યારે તેઓને સામાન્ય જીવનનો સામનો કરવાનો આવે છે ત્યારે, જે લોકોને આશ્રમ સાથે કશો જ સંબંધ નથી હોતો તેવા લોકોની અભાનતા કરતાં, તેઓ જુદી જ રીતે કામ લે છે.

આપણે કશા બદલાની આશાથી કામ કરતા નથી. કેવળ માનવજાતિની પ્રગતિમાં સહાયભૂત થવા માટે જ કાર્ય કરીએ છીએ.

આશીર્વાદ.

(૧૮ નવેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

શિક્ષક કે તાલીમ આપનારે વિદ્યાર્થીઓ ઉપર શિસ્ત લાદવી એ આપ કેટલા અંશે ફરજરૂપ માનો છો?"

વિદ્યાર્થીઓને અનિયમિત, તોછડા કે બેકાળજીવાળા બનતા અટકાવવા એ અનિવાર્ય છે. ક્રૂર અને નુકસાનકારક તોફાન પણ ચલાવી ન લેવાય.

પરંતુ એક સર્વસામાન્ય અને સુનિશ્ચિત નિયમ તરીકે એ વસ્તુ સમજી લેવી જોઈએ કે શિક્ષકો અને ખાસ કરીને શારીરિક શિક્ષણની તાલીમ આપનારાઓ તેઓ તેમના વિદ્યાર્થીઓ પાસેથી જે ગુણોની અપેક્ષા રાખતા હોય તેનો તેઓ પોતે જ ઉદાહરણરૂપ હોવા જોઈએ. શિસ્ત, નિયમિતતા, સારી રીતભાત, હિંમત,

સહનશક્તિ, પ્રયત્નમાં ધૈર્ય — આ બધા ગુણો, શબ્દો કરતાં ઉદાહરણથી વધુ સારી રીતે શીખવી શકાય છે. અને એક સુનિશ્ચિત નિયમ તરીકે એ જાણી લેવું કે જે વસ્તુ કરવાની તમે તમારા બાળકોને મનાઈ કરતાં હો તે તો તેના દેખતાં ન જ કરવી.

બાકી તો, દરેક પ્રસંગમાં તેનો આગવો ઉકેલ રહેલો હોય છે અને આપણે વિવેકબુદ્ધિ અને કળનો ઉપયોગ કરીને પગલાં લેવાં જોઈએ.

આટલા માટે જ જો તમે અમલમાં મૂકી શકો તો એક શિક્ષક બનવું કે તાલીમ આપનાર બનવું એ જ સૌથી મોટી શિસ્ત છે.

આશીર્વાદ.

(૨૦ નવેમ્બર ૧૯૬૯)

દરેક બાળકે કન્નિયો-કંકાસ કરવાનું બંધ કરવું જોઈએ. એણે એ શીખવું જોઈએ કે કોઈ તેને શિક્ષા કરશે એવી બીકથી નહિ પણ કન્નિયા કરવા એ શરમજનક વસ્તુ છે એમ સમજીને વર્તન કરવું જોઈએ.*

પ્રથમના પ્રસંગે એ સાચી પ્રગતિ કરે છે. બીજા પ્રસંગે જ્યારે એ ભય રાખે છે ત્યારે તેનું માનવ ચેતનામાંથી પતન થાય છે કારણ કે ભય એ પોતે જ ચેતનાનું પતન છે.

(૨૧ નવેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

શિક્ષક અને તાલીમ આપનારની જવાબદારી કેવળ શાળાના કે પ્લે ગ્રાઉન્ડના સમય પૂરતી જ મર્યાદિત છે?

હું આ વસ્તુ પૂછું છું કારણ કે આપણાં ઘણાં બાળકો સામાન્ય રીતે રસ્તામાં બહુ બેહૂદું વર્તન કરે છે. તેઓ ગમે ત્યાં ચાલે છે, રસ્તા વચ્ચે વાતો કરવા ઊભા રહે છે, અને સૌથી મુશ્કેલ પ્રશ્ન તો એ છે કે તેઓ સાઇકલ ઉપર બત્તી વિના કે બ્રેક વિના સવારી કરે છે અને બબ્બે જણ બેસે છે. અમારામાંથી કોઈ એ પ્રત્યે ધ્યાન આપતું નથી કારણ

---

* પાછળથી શ્રી માતાજીએ ઉમેરેલું : "આ તો પ્રથમનું પગલું છે. જ્યારે એ આટલે સુધી આવ્યું હોય છે ત્યારે તેણે આગળ વધવું જોઈએ અને સારા બનવાનો આનંદ માણવો જોઈએ."

કે એ વસ્તુઓ અમારા કામના સમયની બહાર બને છે.

અને આ વસ્તુને અટકાવવા માટે કશો પ્રયત્ન થતો નથી. કાયદા પ્રત્યેની ઉપેક્ષા એટલી બધી વ્યાપી ગઈ છે કે કેટલાક જવાબદાર લોકો પણ તેમનું ઉલ્લંઘન કરતા જોવામાં આવે છે.''

આ દુઃખદ પરિસ્થિતિનો ઉત્તમ ઇલાજ એ છે કે જ્યારે બાળકો એકઠાં થયાં હોય (કદાચ પ્લે ગ્રાઉન્ડ ઉપર), ત્યારે તેમને, રસ્તામાં કઈ રીતે વર્તવું તે વિષયમાં એક ટૂંકો પદાર્થપાઠ આપવો — શું કરી શકાય અને શું ન કરી શકાય. જે કોઈને તેમની સમક્ષ બોલતાં આવડતું હોય અને તેમને રસ પડે તેવી રીતે અને શક્ય હોય તો હાસ્ય પ્રેરે તેવી રીતે કહેશે તો જરૂર એનું પરિણામ આવશે.

આશીર્વાદ.

(૨૧ નવેમ્બર ૧૯૬૯)

''મધુર માતાજી,

આનો અર્થ શું એમ થાય કે અમે એકવાર બાળકોને સારી રીતે સમજાવી દઈએ કે રસ્તામાં કઈ રીતે વર્તવું એટલે પછી અમારા કામના સમય બહારના કલાકોમાં તેઓ શું કરે છે તે અંગે અમારી કોઈ જવાબદારી રહેતી નથી?''

જે વસ્તુ પોતે જાતે ન જોઈ હોય તે બાબતમાં હસ્તક્ષેપ કરવો એ મુશ્કેલી-ભર્યું કાર્ય છે. અફવા હંમેશાં શંકાસ્પદ હોય છે. પરંતુ તાલીમ આપનારામાંથી કોઈ પોતે પોતાના વિદ્યાર્થીની રસ્તામાંની ગેરવર્તણૂંક જુએ તો એ એમાં વચમાં પડે તો તે યોગ્ય કહેવાય, પરંતુ અલબત્ત એક શરતે, કે તેનો એ વિદ્યાર્થી સાથેનો સંબંધ મિત્રાચારીભર્યો અને પ્રેમમય હોય.

આશીર્વાદ.

(૨૨ નવેમ્બર ૧૯૬૯)

''મધુર માતાજી,

આપને શું એમ નથી લાગતું કે બાળકોના શિક્ષણના આપણા કાર્યક્રમમાં, આશ્રમને માટે કોઈ નિઃસ્વાર્થી કાર્યનું — કંઈ નહિ તો અઠવાડિયે એક દિવસ પૂરતું — સ્થાન હોવું જોઈએ?''

નિઃસ્વાર્થી કર્મ કરવું એ હંમેશાં સારી વસ્તુ છે. પરંતુ જો એ કાર્ય આનંદદાયક હોય અને કંટાળાજનક ફરજરૂપ ન હોય તો વધારે સારું.

આશીર્વાદ.

(૨૬ નવેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

આપણે દરેક વર્ષે ગ્રૂપ એ–૧ અને એ–૨ ના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ખાસ ઇનામ આપીએ છીએ. આ વર્ષે એક છોકરાએ સમગ્ર વર્ષ દરમ્યાન ઘણું સારું કામ કર્યું છે, પરંતુ એ અત્યારે રજાઓ ગાળવા તેને ઘેર ગયો છે અને તેણે બીજી ડિસેમ્બરના પ્રદર્શનમાં ભાગ લીધેલો નથી. આપને શું એમ લાગે છે કે, આમ છતાં, તેને આ વર્ષ માટેનું ઇનામ આપવું જોઈએ?"

એ કઈ રીતે ગયો તેના ઉપર સઘળો આધાર છે : એટલે કે એ તેનાં માબાપની ઇચ્છાને કારણે ગયો છે કે એને પોતાને જવું હતું તે માટે ગયો છે. જો એ પોતાની ઇચ્છાથી ગયો હોય તો, ભલે બહારથી જોતાં એની લાયકાત ઊંચી હોય છતાં કદાચ એને ઇનામ ન આપવું એ ઠીક રહેશે, કારણ કે આપણે જો ઇનામ આપીએ તો એનો અર્થ એ થાય કે આપણે વિદ્યાર્થીના આંતરિક વલણને અને આપણા ધ્યેય વિષેની તેની સમજને, એટલે કે નૂતન સૃષ્ટિ માટે આવતી કાલના મનુષ્યોના સર્જનના કાર્ય વિષેની એની સમજને આપણે કશી અગત્ય આપતા નથી.

આશીર્વાદ.

(૯ ડિસેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

બાળકો કામ કરતાં થાય અથવા તેમ કરવામાં તેમને રસ પડે તેટલા માટે તેમને કોઈ પ્રકારનાં ઇનામો તેમના કામના બદલા તરીકે આપવાં એ યોગ્ય કહેવાય?"

એ તો સ્પષ્ટ છે કે બાળકો પોતે પોતાની ચેતના વિકાસ અર્થે અને પોતે જે કાંઈ ન જાણતાં હોય તેમાંથી થોડું જાણે તે માટે અભ્યાસ કરે તે વધુ સારું ગણાય;

પરંતુ જે બાળકો વિશેષ પ્રકારે ખંતીલાં, શિસ્તપાલક અને એકાગ્ર ચિત્ત જણાય, તેઓને ઈનામો આપવામાં કાંઈ ખોટું નથી.

આશીર્વાદ.

(૧૭ ડિસેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

આપને એમ નથી લાગતું કે કોઈ વ્યક્તિ અહીં શિક્ષક કે તાલીમ આપનાર બને — ખાસ કરીને નના બાળકોની બાબતમાં — તે અગાઉ તેણે આશ્રમમાં અમુક સમય વસવાટ કર્યો હોય તે જરૂરી છે ?"

આમાં જે જરૂર છે તે ચેતના અમુક પ્રકારના વલણની — અને દુર્ભાગ્યે એવું બને છે કે આશ્રમમાં ઘણાં બધાં વર્ષો ગાળ્યા પછી, આ પ્રકારનું વલણ કેળવાય જ, એવું બનતું નથી.

સાચું કહું તો, શિક્ષકોને નીમવામાં આવે ત્યારે તેઓ આ પ્રકારનું વલણ અખત્યાર કરી શકે છે કે કેમ અને તેમના કાર્ય સાથે પોતાની જાતને બંધબેસતી કરી શકે છે કે તે જોવા માટે તેમને પ્રાયોગિક ધોરણે નીમવા જોઈએ.

આશીર્વાદ

(૧૮ ડિસેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

'ચેતનાનું અમુક પ્રકારનું વલણ' એ શબ્દો દ્વારા આપ શું કહેવા માગો છો ?"

આમાં ચેતનાનું એ પ્રકારનું વલણ અપનાવવાનું રહે છે કે તે વ્યક્તિને અંતરમાં પ્રતીતિ થયેલી હોવી જોઈએ કે જે કાંઈ જ્ઞાન પામવા પાત્ર છે તેની સરખામણીમાં પોતે કશું જાણતો નથી અને હરેક ક્ષણે તેની તૈયારી જે કાંઈ નવું જાણવા મળે તે શીખવા માટેની હોવી જોઈએ કે જેથી તે યોગ્ય રીતે ભણાવી શકે. આ સૌથી વધુ પ્રાથમિક અગત્યનો મુદ્દો છે.

એક બીજી વાત પણ છે અને તે એ કે આપણા બાહ્ય જીવનને આપણે જે પ્રકારે જાણીએ છીએ તે એક ઓછાવત્તા પ્રમાણમાં મિથ્યા આભાસ સરખું

છે અને એટલા માટે આપણે સતતપણે સત્ય માટેની અભીપ્સા સેવવાનું ચાલુ રાખવું જોઈએ.

આશીર્વાદ.

(૧૯ ડિસેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

માબાપ કે વાલીઓએ આશ્રમમાં કયો ભાગ ભજવવાનો છે? તેમનાં બાળકોને વધુ સારું શિક્ષણ મળી શકે તે માટેના કાર્યમાં તેઓ કઈ રીતનો ફાળો આપી શકે?"

અહીં માબાપો અને વાલીઓની પહેલી ફરજ તો એ છે કે વાણી કે વર્તન દ્વારા અહીં અપાઈ રહેલા શિક્ષણથી વિરુદ્ધ ન જવું.

આપણે વિધેયક રીતે જોઈએ તો એમ કહી શકાય કે તેમણે તેમનાં બાળકો ઋજુ અને શિસ્તબદ્ધ બને તે માટે તેમને ઉત્તેજન આપતાં રહેવું જોઈએ.

આશીર્વાદ.

(૨૪ ડિસેમ્બર ૧૯૬૯)

"મધુર માતાજી,

ફેશન, પહેરવેશ અને ઘરેણાંની બાબતમાં આપનો શું અભિપ્રાય છે? આશ્રમ જીવનમાં કઈ વસ્તુ શિષ્ટતાની દ્યોતક ગણાય?"

પ્રભુનો આભાર, મારી પાસે કોઈ અભિપ્રાય નથી. મારા માટે તો શિષ્ટતા એટલે સાદાઈ અને સચ્ચાઈ

આશીર્વાદ.

(૪ જાન્યુઆરી ૧૯૭૦)

"મધુર માતાજી,

આપ અમને જે સ્વતંત્રતા આપો છો તેનો બાળકો વ્યવસ્થિત ઉપયોગ કરી શકે એવું તેમને કઈ રીતે શીખવી શકાય?"

બાળકોએ દરેક વસ્તુ શીખવાની હોય છે. તેઓ પોતાના જીવનને ઉપયોગી અને જરૂરી ફાળો આપી શકે તેમ કરવા માટે આ વસ્તુ તેમના પાયાના ખ્યાલરૂપ હોવી જોઈએ.

સાથે સાથે, જેમ જેમ તેઓ મોટાં થતાં જાય તેમ તેમ, તેમણે તેમની પોતાની અંદર કઈ વસ્તુઓ પ્રત્યે વધુ રસ છે અને કઈ વસ્તુઓ તેઓ સારી રીતે કરી શકે તેમ છે તે શોધી કાઢવાની વૃત્તિ હોવી જોઈએ. તેમનામાં એવી ઘણી ગુપ્ત શક્તિઓ હોય છે જેમનો વિકાસ કરવાનો હોય છે. કેટલીક શક્તિઓ તો નવેસરથી શોધી કાઢવાની હોય છે.

બાળકોને એ પણ શીખવવું જોઈએ કે તેમણે મુશ્કેલીઓ ઉપર પ્રભુત્વ મેળવવાનું છે અને એ પણ જણાવવું જોઈએ કે એમ કરવાથી જીવનને એક વિશેષ મૂલ્ય પ્રાપ્ત થાય છે; જ્યારે તમે કઈ રીતે એમ થઈ શકે તે જાણી લો છો ત્યારે તમારામાંથી કંટાળાની લાગણી હમેશને માટે અદૃશ્ય થઈ જાય છે અને જીવન પ્રત્યે તદ્દન નવી રીતનો રસ પ્રાપ્ત થાય છે.

આપણે પૃથ્વી ઉપર પ્રગતિ કરવાને માટે આવ્યાં છીએ અને આપણે માટે દરેક વસ્તુ શીખવા પાત્ર છે.

(૧૪ જાન્યુઆરી ૧૯૭૨)

'મધુર માતાજી,

ગઈ કાલે આપે લખેલું છે કે, 'ગુપ્ત શક્તિઓને વિકસાવવાની છે અને કેટલીક શક્તિઓને નવેસરથી શોધી કાઢવાની છે.'

આ પ્રકારની શક્તિઓની શોધ પરત્વે શિક્ષક અથવા તાલીમ આપનારનું સ્થાન કઈ પ્રકારનું હોય છે ?"

શિક્ષક કોઈ એવા પુસ્તક સરખો ન હોવો જોઈએ કે જેને મોટેથી વાંચી શકાય, દરેકને માટે એક જ પ્રકારના વાચનવાળો હોય — પછી એની પ્રવૃત્તિ અને ચારિત્ર્ય ગમે તેવાં હોય, શિક્ષકની પહેલી ફરજ વિદ્યાર્થીને પોતાની જાતને જાણતાં અને પોતે શું સિદ્ધ કરવાને શક્તિમાન છે તે શોધી કાઢતાં શીખવવાની છે.

આમ કરી શકાય તે માટે તેણે એની રમતોનું નિરીક્ષણ કરવું જોઈએ, તે કઈ પ્રવૃત્તિઓ પ્રત્યે કુદરતી રીતે અને આપોઆપ આકર્ષાય છે, તેની બુદ્ધિ જાગ્રત છે કે કેમ, તેને કઈ જાતની વાર્તાઓ ગમે છે, કઈ પ્રવૃત્તિઓમાં તેને રસ પડે છે, માનવજાતિની કઈ સિદ્ધિઓમાં તેને રસ પડે છે — આ સર્વનું નિરીક્ષણ કરવું જોઈએ.

શિક્ષકે, તેને સોંપેલાં બાળકોમાંનું દરેક પ્રકારનું છે તે જાણી લેવું જોઈએ. અને કાળજીપૂર્વકના અવલોકન પછી તેને એમ જણાય કે તેને સોંપેલાં બાળકોમાંનાં

બે કે ત્રણ એવી વિશિષ્ટ કોટિનાં છે કે જેઓ ભણવા માટે આતુર છે અને જેમને પ્રગતિ પ્રત્યે પ્રેમ છે, તો તેણે તેની પોતાની શક્તિઓનો ઉપયોગ એવી રીતે કરવો જોઈએ કે તેમના વ્યક્તિગત આત્માની પસંદગીની દિશામાં વિકાસ કરવા માટે જરૂરી એવી સ્વતંત્રતા તેમને મળી રહે.

જૂની પદ્ધતિમાં વર્ગમાં બધા બેઠા હોય અને શિક્ષક આવીને સૌને એક જાતનું ભણાવે એ એક સરળ અને કરકસરવાળી પદ્ધતિ તો છે, પણ સાથે સાથે એ અત્યંત બિનઅસરકારક હોય છે અને એમાં સૌના સમયનો બગાડ થાય છે.

(૧૫ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

આપે લખેલું છે કે 'કાળજીપૂર્વકના અવલોકન પછી તેને (શિક્ષકને) એમ જણાય કે તેને સોંપેલાં બાળકોમાંનાં બે કે ત્રણ એવી વિશિષ્ટ કોટિનાં છે કે જેઓ ભણવા માટે આતુર છે અને જેમને પ્રગતિ પ્રત્યે પ્રેમ છે, તો તેણે તેની પોતાની શક્તિઓનો ઉપયોગ એવી રીતે કરવો જોઈએ કે તેમના વ્યક્તિગત આત્માની પસંદગીની દિશામાં વિકાસ કરવા માટે જરૂરી એવી સ્વતંત્રતા તેમને મળી રહે.'

આપના કહેવાનો આશય એ છે કે, પસંદગીની સ્વતંત્રતા કેવળ અસાધારણ બાળકોને જ આપવી જોઈએ? — તો પછી બીજાંઓનું શું?"

મેં અસાધારણ બાળકોને પસંદગીની સ્વતંત્રતા આપવાનું કહેલું કારણ કે જો આપણે તેમનો સંપૂર્ણ રીતનો વિકાસ થાય તેમ ઇચ્છતા હોઈએ તો એ વસ્તુ એમને માટે અનિવાર્ય બની રહે છે.

બેશક, પસંદગીની આ સ્વતંત્રતા બધાં જ બાળકોને આપી શકાય અને એકંદરે જોતાં, અમની પ્રકૃતિ ખરેખર કેવી છે તે જાણવાનો એ એક સારો માર્ગ છે; પરંતુ બનશે એવું કે એમાંનાં ઘણાંખરાં આળસુ પુરવાર થશે અને અભ્યાસમાં ખાસ રસ નહિ લે. પરંતુ એમ પણ બને કે તેઓ તેમના હસ્તકૌશલ્યનો ઉપયોગ કરીને ઘણી ઘણી વસ્તુઓની રચના કરવાનું શીખી શકશે. આ વસ્તુને પણ ઉત્તેજન આપવું. આ રીતે, બાળકો તેમનું સમાજમાંનું સાચું સ્થાન શોધી શકશે અને જ્યારે તેઓ મોટાં થશે ત્યારે તેમનો ફાળો આપવાને માટે તૈયાર હશે.

દરેક બાળકને એ વસ્તુ શીખવવી કે પોતે જે કાંઈ કરતાં હોય તેમાં તેમને મજા પડવી જોઈએ, એ કામ પછી બૌદ્ધિક હોય, કલાને લગતું હોય કે શારીરિક રીતનું હોય — અને સૌથી વધુ તો એ કે કામ કરવામાં ગર્વ અનુભવવો જોઈએ, — કામ ગમે તે હોય પણ જો એ કાળજી અને કુશળતાપૂર્વક કરેલું હોય તો એ ગર્વ લેવા લાયક વસ્તુ છે.

(૧૬ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

અસાધારણ બાળકોની બાબતમાં આપ શું એમ વિચારો છો કે તેમનામાં રહેલી વિશિષ્ટ કુશળતા પ્રત્યે તેમની સર્વ શક્તિઓને વાળવી કે પછી તેમને સર્વાંગીણ વિકાસ પ્રત્યે દોરવી જોઈએ ?"

એનો આધાર સર્વાંશે તે બાળક અને તેની ક્ષમતા ઉપર રહે છે.

(૧૮ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

મેં એક વાર આપને પૂછેલું કે આપણે આપણા શિક્ષણના કાર્યક્રમમાં આપણાં બાળકોને, આશ્રમને માટે કોઈ નિઃસ્વાર્થી કામ – કંઈ નહિ તો અઠવાડિયે એક દિવસ માટે – કરતાં શીખવવું કે કેમ. અને આપે જવાબ આપેલો કે, નિઃસ્વાર્થી કામ કરવું એ હંમેશાં એક સારી વસ્તુ છે. પરંતુ આ વસ્તુ જો આનંદદાયક રીતે કરવામાં આવે અને એ કોઈ કંટાળાજનક બોજારૂપ ન હોય તો વધુ સારું.

તો આપ અમને સૂચવી શકશો કે આ વસ્તુ અમે અમારા કાર્યક્રમમાં કઈ રીતે સમાવી શકીએ ?"

જો બાળકો તેમનાથી થઈ શકે તેવાં જુદાં જુદાં કાર્યો જુએ તો તેમાંથી એક યા બીજું કોઈ કામ કરવાનું વલણ તેમનામાં જાગ્રત થશે અને એ વસ્તુ તેમને માટે એક રમત જેવી રસપ્રદ બની રહેશે — જો તેઓ સાચી રીતે બુદ્ધિમાન હશે તો.

(૧૮ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

આપે જ્યારે એમ કહેલું કે અમારે બાળકોની રમતનું અવલોકન કરવું[૧] તો તે સમયે કેટલી ઉંમરનાં બાળકોનો ખ્યાલ આપના મનમાં હતો?"

એનો અર્થ સર્વાંશે તે બાળક ઉપર રહે છે. કેટલાંક બાળકો સાત વર્ષની ઉંમરે સજ્ઞાન બની ગયાં હોય છે જ્યારે કેટલાંકને લાંબો સમય લાગે છે.

આમાં અગત્યની વસ્તુ એ છે કે બાળકોને પોતાની મેળે નિર્ણય કરવાની તક આપવી.

"માતાજી, સાતથી કેટલાં વર્ષ સુધી?"[૨]

આપણે અઢાર વર્ષ કહી શકીએ. એનો આધાર દરેક દાખલા ઉપર રહે છે. કેટલાંક બાળકો ૧૪ કે ૧૫ વર્ષની ઉંમરે સંપૂર્ણપણે વિકાસ પામેલાં હોય છે. એ વસ્તુ દરેકને માટે જુદી હોય છે. એનો આધાર દરેક કેસ ઉપર રહે છે....

(૧૮ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

આપે લખેલું છે કે 'શિક્ષકે તેના હસ્તકનું બાળક કયા પ્રકારનું છે તે શોધી કાઢવું જોઈએ અને એ માટે તેની ટેવો અને પ્રતિકાર્યોનું અવલોકન કરવું જોઈએ.' અમે બાળકો કયા પ્રકારનાં છે તે કેવી રીતે પારખી શકીએ?"

તેઓ કઈ રીતે જીવે છે તેનું નિરીક્ષણ કરીને.

બાળકોનું વર્ગીકરણ કરવા માટે શિક્ષકે તેમની ટેવો અને પ્રતિકાર્યોનું અવલોકન કરવું જોઈએ.

શિક્ષકે કેવળ પદાર્થપાઠો રટનાર યંત્ર નહિ પરંતુ એક મનોવૈજ્ઞાનિક અને અવલોકનકાર પણ બનવું જોઈએ.

(૧૯ જાન્યુઆરી ૧૯૭૨)

૧- ૧૫મી જાન્યુઆરી ૧૯૭૨નો પત્ર.

૨. મૌખિક પ્રશ્નોત્તર.

"મધુર માતાજી,

શું અમારે એક જ પ્રકારનાં બાળકોને એકસાથે રાખવાં જોઈએ ?"

એના લાભ પણ છે અને ગેરલાભ પણ છે. આપણે બાળકોનાં ગ્રૂપો ગોઠવતી વેળાએ આપણને ઉપલબ્ધ સાધનો અને સગવડોનો ખ્યાલ રાખવો જોઈએ. જે કોઈ વ્યવસ્થા ગોઠવીએ તેમાં જરૂર પડયે ફેરફાર અને સુધારો થઈ શકે તેવી હોવી જોઈએ.

એક સારા શિક્ષક બનવા માટે અખૂટ ધીરજવાળા ગુરુ સરખી આંતરદૃષ્ટિ અને જ્ઞાન હોવાં જરૂરી છે.

(૧૯ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

આપે કહેલું છે કે શિક્ષકની પ્રથમ ફરજ બાળકને પોતાને વિષે જાણતાં શીખવવાની છે.

અમે બાળકને તેની જાતને ઓળખતાં કઈ રીતે શીખવી શકીએ ? એમ થઈ શકે તેટલા માટે અમારી પોતાની ચેતના જ ઉચ્ચ કક્ષાએ પહોંચેલી હોય એ જરૂરી ખરું કે નહિ ?"

હા, જરૂર એમ જ ![1]

શિક્ષકનું વલણ એવું હોવું જોઈએ કે પ્રગતિ કરવા માટે તેનામાં સતતપણે સંકલ્પ જાગ્રત હોય. આ વસ્તુ તેણે કેવળ એટલા માટે નથી કરવાની કે જેથી તે વિદ્યાર્થીઓને જે કાંઈ શીખવવાનું હોય તે હંમેશાં સારી રીતે જાણી લે, પરંતુ સૌથી વધુ તો એટલા માટે કે એમ કરીને એ બીજાઓ માટે તેમણે જેવા બનવાનું છે તે માટેના એક જીવંત દાખલા રૂપ બની શકાય.

(પાંચ મિનિટના ધ્યાન બાદ) શિક્ષકે પોતે વિદ્યાર્થીઓને જેવા બનવાનું કહેતો હોય તેના જીવંત ઉદાહરણરૂપ બનવાનું છે.

(૧૯ જાન્યુઆરી ૧૯૭૨)

---

૧. આટલું વાકય મૌખિક રીતે કહેલું.

"મધુર માતાજી,

શું બાળકોને પોતાની જાત ઓળખતાં શીખવવા માટેનો આ એક માત્ર ઉપાય છે?"[૧]

એ જ ખરો રસ્તો છે. જુઓને, શિક્ષક તેનાં બાળકોને એમ કહેતો હોય કે "જૂઠું બોલવું નહિ" અને પોતે જ જૂઠું બોલતો હોય; કહેતો હોય કે "ગુસ્સો કરવો નહિ" અને પોતે જ ગુસ્સો કરતો હોય — તો પછી પરિણામ શું આવે? બાળકો તેમના શિક્ષક ઉપરથી નહિ પણ તે જે શીખવતો હશે તેની ઉપરથી પણ તે વિશ્વાસ ગુમાવી બેસશે....

"માતાજી, આપ જે કાંઈ લખો છો તે હું દરરોજ ટાઈપ કરી લઉ છું અને બીજા શિક્ષકોને બતાવવા માટે 'પી' તેને શાળામાં લઈ જાય છે અને એ તેમને ઘણું ગમે છે. અને હવે કેટલાક શિક્ષકો તેમના પૂછવાના પ્રશ્નો મને આપે છે." [૧]

(હસતાં) સરસ! ઘણું સરસ!

(૧૯ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

અમે જ્યારે બાળકોને તેમની આગળ પડીને રસ લેવાની ક્ષમતા અનુસાર વર્ગો પાડીને ગોઠવણી કરવા જઈએ છીએ ત્યારે અમે જોઈએ છીએ કે જુદા જુદા વિષયોની બાબતમાં તેમનામાં તેમની જ્ઞાનપ્રાપ્તિના અનેક સ્તરોનું મિશ્રણ હોય છે. આને લઈને જે શિક્ષકો જૂની અને જાણીતી રીતે વર્ગો લેવાને ટેવાયેલા છે તેમને આ વિષયમાં ઘણી મુશ્કેલી પડે છે."

આપણે અહીં મુશ્કેલ વસ્તુઓ કરવાને જ આવેલાં છીએ. જો બીજાઓ જે કરે છે તેનું આપણે પુનરાવર્તન જ કરવાનું હોય તો, એ વિષયમાં કશી મહેનત કરવા જેવું નથી કારણ કે જગતમાં પહેલેથી જ ઘણી ઘણી શાળાઓ છે.

લોકોની અંદર રહેલા અજ્ઞાનને દૂર કરવા માટે ઘણા મનુષ્યોએ સહેલામાં સહેલા લાગતા ઉપાયો યોજેલા છે. પરંતુ આપણે એ અવસ્થાને વટાવી ગયા છીએ અને માનવજાતિ વધુ સારી રીતે અને વધુ સંપૂર્ણ રીતે જ્ઞાન પામવાને તૈયાર છે.

---

૧. મૌખિક પ્રશ્નોત્તર.

એટલે હવે જે લોકો આગલી હરોળમાં છે તેમની એ ફરજ છે કે તેમણે તેમને માર્ગ-દર્શન આપવું કે જેથી તેઓ તેનું અનુસરણ કરી શકે.

(૨૧ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

બાળકો પોતાની અંદર રહેલી ક્ષમતાઓને પારખે અને તેઓ પોતાની મેળે પોતાના વ્યક્તિગત વિકાસના માર્ગે આગળ વધે તે માટે આપણી શિક્ષણ પદ્ધતિના આયોજન વિષે આપના શા ખ્યાલો છે?"

આપણે અહીં એ જ વસ્તુ કરવા પ્રયત્ન કરીએ છીએ.[1] એનો આધાર શિક્ષક ઉપર છે. મારી પાસે કાગળ ઉપર મૂકી શકાય તેવી કોઈ યોજના નથી.

આપણે અહીં આ વસ્તુ કરવા પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એ સારી રીતે થઈ શકે તેનો આધાર શિક્ષક ઉપર છે — એ કેટલી મહેનત લે છે અને એ-નામાં કેટલા અંશે મનોવૈજ્ઞાનિક સમજશકિત છે તેના ઉપર છે. શિક્ષકમાં તેના વિદ્યાર્થીનું ચારિત્ર્ય અને શકયતા પારખવાની આવડત હોવી જોઈએ જેથી કરીને એ તેના શિક્ષણને દરેક વ્યકિતગત દાખલામાં બંધબેસતું કરી શકે.

(૨૨ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

આપણે શું શિક્ષકોનું તેમના વિષયો અનુસાર વર્ગીકરણ કરવું જોઈએ?"

જ્યારે કોઈ ને કોઈ એક કે વધુ વિષયોનો ઊંડો અભ્યાસ કરવો હોય ત્યારે વિષયવાર વર્ગીકરણ અગત્યનું હોય છે. પરંતુ તે પહેલાં જો સૌને માટે ઉપયોગી એવું સર્વસામાન્ય જ્ઞાન સૌને સમાન રીતે એક પાયા રૂપે આપવામાં આવેલું હોવું જોઈએ : ઉ.ત. લખતાં-વાંચતાં આવડતું હોય, ઓછામાં ઓછી એક ભાષા સાચી રીતે બોલતાં આવડી ગઈ હોય, ભૂગોળનું થોડું સામાન્ય જ્ઞાન હોય, આધુનિક વિજ્ઞાનની સામાન્ય રૂપરેખા જાણવામાં હોય અને સમૂહમાં રહેવા માટેના જે થોડાક અનિવાર્ય નિયમો છે તેનું જ્ઞાન મળી ગયેલું હોય, ત્યારે એ પાયો પૂરો પડે છે.

જ્યારે કોઈ વિષયનો વિગતવાર અને સાંગોપાંગ અભ્યાસ કરવાનો હોય ત્યારે બાળકની ઉંમર અને શીખવાની તેની ક્ષમતા ઉપર આધાર રહે છે.

---

૧. આટલો ભાગ મૌખિક કહેવાયેલો.

આગળ પડતાં બાળકો એ વસ્તુ બાર વર્ષની ઉંમરે શરૂ કરી શકે છે. જો કે મોટા ભાગનાંને માટે પંદર, સત્તર કે અઢાર વર્ષની ઉંમર વધુ ઠીક પડે છે.

અને જ્યારે કોઈ ને કોઈ વિષય ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવું હોય, ખાસ કરીને જો એ વિષય વિજ્ઞાનને લગતો કે તત્ત્વજ્ઞાનને લગતો હોય તો તેણે પોતાની આખી જિંદગી સુધી શીખતા રહેવા તૈયાર હોવું જોઈએ : કદી પણ અભ્યાસ કરતાં અટકવું જોઈએ નહિ.

(૨૨ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

હું ફરીથી એ જ પ્રશ્ન ઊભો કરું છું : 'બાળકોના પ્રકારો' શબ્દોથી આપ ચોક્કસ શું કહેવા માગો છો ?

અને આ પ્રકારો કેવળ તેમના ચારિત્ર્યને લાગુ પડે છે કે તેમના રસના અન્ય વિષયોને પણ લાગુ પડે છે ?"

ચારિત્ર્યના પ્રકારો.

કોઈ બાળકમાં રહેલી શક્યતાને માપવા માટે, કેવળ સામાન્ય નૈતિક ખ્યાલો બહુ ખપમાં લાગતા નથી. કેટલાકના સ્વભાવ બંડખોર, શિસ્ત વિનાના અને જક્કી હોય છે પરંતુ એમની પાછળ જે કેટલાક ગુણો છુપાઈ રહેલા હોય છે તેમનો ઉપયોગ કરવાનું કોઈ જાણતું નથી. આળસુ પ્રવૃત્તિની પાછળ પણ ધીરજ અને શાંતિના ગુણો માટેની મહાન શક્યતા હોઈ શકે છે. આ વસ્તુઓને શોધી કાઢવા અને જુદી જુદી પ્રકૃતિઓનો સર્વોત્તમ ઉપયોગ કરી શકે એટલા માટે વિદ્યાર્થીઓ કરતાં, શિક્ષકોએ વધુ સખત કામ કરવું જોઈએ.

(૨૩ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

ગઈ કાલે આપે વર્તણૂક અંગેના નિયમોનો ઉલ્લેખ કર્યો. આપણા સમૂહને માટે વર્તણૂકના કયા નિયમો ને અનિવાર્ય ગણો છો ?"

ધીરજ, ખંત, ઉદારતા, ખુલ્લું મન, આંતરદૃષ્ટિ, શાંતિ, ક્ષમાભાવપૂર્વકની દૃઢતા અને જ્યાં લગી તેના ઉપર સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત ન થાય અથવા તેનો નાશ ન થાય ત્યાં સુધી અહંકાર ઉપરનો કાબૂ.

"મધુર માતાજી,

મારા પૂછવાનો ભાવાર્થ બરાબર આ રીતનો ન હતો. 'વર્તણૂકના નિયમોનો' અર્થ હું 'રીતભાતના નિયમો' એમ કરું છું."

રીતભાતના નિયમો એ સામાન્ય જીવનના ભૌતિક નિયમોમાં આવી જાય છે અને આપણા દૃષ્ટિબિંદુથી જોતાં, તેમનું કશું જ મૂલ્ય નથી.

(૨૩ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

મેં બાળકોને તેમના ચારિત્ર્યના પ્રકાર અનુસાર ગોઠવવાની વાત કરેલી છે. અમારી હાલની અજ્ઞાન અવસ્થામાં જો અમે કોઈ વર્ગીકરણ લાદવા પ્રયત્ન કરીએ તો એ વસ્તુ વિકસતાં બાળકો સાથેની કોઈ મનસ્વી અને ભયજનક રમત સરખું નહિ બને?"

સ્વાભાવિક રીતે, કોઈ પ્રકારના મનસ્વી અને અજ્ઞાનમૂલક નિર્ણયો ન લેવા જોઈએ. એ વસ્તુ બાળકો માટે હાનિકારક નીવડશે.

મેં જે કહેલું છે તે એવા શિક્ષકો માટે કે જેઓ ચારિત્ર્યની પરખ કરીને તેમની ગુણવત્તા યોગ્ય રીતે માપી જાણે છે, નહિ તો પછી, આવું કાંઈ કરવાનું પરિણામ સામાન્ય યંત્રવત્ શિક્ષણના કરતાં ભયંકર અને નુકસાનકારક આવવા સંભવ છે.

(૨૪ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

આપ કહો તે અમે કરીએ તેવી અપેક્ષા રાખો છો તે કરી શકાય તે માટે કોઈ ઉતાવળાં અને મનસ્વી કાર્યો કરવાને બદલે શું અમારી શિક્ષકોની એ ફરજ નથી કે અમારે સઘન અને સત્યનિષ્ઠાપૂર્વક યોગસાધના કરવી જોઈએ?"

બરાબર! *

* આખું મૌખિક રીતે કહેવાયેલું.

મેં જે લખેલું છે તે તમારે સિદ્ધ કરવાના આદર્શ રૂપ છે; તમે એ કરી શકો તે માટે તમારી જાતને તૈયાર કરવી જોઈએ.

આ પદ્ધતિ અપનાવવા માટે શિક્ષકમાં એક વિવેકપૂર્વકનું મનોવૈજ્ઞાનિક જ્ઞાન હોવું જોઈએ અને એ વસ્તુ સમય અને અનુભવ માગી લે છે.

(૨૪ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

આપે કહેલું છે કે એક શિક્ષકે એક વિવેકશક્તિવાન મનોવૈજ્ઞાનિક, – ગુરુ – થવું જોઈએ. આપ સારી પેઠે જાણો છો કે અમે એ વસ્તુથી ઘણા દૂર છીએ. અત્યારે શિક્ષકો જે રીતના છે એ વસ્તુને લક્ષમાં રાખીને, અમારી શિક્ષણપદ્ધતિમાં સુધારો કરવા માટે કયા પ્રકારની વ્યવસ્થા ગોઠવવી જોઈએ?"

તેમનાથી બને તે કરીને — એવા જ્ઞાનપૂર્વક કે તેમને સર્વ કાંઈ શીખવાનું છે. આ રીતે કરવાથી તેમને અનુભવોનો લાભ મળશે અને તેઓ વસ્તુઓને વધુ ને વધુ સારી રીતે કરી શકશે. શીખવા માટેનો આ એક ઉત્તમ માર્ગ છે અને જો તેઓ અંતરની સચ્ચાઈપૂર્વક બે ત્રણ વર્ષ સુધી આ પ્રમાણે કર્યે જશે તો તેઓ શ્રેષ્ઠ લાયકાતવાળા બની રહેશે. અને એ વસ્તુ ઘણી ઉપયોગી નીવડશે.

(૨૫ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

શું અમે બાળકોની જેમ શિક્ષકોનું પણ વર્ગીકરણ કરવું જોઈએ? તેમની શીખવવાની રીત, દૃષ્ટિ અને અમુક વિષયો પ્રત્યેનો અનુરાગ લક્ષમાં રાખીને વર્ગીકરણ કરવું જોઈએ?"

આમ કરી શકાય તેટલા માટે જે શિક્ષક દ્વારા અભ્યાસનું આયોજન થતું હોય, તે એક વિવેકશક્તિવાન, અવલોકનકાર અને શુભેચ્છાપૂર્ણ વ્યક્તિ હોવી જોઈએ અને તેણે એ પણ લક્ષમાં રાખવું જોઈએ કે તેણે પોતે પણ શીખવાનું છે અને પ્રગતિ કરવાની છે.

સાચું વલણ એ છે કે સમગ્ર જીવનને એક એવું સાતત્યપૂર્ણ અભ્યાસનું ક્ષેત્ર ગણવું જોઈએ કે જ્યાં તમારે શીખવાનો અંત નથી અને જે કાંઈ જ્ઞાન

પામવાનું છે તે પણ સંપૂર્ણપણે જાણી શકાય તેમ નથી. તમે હંમેશાં વધુ શીખી શકો છો અને વધુ સારી રીતે સમજ પામી શકો છો.

(૨૫ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

જે બાળકો નવ વર્ષની ઉંમરથી ઇલેક્ટ્રોનિક્સ અને ટેકનૉલૉજીના ક્ષેત્રમાં પ્રાયોગિક કામ કરવા માગતાં હોય તો તેમને ઉત્તેજન આપવું જોઈએ?"

હા, જરૂર.

(૨૫ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

આ પ્રકારના કાર્યમાં, શિક્ષકે દરેકને માટે વ્યક્તિગત રીતનો સમય આપવો જોઈએ. પરંતુ શિક્ષકોની સંખ્યા ઘણી નાની છે. તો અમે સૌ કોઈની જરૂરિયાતને શક્ય તેટલી પૂર્ણ રીતે આદર આપવાનું અને સાથે સાથ જેઓ મદદ માગતા હોય તેમને સંતોષ આપવાનું કામ કઈ રીતે કરી શકીએ?"

આમાં કોઈ થિયરી ન બનાવાય. દરેક વસ્તુ પ્રસંગ ઉપર, શક્યતાઓ ઉપર અને સંજોગો ઉપર આધાર રાખે છે. આમાં શિક્ષકે બને તેટલી સારી રીતનું વલણ રાખવું અને શક્ય તેટલું ઉત્તમ ને ઉત્તમ કાર્ય કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(૨૬ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

આપે એક દિવસ કહેલું કે કેટલાક શિક્ષકો જરૂરી ક્ષમતા-વાળા નથી અને એમણે ભણાવવાનું બંધ કરવું જોઈએ. તો કોઈ શિક્ષકની ક્ષમતા માપવા માટે કયું ધોરણ હોઈ શકે?"

સૌ પ્રથમ તો આપણે શું કરવા માગીએ છીએ તે જાણીને સમજી લેવું જોઈએ. અને તે કઈ રીતે ઉત્તમ પ્રકારે થઈ શકે તે સમજી લેવું જોઈએ.

બીજું એ કે એનામાં એક એવી મનોવૈજ્ઞાનિક વિવેકબુદ્ધિ હોવી જોઈએ કે

જેથી તે તેના વિદ્યાર્થીઓને સમજી શકે, તેમની ક્ષમતાઓ જાણી શકે અને એના પાયા ઉપર વ્યવહાર કરી શકે.

સ્વાભાવિક રીતે, એ પોતે જે વિષય શીખવતો હોય તે તો તેણે જાણી લેવો જોઈએ. જો એ ફ્રેન્ચ શીખવતો હોય તો એને ફ્રેન્ચ આવડતું હોવું જોઈએ. જો એ અંગ્રેજી, ભૂગોળ, વિજ્ઞાન શીખવતો હોય તો એ વિષયો તે જાણતો હોવો જોઈએ.

પરંતુ સૌથી અગત્યની વસ્તુ એ છે કે એનામાં એક મનોવૈજ્ઞાનિક વિવેક-શક્તિ હોવી જોઈએ. *

(૩૧ જાન્યુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

આજકાલ બહારની શાળાઓમાં ખાસ કરીને પશ્ચિમમાં, 'જાતીય શિક્ષણ'ને ઘણી અગત્ય આપવામાં આવે છે."

"જાતીય શિક્ષણ" શું છે? એમાં એ લોકો શું શીખવે છે?

મને લાગેવળગે છે ત્યાં સુધી, લોકોનું મન આ વિષયમાં ગૂંથાયેલું ન હોવું જોઈએ. મારા સમયમાં અમે કદી પણ આ વિષયનું ચિંતન કરતાં ન હતાં. હવે બાળકો એના વિષે આખો સમય વાતો કરતાં રહે છે – એ વસ્તુ એમના મનમાં, લાગણીઓમાં છે. એ અત્યંત મુશ્કેલ વસ્તુ છે, ઘણી મુશ્કેલ.

પરંતુ જો તેઓ બીજે એ વિષયમાં વાત કરતા હોય તો આપણે અહીં પણ એ વિષય ઉપર કહેવું જોઈએ. એમને આ વસ્તુઓનાં પરિણામો વિષે કહેવું જોઈએ. ખાસ કરીને છોકરીઓને કહેવું જોઈએ કે એનાં પરિણામો ભયંકર આવે તેમ છે. જ્યારે હું નાની હતી ત્યારે એ દિવસોમાં લોકો એ બધા વિષે વાતો કરતા નહિ, એ વસ્તુઓ પ્રત્યે ધ્યાન પણ આપતા નહિ. એ બધી વસ્તુઓ વિષે એ લોકો કોઈ વાતો કરતા નહિ. અહીં હું એ વિષયની ચર્ચા થાય તેમ ઇચ્છતી ન હતી. આટલા માટે તો આપણે શારીરિક વ્યાયામ કરીએ છીએ. એ રીતે, શક્તિઓનો ઉપયોગ બળ, સૌંદર્ય, કુશળતા, વગેરે ખીલવવામાં થાય છે અને તમારી અંદર સંયમની શક્તિ આવે છે. તમે જોશો કે જે લોકો

* મૌખિક ઉત્તર

ખૂબ પ્રમાણમાં શારીરિક વ્યાયામ કરે છે તેઓ તેમના આવેગો ઉપર ઘણી વધુ સારી રીતે સંયમ રાખી શકે છે. *

(ધ્યાન બાદ) મનુષ્ય જે શકિતઓ બાળકો પેદા કરવામાં વપરાય છે અને જે એમના જીવનમાં આટલું બધું આગળ પડતું સ્થાન લે છે તેમને એથી ઊલટું, સૂક્ષ્મ બનાવીને પ્રગતિ અને ઉચ્ચતર વિકાસ માટે અને એક નવીન જાતિના આગમન માટે વાપરવી જોઈએ. પરંતુ સૌપ્રથમ તો પ્રાણ અને શરીરમાંથી સર્વ પ્રકારની કામનાનો ત્યાગ થવો જોઈએ. નહિ તો પછી કોઈ ભયંકર પરિણામ આવી શકે છે.

(૧ ફેબ્રુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

નાનાં બાળકો અને મોટા વિદ્યાર્થીઓ (ઉ.ત. ચૌદ કે પંદર વર્ષની ઉપરના) પ્રત્યેના શિક્ષકનાં વર્તન અને જવાબદારીના વિષયમાં કયા પ્રકારનો તાત્ત્વિક ભેદ રહેલો છે?"

એ તો સ્વાભાવિક છે કે જેમ જેમ બાળકોમાં ચેતના અને બુદ્ધિનો વિકાસ થતો જાય તેમ તેમ એ તત્ત્વો દ્વારા જ આપણે તેમની સાથે વર્તન કરી શકીએ છીએ.

(૩ ફેબ્રુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

કોઈએ કોઈ બાળકને શિક્ષા કરવી જોઈએ?"

શિક્ષા! શિક્ષા શબ્દથી તમે શું કહેવા માગો છો? જો કોઈ બાળક વર્ગમાં કોલાહલ કરતું હોય અને બીજાઓના કામમાં નિક્ષેપ નાખતું હોય તો તમારે તેને યોગ્ય રીતે વર્તવા કહેવું જોઈએ. અને તેમ છતાં તે અડકે નહિ, તો તેને વર્ગની બહાર મોકલી આપવું જોઈએ. આ કોઈ શિક્ષા નથી, આ તો તેના કર્મનું સ્વાભાવિક પરિણામ છે. પરંતુ શિક્ષા કરવી! શિક્ષા! શિક્ષા કરવાનો તમને કોઈ અધિકાર નથી. તમે શું પ્રભુ છો? શિક્ષા કરવાનો હક્ક તમને કોણે આપ્યો? તમારાં કર્મો માટે, બાળકો પણ તમને શિક્ષા કરી શકે છે. તમે પોતે પણ શું પૂર્ણ છો? સારા-નઠારાનું તમને ભાન છે? કેવળ પ્રભુ જ જાણે

* ઉપરના પેરેગ્રાફ મૌખિક રીતે કહેવાયેલા.

છે. કેવળ પ્રભુને જ શિક્ષા કરવાનો અધિકાર છે.[૧]

તમે જેવાં આંદોલનો તમારામાંથી પ્રગટાવો છો, તેવાં જ આંદોલનોનો તમને સંપર્ક થાય છે. જો તમે નુકસાનકારક અને વિનાશકારી આંદોલનો પ્રગટાવતા હશો તો તેનાથી તમે એ જ પ્રકારનાં આંદોલનોને તમારી પ્રત્યે આકર્ષી લાવશો અને એ જ ખરી શિક્ષા છે (જો તમારે એ શબ્દ વાપરવો હોય તો). પરંતુ એને અને પ્રભુએ કરેલી દિવ્ય વસ્તુવ્યવસ્થા સાથે તેનો મેળ પડતો નથી.

દરેક કાર્ય, પછી તે સારું હોય કે ખરાબ, પણ તેવું પરિણામ તે લાવે છે. પરંતુ બદલાનો અને શિક્ષાનો ખ્યાલ કેવળ મનુષ્યનો ખ્યાલ છે અને ઋણ-ચેતનાના કાર્ય સાથે એનો કોઈ મેળ પડતો નથી. આ જગત ઉપર જે ચેતના રાજ્ય કરે છે તેણે જો શિક્ષા અને બદલાના મનુષ્યના ખ્યાલો પ્રમાણે કાર્ય કર્યું હોત તો ઘણા લાંબા કાળ સુધી આ પૃથ્વી ઉપર કોઈ મનુષ્યોનું અસ્તિત્વ જ ન રહ્યું હોત.

જ્યારે મનુષ્ય એટલા પ્રમાણમાં શુદ્ધ બની રહેશે કે જ્યારે તે દિવ્ય આંદોલનોમાં વિકૃતિ લાવ્યા સિવાય, પોતામાંથી પ્રગટાવી શકશે ત્યારે જ આ પૃથ્વી ઉપરથી કષ્ટનો નાશ થશે. આ સિવાય અન્ય કોઈ માર્ગ નથી.

(૩ ફેબ્રુઆરી ૧૯૭૨)

કેટલાક શિક્ષકોએ મને લખી જણાવ્યું છે કે મેં તમારે માટે જે લખ્યું હતું તે તેમણે વાંચ્યું છે. અને એનાથી એમને ઘણો બધો ફાયદો થયો છે. એટલે તમે તેમને એ લખાણ બતાવતાં રહી શકો છો.[૨]

"અને આ પ્રાર્થના, માતાજી?"

હા, જો તમે એને કાગળ ઉપર ટાઈપ કરી રાખો તો :

"અમારે પ્રભુના સાચા સેવકો બનવું છે."

અને પછી આ પ્રાર્થના :

"પરમ પ્રભુ સંપૂર્ણ ચૈતન્ય; કેવળ આપ જ એ વસ્તુ જાણો છો કે અમે શું કરી શકીએ તેમ છે, અમારી ઇચ્છા

---

૧. આ પેરેગ્રાફ મૌખિક ઉત્તર છે.

૨. ૧૪ મી ફેબ્રુઆરીનાં આ સર્વ લખાણો મૂળમાં મૌખિક હતાં.

આપની સેવા કરવાની છે અને તેમ થઈ શકે તેવી ક્ષમતા, લાયકાત અમારામાં પ્રગટ થાય તે માટે અમારે કઈ રીતની પ્રગતિ કરવી જોઈએ તે પણ કેવળ આપ જ જાણો છો. અમારી ક્ષમતાઓ વિષે અમને સબળ બનાવો પરંતુ અમારી મુશ્કેલીઓ વિષે પણ એમ કરો કે જેથી અમે તેમનો પરાભવ કરી શકીએ અને આપની સેવા વફાદારીપૂર્વક કરી શકીએ."

અને પછી અંતે આ :

પ્રભુના સાચા સેવકો થવામાં જ પરમ સુખ રહેલું છે?

કેટલાક લોકોને આનાથી સહાય મળે છે. તમે તેમને તમારી નોંધપોથી બતાવી છે?

"મારી આ (ધ્યાનની) નોંધપોથી કોઈને બતાવતી નથી. હું કેળવણી વિષયક પ્રશ્નોને બીજી નોંધપોથીમાં ટાઇપ કરી લઉં છું અને શાળામાં તેમને આપું છું પરંતુ આ નોંધપોથી સૌ કોઈને બતાવવાની નથી."

ના, આ તો તમારા માટે છે. પરંતુ આવી સૌને માટેની હોય તેવી વસ્તુઓની તમે નકલ કરી લઈ શકો છો અને જે કોઈનામાં શુભ ભાવના હોય તેમને બતાવી શકો છો. મને ઘણાના એવા પત્રો મળ્યા છે કે એમને એથી ઘણો લાભ થયો છે. એટલે તમે એમ કરવાનું ચાલુ રાખી શકો છો.

"ભલે, માતાજી, હું આ નોંધપોથી કોઈને બતાવતી નથી કારણ કે મને એમ લાગતું હતું કે તમે કદાચ તરત જ એનો ઉપયોગ બુલેટિન માટે કરવા માગતાં હતા."

ના, બધી સામગ્રી તો નહિ, ઉ. ત. હું આ વસ્તુને બુલેટિનમાં ન મૂકું.

(૧૪ ફેબ્રુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

આપે શાળા માટે જે પ્રકારના વર્ગીકરણનો ઉલ્લેખ કરેલો છે એવાં જ વર્ગીકરણ શારીરિક શિક્ષણમાં હોવાં જોઈએ?"

શારીરિક શિક્ષણની બાબતમાં તો એવું છે કે એનો આચાર શરીર અને તેની શક્તિઓ ઉપર રહે છે. જે સાદી કસરતોથી થાક ન લાગે તેવી હોય, તે સર્વને માટે અપનાવી શકાય.

પછીની વાત તો શરીર, તેના વાળ, તેની તંદુરસ્તી, થાક ખમી શકવાની ક્ષમતા, વગેરે, વગેરે ઉપર આધાર રાખે છે.

શરીરની ક્ષમતા જોઈને કસરતો કરાવવી જોઈએ. બાળકોનું વર્ગીકરણ પણ આ પ્રકારની ક્ષમતાઓને આધારે કરવું જોઈએ. આ વસ્તુમાં અનુભવ અને અવલોકન કામ લાગે છે.

શારીરિક શિક્ષણની સારી રીતની તાલીમ આપનાર થવા માટે, તમારામાં શરીરતંત્રનું, તેનાં અવયવોનાં કાર્યોનું, તેમના વિકાસ વિષેનું અને તેમનાં કાર્યો વિષેનું જ્ઞાન હોવું જરૂરી છે.

(૧૬ ફેબ્રુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

શિસ્તપાલન વિષે અમારે માટે આપ કંઈ લખી શકશો ?"

ભૌતિક જીવન માટે શિસ્ત એ અનિવાર્ય વસ્તુ છે. શરીરના અવયવો યોગ્ય રીતે હલનચલન કરે છે તેની પાછળ એક પ્રકારની શિસ્ત રહેલી હોય છે. શરીર જ્યારે બીમાર પડે છે ત્યારે કોઈ અવયવ કે શરીરનો ભાગ, સમગ્ર દેહતંત્રની શિસ્તનું પાલન કરતો નથી હોતો ત્યારે જ એમ બને છે.

પ્રગતિ માટે પણ શિસ્ત એક અનિવાર્ય વસ્તુ છે. વ્યક્તિ જ્યારે પોતાને માટે એક કઠોર અને સમજદાર શિસ્તપાલન અપનાવે છે ત્યારે તે, બીજાઓ દ્વારા લાદવામાં આવતી શિસ્તથી મુક્ત બને છે.

સૌથી પરમ શિસ્ત તો પ્રભુ પ્રત્યેના સર્વાંગીણ સમર્પણમાં રહેલી છે. એની આડે પોતાની કોઈ લાગણીઓ કે કર્મોને આવવા દેવાં જોઈએ નહિ, આ સમર્પણમાંથી કશું બાકી રાખવું જોઈએ નહિ — એ જ એક પરમ અને સૌથી કઠોર શિસ્તપાલન છે.

(૧૭ ફેબ્રુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

ગઈ કાલે આપે શિસ્ત વિષે લખેલું, પરંતુ સામાજિક જીવનમાં જે શિસ્ત અમારી ઉપર લાદવામાં આવેલી હોય છે તેની પ્રત્યે અમારું વલણ કયા પ્રકારનું હોવું જોઈએ?"

સામાજિક જીવનમાં શિસ્તપાલન અનિવાર્ય છે કે જેથી કરીને દુર્બળ લોકો ઉપર બળવાન લોકો દમદાટી ન વાપરે અને સમાજમાં રહેવા ઇચ્છતા સર્વ લોકોએ તેનું માનપૂર્વક પાલન કરવું જોઈએ.

પરંતુ જો સમાજને સુખી કરવો હોય તો આ શિસ્તનાં ધોરણોની રચના, વિશાળ મનવાળા મનુષ્ય કે મનુષ્યો દ્વારા થવી જોઈએ — બની શકે તો આવા લોકો પ્રભુની હાજરી વિષે સભાન હોવા જોઈએ અને તેમને તેઓ સમર્પિત હોવા જોઈએ.

જો દુનિયાને સુખી કરવી હોય તો, સત્તા એવા લોકોના હાથમાં હોવી જોઈએ, જે લોકો પ્રભુના સંકલ્પ વિષે સભાન હોય. પરંતુ અત્યારે તો એ વસ્તુ અશકય છે, કારણ કે પ્રભુના સંકલ્પ વિષે "સાચી રીતે" સભાન હોય તેવા મનુષ્યોની સંખ્યા અલ્પ છે અને વળી એ લોકોમાં કોઈ પ્રકારની મહત્ત્વાકાંક્ષ સ્વાભાવિક રીતે જ નથી હોતી.

પરંતુ આ વસ્તુ સિદ્ધ થવાની ઘડી આવી પહોંચશે ત્યારે એ તદ્દન સ્વાભાવિકપણે બની આવશે.

આથી સૌ કોઈની એ ફરજ છે કે એને માટે પોતે પોતાની જાતને શકય તેટલી પૂર્ણ રીતે તૈયાર રાખે.

(૧૮ ફેબ્રુઆરી ૧૯૭૨)

"માતાજી,

ઘણા લોકો એ વસ્તુની ટીકા કરે છે કે આપણા શારીરિક શિક્ષણના કાર્યક્રમમાં આપણે વધુ પડતા નિયમો રાખેલા છે અને આપણે બાળકો ઉપર વધુ પડતી શિસ્ત લાદીએ છીએ."

શિસ્ત વિનાની કોઈ શારીરિક કેળવણી ન હોઈ શકે. જો કડક શિસ્ત ન હોય તો શરીર પણ યોગ્ય પ્રકારે કાર્ય ન કરી શકે. ખરું જોતાં તો માંદગી આવવા પાછળ, શિસ્તપાલનની અનિવાર્યતાની હકીકતનો અસ્વીકાર જ રહેલો હોય છે.

પાચન, વિકાસ, રુધિરનું ભ્રમણ, વગેરે વસ્તુઓ શિસ્તને આધીન છે. વિચારો, હલનચલન, ભાવપ્રદર્શન, એ સર્વમાં શિસ્ત રહેલી હોય છે. અને જો શિસ્ત નથી હોતી તો તરત જ માંદગી આવે છે *

(૧૮ ફેબ્રુઆરી ૧૯૭૨)

"મધુર માતાજી,

વિદ્યાર્થીઓ, ખાસ કરીને કિશોરાવસ્થાના વિદ્યાર્થીઓ, ઘણી વાર એવી ફરિયાદ કરે છે કે તેમને ન ગમતી હોય એવી કસરતો પણ તેમણે કરવી પડે છે. આપ આનો જવાબ આપશો ?"

પ્રગતિ કરવા માટે, આપણે આ પૃથ્વી ઉપર આપણા સ્વચ્છંદને પોષવા આવ્યાં નથી.

શારીરિક કસરતો કોઈ મજાક ખાતર કે પોતાના તરંગોને પોષવા માટે કરવામાં આવતી નથી, પરંતુ તેની પાછળ એવો હેતુ રાખેલો છે કે એક પદ્ધતિસરની શિસ્ત અપનાવી શરીરનો વિકાસ અને સુદૃઢતા સિદ્ધ કરવાં.

સાચું ડહાપણ એ છે કે પોતે જે કાંઈ કરતાં હોઈએ તેમાંથી આનંદ પ્રાપ્ત કરવો અને એમ કરવું ત્યારે જ શક્ય બને છે કે જ્યારે આપણે એવી દરેક વસ્તુને પોતાની પ્રગતિના એક સાધનરૂપ ગણતાં હોઈએ.

---

* આટલો ફકરો મૌખિક રીતે કહેવાયેલો.

"સુખની શોધ એ પોતાની જાતને દુઃખી કરવાનો સર્વોત્તમ માર્ગ છે."

જો તમારે શાંતિ અને સુખ જોઈતાં હોય તો તમારું ધ્યાન હંમેશાં આ વસ્તુ ઉપર હોવું જોઈએ.

> "પ્રભુનો જાણવા અને પામવા માટે મારે કયા પ્રકારની પ્રગતિ કરવી જોઈએ?" *

આ વસ્તુ "ક"ને બતાવજો. એણે બાળકોના કથનને લક્ષમાં લેવું જોઈતું ન હતું. એ અહીં ઘણા સમયથી રહેલી છે. એને આ વાતની જાણ રહેવી જોઈએ.

"સુખની શોધ એ પોતાની જાતને દુઃખી કરવાનો સર્વોત્તમ માર્ગ છે." એ એક નિર્ભેદ સત્ય છે. એનાથી એ વસ્તુ પ્રસ્થાપિત થાય છે કે જો તમે તમારા ક્ષુદ્ર અહંકારને પોષવા માગતા હશો તો ખાતરી રાખજો કે તમે દુઃખી થવાના જ. સાચે જ! પોતાને દુઃખી કરવાનો એ સારામાં સારો માર્ગ છે. આમ કહો કે "આહ, આ તો કંટાળો આપે છે; ઓહ, મારે મને ગમે તે કરવું જોઈએ; ઓહ, પેલો માણસ મારા પ્રત્યે સારી રીતે વર્તતો નથી; ઓહ મારે જે જોઈએ છે તે વસ્તુ જીવનમાંથી મળતી નથી," છટ્!!!

"મારે જેવા થવું જોઈએ તેવો હું છું?

"મારે કરવું જોઈએ તે કરું છું?

"મારે જેટલી પ્રગતિ કરવી જોઈએ તેટલી પ્રગતિ કરું છું?"

આમ કરો તો કંઈક રસપ્રદ વસ્તુ બને.

"મારે આગળ પ્રગતિ કરવા માટે શું કરવું જોઈએ? મારે કઇ ખોડ મટાડવી જોઈએ? મારી કઈ ખામીઓ મારે સુધારી લેવી જોઈએ? મારે મારી કઈ નિર્બળતાનો ત્યાગ કરવો જોઈએ?"

---

* આ પ્રશ્ન અને ઉત્તર લેખિત સ્વરૂપમાં હતા. આ પછીનું વિવરણ મૌખિક હતું.

અને પછી, સ્વાભાવિક રીતે, બીજી ક્ષણે, "હું કઈ રીતે પ્રભુને સમજવા અને તેમની સેવા કરવાને શક્તિમાન બની શકું?"

આ વસ્તુ મેં લખી રાખી છે કે જેથી તમે તે "ક" ને બતાવી શકો.

> "બરાબર છે, માતાજી એ જાણે છે તો ખરી, પરંતુ આ વસ્તુ બાળકોને કઈ રીતે સમજાવવી તે એને જાણવું છે."

હા, આટલું જ કહેવાનું છે.

(૧૯ ફેબ્રુઆરી ૧૯૭૨)

(૬)

એક મૉનિટરને ઉત્તરો

"આપણી અહીંની પ્રવૃત્તિઓ એટલી બધી વૈવિધ્યપૂર્ણ છે કે એમાંથી કોઈ એકને વળગી રહીને એની અંદર પૂર્ણતા લાવવી મુશ્કેલ છે, કદાચ એટલા કારણે જ અમે એક સામાન્ય કક્ષા કરતાં વધુ આગળ જઈ શકતા નથી કે પછી એમ છે કે અમારામાં એક મજબુત એકાગ્રતાનો અભાવ છે?"

સામાન્ય કક્ષાના કારણમાં પ્રવૃત્તિઓની વિવિધતા કે સંખ્યાનું કોઈ કારણ નથી. પરંતુ એકાગ્રતાની શક્તિનો અભાવ જ કારણભૂત છે.

તમારે એકાગ્રતા કરતાં શીખવું જોઈએ અને સર્વ વસ્તુઓ સંપૂર્ણ એકાગ્રતાપૂર્વક કરવી જોઈએ.

(૪ જુલાઈ ૧૯૬૧)

'આ એક મોટો પ્રશ્ન છે કે વિદ્યાર્થીઓમાં રસ કઈ રીતે જાગ્રત કરવો — પછી તે રમતગમતોમાં હોય, પહેલવાનીમાં હોય કે વ્યાયામની બાબતમાં હોય. જ્યારે તેમનામાં રસહીનતા જોઈએ છે ત્યારે અમારો ઉત્સાહ પણ ઓસરવા માંડે છે."

વિદ્યાર્થીઓનો રસ, શિક્ષકની સાચી ક્ષમતાના પ્રમાણમાં હોય છે.

(૧૨ જુલાઈ ૧૯૬૧)

(શારીરિક શિક્ષણ આપનાર કેપ્ટનોને આપેલા એક સંદેશને અનુલક્ષીને:) "હું આપ અમારી પાસે જેની અપેક્ષા રાખો છો તેનાથી ઘણા દૂર છીએ. હું તો છું જ. એ એક કષ્ટદાયી કાર્ય છે અને એમાં સમય લાગશે, લાંબો સમય જશે, પણ અત્યારે હવે શું કરવું? ચેતનાનું પરિવર્તન કરીને લોકોત્તર થવામાં ઘણોબધો સમય જશે. અત્યારે તો અમે વિદ્યાર્થીઓના સ્તરે જ છીએ, એટલે તાત્કાલિક ઉકેલ હાથ લાગતો નથી. અમે હરરોજ અને હરેક વસ્તુમાં તેમનો રસ કઈ રીતે જાગ્રત કરી શકીએ?"

આ વસ્તુ તો રૂપાંતર સાધીને લોકોત્તર થવા કરતાં પણ વધુ અશકય છે. એટલે સારામાં સારી વસ્તુ એ છે કે તરત જ કામે લાગી જવું. બાકીનું બીજું બધું અમારામાં રહેલી આળસે ઊભાં કરેલાં બહાનાં માત્ર છે.

(૧૫ જુલાઈ ૧૯૬૧)

> "અમે ઘણી વાર ચૈત્ય સ્વરૂપ અને આત્માની વાત કરીએ છીએ પણ હું એમના વિશે કશું પણ સમજતો નથી. આ બે વસ્તુઓ શું છે અને અમે તમને કઈ રીતે અનુભવી શકીએ?"

શ્રી અરવિંદે (તેમના પત્રોમાં) આ વિષય ઉપર ઘણું ઘણું લખેલું છે અને મેં પોતે પણ "કેળવણી" પુસ્તકમાં એ વિષે બધું સમજાવેલું છે. તમારે તે વાંચવું જોઈએ, અભ્યાસ કરવો જોઈએ અને સૌથી વધુ તો અમલમાં મૂકવું જોઈએ.

(૪ ઑકટોબર ૧૯૬૧)

હું ઇચ્છું છું કે તમે ધ્યાનપૂર્વક તમારું આત્મનિરીક્ષણ કરો અને મને સમજાવો કે આ ડિટેકટિવ વાર્તાઓમાં તમને કઈ વસ્તુ આનંદ આપે છે?

(૧૬ ઑકટોબર ૧૯૬૧)

> "હું એ પુસ્તકો આરામ ખાતર વાંચું છું. ડિટેકટિવ વાર્તાઓમાં (ખાસ કરીને પેરી મેસનમાં) હંમેશાં એક કોર્ટ-રૂમનું દૃશ્ય આવે છે જેમાં પેરી મેસન, વકીલ તરીકે તેનો કેસ હારી જાય તેવું હોય છે, એના અસીલ ઉપર ખૂનનો આરોપ હોય છે, બધા જ પુરાવા એની વિરુદ્ધમાં હોય છે, પણ પેરી મેસન વકીલ તરીકે એક એવી ઉત્તમ કુશળતા બતાવે છે કે આવી પરિસ્થિતિ ફેરવાઈ જાય છે. આખી વાર્તા રહસ્યોભરી હોય છે અને કોર્ટમાંનો કેસ એક ઉત્તમ, માનસિક પહેલવાનની કુશળતાના પ્રદર્શન જેવો હોય છે. પરંતુ દરેક વખતે, જ્યારે હું પુસ્તક પૂરું કરું છું ત્યારે મને લાગે છે કે મને કશું જાણવા મળ્યું નથી, કશું નવું જાણ્યું નથી, અને સમયનો દુર્વ્યય થયો છે."

એ તદ્દન નકામું તો નથી. નિઃશંકપણે મારા મગજમાં ખૂબ પ્રમાણમાં તમસ છે અને લેખકની મનોનય બાજીગરી તમારા તમસને જરા ક્ષુબ્ધ કરે છે અને મનને જાગ્રત કરે છે. પરંતુ આવું લાંબો સમય ટકી રહે નહિ એટલે તમારે સત્વરે ઊર્ધ્વતર વસ્તુઓ પ્રત્યે વળવું જોઈએ.

(૧૬ ઑક્ટોબર ૧૯૬૧)

"મધુર માતાજી,

અમને સૌને લાગુ પડે એવી એક વસ્તુ મારી નજરે પડી છે : એમાં અમે બીજી ડિસેમ્બરના* કાર્યક્રમ માટે, શક્ય તેટલી વધુ પ્રકારની પ્રવૃત્તિઓમાં ભાગ લઈએ છીએ. શું એ વધુ સારું નહિ કે અમે એક કે બે પ્રવૃત્તિઓ પસંદ કરીને એમાં જ સૌથી ઉત્તમ દેખાવ કરીએ કે જેથી અનેક પ્રવૃત્તિઓમાં તદ્દન મધ્યમ કક્ષાનો દેખાવ ન થાય ?"

દરેક વ્યક્તિ તેની પ્રકૃતિને આધીન પ્રવૃત્તિ કરે છે. અને જો એ પોતાની પ્રકૃતિના નિયમને હિંમત અને સત્યનિષ્ઠાપૂર્વક અનુસરે છે તો એ સત્યને અનુસરે છે. એટલે આમાં બાજુઓની તુલના કરીને નિર્ણય કરવો શક્ય નથી. વ્યક્તિ કેવળ પોતાને જ સમજી શકે અને તેમાં પણ તે પોતાની જાતને છેતરે નહિ તે માટે ખૂબ જ સત્યનિષ્ઠા હોવી જોઈએ.

(૪ નવેમ્બર ૧૯૬૧)

"મધુર માતાજી,

આપે ઘણી વાર અમને કહેલું છે કે અમારી પ્રવૃત્તિઓ પ્રભુને સમર્પણ રૂપે હોવી જોઈએ. આનો બરાબર અર્થ શું છે અને એ કઈ રીતે કરવું ? ઉ.ત. અમે ટેનિસ કે બાસ્કેટ બૉલ રમતા હોઈએ તો એ વસ્તુઓ પ્રભુને સમર્પણ તરીકે કઈ રીતે થઈ શકે ? સ્વાભાવિક રીતે આમાં મનની રચનાઓ પૂરતી નથી !"

એનો અર્થ એ છે કે તમે જે કાંઈ કરતા હો તેની પાછળ કોઈ વ્યક્તિગત હેતુ ન હોવો જોઈએ, અહંમૂલક હેતુ ન હોવો જોઈએ. વિજય, મહત્તા, લાભ, ભૌતિક લાભ કે ગર્વને પોષવા માટે નહિ પણ એક સેવા અને

---

* શારીરિક શિક્ષણનો વાર્ષિક ઉત્સવ

અર્પણ તરીકે, પ્રભુના સંકલ્પ વિષે વધુ પ્રમાણમાં સભાન બનવા માટે, અને પોતાને સર્વાંશે એમાં ઓતપ્રોત કરી દેવા માટે એ કાર્ય કરવું જોઈએ અને આ પ્રમાણે ત્યાં સુધી કર્યે જવું જ્યાં સુધી તમે એટલે અંશે આગળ વધો કે તમને અનુભવ અને લાગણી થાય છે કે કેવળ પ્રભુ જ તમારામાં કાર્ય કરે છે, એમની શકિત જ તમને ગતિમાન કરે છે અને એમનો જ સંકલ્પ તમને ટેકો આપે છે — આ વસ્તુ કોઈ મનોમય જ્ઞાનરૂપ નહિ પણ ચેતનાની અને શકિતની એક સાચી અનુભૂતિરૂપ બની રહેવું જોઈએ.

આમ બનવું ત્યારે જ શકય બને જ્યારે સર્વ પ્રકારના અહંમૂલક હેતુઓ અને અહંભાવભર્યાં પ્રતિકાર્યો અદૃશ્ય થઈ જાય.

(૨૦ નવેમ્બર ૧૯૬૧)

"મધુર માતાજી,

આ બાબતમાં અમારા મિત્રોમાં આ પ્રશ્ન વિષે અને શારીરિક શિક્ષણની શકય પદ્ધતિઓ વિષે ચર્ચા થયેલી. આમાં પાયાનો સવાલ આ છે : એવો કાર્યક્રમ કઈ રીતે ગોઠવવો કે જે સૌને ગમે અને સામાન્ય રીતે સર્વે ભાગ લેનારાઓ માટે અસરકારક બને ? આ માટે હરીફાઈઓની જરૂર ખરી ? અમારે કશી ફરજ ન પાડવી ? અને જો સંબંધમાં સંપૂર્ણ સ્વતંત્રતા અપાય તો આમ કરવું શકય બને ? વગેરે...આ એક એવો વિષય છે જેમાં સૌને પૂરતો સંતોષ થાય તેવો ઉકેલ શોધી કાઢવો સહેલો નથી — સિવાય કે જ્યારે માતાજી પોતે જ એમાં વચમાં પડે."

એમ થવું શકય નથી. સૌને પોતાની આગવી રસવૃત્તિ અને સ્વ-ભાવ હોય છે. શિસ્ત વિના કોઈથી કશું થાય નહિ — આખું જીવન જ શિસ્તરૂપ છે.

(૨૦ સપ્ટેમ્બર ૧૯૬૨)

"આપણા શારીરિક શિક્ષણના કાર્યક્રમ અને આપણી પ્રવૃત્તિઓ વિષે એક મિત્ર સાથે અમારે ચર્ચા થયેલી અને તેણે પૂછેલું કે આટલી બધી પ્રવૃત્તિઓમાં ભાગ લે અને છતાં ઠીક ઠીક પ્રમાણમાં ઉચ્ચ ધોરણ જાળવી શકી હોય તેવી એકાદ વ્યકિત — આ પા જગતમાંથી એકાદ વ્યકિત પણ બતાવી શકશો ?"

એ વસ્તુ ભૂલશો નહિ કે આપણે જે બધાં અહીં છીએ તે એક એવી વસ્તુ સિદ્ધ કરવા પ્રયત્ન કરીએ છીએ કે જે હજી પૃથ્વી ઉપર બીજે કયાંય અસ્તિત્વમાં નથી; એટલે આપણે જે વસ્તુ કરવા માગીએ છીએ તેનો દાખલો બીજે કયાંય ખોળવા જવું બેહૂદું છે.

> "એણે મને એમ પણ કહેલું કે, 'માતાજી એમ કહે છે કે જે કોઈનામાં અમુક વિષયની કુદરતી બક્ષિશ હોય તેને માટે એ વિષયમાં પૂર્ણપણે આગળ વધવા માટે સર્વ પ્રકારની સ્વતંત્રતા છે. પણ આવી સ્વતંત્રતા કયાં છે? ઉ.ત. કોઈ સંગીતકાર માટે, વગેરે?' મધુર માતાજી, આપ આ સ્વતંત્રતા વિષયમાં થોડા શબ્દો કહેશો?"

હું જે સ્વતંત્રતાની વાત કરું છું તે સ્વતંત્રતા, આત્માના સંકલ્પને અનુસરવાની બાબતમાં છે, મન કે પ્રાણની કલ્પનાઓ કે તરંગો નહિ.

હું જે સ્વતંત્રતાની વાત કરું છું તે એક એવા નિર્ભેળ સત્યની છે કે જે, નિમ્ન અને અજ્ઞાનમય સ્વરૂપની સર્વ પ્રકારની નિર્બળતાઓની ઉપર-વટ થઈ શકે.

હું જે સ્વતંત્રતાની વાત કરું છું તે એક એવી સ્વતંત્રતા છે જેમાં તમે સર્વાંશે પોતાની જાતને હોમી દઈ શકો, અને કશું પણ બાકી રાખ્યા વિના પોતાની ઉચ્ચતમ, ઉમદા અને સર્વોત્તમ દિવ્ય અભીપ્સા સિદ્ધ કરવામાં જ લાગી જાઓ.

તમારામાંથી કોણ આ માર્ગે સચ્ચાઈપૂર્વક આવે છે? આમાં તુલના કરવી સહેલી છે, પણ સમજવું મુશ્કેલ છે અને અનુસરણ કરવું સૌથી વધુ અઘરું છે.

(૧૮ નવેમ્બર ૧૯૬૨)

> "છોકરીઓને હંમેશાં અમુક ગેરલાભ રહે છે; તેઓ છોકરાઓની માફક ધારે તેમ કરી શકે નહિ."

કેમ નહિ?

આથી વિરુદ્ધના સેંકડો પુરાવા છે.

(૩૧ મે ૧૯૬૩)

"મારા મગજમાં એવો ઘણો 'અંધારગ્રસ્ત મસાલો' છે જેને લઈને હું સ્પષ્ટપણે વિચારી શકતો નથી અને નવા વિચારોને તરત જ ગ્રહણ કરી શકતો નથી. હું આમાંથી કઈ રીતે મુક્ત થઈ શકું ?"

ખૂબ અભ્યાસ કરીને, ખૂબ વિચાર કરીને બૌદ્ધિક વ્યાયામ કરીને. ઉ.ત. ગમે તે કોઈ એક વિચારની સ્પષ્ટ વ્યાખ્યા કરો અને પછી એની વિરુદ્ધનો વિચાર ઊભો કરો, એ બંને વિચારોનું સામંજસ્ય શોધો એટલે કે એવો ત્રીજો વિચાર શોધો જેમાં પેલા બંને વિચારોનું સામંજસ્ય હોય.

(૨૫ જૂન ૧૯૬૩)

તમે નવલકથાઓ કેમ વાંચો છો ? એ એક મૂર્ખતાપૂર્ણ પ્રવૃત્તિ છે અને એમાં સમયનો બગાડ થાય છે. તમારું મગજ સ્પષ્ટ ન હોવાનું અને હજી પણ ગૂંચવાડામાં રહેલું હોવાનું એ પણ એક કારણ છે એ સ્પષ્ટ છે.

(૨૭ જૂન ૧૯૬૩)

"મધુર માતાજી,

થોડા દિવસ અગાઉ મેં ગ્રૂપ અ-૨ નાં બાળકોમાં એક અત્યંત વિચિત્ર વસ્તુ જોઈ : છોકરાઓને છોકરીઓ સાથે કામ કરવું નથી; એમને એમની સાથે કે સોબતમાં પણ રહેવું નથી. આવો ભેદભાવનો ખ્યાલ આવાં નાનાં બાળકોમાં કઈ રીતે આવ્યો ? હજી તો તેઓ માંડ અગિયાર વર્ષનાં છે ! વિચિત્ર વાત છે."

આ વસ્તુ વંશવારસામાંથી અને અવચેતનામાંથી આવે છે.

આ જડવૃત્તિ, પુરુષત્વના ગર્વ ઉપર, ઉચ્ચતાના મૂર્ખાઈભર્યા ખ્યાલમાંથી, અને વધુ તો એવી મૂર્ખામીભરી બીકમાંથી આવે છે કે સ્ત્રી એ એક ભયંકર વસ્તુ છે અને એ આપણને નર્કમાં ખેંચી જાય છે. બાળકોમાં આ વસ્તુ જો કે અર્ધજાગ્રત હોય છે પરંતુ એની એમનાં કાર્યો ઉપર અસર થાય છે.

(૩ જુલાઈ ૧૯૬૩)

"મધુર માતાજી,

આપે સમજાવ્યું કે છોકરીઓ અને છોકરાઓ વચ્ચેનો આ ભેદભાવ વારસાગત છે છતાં એ પૂછવું પડે છે કે અમારે

> કૅપ્ટનોએ શું કરવું ? વ્યક્તિગત રીતે હું તો એ વસ્તુ પ્રત્યે દુર્લક્ષ સેવવા માગું છું, પણ બીજાઓ સલાહ આપવાનું કે ધમકાવવાનું પણ પસંદ કરે છે. મને લાગે છે કે દુર્લક્ષ સેવવાથી આ પ્રશ્નને વધુ પડતું મહત્ત્વ નહિ મળે અને છોકરા અને છોકરીઓ વચ્ચેનો ભેદભાવ ઉગ્ર નહિ બને. આપ શું ધારો છો ?''

આમાં કશો સર્વસામાન્ય નિયમ ન બનાવાય, દરેક વસ્તુ વ્યકિત અને સંજોગો ઉપર આધાર રાખે છે. બંને પદ્ધતિઓમાં સારાં અને ખોટાં તત્ત્વો છે, લાભ અને ગેરલાભ છે. કૅપ્ટનો માટે, મુખ્ય વસ્તુ એ છે કે તેમનામાં કળથી કામ લેવાની શકિત હોવી જોઈએ, પૂરતા પ્રમાણમાં આંતર્દૃષ્ટિ ખીલેલી હોવી જોઈએ કે જેથી જ્યારે વચમાં પડવું પડે ત્યારે તેમ થાય અને જ્યારે આંખ આડા કાન કરવા જેવું હોય ત્યારે દુર્લક્ષ કરવું.

(૧૫ જુલાઈ ૧૯૬૩)

> ''અહીં જે આટલી બધી સ્વતંત્રતા છે અને જેમાંથી અમે કશો લાભ ઉઠાવી શકતા નથી તેને બદલે થોડીક પાયાની શિસ્ત દાખલ કરી હોય તો તે વધારે સારું નહિ !''

અત્યારે તમે આમ કહો છો, પણ જ્યારે તદ્દન અનિવાર્ય હોય, દા.ત. શારીરિક શિક્ષણની બાબતમાં, ત્યારે જે ઓછામાં ઓછી શિસ્તની માગણી કરવામાં આવે છે તેની સામે (કંઈ નહિ તો મનમાં) બળવો કરનારાઓમાંથી તમે પણ એક નથી.

(૨૧ જુલાઈ ૧૯૬૩)

> ''અમારા શિક્ષક 'ક્ષ'એ અમને એક ગંભીર અને સૂચક વાર્તાલાપમાં એમ કહેલું કે 'કઠીન કસોટીઓમાંથી પસાર થવા માટે તૈયાર થઈ રહેજો, આપણે અમુક અત્યંત મુશ્કેલ અને ભયજનક વસ્તુના ગાળાની નજીક છીએ.' પણ એમણે કંઈ સ્પષ્ટતા કરેલી નહિ.''

એ એક દુર્ભાગ્યની વાત છે કે એમણે તેમનો વિચાર સ્પષ્ટ કર્યો નહિ, કારણ કે એમણે કઈ વસ્તુને અનુલક્ષીને એમ કહ્યું હશે તે હું જાણતી નથી.

કદાચ તેઓ તમને તમારી બિનજવાબદારી, અવિચારીપણું, ભુલકણાવેડા અને બેદરકારી સામે ચેતવ્યા હશે.

તમે બધા યુવાનો અહીં આવી રહ્યા છો તેમને બહુ સરળ જિંદગી ગાળવાનું મળ્યું છે અને તેનો લાભ લઈને આધ્યાત્મિક પ્રગતિ સાધવાને બદલે તમે બહુ ટિકાપાત્ર ન બનો તેવી રીતે, બને તેટલી મોજમજા ઉડાવી છે. એટલે તમારી સાવધાન – શકિત જડ થઈ ગઈ છે.

'ક્ષ'એ એવી રીતે કહેલું તે ચોક્કસ તમને જાગ્રત કરવાને માટે જ.

(૨૭ ઑગસ્ટ ૧૯૬૩)

"મેં હજી સુધી ૧લી ડિસેમ્બરના અંગદર્શનના કાર્યક્રમ માટે પૂરતા પ્રમાણમાં તૈયારી કરી નથી, અને વધુમાં, મને મારામાં ઉત્સાહ પણ વર્તાતો નથી."

જ્યારે તમે કોઈ વસ્તુ કરવાનો નિર્ણય કર્યો હોય, અને સ્વીકાર કર્યો હોય, ત્યારે પછી, એ વસ્તુ બને તેટલી સારી રીતે કરવી જ જોઈએ.

ચેતનાવિકાસ અને આત્મસંયમની દિશામાં, દરેક વસ્તુને પ્રગતિના સાધનરૂપ બનાવી શકાય છે, અને આવી રીતે પ્રગતિને ત્વરિત – તાત્કાલિક રીતે કરવાની વસ્તુ જ, આખીયે વસ્તુને, – પછી એ ગમે તે હોય — રસદાયી બનાવી મૂકે છે.

(૨૬ સપ્ટેમ્બર ૧૯૬૩)

"શ્રી અરવિંદે એમના એક વિચારસૂત્રમાં લખ્યું છે કે* 'જેઓ સ્વતંત્રપણે, સંપૂર્ણ રીતે અને સભાનપણે આત્મસંયમના નિયમનું પાલન કરવામાં ઊણા ઊતરતા હોય તેમને તો અન્ય વ્યક્તિના સંકલ્પને આધીન બનાવવા જોઈએ.' માતાજી, હું પણ એવાઓમાંનો એક છું. આપ મારો સ્વીકાર કરીને મને શિસ્તના પાઠ આપવા કૃપા કરશો ?"

બેટા, આ વસ્તુ તો હું ઘણા લાંબા સમયથી કરવા પ્રયત્ન કરી રહી છું, ખાસ કરીને જ્યારથી હું તારા નોંધપોથી માંગાવીને સુધારું ત્યારથી તો એમ જ છે.

શિસ્તપાલનના એ નિયમ તરીકે જ મેં તને દરરોજ એક જ વાકય

---

* શતાબ્દી આવૃત્તિ, ગ્રંથ ૧૭, પૃ. ૬૯.

સાચી રીતે લખવાનું કહેલું — એ લાંબું વાકય ન હોય તો ચાલે, પરંતુ "એમાં ભૂલો ન હોવી જોઈએ" — પણ અફસોસ!

અત્યાર સુધીમાં મને સફળતા મળી નથી — તારાં વાકયો મોટે ભાગે લંબાણભર્યાં અને અસ્પષ્ટ હોય છે, તો કેટલીક વાર અત્યંત ટૂંકાં હોય છે — પણ બધામાં ભૂલો હોય છે અને ઘણી વાર, ઘણી ઘણી વાર, જાતિ, સુરચના અને વ્યાકરણની "એવી ભૂલો હોય છે" જે મેં અગાઉ અનેક વાર સુધારેલી હોય છે.

મને ઘણી વાર એમ લાગે છે કે હું જ્યારે તને તારી નોંધપોથી પાછી મોકલું છું ત્યારે તું ફરીથી વાંચી જતો હોઈશ તો પણ તેનો અભ્યાસ કરીને તેમાંથી લાભ ઉઠાવતો નહિ હોઉં.

પોતાની જાતને આત્મસંયમ શીખવવો એ કોઈ સહેલી વસ્તુ નથી. જેઓ દૃઢચિત્ત અને પોતાના પ્રત્યે કઠોર, હિંમતવાન અને સહનશક્તિવાળા હોય છે તેમને પણ એ કામ અઘરું લાગે છે.

પરંતુ તમે આખા યે જીવન ઉપર સંયમને સ્થાપિત કરી શકો તે પહેલાં કંઈ નહિ તો "એક" જ પ્રવૃત્તિ હાથ ધરીને તેને શિસ્તપૂર્વક કરવાનો અને તેમ કરવામાં સફળ થાઓ તેમ કરવાનો પ્રયત્ન કરો, એટલું તો અનિવાર્યપણે જરૂરી છે.

(૧૩ ઑક્ટોબર ૧૯૬૩)

> "એમ લાગે છે કે આપને અમે આપની મંજૂરી માટે અંગ્રેજી સાહિત્યનાં પુસ્તકોની એક યાદી મોકલેલી, પરંતુ આપની ઇચ્છા એવી લાગે છે કેવળ શ્રી અરવિંદ અને શ્રી માતાજીનાં પુસ્તકો જ વાંચવાં જોઈએ. આપે એમ પણ કહ્યું છે કે બીજાં જૂનાં સાહિત્યનાં પુસ્તકો વાંચવાથી ચેતનાનો સ્તર હેઠો ઊતરે છે.
>
> માતાજી, આપે આ જે વાત કહેલી છે તે કેવળ યોગ કરનારાઓ માટે છે કે સૌને અનુલક્ષીને છે?

પ્રથમ તો, જે વાત મેં કહી હોવાનું કહેવાય છે તે સાચી નથી. બીજું, જે કંઈ સવાલ આપવામાં આવે છે તે દરેક વ્યક્તિને અનુલક્ષીને હોય છે, એને સર્વસામાન્યપણે લાગુ પાડી ન શકાય.

(૧૨ નવેમ્બર ૧૯૬૩)

"હું અભ્યાસ કરવામાં ઘણો જ અનિયમિત છું. મારે શું કરવું તે સમજાતું નથી."

તમારું 'તમસ' જરાક ખંખેરી નાખો નહિ તો પછી તમે મૂઢ મતિ બની જશો !

(૨૭ ડિસેમ્બર ૧૯૬૩)

"દરેક વ્યક્તિને નવીન વસ્તુનો ભય લાગે છે, શરીર નવી રીતે કામ કરવાની ના પાડે છે, – જાણે કે કોઈ નવીન પ્રકારનું આસન કરવાનું હોય કે પછી જુદી રીતે ડૂબકી લગાવવાની હોય તેમ. આ ભય કયાંથી આવતે હશે ? અમે એનાથી કઈ રીતે મુક્ત થઈ શકીએ ? અને બીજાઓ પણ એમ કરી શકે તેવી પ્રેરણા કઈ રીતે આપી શકીએ ?"

શરીરને નવી વસ્તુનો ડર લાગે છે કારણ કે એનો પાયો જ 'તમસ' છે, એ તો પ્રાણ જ એમાં 'રજસ' તત્ત્વ લાદે છે. એટલા માટે જ પ્રાણ જ્યારે શરીરમાં મહત્ત્વાકાંક્ષા, હરીફાઈ કરવાની વૃત્તિ અને અહંમન્યતા દાખલ કરે છે ત્યારે જ એ શરીરને પોતાનું તમસ ખંખેરી નાખવા ફરજ પાડે છે અને પ્રગતિ માટે પ્રયત્ન કરવા પ્રેરે છે.

એ તો સ્વાભાવિક જ છે કે જેમનામાં તેમનું મન આગળ પડતું હોય છે તેઓ તેમને દેહ ઉપર ઉપદેશનો મારો ચલાવી શકે છે અને ભયથી મુક્ત થવા માટે જરૂરી કારણો પૂરાં પાડી શકે છે.

સારામાં સારી વસ્તુ તો એ છે કે તમારે તમારી જાતનું પ્રભુને સમર્પણ કરી દેવું અને એની અનંત કરુણા ઉપર શ્રદ્ધા રાખવી.

(૧૩ મે ૧૯૬૪)

"આધ્યાત્મિક અનુશાસનને માટે તૈયાર થવાની રાહ જોતાં જોતાં, અને શ્રી માતાજી મને મારી નિદ્રામાંથી બહાર ખેંચી કાઢીને મારા ચૈત્ય સ્વરૂપને જાગ્રત કરે તેની અભીપ્સા સેવવા ઉપરાંત મારે બીજું શું કરવું જરૂરી છે ?"

તમારી બુદ્ધિ ખીલવો, નિયમિતપણે અને ખૂબ ધ્યાનપૂર્વક શ્રી અરવિંદનાં લખાણો વાંચો, તમારા પ્રાણમય સ્વરૂપને વિકસાવવા અને તેની ઉપર

પ્રભુત્વ મેળવવા, તમે તમારી કામનાઓને જીતવા સારુ તમારી હિલચાલો અને પ્રતિક્રિયાઓ ઉપર નજર રાખો; તમારા ચૈત્ય સ્વરૂપને શોધી કાઢવાની અભીપ્સા કરો અને તેની સાથે તાદાત્મ્ય કરો. શારીરિક રીતે તમે જે કરો છો તે કર્યે જાઓ, તમારા દેહનો પદ્ધતિસર વિકાસ કરો અને તેની ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરો, પ્લે ગ્રાઉન્ડ ઉપર અને તમે જ્યાં કામ કરો છો ત્યાં કામ કરીને તમે સેવા કરો, અને એ સર્વ બને તેટલું અહંભાવ વિના કરો.

(૨૨ જુલાઈ ૧૯૬૪)

> "એવો પણ સમય આવે છે જ્યારે મને બધું છોડી દેવાનો વિચાર આવે છે પ્લે-ગ્રાઉન્ડ, બૅન્ડ, અભ્યાસ, વગેરે અને મારો બધો સમય કામ કરવામાં ગાળવાનું મન થાય છે. પણ મારી તર્કબુદ્ધિ આનો સ્વીકાર કરી શકતી નથી. આવા વિચારો કેમ અને ક્યાંથી આવે છે?"

તમારી બાબતમાં તમારી તર્કબુદ્ધિ સાચી છે. બાલ્ય પ્રકૃતિમાં ઘણી વાર એક એવી તમોમય વૃત્તિ હોય છે કે જે જીવનની પરિસ્થિતિને એવી સીધી સાદી બનાવી દેવા ઇચ્છે છે કે જેમાં તેને વધુ સંકુલ પરિસ્થિતિઓનું સંયોજન કરવાની મહેનત ન કરવી પડે પરંતુ જ્યારે તમારે સ્વરૂપના સર્વાંગી વિકાસ પ્રત્યે પ્રગતિ કરવી હોય છે ત્યારે આ પ્રકારનું સામાન્યીકરણ કરવું લેશ માત્ર સલાહ ભર્યું નથી હોતું.

(૧૯ ઑગસ્ટ ૧૯૬૪)

> "ઘણી વાર જ્યારે હું શ્રી અરવિંદનાં લખાણો વાંચું છું કે સાંભળું છું, ત્યારે હું આશ્ચર્યચકિત થઈ જાઉં છું. કઈ રીતે આવું શાશ્વત સત્ય, લેખનનું આ સૌંદર્ય લોકોની ધ્યાન બહાર ગયું હશે? એ ખરેખર વિચિત્ર છે કે તેમનો હજી એક પરમ સર્જક, એક શુદ્ધ કલાકાર અને એક અદ્ભુત કવિ તરીકે સ્વીકાર થયો નથી! એટલે હું મારી જાતને એમ કહું છું કે મારી તુલના અને મારી કદરવૃત્તિ ઉપર મારા ગુરુ પ્રત્યેના ભક્તિભાવની અસર છે અને બધા કંઈ ભક્તિભાવવાળા નથી હોતા. મને આ સાચું લાગતું નથી. પણ તો પછી લોકોનાં હૃદયો તેમના શબ્દો પ્રત્યે મંત્રમુગ્ધ બન્યા નથી?"

શ્રી અરવિંદને કોણ સમજી શકે છે ? તેઓ વિશ્વ જેટલા વિરાટ છે અને તેમનું શિક્ષણ અનંત છે...

એમની થોડીક જ નજીકમાં જઈ શકાય તે માટે આપણે તેમના પ્રત્યે સાચા હૃદયનો પ્રેમ રાખવો જોઈએ અને તેમને કાર્ય પ્રત્યે નિતાંતભાવે આત્મ-સમર્પણ કરી દેવું જોઈએ. આવી રીતે જ, દરેક વ્યક્તિ પોતાનાથી બને તેટલું ઉત્તમ કાર્ય કરે છે અને પોતાનાથી બને તેટલો ફાળો આપે છે કે જેથી શ્રી અરવિંદે જગતનું રૂપાંતર થવાનું ભાખેલું તે બની આવે.

(૨ ડિસેમ્બર ૧૯૬૪)

"શ્રી અરવિંદે કયાંક કહ્યું છે કે જો કોઈ પ્રભુની કૃપાને પોતાનું સમર્પણ કરી શકે તો એ આપણે માટે બધું જ કરી શકે છે. તો પછી તપસ્યાનું મૂલ્ય કેટલું ?"

જો તમારે શ્રી અરવિંદે કોઈ વિષય ઉપર શું કહ્યું છે તે જાણવું હોય, તો કંઈ નહિ તો તેમણે એ વિષય ઉપર જે કાંઈ લખેલું છે તે બધું જ વાંચી જવું જોઈએ. ત્યારે તમને જણાશે કે ઉપરછલ્લી રીતે જોતાં તેમણે અત્યંત વિરોધાભાસી લાગે એવી વસ્તુઓ કહેલી છે. પરંતુ જ્યારે તમે બધું જ વાંચી લેશો અને થોડુંક સમજતા થશો ત્યારે તમને સમજાશે કે સર્વ પ્રકારનાં વિરોધાભાસી વકતવ્યો એકબીજાનાં પૂરક છે અને તેઓ વ્યવસ્થિત રીતે એક સંપૂર્ણ સમન્વયમાં જોડાયેલાં છે.

અહીં શ્રી અરવિંદનું એક ઉદ્ધરણ છે જે તમને બતાવી આપશે કે તમારો પ્રશ્ન અજ્ઞાનમૂલક છે. એવાં બીજાં ઘણાં વિધાનો છે જે વાંચવાં રસ-પ્રદ નીવડશે અને જેનાથી તમારી બુદ્ધિ વધુ નમનીય બનશે. :

"જો સમર્પણ સંપૂર્ણ ન હોય તો પછી બિલાડીના બચ્ચાનું વલણ અપનાવી નહિ શકાય; એક તામસિક નિષ્ક્રિયતા હશે જેણે સમર્પણનું નામ અપનાવ્યું હશે. જો શરૂઆતમાં સંપૂર્ણ સમર્પણ શકય ન હોય તો અનિવાર્યપણે —એ વ્યક્તિગત પ્રયત્ન જરૂરી રહે છે."

(૧૬ ડિસેમ્બર ૧૯૬૪)

"એકાગ્રતા અને સંકલ્પબળનો વિકાસ કઈ રીતે કરવો ?
—એ સર્વ વસ્તુઓ કરવા માટે જરૂરી છે"

એકાગ્રતા અને સંકલ્પશક્તિનો નિયમિત, ખંતપૂર્વકનો, ચીવટપૂર્ણ અને અપરિહાર્ય અભ્યાસ કરવા વડે.

(૭ એપ્રિલ ૧૯૬૫)

"મનોમય અનાસક્તિ અને જિજ્ઞાસાનો અભાવ એ મનોમય જડતાનો એક પ્રકાર છે ?"

સામાન્ય રીતે એમાં મનની તમોગ્રસ્તતા હોય છે, સિવાય કે તમે એક અત્યંત ઉગ્ર સાધના વડે શાંતિ અને અનાસક્તિ પ્રાપ્ત કરી હોય જેને લઈને સારા-નરસા, સુખદ અને દુઃખદ પ્રત્યે સમતા પ્રાપ્ત થવાથી એમના અસ્તિત્વનું ભાન પણ ન હોય. પરંતુ એમ બને છે ત્યારે મનોમય પ્રવૃત્તિનું સ્થાન એક ઘણી ઉચ્ચ કક્ષાની અંતઃસ્ફુરણાની ક્રિયાએ લીધેલું હોય છે.

(૨૫ મે ૧૯૬૬)

"મનની આળસ અને તમોગ્રસ્તતામાંથી કઈ રીતે બહાર નીકળાય ?"

ખંત અને ચીવટપૂર્વકની ઇચ્છા રાખવા વડે. દરરોજ વાચન, વ્યવસ્થા અને ખિલવણીની માનસિક કસરત કરવા વડે.

દિવસ દરમ્યાન આમાં વારાફરતી મનની એકાગ્રતાપૂર્વકની નીરવતાનો પણ અભ્યાસ કરવો જોઈએ.

(૧ જૂન ૧૯૬૬)

(૭)

વાર્તાલાપો

૫ એપ્રિલ ૧૯૬૭

(શ્રી માતાજી એક નોંધ લખે છે.) આ એક પ્રશ્નનો ઉત્તર છે. શાળાના શિક્ષકોને મેં શું કહ્યું તે તમે જાણો છો? મને બીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. આ મારા ઉત્તરની શરૂઆત છે :

"'સામાન્ય જીવન' અને આધ્યાત્મિક જીવન વચ્ચેનો ભેદભાવ એક ગઈ ગુજરી હકીકત બની ગઈ છે."

તમે એનો પ્રશ્ન વાંચ્યો છે? મને એ ફરી વાંચી સંભળાવો.

> "અમે ભવિષ્યની ચર્ચા કરી. મને એમ લાગ્યું કે લગભગ બધા જ શિક્ષકો એવું કાંઈક કરવાની બાબતમાં સંમત થયા કે જેથી બાળકો, તેઓ અહીં શા માટે છે તે વિષયમાં સભાન બને. એ ક્ષણે મેં કહ્યું કે, મારા અભિપ્રાય પ્રમાણે, બાળકો આગળ વારંવાર આધ્યાત્મિક વસ્તુઓ વિષે વાત કરવાથી પરિણામ ઊલટું જ આવે છે, અને આ શબ્દો તેમનો સઘળો અર્થ ગુમાવી દે છે."

"આધ્યાત્મિક વસ્તુઓ" — આધ્યાત્મિક વસ્તુઓ શબ્દોથી એ શું કહેવા માગે છે?

> "દેખીતી રીતે, જો શિક્ષકો તેમનું એક વાર્તાની જેમ રટણ કરે તો..."

આધ્યાત્મિક વસ્તુઓ.....એમને ઇતિહાસ અથવા આધ્યાત્મિક વસ્તુઓ શીખવવામાં આવે છે, એમને વિજ્ઞાન અથવા આધ્યાત્મિક વસ્તુઓ શીખવવામાં આવે છે. એ તો મૂર્ખતા છે, ઇતિહાસમાં આત્મા છે; વિજ્ઞાનમાં આત્મા છે – સત્ય સર્વ સ્થળે છે. અને જરૂર એ છે કે તેમને ખોટી રીતે નહિ પણ સાચી રીતે શીખવવું જોઈએ. એ વસ્તુ તેમના મગજમાં ઊતરતી નથી.

વધુમાં એ લખે છે કે, "મેં એવું સૂચન કર્યું કે એના કરતાં, બધાએ એકઠા થઈને શ્રી માતાજીના સ્વરને * સાંભળવો વધુ સારો. ભલે અમે કંઈ પણ સમજી ન શકીએ પરંતુ આપનો અવાજ જ જે આંતરિક કાર્ય સિદ્ધ કરી શકશે એનું મૂલ્યાંકન અમે ન કરી શકીએ. આ વિષયમાં હું એ વસ્તુ જાણવા માગું છું કે બાળકોને આપની સાથે સંપર્કમાં આણવાનો સારામાં સારો માર્ગ કયો. આ વિષયમાં મારાં અને બીજાઓનાં સૂચનો મને અસંબદ્ધ અને કશા મૂલ્ય વિનાનાં લાગે છે.

માતાજી, એમ કરીએ તો વધુ સારું નહિ કે અમે શિક્ષકો જે વિષય શીખવતા હોઈએ તેની ઉપર જ એકાગ્રપણે કાર્ય કરીએ કારણ કે આધ્યાત્મિક જીવનની તો આપ જ કાળજી લો છો?"

હું એને આ જવાબ આપીશ : "આધ્યાત્મિક જીવન" જેવું કાંઈ છે જ નહિ! એ હજી પણ જરી પુરાણો, સંતોનો, સંન્યાસીનો ખ્યાલ છે — જેમાં આધ્યાત્મિક જીવન હોવાનું મનાય છે અને બીજાંઓનાં જીવન સામાન્ય જીવન ગણાય છે — અને એ સાચું નથી, સાચું નથી, લેશમાત્ર સાચું નથી.

આમ છતાં જો તેઓને કોઈ બે વસ્તુઓ વચ્ચેનો વિરોધ જરૂરી લાગતો હોય—કારણ કે મગજ બિચારું એવું છે કે જો એને કોઈ વસ્તુનો વિરોધ ન કરવાનો હોય તો એ કામ જ કરતું નથી — તો, વધારે સારું એ છે કે એ લોકો સત્ય અને અસત્ય વચ્ચેનો વિરોધ ગણનામાં લે, એમ કરવું એ કોઈ સંપૂર્ણ પદ્ધતિ તો નથી છતાં કંઈક ઠીક છે. કારણ કે, સૌ વસ્તુઓમાં, સર્વ ઠેકાણે, સત્ય અને અસત્યનું મિશ્રણ થઈ ગયેલું છે : જેને "આધ્યાત્મિક જીવન" કહેવામાં આવે છે, સંન્યાસીઓ, સ્વામીઓ, એવા જે કોઈ લોકો પોતાને દિવ્ય જીવનના પ્રતિનિધિ ગણાવતા હોય, એ સૌમાં — ત્યાં પણ, સત્ય અને અસત્યનું મિશ્રણ હોય છે.

સારું તો એ કહેવાય કે આપણે કશો ભેદભાવ જ ન ગણીએ.

(મૌન)

---

* શ્રી માતાજીના સને ૧૯૫૦ પછીના દાયકાના વાર્તાલાપોની રેકર્ડ કરેલી ટેઈપ.

બાળકોને માટે, તેઓ બાળકો છે તેટલા માટે જ એ વધુ સારું ગણાય કે એમનામાં ભાવિ ઉપર વિજય પ્રાપ્ત કરવાની ઇચ્છાશક્તિ રેડવી, એવો સંકલ્પ ઊભો કરવો કે તેઓ હંમેશાં ભાવિ પ્રત્યે નજર માંડે અને શક્ય તેટલી ઝડપી ગતિ કરીને પોતાને...જે વસ્તુ બનવાની છે તેના પ્રત્યે દોરે – પણ એમણે એમની સાથે તેમના ભૂતકાળનું, તેમને દબાવી દે તેવું ઘંટીનું પૈડું પોતાની સાથે ખેંચતા ન જવું જોઈએ. એ તો આપણે ચેતનામાં અને જ્ઞાનમાં અત્યંત ઊંચે ગયેલા હોઈએ ત્યારે જ આપણે પાછળ દૃષ્ટિ કરીએ તે વાજબી ગણાય અને ત્યારે આપણને જે બિંદુએથી ભાવિની શરૂઆત થાય છે તે દૃષ્ટિગોચર થઈ શકે છે. જ્યારે આપણે સમગ્ર ચિત્રને નિહાળી શકીએ, જ્યારે આપણને અત્યંત વિશ્વવ્યાપક દૃષ્ટિ પ્રાપ્ત થાય, ત્યારે પછી આપણને ખ્યાલ આવે છે કે જે વસ્તુ બનવાની છે તેના વિષે આ અગાઉ પણ જાહેરાત કરવામાં આવેલી છે; જેમ કે શ્રી અરવિંદે કહેલું છે કે આ પૃથ્વી ઉપર દિવ્ય જીવનની સ્થાપના થવાની છે, કારણ કે એ "પહેલેથી જ પદાર્થતત્ત્વમાં" અંતર્ભૂત રહેલું છે. જો આપણે દૃષ્ટિબિંદુથી જોઈએ તો પાછળ કે નીચેની બાજુએ દૃષ્ટિ નાખવી રસપ્રદ નીવડે છે – જે કાંઈ થઈ ગયેલું છે તેને જાણવા માટે નહિ અથવા મનુષ્યો જે જાણે છે તે વસ્તુઓ જાણવા માટે નહિ : એમ કરવું તદ્દન નિરર્થક હોય છે.

બાળકોને એમ કહેવું જોઈએ કે ઘણી અદ્‌ભુત વસ્તુઓ પ્રગટ થવાની છે માટે તેમને ઝીલવાને માટે તૈયાર બનો. હવે જો એ લોકો એ વિષયમાં કોઈ સરળ અને વધુ સ્પષ્ટ રીતે સમજાય તેવી વસ્તુ જાણવા માગે તો તમે તેમને કહો શકો કે શ્રી અરવિંદ આ વસ્તુઓનો અગાઉથી ઉદ્‌ઘોષ કરવા માટે આવેલા હતા એટલે તમે જો એમનાં લખાણને વાંચશો તો તમને એ વિષયમાં સમજણ પડશે. આ રીતે તેમનામાં રસ જાગે છે અને શીખવાની ઇચ્છા જાગ્રત થાય છે.

> "એને જે મુશ્કેલી પડે છે તે હું બહુ સ્પષ્ટપણે જોઈ શકું છું — જે બધી વસ્તુઓ લખાયેલી છે અને એ લોકો જે બધાં લેકચરો આપે છે — તેમાં કેવળ ભાષાના પરપોટા હોય છે, એમાં કશું સત્ય કે અંગત રીતે અનુભવેલું હોતું નથી, એટલે એની અસર તો નથી જ થતી પણ એથી ઊલટી અસર થાય છે. એ જેનો ઉલ્લેખ કરે છે તે આ વસ્તુ છે."

હા, એટલા માટે જ એમણે, મેં જેમ કહ્યું તેમ કરવું જોઈએ.

આહ્ ! બહુ થોડા સમય પહેલાં તો શિક્ષકો એમ કહેતા હતા કે આપણે આમ કરવું જોઈએ કારણ કે બીજે બધે એમ જ કરવામાં આવે છે. (હસતાં હસતાં) હવે એ લોકો થોડા આગળ વધ્યા લાગે છે. પણ હજી ઘણું અંતર કાપવાનું બાકી છે.

પરંતુ, સૌથી વધુ અગત્યની વસ્તુ આ ભેદભાવને નાબૂદ કરવાની છે અને એ દરેકમાં, એ સૌના મગજમાં આ ભેદભાવ રહેલો છે – આધ્યાત્મિક જીવન ગાળવાનો અને સામાન્ય જીવન ગાળવાનો, આધ્યાત્મિક ચેતના ધારણ કરવાનો અને સામાન્ય ચેતના હોવાનો — ખરી રીતે ચેતના એક જ છે.

ઘણાખરા લોકોમાં એ ચેતના ત્રણ ચતુર્થાંશ ભાગ જેટલી નિદ્રાધીન હોય છે કે વિકૃત થયેલી હોય છે. ઘણામાં તો એ સર્વાંશે વિકૃત હોય છે. આમાં ખરી જરૂર એ વસ્તુની છે કે એક ચેતનામાંથી બીજી ચેતનામાં ભૂસકો મારવાનો નથી, પરંતુ પોતાની ચેતનાને ખુલ્લી કરવાની છે (ઊર્ધ્વ પ્રત્યે નિર્દેશ) અને તેને સત્યનાં સ્પંદનો ભરી દેવાની છે, જે વસ્તુ અહીં થવી જોઈએ તેની સાથે સંવાદમાં લાવવાની છે — ત્યાં તો એ સમગ્ર શાશ્વતીથી અસ્તિત્વમાં છે — પરંતુ અહીં તો એ પૃથ્વી ઉપરની "આવતી કાલ"ની વસ્તુ છે. જો તમે તમારી જાતને ભૂતકાળના બોજાથી લાદીને આગળ ખેંચતા જશો, જે વસ્તુનો ત્યાગ કરવાનો છે તેને આગળ ખેંચતા જશો, તો તમારી પ્રગતિ બહુ ઝડપથી નહિ થાય.

ધ્યાન રાખો કે પૃથ્વીના ભૂતકાળની વસ્તુઓ જાણવામાં ઘણો રસ પડે તેવું છે અને ઉપયોગી પણ છે, પરંતુ એ વસ્તુ તમને બાંધી રાખે કે ભૂતકાળ સાથે જોડી રાખે એવું ન બનવું જોઈએ. જો એ વસ્તુને તમે કૂદકો લગાવવાના પાટિયા તરીકે વાપરો તો ઠીક છે, પણ સાચું કહું તો એ વસ્તુ ગૌણ છે.

(મૌન)

બાળકો જ્યારે ખૂબ નાનાં હોય ત્યારથી જ તેમને શિક્ષણ આપી શકાય એવો કોઈ શિક્ષણ પદ્ધતિ ઉપજાવી કાઢવી જોઈએ કે ઊભી કરવી જોઈએ. જ્યારે એ નાનાં હોય છે ત્યારે એમ કરવું સરળ પડે છે. આપણે એવા લોકોની જરૂર છે — ઓહ, આપણે એવા વિશિષ્ટ પ્રકારના શિક્ષકોની જરૂર છે કે જેમનામાં સૌ પ્રથમ તો જે કાંઈ જ્ઞાન–સંચય ઊભો થયેલો છે તેનું ભંડોળ સારા પ્રમાણમાં હોય કે જેથી તેઓ તમામ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો આપી શકે. એની

સાથે એમનામાં સાચી અંતઃસ્ફુરણાજન્ય બુદ્ધિનું જ્ઞાન હોવું જોઈએ જો કે, એ વિષય એમના સ્વાનુભવનો હોય તો વધારે સારું. અને એ પ્રકારના વલણ કરતાં અનુભૂતિ હોય તો એ વધુ ઇચ્છવા યોગ્ય ગણાય એ તો સ્વાભાવિક વસ્તુ છે. તો, એમનામાં એ પ્રકારનું જ્ઞાન હોવું જોઈએ કે જ્ઞાન પામવાની સાચી રીત એ છે કે મન તદ્દન નીરવ હોવું જોઈએ, એ નીરવતા સત્ય ચેતના પ્રત્યે ઉન્મુખ હોવી જોઈએ અને ત્યાંથી જે કાંઈ આવતું હોય તેને ઝીલવાની ક્ષમતા ધરાવતી હોવી જોઈએ. આ પ્રકારની આવડત હોય તો ઉત્તમ ગણાય. કંઈ નહિ તો એ વસ્તુ સમજાવવી જોઈએ કે સાચી વસ્તુ એ જ છે — સાચી વસ્તુનું એક પ્રકારનું દર્શન છે — અને એનાથી કેવળ જ્ઞાનની દુનિયામાંથી જે કાંઈ જાણી શકાય છે એટલું જ નહિ, પણ એ વસ્તુ તો સમગ્ર કાર્યક્ષેત્રને પણ આવરી લે છે : એટલે કે, એ રીતે આપણને આપણે કઈ વસ્તુ "કઈ રીતે" કરવી અને કયારે કરવી તેનું પણ ચોક્કસ પ્રકારનું માર્ગદર્શન મળી રહે છે. અને એ રીતે જ્યારે આપણે આગળ વધીએ ત્યારે આપણે શું કરવું જોઈએ અને કયારે કરવું જોઈએ તેનો આપણને સ્પષ્ટ ચિતાર મળી રહે છે. કંઈ નહિ તો બાળકોમાં વિચારશક્તિ જાગે, — એ લગભગ સાત વર્ષની ઉંમરે આવે છે. પરંતુ ચૌદ કે પંદર વર્ષે એ તદ્દન સ્પષ્ટ બની રહે છે—ત્યારે આ વસ્તુ કઈ રીતે થઈ શકે તેનો સાત વર્ષની ઉંમરે તેમને થોડોકે આધાર આપવો જોઈએ અને ચૌદ વર્ષની ઉંમરનાં થાય ત્યારે સંપૂર્ણ સ્પષ્ટીકરણ કરવું જોઈએ. એમને એ વસ્તુ સમજાવવી જોઈએ કે વસ્તુઓને ઊંડાણમાં રહેલી સાચી વસ્તુ સાથે સંપર્કમાં આવવાનો એ જ એકમાત્ર માર્ગ છે અને બાકીની બીજી બધી રીતો તો જે વસ્તુ સીધેસીધી તાદૃશ્યપણે જાણી શકાય તેમ છે તેને અનુરૂપ ઓછાવત્તા પ્રમાણમાં આડે ધડે કાર્ય કરતી મનોમય ધારણાઓની પદ્ધતિઓ જ છે.

આનો સાર એટલો જ કે શિક્ષકોમાં પોતાનામાં જ, કંઈ નહિ તો અનુશાસન અને અનુભૂતિની સાચા હૃદયપૂર્વકની શરૂઆત થઈ હોવી જોઈએ. એમાં પુસ્તકો એકઠાં કરીને એમાંથી આ રીતે ભાષણો આપે તે ન ચાલે. એ રીતે તમે શિક્ષક નહિ બની શકો — ભલે પછી બહારના જગતને જેમ કરવું હોય તે કરે. આપણે કોઈ પ્રચારકો નથી. આપણે તો કેવળ એ બતાવી આપવા માગીએ છીએ કે શું થઈ શકે તેમ છે અને એ વસ્તુ "થવી જ" જોઈએ એ વસ્તુ પુરવાર કરવા માગીએ છે.

જ્યારે તમે અત્યંત નાનાં બાળકોને લો ત્યારે એ વસ્તુ અદ્ભુત હોય

છે. ત્યારે બહુ કરવાપણું હોતું નથી : તમે "બની રહો" એટલું જ બસ થઈ પડે છે.

કદી ભૂલ ન કરો.
કદી મિજાજ ન ગુમાવો.
હંમેશાં સમજદાર રહો.

અને શિક્ષકે માત્ર એટલું જ કરવાનું છે કે આ પ્રકારની પ્રવૃત્તિ અથવા ઊર્મિ કેમ ઉત્પન્ન થઈ છે તે સ્પષ્ટપણે જોવું અને જાણવું, એ બાળકનું અંદરનું બંધારણ કઈ રીતનું છે તે સમજવું, એમાંથી કઈ વસ્તુને પુષ્ટિ આપીને આગળ લાવવાની છે તેનું દર્શન મેળવવું – માત્ર આટલું જ કરવાનું છે, અને પછી તેમને સ્વતંત્રપણે પોતાનો વિકાસ કરવા છૂટાં મૂકવાં, કેવળ તેમને ઘણી ઘણી વસ્તુઓને જોવાની, સ્પર્શ કરવાની શક્ય તેટલી વસ્તુઓ કરી જોવાની તક આપવી. એમાં બહુ મજા પડે છે. અને સૌથી વધુ અગત્યની વસ્તુ તો એ છે કે તમે જે વસ્તુ જાણો છો એમ માનતા હો, એ વસ્તુ એમની ઉપર ઠોકી ન બેસાડવી.

એમને કદી ધમકાવશો નહિ. હંમેશાં સમજવાનો પ્રયત્ન કરો અને જો કોઈ બાળક તૈયાર હોય તો એને સમજાવો. જો તમે પોતે તૈયાર હો પણ એ બાળક પોતે સમજવા માટે તૈયાર ન હોય તો, જે આંદોલન ખોટું હોય તેને બદલે ખરું આંદોલન ઉપજાવો. પરંતુ આ બધું તો...શિક્ષકોમાં જે પ્રકારની પૂર્ણતાની અપેક્ષા રાખી શકાય તેથી ઘણું વધારે છે.

પરંતુ શિક્ષકો માટે આ પ્રકારનો કાર્યક્રમ અને અભ્યાસ માટેનો કાર્યક્રમ ઘડી કાઢવો અત્યંત રસદાયક બનશે. અને એની શરૂઆત છેક પાયાથી કરવી – એ એવો નમનીય હોવો જોઈએ કે એના ઉપર પડતા પ્રભાવોને એ ઊંડાણમાંથી ગ્રહણ કરી શકે. એ લોકો જ્યારે સાવ નાનાં હોય ત્યારે એમને સત્યનાં થોડાંક બિંદુઓ આપશો તો તેઓ જેમ જેમ મોટાં થતાં જશે તેમ તેમ તદ્દન સ્વાભાવિક રીતે ખીલી ઊઠશે. અને એક સુંદર કાર્ય બનશે.

૧૧ નવેમ્બર ૧૯૬૭[1]

તો ?

અ : આપે 'બી'ને તેના ક્રમણુાંના પત્રનો જે ઉત્તર[2] આપ્યો છે એના બે પ્રકારના અર્થ તારવવામાં આવ્યા છે.

કેટલાક આપના પહેલા વાકય ઉપર ભાર મૂકે છે : "જો ભેદભાવ તરત જ દૂર થઈ જાય તો એ વસ્તુ અત્યંત પસંદ કરવા જેવી ગણાશે," અને એ લોકો એમ માને છે કે આ બધા વિભાગોને તાત્કાલિક રીતે દૂર કરી દેવા, છેક વ્યવહારુ સ્તરે પણ, — અને આખીયે શાળા માટે એક તંત્ર ગોઠવવું, એટલે કે સ્વતંત્ર પ્રગતિના વર્ગોને વિશાળ કરવા અથવા એવી કોઈ બંધબેસતી વ્યવસ્થા કરવી.

બીજાઓ એમ માને છે કે સૌ પ્રથમ તો અમારે મનોવૈજ્ઞાનિક ભેદભાવો સાફ કરી દેવા અને સ્વતંત્ર પ્રગતિનો ભાવ ફેલાવવો. આપના ઉત્તરના બીજા ભાગ ઉપરથી આ લોકો એમ ધારે છે કે જે વર્ગો આજ સુધી પરંપરાગત રીતે ચલાવવામાં આવ્યા છે તેમને માટે થોડો વધુ ગાળાનો સમય જોઈશે અને પછી અમારે શું કરવું તે નક્કી થઈ શકશે.

સૌપ્રથમ તો, હું કાંઈ ઉત્તર આપું તે પહેલાં બરાબર ચોક્કસ રીતે તદ્દન, ખૂબ વ્યવહારુ અને નક્કર રીતે જાણવા માગું છું કે આમાં તફાવત શું છે ?

મારું માનવું આ પ્રમાણે છે : જે સ્વતંત્ર પ્રગતિના વર્ગો છે તેમાં કોઈ એવી વ્યવસ્થા નથી કે જેમાં બધા વિદ્યાર્થીઓ બેઠા હોય, શિક્ષક એના ઉચ્ચાસન ઉપરથી આખો વખત સંભાષણ આપ્યે જતા હોય અને વિદ્યાર્થીઓ અહીંતહીં તેમના મેજ પાસે બેઠેલા હોય. એમાં તો એમને જે કામ કરવું હોય તે કરતા રહે અને શિક્ષક ત્યાં કેવળ હાજર હોય, એ ઓરડામાં ગમે ત્યાં હોય, કોઈ ખાસ ઠેકાણે બેઠલા હોય; વિદ્યાર્થીઓ તેની પાસે જઈને પૂછવા હોય તે પ્રશ્નો પૂછતા હોય, હું એમ સમજું છું કે આવું કંઈક હશે, તદ્દન....

---

૧. શારીરિક શિક્ષણ કેન્દ્રના પાંચ શિક્ષકો સાથેની વાતચીત.

૨. આ અગાઉ છપાયેલો (પૃ. ૨૦૩–૨૦૪) તા. ૬–૧૧–૬૭નો પ્રશ્ન અને ઉત્તર.

અ : માતાજી, વસ્તુસ્થિતિ એવી જ છે.

તો હવે, જૂની પદ્ધતિ ચાલુ રાખવાની હોય તો, બધા જ વિદ્યાર્થીઓ ત્યાં હારબંધ બેઠા હોય, શિક્ષક તેના ઉચ્ચાસન ઉપર બેઠેલા હોય, એટલે કે તદ્દન વિચિત્ર એવી પરિસ્થિતિ હોય. મને બરાબર યાદ છે કે જ્યારે હું પ્લે ગ્રાઉન્ડ ઉપર જતી ત્યારે સૌ કોઈ સ્વતંત્રપણે મારી આસપાસ બેઠેલાં હોય એથી મને ઘણો આનંદ થતો.....પણ ટેબલ, ઉચ્ચાસન, વિદ્યાર્થીઓ તેમના બાંકડા સાથે જકડાયેલા હોય....હું તદ્દન સ્થૂલ રીતની વાત કરું છું, કોઈ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી નહિ; એટલે જો એવી પરિસ્થિતિમાં પરિવર્તન આપ્યું હોય તો એટલો પણ એક મોટો સુધારો થયો ગણાય.

આવું તો ન હોવું જોઈએ કે બધા જ વિદ્યાર્થીઓ આમ એક હારબંધ અંદર આવીને પોતપોતાને ઠેકાણે બરાબર બેસી જાય અને પછી શિક્ષક આવીને બેસે....અને જો એ વિદ્યાર્થીઓ સારી રીતભાતવાળા હોય તો ઊભા થાય (હસાહસ), પછી શિક્ષક બેસે અને સંભાષણ શરૂ કરે. વિદ્યાર્થીઓ એમને મનફાવે તેવા વિચારો કરતા રહે, તેમના વિચારો અનેક દિશાઓમાં ભટકતા રહે અને તેમને ઠીક લાગે તો ધ્યાન આપે. ત્યારે આ તો સમયનો બગાડ જ કહેવાય, બીજું કંઈ નહિ.

આ બધું ખૂબ, ખૂબ, ખૂબ સ્થૂલ અને વ્યવહારુ છે; અને એમાં એકદમ ફેરફાર કરી શકાય. શિક્ષક પોતાને માટે એક ખૂણો કે કોઈ બીજું સ્થળ પસંદ કરે કે પછી કોઈ નાનકડો રૂમ પસંદ કરે – એવું ગમે તે કામ હોય, એ બધું મારે મન સરખું છે – એ ગમે તે સ્થળ હોય, એ જ રૂમ હોય કે પાસેનો કોઈ રૂમ હોય. વિદ્યાર્થીઓ ત્યાં જઈને તેનું માર્ગદર્શન માગી શકે, શિક્ષક પોતે પોતાના વિદ્યાર્થીઓને આપવાના ઉત્તરોને તૈયાર કરવામાં જ રસ લે, બીજા કશામાં નહિ.

આ તરત જ થઈ શકે, નહિ ?

હવે, એમ પણ જરૂરી નથી કે એ સૌ પોતાને એક જ નામે બોલાવે. એટલે કે ત્યાં....કોઈ મનુષ્યનો આત્મા હોય....આહ ! આપણે એને કોઈ વિવેકભર્યું નામ આપી શકીએ....કોઈ નમ્ર ઘેટા જેવો આત્મા....એમને જોઈએ એટલો સમય આપીએ....અને એમને કોઈ દોરવણી આપે એ પણ જરૂરી છે.

વિદ્યાર્થી શાળાએ જાય ત્યારે એને એમ ન લાગવું જોઈએ કે પોતાનું ચાલતું નથી એટલે એને એ રીતે ધંટી ફેરવવા જવાનું છે, પણ એને એમ લાગવું જોઈએ કે એ પોતાને રસ પડે તેવી કોઈ વસ્તુ કરવા જઈ રહ્યો છે. શિક્ષકે શાળામાં એ હેતુસર જઈને બેસવું ન જોઈએ કે પોતાને અડધો-પોણો કલાક પોતે જે કાંઈ ઠીક-ઠાક કરીને તૈયાર કર્યું હોય તેનું સંભાષણ કરવાનું છે, અને ભલે પછી એ પોતાને જ કંટાળાજનક લાગતું હોય એટલે વિદ્યાર્થીઓને પણ કશી મઝા વિનાનું લાગે. આથી ઊલટું એણે થોડાક એવા વિકાસશીલ વિદ્યાર્થીઓ સાથે ગાઢ સંપર્કમાં આવવું જોઈએ કે જેમનામાં થોડીક જિજ્ઞાસાવૃત્તિ હોય અને શિક્ષકે તેમની જિજ્ઞાસા પરિતૃપ્ત કરવી જોઈએ. આ રીતે એ શિક્ષકે સભાન બનવું જોઈએ, બહુ નમ્રપણે સભાન બનવું જોઈએ, કે પોતાને બધું જ કંઈ આવડતું નથી અને પોતાને પણ ઘણું શીખવાનું બાકી છે — પણ તે પુસ્તકોમાંથી નહિ — પરંતુ જીવનને સમજીને એ શીખવાનું છે.

ત્યારે આ રીતની રૂપરેખા તમને તમારા કામ માટે આપું છું. મને ખબર નથી....તમે વિદ્યાર્થીઓને વસ્તુઓ વહેંચો છો.....

> અ : માતાજી, હું આપને એક મિનિટમાં જ કહીશ કે અમે કઈ રીતે કામ કરવાના છીએ; એમાં સંપૂર્ણ સ્વતંત્રતા હશે....

સરસ, સરસ. આગળ કહો. તમારો પ્રશ્ન શું છે ?

> અ : ગમે તેમ હોય તો પણ આપણી આ નવી દૃષ્ટિએ જોતાં, અને વ્યવહારુ કારણોને લઈને, આપણે સેંકડો વિદ્યાર્થીઓને સમાવી લે તેવી એકમાત્ર સંકુલ વ્યવસ્થા ગોઠવવાની કલ્પના તો ન કરી શકીએ, ખાસ કરીને જ્યારે આપણે એમ ઇચ્છીએ છીએ કે બાળકોને તેમના વિકાસ માટે એક આત્મીયતાભર્યું વાતાવરણ મળવું જોઈએ. જ્યારે અમે આ પ્રશ્નનો 'સી' સાથે વિચાર કર્યો ત્યારે અમારો ખ્યાલ એવો હતો કે અમે 'કુંટુંબો'ની રચના કરીએ એટલે કે વધુમાં વધુ ૧૮૦થી ૨૦૦ જેટલાં બાળકોનાં બનેલાં સમાંતર ગ્રૂપો બનાવીએ અને આમ તો જોકે આ બધાં ગ્રૂપોની પાછળ એક સમાન આદર્શની પ્રેરણા હશે અને

એમાં જેને આપણે માધ્યમિક ગાળો કહી શકીએ તેવી બાળકના વિકાસ માટેની સર્વ પ્રકારની સગવડો હશે, તેમ છતાં એ દરેક બાળક પોતાની અમુક આગવી મૌલિકતા જાળવી શકશે.

આ ગ્રૂપોની વચ્ચે પણ, પરસ્પર આપ-લેની સર્વ પ્રકારની શકયતાઓ અને વૈવિધ્યપૂર્ણ સંપર્કોની શકયતાઓ હશે, કદાચ કેટલીક પ્રવૃત્તિઓ તો સર્વ સમાન હશે અને માધ્યમિક કક્ષા સુધી એ પ્રવૃત્તિઓ વધુ ને વધુ વાર બનતી રહેશે. ત્યાર પછી એક બીજી વ્યવસ્થા આવશે જે મહા-વિદ્યાલયના જીવનને અનુરૂપ વિશિષ્ટતાને અનુરૂપ હશે.

આ રીતે અમે અમારા હેતુની એકતાનો સમગ્રપણે આવિર્ભાવ કરતા રહીશું તેમ છતાં એમાં જીવંત વૈવિધ્યને પણ સ્થાન હશે. આપ આ વિષે શું ધારો છો ?

બરાબર ચાલશે. સારી વાત છે. સિદ્ધાંત આમ જ છે ને ?

અ : હા, માતાજી.

આ સિદ્ધાંત છે અને હવે એને વ્યવહારમાં મૂકવાની બાબતમાં, તમારી પાસે કેટલાક રૂમ વગેરે છે....તમે કઈ રીતે....

અ : હવે, માતાજી, હું અમારા વર્ગો વિષે કહીશ, એટલે કે જે કંઈ ચાલે છે તેને ચાલુ રાખવાની વાત.

ભલે, કહો.

[આ પ્રસંગે 'અ' સ્વતંત્ર પ્રગતિના વર્ગો
વિષે એક લાંબો રિપોર્ટ આપે છે]

સારું, સારું છે. તો પછી તમારે શું જોઈએ છે ?....તમારી વાત બરાબર છે. પરંતુ આ વસ્તુ સૌ કોઈને લાગુ પડાશે, તો ખરું ને !

અ : માતાજી, આ વિષયમાં અમે જરા ખચકાઈએ છીએ કારણ કે પરંપરાગત વર્ગોમાં કેટલંક એવાં બાળકો છે — અલબત્ત, મોટાં બાળકો — કે જેઓ આ રીતે કાર્ય કરતાં શીખેલાં નથી. એટલે,

આપે આપના છેલ્લા પત્રમાં ઉલ્લેખ કરેલો તે મુજબ અમે ધારેલું કે થોડો વચગાળાનો સમય જશે અને ઉ. ત. આપે સૂચવેલું તેમ, ત્રણેક માસમાં જો પરિસ્થિતિ, એક વધુ ઝડપી વિકાસને માટે અનુકૂળ હશે તો અમે ફેરફાર કરી લઈશું.

('બ'ને) પરંતુ તમે, દા.ત. તમે જે કરતા હતા તેને બદલે શું કરવાનું સૂચવો છો ?

બ : તત્ત્વતઃ 'અ'એ જે સૂચવ્યું છે તેમ જ.

હા.

બ : ફક્ત ફેર એટલો છે કે બપોર પછીના સમયમાં શિક્ષકો વિદ્યાર્થીઓને અગાઉની જેમ અમુક નિશ્ચિત સમયે મળવા ઇચ્છશે.

નિશ્ચિત સમયે ? વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત સમયે આવે છે, નહિ ?

બ : બપોર પછી દરરોજ ત્રણ પિરિયડ રાખીશું.

ત્રણ પિરિયડ ?

બ : ૪૦-૫૦ મિનિટના ત્રણ પિરિયડ. એનો અર્થ એ કે અમે બપોર પછીના સમયમાં અગાઉની જેમ એ જ સિદ્ધાંત પ્રમાણે કામ કરીશું.

ત્રણ પિરિયડ ? મને જરા વિચારવા દો.

ક : ત્રણ વર્ગો, એક પછી એક, માતાજી.

સ્કૂલ અમુક નિશ્ચિત સમયે ખૂલે છે, નહિ ? વિદ્યાર્થીઓ પણ સમયસર આવતા હશે. એ લોકો ગમે ત્યારે આવી ન શકે.

અ : હા, માતાજી.

કારણ કે સ્વતંત્ર પ્રગતિનો અર્થ અનુશાસનહીનતા નથી....

અ : ના, ના. એ તો સમજાય તેવું છે.

વિદ્યાર્થીએ પોતે સ્વતંત્ર છે માટે અર્ધો કલાક મોડા આવવાનું ન ચાલે, કારણ કે આ પ્રકારની સ્વતંત્રતા, સ્વતંત્રતા નહિ પણ અવ્યવસ્થા કહેવાય. દરેકે પોતે

પોતાને માટે કડક શિસ્તનું ધોરણ અપનાવવું જોઈએ. પરંતુ બાળક પોતે આત્મ-સંયમ કેળવવા શક્તિમાન હોતું નથી એટલે તેને શિસ્તપાલન પણ શીખવવું જોઈએ. એટલે એણે એક જ સમયે જાગી જવું જોઈએ, એક જ સમયે તૈયાર થઈ જવું જોઈએ અને એક જ સમયે શાળાએ જવું જોઈએ. આ વસ્તુ અનિવાર્ય છે, નહિ તો એક ભારે ગૂંચવાડો ઊભો કરશે.

અ : ૭–૪૫ કલાકે, માતાજી.

બરાબર, એટલે નિશાળ વિધિવત્ રીતે ૮ વાગ્યે ઊઘડશે.

અ : ૭–૪૫ કલાકે.

ના. શાળાનું મકાન ૭–૪૫ કલાકે ખૂલે છે.

અ : ના, ના ...૭–૪૫ કલાકે વર્ગો શરૂ થાય છે.

આહ ! એ લોકો ૭–૪૫ કલાકે શરૂ કરે છે, અને ક્યારે પૂરું કરે છે ?

અ : ૧૧–૩૦ કલાકે.

૧૧–૩૦ કલાકે. ('બ'ને) તો તમે કહો છો કે બપોર પછી તમે....

બ : એ લોકો ૧–૫૦ કલાકે શાળાએ પાછાં આવશે.

૧–૫૦ વાગ્યે અને તેઓ ક્યારે છૂટશે ?

બ : ૪ કલાકે.

૪ કલાકે. એ લોકોએ પ્લે-ગ્રાઉન્ડ ઉપર ક્યારે પહોંચવાનું હોય છે ?

અ : માતાજી, લગભગ ૪–૩૦ કલાકે.

બ : ૪–૩૦ કે ૫ કલાકે.

અ : કેટલીક વાર પાંચ કલાકે.

એ લોકો ત્યાં જાય ત્યારે તેઓ કંઈક ખાતાં હશે, એમને કંઈક ખાવાનું આપતા હશો. એ ૪–૩૦ કલાકે થાય. ભલે એમ થઈ શકે છે...

બ : એમને ૩–૩૦થી ૪–૩૦ વચ્ચે કંઈક ખાવાનું આપવામાં આવે છે.

જો એ લોકો બરાબર નિયમિત હોય તો એ શક્ય છે. પણ મારે સમજવું પડશે. – "ત્રણ પિરિયડ" એટલે એકના એક જ શિક્ષક ત્રણ જુદા જુદા વર્ગો લે

છે કે એના એ જ વિદ્યાર્થીઓ ત્રણ જુદા જુદા શિક્ષકો પાસે જાય છે અને દરેક શિક્ષક દરેકને વ્યક્તિગત શિક્ષણ આપે છે ?

બ : મધુર માતાજી, ના. એમાં જરા જુદી રીત છે.

તો સ્પષ્ટ કરો. તમારા વર્ગમાં કેટલા વિદ્યાર્થીઓ છે ?

બ : અમારા લગભગ દોઢસો વિદ્યાર્થી છે.

એકસો પચાસ ! ભલે. તમારા દોઢસો વિદ્યાર્થી આવ્યા. પછી શું થાય છે ?

બ : ત્યાં, દરેક વિદ્યાર્થીએ, અમુક મુકરર કરેલા વર્ગમાં જવાનું હોય છે.

એકસો ને પચાસ ? દોઢસો વિદ્યાર્થીઓ એક જ વર્ગમાં ! અશકય !

બ : એક વર્ગમાં નહિ. અમે તેમને બે વર્ગમાં વિભાજિત કરીએ છીએ — ફ્રેન્ચ અને અંગ્રેજીનાં જુદાં જુદાં ધોરણોમાં.

આહ ! એ બધા એક જ ધોરણમાં નથી હોતા.

બ : પાંચમાથી દસમા ધોરણના. *

ઓહ, ઓહ, ઓહ ! અને આ દોઢસો વિદ્યાર્થીઓ માટે કેટલા શિક્ષકો હોય છે ?

બ : લગભગ ત્રીસ જેટલા શિક્ષકો.

ત્રીસ શિક્ષકો. ઠીક. પછી શું થાય છે ? તમારી પાસે કેટલા વર્ગો અને વર્ગોના રૂમો છે ?

બ : અમારી પાસે લગભગ પંદરથી સોળ રૂમો છે.

અને તમે બપોર પછીના વર્ગોમાં શું શીખવાડો છો ? જુઓ, તમે અમુક નિશ્ચિત વસ્તુઓ જ શીખવાડો છો કે પછી એ એક જ પ્રકારનું કામ હોય છે ?

અ : માતાજી, મને કહેવા દો....આમાં ફેર એ રહે છે કે અમે પ્રગતિને તદ્દન સ્વતંત્ર રાખવા માગીએ છીએ જ્યારે એ લોકો અમુક અંશે નિશ્ચિત વર્ગોને પહેલાંની જેમ ચાલુ રાખવા માગે છે.

નિશ્ચિત વર્ગો ?

અ : એટલે કે નિશ્ચિત ધોરણો, અમુક નિશ્ચિત વિદ્યાર્થીઓ અને અમુક નિશ્ચિત શિક્ષક....

---

* આ ઉલ્લેખ ધોરણો વિષે છે. બાળકોની ઉંમર વિષે નહિ.

આહ ! એટલે આમાં કેવળ શિક્ષકની ભણાવવાની પદ્ધતિમાં ફેર થશે પણ એ અમુક વિષય અમુક જ વિદ્યાર્થીઓને શીખવશે.

અ :....જે વિદ્યાર્થીઓ એ સમયે આવી ગયા હશે તેમને.

હા, હા એ ઠીક છે. એ ચાલે. આનો અર્થ એ કે તમારે અમુક સમય માટે ....પણ એ વખતે તમે શું શીખવાડો છો ? ભાષાઓ ?

અ : તત્ત્વતઃ ભાષાઓ, હા, માતાજી.

આહ ! એ કેવળ ભાષાઓ માટે જ છે.

અ : એ કેવળ ભાષાઓ માટે જ છે.

હું સમજી. અને એ દોઢસો વિદ્યાર્થીઓ માટે કેટલી ભાષાઓ હશે ?

બ : સિદ્ધાંત તરીકે, ત્રણ. અંગ્રેજી, ફ્રેન્ચ અને તેમની માતૃભાષા.

આહ ! એ તો ઘણી થઈ ગઈ ! બંગાળી, ગુજરાતી, હિંદી, વળી તામિઝ, તેલુગુ. આમ જ પાંચ ભાષાઓ થઈ ગઈ.

બ : સંસ્કૃત !

એના વિના ન ચાલે....દરેકે એ શીખવી જોઈએ. ખાસ કરીને અહીં જે રહેતા હોય તે બધાએ એ ભાષા તો શીખવી જ જોઈએ....કેવળ પંડિતોનું સંસ્કૃત નહિ....પણ બધા, બધા જ લેખકોનું, પછી તેઓ ગમે ત્યાં જન્મેલા હોય.

અ : માતાજી, સિદ્ધાંત રૂપે અમે એમ જ કરવા માગીએ છીએ — આવતી સાલથી બધાં જ બાળકોને તેમની માતૃભાષા અને સંસ્કૃત શીખડાવીશું.

હા. કેવળ પંડિતાઈ મેળવવા માટેનું સંસ્કૃત નહિ, પણ એવું સંસ્કૃત, સંસ્કૃત – આને કઈ રીતે કહેવું – એવું સંસ્કૃત કે જેની દ્વારા, ભારતની અન્ય ભાષાઓનાં દ્વાર ખુલ્લાં થતાં હોય. હું ધારું છું કે એ અનિવાર્ય છે – આદર્શ એવો હોવો જોઈએ કે એક નવીનીકૃત સંસ્કૃત એ ભારતની પ્રતિનિધિરૂપ ભાષા બની રહે, એટલે કે, એ સંસ્કૃત એવી રીતે બોલાતું હોવું જોઈએ – ભારતની સર્વ ભાષાઓની પાછળ સંસ્કૃત છે અને એ એમ જ હોવું જોઈએ. અમે જ્યારે વાત કરતાં હતાં ત્યારે શ્રી અરવિંદનો ખ્યાલ આ મુજબનો હતો. કારણ કે, અત્યારે

આખા દેશની ભાષા અંગ્રેજી છે, પણ એ અકુદરતી પરિસ્થિતિ છે. એ ભાષા બીજા દેશો સાથેના સંબંધો માટે ઉપયોગી છે, પણ જેમ દરેક દેશને પોતાની આગવી ભાષા હોય છે તેમ....અને અહીં જ્યારે કોઈને રાષ્ટ્રભાષા સ્થાપવી હોય છે ત્યારે બધા લોકો ઝગડવા માંડે છે. દરેકને પોતાની ભાષા જોઈએ છે. એ તો મૂર્ખામી છે. પણ કોઈએ સંસ્કૃત સામે વાંધો ન લેવો જોઈએ. એ બીજી ભાષાઓ કરતાં વધુ પુરાતન ભાષા છે અને એનો ધ્વનિ, ઘણા શબ્દોના ધાતુરૂપ ધ્વનિ હોય છે.

શ્રી અરવિંદ પાસેથી હું આ વસ્તુ શીખી છું અને સ્પષ્ટ રીતે એ બહુ રસપ્રદ છે. આમાંના કેટલાક ધાતુઓ તો જગતની સર્વે ભાષાઓમાં મળી આવે છે – ધ્વનિ, ધાતુઓના ધ્વનિ, બધી જ ભાષાઓમાં મળી આવે છે, ત્યારે, આ, આ વસ્તુ શીખવાડવી જ જોઈએ અને એ જ રાષ્ટ્રભાષા હોવી જોઈએ. ભારતમાં જન્મેલા દરેક બાળકે એ ભાષા જાણવી જોઈએ — જેમ ફ્રાન્સમાં જન્મેલા દરેક બાળકે ફ્રેન્ચ જાણવું પડે છે તેમ. એ કાંઈ બરાબર બોલી શકતા નથી, એ લોકો એ ભાષા સાંગોપાંગ જાણતા પણ નથી હોતા, છતાં એમને થોડું ઘણું ફ્રેન્ચ તો શીખવું જ પડે છે – અને દરેક દેશમાં એવું જ હોય છે. દરેકે પોતાની રાષ્ટ્રભાષા શીખવી પડે છે. અને એ શીખ્યા પછી એ એને ગમતી હોય તેવી અન્ય ભાષાઓ શીખી શકે છે. અત્યારે આપણે ઝગડાઓના વાતાવરણની વચમાં છીએ અને કોઈ પણ નવી વસ્તુ કરવા માટે આ ઘણું ખરાબ વાતાવરણ છે. પણ એમ કરવું શકય બની શકે એ માટેનો દિવસ પણ આવશે.

એટલે હું અહીં સરળ સંસ્કૃત શીખવવામાં આવે તેમ ઈચ્છું છું. બને તેટલું સરળ. પણ "સરલીકૃત" નહિ — ફકત એના મૂળમાં જઈને .. આ બધા ધ્વનિઓ, ધાતુઓના ધ્વનિઓ કે જેમાંથી પાછળથી શબ્દો બનેલા છે. મને ખબર નથી કે અહીં કોઈ, એવું કરી શકે તેવું છે કે નહિ. હકીકતમાં, હું જાણતી નથી કે ભારત સમગ્રમાં કોઈ એવું કરી શકે તેવું હોય. શ્રી અરવિંદ જાણતા હતા. પરંતુ જો કોઈ સંસ્કૃત જાણતું હોય તો એ કરી શકે....મને ખબર નથી. સંસ્કૃત શીખવવા માટે તમારી પાસે કોણ કોણ છે ? 'વી' ?

બ : 'વ', 'ડબ્લ્યુ'.

'ડબ્લ્યુ' ? પણ એ તો અહીં કદી હોતા નથી.

બ : એ ફેબ્રુઆરીમાં પાછા આવનાર છે.

ઘણા સમય પહેલાં 'ક્ષ' પણ હતા.

બ : 'ક્ષ'.... અને કેટલાક જુવાન શિક્ષકો, 'ય', 'ઞ' છે.

ના, આપણે કોઈ એવી વ્યકિત જોઈએ કે એ બરાબર જાણતી હોય. મેં એક વાર 'વી'ને વાત કરેલી. એ કહેતા હતા કે એ પોતે એક એવું સરળ વ્યાકરણ તૈયાર કરી રહ્યા હતા કે જે આખા દેશની ભાષા માટે ચાલે — એણે શું કર્યું તે હું જાણતી નથી. મને ખબર નથી. કદાચ 'વી' સૌમાં ઉત્તમ ગણાય.

એટલે, બપોર પછીના શાળામાં તમારી પાસે કયા કયા શિક્ષકો હોય છે? તમે ત્રીસની વાત કરેલી.

બ : બધા વર્ગો માટે, પાંચમા ધોરણથી....

આખી શાળા માટે?

અ : માધ્યમિક શાળા માટે, માતાજી.

એથી નીચેના વર્ગો સાથે તમારે નિસ્બત નથી?

અ : શિક્ષકોનું અન્ય જૂથ એ કામ કરશે.

હા, એ તો બરાબર. અને માધ્યમિક કક્ષામાં તમારે ત્રાસેક શિક્ષકો વચ્ચે. લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓ હશે, અને એ લોકો આવે છે ત્યારે શું જાણતા હોય છે? કંઈ નહિ? કિન્ડર ગાર્ટન વર્ગમાં પણ એમને ફ્રેન્ચ શીખવાડે છે એમ મનાય છે, ખરું ને? એ લોકો એમની સાથે ફ્રેન્ચમાં વાતચીત કરે છે. પણ મને ખબર નથી કે એ બાબતનું બહુ કડકાઈથી પાલન થતું હોય.

અ : બહુ કડકાઈથી નહિ, માતાજી.

બહુ નહિ, હેં?

ડ : પહેલાં એ બાબતમાં કડક ધોરણ હતું. હવે ઘણો-ખરો સમય એ લોકો હિન્દીમાં વાતચીત કરે છે.

જ્યારે બાળકો બહુ નાનાં, તદ્દન કુમળી વયનાં હોય છે ત્યારે એ લોકોને રમવું ગમે છે, એમનામાં....એમનામાં કોઈ વસ્તુએ પાસાદાર આકાર લીધો હોતો નથી અને એવે સમયે એક જ વસ્તુને જુદી જુદી ભાષામાં જુદાં જુદાં નામે ઓળખવામાં આવતી હોય તે જાણી તેમને ખૂબ મઝા પડે છે. એમનામાં હજી.... અથવા એમનામાં હજી કોઈ પ્રકારનું માનસિક જડતાનું પાસું હોતું નથી.

એમનામાં હજી એવી નમનીયતા હોય છે, જેથી એ લોકો જાણે છે કે વસ્તુ માત્ર સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી હોય છે અને તેને આપેલાં નામ તો એક સગવડભરી ગોઠવણ હોય છે. એટલે હું ધારું છું કે એમને માટે કોઈ વસ્તુનું નામ એ એક પરંપરાગત આદતની વસ્તુ હોય છે. એટલે ઘણાં બાળકોને અમુક અમુક વસ્તુ કહેવાની દા.ત. "હા" અને "ના"ની બહુ મજા પડે છે. આ બે શબ્દો "હા" અને "ના" લો, જેમાં કોઈ વસ્તુને સ્વીકારવામાં કે ઈનકારવામાં આવે છે. ફ્રેન્ચમાં એને આમ કહે છે, જર્મનમાં આમ, અંગ્રેજીમાં આમ, ઈટાલિયનમાં આમ, હિંદીમાં આમ, સંસ્કૃતમાં તેને કહે છે કે....આ એક બહુ ગમ્મત પડે તેવી રમત હોય છે. જો તમે એવા બાળકને કેમ રમાડવું એ જાણતા હો તો તમે કોઈ વસ્તુ લઈને એને કહી શકો છો, "જુઓ. આ વસ્તુ છે ને તે આવી છે.... એમાં કોઈ નાનું ગલુડિયું, કોઈ નાનું જીવંત પક્ષી, કોઈ નાનો છોડ અને પછી તેને કહો કે "જુઓ, આ બધી ભાષાઓ છે અને...." એમની અંદરની પાટી તદ્દન સાફ હોય છે, એ લોકો આ વસ્તુ સારી પેઠે શીખી શકે છે, ઘણી સહેલાઈથી. એ એક ઘણી મઝા પડે તેવી રમત બને છે. ('બ'ને) પણ આ વસ્તુ સાથે તમારે નિસ્બત નથી, તમે તો અગાઉથી જ....

ભલે. એટલે, સ્વાભાવિક રીતે તમારા ત્રીસ શિક્ષકો અને ૧૫૦ વિદ્યાર્થીઓ છે, તો તમારે....એ લોકો જુદા જુદા વર્ગોમાં જાય છે, જેને જે ભાષા ભણવી હોય ત્યાં. એ તદ્દન સ્વાભાવિક છે અને લગભગ અનિવાર્ય જેવું લાગે છે, કારણ કે બધા જ શિક્ષકોને ભેગા કરવાથી કોઈ હેતુ સરતો નથી – એ લોકો વાતો કરવા માંડશે – અને પછી પાછા વિદ્યાર્થીઓ આવશે એ તો એક ભારે.... ના! એ બરાબર છે.

જ્યારે કોઈને અંગ્રેજી ભણવું હોય ત્યારે તે અંગ્રેજીના વર્ગમાં જાય, ફ્રેન્ચ ભણવું હોય તો ફ્રેન્ચના, જ્યારે....

ક : એ વસ્તુ સાવ એવી નથી.

તો પછી, ?

બ : સવારમાં એવું હોય છે ખરું.

તો તમે શું ભણાવો છો ?

બ : હું ગણિત ભણાવું છું.

એને અને ભાષાઓને કશો સંબંધ નથી !

બ: અને ઇતિહાસ.

તમે ગણિત ફ્રેન્ચ ભાષામાં શીખવાડો છો ? હા, પણ તો પછી, આ પ્રશ્ન વધુ ગૂંચવાડાભર્યો બને છે....શું (હસાહસ) શું વાત છે? ('બ'ને) તમારે મને શું કહેવાનું છે ?

અ: ('બ' તરફ વળીને) આપણે શું સમજાવીએ ?

બ : આપણે જે કરવા માગીએ છીએ તે જ.

ક : તમારા મૌખિક વર્ગો પણ હોય છે ?

બ : મૌખિક વર્ગો કેવળ ભાષાઓ માટે નહિ પણ ગણિત અને વિજ્ઞાન માટે પણ.

અ : માતાજી, એ લોકો ભાષાઓ, ગણિત અને વિજ્ઞાન માટે ફક્ત બપોર પછી, નિશ્ચિત કરેલા વર્ગો ચાલુ રાખે છે. સવારનો સમય સ્વતંત્ર કાર્યો માટે અનામત રાખેલો હોય છે. બપોર પછી એ લોકોના વર્ગો, ત્રણ વિષયો માટે નક્કી કરેલા રહે છે, જ્યારે સવારમાં એવું કંઈ....

ભાષાઓ ?

અ : ભાષાઓ, ગણિત, વિજ્ઞાન.... અને ઇતિહાસ પણ....

વિજ્ઞાન ?

અ : વિજ્ઞાન પણ ખરું, હા, પ્રાકૃતિક વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાનશાસ્ત્ર.

હા, એ તો આખી દુનિયા છે. પછી શા માટે ? તો પછી શું બચ્યું ? સાહિત્ય ? અને બીજું શું ? તમારું વિજ્ઞાન સર્વ વિષયોને આવરી લે છે તો પછી સાહિત્ય જ બાકી રહે છે, અને પછી ? કલા ? સ્વાભાવિક રીતે આ....

અ : ('બ'ને) તમે બધા જ વિષયો માટે નક્કી કરેલા વર્ગો રાખો છો ? (માતાજીને) માતાજી, સારાંશ એ છે કે બપોર પછીના સમયમાં એ લોકો કંઈક અંશે અગાઉની જેમ જ નક્કી કરેલા વર્ગોની વ્યવસ્થા ચાલુ રાખે છે. પરંતુ એની સરખામણીમાં સવારનું કામ સ્વતંત્ર હોય છે.

હવે મને જિજ્ઞાસા થાય છે. ભાષા કઈ રીતે ભણાવો છો? કારણ કે કોઈ શિક્ષક સૌને એક જ વાત કહે છે....એ લોકો બહાર આવે છે ત્યારે કશું સમજ્યા હોતા નથી! ભાષા તો એક એવી વસ્તુ છે જે ખૂબ ખૂબ જીવંત હોવી જોઈએ! અને એમાં જીવન આવી શકે તે માટે એમાં વિદ્યાર્થીઓએ પણ ભાગ લેવો જોઈએ. એ લોકોએ કેવળ બાંકડા ઉપર બેઠેલા કાન બની રહેવાનું નથી! નહિ તો એ લોકો જ્યારે બહાર આવશે ત્યારે કશું સમજ્યા નહિ હોય.

અ : માતાજી, અમને લાગેવળગે છે ત્યાં સુધી ભાષાનું શિક્ષણ આ રીતે ગોઠવેલું છે : લેખિત કામની બાબતમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે અંગત સંબંધ હોય છે. અને જે કોઈ મૌખિક કામ હોય છે, સભાઓ, વગેરે; તેમાં અમે બાળકોની સમક્ષ દરરોજ અનેક શકયતાઓ રજૂ કરીએ છીએ અને તેઓ આ કે તે પ્રવૃત્તિમાં જોડાવા માટે સ્વતંત્ર હોય છે.

શકયતાઓ?

અ : ઉદાહરણ તરીકે જુદા જુદા વિષય ઉપર વાતચીત અને ચર્ચા થાય છે – દા.ત. કેટલાંક બાળકો વિજ્ઞાનનો વિષય પસંદ કરે છે તો બીજાં કેટલાંક ચાલુ સમયની ઘટનાઓ પસંદ કરે છે, વગેરે. અથવા એમાં કોઈ નાટયરચના, વગેરે પણ સામેલ થઈ શકે છે. આ બધી વસ્તુઓ વિષે બાળકોને આગલા દિવસે કે તે જ દિવસે અગાઉથી જાણ કરવામાં આવી હોય છે; એમણે વર્ગમાં જવાનું હોય છે ખરું, પણ કયા તે, તેઓ પસંદ કરે છે....અને જે કાંઈ વ્યાકરણ, લેખન વગેરે હોય છે તે બધું એમાં આવી જાય છે.

હા, કારણ કે બાળકોને ભાષા તો પહેલેથી જ આવડતી હોય છે. ('બ'ને) અને તમે?

અ : એની બાબતમાં પણ એમ જ છે.

('અ'ને) હા, એમ હોય તો એ બરાબર છે.

('બ'ને) પણ તમારા બપોર પછીના વર્ગો....એમાં તમે શું કરવાના છો? એના જેવું કે બાળકો બાંકડા ઉપર બેઠાં રહે અને શિક્ષક એનું ભાષણ

આપ્યે જાય ? મારા પ્રભુ, એમાં તો કેટલો બધો કંટાળો આવે ! પહેલાં તો શિક્ષકને જ કંટાળો આવે અને એ પછી એ વિદ્યાર્થીઓને આપે.

આમાં આપણે એક આવી વ્યવસ્થા ગોઠવી શકીએ : તમે ગમે તે એક વિષય લો પછી શિક્ષકે ગમે ત્યાં, ગમે તેને પ્રશ્નો પૂછવા : "બોલો, આ વિષયમાં તમે શું કહો છો ? આ વિષયમાં તમે શું જાણો છો ?" અને એવી રીતે આગળ. અને આમ કરીએ તો, જો બીજા બધા ધ્યાન દઈને સાંભળતા હશે તો એમને ફાયદો થશે. એવી કોઈક વ્યવસ્થા ગોઠવવી જોઈએ કે જેમાં કાંઈક જીવંત વસ્તુ હોય — એવું કોઈ કંટાળાજનક ભાષણ ન હોય કે જે સાંભળીને પાંચેક મિનિટ પછી બધાને ઊંઘ આવવા લાગે. તમે પ્રશ્નો પૂછો, અથવા તો, જો ત્યાં કોઈ પાટિયું હોય તો તેના ઉપર મોટા મોટા અક્ષરે કોઈ પ્રશ્ન લખો અને પૂછો : "બોલો, આનો કોણ જવાબ આપી શકે તેમ છે ?" આમ કર્યા પછી તમે આમતેમ પ્રશ્નો પૂછતા રહો, જેઓ માગણી કરતા હોય તેમને પૂછો....અને જ્યારે કોઈએ ઉત્તર આપ્યો હોય ત્યારે પછી વળી તમે પૂછો : "તમારામાંથી કોઈ આમાં કાંઈ ઉમેરી શકે તેમ છે ?" શિક્ષકમાં પોતાનામાં થોડી જીવંતતા હોવી જોઈએ.

હું સમજી શકું છું — દરેક ભાષા માટે એક વર્ગ રાખવાનું અને જુદાં જુદાં ગ્રૂપો રાખવાનું — બપોર પછીના ગાળા વિષે હું એ સમજી શકું છું. પણ પ્રભુને ખાતર એવું ન કરશો....પેલા બધા, બાંકડા ઉપર બેઠા હોય તે એમનાં ઘડિયાળો જોયા કરે કે, "હવે આ કયારે અટકશે ?" સોમાં એક પણ એવો શિક્ષક નથી કે જે સૌ કોઈને મઝા પડે તેમ કરી શકે. અને પ્રથમ તો એને પોતાને જ કંટાળો આવે છે. એને માટે....અહીં નહિ, પણ બહારના જગતમાં તો એ વસ્તુ એની આજીવિકા હોય છે, એટલે....

તમારે વીસ, ત્રીસ કે ચાલીસ વિદ્યાર્થીઓને લેવા....તમે કેટલાને એક સાથે લો છો ? વીસ ? લગભગ વીસ ?

બ : હા, માતાજી

તો પછી એમ કરો : "જુઓ, આપણે થોડી ગમ્મત કરીએ. આપણે ગમ્મત કરવા માટે શું કરીશું. આપણે કઈ રમત માંડીશું ?" અને આમ, સ્વાભાવિક રીતે તમે નવી નવી વસ્તુઓ શોધી કાઢી શકો છો. અને શિક્ષકને

પોતાને જાગ્રત રહેવું પડે છે કારણ કે એને કંઈક શોધતા રહેવાનું હોય છે. અને વિદ્યાર્થીઓ પણ એવા હોય છે....એમનામાં પણ થોડું સ્વાભિમાન હોય છે એટલે એ લોકો પણ કંઈક કહેવા ઇચ્છતા હોય છે, અને એને લઈને વાતાવરણમાં જીવંતતા આવે છે. તમે ઘેર રહીને ભણતા હો એના કરતાં આ રીત વધુ રસદાયક નથી ? જો તમે પ્રમાણિક હશો તો તમે, પછીના દિવસે લેવાના વર્ગ માટે આગલી સાંજે તૈયારી કરશો, ધ્યાનપૂર્વક અભ્યાસ કરીને નોંધ કરી લેશો. અને... તમે જે વિષય લેશો તે માટે તૈયારી કરશો. સમજ્યાને, એટલે કે તમે એવી તૈયારી કે જેથી તમે દરેક પ્રશ્નના જવાબ આપી શકો. આમ તો એ વસ્તુ સહેલી છે. પણ જો તમે તમારો વિષય બરાબર પાકો કરેલો હોય તો વધુ સારું. રાત્રિ દરમ્યાન તમે થોડોક પ્રકાશ અને પ્રેરણા પામવાને માટે પ્રયત્ન કરો, કે જેથી બીજા દિવસે તમે જે વસ્તુ જાણતા હો તે જીવંતરૂપે જીવવાનો અનુભવ થાય. શિક્ષકો અને વિદ્યાર્થીઓ...ના ! એવાં જીવંત સ્વરૂપોનું એ ગ્રૂપ હોવું જોઈએ જેમાંના થોડા બીજા કરતાં વધુ જાણતા હોય, બસ.

> અ : માતાજી, હવે એક બીજો પ્રશ્ન છે, અગત્યનો પ્રશ્ન છે. આપે એવું ઘણી વાર કહ્યું છે કે કોઈ પણ પ્રશ્નનો સાચો ઉત્તર તો કેવળ અંતરની નીરવતામાં જ પ્રાપ્ત થઈ શકે. તો, બાળકોને આ પ્રકારની નીરવતા સ્થાપિત કરવાનું કઈ રીતે શીખવી શકાય ? જ્ઞાનને બદલે ચેતનાને સ્થાપિત કરવી હોય તો તેનો આ જ ઉપાય છે ને ?
>
> (લાંબું મૌન)

જુઓ, આ પ્રકારના વર્ગોની પદ્ધતિ, જેમાં બધા બેઠલા હોય અને ત્યાં શિક્ષક હોય, અને કામ માટેનો સમય પણ મર્યાદિત હોય ત્યારે આમ કરવું શક્ય નહિ એ તો જ્યારે આંતરિક નીરવતા સ્થાપિત કરવા માટે તમને સંપૂર્ણ સ્વતંત્રતા હોય ત્યારે તમે મૌન રહી શકો પણ જ્યારે બધા વિદ્યાર્થીઓ વર્ગમાં ભેગા થયેલા હોય અને શિક્ષક પણ હોય... અને શિક્ષક પોતાની અંદર નીરવતા સ્થાપિત કરતો હોય, અને વિદ્યાર્થીઓ.... ના, એમ કરવું શક્ય નથી.

તમે તમારે ઘેર, રાત્રિ દરમ્યાન, આગળના દિવસે નીરવતા ધારણ કરી શકો, તૈયારી કરી શકો, પણ વર્ગના દિવસે તો એવું ન થઈ શકે....એ વસ્તુ

તાત્કાલિક અમલી બનાવી શકાય એવો કોઈ નિયમ નથી. એ તો કુદરતી છે કે તમે ચેતનાની ખૂબ ઉચ્ચ અવસ્થામાં હો અને તમે તમારા મનને તદ્દન નીરવ રાખતાં શીખેલા હો ત્યારે તમે એમ જ કરો; પણ હજી તમે એ કક્ષાએ પહોંચેલા નથી, તમારામાંથી કોઈ એ કક્ષાએ પહોંચેલા નથી. એટલે એના વિષે વાત ન કરવી જ સારી. એટલે હું માનું છું કે વર્ગ દરમ્યાન....ખાસ કરીને આ પ્રકારની પદ્ધતિ કે જેમાં મર્યાદિત સમયના વર્ગો હોય છે; વિદ્યાર્થીઓ, શિક્ષક અને વિષય પણ નક્કી કરેલા હોય છે....ત્યારે તમે ત્યાં સક્રિય રહો એ વધારે સારું.

એવું હોવું જોઈએ....જો વિદ્યાર્થીઓ પોતે ધ્યાનનો અભ્યાસ કરવા માગતા હોય, એકાગ્રતા કરીને....સ્વયંસ્ફુરણાની ભૂમિકા સાથે સંપર્ક સાધવા માગતા હતા — કેવળ મનોમય ઉત્તરને બદલે એવું કાંઈક પ્રાપ્ત કરવા માગતા હોય — ઊર્ધ્વમાંથી કોઈ પ્રકાશ અને જીવંત વસ્તુ પ્રાપ્ત કરવા માગતા હોય ત્યારે ...પણ એવી ટેવ ઘેર રહ્યા હોય ત્યારે કેળવી લેવી જોઈએ.

કુદરતી રીતે, જો કોઈને આવી ટેવ હશે, તો વર્ગમાં — જ્યારે શિક્ષક પ્રશ્ન પૂછતા હશે, પાટિયા ઉપર પ્રશ્ન લખેલો હશે અને પૂછતા હશે કે, "આનો ઉત્તર કોણ આપે છે?" ત્યારે એવી વ્યકિત આમ કરીને (શ્રી માતાજી પોતાના હાથ પોતાના કપાળ ઉપર મૂકે છે) કંઈક ઝીલશે, ઓહ! અને પછી કહેશે.... પરંતુ આપણે એ અવસ્થાએ પહોંચ્યા હોઈશું ત્યારે ઘણા આગળ વધેલા હોઈશું.

એમ નથી હોતું ત્યારે તેઓ તેમના મગજના ભંડારમાંથી પોતે જે કાંઈ શીખેલા હોય છે તેને બહાર આણે છે. એ કંઈ બહુ રસપ્રદ તો નથી હોતું, પરંતુ એથી તેમને માનસિક વ્યાયામ તો મળે છે. અને વર્ગની પદ્ધતિ એક લોકશાહી પદ્ધતિ છે, ખરું ને? કારણ કે....તમારે મર્યાદિત સમયમાં અને મર્યાદિત જગ્યામાં....તમારે શકય તેટલી વધુ સંખ્યાને ભણાવવાનું હોય છે, કે જેથી સૌ કોઈને લાભ થાય. આ એક તદ્દન લોકશાહી ભાવના છે. એટલે એમાં એક પ્રકારની....સમતલતાની જરૂર રહે છે. હવે....તમે એ સૌને એક જ સ્તર ઉપર મૂકો એ તો શોચનીય છે. પરંતુ જગતની અત્યારની અવસ્થામાં આપણે એમ કહી શકીએ છીએ કે "આટલું તો હજી જરૂરી છે." કેવળ પૈસાપાત્ર લોકોનાં બાળકોને બીજી રીતની વ્યવસ્થા પોષાય....સ્વાભાવિક રીતે એ વસ્તુનો વિચાર કરવો ગમે તેવું નથી. ના, આ તો આખી વસ્તીનો, પ્રાથમિક વર્ગની

બાબતનો પ્રશ્ન છે....ઑરોવિલ માટે. અને એ પ્રશ્ન રસદાયક હશે : જે બાળકો ગમે ત્યાંથી આવ્યાં હોય, જેમને પોતાને ઘેર અભ્યાસ કરવાની સગવડ ન હોય, જેમનાં માતા-પિતા અજ્ઞાન હોય, જેમને માટે અભ્યાસ કરવાની કોઈ શક્યતા ન હોય; તદ્દન, બિલકુલ, સાવ કાચી સામગ્રી; એમ — આપણે તેમને જીવન જીવતાં કઈ રીતે શીખવીશું ? એ એક રસદાયી પ્રશ્ન હશે.

> અ : માતાજી, અમે જે વસ્તુ ગઈ સાલ કરી છે તેને માટે અમે બાળકના વ્યક્તિત્વના સંબંધે સંપૂર્ણપણે માનલાયક ધન્યા હોઈશું. સંપૂર્ણ, હરેક ક્ષણે – બાળકની ગણતરી હશે, એ કયા ગ્રૂપનું છે એની અગત્ય નહિ હોય. બિલકુલ નહિ. અને પછી, મેં આપને હમણાં જે પ્રશ્ન પૂછ્યો હતો તેનો બાકીતમાં એવું છે કે સવારના સમયમાં, કાર્ય કરવાની પદ્ધતિ જરા જુદા પ્રકારની છે, કારણ કે એ કાર્ય સ્વતંત્રતાપૂર્વક કરવામાં આવે છે. એટલે, એવી પરિસ્થિતિમાં, કદાચ બાળકો...

હા, ત્યાં, સવારમાં, સ્વતંત્ર પ્રગતિના વર્ગોમાં જે રીતે કામ કરે છે તે રીતે....એ લોકો ભલે એમ કરે : મૌન રહીને અંતરમાં એકાગ્રતા કરીને બહાર અને ભીતરમાં બધી જ ગરબડ શાંત પાડી દઈ નીરવ બની જઈને રાહ જોઈ શકે. સવારમાં એ લોકો એમ કરી શકે, ના, મારા કહેવાનો આશય એ છે કે જ્યારે તમારે પોણા કલાક-કલાકનો વર્ગ લેવાનો હોય....બધા વિદ્યાર્થીઓ અને શિક્ષક એ માટે એકઠા થયા હોય....ત્યારે તમારે સતત કામ કરતા રહેવું પડે છે. જો પોણા કલાક માટે સૌ કોઈ શાંત – નીરવ બની રહી શકે તો તે ભારે મજા પડે....(હસાહસ).

તરત પૂરતું તો એમ થઈ શકે કે તમે તમારા અભ્યાસક્રમમાંનો કોઈ વિષય નક્કી કરો. તમે બેસો અને વિદ્યાર્થીઓને કહો, "એક – પા કલાક માટે આપણે સૌ શાંત-નીરવ બની રહીએ, બસ માત્ર અવાજ નહિ, કોઈ કશો અવાજ નહિ કરવાનો. આપણે પા કલાક માટે શાંત બની રહીશું. પા કલાક માટે સંપૂર્ણ શાંતિ જાળવી રાખવાનો પ્રયત્ન કરવા સાથે સ્થિર બનીને ધ્યાન આપીશું, અને પા કલાકને અંતે આપણે જોઈશું કે એમાંથી શું આવે છે." તમે શરૂઆતમાં પાંચ, ત્રણ કે બે મિનિટ રાખો તો પણ ચાલે – પા કલાક

જરા લાંબો સમય ગણાય પણ તમારે પ્રયત્ન કરવો જોઈએ...કેટલાક વિદ્યાર્થીઓ ઊંચાનીચા થવા લાગશે. બાળકોમાંનાં બહુ થોડાં સ્થિર રહી શકે છે; નહિ તો એ લોકો ઊંઘી જાય છે. પણ એ લોકો ઊંઘી જાય તો પણ કશો વાંધો નહિ. તમે એકાદ વાર તો આવો અખતરો કરી શકો : "આપણે જોઈએ કે પા કલાક માટે શાંત રહ્યા પછી મારા પ્રશ્નનો ઉત્તર કોણ આપી શકે છે? આમાં એવું નથી કરવાનું કે દસ મિનિટ તો તમે એ વિષયમાં જે કાંઈ મનોમન રીતે જાણતા હો તે સૌ વસ્તુઓને પકડવા પ્રયત્ન કરતા હો, ના, એમ નહિ – દસ મિનિટ તો એવી જ હોવી જોઈએ જેમાં તમે, આમ, ખાલી, નીરવ અભિપ્રાય બન્યા રહો....અભિપ્રાય અને શાંત."

અને જો આવા પ્રસંગે, શિક્ષક એક ખરો શિક્ષક હશે તો એ આ દસ મિનિટ દરમ્યાન, સ્વયં-સ્ફુરણાના પ્રદેશમાંથી જ્ઞાન લાવીને આખા વર્ગ ઉપર ફેલાવી શકશે. આ રીતે તમે થોડું રસદાયક કામ કરી શકશો, અને પરિણામો પણ જોઈ શકશો. પછી, શિક્ષક પોતે પણ થોડીક પ્રગતિ કરવા પ્રયત્ન કરશે. તો પ્રયત્ન કરી જોજો...પ્રયત્ન કરશો તો તમને ખબર પડશે.

અ : અમે આ વસ્તુનો અખતરો કરી જોયો છે, માતાજી.

જુઓ, આમાં એવું છે કે જેઓ અત્યંત સત્યનિષ્ઠ, સચ્ચાઈભર્યા અને – આને કંઈ રીતે કહેવું? — તેમની અભીપ્સામાં તદ્દન સીધા હોય છે, તેમને એક તદ્દન જીવંત, અને સક્રિય ચેતના....તેમની અભિમુખ નીરવતામાં પ્રત્યુત્તર વાળવા તૈયાર હોય છે. આ રીતે તમે છ વર્ષનું કામ છ માસમાં પૂરું કરી લઈ શકો છો, પણ એમાં....એમાં કોઈ જાતનો ડોળ ન હોવો જોઈએ, એમાં કોઈ વસ્તુની નકલખોરી ન હોવી જોઈએ, અને એમાં કાંઈ ઘમંડ પણ ન હોવો જોઈએ. એમાં ....તમારે સાચી રીતે તદ્દન પ્રમાણિકતાપૂર્વક, શુદ્ધ, સત્યનિષ્ઠ, સભાન બનીને.... ઊર્ધ્વમાંથી આવતી વસ્તુની પ્રતિકૃતિરૂપ બની રહેવું જોઈએ. અને ત્યારે... ત્યારે...ત્યારે તમે રાક્ષસી પગલે આગળ વધી શકો છો.

પરંતુ વસ્તુ રોજની, નિયમિત, કોઈ નિશ્ચિત સમયે કરવાની વસ્તુ ન બનાવી મૂકશો, કારણ કે એની પછી ઘરડ પડી જાય છે અને કંટાળો ઉપજાવે છે. એ વસ્તુ....અણધારી રીતે બનવી જોઈએ! અચાનક તમે કહો કે "આહ! ધારો કે આપણે આમ કરીએ તો...."તમે થોડાક આત્મસ્થ હો, થોડાક તૈયાર હો ત્યારે આ વસ્તુ રસદાયક બને છે.

તમે જે પ્રશ્ન પૂછો તે બને તેટલો બુદ્ધિપૂર્વકનો હોવો જોઈએ, કોઈ ચીલાચાલુ કે ધારણા ઉપર રચાયેલો પ્રશ્ન ન હોવો જોઈએ – ના, એ પ્રશ્ન જરાક જીવંત હોવો જોઈએ. તો એમાં મઝા પડે.

(મૌન)

જ્યારે આ રીતે તમે પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કરશો ત્યારે તમને જણાઈ આવશે કે તમારી પ્રકૃતિમાં — નિમ્ન પ્રકૃતિમાં, એટલે કે નિમ્ન મન, નિમ્ન પ્રાણ, ભૌતિક ચેતનામાં — કેટલો બધો ઘમંડ, આડંબર અને મહત્ત્વાકાંક્ષા છવાયેલાં છે...ગમે તે વસ્તુનો ઉપયોગ એ માટે કરો છો....મોટા દેખાવાથી ભાવનાનો તદ્દન, પાયામાંથી ત્યાગ થઈ જવો જોઈએ અને એ સ્થાને સત્યનિષ્ઠ અભીપ્સાની જ્યોતિ પ્રગટવી જોઈએ, અભીપ્સાની એવી શુદ્ધ જ્યોતિ જે આપણને કેવળ પરમ ચેતનાની આપણી પાસેની અપેક્ષા મુજબ જીવન જીવાડે, એ પોતે આપણી પાસે જે કરાવવાની અપેક્ષા રાખતી હોય તે જ વસ્તુ કરીએ. એની ઇચ્છા મુજબ, જ્યારે જે કરાવવાની અપેક્ષા રાખતી હોય તેમ કરીએ ત્યારે પછી વસ્તુસ્થિતિ બદલાઈ જાય છે.... આ વસ્તુ આપણા માર્ગમાં જરા દૂરની વસ્તુ છે, છતાં આપણે તે કરવા પ્રયત્ન કરવો જોઈએ, આપણા સમગ્ર સ્વરૂપને શુદ્ધ કરવાનો આવો પ્રયત્ન કરવો જોઈએ જે....

ત્યારે પછી શાળા, વિદ્યાર્થીઓ કે શિક્ષકો કંટાળાની વાત નહિ રહે ત્યારે....પછી જીવન જ પોતાનું પરિવર્તન માગશે. ત્યારે, આ આપણો આદર્શ અને મંતવ્ય છે.

તમારે બીજા કોઈ પ્રશ્નો પૂછવાના છે?

> અ : માતાજી, આપ શાળાના પ્રથમ દિવસ ૧૬મી ડિસેમ્બરના દિવસ માટે, બાળકો માટે કોઈ સંદેશ આપશો?

જો એ આવશે તો આપીશ.

'ઈ', મને પુષ્પો આપો, ત્યાં પેલાં લાલ પુષ્પોવાળી ફૂલદાની છે. ત્યાં, ત્યાં આ બે જણ માટે છે. ત્યાં.

('અ'ને) લો, આ તમારે માટે છે.

('બ'ને) અને આ તમારે માટે છે. તમારે...તમારે માટે આખું ભાવિ આગળ ખુલ્લું પડેલું છે. તમારે તમારી જૂની રીતે વિચારવાની ટેવના બંધનને તોડી નાખવું જોઈશે ...તમે આટલા બધા લાંબા સમયથી અહીં રહ્યા છો એનો પૂરતા પ્રમાણમાં લાભ ઉઠાવ્યો નથી, હજી તમે ઘણા અંશે અગાઉ જેવા છો.

એટલે હવે, તમારે એમ કરવું કે, બધી વસ્તુઓને ભાંગી નાખવી. કેવળ ઊર્ધ્વમાંથી આવતા પ્રકાશને આધારે જ જીવો. તમારી ચેતનાને મુક્ત કરો. આ વસ્તુ અગત્યની છે. તમે આવ્યા તે સારું કર્યું. તમે આમ તદ્દન તમારી જૂની ટેવોમાં બંધાયેલા છો અને....હજી કાંઈક વધારે છે, વારસાગત સંસ્કારોનો બોજો અને એવું બીજું બધું....સૌને માટે એવું હોય છે, પણ, અત્યારને માટે તો કેવળ....હું હજી પણ તમને મુક્ત કરી રહી છું. તમે હજી એવા ને એવા જ છો – એવા ને એવા, એવા ને એવા જ છો – તમારી જૂની આદતો – બહુ જૂની નહિ – શિક્ષણની જૂની ટેવો. એટલે એ બધાને....આમ કરીને ભાંગી નાખો ! જ્યારે તમે વર્ગમાં જાઓ ત્યારે દરરોજ, વર્ગમાં પેસતાં પહેલાં એક પ્રાર્થના કરજો, પરમ ચેતનાનું આરાધન કરજો, અને તેને વિનંતી કરજો કે આ સર્વ મસાલાને, જીવતા પદાર્થના મસાલાને તેના પ્રભાવ હેઠળ લઈ લે. ત્યાર પછી એ વસ્તુ જીવંત અને રસપ્રદ બનશે, તમે સમજ્યાને ? એમ છે.

આવજો.

અને હવે 'ડી'ને માટે એક ગુલાબ.

('ડી'ને) લો. હવે જુઓ, આ વસ્તુ વધુ સક્રિય છે. તમે એ જોઈ નહિ શકો પણ એ વસ્તુ વધુ સક્રિય છે.

પરંતુ સ્ત્રી, સ્ત્રીઓ, મૂળમાં તો કાર્યકારક શક્તિ હોય છે. એ વસ્તુ તમારે કદી ભૂલવી નહિ. અને તમારે જો પ્રેરણા પ્રાપ્ત કરવા માટે કોઈ પુરુષ-ચેતનાનો આધાર લેવો હોય તો લઈ શકો છો. પરમ ચેતના તો સૌથી વધુ, નિશ્ચિત હોત છે, છતાં, જો તમારે કોઈ સાંકળનારી વ્યક્તિ જોઈતી હોય....પરંતુ સક્રિય રૂપ આપવાને માટે તો તમારામાં જ એવી શક્તિ છે જે સર્વ વસ્તુઓને વિગતવાર અમલમાં લાવી શકે અને સુવ્યવસ્થિત કરી શકે. આ વસ્તુ હું પાર્લામેન્ટની સભ્યા સ્ત્રીઓમાં રેડું છું – તમે જાણો છો કે પાર્લામેન્ટમાં સ્ત્રી સભ્યો છે. અને હું તેમને આ વસ્તુ શીખવાડું છું. પુરુષોને આધીન કદી ન રહેશો. તમારામાં જ સક્રિય શક્તિ છે. આની અસર થશે જ.

('અ' અને 'બ'ને) ઓહ ! આ વસ્તુ તમને ઉતારી પાડવા માટે નથી.... (હસાહસ). પ્રેરણા આપે છે....અને તેને સક્રિય રૂપ આપવામાં આવે છે...બસ.

એટલે મેં તમને આપ્યું છે. તમને પણ આપ્યું છે...('ઈ'ને) તમે – તમને તે મેં કશું આપ્યું નથી. એ ત્યાં છે !

લો. અને આ 'સી'ને માટે છે.

બસ ત્યારે. આવજો મારાં બાળકો.

('અ'ને) અને તમારે જ્યારે જરૂર પડે ત્યારે મને લખજો. હું એમ નથી કહેતી કે હું તરત જ ઉત્તર આપીશ. પણ આથી જેમ (શ્રી માતાજી તેમનો હાથ કપાળ ઉપર મૂકે છે), હું તરત જ ઉત્તર આપું છું. તમારે એ પદ્ધતિ શીખી લેવી જોઈશે, ખરું ને ? એમ, (લખતાં) સમય લાગે છે. છતાં, મને માહિતગાર રાખવી એ સારું છે.

અ : હા, માતાજી.

આવજો.

૮ ફેબ્રુઆરી ૧૯૭૩

અ : અમે નવી પદ્ધતિ સ્થાપિત કરી શકીએ ત્યાં સુધી અમારી જાતને તૈયાર કરવાનો ઉત્તમ માર્ગ કયો ?

કુદરતી રીતે, એ માટે તમારે તમારી ચેતનાને વિશાળ કરવી પડશે – પરંતુ એ કઈ રીતે થાય ? તમારી પોતાની ચેતના....એને વિશાળ અને આલોકિત કરવાની છે. અને તમે બધાં જો તમારા ચૈત્ય સ્વરૂપને શોધી કાઢીને એની સાથે તાદાત્મ્ય કરી શકો તો બધા જ પ્રશ્નોનો ઉકેલ આવી જશે.

ચૈત્ય સ્વરૂપ એ મનુષ્યમાં પરમાત્માનો પ્રતિનિધિ છે. એમ છે, સમજ્યા – પ્રભુ પોતે કાંઈ દૂર અને અગોચર વસ્તુ નથી. પ્રભુ તમારામાં છે જ, પણ તમે એમના વિષે સંપૂર્ણપણે સભાન નથી. એના કરતાં તમારામાં...અત્યારે એ એક હાજરી કરતાં પ્રભાવના સ્વરૂપે વધારે કાર્ય કરે છે. એ હાજરી સભાન બનવી જોઈએ. હરેક ક્ષણે તમે તમારી જાતને પૂછી શકો કે શું....કઈ રીતે...પ્રભુ જુએ છે. એવું છે એ : પ્રથમ તો પ્રભુ એને કઈ રીતે જુએ છે, પછી પ્રભુ એના વિષે કઈ જાતનો સંકલ્પ કરે છે અને છેવટે પ્રભુ કઈ રીતે કાર્ય કરે છે. એમ થઈ શકે તે માટે તમારે કોઈ અગમ્ય ભૂમિકાઓમાં જવાની જરૂર નથી, એ બરાબર અહીં જ છે. ફક્ત એટલું જ કે, હાલ પૂરતું, આપણી બધી જૂની આદતો અને સામાન્ય ચેતના વડે એની ઉપર એક આવરણ આવી જાય છે જે તમને એને જોવા દેતાં નથી અને અનુભવવા દેતાં નથી. તમારે....તમારે એને આગળ ઊંચે લાવવી જોઈએ.

ખરી રીતે, તમારે એનાં સભાન કરણો બની રહેવું જોઈએ....સચેતન ...પ્રભુ વિષે સભાન.

સામાન્ય રીતે આમ થતાં આખી જિંદગી ચાલી જાય છે, કેટલાક લોકોને તો એ માટે અનેક જન્મો લેવા પડે છે. અહીં, અત્યારની પરિસ્થિતિમાં તમે એ વસ્તુ થોડાક મહિનાઓમાં સિદ્ધ કરી શકો છો.

(લાંબું મૌન)

તમને કંઈ અનુભવ થયો. તદ્દન સાચું કહો તમને કંઈ લાગણી અનુભવાયેલી કે પછી તમને કશો ફેર લાગેલો નહિ. સાચું કહો ? કેમ ? કોઈ જવાબ આપતું નથી. (માતાજી દરેક વ્યક્તિને પૂછે છે અને સૌ પોતપોતાનાં પ્રતિકાર્યો વિષે કહે છે).

બ : મધુર માતાજી, હું આપને પૂછી શકું કે કોઈ ખાસ વસ્તુનું અવતરણ થયેલું ?

કોઈ અવતરણ નથી થયેલું. એ એક બીજો મોટો ખ્યાલ છે : કશાનું અવતરણ થયું નથી. આ તો એક એવી વસ્તુ છે જે હંમેશાં અહીં હાજર છે અને જેને તમે અનુભવતા નથી.

ચોથું પરિમાણ શું એ તમે જાણો છો ? એ શું છે તેની તમને ખબર છે ?

બ : અમે એના વિશે સાંભળ્યું છે...

તમને એનો અનુભવ છે ?

બ : મધુર માતાજી, ના.

આહ ! પરંતુ આધુનિક વિજ્ઞાનનો એ ઉત્તમ પ્રકારનો અભિગમ છે. ચતુર્થ પરિમાણ. આપણે માટે પ્રભુ પોતે ચતુર્થ પરિમાણમાં છે....ચતુર્થ પરિમાણની અંદર. એ હંમેશાં સર્વ સ્થળે હાજર હોય છે. એ આવતું કે જતું નથી. એ હંમેશાં સર્વ સ્થળે હાજર હોય છે. કેવળ આપણી મૂર્ખતાને કારણે આપણે એનો અનુભવ થતો અટકાવીએ છીએ. જતા રહેવાની લેશમાત્ર જરૂર નથી, લેશમાત્ર નહિ, જરા પણ નહિ, બિલકુલ નહિ.

ચૈત્ય સ્વરૂપ વિષે સભાન થવા માટે તમારે ચતુર્થ પરિમાણ વિષે એક વાર સભાન થવું જોઈએ, નહિ તો એ શું છે તે તમે જાણી નહિ શકો.

મારા પ્રભુ ! સિત્તેર વર્ષથી હું જાણું છું – સિત્તેરથી વધુ વર્ષોથી જાણું છું કે ચતુર્થ પરિમાણ એ શું વસ્તુ છે !

(મૌન)

અનિવાર્ય, અનિવાર્ય ! જીવનની શરૂઆત તેની સાથે થાય છે. નહિ તો પછી આપણે અસત્ય, ગોટાળા અને ગૂંચવણમાં અને અંધકારમાં પડયા રહીએ છીએ. મન, મન, મન, મન ! નહિ તો તમારે તમારી ચેતના વિષે સભાન થવા માટે એને મનોમયરૂપ આપવું પડે છે. એ તો ભયંકર, ભયંકર છે ! બસ.

અ : માતાજી, નવું જીવન એ જૂના જીવનનો તંતુ ચાલુ રાખતું નથી, નહિ ? એ ભીતરમાંથી બહાર આવે છે.

હા, હા.....

અ : એ બેમાં કશું સામાન્ય નથી હોતું....

છે, છે, પણ તમે એના વિષે સભાન નથી. પણ તમારે થવું જોઈએ, થવું જોઈએ....તમારું મન તમને એનો અનુભવ થવા દેતું નથી. તમારે....તમે સર્વ વસ્તુઓને મનોમય આકાર આપો છો, સર્વ વસ્તુઓને,...વસ્તુઓ વિષે વિચાર કરવો એને તમે ચેતના કહો છો, એને તમે ચેતના કહો છો : વસ્તુઓ વિષેના વિચારને. પણ એ તો કોઈ પણ અંશે ચેતના નથી. ચેતના તો સંપૂર્ણ-પણે સ્વચ્છ પ્રવાહી જેવી અને "શબ્દો વિનાની" હોવાનું શકય બનવું જોઈએ.

(મૌન)

ત્યાં, દરેક વસ્તુ પ્રકાશિત અને ઉષ્માભરી બને છે,...બળવાન ! અને શાંતિ, સાચી શાંતિ, જે કોઈ જડતા કે અચલતા નથી.

અ : માતાજી, આ વસ્તુ અમે બાળકોને એક ધ્યેય તરીકે આપી શકીએ ?

બધાને...નહિ. શારીરિક રીતે સરખી ઉંમર હોવા છતાં એ સૌની ઉંમર એક સરખી હોતી નથી. કેટલાંક બાળકો એવાં છે....જે તદ્દન પ્રાથમિક અવસ્થામાં છે. જો તમે તમારા ચૈત્ય સ્વરૂપ વિષે સભાન હશો તો તમને ખબર પડશે જ કે કયાં બાળકોમાં ચૈત્ય સ્વરૂપનો વિકાસ થયેલો છે. કેટલાંક બાળકોમાં, ચૈત્ય સ્વરૂપ હજી ગર્ભાવસ્થામાં છે. ચૈત્ય સ્વરૂપની ઉંમર એકસરખી નથી, લેશમાત્ર નહિ, સામાન્ય રીતે ચૈત્ય સ્વરૂપ પોતાનું ઘડતર કરવા માટે અનેક જન્મો લે છે, અને એ જ, એક દેહમાંથી બીજા દેહમાં જાય છે અને જેથી આપણને

આપણા ભૂતકાળના જન્મોનું જ્ઞાન નથી : કારણ કે આપણે આપણા ચૈત્ય સ્વરૂપ વિષે સભાન નથી. પરંતુ કેટલીક વાર કોઈક ક્ષણે ચૈત્ય સ્વરૂપ કોઈ ઘટનામાં ભાગ લે છે; સભાન બને છે, અને એ વસ્તુ સ્મરણમાં રહે છે. આપણને કેટલીક વાર....કેટલીક વાર થોડું ઘણું યાદ આવે છે, કોઈ સંજોગો કે ઘટના, કે વિચાર કે પછી કોઈ કાર્ય–કારણ કે ચૈત્ય સ્વરૂપ સભાન હતું.

તમે એ વસ્તુ કેવી છે એ જુઓ છો, હું હવે સો વર્ષની નજીક પહોંચતી જાઉં છું. હવે પાંચ જ વર્ષ બાકી છે. મેં મારા સ્વરૂપ વિષે સભાન બનવાનો પ્રયત્ન પાંચ વર્ષની ઉંમરે કરેલો, બેટા. આ તમને જાણવા માટે કહું છું.... અને હું આગળ ચાલી જાઉં છું, એ પણ ચાલ્યો જાય છે. કેવળ.... અલબત્ત, હું એવા બિંદુએ પહોંચી છું જ્યારે હું શરીરના કોષાણુઓ માટે કાર્ય કરું છું, પણ એ કાર્યની શરૂઆત લાંબા સમય અગાઉ કરેલી.

આ વસ્તુ તમને નિરુત્સાહ કરવા માટે નથી...એ ફક્ત તમને એ બતાવવા માટે છે કે એ વસ્તુ કંઈ આપોઆપ બની જતી નથી!

શરીર....શરીર હજી પણ એવા પદાર્થનું બનેલું છે જે ઘણો ભારે છે, અને અતિમાનસનો આવિર્ભાવ થવા માટે એ પદાર્થે પોતે પોતાનું રૂપાંતર કરવું જોઈએ.

બસ ત્યારે.

૧૪ ફેબ્રુઆરી ૧૯૭૩

[બાળકો સાથે કરવાના કામની વ્યવસ્થા સંબંધે એક પ્રશ્ન કરવામાં આવેલો ત્યારે શ્રી માતાજીએ નીચે જણાવ્યા પ્રમાણે જણાવેલું :]

પરંતુ આમાં મુશ્કેલી એક જ વસ્તુની છે. માબાપો. જ્યારે બાળકો માબાપ સાથે રહેતાં હોય છે ત્યારે મને એ નિરર્થક લાગે છે, કારણ કે માબાપો તો તેઓ જેમ ભણેલાં તેમ તેમનાં બાળકો ભણે, સારી નોકરી લે, પૈસા કમાય એવી અપેક્ષાઓ રાખે છે – આ બધું આપણી અભીપ્સાની વિરુદ્ધનું છે.

જે બાળકો તેમનાં માબાપ સાથે રહે છે તેમનું શું કરવું... ખરેખર મને સમજ નથી પડતી. બાળકો ઉપર તેમનાં માબાપોની એટલી બધી અસર હોય છે કે છેવટે તેઓ બીજી કોઈ સ્થળની શાળામાં જવા માગણી કરે છે.

સૌ મુશ્કેલીઓમાં એ મોટી છે – સૌમાંથી – અને એ છે માબાપની અસર. અને આપણે જો માબાપની અસર નાબૂદ કરવા પ્રયત્ન કરીએ તો એ માબાપો આપણી વિરુદ્ધ જશે અને એ તો પહેલાં કરતાં પણ ખરાબ, કારણ કે એ લોકો આપણે માટે ખોટી વાતો કરશે. બસ.

મારો અનુભવ એ જાતનો છે. સોમાંથી નવ્વાણું બાળકો આડે રસ્તે ગયાનું કારણ તેમનાં માબાપ હોય છે.

આ વસ્તુ મને અનિવાર્ય લાગે છે. આપણે એક પરિપત્ર કાઢવો જોઈએ કે "જે માબાપોની ઇચ્છા તેમનાં બાળકોને સામાન્ય રીતનું શિક્ષણ આપવાની, સારી નોકરી મેળવતાં શીખવવાની, તેમની આજીવિકા રળવાનું શીખવવાની, તેમની કારકિર્દી ઝળકતી થાય તેવું શીખવવાની હોય, તેમણે તેમનાં બાળકોને અહીં મોકલવાં નહિ." બસ.

આપણે એમ કરવું જોઈએ....એ અગત્યનું છે....જુઓ, વાત એમ છે કે ઘણાં માબાપો તેમનાં બાળકોને અહીં મોકલે છે તેનું કારણ એ છે કે અહીંનો

ખર્ચ ઓછો આવે છે. અને એ તો સૌથી ખરાબ, ખરાબ વસ્તુ છે. આપણે... આપણે.... આપણે તેમને ચોખ્ખેચોખ્ખું કહી દેવું જોઈએ કે "જો તમારે તમારાં બાળકોને ઉજ્જવળ કારકિર્દી માટે અને પૈસા રળતાં શીખવા માટે મોકલવાં હોય તો અહીં ન મોકલશો." બસ.

> અ : માતાજી, આપ કહો છો તે પ્રમાણેનો પરિપત્ર લખીને તેનો મુસદ્દો આપને વાંચી સંભળાવીશ. હું, 'બ' અને બીજા મળીને એ કરીશું.

ઘણાં બાળકો બહુ સારું કામ કરતાં હતાં અને ઘણાં સુખી હતાં. રજાઓમાં તેઓ તેમનાં માબાપ પાસે ગયાં અને તદ્દન બદલાઈ જઈ, બગડી જઈને પાછાં આવ્યાં. અને જો આપણે એમને એ વસ્તુ કહીશું તો એમનાં માબાપ તેમને કહેશે, "અરે, આ લોકો ખરાબ છે, એ લોકો તમને માબાપની સામે થવાનું શીખવાડે છે." એટલે એવું થવું જોઈએ કે....માબાપને તેમનાં બાળકોને મોકલે તે પહેલાં તેમને ખ્યાલ રહેવો જોઈએ.

મારો આ પ્રકારનો અનુભવ, ઘણાં, ઘણાં, ઘણા, ઘણાં, વર્ષોથી છે ! ભય બાળકોનો નથી, એમનામાં આળસ નથી, એવું પણ નથી કે બાળકો સામાં થાય છે : ભય, મહાન ભય તો માબાપો તરફથી છે.

જેઓ તેમનાં બાળકોને અહીં મોકલે તેમણે વસ્તુસ્થિતિ સમજીને મોકલવાં જોઈએ. તેમણે જાણવું જોઈએ કે અહીંની પદ્ધતિ અન્ય સ્થળો જેવી નથી અને ઘણાં નહિ આવે....અને જેઓ આવે છે તે ઓછા ખર્ચને કારણે આવે છે, ભલે, તેઓ મોકલવાનું બંધ કરે.

[જ્યારે શિક્ષક વિદાય લેવાની તૈયારી
કરતા હતા ત્યારે શ્રી માતાજીએ કહ્યું :]

મારી એવી ઇચ્છા છે....કે લોકો તેમનાં બાળકોને મોકલે તે પહેલાં આપણું વલણ તેઓ જાણી લે, કારણ કે એ પરિસ્થિતિ દયાપાત્ર છે કે બાળકો ખુશ છે પણ માબાપો નથી. અને એમાંથી કેટલીક વિચિત્ર અને કેટલીક વાર ભયંકર પરિસ્થિતિ સર્જાય છે. આ વસ્તુ ખૂબ ખૂબ અગત્યની છે !

૧૮ ફેબ્રુઆરી ૧૯૭૩

અ : આજે હું આપને 'ક્ષ'નો એક પત્ર વાંચી સંભળાવું છું. એણે આ પત્ર એના વર્ગ સંબંધે આપેલો છે. આપ જાણો છો કે આ વર્ષે એણે નાનાં બાળકો સાથે કામ કરવાનું શરૂ કર્યું છે.

ઓહ !

અ : એટલે એ આમ લખે છે, "આપણે એવું ઇચ્છીએ છીએ કે બાળક પોતાને સર્વાંગી વિકાસ સાધી શકે અને સૌથી વધુ તો આપણે એમ ઇચ્છીએ છીએ કે એ માટે તેનામાં તેની ઇચ્છા આપોઆપ જાગ્રત થાય." (પછી પત્રમાં બાળકો માટે સૂચવેલી રમતો, એમને માટે તૈયાર કરેલી સામગ્રી, અને જુદાં જુદાં ગ્રૂપોની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ છે. આગળ લખ્યું છે :) "પરંતુ જ્યારે બાળકોને તદ્દન સ્વતંત્રતા આપવામાં આવે છે ત્યારે એમનામાંની બધા પ્રકારની પ્રવૃત્તિઓ આગળ આવે છે અને એમાંથી મુશ્કેલીઓ સર્જાય છે, ખાસ કરીને એ લોકો જે જાતની ક્રિયાઓ કરે છે અને ધોંધાટ કરે છે તેમાં. થોડા દિવસ અગાઉ એ લોકોએ એમના મિકેનોમાં તલવાર અને પિસ્તોલો બનાવેલી."

ઓહ !

અ : (આગળ વાંચે છે :) "અમે તેઓ ભજવી શકે તેવું એક નાટક તૈયાર કરેલું અને આશા રાખેલી કે આ બધું થોડા વખત પછી શાંત પડી જશે. પણ અમારે આ હિંસકવૃત્તિ, યુદ્ધ કરવા પ્રત્યેનો અભિગમ – અરે ડિટેક્ટિવ નવકથાઓ વિષે શું કરવું ?"

તમારી પાસે લખવાનું કંઈ છે ?

અ : હા.

જ્યાં સુધી મનુષ્યમાં અહંકાર અને કામના આગળ પડતાં છે ત્યાં સુધી હિંસાની જરૂરિયાત રહેવાની....બરાબર છે ને?

અ : હા, માતાજી.

પરંતુ હિંસાનો ઉપયોગ ફક્ત તમારા ઉપર કોઈ હુમલો થાય ત્યારે કેવળ આત્મરક્ષણ માટે કરવો. આપણે જે આદર્શ સિદ્ધ કરવા ઇચ્છીએ છીએ અને જેની પ્રત્યે માનવજાતિ આગળ વધી રહી છે તે એ છે કે માનવજાતિમાં સમજદારી સ્થપાય અને સર્વસાધારણ સામંજસ્યમાં કોઈની જરૂરિયાતો સંતોષાય એ વસ્તુ લક્ષમાં રહે.

અ : હા, માતાજી.

ભવિષ્યમાં હિંસાની જરૂર નહિ રહે; કારણ કે સૌની ઉપર પ્રભુનું સામ્રાજ્ય સ્થપાશે અને એમની ચેતનામાં સર્વ વસ્તુઓનું સામંજસ્ય સ્થપાઈ દરેક વસ્તુ પરિપૂર્ણતાને પામશે.

અ : હા, આપે જે કહ્યું તે હું વાંચી બતાવું છું માતાજી, ('અ' એ નોંધ વાંચે છે).

આ બરાબર છે ને?

અ : હા, માતાજી, તદ્દન બરાબર.

એટલે, એક સામાન્ય રીત તરીકે, જ્યારે વસ્તુસ્થિતિ આ પ્રકારની ઊભી થાય, જ્યારે બાળકો આ પ્રકારની પ્રવૃત્તિ કરતાં હોય ત્યારે શું કરવું તે બાબતમાં 'ક્ષ'એ પૂછેલું છે કે "અમારે એમાં હસ્તક્ષેપ કરવો કે આખી પ્રવૃત્તિ એની મેળે શમી જાય કે અદૃશ્ય થઈ જાય તેની રાહ જોવી?"

તમારે બાળકોને જાણે અમસ્તા પૂછતા હો તેમ પૂછવું, "ઓહ! તમારે દુશ્મનો છે? એ દુશ્મનો કોણ છે?"....તમારે એમ કહેવું....એમને થોડાં વાતે વળગાડવાં....એ લોકો એ વસ્તુ જોઈ શકે છે કે....લશ્કરમાં એક બળ અને સૌન્દર્ય હોય છે જેનો બાળકો બહુ તીવ્રપણે અનુભવ કરે છે. પણ એ વસ્તુ જળવાઈ રહેવી જોઈએ. ફક્ત લશ્કરનો ઉપયોગ હુમલો કરીને કબજો જમાવવા નહિ પણ સંરક્ષણ માટે કરવો જોઈએ અને....

અ : રક્ષણ કરવા.

...અને રક્ષણ કરવા બરાબર છે.

પ્રથમ તો એ (શિક્ષકે) સમજવું જોઈએ. હાલની ક્ષણે આપણે એવી સ્થિતિમાં છીએ કે હથિયારોની હજી જરૂર રહે છે. આપણે એ વસ્તુ સમજી લેવી જોઈએ કે આ એક પ્રવાહી સ્થિતિ છે, છેવટની નહિ અને આપણે એ છેવટની સ્થિતિ પ્રત્યે ગતિ કરવાની છે.

શાંતિ — શાંતિ, સંવાદ — ચેતનાનાં આ સ્વાભાવિક પરિણામો હોવાં જોઈએ.

> અ : અને માટે જ એનો બીજો પ્રશ્ન છે, માતાજી. એ કહે છે – હું આપને યાદ આપું કે એના હસ્તકનાં બાળકો આઠથી દસ વર્ષનાં છે – એ કહે છે કે, "જ્યારે આ એક એવી ઉંમર છે કે જ્યારે મનોમય અભિગમની માંડણી થવાની શરૂઆત થયેલું ઘણાં બાળકોમાં દેખાય છે, ત્યારે અમે આ મનોમય પ્રવૃત્તિનો કઈ રીતે ઉપયોગ કરીને એને એવી રીતે સમૃદ્ધ બનાવીએ કે જેથી તેમની આંતરિક સ્વાભાવિકતાને આંચ ન આવે?"

એનો ઘણો આધાર દરેક કેસ, અને બાળક ઉપર રહે છે!

જુઓ, ભારત વિષે આ અહિંસાનો ખ્યાલ છે – જેમાં સ્થૂલ હિંસાનું સ્થાન સૂક્ષ્મ હિંસાએ લીધું છે – પણ એ તો એથી પણ ખરાબ છે!

તમારે એમને આમ સમજાવવું.... તમારે બાળકોને એમ સમજાવવું કે સ્થૂલ હિંસાને બદલે સૂક્ષ્મ હિંસા આચરવી એ કંઈ સારી વસ્તુ નથી.

એ ટ્રેન સામે સૂઈ જઈને તેને પસાર થતી અટકાવવામાં જે સૂક્ષ્મ હિંસા રહેલી છે તે એવા બધા ક્ષોભ ઉપજાવે છે કે જે સૂક્ષ્મ હિંસા કરતાં વધુ ખરાબ હોય છે. તમે...મને સાંભળો છો ને?

પણ એનો આધાર બાળક અને કેસ ઉપર રહે છે. તમારે એમને કોઈ નામ ન આપવાં, એમ ન કહેવું કે અમુક અમુકે આમ કહેલું. આપણે તેમને વિચારો અને પ્રતિકાર્યોની સમજ આપવી.

તમારે સમજાવવું...એ એક સારો દાખલો છે: તમે એક ટ્રેન આગળ સૂઈ જઈને તેને અટકાવો એ એક મોટી હિંસા છે....એની ઉપર શસ્ત્રો વડે

હુમલો કરો તેથી પણ વધુ ખરાબ. તે તમે સમજો છો ને, આવી ઘણી ઘણી વસ્તુઓ પ્રસંગ પ્રમાણે કહી શકાય છે.

મેં પોતે પણ પટ્ટાબાજીને ખૂબ ઉત્તેજન આપેલું કારણ કે એને લઈને એક પ્રકારની કુશળતા, અને હિંસામાં પોતાની ક્રિયાઓ અને અનુશાસન ઉપર ભારે કાબૂ આવે છે. એક વાર મેં પોતે પટ્ટાબાજીને ખૂબ ઉત્તેજન આપેલું અને ગોળીબાર કરતાં પણ શીખેલી. હું પિસ્તોલ વડે અને રાઈફલ વડે પણ ગોળીબાર કરતી કારણ કે એને લઈને તમારામાં સ્થિરતા, કુશળતા અને પાકું નિશાન લેવાની અદ્‌ભુત શક્તિ આવે છે અને એનાથી તમને ભય ઊપજે તેવી પરિસ્થિતિમાં પણ અવિચલ રહેતાં આવડે છે. મને સમજાતું નથી કે કેમ આ બધી વસ્તુઓ... આપણે નરાધાર અહિંસક બની જવું ન જોઈએ — એને લઈને તો આપણું પોત પાતળું પડી જાય છે.

જો એ બાળકોને જુએ છે... શું હતું ? એ લોકો તરવાર બનાવતાં હતાં ?

અ : હા, માતાજી, એ લોકો મિકેનોમાંથી તરવાર બનાવતાં હતાં.

એ શિક્ષકે એ પ્રસંગે એમ કહેવાની તક ઝડપી લેવી જોઈએ કે, "ઓહ, તમારે પટ્ટાબાજી શીખવી જોઈએ !"

અને પિસ્તોલ પણ ?

અ : હા, માતાજી.

અને તેમને કહો.... ગોળીબાર કરતાં શીખો.... એને એક કલા બનાવો, એને એક કલા અને શાંતિ અને આત્મસંયમપૂર્વકની કુશળતાની તાલીમ તરીકે અપનાવો. કોઈએ કદી...કદી ઊહાપોહ ઊભો ન કરવો જોઈએ...એ જરા પણ ચાલશે નહિ, જરા પણ નહિ, લેશ માત્ર નહિ. હું એ વસ્તુના પક્ષમાં નથી. આત્મરક્ષણની પદ્ધતિઓ ઉપર પ્રભુત્વ મેળવવું જોઈએ અને એની પ્રેક્ટિસ કરવી જોઈએ.

[આ ક્ષણે 'અ'એ ઉત્તર ફ્રાન્સના ફ્રેન્ડર્સમાં તીરંદાજી કરવામાં આવે છે તેનો ઉલ્લેખ કરેલો પણ બરાબર સ્પષ્ટતા ન કરવાને કારણે શ્રી માતાજી એમ સમજેલાં કે એ રમવાનાં તીર-કામઠાંની વાત કરે છે.]

એ લોકો પક્ષીઓને મારવા માંડશે..

અ : પરંતુ માતાજી, આપણી પાસે અહીં તીરંદાજી માટેની સગવડ નથી અને એથી એ બાબતમાં મુશ્કેલી છે.

એ લોકો વસ્તુઓને બગાડશે. હું બહુ....અલબત્ત જો...પરંતુ એ લોકોએ બરાબર સમજી લેવું જોઈએ કે એ વસ્તુ આત્મ-રક્ષણ માટે છે, બીજા કશા માટે નહિ.

ના. આમાંથી અકસ્માતો સર્જાય મને લાગતું કે આ વસ્તુ ડહાપણ ભરેલી છે. જો એ લોકો રસ બનાવે તો તમે એમને પટાબાજી અને શુટિંગ શીખવાડજો, એટલે કે એમ, જે વસ્તુ હું 'ક્ષ'ને લખું છું.... જો એ કોઈ બાળકને એમ કરતાં જુએ તો એણે... (શ્રી માતાજી જાણે કોઈ જુગુપ્સાજનક વસ્તુ સામે હોય તેમ હાથ ઊંચા કરે છે), એણે તેમને કહેવું જોઈએ. એને તેમને સમજાવતાં આવડવું જોઈએ કે, "આ વસ્તુ તમને તમારા સ્નાયુઓ ઉપર કાબૂ આપે છે, એ તમને કઠણ, શાંત અને આત્મસંયમવાળા બનવાની ફરજ પાડે છે." એથી ઊલટું આનાથી એમને એક સરસ પાઠ શીખવાડવાની તક મળે છે. પણ પ્રથમ તો તમારે સમજવું જોઈએ અને પછી તેમને સમજાવતાં આવડવું જોઈએ....તેમને સમજાવવું જોઈએ કે સૂક્ષ્મ અને સ્થૂલ હિંસા એકસરખાં ખરાબ છે. સૂક્ષ્મ અહિંસા વધુ ખરાબ પણ હોઈ શકે. એટલે કે સ્થૂલ હિંસા, કંઈ નહિ તો તમને મજબૂત, આત્મસંયમવાન બનાવે છે જ્યારે સૂક્ષ્મ હિંસા... તમે આવા બની રહી શકો (શ્રી માતાજી, દેખીતી શાંતિનો અભિનય કરે છે) અને છતાં તમારામાં ભયંકર સૂક્ષ્મ રીતની હિંસાખોરી હોઈ શકે છે.

૨૪ ફેબ્રુઆરી ૧૯૭૩

અ : આજે સાંજે આપની પાસે હું 'ક્ષ'નો એક પત્ર વાંચું છું જે, આપે આ અગાઉના તેની ઉપરના પત્રમાં તેના પ્રશ્નના ઉત્તર રૂપે કહેલું તેને અનુલક્ષીને છે. "...અમે જોયું છે કે ઘણાં બાળકોમાં ભૌતિક ચેતનાને અનુસરતી અત્યંત બળવાન પ્રાણમય પ્રવૃત્તિ હોય છે. બીજાં કેટલાંકને માટે એ કેવળ રમત માત્ર હોય છે. એક છોકરો એવો પણ છે કે વરંડા ઉપર માર્ચ કરે છે અને કહે છે કે એ 'શ્રી માતાજીના લશ્કરમાં' એક સૈનિક થવાનો છે. આવા જુદા જુદા કેસો અંગે આપ કંઈ ચોક્કસ નિર્દેશ કરવા માગો છો ?"

શેની કૂચ કરે છે ?

અ : એ વરંડામાં માર્ચ કરે છે.

છેડા ઉપર તો નહિ ને ?

અ : ના. ના. પછી એ 'એબાઉટ-ટર્ન' કરે છે, એ 'એટેન્શન'ની અદામાં ઊભો રહે છે અને કહે છે, 'હું શ્રી માતાજીના લશ્કરમાં સૈનિક બનવાનો છું'.

એ તો ઘણું સારું.

અ : આગળ વાંચું, માતાજી ?

હા, હા.

અ : "સૂક્ષ્મ હિંસાની બાબતમાં હું સમજી શકતી નથી કે પ્રકૃતિનાં કયાં તત્ત્વો એનાં નિર્દેશક ગણાય. ઉ. ત. કેટલાંક બાળકો રીસાય છે, જે કોઈ એના તરંગોને અટકાવે છે તેની સામે સામો થાય છે, એને કહેવાય ? પ્રકૃતિઓની બાબતમાં શું કરવું યોગ્ય ગણાય કે જેથી અંતે તેમનું રૂપાંતર થઈ શકે ?"

મને લાગે છે કે બાળકોની આવી નાની નાની પ્રવૃત્તિઓને બહુ અગત્ય ન આપવી – એમ કરવાથી તો એમને ઉત્તેજન મળે છે – તમારે એ તરફ ધ્યાન ન આપવું, એવું ન જણાવા દેવું કે તમે એને અગત્ય આપો છો. એ વસ્તુનો નિકાલ કરવાનો સૌથી ઉત્તમ માર્ગ, એને અગત્ય આપવા કરતાં ધ્યાન ન આપવું તે છે. આવી બધી પોતાની જાતને અગત્ય આપવાની બાળકોની નાની નાની પ્રવૃત્તિઓ પ્રત્યે તમારે દુર્લક્ષ કરવું. તમે ધ્યાન આપો છો એવું ન જણાવો – એટલા માત્રથી, એમને મળતો માનસિક ટેકો ચાલ્યો જાય છે. જો કોઈ બાળક રીસાય તો બિલકુલ ધ્યાન ન આપો. આને લઈને રીસાવાની ટેવનો ટેકો તૂટી પડે છે. સમજ્યાને ?

અ : હા માતાજી.

બાળકોની આવી બધા નાની નાની પ્રવૃત્તિઓને તમારે કશી અગત્ય આપવી નહિ.... સૌ કરતાં વધુ તો અગત્ય જ ન આપવી....

અ : કારણ કે જો તેમના લક્ષમાં આવે છે કે તમે અગત્ય આપો છો તો એમને ફરી વાર એમ કરવાની લાલચ થાય છે.

ખરી વાત છે !

બાળકોમાં પોતા પ્રત્યે ધ્યાન ખેંચવાની સાહજિક વૃત્તિ હોય છે. પેલો અગાસી ઉપર પોતે સૈનિક હોવાનો દેખાવ કરતો છોકરો....અને એના જેવી વસ્તુઓ. એમને એમ કરવા દેવું, કશી અગત્ય આપવી નહિ. એમને ધમકાવશો નહિ, ખાસ કરીને, ધમકાવશો તો નહિ જ, ફક્ત ધ્યાન ન આપવું.

બાળકો નિર્બળ પ્રાણીઓ હોય છે એટલે પોતે વિચિત્ર દેખાઈને પોતાની પ્રત્યે ધ્યાન ખેંચી શકશે તેમ ધારે છે. એમને એ ખ્યાલ આવવો જોઈએ કે એ યુક્તિ કામ લાગતી નથી.

અ : અને અમારે એમને ધમકાવવાં નહિ, ખરું ?

ઓહ, ખાસ કરીને એમ તો ન કરશો. એમને ધમકાવશો તો નહિ જ, એ ખાસ અગત્યનું છે. એવું કરો તો શિક્ષકો પણ બાળકો જેટલા જ ખરાબ બને છે. જ્યારે શિક્ષક ધમકાવે છે ત્યારે એનાથી એવી છાપ ઊઠે છે કે એણે

પોતાના મગજનો કાબૂ ગુમાવ્યો છે. એનો અર્થ એ કે એ વિદ્યાર્થીના સ્તર ઉપર આવી ગયો છે. તમારે હંમેશાં હસતાં રહેતાં...હંમેશાં ..શીખવું જોઈએ.

અ : એ ઘણું અગત્યનું છે.

ઘણું, ઘણું, ઘણું અગત્યનું.

['બ' શ્રી અરવિંદે લખેલા, 'પૃથ્વી ઉપર અતિમાનસ આવિર્ભાવ માંથી વાંચે છે :]

"અતિમનસ એ તેના મૂળમાં એક ઋત ચેતના છે. એ ચેતના સર્વદા અજ્ઞાનથી પર હોય છે. અજ્ઞાન એ આપણા હાલના પ્રાકૃતિક થવા ઉત્ક્રાંતિગામી અસ્તિત્વનો પાયો છે. આપણામાં રહેલી પ્રકૃતિ એમાંથી આત્મજ્ઞાન અને દૈશ્વિક જ્ઞાન અને સાચી ચેતના અને વિશ્વમાંના આપણા અસ્તિત્વનો સાચો ઉપયોગ શો એ જાણવા પ્રયત્ન કરે છે. અતિમનસ પોતે ઋત ચેતના હોવાથી, એની અંદર આ પ્રકારનું જ્ઞાન અંતર્હિત હોય છે અને તેના સત્ય અસ્તિત્વની શક્તિ હોય છે. એનો માર્ગ સીધો હોય છે અને તે પોતાનાં લક્ષ્ય પ્રત્યે સીધે-સીધી ગતિ કરે છે. એનું ક્ષેત્ર વિશાળ હોય છે અને તેને અમર્યાદિત પણ બનાવી શકે છે. આનું કારક એ છે કે એની પ્રકૃતિ જ જ્ઞાનની છે અને એની અંદર જ્ઞાન, સ્વાભાવિકપણે રહેલું હોય છે : એટલે એને માટે જ્ઞાન પ્રાપ્ત કરવાપણું હોતું નથી. એ જ્યારે પગલાં માંડે છે ત્યારે અચિત્ કે અજ્ઞાનમાંથી કોઈ અર્ધપ્રકાશ પ્રત્યે નહિ, પણ સત્યમાંથી મહત્તર સત્ય પ્રત્યે; સાચા સંવેદનમાંથી વધુ ગહન સંવેદન પ્રત્યે, અંતઃપ્રજ્ઞામાંથી અંતઃપ્રજ્ઞામાં, પ્રકાશમાંથી વધુ અમર્યાદ અને નિતાંત જાજ્વલ્યતા પ્રત્યે, વિસ્તરતી વિશાળતામાંથી તદ્દન અમર્યાદ વિસ્તાર પ્રત્યે અને અનંતતા પ્રત્યે ગતિ કરે છે. એનાં ઊર્ધ્વ શિખરો ઉપર એ દિવ્ય સર્વજ્ઞતા અને સર્વ શક્તિમત્તા ધારણા કરે છે. છતાં જ્યારે એ ઉત્ક્રાંતિમય ગતિમાં પોતાનો ક્રમિક રીતનો આવિર્ભાવ કરે છે, જેને પરિણામે, અંતમાં તેની ઊર્ધ્વતમ શિવરાવલીઓ પ્રગટ થાય, ત્યારે પણ, સ્વાભાવિક રીતે જ એ

અજ્ઞાન અને ભૂલના બંધનથી સ્વતંત્ર હોય છે: એ સત્ય-માંથી પ્રકાશ પ્રત્યે ગતિ કરે છે અને હંમેશાં સત્ય અને પ્રકાશમાં વસે છે. એનું જ્ઞાન સત્ય છે એટલે એનો સંકલ્પ પણ હંમેશાં સત્ય હોય છે. એ વસ્તુઓ સાથે કામ કરતાં, ફાંફાં મારતું નથી અને એનાં પગલાં લડખડાતાં નથી. અતિ-મનસમાં લાગણી અને ઊર્મિ તેમના સત્યથી અળગાં પડતાં નથી, કોઈ ભૂલચૂક કરતાં નથી, સત્ય અને ખરી વસ્તુથી આડે ફંટાતાં નથી, સૌંદર્ય અને આનંદનો દુરુપયોગ કરતાં નથી અને દિવ્ય ઉમદાપણામાંથી ચલિત થતાં નથી. અતિમનસમાં જ્ઞાનશક્તિ કોઇ ગેરમાર્ગે કે આડે માર્ગે દોરીને સ્થૂલતામાં સરી પડતી નથી. અહીં તો એ જ્ઞાન-શક્તિ (ઇંદ્રિયો) સ્વાભાવિક રીતે અપૂર્ણ હોય છે અને આપણા અજ્ઞાનને કારણ એ નિંદનીય, અવિશ્વસનીય અને દુરુપયોક્ષમ બની રહી હોય છે. જ્યારે અતિમનસ કોઈ અધૂરું વિધાન કરે છે ત્યારે પણ એ પૂર્ણ સત્ય પ્રત્યે ગતિ કરતું વિધાન હોય છે, એનું અપૂર્ણ કાર્ય પણ પૂર્ણતા પ્રત્યે ગતિમાન હોય. આપણા જીવનમાં જે અસત્યો અને અનિર્ણયો આવી રહેલાં છે તેનાથી અલગ રીતે સ્વાભાવિક રીતે જ અતિમનસનું જીવન, કાર્ય અને દોર-વણી, સુરક્ષિત હોય છે. એ તદ્દન સલામત રીતે પોતાના પૂર્ણતાના કાર્યમાં આગળ વધે છે. એક વાર જો આ ઋત ચેતનાનો પાયો અહીં દૃઢપણે સ્થપાઈ જાય તો, દિવ્ય જીવનની ઉત્ક્રાંતિનું કાર્ય સુપ્રપૂર્ણ પ્રગતિ અને પ્રકાશમાંથી આનંદ પ્રત્યેની આગેકૂચ હશે. *

આ ખૂબ, ખૂબ, ખૂબ અગત્યનું છે. ખૂબ અગત્યનું.

જે કોઈ લોકો અતિમનસની અભિવ્યક્તિ કરતા હોવાનો દંભ કરતા હશે તેઓ ઢીલા પડી જશે.

(મૌન)

---

* શતાબ્દી ગ્રંથ ૧૬, પૃ. ૪૧-૪૨.

બ : આજની સાંજ પૂરતું તો આટલું જ છે, માતાજી.

ઘણું સારું, આને કયાં પ્રસિદ્ધ કરવાના છો ?

બ : બાળકો માટેનું એક પુસ્તક હું તૈયાર કરું છું, તેમાં.

આહ ! એ એટલું બધું સરસ.... અને એટલું બધું અગત્યનું છે !

ઑરોવિલમાં કેટલાક લોકો એવા છે કે જેઓ એમ માને છે કે તેઓ તો કયારનાય અતિમનસને વ્યક્ત બનાવી રહ્યા છે. અને જ્યારે તમે તેમને કહો છો કે એ ખરું નથી, ત્યારે તેઓ માનવા તૈયાર નથી. એમણે એ વાંચવું જોઈએ. એ સૌ કોઈએ વાંચવું જોઈએ.

અ : માતાજી, થોડા વખત પહેલાં એ લોકોએ મને પૂછેલું કે હું તેમની પાસે જઈને શ્રી અરવિંદ વિષે કંઈ કહીશ કે કેમ. તો હું આ પેરેગ્રાફ વાંચવાની તક લઉં ?

ઓહ, ઘણું સરસ, ઘણું સરસ, ઘણું સરસ. તમે એ ધીમે ધીમે વાંચજો જેથી એ લોકો બરાબર સાંભળી લે.

૨૬ ફેબ્રુઆરી ૧૯૭૩

['અ' માતાજી પાસે, શિક્ષકોએ જેના ઉત્તરો આપવાના છે તેવા ઘણા પ્રશ્નો વાંચે છે.]

અ : અને હવે છેલ્લો પ્રશ્ન આ છે : "માતાજીએ લખેલું છે કે બાળકો, ખાસ કરીને નાનાં બાળકોની બાબતમાં, તેમના મનમાં રમત અને કામ વચ્ચે ભેદ ન હોવો જોઈએ. એમનું કામ તેમના રસમાંથી પેદા થવું જોઈએ. રમત અને કામ વચ્ચે ભેદ ન રહે તેવી વસ્તુસ્થિતિ કેવી હોવી જોઈએ ? આપ કોઈ સૂચનો કરશો ?"

સૌથી વધુ અગત્યની વસ્તુ તેમનાં માબાપો અને તેમની "શાળા છે... શાળા.... શાળાએ જવાનું." આપણે તેમને કહી શકીએ "તમે શાળામાં જઈ રહ્યાં છો....તમે આવો છો....આપણે આજે આવી આવી રમતો રમીશું...." વગેરે. પણ માબાપો ? જુઓ અહીં તેમનાં માબાપ વિના રહે છે....

અ : તેઓ ભાગ્યશાળી છે.

ઓહ ! મોટાં ભાગ્યવાન ?

[થોડા સમય પછી, 'અ'એ માતાજીને પૂછ્યું કે તેમણે શિક્ષકોને કશું પૂછવાનું છે. લાંબો સમય મૌન રહ્યા પછી શ્રી માતાજીએ કહ્યું :]

મારું મસ્તક ખાલી છે.

૧૪ માર્ચ ૧૯૭૩

['અ' શ્રી માતાજી પાસે એક શિક્ષકનો પત્ર વાંચે છે જેમાં એવું લખેલું છે કે, "મારે આ સર્વ ગૂંચવાડાથી દૂર જવું છે, આ વર્ષ પૂરતું શાળા છોડી જવું છે." પછી, જે સંજોગોમાં એણે આ પ્રકારનો નિર્ણય કર્યો તેની શ્રી માતાજીને જાણ કરવામાં આવી.]

મને લાગેવળગે છે ત્યાં સુધી હું આ બધી વસ્તુઓ સમજી શકતી નથી. મારે માટે એ મધું....'અ' એને માટે શું કહે છે ?

અ : આપને શું કહેવું તે હું જાણતે નથી, માતાજી.

ફકત મને એટલું કહો : તામારા ઉપર શી છાપ પડી છે? મને એવું સંવેદન થાય છે કે ગૂંચવાડાનું કોઈ તત્ત્વ શાળામાં દાખલ થઈ ગયું છે અને.... એ લોકોનો ભાવાર્થ એક જ હોય છે પણ ભાષા જુદી જુદી વાપરે છે અને એમાંથી સંઘર્ષ ઊભો થાય છે. હું જાણું છું કે સૌની અભીપ્સા એક સરખી છે પણ સૌ, સૌની ભાષામાં બોલે છે, અને એ ભાષાઓમાં સંવાદ નથી અને એટલે એ લોકો કોઈ મુદ્દા વિના દલીલબાજી કરે છે. મને એમ લાગે છે કે સૌ કોઈ થોડો સમય મૂંગાં રહે તો વધુ સારું. તમે જે ઉકેલ સૂચવતા હો તે કહો.

મારે પણ એવું થાય છે, જે લોકો મારી સાથે છે તેમની સાથે મારે કદી પણ મુશ્કેલી પડતી ન હતી, અને હવે જાણે એ લોકો જુદી ભાષામાં બોલે છે.

અ : જે વસ્તુઓ આપણને નજીક લાવે તેના કરતાં આપણે દૂર લઈ જનારી વસ્તુઓ ઉપર વધુ પડતો ભાર મૂકીએ છીએ, એટલે...

હા, એ પ્રકારનો ભાર. પણ મારી ઉપર તેની એક વિચિત્ર અસર થાય છે એથી મને એમ લાગે છે કે હું માંદી છું. મને કંઈ થયું નથી. હું સાજી છું અને પેલી વસ્તુને લઈને આખો વખત જાણે હું માંદી હોઉં એમ મને લાગે છે.

અ : એ વિસંવાદનું આંદોલન છે.

હા, ખરી વાત તો એ છે કે એ સામાન્ય મનોમય ચેતનામાંથી અતિમાનસ પ્રત્યેની ગતિના વચગાળાની પરિસ્થિતિ છે, અતિમનસ ચેતનાની હાજરીમાં,

મનોમય ચેતનાને ભય લાગે છે, મને એવો અનુભવ થાય છે – હું એ વસ્તુ મારી પાસે કયા સ્વરૂપે આવે છે તેની વાત તમને કરું – ગમે તે ક્ષણે આપણું મૃત્યુ થઈ શકે, એ આંદોલન એટલું બધું ભિન્ન હોય છે. એટલે જ્યારે હું તદ્દન શાંત થઈ જાઉં છું ત્યારે...મારું સ્વરૂપ, ચેતના ..જૂની ચેતના – મનોમય ચેતના તો નહિ, છતાં – જૂની ચેતના એનો મંત્ર જપે છે. એનો એક મંત્ર છે.... એ એનો મંત્ર જપ્યે જાય છે. અને એ વસ્તુ એક પશ્ચાદ્‌ભૂમિકા જેવી, એક સંપર્ક બિંદુ જેવી ...વિચિત્ર છે....અને એને પેલે પાર કોઈ પ્રકાશ અને શક્તિથી સભર એવી વસ્તુ છે જે લગભગ ભયજનક લાગે છે. એટલે તમે સમજ્યાને, જો એ જ વસ્તુ....હું કે જે...મને ઘણો લાંબો અનુભવ છે, નહિ ? જો એને લઈને જો મારામાં એમ થતું હોય, તો બીજાઓમાં એના જેવું કંઈ થતું હોય, તો મને લાગે છે કે આપણે બધા ગાંડા થઈ જઈશું ! બસ, એટલું ચાલશે.

આ વસ્તુને મળતી કોઈ વસ્તુ છે ?

અ : હા, માતાજી.

તો પછી આપણે એવી શાંતિ રાખીએ કે જેથી પેલી વસ્તુ સાથેનો સંપર્ક ગુમાવી ન બેસીએ...

અ : (શરીરશાસ્ત્ર વિષે એક નવા અભિગમની બાબતનું વિષયાંતર કર્યા પછી :) પરંતુ તો પછી, આપણે આપણી પરિસ્થિતિ ઉપર પાછા આવીએ, તો, ઉ.ત. આપણે એમ ન કરી શકીએ કે જે વસ્તુ આપણને વધુ નજીક લાવે તેવી હોય તેમને શક્ય તેટલી ઝડપથી સિદ્ધ કરવી જેથી આપ તે દિવસે કહેતાં હતાં તેમ જુદાં જુદાં તત્ત્વોનું અનુસંધાન શક્ય બને....હું ધારું છું કે જો બધા લોકો એ વસ્તુ શોધવા મંડી પડે છે, કઈ રીતે તેમના કામનાં સર્વ પાસાંને સર્વાંગ સંપૂર્ણ બનાવી શકાય તો એ લોકો જે મુદ્દાઓમાં ભિન્નતા હોય તેમને ભૂલી જાય અને પાસે લાવનારી વસ્તુઓનો જ વિચાર કરે.

હા, હા, પણ આપણી ભાષા....હું તમને કહેવા જતી હતી કે "એ એક સારો વિચાર છે." પણ જ્યાં હું એ બોલવા જતી હતી ત્યાં જ મેં મારો કાન

પકડ્યો. એ કોઈ વિચાર નથી, સમજો છો ને, એ તો આપણી ભાષા એવી છે કે...એ એક ઊંધી બરણી જેવી, મનોમય બરણી જેવી વસ્તુ છે જે મૂળ વસ્તુને ઢાંકી દેવા માગે છે અને છોડવા માગતી નથી. સાચે જ, "આ એક મુશ્કેલ સમય છે." મને લાગે છે કે આપણે "અત્યંત શાંત" બની જવું જોઈએ. "અત્યંત શાંત." "અત્યંત શાંત." હું તમને મારો જૂનો મંત્ર કહું છું; એ મારા બાહ્ય સ્વરૂપને તદ્દન શાંત રાખે છે :

ॐ **नमो भगवते.**

આ ત્રણ શબ્દો છે. મારે માટે તેમનો અર્થ આ મુજબ છે :

ॐ — હું પરમ પ્રભુનું આરાધન કરું છું.

નમો — તમને સર્વાંગ સમર્પિત થાઉં છું.

ભગવતે — મને દિવ્ય બનાવો.

મારો કહેવાનો અર્થ એ છે કે આ, એનું ભાષાંતર છે.... તમે સાંભળો છો ને ?

અ : હા, માતાજી.

મારા માટે એ સર્વ વસ્તુઓને શાંત કરી દે છે.

